Digitized with financial assistance from

Ms.Vaidehi Thakar

on 06 November, 2019

સાસાની શાહનામું

યાને

ઇરાનના સાસાની ટોળાના પાર્સી પાદશાહોના શાહનામાંમાં આપેલા હેવાલનો તરજુમો;

જેની જોડે

ઇરાનની આરબોએ કરેલી ફતેહનો મિરખુંદે આપેલો હેવાલ,

શાહ દારા અને સેકંદરને લગતાં ફિર્દુસી તથા નિજામીએ આપેલાં બયાનો,

અને

શાહનામું બનાવનાર શાયર ફિર્દુસી તુસીનો હેવાલ

વધારા દાખલ આપ્યાં છે.

બનાવનાર

બેહેસ્તનશીન બરજોરજી પાહલનજી દેસાઈ,

"તવારીખે સાસાનીઆન" તથા "તવારીખે હખામનીઆન"ના એક કર્તા.

તવારીખના જાણવાજોગ બનાવોને લગતી નોટો તથા સાસાની શેહેનશાહાતના એક નક્ષા સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર

પાહલનજી બરજોરજી દેસાઈ,

"તારીખે શાહાને ઇરાન" વગેરેના કર્તા.

મુંબઈ:

જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ કેપટન પ્રિંટિંગ વર્કસ.

ઇસ્વી સને ૧૮૯૯. યજદેજર્દી ૧૨૬૯.

મારા મેહરબાન ખેરખાહ અને લાયકીવાળા

દોસ્ત

બેહશ્તનશીન શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીનનાં

અશો ફરોહરની પવિત્ર યાદમાં,

પાક જરતોશ્તી મજહબ અને ઈરાન વતનની તવારીખ તરફની

તેમની ભારી દીલસોજી અને વાજબી કદરશનાસીને માટે,

તેમજ દરેક ભલાં કામમાં

તેમની ખેરખાહી ભરેલી શામેલગીરીને માટે,

મારા બેહશ્તનશીન પિતાજીની યાદગારીનો

આ ગ્રંથ

મોટાં અહેસાનના ઉભરા સાથે,

મોટાં માનની લાગણી સાથે,

નજર કરૂં છું.

પા. બ. દેસાઈ.

દીબાચો.

આ દફતર પોતાની એક ટુંક તવારીખ ધરાવે છે. ૧૮૮૦ નાં સાલમાં "તવારીખે સાસાનીઆન" નામનું ઈરાનના સાસાની તબકકાના પાર્સી પાદશાહોની તવારીખનું દફતર મારા બેહસ્તનશીન પિતાજીની સાથે મળીને અમે પ્રગટ કીધું તે આગમજ અમારો વિચાર "તારીખે ઇરાને કદીમ" એ નામનું ઇરાનની તમામ તવારીખનું પુસ્તક પ્રગટ કરવાનો હતો, પણ તે બાબે બેહસ્તનશીન શેઠ સોહરાબજી શાપુરજી બંગાલી સી. આઇ. ઇ. ની મસ્લેહત લેતાં તે સાહેબે ભલામણ કીધી કે ઇરાનની આખી તવારીખમાંના જે ભાગોની તવારીખ પાર્સી ટોળામાં જાણીતી નથી તે ભાગોનો ફિર્દુસી ઉપરથી તરજુમો કરીને આપવાથી ટોળાની સારી સેવા બજાવેલી ગણાશે. આ ઉપરથી મારા બાવાજી એ ફિર્દુસીનાં શાહનામા ઉપરથી સાસાની પાદશાહોના તમામ હેવાલનો ગુજરાતી ભાષામાં તરજુમો કીધો, અને પછી તે તરજુમો છપાવી પ્રગટ કરવાનો તેઓએ ઇરાદો રાખ્યો.

પણ આ ઇરાદો અમલમાં મુકાય તે આગમજ રેવરંડ જ્યૉર્જ રૉલિન્સનનું "ઉગમણ દેશની ૭ મી પાદશાહાત" (The Seventh Oriental Monarchy) એ નામનું સાસાની ટોળાની તવારીખનું એક મોટું કીમતી દફતર બાહેર પડેલું અમારા જોવામાં આવ્યું. આવાં એક બેમૂળાં દફતરની બરાબર ફિર્દુસી ઉપરથી કરેલા તરજુમાનું પુસ્તક કદી મુકાય એમ ન હતું. પણ રૉલિન્સનનાં આ દફતરનો અભ્યાસ કરતાં જણાયું કે તેણે પોતાનો ઘણોખરો સઘળો આધાર રૂમી લખનારાઓનાં પુસ્તકો ઉપરથી લીધો હતો, અને તબરી જેવા આરબ તવારીખનવેશનાં પુસ્તકના ઇંગ્રેજીમાં થયલા તરજુમાની કંઇક મદદ કેથે કેથે લેવા સિવાય ફિર્દુસીનાં લખાણને તો કેવળ વિસારી દીધું હતું. આ ઉપરથી અમો બાપ દીકરાએ એવો મનસુબો કીધો કે ફિર્દુસી ઉપરથી કરેલો સાસાની પાદશાહાતનો તરજુમો એમનોએમ પ્રગટ કરવાને બદલે, તેમજ રૉલિન્સનનાં દફતરમાં અનેક ખામીઓ અને અધુરી વાતો છે તે એમનીએમ પસાર થવા દેવાને બદલે એ બંનેની મેળાવટથી એક નવુંજ પુસ્તક બનાવવું, અને તેનો મુખ્ય આધાર રૉલિન્સનનાં દફતર ઉપર રાખીને તેમાં જે કાંઇ ખામી હોય, જે કાંઇ અધુરાપણું હોય, જે કાંઇ ખોટું યા ભૂલ ભરેલું હોય (કે જે ભૂલમાં રૂમીઓનાં દેશાભિમાનને લીધે એ ગ્રંથકાર પડયો હોય અને તેમનાં ખોટારાંને ખરૂં માનીને તેણે અમલ કીધો હોય) તે ફિર્દુસીને આધારે સુધારવું અને તેમ કરીને એક વધારે સંપૂર્ણ અને વધારે ભરૂસેદાર દફતર બનાવવાની તજવીજ કરવી.

આ ગોઠવણ મુજબનું જે દફતર બનાવવામાં આવ્યું તે અમારી ભેગી મહેનતથી રચાયલું "તવારીખે સાસાનીઆન" નું દફતર છે. એ પુસ્તક પાર્સીઓમાં ઘણું માનિતું થઇ પડયું હતું, તથા વર્તમાન પત્રોએ તેને ઘણોજ સરસ આવકાર દીધો હતો. તેની આ ફતેહ ઉપરથી "તવારીખે હખામનીઆન" નામનું એક બીજું મોટું દફતર ઉપલાંજ ધોરણ ઉપર પ્રગટ કરવાની અમો બંનેને ભારી ઉલટ થઇ હતી અને એ ગ્રંથ પણ ૧૮૮૯ માં પ્રગટ કરવાને અમો શકિતવાન થયા હતા, કે જેને સુજ્ઞ સાહેબો તરફથી થોડો તારીફ લાયક આવકાર મલ્યો ન હતો. એ પછી મારા મુરબીજીનું ૧૮૯૦ માં મરણ નિપજવા બાદ ૧૮૯૬ માં "તારીખે શાહાને ઇરાન" નામનો ઇરાનની સંપૂર્ણ તવારીખનો ગ્રંથ બે દફતરોમાં પ્રગટ કરવાનું મને માન મળ્યું, કે જે માટે બેહસ્તનશીન શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીન તરફથી રૂ ૭૦૦ નું ઇનામ એનાયત થયું હતું.

હવે આ રીતનાં જુદાં જુદાં તવારીખનાં દફતરો પ્રગટ કરવાની ખાહેશને લીધે અમારા અસલના ઇરાદાવાળું—યાને ફીર્દુસીનાં શાહનામા મધેના સાસાની પાદશાહોના હેવાલના કરેલા તરજુમાવાળું—દફતર અમારી યાદમાંથી ખીસી ગયું હતું. મારા બેહેસ્તનશીન બાવાજી કોઇ કોઇ વખ્ત કહેતા કે તેવણે કરેલી મહેનત લગભગ રદ ગઇ હતી, પણ હું તેમને કહેતો હતો કે કોઇ દહાડે એનોબી ઉપયોગ થશે. પ્રથમ મેં આ તરજુમામાંથી છુટક છુટક પાદશાહોના હેવાલ મારાં "નૂરે એલમ" ચોપાનિયામાં પ્રગટ કરવા માંડયા, અને કેટલાક ભણેલા ગૃહસ્થોએ આ દાસ્તાનો ચાલુ રાખવાની મને ભલામણ કીધી. એમ કરતાં જ્યારે "નૂરે એલમ"માં સઘળા પાદશાહોનાં બયાનો પુરાં થયાં ત્યારે શાહનામાના બનાવનાર શાયર ફિર્દુસી તુસીની જીંદગીનો હેવાલ પ્રગટ કરવા માંડયો, કે જેનો પણ મારા બાવાજીએ ફાર્સી ઉપરથી તરજુમો કરી રાખેલો હતો. આ હેવાલ આંખમાં આંસુ લાવે એવા દુનિયાની દગાબાજીના બનાવોથી ભરપુર છે, અને તેથી પોતાનાં અસલ દફતરમાં દાખલ કરવાનો તેઓનો ઇરાદો હતો.

હવે તે ઇરાદો તેમનાં મરણ પછી બર લાવવાની—તેમની જે ખાહેશ હતી તેને અમલમાં મુકવાની—આજે મેં ફરજ વિચારી છે, અને તેનાં બે કારણો છે. એક તો એ કે એથી મારા પિતાની મહેનતને જશ મળે અને તેમની જે ઉમેદ હતી તે મોડેથી પણ પાર પડે; બીજું એ કે "તવારીખે સાસાનીઆન"ને પ્રગટ થયાને આજે ૨૦ વરસ થયાં છે, અને આજ વરસો થયાં તેની એક પણ નકલ મોંઘી કીમતે પણ મલી શકતી નથી; મેં જાહેર ખબર મારફતે એ નકલોની આજ દશ વરસો ઉપર માંગણી કીધા છતાં મને તે મલી નથી; અને તેથી તે પુસ્તક એટલું કમયાબ થઇ ગયું છે કે તેની બીજી આવૃત્તિ છપાવવાની ભલામણ થાય છે. પણ એ મોટી લાલચને એક બાજુએ મુકીને હું મારી પહેલી ફરજ એ સમજું છું કે મારા પિતાજીના લાંબી મુદતના વા ખાતા તરજુમાને મારેથી બની આવતી મદદ સાથ છપાવી પ્રગટ કરૂં, કે જેથી એક રીતે "તવારીખે સાસાનીઆન"ની ખુટ કંઇક દરજજે પુરાય અને મારા મુરબીનું કામ આફતાબની રોશની જુએ.

આ નેમથી મેં આ દફતર આજે બાહેર પાડયું છે, જેને "**સાસાની શાહનામું**" એવું લાગુ પડતું નામ આપ્યું છે. એમાં સાસાની વંશનો પાયો નાખનાર શાહ અર્દેશીર બાબેકાનથી તે એ વંશના છેલા પાદશાહ યજદેજર્દ શેહેરિયાર સુધીના પાદશાહોનું બયાન સમાયલું છે. એ બયાન તવારીખના બનાવોથી ઘણું ખાલી જણાશે, પણ પેશદાદ અને કેયાની પાદશાહોનાં જે રંગીન દાસ્તાનોથી શાહનામાના પહેલા બે ભાગો ભરાયલા છે તેવાં રંગીન દાસ્તાનોને બદલે આ ત્રીજા ભાગમાં તવારીખના થોડાઘણા બનાવો આપણા વાંચવામાં આવશે, એટલુંજ નહિ પણ જેઓને આવાં દાસ્તાનોનો શોક હશે તેમનો તે શોક પણ આ દફતર પુરો પાડી શકશે. વળી જે સાહેબો નીતિ અને નેકીના ખાંહેશમંદ છે તેઓને માટેના તેવા ખોરાકથી પણ ફિર્દુસીનાં શાહનામાનો આ ભાગ ભરપુર જણાશે. અગત્ય કરીને દરેક પાદશાહે તખ્ત લેતી વેળા તેનાં મુખમાં મુકેલા કીમતી સખુનો, તથા મહાન નોશીરવાન આદેલના અમલને દરમ્યાન ભરાતી વિદ્વાનોની મજલસોમાં ચાલેલા નીતિ, દાનાઇ અને દુનિયાદારીના સવાલ જવાબોમાં સમાયલાં બેમૂળા ગોહરોથી વાંચનાર ખચીત રાજી થઇ આફ્રીન બોલ્યા વિના રહેશે નહિ.

આ સઘળું જેમ અસલ છે તેમ ફિર્દુસીને આધારે સહેલ અને સલીસ ભાષામાં લખ્યું છે. આવો તરજુમો ગુજરાતી ભાષામાં આગળ મુદલ થયો નથી. બેહેસ્તનશીન મોબેદ ફરદુનજી મર્ઝબાનજીએ તરજુમો કરેલાં "મુખ્તેસર શાહનામાં"માં પણ સાસાની પાદશાહોનો હેવાલ માત્ર બે ચાર પાનામાંજ પુરો કીધો છે. પણ શાહાનામાના માત્ર આટલા તરજુમા-

થીજ અમારાં આ દફ્તરને સંપૂર્ણ કરવામાં આવેલું નથી. એના પાછલા ભાગમાં કેટલીક બીજી અગત્યની બાબતો વધારા દાખલ આપેલી છે, અને તે નીચલી વિગત ઉપરથી જાહેર થશેઃ—

૧ લું—યજદેજર્દ શેહેરિયારના વખ્તમાં આરબોએ ઇરાન ઉપર ચઢાઇ લાવીને તે ફતેહ કીધું તેના બિરખુદે આપેલા વિગતવાર હેવાલનો તરજુમો.

૨ જું—ઇરાનના હખામની ટોળાના છેલ્લા પાર્સી પાદશાહ દારા બિન દારાબ સાથ સિકંદર રૂમીને થયલી લડાઇઓનો ફિર્દુસીનાં શાહનામામાં આપેલો હેવાલ.

૩ જું—ઉપલીજ બાબતમાં નિજામી નામે શાયરે સિકંદર નામામાં આપેલા હેવાલનો સારાંશ.

૪ થું—ફિર્દુસી તુસી શાયરના જન્મારાનો હેવાલ, અથવા શાહનામું બનાવ્યા આગમજ અને પછી તેના ઉપર પડેલા હાદેસાઓનું બયાન.

હવે આ સઘળું કામ મારા બેહેસ્તનશીન મુરબ્બીને પોતાને હાથે બનાવેલું છે; અને એ ઉપરાંત મારી તરફનું જે કંઇ છે તે જુજ છે. એક તવારીખ દાખલ આ દફ્તર અધુરૂં નહિ રહી જાય એટલા માટે મેં લાગુ પડતે ઠેકાણે નોટો આપીને તવારીખના બનાવો તથા વરસો ટપકાવી લીધાં છે; સાસાની શેહેનશાહતનો એક કાચો નક્ષો આપ્યો છે, જેમાંનાં શેહેરો અને બીજી જગાઓ ફિર્દુસીનાં શાહનામાને આધારેજ નક્ષામાં દાખલ કરવાની સંભાળ રાખી છે; સાસાની પાદશાહોમાં નામો તથા અમલનાં વરસોની જુદા જુદા ફાર્સી લખનારાઓ મુજબની એક ટીપ અલ બીરૂની ઉપરથી ઉતારી લીધી છે; અને છેલ્લે સાસાની પાદશાહોની એક વંશાવળિ દાખલ કીધી છે. એ સિવાય વધુ મેં કશું કર્યું નથી, અને કરવાની જરૂર પણ જોઇ નથી.

છેલ્લે એકજ શબ્દ ઉમેરવાનો રહ્યો છે અને તે એ કે આ દફ્તર બનાવનારની થોડીક ઓળખથી વાંચનારને વાકેફ કરવાનો લોભ હું દબાવી શકતો નથી. તે મારી છાતીમાં સમાયો રહેતો નથી; અને તેટલા માટે મારા લાયકીવાળા મિત્ર એરવદ રૂસ્તમજી જામાસ્પજી દસ્તુર મેહેરજી રાણાવાળાએ લખેલી મારા પિતાજીની જીંદગીના મુખ્ય બનાવોની એક ટુંક નોંધ નીચે પ્રગટ કીધી છે, કે જેઓ મારા પિતાજીનાં ચોકસ સાર્વજનિક કામોમાં તેમની જોડે અતલગનો સંબંધ ધરાવતા હતા. આ એરવદ સાહેબ નવસારીનાં પહેલવહેલાં વર્તમાન પત્ર "નવસારી પ્રકાશ"ના માલેક તથા અધિપતિ છે.

આવીજ એક નોંધ તા૦ ૨૩ મી નવેમ્બર ૧૮૯૦ નાં "રાસ્ત ગોફતાર"માં મારા પિતાજીનાં મરણ પછી તરતજ પ્રગટ થઇ છે, જેની જગા કરવાનો લાલચ પણ મને છોડી દેવા ગમતી નથી. તેમની એક તસ્વીર પણ આ ગ્રંથની જોડે આપેલી અયોગ્ય અથવા બિન જરૂરની ગણાશે નહિ તો હું ઘણો ખુશી થઇશ.

આ ગ્રંથ બાહેર પાડવા માટે સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સ્લેશન ફંડ મધેથી સારી મદદ કરવામાં આવી છે તે માટે એ ફંડના ત્રસ્ટી સાહેબોનો આભાર માનું છું.

મારા બેહેશતનશીન પિતાજીનાં બનાવેલાં આ દફ્તર જોડે મારા બેહેસ્તનશીન મેહેરબાન મિત્ર શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીનનું વહાલું નામ જોડેલું રાખવાથી મને ઘણી શાંતિ વળી છે. એ સાહેબ મારા મોટા મેહરબાન હતા અને મારાં તવારીખને લાગતાં દરેક કામ તરફ મમતાથી જોનાર કદરશનાસ હતા. ખોદા એ બંનેનાં ફરોહરોની ચહડતી કરો!

મુંબઇ તા૦ ૭ મી અકટોબર ૧૮૯૯.

પાહુલનજી બરજોરજી દેસાઈ.

કર્તા બાબે મુખ્તેસર હકીકત.

" બાવાજી દેશાઈ. "

નવશારીએ આ ચાલુ સદીમાં જે નાંમાંકીત પુરૂષોને જન્મ આપ્યો છે, તેમાં "બાવાજી દેશાઇ" એક મુખ્યમાં ગણાએ છે. નવશારીમાં દેશાઇ ખાંદાંન મુખ્ય અને આગેવાની ભરેલું ગણાય છે, અને એ ખાંનદાંનનાં મુળ પુરૂષ દેશાઈ ખુરશેદજી તેમુલજી પછી જો કોઇબી પુરૂષે પોતાનાં નામને અને ખાંનદાનને ઝમક આપી હોય તો તે દેશાઇ બરજોરજી પાલનજી ઓરફે બાવાજી દેશાઇ છે. જેમ દેશાઇ ખુરશેદજીએ પોતાની અંજુમનમાં આગેવાની ભરેલો ભાગ લઇને તે વખતનાં જુનાં વેહેમી રેવાજનું ખંડન કરીને પોતાની કોમમાં સુધારાઓ દાખલ કર્યા હતા, તેમ બાવાજી દેશાઇએ પણ પોતાના જમાનામાં પોતાની કોમમાં સુધારાઓ દાખલ કરવાને આગેવાની ભરેલો ભાગ લીધો હતો. તેવણનાં મનમાં જુવાનીમાંથીજ આએજ વીચાર રમીઆ કરતો હતો, કે જો એક માણસને કે એક કોમને ચડતે દરજ્જેનું બનાવવું હોય, તો તે બનાવનાર કેળવણી છે. પણ તે જમાનામાં આજની માફક અંગ્રેજી કેળવણી તે શું અને તે સંપાદન કરવાથી કેવા અને કેટલા ફાયદા થાય છે, તે કોઈ જાણતું નહી હોવાથી તે વખતની માણસને મોભાદાર બનાવનારી ફારસીની કેળવણી લેવાનું આપણા બાવાજી અથવા બાવાભાઈ દેશાઇએ પસંદ કીધું.

બાર વરસની નાંહાંની વએ પોતાના મુરબી બાવાના અકાળ મરણથી અને ૧૮ વરસની કાચી ઊમરે પોતાના બપાવાને આ ફાંની દુન્યા છોડી જવાથી બાવાજી દેશાઇ તદન નીરાધાર થઇ પડયા. તેવણના પોતા કરતાં વધુ ઊમરનાં વડીળ ભાઇ નહી હોવાને લીધે ઘર સંસારી સઘળી ખટપટ અને પોતાની મોટી જાગીરનો વહીવટ ચલાવવાની કડાકુટ એ દેશાઇજીને માંથે આવી પડી. તોપણ આ દેશાઇજીનાં મનમાં બચપણથીજ જે વીચારે ઘર કરેલું કે માંણસ કેળવણી વગર પોતાની હાલત સુધારી શકવાનું નથી, તેજ વીચારો એવા જંજાલીનાં વખતમાં પણ તેવણનાં મનમાંથી ખસ્યા નહી. તેવણ ફારસી કેળવણી લેવાને બગલમાં દફતર મારી કોટ ઉપર કાજી સાહેબને ત્યાં સીખવા જતા હતા.

આ અભ્યાસ એવણે એટલી બધી કાળજીથી આગળ વધાર્યો, કે તેથી તેવણ નવશારીમાં એક આગેવાન પુરૂષમાં ખપવા લાગા. ઘણાક ફારસી દસતાવેજો, કે જેમાં પેચવાંની લખાનથી મરહુમનાં ઊસતાદો વટીક વીચારમાં પડતા હતા, તેવા ગુચવન ભરેઆ દસ્તાવેજોને ઊકલાવી તેનો સહી તરજુમો કરવામાં એવણે એટલી બધી તો વીખયાતી મેળવી હતી, કે સરકારમાં રજુ થનારા ફારસી દસ્તાવેજનો તરજુમો જો બાવાજી દેશાઇએ કરેલો હોય, તો તે કોરટ બાહાળ રાખતી હતી. વળી ઘર અને વજીફાનાં ખતો કે જે જુનાં જમાંનાંમાં ફારસીમાં થતાં હતાં, તેવાં ઘર અને વજીફાનાં વેચાંન થતી વખતે નવું ખત બાવાજી દેશાઇએ કર્યું હોય, તો તે સતાદાર ગણાતું હતું, કારણ કે તેવી વેચાંન મીલકત મરહુમ પોતે જાતે જઇ નજરે જોઇને તેનું માપ તાળ કરીને તેની હદ મેહુદ તપાસીને પકી રીતે કરતા હતા, અને તેમ કરવાનો મરહુમનો એ ધંધોજ થઇ પડયો હતો, અને તેથી જ્યારેબી હું તે મરહુમની મુલાકાતે જતો હતો ત્યારે કોઇને કોઇ ખત કરાવવાને આવેલુંજ હું જોતો હતો.

બાવાજી દેશાઇને ફારશી ભાષા ઉપર ઘણો કાબુ હતો, અને તેથી તેવણ વખતો વખત ગજલ રેખતા, કશીદા વીગેરે બનાવતા હતા. એવાં એવણનાં કેટલાંએક લખાણો મારા વાંચવામાં આવેલાં છે.[1]

ફારસી ભાષા ઉપર આટલો બધો કાબુ મેળવ્યા પછી મરહુમનો શોક અંગ્રેજી કેળવણી ઉપર વધ્યો. પણ નવશારીમાં તેવું કાંઇ સાધાન નહીં હોવાથી લાંબો વખત સુધી તો તેવણ પોતાની ઊમેદ પાર પાડી શકયા નહીં; પણ તે ઊમેદ પણ લાંબે વખતે પાર પડી. સને ૧૮૫૬ નું નવસારીને માટે ભાગયશાળી સાલ કે જે વરસમાં મુંબઇનાં પેલાં જાણીતાં અને સુધારામાં આગળ વધેલાં કાંમાં ખાંનદાનના નબીરાઓ શેઠો ધનજીભાઇ અને ખુરશેદજી નશરવાંનજી કાંમાંજીએ અંગ્રેજી નીશાળ સ્થાપીને નવશારીમાં કેળવણીનો પાયો નાખયો હતો. એ નીશાળ સ્થાપતી વખતે નવશારીના કેટલાક આગેવાંનો સાંમે થયા હતા, તેમાં દેશાઇજીનાં પણ કેટલાક વડીલો સાંમેલ થયા હતા. આ વખતે આપણા બાવાભાઈની ઊમર ૪૨ વરસની હતી, તોપણ અંગ્રેજી શીખવાનો શોખ તેવણમાંથી ગયો ન હતો, તેથી તેવણે પોતાના વડીલોની દરકાર ન કરતાં આ મદરેશાનાં કામને ઊલટ ભરેલો ટેકો આપ્યો હતો, અને મદરેશાની સારી રીતે વેવસ્થા કરવાને માટે નવશારીનાં કેટલાક આગેવાન પુરૂષોની એક કારોબાર મંડલી સ્થાપવામાં આવી હતી તેમાં પણ તેવણ એક મેમબર થયા હતા. આ કમીટીમાંથી પાછળથી કેટલાંક દબાંનને લીધે જ્યારે બીજાઓ ઓધો છોડી ગયા ત્યારે આ મરહુમ દેશાઇજી પોતાનાં જેવાજ એક ફારસીખાં દેશાઇ જમશેદજી તેમુલજીની સાથે રહીને એ મદરેશાનો કારોબાર મંનમાંનતી રીતે બજાવતા હતા. એ વખતે દેશાઇજી જમશેદજી જોકે શેકરેતરી તરીકે કાંમ કરતા હતા, તોપણ તેવણ આપણા બાવાભાઇની સહલા અને મશળતથીજ તે કાંમ ચલાવતા હતા. દેશાઇ જમશેદજી મરણ પામવાથી શેક્રેતરીનું કામ બીજા કોઇની મદદ વગર એખલે હાથે એ મરહુમ દેશાઇએ પોતાની જીંદગી સુધી બજાવ્યું હતું. આવી ખેરખાહી ભરેલી મેહેનતને માટે એ મદરેશાની મુંબઇની કમીટીએ એવણનાં મરણ બાદ એવણની એક ઓઇલ પેંટીંગ સબી મદરેશાનાં દીવાંનખાંનાંમાં મુકીને, અને એવણનાં નામની એક સ્કોલરસીપ આપતી કરીને મરહુમનું કીર્તી ભર્યું નાંમ મદરેશા સાથે યાદગાર રાખયું છે.

વાંચનારાઓ સાંભળીને અચરત પામશે કે જ્યારે નવસારીમાં મદરેસા સ્થાપવામાં આવી ત્યારે મરહુમની ઉમર ૪૨ વરસની હતી, છતાં મરહુમ મદરેસામાં અંગ્રેજી કેળવણી લેવા જતા હતા. તે વખતના વડા માસ્તર સોરાબજી એદલજી વજીફદારની પાસે ખુરશી ઉપર બેશીને તેવણ દરરોજ પોતાનો અભ્યાસ આગળ ચલાવતા હતા. અને મદરેસાની સાથેજ મુંબઇનાં ન્યુસપેપરો નવસારીમાં આવવા લાગ્યાથી મરહુમને તે પેપરો વાંચવાનો અને તેમાંથી નવી બાબદો જાણવાનો એટલો બધો શોખ વધ્યો હતો કે ઘણી વખત તેવણનું ભોજન આગળ આવવા છતાં તેવણ નુશ હાથમાંથી મુકતા હતા નહીં.

"રાસ્ત ગોફતાર" પત્ર છેક ૧૮૫૭ થી આખા અમારા કસ્બામાં તેવણેજ ખરીદવાની પેહલ કીધી હતી, અને તેજ વરસથી "સ્ત્રી બોધ" પણ તેવણે લેતું કરી વાંચવાનો શોખ પોતાના લાગતાવળગતાઓમાં વધાર્યો હતો. અને એ શોખે તેવણમાં નવસારીને લગતી અને બીજી બાબદો પેપરમાં લાવવાને લલચાવવાથી ઘણી વખતે તેવણે પેપરમાં ઘણાં અપક્ષપાત

---

૧ આ કાવ્યોમાંનાં બે આગળ ચાલતાં પ્રગટ કીધેલાં વાંચનારનાં જોવામાં આવશે. તેવણનાં એવાં સંખ્યાબંધ ફારસી કાવ્યો છે, જેમને હું જુદાંજ દફતરમાં પ્રગટ કરનાર છું.

અને વાજબી લખાણો કર્યાં હતાં, કે જેમાંનાં ઘણાંક તો તેવણનાં ફારસી અભ્યાસને લીધે નવસારીની જુની તવારીખ સંબંધનાં હતાં. આ વખતે એ મરહુમ દેશાઇજી નવસારીમાં એક સુધરેલા અને વીદવાનમાં ખપતા હતા.

બાવાજી દેસાઇ બચપણથીજ સુધરેલા વીચારના હતા. ધરમ સંબંધી અણઘટતી ક્રીઆઓની તેવણ વીરૂધ હતા. મોટા વરાનાં ખાણપાણ તેવણને પસંદ નહીં હતાં. ગામડી વૈદોને બદલે શીખેલા દાકતરોની તેવણ હીમાએતમાં હતા, અને સહીએડથી બચ્ચું કેવું બદશીકલ બને છે તેનો અનુભવ મેળવીને ૭ મહીનાનાં બાળકને સીતળા કહડાવવાને તેવણ સરવેથી પેહેલા બહાર પડતા હતા. આ બાબદના સંબંધમાં મને એક રમુજી કથા યાદ આવે છે. બાવાજીના બપાવા બેહરામજી દેશાઇ શરીરે કદાવર તેમજ સુધ વીચારના હતા. કેહેછે કે નવસારી કસ્બાના વહેમી લોકો પડોશમાં આવેલાં જલાલપોર ગામનાં તલાવને માથે એક મુરતીની માનતે જતાં હતાં, તેઓમાં કેટલાંક તો પારસી બઇરાંઓ પણ હતાં. આ મુરતી સહીએડના પથરની હતી, જેની આગળ જઇ જીવતાં મરઘાં તથા બોકરાનો ભોગ આપવામાં આવતો હતો. જે બચું સહીએડમાં જીવતું બચતું તેનાં માત પીતા કે બીજાં સગાંઓ આ રીતના ભોગ આપવાની માનતા લેતાં અને પછી ભોગ આપી ત્યાં ઉજાણી કરી આવતાં હતાં. હવે આ રીતની મુરતી પુજા પોતાના અતલગનાં કોઇ ખેશીમાં થયલી જાણીને બેહરામજી દેસાઇનો પીતો ઉશકેરાયો અને તેવણે તલાવ ઉપર જઈ પોતે એકલે હાથે પેલી ભારે મુરતી ઉઠાવીને તલાવમાં ફેંકી દીધી. આ બનાવથી હો હો થઇ રહી, હીંદુઓ બહુ ખીજવાયા, અને મોટી મેહેનતે મુરતી પાછી કાહાડીને તેને થાણકે બેસાડી ત્યારે તેનું નાક, મોહડું વીગેરે ભાગી ગયું હતું.

નવસારીમાં કેળવણીનો પ્રસાર થયાથી જુવાનીઆઓમાં નવાં લોહીનો ઉછાળો થવા લાગો. તેઓ હવે પોતાની કોમમાં સુધારાઓ દાખલ કરવાને ઉછાળા મારવા લાગા. પણ તેઓ નાદાંનમાં ખપવાથી તેઓનું સાંભળે કોણ? એ વખતે આપણા બાવાભાઇ તેવણની સાહે થયા, અને દરેક સુધારાના કામમાં આગેવાની ભરેલો ભાગ લેવા લાગા. એ વખતે એવા સુધરેલાઓ તરફથી નવસારીની પારસી કોમના ફાયદા અર્થે એક ફંડ ઉભું કરવાની હીલચાલ થઇ. નવસારી જાને ગરીબ અને આવી હીલચાલ કરનારાઓ શીખેલા જુવાનીઆઓ એટલે એ કામ સરંજામ ઉતરવાનું નહીંજ એમ દરેક મોઢેથી બોલાવા લાગું. પણ એથી આ મરહુમ દેશાઇજીએ હારીખાઇને ન બેશતાં તેની પુઠે કોશેશ જારી રાખી, અને દસતુરોને અને પોતાનાં વડીલોને પોતાની અછી કુનેહથી સમજાવીને નવસારીઓનાં પારસીઓની હાલતમાં સુધારો થાય એવા હેતુથી એક "હુઅરસ્ત" નામનું ફંડ ઉભું કર્યું. આ ફંડના આખી અનજુમને એવણને ખજાંનચી બનાવ્યા. પાછળથી એ ફંડમાં જોઇતો વધારો કરવાને તેનું નામ બદલીને તેને "જેનરલ ફંડ" એવું નામ આપ્યું. આ ફંડના શરનશીન તથા ખજાનચી પણ એવણનેજ ઠેરવવામાં આવ્યા. કાયદામાં આપેલી સત્તાને આધારે એ દેશાઇજી બેદેહેશત કામ કરવા લાગા. પણ એમ કરતાં કોઇ કોઇએ પોતાની સત્તા લુટાએલી જાણી તેની સામે અણગમો બતાવ્યો, પણ એ વખતે એ મરહુમ દેસાઇ બળતવારીથી તેની સામે થયા, અને અનજુમને નેમી આપેલું કામ બીન દેહેશતથી કર્યા ગયા. આ વખતે એ ફંડના હીસાબમાં ભુલો છે એવી ફર્યાદ એવણની ઉપર લાવવામાં આવી હતી, પણ એ વખતે અનજુમનની આગળ એવણે એ હીસાબ એટલી બધી ખાતરી ભરેલો રજુ કીધો હતો, કે અંજુમન તેથી ખુશી થઇ, અને તેવણને એક કીમતી શયાલ ઓઢાડવાનો તેજ સભામાં ઠગવ રજુ કર્યો હતો.

એક તરફથી પોતાની જાગીરની વ્યવસ્થા કરવાની, બીજી તરફથી મોટી મદરેસા ઉપર તેના એકપુરા કારોબારી અને વલી સેકરેટરી તથા ખજાનચી દાખલ દેખરેખ રાખવાની, ત્રીજી તરફથી મજકુર ફંડનાં કામો નીયમસર ચલાવવાની, અને ચોથી તરફથી ખતપતરો વીગેરે કરવાની અથાગ મેહેનત જાણે થોડી હોય તેમ તેઓને બીજાં કેળવણી ખાતાંઓમાં આતાનાં મુતવલીઓ તરફથી જોડવાને ફરજ પાડી. પેહેલા દસતુર મહેરજીરાંણા કેતાબખાંનાનો તેવણે શરનશીનપણાનો ઓધો લાંબી મુદત સુધી પોતાનાં મરણ લગી ભોગવ્યો હતો. તેમજ મલેશરની શર જમશેદજી જીજીભાઇવાળી તેમજ શેઠ રૂસ્તમજી જમશેદજીવાળી સ્કુલોનો કારોબાર ચલાવવામાં મરહુમે દીલોજાણીથી ભાગ બજાવ્યો હતો. તેમજ ગાયકવાડ સરકારની ઉરદુ શાળાના એવણને એક કારોબારી નેમવામાં આવ્યા હતા. વળી મુંબઇની પારસી પંચાએતના અશતકથી અત્રે ચાલતાં કામોની દેખરેખ રાખનારી કમીટીમાં એવણને ખાસ રીતે નેમવામાં આવ્યા હતા. આ સઘળાં કામો એ મરહુમ દેસાઇજી પોતાની હાજરીથી અને જાતી મેહેનતથી એવા વખતસર અને નીયમસર બજાવતા હતા, કે તેથી તેવણનાં મરણ બાદ એવણની જગા ખાલી પડવાની એકે અવાજે બુમ ચાલુ રહી હતી.

આટલાં બધાં ખાતાં સાથે સંબંધ રાખીને આટલીબધી જંજાલ થોડી હોય તેમ, પોતાની જીંદગીનાં છેલાં જઇફીનાં દશ વરસ તેવણે સાથે સાથે જે ગ્રંથો બનાવવામાં ગુજાર્યાં હતાં તે જુવાન ઉમરને શરમાવનારાં હતાં. સાસાનીઆંન અને હખામનીઅન જમાનાંના પારસી પાદશાહોની તવારીખ જે જે ફારસી વગેરે પુસ્તકોમાં જળવાઈ રહી છે તે પુસ્તકોની શોધ ખોળ કરી કરાવીને તેને છપાવી પ્રસીદ્ધ કરવામાં મરહુમે પોતાની જીંદગીનાં છેલ્લાં દસ વરસ કામે લગાડયાં હતાં. આ પુસ્તકો પ્રસીદ્ધ કરવામાં અને ઘટતી જગાએ યુરોપ્યન આલમાઓ તે માટે શું કેહે છે તે દાખલ કરવામાં એવણનાં લાયકીવાળા છોકરા દેશાઇ પાલનજીએ તેવણને જોઈતી મદદ કરી હતી.

૭૬ વરસની જઇફ ઉમરે તેવણ બેહેસ્તનશીન થયા છે. અને તોપણ જીંદગીની છેલ્લી ઘડીસુધી માથે લીધેલાં બીન હાંસલનાં કામો એવણે પુરતી બાહોશી અને ચાલાકીથી બજાવ્યાં હતાં. એનું મુળ કારણ કાંઇજ નહીં પણ મરહુમ પોતાની જીંદગી નીયમસર ગુજારતા હતા તે છે. દરેક કામ બર વખતે કરવાની કાળજી, માફકસરનો ખોરાક, વજીફાઓની તકેદારી રાખવાને બાહાને દરરોજ એક માઇલથી વધુ ફરવાહરવાની કસરત ઇત્યાદીથી મરહુમ ૭૬ વરસની પાકી વએ પણ એક જુવાન જેવા દીસ્તા હતા. એવણનું મરણ લકવાના બુરા રોગથી આવ્યું છે. પેહેલાં બે વખત એ રોગ લાગુ પડવા છતાં લાંબો વખત સુધી મરહુમે પોતાની જીંદગી જેવીને તેવીજ સાચવી રાખી હતી, પણ છેલ્લા અને ત્રીજા હુમલાએ તેવણનું મોહત લાવી આપ્યું હતું. આવા એક ઉદ્યોગી, પરોપકારી અને નીતીમાંન ગ્રહસ્થને ખોહવાથી નવસારી દલગીર થઇ હતી. અને આ લખનાર સાથે મરહુમને એટલોબધો સંબંધ હતો કે તેણે પોતાનો ખરો સહલાકાર ખોહયો છે. ખોદા નવસારીનાં ભલાં માટે બીજા ઘણા બાવાજી દેશાઇઓ પેદા કરે એવી મારી નમ્ર અરજ ગુજારી મરહુમને બેહેસ્તનું સુખ ભોગવતા જોવાને હું ઇચ્છું છું.

નવસારી, તા૦ ૨૬ મી સપટેમ્બર, ૧૮૯૯.

લા૦ શેવક, રૂસ્તમજી જાંમાશજી દસ્તુર.

કર્ત્તાની રચેલી શારસી કવીતા.

મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ.

(તા૦ ૧ લી સપટેંબર ૧૮૭૨ નાં "રાસ્ત ગોફતાર" ઉપરથી.)

હેઠલ ટાંકેલી કવીતાઓ નવસારીના એક શીઆના અને માન પામેલા દેશાઇએ બનાવેલી છે, જેની ખુશી સાથે અમે હેઠલ જગા કરીએ છઇએ—

સાકીઆ અજ દોરે શાગર કુન દેલમરા દર અમાં,
જાં કે એકસાં નેસ્ત દાયમ ગેર્દેશે દોરે જમાં;
ગોર્બએ દસ્તે અજલ બર શેરમર્દા ગાલેબસ્ત,
પંજએ રોસ્તમ શેકસ્તે જાલે ચર્ખે બદ ગોમાં;
રખ્તે હસ્તી બસ્ત રોસ્તમજી અજીં દારે ફ્રના,
શોદ સફ્રર દર પીશ ઉરા દર રીઆજે જાવેદાં;
મોર્ગે રૂહશ ચું ખલાસી યાફ્તે જે કફ્સે તન,
રફ્ત બર જાયે કે બુદ અર્સે મોજીદશ આશીઆં;
સદ હજાર અફ્સોસ કે ઉ શમએ બજમે તોરબ,
રફ્ત બરબાદો નમુદે દુદે ગમ દર દુદમાં;
હમનશીનો દોસતાં જે મોફ્લેસી વામાન્દેરા,
જેન્દેગાની તલ્ખતર ગસ્તેહ જે મર્ગેશ બીગુમાં;
શીર ખારાને યતીમો પીર મર્દાને જઇફ,
મીખુરદ ખુને જેગર અજ માતમશ રોજ્ઞે શબાં;
ઉ ગેલીમે ખીશરા અજ મોજ બીરૂં બોર્દો રફ્ત,
દર મીયાને વેરતએ ગમ માન્દ વાપસ માન્દગાં;
દાસ્ત અકલો રેહમો ફેહમો હીમતો શીરીં સોખન,
દર દેમાગો ચસ્મો ગુશો સીનએ દર હમ જબાં;
રોજે અર્સશંગ માહે મેહરો વક્તે નીમ શબ,
મેહરે દોનીયારા રહા કર્દો બરેહેમત શોદ રવાં;
સાલે ફોતશરા બમેસ્રએ દીગર બર્જો બેગોફ્ત,
રૂએ પાકે ઉ ગુજીદે રાહે જેન્નતરા હમાં.[1]

(તરજુમો.)

અએ સાકી ! પ્યાલાંના ફેરવવાથી મારાં દેલને અમનમાં રાખ, કારણકે જમાનાનું ફ્રરવું હમેશે એકજ રીતનું હોતું નથી.

અજલના હાથની બીલ્લી શેર મર્દા ઉપર ગાલેબ આવે છે, (જે મીસાલે કે) બુરા વીચારના બુઢા આસમાને રૂસ્તમનો પંજો તોડી નાખ્યો.

રૂસ્તમજીએ આ ફ્રાની દુનીયાથી જીંદગીનો અસ્બાબ ઉઠાવ્યો છે, કારણ કે જાવેદાનીના બાગમાં જવાની સફ્રર તેની નજદીક આવી (પોંહોંચી).

તેના જાનનું પક્ષી બદનનાં પીંજરામાંથી ખલાસી પામીને જે જગાએ પાક કુરસી તેનો આલો હતો તાંહાં તે ગયું.

---

૧ અબજદના કાયદા મુજબ આ મેસરાની ગણતરી યજદેજર્દી ૧૨૪૧ આવે છે.

સદ હજાર અફસોસ કે તે એશરતની મજલેસનો ચેરાગ (પોતાનાં) કુટુંબમાં ઉદાસીનો ધુંઓ બતાવીને બુઝાઇ ગયો.

(તેની) સાથે બેસનારા તથા મુફલેસ નાચાર દોસ્તોને તેનાં મોતથી જીંદગી બેશક કડવી થઈ પડી.

દુધ પીનારાં માબાપ વીનાનાં બાળકો તથા અશક્ત બુઢાઓ રાતદીન તેનાં માતમને લીધે જેગરનું લોહી પીએ છે.

તે તો પોતાની ધાભળી મોજામાંથી બચાવી લઇ જતો રહ્યો, પણ તેની પાછલવાળાઓ ગમના વમળમાં ફસી પડયા

તે અકલ, દયા, ફેહમ, હીમત અને મીઠા સુખન, મગજમાં, આંખમાં, કાનમાં, છાતીમાં અને મોહોડાંમાં રાખતો હતો.

મેહેર મહીનાના અરશેશંગ રોજની અરધી રાતે દુનીયાની માયાને તજી (પરવરદેગારની) દયાને તે પોંહોંચ્યો.

તેના ગુજરી જવાનું વરસ બીજા મેસરામાં "બરજો" એ કહ્યું છેઃ તેના પાક જાને બેહેશતનો રસ્તો એ રવેશે અખતીયાર કીધો.

મહારાણીના નવા ખેતાબ "કયસરે હિંદ"ની મુબારકબાદીમાં.

(તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૭૭ નાં "રાસ્ત ગોફતાર" ઉપરથી.)

ઇંગ્લાંડના રાણીજીને આપણા દેશની દરેક બ્રીટીશ પ્રજા તે નામદારે લીધેલા "હીંદુસ્તાનની માહારાણી" ના નવા ખેતાબની ખુશહાલીમાં માનપત્રો આપે અથવા કવીતાઓ જોડે, તે જો છાજતું અને વફાદારી દેખાડનારૂં ગણાતું હોય તો ગાયકવાડ જેવા એક દેશી રાજાના નવસારી જેવા માહાલ ખાતેથી એવીજ મુબારકબાદીની કવીતાઓ જોડાય તો તે જોડનારાઓની વફાદારી કેટલી વધતી હોવી જોઇયે ? અમારા ગયા અંકમાં અમે ઉપલા કસ્બા ખાતેથી આવેલી એક ફારસી કવીતા પ્રગટ કરી હતી, અને કબુલત આપવા મુજબ આજે બીજી પ્રગટ કરીયે છીયે. અમે દલગીર છીયે કે નીચલી કવીતા જોડનાર ગ્રહસ્થે પોતાનું નામ છુપું રાખવાની અમને ભલામણ કરી છે, તોપણ એ ગ્રહસ્થ વીશે વાંચનારને ઓલખ આપવા માટે અમે એટલુંજ કહીશું કે ૧૮૭૨માં મરહુમ શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઈનાં મરણ વીશે જે ધણીનાં જોડેલાં ફારસી બેતો તેજ સાલના અમારા તા૦ ૧ લી સપટેંબરના અંકમાં અમે પ્રગટ કર્યા હતાં તેજ ગ્રહસ્થે નીચલાં બેતોબી બનાવ્યાં છેઃ—

(ગજલ.)

સાકી બીઆ કે જશ્ને તમામી બેલાદે હિંદ
તર્તીબ શુદ બા જુમ્લેગીએ રાએ જાદે હિંદ;
આરાયશ ઇં જશ્ને બ દેહલી કરાર કર્દ,
ચું ખાલે રૂખે કયસરે હીંદ શુદ સવાદે હિંદ;
શાહાનો શાહજાદે ઓ રાયાનો રાજપૂત,
હર્ગેજ ચનીં ન દીદો શનીદ અજ અયાદે હિંદ;
મોત્રબ નવાખ્ત કોલે મુબારક બસાજે તો,
બા નગ્મએ બેગોફ્ત કે—ફર્ખંદેહ બાદે હિંદ !
તાજે બુલંદે તો કે બમેહ હમસરી નમુદ,
વાજબ કે માહરાણી શુદી દર બેલાદે હિંદ;

ઇં સાલે નો વ માહે નો વ રોજે નો કે શુદ,
ફર્ખંદેહ બાદ બર તો ઓ હર બૂમો જાદે હિંદ!
ચું સર્વરાને હિંદ બપાએ તો સર નેહાદ,
બાયદ કે દસ્તેગીર શવી બર મોરાદે હિંદ;
આદા ઓ હાસેદાને તો બ તીગે અદલે તો,
બાદા મોતઇએ અમરે તો ચું અન્ફીઆદે હિંદ!
હામીએ ઉમ્રો સલ્તનતત બાદ દાએમા,
દાવરે દાદગર બ દોઆએ એબાદે હિંદ!
યા રબ્બ! જે અબ્રે રેહમતે ખુદ દફે કુન મુદામ,
ગર્દો ગોબારે ફ્લ્નએ ઓ તુંદ બાદે હિંદ!
બર્જો બમેસ્રએ દીગર તારીખે સાલ ગોફ્ત,
બ હફ્જ શુદ જે કયસરે હિંદ ઓલાદે હિંદ.

(તરજુમો.)

હીંદુસ્તાનના સઘળા મુલકોનું જશન (મેળાવડો) તમામ રાજવંશીઓની ગોઠવણ સાથે થયું છે, (માટે અએ) સાકી (શરાબ લઇને) આવ.

એ જશનની રચનાનો ઠેરાવ દીલહી શેહેરમાં કીધો છે, (અને) માહારાણી (વીકટોરીયા) એ પોતાના (રોશન) ચેહેરા ઉપરના તલની મીસાલે હીંદુસ્તાનનો પ્યાર મેલવ્યો છે.

હીંદુસ્તાનના પાદશાહો, શાહજાદાઓ, રાજાઓ અને રાજપુત્રોએ આવું જશન જોયલું તો નહી પણ સાંભળેલુંબી નહી હશે.

ગવઇઆએ પોતાના વજંત્ર સાથે (અએ માહારાણી)! તારી મુબારકબાદીનું ગાયન ગાઇ હીંદુસ્તાનને પણ મુબારકબાદી આપી છે.

તારાં બુલંદ તાજે ચંદરમાહાની બરાબરી કરી છે, તેથી હીંદુસ્તાનની માહારાણીનો એતાબ તેં લીધો તે વાજબીજ છે.

આ નવું વરસ, નવો મહીનો અને નવો દીવસ તારી ઉપર, તેમજ હીંદુસ્તાનના દરેક મુલક અને ખલકતના ઉપર મુબારક હોજો!

જેવારે હીંદના સરદારોએ તારા પગ ઉપર માથાં મેલ્યાં છે (તાબે થયા છે) તેવારે તને તેમની દસ્તગીરી કરવી (તેમના હકો આપવા) લાયક છે.

તારા દુશમનો અને અદેખાઓ તારા અદલ (ઇનસાફી) ની તલવારથી હીંદુસ્તાનીઓનો દાખલો લઇને તારા હુકમને તાબે હોજો!

હીંદુસ્તાનીઓની દોઆથી ખોદાતાલા તારી ઉમર અને પાદશાહીની નેમેબાની કરનાર હોજો!

અએ ખોદા! તારી રેહેમદીલીનાં વાદલથી હીંદના ખરાબ પવનને અને ફીતનાની ધુલ અને ધુમાડાને હમેશાં દફે કરજે!

સરોશે આ વરસની તારીખ બીજા મેસરામાં લખી છે કે—"હીંદની ઓલાદને માહારાણીએ પોતાની સંભાળ હેઠલ રાખી છે."[1]

બરજો.

---

૧ અબજદના કાયદા પ્રમાણે આ છેલ્લી લીટીમાંથી ઇ. સ. ૧૮૭૭નાં વરસનો અંક નીકલે છે ફારસી શાએરો પોતાની કવેસરીની તારીખ રાખવા માટે કવીતાને છેડે મોટી મુશકેલીથી અબજદની ગણત્રી પ્રમાણેનાં વરસો મેલવી આપે છે, અને એ મોટી માથાકુટનું કામ છે. તેથીજ એવી શાએરીની વખાણ થાય છે.—**શા. ગો. બનાવનાર.**

કર્ત્તા બાબે વર્તમાન પત્રોમાં નોંધ.

"બાવાજી દેસાઈ."

(રાસ્ત ગોફતારને માટે ખાસ.)

નવસારી, તા૦ ૧૮ મી નવેમ્બર ૧૮૯૦.

આ કસ્બાને કેળવણી અને બીજા સાર્વજનીક લાભોની બક્ષેશ કરાવનારા નરોમાંનો એક ગયા ગુરૂવારે આ ફાની જેહાન છોડી જવાથી અતરે ફેલાયલી દલગીરી કુદરતી અને ઘટતી છે. "બાવાજી દેસાઇ" નાં માનવંત અને મશહુર નામે ઓળખાતા દેસાઇ બરજોરજી પાહલનજી તેમની પોણોસો વરસની વયને લીધે કદાચ જુના જમાનાના માણસ ગણાય, પણ તેમના વીચારો ચાલુ જમાનાના મોહબોલા "સુધારાવાળાઓ"ને શરમાવે તેવા હતા. તેઓ કેળવણીના ખેરખાહ અને શુભ સુધારાના હીમાતી હતા. જાતે સ્વતંત્ર અને બુદ્ધીવાન હોવાથી છુટાપણે પોતાના વીચારો આપનાર દાખલ તેઓ જાણીતા હતા. વેહમોને ધીકારવા અને તેમનો નાશ કરવાનું તો એમનાં ખાનદાનનું કામજ હતું. ૧૨ વરસની વયે પોતાના પીતા અને ૧૮ ની વયે પોતાના બપાવા જેવાં શીર છત્રો ખોહ્યા છતાં આવી કાચી વયથી મરહુમે પોતાની જાગીરોનો વહીવટ અને ઘરસંસારનો કારભાર એકલે હાથે ચલાવવામાં પ્રથમથીજ પોતાનાં દીલની હીમત અને મનની મોટાઇ દેખાડવા માંડી હતી; અને એ સઘળાંને દરમ્યાન ફારસી ભાષાના પોતાના અભ્યાસને આગળ વધારવો ચાલુ રાખ્યો હતો. અને એ અભ્યાસ એટલી બધી હદ સુધી વધારવામાં આવ્યો હતો કે દેસાઇ બરજોરજી એ ભાષામાં અનેક પ્રસંગે ગઝલો અને બીજાં કાવ્યો બનાવી શકતા હતા, જેમાંનાં થોડાંક આગળાં વરસોમાં આ "રાસ્ત ગોફતાર"માં પ્રગટ થયાં હતાં. પણ એટલુંજ નથી. એમના ફારસી અભ્યાસની સંપુર્ણતા એટલી બધી નવસારીની પ્રજામાં તેમજ સરકાર દરબારમાં જાહેર થઈ હતી કે કોઇબી ફારસી દસ્તાવેજનું લખાણ પહરાણ કે તરજુમો મરહુમ દેસાઇના હાથના હોય તો કોર્ટમાં તે વગર શકે કબુલ રખાતા હતા. એ કારણસર ઇનસાફની અદાલતોને તેમની મદદની વખતે વખત જરૂર પડતી હતી, અને એ રીતે તેમનો વસીલો વધી ગયો હતો.

એ રીતે દેસાઇ બરજોરજીની જીંદગીના પેહેલા ભાગમાં તેમની કેળવણી ફારસી ભાષામાંજ અટકી હતી. પણ ૧૮૫૬ નાં સાલમાં મુંબઇવાળા સુધારાના પેહેલા અકાબરો મરહુમ શેઠો ધનજીભાઈ અને ખુરશેદજી નોશરવાનજી કામાજીએ આ કસ્બામાં ઇંગ્રેજી કેળવણીની પેહલવેહલી મદરેસા સ્થાપી ત્યારથી મરહુમ દેસાઇને ઇંગ્રેજીની તાલીમ લેવાનો શોખ થયો. આ વખતે તેમની ઉમર ૪૨) વરસની હતી, અને તે છતાં તેઓ સ્કુલમાં હાજર થઇ વડા શીક્ષકના વર્ગમાં તેમની પાસે બેસી એક નીશાળીયાની માફક પોતાનો અભ્યાસ ચલાવતા હતા. મારે જણાવવું જોઇયે કે આ વખતે દેસાઇ બરજોરજી મજકુર મદરેસાની કમીટીના એક મુખ્ય કરતા કારવતા આગેવાન હતા, અને તેમ છતાં તેવા એક અકાબરને પોતાની જોડેજોડ તાલીમ લેવા બેસતા જોવાનો દેખાવ તેમના બેટા અને નજદીકના ખેશી છોકરાઓને મનથી ઘણો વીચીત્ર હતો. મરહુમ કામાજી સાહેબોએ અતરે જરતોશતી મદરેસા સ્થાપવા માગી ત્યારે તેમને કેટલીક હરકતો નડી હતી. પણ તેમનાં આ શુભ કામમાં મરહુમ દેસાઇ બરજોરજીએ બીજા થોડાક જોડે જોઇતી મદદ આપી અને મદરેસાની કમીટીમાં શામેલ થઇ તેની સ્થાપણાથી તે પોતાનાં મરણ સુધી પોતાની યથા શકતી મુજબ ખરા ઉત્સાહ અને ઉમંગથી, કાળજી અને ખંતથી તેનો વહીવટ ચલાવ્યો. મજકુર કમીટીના ગ્રહસ્થોમાંના બે સીવાય બીજા સઘળા થોડીજ મુદતમાં ખીસી ગયા, પણ દેસાઇ જમશેદજી તેહમુરજી જોડે મરહુમ બરજોરજી પોતે માથે ઉઠાવેલાં કામને દીલોજાનથી ચીવટપણે વળગી રહ્યા. દેસાઇ જમશેદજીએ પોતાનાં મરણ સુધી મદરેસાના મુનશીનો અધીકાર ચલાવ્યો, અને તેવણની હૈયાતી બાદ દેસાઇ બરજોરજીએ મદરેસાના એકલાજ કારોબારી રેહવા સાથ પોતાનાં મરણ સુધી તેના આનરરી સેક્રેટરીનું કામ ચલાવ્યું. આ તેમની સેવાઓના એક નજીવા બદલા તરીકે મદરેસાની મુંબઇ ખાતેની કારોબાર મંડળીએ આજ ત્રણ વરસ ઉપર એમની એક રંગેલી મોટાં કદની તસ્વીર મદરેસાનાં દેવાનખાનામાં મુકી છે અને તેમને નામનું એક ઈનામ દર સાલ આપતું કરી મદરેસાના સંબંધમાં તેમનું નામ યાદગાર રાખ્યું છે.

નવસારી મદરેસાની શરૂઆતથી આજ સુધીની ૩૫ વરસની મુદત આ મુજબ દેસાઇ બરજોરજીએ એ ખાતાંના સંબંધમાં ગુજારી છે તેમ અતરેના જરતોસ્તીઓનાં ફંડનો વહીવટ પણ તેઓએ આજ વીસ વરસ ઉપર થયલી તેની શરૂઆતથી અત્યાર સુધી કીધો છે. તે વખતે એ ફંડ "હુવરસ્તે" યાને નેક કામો કરવાનાં ફંડને નામે ઓળખાતું હતું, પણ ત્યાર બાદ તેને "જેનરલ ફંડ"નું નામ મલ્યું છે, જેની કમીટીના પેહલા પ્રમુખ અને ખજાનચી મરહુમ દેસાઇ બરજોરજી હતા. એઓના કારભારને દરમ્યાન નવસારીમાં દોખમાં સુધીનો પાકી સડકનો રસ્તો, નવું દોખમું અને બીજાં ઘણાં અગત્યનાં કામો થયાં છે, અને અંજુમનની સારી પુંજી વધી છે. દેસાઇજીની આ સેવાઓના બદલામાં અંજુમન તરફથી તેમને એક કીમતી શાલ આપવાનો જાહેર સભામાં ઠરાવ થયો હતો. એ ઉપરાંત મરહુમને બીજાંબી ઘણાં કેળવણી ખાતાંઓ સાથ અતલગનો સંબંધ હતો. તેઓ અતરેની "મેહરજીરાણા લાઇબ્રેરી"ના તેની શરૂઆતથી સરનશીન હતા, તથા મલેસરની સર જમશેદજીવાળી નીશાળના સેક્રેટરી હતા. વળી અતરેની દેસાઇ ખુરશેદજી તેહમુરજી સ્કુલના તથા ગાયકવાડ સરકારવાળી ઉરદુ સ્કુલના તેઓ એક કારોબારી હતા. વળી મુંબઈના પારસી પંચાયતના ફંડની અતરેની કમીટીમાં તેમના ઉદ્યોગ અને ઇમાનદારીને થકી ખાસ કરીને અને મોટા આગ્રહથી તેમની નેમણુક કરવામાં આવી હતી. એ સઘળાં ખાતાંઓ સાથનો તેમનો સંબંધ સેવટ સુધીનો હતો, અને તેટલા માટે એવા એક ઉદ્યોગી અને ઉપયોગી ગ્રહસ્થની ખાલી પડેલી જગા પુરાવી ઘણી કઠણ છે એમ કેહવામાં કશી શહરાધાત કેહવાશે નહી.

પોતાનાં ઘર અને ગામના ઉપર કહેલાં સઘળાં કામો એક જાહેર માણસને માટે પુરતાં ગણી શકાય. પણ દેસાઇ બરજોરજી એ સઘળાં કામોમાંથી વખત ફાજલ પાડીને પ્રજાના તમામ નાત જાતના લોકોની મીલકતોને લગતાં ખત પત્રો બનાવી આપતા હતા, અને એ સર્વ કારોબારને લીધે તેમનાં મકાનમાં દર રોજ આખો દીવસ લોકની આવજા જારીજ હતી. પણ એ ઉપરાંત વળી છેલાં દશ વરસોમાં તેઓએ પુરાતન પારસી પાદશાહાતોને લગતી બે કીમતી કેતાબો પોતાના એક બેટા જોડે મળીને પ્રગટ કીધેલી અમારા વાંચનારાઓથી અજાણી નથી. સાસાની અને હખામની જમાનાના નામચીન પારસી પાદશાહોની આ યાદગાર તવારીખો રચવામાં ફારસી ભાષાના જેજે ગ્રંથોની તેમાં મદદ લીધેલી છે તે સર્વ મેહનત મરહુમ દેસાઇજીની કલમનું ફળ હતું. આ તવારીખો આગમજ તેઓએ "તવારીખે ઈરાન" નામનો એક ગ્રંથ રચવાનો ઇરાદો રાખ્યો હતો, જેમાં ઉપલી બંને અને તે ઉપરાંત છેક મેહાબાદ ટોળાના ઈરાનના પાદશાહોથી રાજ ચલાવી ગયલા છુટક છુટક પારસી હાકમોની તવારીખ દાખલ કરવા ધારી હતી. પણ એ કામ ઘણું મોટું અને મુશ્કેલ હોવાથી તે પડતું નખાયું હતું. મારા સાંભળવા મુજબ મરહુમ દેસાઇ પોતાના બેટા મી૦ પાહલણજી જોડે ઇરાનની પાદશાહી ગયા પછીથી હીંદુસ્તાન આવેલા પારસીઓની તવારીખનું ઉપલાં જેવુંજ એક બીજું દફતર પ્રગટ કરવાનો ઈરાદો રાખતા હતા, કે જે કામ તેમનાં અકાળ મરણથી ખોરંબે પડશે. તેમનું મરણ અકાળ એટલા માટે કેહવાશે કે ૭૬ વરસની બુજર્ગી ભરેલી ઉંમર છતાં મરહુમ જઇફ લાગતા ન હતા, અને હજીબી મેહનત કરવાને કેવળ શકતીવાન હતા. તેવણની માંદગી ટુક વખતની હતી, અને જોકે લકવા જેવા પલીદ રોગના તેઓ ભોગ થયા હતા તોપણ તેનો ત્રીજો હુમલો છતાંબી તેઓનું મોત માત્ર થોડા કલાકની રમત જેવું હતું. મરણની છ કલાક આગમજ તો તેઓ પોતાની તમામ સુધીમાં અને જબાંની બોલીદરાજીમાં જેવા જોઇયે તેવા હતા; અને મરણની છ દીવસ આગમજ પગે ચાલતા ફરવા નીકલ્યા હતા. એ રીતે અમારા કસ્બા અને અમારી પચરંગી કોમના એક ખરેખરા ઉપયોગી નરની ભલી જીંદગીનું સેવટ આવ્યું છે, જેની નોંધ લેતાં મોટું દુખ ઉપજે છે. ત્રણસોથી વધારે માણસોનાં દેસાઇ ખાનદાનમાં તેઓ સર્વથી ઉંમરે વડા હતા એટલુંજ નહી પણ કાબેલ્યત, બુદ્ધી અને મોભામાં પણ તેઓ વડા હતા. લાંબી મુદત થઇ એવો ઇજતદાર માણસ એ કુટુંબમાં પેદા થયો ન હતો અને હવે પછી લાંબી મુદત સુધી થવાનો પણ નથી. તેઓ જે અનેક અધીકારો ચલાવતા હતા તેમાંના એક એક અધીકારને માટે પણ અતરે એક એક માણસ મળવો મુસ્કેલ છે, એજ બીના મરહુમ કેવી અજાયબ શકતીના નર હતા તે દેખાડવાને બસ થશે.—"રાસ્ત ગોફતાર," તા૦ ૨૩ મી નવેમ્બર ૧૮૯૭.

DEATH OF DESAI BARJORJI PALONJI OF NOWSAREE.—The town of Nowsaree has lost one of its esteemed inhabitants last Thursday, at the age of 77, who was prominently known there, for his varied and important services. He was a great Persian scholar, and had composed many odes and verses in the Persian language. It was only last year that he published his interesting Persian history of the Achæmenian period, and nine years before that he made his first appearance as an author of an equally interesting and important work entitled the History of Sassanides, both of these works were compiled with the assistance of his son, Mr. Palanji Desai, of the *Rast Goftar*. The late Mr. Barjorji was one of the pioneers of education in Nowsaree, and was associated with the Sir C. J. N. J. Madresa ever since the establishment of that High School by the late Mr. C. N. Camaji in 1856. For the last ten years he was secretary to that institution, and for his long services the Bombay committee of the school thought it proper to place his portrait in the hall of the school side by side with that of Mr. Camaji. The committee also establised a yearly prize in honour of the deceased from the school fund. Mr. Desai was connected with many other public institutions, such as the Library (as president), the Parsee General Fund (as president and treasurer), &c. He was a great lover of education, and it may be noted here that, although he was one of the managing committee of the above school in order to encourage others he used to attend the first class at the age of 42. The deceased was a zemindar, and was everywhere respected for his integrity of purpose and high intelligence. The whole Anjuman of Naosaree had great trust in him and hence the deceased was solely entrusted with the loans of the fund, and managed them for a period af about 20 years.—*Bombay Gazette*, 19*th November* 1890.

સાંકળીયું.

	સફે.
દીબાચો	૫
કર્તા બાબે મુખ્તેસર હકીકત :—	
"બાવાજી દેશાઈ"...	૮
કર્તાની રચેલી ફાર્સી કવીતા...	૧૨
કર્તા બાબે વર્તમાન પત્રોમાં નોંધ	૧૫
સાસાની શેહેનશાહાતનો નક્શો	

બાબ ૧.

અર્દશીર બાબેગાન.

ફસલ ૧—પારસની ફતેહ	૧
ફસલ ૨—શરૂઆતની મુશ્કેલી અને શેવટની ફતેહ	૭
ફસલ ૩—પાદશાહના નામચીન વારેસો	૧૨
ફસલ ૪—મરતી વેળાની બેટાને નસીહત	૨૦
ફસલ ૪—નરસી અને હોરમજદ	૩૨

બાબ ૨.

શાહપુર અને તેના વારેસો

ફસલ ૧—શાહપુર ૧ લો...	૨૪
ફસલ ૨—હોરમજદ ૧ લો	૨૬
ફસલ ૩—બેહરામ નામના ત્રણ પાદશાહો	૩૦

બાબ ૩.

મોટો પાદશાહ શાહપુર.

ફસલ ૧—શરૂઆતની ફતેહો	૩૪
ફસલ ૨—રૂમીઓ સાથની લડત	૩૬
ફસલ ૩—રૂમી સરકશી અને તેનું ફળ	૪૧
ફસલ ૪—માની ચીતારો...	૪૩

બાબ ૪.

નબળા પાદશાહોનો બીજો તબકકો. સફે.

ફસલ ૧—ત્રુખી પાદશાહી :
અર્દશીર ૨ જો... ... ... ૪૬
શાહપુર ૩ ... ... ૪૬
બેહરામ ૪ ... ... ૪૭
ફસલ ૨—યજદેજર્દ ૧ લો... ... ... ૪૮
ફસલ ૩—શાહજાદા બેહરામની શેકારબાજી ૪૯
ફસલ ૪—નવો પાદશાહ ખુસરો... ... ... ૫૨

બાબ ૫.

બેહરામ ગુર.

ફસલ ૧—તખ્ત મેળવતાં નડેલી મુસ્કેલીઓ... ... ... ૫૪
ફસલ ૨—પખાલીની પરોણાગત અને યહુદીની બખીલી ૫૭
ફસલ ૩—પાદશાહી હુકમોના ફાયદા અને ગેરફાયદા ૬૦
ફસલ ૪—પાદશાહને લગતી વાતો... ... ... ૬૩
ફસલ ૫—પાદશાહી શીકારબાજી ૭૪
ફસલ ૬—ખાકાને ચીન સાથ લડાઇ ૭૬
ફસલ ૭—ઈરાની પાદશાહ અને હીંદુ રાજાની હેકાયત ૮૨

બાબ ૬.

બેહરામ ગુર પછીના પાદશાહો

યજદેજર્દ ૨ જો ૯૬
હોરમજદ ૨ જો ૯૬
પાદશાહ પીરોજ ૯૭

બાબ ૭.

કોબાદ ૧

ફસલ ૧—પલાશની પાદશાહી ૧૦૦
ફસલ ૨—કોબાદની પેહલી પાદશાહત ૧૦૧
ફસલ ૩—પાદશાહનો બીજો અમલ... ... ... ૧૦૪
ફસલ ૪—મજદક અને તેની દીન... ... ... ૧૦૫

બાબ ૮.

નોશીરવાન (આદેલ)

ફસલ ૧—પાદશાહ અને તેની રૈયત ૧૦૯
ફસલ ૨—રૂમ ઉપર ચહડાઇ અને ફતેહ ૧૧૩
ફસલ ૩—શાહજાદા નોશજાદનો બલવો ૧૧૯

સફો,
ફસલ ૪—બુજર્ચે મેહરની દાનાઇના દાના ૧૨૧
ફસલ ૫—તુરાનમાં ઇરાનનો કાબુ... ... ... ૧૨૮
ફસલ ૬—રમતો અને સાહીત્યો ૧૩૦
ફસલ ૭—અદલ ઇનસાફના નમુના... ... ... ૧૪૦
ફસલ ૮—શાહજાદો હોરમજદ ૧૪૯

બાબ ૯.

હોરમજદ ૪ થો

ફસલ ૧—વજીરોનાં ખુન... ... ... ૧૫૩
ફસલ ૨—તુરાની ચઢાઇ અને શીકસ્ત ૧૫૭
ફસલ ૩—પાદશાહ અને પેહલવાન વચે ઝગડો ૧૬૩

બાબ ૧૦.

ખુસરો પર્વીજ

ફસલ ૧—નવા પાદશાહની નાસભાગ ૧૫૮
ફસલ ૨—બેહરામ ચોબીનની પાદશાહી ૧૭૧
ફસલ ૩—પાદશાહ અને પેહલવાન... ... ... ૧૭૫
ફસલ ૪—ખુસરોનાં ખુબીવંતાં કામો ૧૮૩
ફસલ ૫—પર્વીજની પડતી ૧૯૦

બાબ ૧૧.

નબલા પાદશાહોનો છેલો તબકકો.

ફસલ ૧—પાદશાહ શીરોય... ... ... ૧૯૩
ફસલ ૨—શાહાનશહાતની આખરીની શરૂઆત ૧૯૫

બાબ ૧૨.

યજદેજર્દ શેહેરીયાર

ફસલ ૧—આરબોનો દરોડો ૨૦૦
ફસલ ૨—યજદેજર્દની શીકસ્ત, નાસભાગ અને ખુન ૨૦૩
ફસલ ૩—કરણી તેવી પાર ઉતરણી... ... ... ૨૦૮

વધારાઓ:–

૧

પારસીઓનો છેલો પાદશાહ યજદેજર્દ શેહેરીયાર.

	સફે.
ફસલ ૧—આરબો ઇરાન જીતવા આવે છે ...	૨૧૧
ફસલ ૨—આરબો ઈરાન જીતવા માંડે છે ...	૨૧૪
ફસલ ૩—શરૂઆતની લડાઇઓ ...	૨૨૦
ફસલ ૪—કાદસીયા અને જલુલાની લડાઇઓ ...	૨૨૩
ફસલ ૫—જંગે નેહાવંદ ...	૨૨૬

૨

શાહ દારા

ફસલ ૧—દારા અને સેકંદર વચે લડાઇ ...	૨૩૩
ફસલ ૨—ઇરાનનાં તખ્ત ઉપર સેકંદર ...	૨૩૭
ફસલ ૩—શાદીથી સેકંદરના દાવાની મજબુતી ...	૨૪૨

૩

સેકંદર

ફસલ ૧—જવાનીના ઢંગરંગ ...	૨૪૫
ફસલ ૨—ઇરાન સાથનાં જંગનું મુળ ...	૨૫૦
ફસલ ૩—લડાઇ આગમજની સખુનદરાજી ...	૨૫૫
ફસલ ૪—સેકંદરની ઇરાનમાં પાદશાહી ...	૨૬૨

૪

શાહનામાની ઉત્પત્તી.

ફસલ ૧—ફીર્દુસીની આગમજની શોધખોળ...	૨૬૮
ફસલ ૨—ફીર્દુસી શાહનામું બનાવવા માંગે છે. ...	૨૭૨
ફસલ ૩—શાહનામું બનાવવા માટે ફીર્દુસી ઉપર ઉતરેલી પસંદગી ...	૨૭૭
ફસલ ૪—શાયર ઉપરની પાદશાહી ખફગીનાં કારણો ...	૨૮૨
ફસલ ૫—ફીર્દુસી દુ:ખી દીલે ગજની છોડી જાય છે ...	૨૮૬
ફસલ ૬—ફીર્દુસીની જીંદગીનાં છેલા દીવસો...	૨૯૧

૫

વંશાવળી.

૧—સાસાની પાદશાહોની વંશાવળી ...	૨૯૭
૨—સાસાની પાદશાહોનાં નામ તથા અમલની મુદત ...	૨૯૮–૩૦૧
૩—પાદશાહોને તખ્તે બેસવાની તારીખ–સીક્કાઓ મુજબ ...	૩૦૨


સાસાની
શાહાનશાહાતનો
નક્શો
આ ર બી સ મુ દ્ર
ભૂ મ ધ્ય સ મુ દ્ર

સાસાની શાહનામું.

બાબ ૧.

અર્દેશીર[1] બાબેગાન[2].

ફસલ ૧—પાર્સની ફતેહ.

બાબકનો સ્વપ્નો.

શાયર ફીર્દુસી તુસી લખે છે કે પાદશાહ દારા[3] રૂમી સેકંદર[3]ના હાથ ઉપર માર્યો ગયો, અને તેના તમામ મુલકોનો અને ઇરાનીઓનાં એકબાલનો દીવસ ઉંધો વળી ગયો, તેવારે તેનો એક સાસાન નામનો દીકરો હતો તે બાપને આવી રીતે મારેલો જોઇને સેકંદરનાં આફત જેવાં લશકરમાંથી નાસી હિંદુસ્તાન ગયો, અને ત્યાં કંગાલ હાલતે મરણ પામ્યો. તેનો પણ સાસાન નામનોજ એક દીકરો હતો. એજ નીશાની પ્રમાણે કેટલીક પેહેડીઓ સુધી દીકરાઓને તેઓના બાપ સાસાનને નામેજ બોલાવતા હતા. તેઓ બધાં વરસ ગોવાળીઆનુંજ કામ કરતા હતા. હવે એક છેલો સાસાન બાબક[4] નામના પાર્સી

૧ અર્દેશીર—આ નામ અવસ્તા ભાષાના "અરેતક્ષત્ર" ઉપરથી નિકળ્યું છે, જેનો અસલ અર્થ "રાસ્ત પાદશાહ" એવો થાય છે. પેહલવીમાં આ ઉપરથી "અર્તક્ષેત્ર"–"અર્તશેત્ર"–અને "અર્તશીર" નામો બનેલાં સાસાની પાદશાહોના લેખો ઉપરથી જોવામાં આવે છે. પેહલવી હસ્ત લેખોમાં એ નામ "અર્તક્ષતર"–"અર્તક્ષદર"–"અર્તક્ષીર—અને "અર્દશીર" લખાયું છે. પાછળથી અર્દેશીર નામ સાધારણ થઈ પડયું અને હગમણા લખનારાઓએ તેજ એખ્તિયાર કીધું. શાહનામામાં એજ નામ દાખલ થયલું છે.

૨ બાબેકાન—પાદશાહ અર્દેશીર તવારીખમાં બાબેકાનના એલકાબથી મશહુર છે. એ બિના દેખાડે છે કે તે બાબકનો બેટો અથવા વંશજ હતો. સાસાન બાબકના બાપનું નામ હતું, અને તે મોટો ધર્મગુરૂ હતો, માટે તેના ઉપરથી આખા વંશને સાસાનીનું નામ મળેલું હોવું જોઈયે.

૩ દારા; સેકંદર—આ બંને પાદશાહોના હેવાલ માટે જુઓ પાછલા સફાઓમાં આપેલો "વધારો."

૪ બાબક—આ પાદશાહને માટે ફિર્દુસી એટલુંજ જણાવે છે કે તે પાર્સ પ્રાંતનો એક પાર્સી અમીર હતો ડૉ૦ થિયોડોર નોલ્ડેકે નામે એક જર્મન વિદ્વાન "અર્દેશીરના અમલની તવારીખ" એ નામના પોતાના ગ્રંથમાં બાબક અમીરને માટે કેટલોક જાણવાજોગ ખોલાસો આપે છે. અશ્કાની પાદશાહોની શેહનશાહતની આખરીના જમાનામાં પાર્સ ખાતે અનેક નાના મોટા અમીરો હકુમત ચલાવતા હતા, જેઓ તે પાદશાહોની ખરી યા નામની તાબેદારી કરતા હતા. આ હાકમોમાંના થોડાકનાં નામ સિક્કાઓ ઉપરથી તેમજ અસલી લખનારાઓ ઉપરથી મળે છે. ત્રીજી સદીની શરૂઆતમાં—એટલે સાસાની પાદશાહતની સ્થાપના થવાની સહેજ અગાઉ—પાર્સમાં બાજરંગીક (Bazrangik) નામે એક વંશનો અમલ ચાલતો હતો, પણ એ વંશનો કાબુ ઘણો ઘટી ગયલો હોવાથી જુદાં જુદાં શેહેરોમાં નાના અમીરો અમલ ચલાવતા હતા અને પાર્સનો મુલક પહાડી હોવાથી દરેક હાકમ સ્વતંત્ર જેવો થઈ પડયો હતો. આ હાકમોમાંનો એક પાપક અથવા બાબક

અમીરના મુલક પાર્સ તરફથી નીકળી જઇ તેના ગોવાળીઆના સરદારની નોકરીમાં રહ્યો, અને પોતાની સારી વર્ત્તણુકથી ગોવાલીઆઓના ઉપરીનો ઓધ્ધો મેળવ્યો. એક રાતે બાબકે ખોઆબમાં એવું દીઠું કે હાથમાં હીંદી તલવાર લઇને સાસાન એક મોટા હાથી ઉપર બેઠેલો છે, અને જે કોઇ તેની આગળ આવતા તેઓ દુઆ કરી તેની નજદીક સેજદો કરતા. બીજી રાતના ખોઆબમાં એવું દીઠું કે આતશ પરસ્તો ત્રણ બલતા આતશ જેવા કે આજર ગોશસ્પ, આજર ખુરદાદ, અને આજર મેહર, હાથમાં લઇ તે ઉપર ખુશબો મેલી સાસાનની આગલ રોશન રાખતા હતા.

બાબક ગભરાયો. બેદાર થઇ તેણે પોતાનાં એવાનમાં નજુમી લોકની એક સભા બોલાવી અને ખુઆબની છુપી વાત તેઓને કહી સમજાવી. નજુમીઓએ વર્તારો કરી એવો જવાબ દીધો કે "ખુઆબમાં જે શખ્સને તુંએ હાથી ઉપર બેઠેલો દીઠો છે તે તો પાદશાહ થશે. ત્યારબાદ તેનો એક દીકરો પેદા થશે તે કુલ જેહાનનો પાદશાહ થશે." બાબકે આ જવાબથી ખુશી થઇ નજુમીઓને ઇનામ આપ્યા પછી ગોવાળાંમાંથી સાસાનને બોલાવ્યો. સાસાન પોતાની ઓઢવાની કામલ લઇને બાબકની હજુરમાં આવ્યો, જેને તે અમીરે પોતાનાં તખ્તની નજદીક બેસાડીને તે કોણ ખાનદાનનો છે એવો સવાલ કીધો. સાસાને અચકાઇને એવો જવાબ દીધો કે "પાદશાહ જો મારા જાનની માફી બક્ષવા માટેના વચનથી મારો હાથ પકડે, અથવા પાછળથી મને દુઃખ નહી દીએ, તો ખુલાસો કરૂં."

બાબકે તેમ કબુલ કીધાથી સાસાન બોલ્યો કે "હું દારા બીન દારાબની ઓલાદનો છેઉં."[1]

નામનો હતો. તે સાસાનનો બેટો (અથવા નબીરો) હતો, કે જે શિરાજ શેહેરની ઉગમણે આવેલા નિમકના મોટા સરોવરના દક્ષિણ કાંઠા ઉપરનાં ખીર નામે ગામનો રહેવાસી હતો. સાસાન પાર્સનાં મોટાં આતશકદેહનો દસ્તુર હતો અને તે બાજરંગીક વંશની શાહજાદી રામબેહશ્ત સાથ પરણેલો હતો. પાપક અમીરે બાજરંગીક વંશના છેલા હાકમ ગોજેહરનો પરાજય કરી તેનાં પાયતખ્ત ઈસ્તખ્રનો પોતે ધણી થઈ બેઠો, અને પછી પાર્સનો પાદશાહ થયો. આ લખનાર મુજબ અર્દેશીર બાબકનો બીજો બેટો હતો; વડા બેટાનું નામ શાહપુર હતું, જેને પોતાનાં તખ્ત ઉપર બેસાડવા બાબકે અરફાની પાદશાહની પરવાનગી મંગાવી હતી. પણ બાબકનાં મરણ પછી અર્દેશીરે પોતાના આ વડા ભાઈ સાગે લડાઇ ઉઠાવી. શાહપુર ઓચીતો મરણ પામ્યો, જેથી અર્દેશીરનો તખ્ત માટેનો હક નકી થવો જોઇયે; પણ નોયલ્ડેકે કહે છે કે તેના બીજા ભાઇઓ સામે થયા જેમને અર્દેશીરે મારી નખાવ્યા. આ છેલ્લી બીનાને લીધે ઉપલા લખનારની મજકુર હકીકત તદન શક ભરેલી થઈ પડે છે. અર્દેશીર બીજો બેટો હતો તો શાહપુરનાં મરણ પછી તેના વાજબી હક સામે બાકીના ભાઈઓ દાવો કેમ ઉઠાવી શકે? વળી અર્દેશીર બીજો બેટો હતો તો બાબક પોતાના સિક્કા જોડે અર્દેશીરનો સિક્કો કાં પડાવે?

૧ ફિર્દોસી અર્દેશીર પાદશાહને શાહ દારાની નસલનો જણાવે છે. બીજા ઉગમણા લખનારાઓ તે પહેડીને પાદશાહ બહમન (અર્દેશીર દરાજદસ્ત) સુધી લઇ જઇ મુકે છે. આ દારા અને બહમન પાદશાહોને તેઓ કેયાની વંશના જણાવી જાય છે. પણ એ બંને બાબતોમાં તેઓએ જબરૂં ગોથું ખાધું છે. છેલી શોધો મુજબ કેયાની અને સાસાની વંશો વચે સેંકડો વરશો વહી ગયાં હતાં, જે દરમયાન કેયાની વંશની આખરી પછી જરતોસ્તીઓ ઉપર તેમના ફતેહમંદ પણ દીન દુશમન પાડોશી એસીર્યન અથવા અશુરી લોકોનો અમલ છેક ઈ૦ સ૦ પૂર્વે ૭૧૦ સુધી ચાલ્યો હતો, જેમને મીડયાના તેજ જમાનાના જરતોસ્તી લોકોએ શિકસ્ત આપી ઇરાનને પરદેશીઓની ઝુસરી તળેથી સવતંત્ર કીધું હતું. આ મીડ લોકોના તાબામાં પાર્સનો પ્રાંત હતો જયાંના પાર્સી રહેવાસીઓના હાકમ કુરૂશ અથવા કાઇરસે પોતાના પ્રાંતને સ્વતંત્ર કીધા બાદ ઇસ્વી પૂર્વે ૫૫૮ માં મીડયનોને હરાવી આખું ઇરાન જીતી લીધું હતું. પાદશાહ કુરૂશ આ રીતે પહેલી પાર્સી પાદશાહાત સ્થાપી, જેનું શેવટ એ પછી સવાશો વરસે ઇસ્વી પૂર્વે ૩૩૦ માં આવ્યું અને સેકંદરના વારસોએ ૫૦ વરસ ઈરાનમાં રાજ્ય કીધું. તેઓને મારી કહાડીને પારથ્યાના અરફ નામે

અર્દશીરનો જન્મ અને બચપણ.

બાબકે આ વાતથી વાકેફ થઈ સાસાનને તન સાફ કરવા માટે હમામખાનામાં મોકલી, પેહેલવાની પોશાક, હથીઆર અને ઘોડો તેને સારૂં મોકલ્યો. જોઇતી સર્વે ચીજથી તેને બેગરજ કરી એક મેહેલમાં રાખીને વળી પોતાની દીકરી સાથે તેનાં લગન કરી આપ્યાં. તે દીકરીને પેટે એક દીકરો પેદા થયો તેનું નામ બાબકે **અર્દશીર** કરીને રાખ્યું,[1] અને તેને લાડ સાથ પાલવા સાથે તમામ જાતના એલમ હુનર શીખાડી ઉધાર્યો. આ વાતને લાંબી મુદત થયા પછી અર્દશીર "બાબકાન"ને નામે ઓળખાવા લાગો.[2]

આ વખ્તે અર્દવાન[3] નામનો પાદશાહ ઇરાનમાં રાજ્ય કરતો હતો, તેને રએમાં ખબર થઇ કે અર્દશીર લડાઇનાં કામમાં અને એલમ હુનરમાં ઘણો કાબેલ થયલો છે. આ ઉપરથી અર્દવાને બાબક ઉપર નામું લખી અર્દશીરને પોતાની હજુરમાં રાખવા બોલાવી મંગાવ્યો. બાબકે કેટલોક ખજાનો અર્દશીરને આપ્યો અને કેટલોક ખજાનો અને પાદશાહી અસબાબ નંજરાના તરીકે અર્દવાનને વાસ્તે આપી તે શાહજાદાને રવાના કીધો.

અર્દશીર અર્દવાનની હજુર રએ શેહેરમાં જઇ પુગો, જેને પાદશાહે પોતાનાં તખ્તની નજદીક બેસાડીને બાબક વીશે ખબર અંતર પુછી, અને ઘણીએક મેહરબાનગી બતાવીને તેને એક મેહલમાં મુકામ કરી આપ્યો. ખાનું ખાતાં અને શીકારગાહ જતાં અર્દવાન પોતાના ફરજંદોની માફક અર્દશીરનો મરતબો જાલવતો હતો.

અર્દવાનની ઇતરાજી.

એક દહાડે એવું બન્યું કે અર્દવાન પોતાના ચાર દીકરાઓ સાથે અર્દશીરને લઇ

ઇરાની સરદારે નવી પાદશાહાત સ્થાપી, જે તવારીખમાં અશ્કાની શેહેનશાહાતને નામે જાહેર છે. અશ્કના વંશમાં શુમારે ૫૦૦ વરસો સુધી આ પાદશાહત રહી, અને ત્યારબાદ પાર્સના હાકમ અર્દશીરે એ વંશના અમલની સમાપ્તી આણી. પાર્સ એ વેળા પારથ્યાના પાદશાહ અર્દવાનને તાબે હતું. અને આ અર્દવાન જેને અર્દશીરે માર્યો તે અશ્કનાં ખાનદાનનો છેલો પાદશાહ હતો.

આ રીતે જોતાં અર્દશીર બહમન યા દારા પછી પાંચ સાત પહેડીએ ઉતરેલો સાબેત થતોજ નથી; અને બીજી વાત એ છે કે બહમન અને દારા કેયાની નહિ પણ હખામની ટોળાના પાદશાહો હતા, કે જે વંશને ફિર્દુસીજ નહિ—તમામ ઉગમણા પરદેશી લખનારાઓજ નહિ—પણ પેહલવી અને પાજંદ ભણતરો પણ અજાયબ જેવી અને નહિ સમજ પડે એવી રીતે ભૂલી ગયલાં જણાય છે.

૧ "કારનામે અર્દશીર બાબકાન" અને બુન્દેહેશ તથા ફિર્દુસી મુજબ અર્દશીર સાસાનનો બેટો હતો; પણ અલબિરૂની અને મસુદી નામે આરબ તવારીખનવેશો રૂમી લખનારાઓને મળતું એવું જણાવી જાય છે છે કે તે બાબકનો બેટો હતો, અને બાબકના બાપનું નામ સાસાન હતું. વળી અર્દશીરના સિક્કાઓમાંથી તે પોતાને સાસાનનો નહિ પણ બાબકનો બેટો જણાવે છે. દીનકર્દ વગેરે પેહલવી કેતાબોમાં પણ અર્દશીરને બાબકનો બેટો કહેલો છે.

૨ અર્દશીરના જન્મ અને નસલને લગતી આ સર્વ કહાણી "કારનામે અર્દશીર બાબગાન" નામે પેહલવી પુસ્તકમાં આપેલાં બયાનને બરાબર મળતીજ છે. અને એવીજ બીજી હવે પછી આવનારી બાબતો ઉપરથી જણાય છે કે ફિર્દુસીએ પોતાનો મૂળ આધાર પેહલવી પુસ્તકો ઉપરથીજ લીધો છે.

૩ અર્દવાન—અશ્કાની વંશનો આ પાદશાહ છેલોજ હતો. તે ઇસ્વી ૨૧૫ થી ૨૨૯ સુધી રાજ્ય ચલાવી ગયો હતો. તેના બાપનાં મરણ પછી તેને પોતાના ભાઈ વલગશ અથવા પલાષ જોડે વાંધો ઉઠયો, અને આઠ વરસો સુધી તેઓ લડયા કીધા. શેવટે અર્દવાન ફતેહમંદ થયો, પણ અશ્કાની અમલ આ વેળા બહુ નબળો પડી ગયો હતો, તેમાં રૂમીઓએ તેને છેક ખોખરો કીધો, અને પાર્સ તથા બીજા ભાગો ખાતે અશ્કાની પાદશાહાતનો ઘણો ત્રાસ હતો તેથી કંટાળીને અર્દશીરે પાર્સી સ્વતંત્રાનો ઝુંડો ઉઠાવી એકલે હાથે આ મોટી પાદશાહાતની સમાપ્તિ આણી. અર્દવાન અને તેના પૂર્વજો મજદયસ્ની મજહબનાજ હતા, પણ પોતાના એતેકાદમાં તેઓ જેવા જોઇયે તેવા ચુસ્ત ન હતા.

થોડાંક લશ્કર જોડે શીકારે ગયો. મેદાનમાં એક ગોરખર નજર પડયું તેવામાં અર્દશીરે શાહજાદાઓનીબી અગાડી પોતાનો ઘોડો ઝોંકાવીને તીરથી પેલાં ગોરખરને મારી નાખ્યું. એટલામાં અર્દવાને આવી પોંહોંચીને પુછયું કે "આ ગોરખર કોણે માર્યું?"

અર્દશીર બોલ્યો કે "મેં મારેલું છે."

એક શાહજાદો બોલ્યો કે "એને તો મેં મારેલું છે અને તેની માદાની શોધ કરૂં છઉં."

અર્દશીરે પાછો સવાલ કીધો કે "મેદાનમાં પેલું ગોરખર છે તેને એક તીરથી તું માર, એટલે ખરી ખોટી વાત સરદારો આગલ માલુમ પડી આવે."

આ વાત સાંભળ્યાથી અર્દવાનને ગુસ્સો લાગ્યો, જેથી અર્દશીરને ધમકી દઇને તે બોલ્યો કે "તુંને સરફરાજ કીધામાં મેં જે લાયકી બતલાવી છે તે મારીજ ભુલ છે. હવે પછી તુંને મજલેસમાં બેસાડવો કે શીકારે લઇ જવો સજાવાર નથી; કારણ કે મારા શાહજાદાઓ ઉપર વટીક તું બુજોર્ગી ભોગવવામાં અને કીનો શોધવામાં પછાત પડતો નથી. માટે અતરેથી તું જઇને ઘોડાના તબેલાનોજ ઉપરી થઇ ચોકસી રાખ; તારો મુકામબી તબેલામાંજ રાખ, અને ગમે તેની સાથે દોસ્તી કર."

અર્દશીરને લાચારીથી આ ચાકરીબી કબુલ રાખવી પડી. તેણે બાબક ઉપર નામું લખી મોકલ્યું, તેમાં ઉપલી સઘલી વાતો લખીને જણાવ્યું કે "આ રીતે અર્દવાન મારી ઉપર ખફા થયલો છે." તે નામાના જવાબમાં બાબકે લખ્યું કે "અરે કમઅકલ નાદાન! જેવારે તું શીકારે ગયો તેવારે શા માટે શાહજાદાનીબી અગાડી ઘોડો ઝોંકાવ્યો? તું અર્દવાનનો ફરજંદ નહી હતો, બલકે નોકર હતો. હવેથી તેની ખુશી રાખતાં હુકમ મુજબ ચાલજે. તેણે જે તારા ઉપર બેતેરાજી કીધી છે તેમાં તો તારી પોતાનીજ નાદાની છે. આ દશ હજાર દીનાર સવાર સાથે મોકલ્યા છે તે ખરચતાં બીજા જોઇએ તો મંગાવજે."

ગુલનાર દાસીની દોસ્તી.

સવાર પાર્સથી રએમાં અર્દશીરની નજદીક આવી પુગો અને રકમ આપી, જેથી ખુશી થઇ પોતાનાં મુકામમાં મોજમજાહ, રંગરાગ અને રામશગરોની દોસ્તીમાં તે રાત દન ગુજારવા લાગો. તેમ કરવાનું તેનું એક જુદુંજ કારણ હતું. તે એ જે તેની પડોશમાં અર્દવાનની એક ગુલનાર નામની દાસીનું મકાન હતું; તે દાસી ઘણી પ્યારી અને ખજાણાનો પણ હવાલો રાખનારી હતી. તેની મશવરત વગર અર્દવાન કંઇબી કામ કરતો નહી હતો.

હવે એક દીને એવું બન્યું કે ગુલનાર પોતાના ઝરૂખા ઉપર ઉભેલી હતી, તેવામાં અર્દશીરે હસીને તેણી તરફ નજર કીધી. પેલીનાં દેલમાં અસર થવાથી રાતને વખ્તે પોતાના ઝરૂખામાં કંગુરા સાથે એક સડકનો ફાંસો નાખી ગાંઠ વાલી નીચે ઉતરી આવી, અર્દશીરના તકીઆ પરથી તેનું માથું ઉઠાવી બેદાર કીધો. અર્દશીરના પુછવા ઉપરથી તેણી બોલી કે "હું અર્દવાનની પ્યારી દાસી અને ખજાનાની ઉપરી છઉં. મગર તારા પ્યારે મારાં દીલમાં અસર કીધી છે માટે જો તું મને કબુલ કરશે તો તારા અંધારા દીવસને રોશન કરી આપીશ."

આ વાતને થોડાજ દીવસ ગુજર્યા કે બાબકનાં મરણ[1]ની ખબર આવ્યાથી તેનાં પાર્સ શેહેરની હાકમી લેવા ઘણા અમીરો તુટી પડયા, પણ તેઓનું કંઇ વળ્યું નહીં. અર્દવાને પાર્સની હાકમી તો પોતાના વડા દીકરા બેહમનને આપી મોકલ્યો.[2] તે કારણથી,

૧ બાબક ક્યારે મરણ પામ્યો તે જણાતું નથી; પણ નોયલ્ડેકે મુજબ અર્દશીર ઇસ્વી ૨૧૧-૧૨ થી પાર્સનાં તખ્ત ઉપર આવેલો સાબેત થાય તો ઇસ્વી ૨૧૦ બાબકનાં મરણની તારીખ લેખી શકાય.

૨ કારનામા મુજબ અર્દશીરે પાર્સનો કબજો લીધા પછીજ અર્દવાને પોતાના આ બેટાને તેની સામે લડવા મોકલ્યો હતો. આ બિના વધારે તેહકીક દીસે છે.

તેમજ બાબકનાં મરણની દલગીરીનાં અને અર્દવાનની ઇતરાજીનાં કારણથી નાસી જવાનો અર્દશીરે અગાડીથીજ વીચાર કીધેલો હતો, તેમ હવે તેણે અર્દવાનનાં લશકરમાંથી ચાલી જવાનો ઠરાવ નકી કીધો.

હવે તે વાતની દરમ્યાનમાં એવો બનાવ બન્યો કે અર્દવાને કેટલાક નજુમીઓને પોતાનાં અએવાનમાં પોતાનાં ભવીષ બાબે સીતારાની ચાલ તપાસવા બોલાવી મંગાવ્યા. તેઓએ ત્રણ રાતદીવસ અને ત્રણ પોહર સુધી વર્તારો કરી ચોથે દીવસે જીચો બગલમાં લઇ પાદશાહની હજુર જઇ તેના સીતારાની ચાલનો ભેદ એવી રીતે કહી સમજાવ્યો કે "થોડાક દીવસ પછી અર્દવાનનો નબલો દીવસ આવશે, યાને અર્દવાનની આગલથી એક નાઘલો પણ મોટાં કુલનો ધણી (અર્દશીર) નાહાસી જશે, અને તેવાર પછી તે નાઘલો એક મોટો પાદશાહ થશે." આ ભેદ સાંભળીને અર્દવાન ભારે દલગીર થયો.

રાતને વખતે ગુલનારે અર્દશીર આગલ પેલા નજુમીઓની વાતનો ખોલાસો કીધો તેથી ખુશી થઇને તે બોલ્યો કે "હું હવે રએ છોડી ઇરાન (પાર્સ) જાઉંછઉં. તું બી મારી સાથે આવશે કે પાદશાહ જોડેજ રેહેશે ?

તેણીએ જવાબ દીધો કે "જીવીશ ત્યાં સુધી તારી સાથે દાસી થઇને રહીશ, પણ જુદી પડીશ નહી."

પછી રાતને વખ્તે સર્વે ભર ઉંઘમાં સુઇ ગયલાં હતાં તેવું નવરૂં જોઇને ગુલનારે ઝવેરાત અને જેટલા લેવાયા તેટલા દીનાર ખજાણામાંથી લાવી અર્દશીરને હવાલે કીધા, અને અર્દવાનના બે ખાસા ઘોડા ઉપર બંધે જણ સવાર થઈ પાર્સ તરફ રવાના થયાં.

૨એથી અર્દશીરની નાસભાગ.

બામદાદે પાદશાહને વજીરે ખબર આપી કે રાતે અર્દશીર અને ગુલનાર સફેદ અને કાળો એવા બંધે પાદશાહનાં ખાસ ઘોડા ઉપર સવાર થઇને નાહાસી ગયાં છે. આ વાત સાંભળતાંજ પાદશાહ કેટલુંક લશકર લઇ પુઠે ગયો. માર્ગમાં એક સુંદર ગામ આવ્યું, ત્યાંનાં લોકને પુછ્યું કે "અત્રેથી બે સવાર જતા તમોએ જોયા છે ?"

તેઓએ જવાબ દીધો કે એક મર્દ સવારની પુઠે એક ઓરત સવાર બે ઘોડા ઝોંકાવતાં ગયાં છે ખરાં."

પાદશાહે વજીરને પુછ્યું કે "ગુલનાર શા માટે તોહોમતદાર થઇ નાહાસી ગઇ ?"

વજીર બોલ્યો કે "અર્દશીરને શુભ સેતારાની ચેતવણી આપનારી ગુલનાર પોતેજ છે, માટે તેઓ પકડાય તેવી દોડ કરવી જોઇએ છે, નહી તો આપણું રાજનું કામ લાંબી મેહનતનું થઇ પડશે."

હવે અર્દવાન પાછો તેઓનો દુંબાલો પકડયો.

અર્દશીર ઘણો અગાડી નીકળી જઇ એક પાણીનો ચશમો નજરે આવ્યો તેમાં પાણી પીવા ઉતરે છે તેવામાં બે જવાનો ઉભેલા હતા તેઓએ પોકાર મારી ચેતવણી આપી કે "ચશમામાં ઉતરશો નહીં, હાલમાં પાણી પીવાનો વખ્ત નથી, કાંયજે પાણીમાં અજદહા છે, તેના ભોગ થઇ પડશો."

આ વાત સાંભળી થાકનો મારેલો અને પ્યાસો અર્દશીર આગળ ચાલ્યો. તેની પુઠે દોડતાં અર્દવાને એક બીજું ગામ માર્ગમાં દીઠું, જ્યાંના મોબેદોને પુછ્યું કે "અત્રેથી બે સવારો રાતે નાસી જતા તમારા દીઠામાં આવેલા હતા ?"

તેઓએ જવાબ દીધો કે "ગયા છે ખરા, પણ તમો અત્રેથી પાછા ફરી લશ્કરની તૈયારી કરો, કાંએજે હવેથી તમારી પાદશાહી જુદીજ રીતની થઇ પડી છે, અને અર્દશીરનું એકબાલતો તેની પીઠ ઉપર બેઠેલું છે; માટે પુઠે દોડવામાં ભલી વાત નથી. તોયપણ તમારા શાહજાદા બેહમન તે પાર્સના હાકમ ઉપર એક નામું લખો; તે કદાચ અર્દશીરનો કંઇ પતો મેળવી શકે."

મોબેદના કેહેવા મુજબ અર્દવાન પાછો ફર્યો અને રએ ગયો.

અર્દવાને બેહમન ઉપર નામું લખી તેમાં જણાવ્યું કે "આપણું કામ ઉંધું વળી ગયું છે, તેનું કારણ એ જે અર્દશીર મારી આગળથી નાહાશીને એવી રીતે પાર્સમાં જાઇ ભરાયલો છે કે તે બીસાલે કમાનમાંથી તીરબી નીકળી જતાં શીતાબી નહી કરે. માટે કોઇ જાણે નહી તેમ તેને પકડવાની કોશેશ કરજે."

એટલાંમાં તો અર્દશીરને અસ્તખર (પાર્સ)ની નદીના કીનારા ઉપર આવી પોંહોંચવાની ખબર શેહેરમાં જાહેર થવાથી જેઓ બાબકની પક્ષવાળા હતા તે અને જેઓ દારાના ખાનદાનવાળા હતા તે કેટલુંક લશ્કર લઇ ખુશી થતા અર્દશીરને એસ્તેકબાલ લેવા આવ્યા. તે સાથે શેહેરના અકાબરો અને ટોળાબંધ લોકો આવી હાજર થયા. આ રીતે ભેગાં થયલાં અનજુમનને અર્દશીરે કહી સમજાવ્યું કે— "ઓ નામદારો, સેકંદરે છુપું બદકામ કરીને અમારા નેઆગાનોને મારી નખાવ્યા અને જુલમથી દુન્યાને પોતાને હાથ કરી લીધી હતી, તે વાતથી તમો બુજર્ગવારોમાંથી કોઇ અનજાણ્યા નહી હશો. હવડાં દારાની ઓલાદનો હું હોવા છતાં મલુકમાં અર્દવાન પાદશાહી કરે તે વાતનો હું જુલમ નહી પોકારૂં તો મને કોઇ ઓલખેબી નહી; તે માટે તમો એ કામમાં મને બનતી મદદ કરો તો બેગાનાઓ પાસે પાદશાહીનાં તાજ અને તખ્ત હું રેહેવા દેનાર નથી.

તેવારે સઘળાઓએ ઉભા થઇને જવાબ દીધો કે "અમો જેટલા બાબકનાં કુટુંબના અને સાસાનનાં તોખમના છીયે તેટલા તારા આવ્યાથી ખુશી થઈ કીનો લેવા સારૂ કમર બાંધવાને તઇયાર છીયે, કારણ કે બધે તરફની ઓલાદમાં તુંજ બુજોર્ગીને લાયકનો છે; એટલા માટે પાદશાહી કરવી તુંને સજાવાર છે."

આ જવાબ સાંભળી અર્દશીર કીનો લેવાનો વીચાર કરવા લાગો, તેવારે એક મોબેદે તેને સલાહ આપી કે "પાર્સને પેહેલાં હાથ કરી લેવું, અને પછી અર્દવાન સાથે લડાઇ કરી આસપાસના મુલુકોનાં સઘળા ખજાના સાથે તેનું તખ્ત છીણવી લેશે તો ફરી કોઇબી તારી સામે માથું ઉઠાવી શકશે નહી."

અર્દશીરે આ ઠરાવ પસંદ કીધો અને પછી તે નદી ઓળંગીને પાર્સ તરફ ગયો, જ્યાં બહમન લશ્કર લાવી તેની સામે લડવા ઉભો હતો.[1]

---

૧ ફિર્દુસી, કારનામું વગેરે એવું જણાવે છે અર્દશીરને પાર્સ જીતવા માટે સર્વથી પહેલી લડાઈ અર્દવાન જેવા પાદશાહનાં લશ્કર સાથ લડવી પડી હતી. પણ એ વાત માનવા સરખી લાગતી નથી. આગલ ચાલતાં આપણા વાંચવામાં આવે છે કે પાર્સના અને તેની આસપાસના હાકમોથી અર્દશીરને ઘણું ખમવું પડયું હતું, તો જોકે તે આગમજતો એ પાદશાહ અર્દવાન જેવા મોટા પાદશાહને શિકસ્ત આપી તેનાં રાજ્યનો ધણી થઇ બેઠો હતો. મને લાગે છે કે પાર્સ અને તેની આસપાસ ઇસ્ફહાન, અહવાજ, કેર્માન, વગેરે પ્રાંતો તથા ટૈગ્રીસ નદીનાં મુખ આગળનાં રાજ્યો જીતીને અર્દશીર મજબૂત થયા પછીજ અર્દવાને તેની ખબર લીધેલી હોવી જોઈયે; અને એ નાનાં નાનાં રાજ્યોના હાકમો ઉપર ફતેહ મેળવ્યા પછીજ અર્દશીર અરદાની પાદશાહની સામે કમર કસવાને અને છુટાપણાનો ઝુંડો ઉરાડવાને શક્તિવાન થવો જોઇયે. નોયલ્ડેકે આ અનુમાનને મળતી એવી વાત જણાવે છે કે આખું પાર્સ અર્દશીરે લીધું અને શેહેરે જુર (ફીરૂજાબાદ) ખાતે એક મોટું આતશ કદેહ બાંધવાનું શરૂ કીધું ત્યાં સુધી અર્દવાને તેની દરકાર કીધી ન હતી. પણ હવે તેનો કાબુ વધતો જતો જોઇને તે પાદશાહે તેની સામે પ્રથમ અહવાજના રાજા નીરોફરને લડવા માટે મોકલ્યો, જેને અર્દશીરે શિકસ્ત આપીને પછી તે રાજાનો પોતાનો મુલ્ક તેમજ ઇસ્ફહાન અને બીજા પ્રાંતો સર કીધા. આ રીતની ફતેહો મેળવ્યા બાદ અર્દશીરે અર્દવાનની પોતાની સામે લડાઈ ઉઠાવી, અને ત્રીજી જંગ વેળા હોરમજદીજાન (હોરમજ)નાં મેદાનમાં બંને લશ્કરો ભેગાં મળ્યાં, જે દરમયાન અર્દવાન માર્યો ગયો (તા૦ ૨૮ મી એપ્રેલ ૨૨૭.) એ બનાવ પછી મદાઇન અને બેબિલન અર્દશીરે અર્દવાનના ભાઈ વલગશ અથવા પલાષના હાથમાંથી જીતી લીધાં (ઇસ્વી ૨૨૭), અને ત્યારબાદ એસીર્યા તથા મિડયા અને પાર્થ્યા તેને સર થયાં (ઇસ્વી ૨૨૮.)

તબાક જંગી.

તબાક [1] નામનો જેહરમનો એક પાદશાહ બેહમનના તાબામાંથી છુટો પડી પોતાના સાત દીકરાં અને લશ્કર સાથે અર્દેશીરની કુમકે આવી લાગ્યો. પણ અર્દેશીરને પોતાની ઉપર એકાએક ભરોસો આવતો નથી એમ તબાકને ચોકસ માલુમ પડવાથી, તેની ખાતરી કરવા સારૂં "અવસ્તાઓ જંદ" કેતાબ હાથમાં પકડી પોતાના જાનના કસમ લઇ તબાક બોલ્યો કે "અર્દેવાનના જુલમથી હું કંટાળી ગયલો હતો, તેવામાં નહી ઉપર આવી પુગવાની જેવી મને ખબર મલી તેવોજ ખુશી થઇને તારી તરફ હું આવેલો છઉં, માટે મને તારો દોસ્તદાર અથવા ભેદુ તરીકે જાણજે."

આવી દીલાસાની વાત સાંભળી દીલનો ખોફ છોડી દઇ અર્દેશીરે તબાકને લશ્કરના સરદારનો ખેતાબ આપ્યો, અને તેને પોતાના બાપની બરાબર ચાહાવા લાગ્યો. પછી આજરે રામ અને આજરે ખુરદાદ નામના આાતશોની દરધામાં જઇ ખોદાતાલાની બંદગી કરી એવી દુઆ માગી કે "નેક કામ ફતેહ કરવામાં ખોદા મદદ કરો." તાંહાંથી લશ્કરમાં આવીને તેણે પેઆદા અને ઘોડસવારની ગણત્રી કરતાં પચાસ હજાર માણસની ભરતી થયલી જોઈ તેઓનાં નામ નોધી લીધાં અને તેઓને પગાર આપી, બેહમન સાથે લડાઈ ચલાવી.

સહવારથી તે સાંજસુધી લઢાઈ ચાલી તેમાં તબાકનાં લશ્કરથી બેહમન માર ખાઇને નાહાસી ગયો. તેની પુઠે અર્દેશીર પાર્સમાં દાખલ થયો, જ્યા ઘણુંએક લશ્કર તેની સાથે જોડાઈ ગયું અને અર્દેવાનનો ખજાનો હાથમાં આવવાથી અર્દેશીરનું કુવત વધી પડયું. આ પછી લશ્કરને કેટલોક ખજાનો વેહેંચી આપી તેણે પાર્સથી રએ તરફ કુચ કીધી. તે ખબર અર્દેવાનને મલવાથી ગભરાઇને તે બોલ્યો કે "આ આસ્માનના ભેદની વાત મને નજુમીઓએ કહેલીજ હતી. જે બુરૂં કામ બનવાનું હોય છે તે બક્ષીશ અથવા કોશીશ કીધાથી ભલું થઇ શકતું નથી."

ફેસલ ૨—શરૂઆતની મુશ્કેલી અને શેવટની ફતેહ.

જંગે હોરમજ.

પાર્સ અંતે અર્દેશીરને હાથ ગયું છે એવી ખબર મળતાંજ અર્દેવાને એટલું તો લશ્કર જમા કીધું કે જે મધેથી પવનનેબી નીકલી જવાનો માર્ગ મલ્યો નહી! ગીલાન અને વીલમનાં લશ્કરની ધુલ તો ગોયા ચંદ્રમા સુધી ઉડવા લાગી! ખજાણો ખોલી લશ્કરોને પગાર આપી તે લડાઇમાં ઉતર્યો. બંધે તરફનાં લશકરની દરમયાન બે મરતબે તીર ફેંકે તેટલો તફાવત રહ્યો. નકારાં સાથે કરનાયના મોટા પોકારે અને હીંદી વજંત્રોના આવાજ ગાજી રહ્યા. લશ્કર ઘોંઘાટ કરવા લાગ્યું, ઝુંડા ફટકવા લાગા, અને તલવારો લશ્કરીઓના માથાં ફેંકી દેવા લાગી. ચાલીશ દીવસ સુધી[2] લડાઇ કાયમ રહી. કતલ થયલા માણસોની લાશથી મેદાનમાં પાહાડનાં જેવા ઢગલા થઈ પડયા. જખમીઓએ જીવવાની આશા છોડી દીધી. અર્દેવાનનું લશ્કર નબલું પડી ગયું. આખરે એક બીહામણી કાલી વાદલી ચહડી આવી, જેથી લશ્કરના દીલમાં ભય પેદા થયો. પાહાડ ધ્રુજ્યાથી ધરતીકંપ થયો, જેનો મોટો ગગડાટ હવા ઉપર થવાથી અર્દેવાનનું લશ્કર ગભરાઈને એક મોહોડે બોલવા લાગ્યું કે "આ તુફાની પવન આપણાં લશ્કરની સનમુખ ખોદાનીજ તરફથી ઉતરેલો છે, માટે આપણને ખમવું પડશે."

---

૧. કારનામામાં આ સરદારને બનાકને નામે ઓળખાવ્યો છે, જે ઇસ્ફાનનો રહેવાસી હતો, અને જેના છ બેટા હતા.

૨. કારનામા મુજબ ચાર મહિના.

છેલે દીવસે એક સખ્ત લડાઈ ચાલી, તેમાં તીરનો વરસાદ વરસ્યાથી અર્દવાનનાં લશ્કરે મારી માગી. એક ખુરદાદ નામના પેહેલવાનના હાથમાં અર્દવાન કેદ પકડાયો, જે તેને તેના ઘોડાની લગામ પકડીને અર્દશીરની નજદીક લઇ ગયો, તેવારે તે તીરથી જખમી થયલો હતો. તોપણ ખંજરથી તેના બદનના બે ટુકડા કરી નાખ્યા, એવી મતલબથી કે દુશમનોનાં દીલમાં ખોફ પેદા થાય.

અર્દવાનના બે દીકરા પણ પકડાયા, જેઓને કેદખાને નાખ્યા. બે વડા દીકરા તો હીંદુસ્તાન તરફ નાહાસી ગયા, જેથી "આરશ"નાં ખાનદાનની પાદશાહીની આખરી આવી. આ જે લુટનો માલ તથા દ્રવ્ય હાથમાં આવ્યું તે અર્દશીરે તમામ લશ્કરીઓને વેહેંચી આપ્યાં. તબાકે અર્દવાનની લાશને ધોઇ સાફ કરી, રેશમી કપડાંથી ઢાંકી, અને કાફુરનું તાજ તેનાં માથાં ઉપર મેલીને પાદશાહોની રસમ મુજબ દુખમે ચહડાવી. પછી સઘળાં લશ્કરે રએમાં જઇને અર્દશીરને અરજ કીધી કે "હવે તું કોલ આપીને અર્દવાનની દીકરી સાથે લગન કર, કે જેથી અર્દવાનનો એકઠો કીધેલો ખજાનોબી તારા હાથમાં આવશે." આ શાદી થઇ, જે પછીના બે માસ રએમાં ગુજાર્યાથી સરદારો તથા લશ્કર તવંગર થઇ ગયાં.

નવાં શેહેરો.

પાર્સમાં અર્દશીરે પાછો આવી આરામ પામીને તમામ બગીચા, ચશ્મા અને મેહલોથી શીણગાર આપીને એક મોહું શેહેર વસાવ્યું. તેને હજુ સુધી તાંહાંના લોકો "ખુરેહ અર્દશીર"ને નામે ઓલખે છે. વળી એક મોટો ચશ્મો હતો તે મધે ઘણીએક નેહરોનાં પાણી વેહતાં કીધાં. વળી અર્દશીરે ઘણા એક મજુરો કામે લગાડી, એક પાહાડને તોડી તે મધેથી એકશો નેહર ખોદી કાહાડી આ ઉંડા દરીઆ (ચશ્મા) સાથે મેલવી દીધી. તેમ કીધાથી ઘણી ફરાખ જમીન નીકલી આવી, જે ઉપર બાગબગીચા તથા અએવાન હવેલીની ઇમારતો ઉઠાવી, અને એક આતશની દરેમેહર બંધાવી "મેહરંગાન" અને "જશને સદેહ" નામનાં જશનોને તાજાં કીધાં. આ સઘળું કરીને તેણે એવું એક મોટું શેહર વસાવ્યું કે જેને તાંહાંના લોકો "શેહેરે જુર"ને નામે ઓલખે છે. શેહેરે જુરથી તે પેલા પાહાડને તોડી નેહેરો બાંધી લીધી ત્યાં સુધી બીજાં ઘણાં નવા સુંદર ગામડાંઓ તેણે આબાદ કીધાં હતાં.[1]

કુર્દ લોકો સાથે જંગ.

કુર્દીસ્તાનના કુર્દ લોકો[2] સાથે લડાઇ કરવા અર્દશીર ઇસ્તેખરથી પુશ્કલ લશ્કર લાવી ઉભો, પણ તેઓનાં લશ્કર સાથે શેહેરમાંનું અર્દશીરનુંજ લશ્કર કુમકે જોડાઇ ગયાથી ઘણુંજ ખરાબ પરીણામ નીપજ્યું. દર ત્રીશ માણસની સરાસરી ગણત્રી કરતાં કુર્દનું એકકું માણસ વધારે થાય એવડી તેમની ફોજ

૧ આ બ્યાનને મળતીજ હકીકત કારનામામાં આ મુજબની આવેલી છે. અર્દશીરે ખોરેહ અર્દશીર નામે એક શેહેર બાંધીને તેમાં એક મસ મોટો સરોવર ખોદાવ્યો, જેમાં ચાર નેહેરો બાંધીને તેઓ મારફતે દુરદરાજ પહાડો ઉપરથી પાણી લાવી જમા કીધું. વળી એક બુલંદ પહાડ કોતરી નહિ જણાય એવી રીતે એક નદીનાં પાણીને આ સરોવરમાં વહેતું કીધું, અને તેની નજદીકમાં એક આદરાન સ્થાપ્યું. આ વખ્તે પાદશાહે ઘણાંક શેહેરોને પૈસાની મદદ કરીને તેમને આબાદ કીધાં, તથા વળી ઘણાક આતશબેહરામના પાક કેબલાઓને તેના હુકમથી તખ્તનશીન કરવામાં આવ્યા હતા.

૨. કારનામા મુજબ આ લોકના રાજાનું નામ માદીગ હતું. કુર્દ લોકો તે જમાનામાં જરતોસ્તી હોવા જોઇયે, કેમકે રશિયા અને ટર્કી વચેની ૧૮૭૭–૭૮ માં ચાલેલી લડાઈ વેળા કુર્દીસ્તાનીઓની રીતભાત બાબે જણાવતાં એક ઈંગ્રેજી અખબારનવેશે જાહેર કીધું હતું કે આજે પણ કુર્દ લોકો હોરમજદ અને હારેમન એવી બે શકિતઓ માને છે, આતશને માન આપે છે, અને બીજી જરતોસ્તી રાહ રસમ ધરાવે છે, ઈત્યાદિ.

થઇ પડી. એક આખો દીવસ અને રાત લડાઇ ચાલતાં અર્દેશીરનાં લશ્કરને નાહાસવું પડયું. કતલ થયલાં અને ઘાએલ થયલાં માણસોથી મેદાનની જગા રોકાઇ ગઇ અને થોડાક સવાર સાથે અર્દેશીર ભુખો પેઆસો અને થાકનો મારેલો નાહાસભાગમાં પડયો. રાત પડી તેવારે એક પાહાડ ઉપર આતશની રોશની દીઠાથી તે ચહડી ગયો. ત્યાં તેને ગોવાલીઆ મલ્યા, જેઓ પાસે તેણે પાણી માગ્યું. તેઓએ છાશ અને દહી દરેકને લાવી આપ્યું. જે મલ્યું તે કામમાં લાવી સઘલા જણ તાજા થયા. રાતે અર્દેશીરે પોતાનું બખ્તર બીછાવી, કુલાહનો તકીઓ કરી આરામ કીધો.

બામદાદમાં ગોવાલીઆના વડાએ આવી પાદશાહને પુછયું કે "તમો આ ખરાબ જગા ઉપર કાંહાંથી આવી લાગા કે રાતે તમોને બખ્તર ઉપર આરામ કરવાની ફરજ પડી?"

પાદશાહ બોલ્યો કે "હમોને આરામને લાયકની જગા ક્યાં મલી આવશે?"

પેલાએ જવાબ દીધો કે "અતરેથી ભોમીઆ સાથે લઇને ચાર ફરસંગ સુધી તમે ચાલી જશો ત્યારે મલશે. ગામેગામથી એકેકો ભોમીઓ મલતો જશે."

આ સુચના પ્રમાણે અર્દેશીરે કેટલાક ભોમીઆ લઇ એક ગામમાં આવી તાંહાંના ભોમીઆની મારફતે કેટલાક સવારોને "ખુરેહ અર્દેશીર" સુધી મોકલી ખબર કીધા ઉપરથી લશ્કર જમા થયલું જાણ્યું. જાણીતા સવારોને કુર્દ લશ્કરની હાલત તપાસવા છુપા મોકલેલા હતા, તેઓએ પાછા આવી સંદેશો પોહોચાડયો કે "તેઓ તો નીર્ભય અને ખુશ હાલતમાં છે અને તમારે સારૂં એવું બોલે છે કે અર્દેશીરનું ઇસ્તેખરમાં જે જવાન એકબાલ હતું તે તો હવે જૈફ થઇ ગયું છે."

આ વાતથી અર્દેશીરે તુરત એક હજાર સવાર અને એક હજાર પાયદલ લશ્કર લઇ સાંજને વખ્તે કુચ કરવા માંડી. મધરાત થઇ તેવારે તે કુર્દીસ્તાનીઓની લગભગ પાસે જઇ પુગો. જુવેછે તો તેઓનું તમામ લશ્કર ભર ઉંઘમાં પડેલું છે. લગામ ઘોડાનેજ હવાલે કરી તેણે કુર્દી સીપાહોનાં બીછાણા ઉપર જઇ તલવારથી તેમને કતલ કીધા. આ રીતે લશ્કરમા શબેખુન કીધાથી મેદાન તમામ માણસોની લાશથી ભરાઇ ગયું, અને બેશુમાર કેદ પકડાયા.[1] આ રીતે દુશ્મનોના તમામ મુલકને તારાજ કરી અર્દેશીરે પોતાના લશ્કરોઓને નવાજ્યા.

અર્દેશીરના નેક સેતારાથી અને દાદ ઇનસાફથી એવો ત્રાસ બેસી ગયો કે અગર કોઈ બુઢો આદમીબી માથાં ઉપર દીનારથી ભરેલી થાલી લઈને જંગલમાંથી જતો હોય તો મકદુર કોણની કે તેના દીનાર તરફ કોઇ નીજરબી કરી શકે? અને કોઇ મર્દાનો થઇ તેનાં શેહેર ઉપર હુમલો કરવાની તાકાત ચલાવી શકે? તો પણ ઇસ્તખર તરફ કુર્દીસ્તાનીઓ પાછો હુમલો કરવા આવે છે એવી ખબર સાંભળી અર્દેશીરે લશ્કરની તઇયારી કરી રાખવાને હુકમ કીધો.

હફતવાદ અને તેના સાત બેટાઓ.

પાર્સને તાલુકે કજારા નામે એક નાઘલાં શેહેરમાં વસતી મોટી હતી. તેમાં એક ગ્રહસ્થ રેહેતો હતો. તેના સાત છોકરા હતા, તેથીજ તે હફતવાદને[2] નામે ઓલખાતો હતો. હફતેવાદ પોતાના સાતે દીકરાઓ સાથે આબરૂવાળો અને દ્રવ્યવાન થઈ પડયો હતો, માટે શેહેરમાં અદલ ઇનસાફનું કામ તે વણા કોઇ બીજા પાસે લઇ જતુંજ નહી. તે શેહેરનાં લશ્કરનો એક અમીર હતો તેણે હફતેવાદ ઉપર તોહમત મેલ્યું, અને હફતવાદે મર્દાનગીથી લડીને પેલા અમીરને કતલ કરી તમામ શેહેર હાથ કરી લીધું, જેથી તેને ઘણો ખજાણો મલ્યો, તે સાથે લશ્કર અને શેહે-

૧ કારનામા મુજબ અર્દેશીરની ફોજ ૪૦૦૦ માણસોની હતી. તેણે ૧૦૦૦ શત્રુઓને બેજાન કીધા, અને બાકીના જખમી થયા તથા કેદ પકડાયા. છેલાઓમાં રાજા માદીગ, તેના બેટા તથા ભાઈઓ વગેરે પણ હતા. એ સર્વેને તેમના ખજાના સુધાં અર્દેશીરે પાર્સ ખાતે મોકલાવી દીધા હતા.

૨ કારનામાં મુજબ હફતાન-બોખ્ત.

રનાં લોક પણ તેને તાબે થયાં. પછી હફ્તેવાદે કુજારાણ[1]થી પાહાડ ઉપર જઈ એક ઘણોજ મજબુત કીલ્લો બાંધ્યો.

હફ્તેવાદની સઘળી હકીકતથી[2] અર્દેશીરે વાકેફ થઇને તેની સાથે લડવા લશ્કર મોકલ્યું. હફ્તેવાદ પાહાડની ખીણમાં પોતાનું ઘણુંક લશ્કર છુપાવી રાખીને પોતે લડાઈમાં ઉતર્યો. બંધે લશ્કર થાકી ગયું ત્યારે હફ્તેવાદના છુપાં લશ્કરે ખીણમાંથી નીકલી આવીને અર્દેશીરનાં લશ્કર ઉપર ભારી મારો ચલાવ્યો. જેઓ મરતાં બચી ગયા તેઓએ અર્દેશીરની આગળ નાહાસી જઇ ફરીયાદી કીધી. આ ઉપરથી બીજી ફેરી તાજું લશ્કર લઇ પાદશાહે ચહડાઇ કીધી, તેમ હફ્તવાદે પોતાના સાહુ નામના દીકરાને લશ્કર સાથે બોલાવી ફરીથી લડાઈ ચલાવી. અર્દેશીરનાં લશ્કરની ખોરાકી આપવાના માર્ગ બંધ કીધાથી તેની પાછી હાર થઇ, ખજાણો લુટાઈ ગયો, ને ઘણું લશ્કર માર્યું ગયું. આથી અર્દેશીર પાછો ફરી પાર્સની નદીના કીનારા ઉપર આવી છાવણી નાખી પડયો.

અર્દેશીરનો નવો શત્રુ મેહરક નુશજાદ.

હવે અર્દેશીર લડાઇમાંથી નાહાસી આવ્યો છે એવી વાત મેહેરક નુશજાદ[3] નામના જેહરમના હાકમે સાંભળી, જે ઉપરથી તે પાર્સ ઉપર ચહડી જઇ અર્દેશીરનાં એવાનમાં ધુસી ગયો, અને તમામ ખજાણો લુટી લઇ, તેનાં ઘરને તારાજ કરી નાખ્યું. આથી અર્દેશીરે તમામ લશ્કરને બોલાવી તેમની સભા ભરી પોતાની દલગીરી જણાવી, અને બોલ્યો કે "પેહેલાં મારૂં ઘર તપાસ્યા વગર બેગાના સાથે લડાઈ કરવી મને લાજમ નહી હતી. મેહેરક નુશજાદ મને દુખ દેશે એમ હું જાણતો નહી હતો. હાલમાં મારી ઉપર આફ્ત આવી પડી છે જેથી હું અશક્ત થઇ બેઠો છું."

લશ્કરના સરદારોએ એવો જવાબ દીધો કે "જેવારે મેહેરક જેવા છુપ્યા દુશ્મનો હોય તેવારે શા માટે દુખ ભોગવવાની દુનીયા સાથ લડાઇ શોધવી જોઇએ? તોપણ તું મોટો છે; અમો તારા હુકમને તાબે છીએ; ખોદા તુંને ફતેહમંદીજ આપશે."

પછી હુકમ મુજબ ખાનું અને શરાબ હાજર કીધાથી સઘળા ખાવા બેઠા, તેવામાં દુશ્મનોનો કીલ્લો જે બે ફરસંગ દુર હતો તે મધેથી એક તીર આવીને અર્દેશીરની નજદીક સુફરા ઉપર પકાવેલું હલવાન મેલેલું હતું તે મધે દાખલ થયો. તે જોઇ બુજોર્ગોએ ખાનાપરથી હાથ ખેંચ્યા. મગર એક બુજોર્ગે પેલો તીર ખેંચી કહાડી જુવેછે તો પેહલવી જુબાનમાં એવું લખેલું હતું કે—"અરે પાદશાહ, તું ખરૂં માનજે કે જે કીલ્લો અમારી સલામતી છે તે કીલ્લા ઉપરથી આ તીર હમે ફેંકયો છે. હમે અર્દેશીરનેજ મારવાની ધારણાથી જો એ તીર ફેંકયો હતે તો અર્દેશીરનેજ લાગ્યા વણા રેહેતે નહી, પણ હમે એવું ઇછયું છે કે અર્દેશીર જેવો પાદશાહ હવેથી અમારો પીછો પકડશે નહી."

---

૧ કારનામામાં કુજારાને ગુલાર, અને જારાનને ગુજારાનને નામે ઓળખાવ્યાં છે. છેલ્લાં નામોમાં કશો ફર્ક જણાતો નથી.

૨ હફ્તવાદની કલ્પિત હકીકત ફિર્દુસીએ વિસ્તારી છે તેને આ ઠેકાણેથી કહાડી નાખવી મેં દુરૂસ્ત ધારી છે. તેનો સાર બે બોલમાં એટલોજ છે કે હફ્તવાદની દીકરીએ એક સડેલાં ફળમાંના કીડાને પોતાના કાંતવાના રૂમાં મુકયાથી તે જંતુની મદદથી બેમાલુમ સુતર કંતાઇ જતું હતું. આ કીડાના પ્રતાપથી હફ્તવાદ ગામનો મોટો શેઠિયો થઈ પડયો. લોક તેના ઉપર ફિદા થયાં, ઈનસાફ કરાવવા લાગ્યાં, તેની ખિદમતમાં લડવા તૈયાર થયાં, અને શેવટે હફ્તવાદ ત્યાંનો હાકમ થઈ પડયો. કુજારાના પહાડ ઉપર તેણે એક કિલ્લો બાંધ્યો અને પેલા કીડા ("કેરમ") ઉપરથી તેને કેર્માનનું નામ આપ્યું. કીડો હાથી જેવો મોટો થયો ને તેને બે શિંગડાં ઉગ્યાં! આ કહાણી તવારીખને જેબ આપનારી નથી, પણ તેનો ભેદ એવો જણાય છે કે હફ્તવાદ કોઈ મૂર્તિપૂંજક હશે, અને અર્દેશીરને તેવા એક પંથનાં લશકર સાથ લડવું પડ્યું હશે.

૩ કારનામા મુજબ મિત્રોક અનુશેપાત.

અર્દેશીરે તીર ઉપર લખેલી ઇબારતનો અર્થ લશ્કરને સમજાવ્યો, જેથી સર્વે લશ્કર પાદશાહની સલામતી બાબે દુઆ માગવા લાગું.

મેહરક નુશજાદના તુફાનની ખબર સાંભળી અર્દેશીર પાર્સ તરફ દોડી આવ્યો. દરેક તરફથી લશ્કર આવી મલવા સાથે વળી ખબર મલી કે પાહાડ ઉપર એક કીલ્લો છે તેની અગાડી શેહેરની વસતી આવેલી છે અને પછાડી નદી આવેલી છે. તે કીલ્લામાં કેટલુંક લશ્કર અને ખજાનો રાખેલો છે.

આ મનપતીજ ખુલાસા મેલવીને અર્દેશીરે સપેહસાલારોને કહ્યું કે "નેક હોય કે બદ, પણ આ કામમાં તમોએ અમારી સાથે રેહેવું જોઈએ." તે વાત કબુલ કરીને સરદારો ભોમીઆ તરીકે અર્દેશીરની સાથે ખુરેહ અર્દેશીર શેહેર સુધી ગયા, જાંહાંથી બીજું લશ્કર સાથે લઇ થોડાક દીવસ આરામમાં ગુજારી તેણે જેહરમ ઉપર ચહડાઇ કીધી. મેહરક નુશજાદને લડવાની તાકત નહી હોવાથી તે નાહાસીને છુપી જગામાં જાઈ બેઠો. જ્યાં સુધી તે પકડાયો નહી ત્યાંસુધી લડાઇ ચલાવીને અંતે તલવારથી તેને ગરદન મારયો.

જેહરમથી અર્દેશીરે પોતાના શેરગીર નામના સરદારને બાર હજાર માણુસોનાં લશ્કરની સંભાળ રાખવા ફરમાવી તેને હફતવાદના કીલ્લા નજદીક રાખ્યો, અને ફરમાવ્યું કે "હું પાહાડ ઉપર જઇ એક ઠાગો રમનાર છું;[1] તમોએ જોતા રેહેવું કે જ્યારે દીવસની વખ્તે પહાડ ઉપર ધુમાડો નજર આવે અથવા રાતની વખ્તે આતશની રોશની નજર આવે ત્યારે હફતવાદની આખરી આવી ચુકી એમ તમોએ જાણી લેવું." પછી અર્દેશીરે ખાતેરીના સાત સવારો સાથે રાખી કેટલુંક ઝવેરાત, ખજાનો, અસબાબ, અને બે પેટીઓમાં સીસું અને કાહી ભરી આ સર્વ દશ ગધેડાં ઉપર લાધ્યું અને દશ જવાનોને ગવેવાનોના જેવાં કામલનાં કપડાં પેહેરાવી પાહાડ ઉપર ચહડી ગયો અને કીલ્લાના દરવાજા આગળ દમ ખાવા લાગો. તેટલાંમાં તો એક દરબાને બુમ પાડીને પુછ્યું કે "આ પેટીઓમાં શું છે? તમે કોણ છો?"

અર્દેશીરે જવાબ દીધો કે "હું ખુરાસાનનો સોદાગર છું. પેટીમાં જે ચીજો છે તે મેં હફતવાદના એકબાલથી મેળવેલી છે, તેથી હું હાલમાં ખુશી થઇને તેના પાએતખ્ત સુધી આવેલો છું."

પેલા દરબાને આ ખુલાસો સમજીને ખુશી થઇ કીલ્લાનો દરવાજો ખોલ્યો. અર્દેશીરે કીલ્લામાં દાખલ થતાંજ પોતાની કારસાજી કરવા માંડી. કેટલીએક ઉમદા ચીજો દરબાનોને આપી અને તેઓને જીઆફત આપીને સુફરા ઉપર ખાવા બેસાડી પોતે નોકરની માફક આગળ ઉભો રહ્યો. જેઓ હફતવાદની હજુરમાં જનારા હતા તેઓએ શરાબ લેવા ના પાડી કે તેઓને મસ્ત થવાનો તે વખ્ત નહી હતો; પણ અર્દેશીરે બોહોસ કીધી, અને તે ફાવ્યો.[2] દરબાનો અને બીજા લશ્કરીઓ મોજમાં પડયા કે તેમની

---

૧ આ ઠાગાનું બયાન કારનામામાં એજ મતલબનું પણ લગાર વિગતે આપેલું છે.

૨ અર્દેશીરે તેઓને દરેક રીતે રાજી કરીને એવી ખાહેશ દેખાડી કે ત્રણ દિવસ સુધી હું મારે હાથે કેરમને ખાણું પહોચતું કરૂં. આમ કરવાની તેને પરવાનગી મળી, અને ત્રીજે દિને સર્વ બુતપરસ્ત કારોબારીઓને અર્દેશીરે છાકટા બનાવ્યા પછી જ્યારે કેરમે ખાણાને વખ્તે પોકાર માર્યો ત્યારે તે રાબેતા મુજબ તેને થકી ગોસ્પંદનું લોહી લઈ ગયો, પણ કેરમે તે પીવા માટે જેવું ડાચું વકાસ્યું તેવુંજ અર્દેશીરે પોતાના ખિદમતગારો જોડે તેનાં મોંમાં તાવેલું કાંસું રેડયું, જે તેણે પોતાની કને તૈયાર રાખ્યું હતું. આથી તે દેવના બે ટુકડા થઈ ગયા, એક મોટો આવાજ થયો, અને કિલ્લામાંનાં માણસો દોડી આવ્યાં. આ હકીકત કારનામામાં આપેલી છે, જેમાં જણાવ્યા મુજબ અર્દેશીરે હફતાન બોખ્ત ઉપરની ફત્તેહ પછી તેનો કિલ્લો તોડી પટાવી ત્યાં ગુજરાન શેહેર બાંધ્યું અને આતશબેહરામનો કેબલો રોશન કીધો.

કતલ ચાલી, અને કીલ્લા ઉપર આતશ સ-લગ્યો, કે જેના ધુમાડાથી અર્દશીરની ફતેહ-મંદીની નીશાન શેહેરગીરનાં લશકરને દુરથી માલુમ પડવાથી તુરત લશકર સાથે તે સર દાર કીલ્લા ઉપર ચહડી પાદશાહ આગળ હાજર થયો.

હફ્તવાદ કીલ્લો પાછો હાથ કરી લેવા લશકર લઇને ચહડી આવ્યો, પણ તેનું કંઇ વળ્યું નહી. લડાઇ થઇ તેમાં તે પોતાના સાહુ નામના દીકરા સાથે કેદ પકડાયો. બંધે બાપ દીકરાને પાદશાહે તીરથી મારી નખાવ્યા અને કીલ્લામાં જે ખજાનો હતો તે લુટી લીધો. આ લુટનો અર્ધો ભાગ લશ્કરને બક્ષી અર્દશીરે ખુરેહ અર્દશીર શેહરમાં આવી પાહાડ ઉપર એક આતશની દરેમેહર બંધાવીને જશનો કીધાં; બાદ પાર્સની પાછી આબાદી કરી ઇનસાફનો ફેલાવો કીધો. તાંહાંથી શેહેરેજુરમાં જઇ એક લાયક સરદારને કેરમાનની પાદશાહી આપી તાંહાંથી તીસફુન[1]માં આવી દુશમનો[2] પાસેથી મલુક છીણવી લીધો, અને પોતે શાહનશાહ થયો.[3]

ફસલ ૩.—પાદશાહના નામચીન વારેસો.

રાણીનો ગુનાહ અને તેની સજા.

જેવારે અર્દવાનને મારી અર્દશીરે તેની દીકરી સાથે લગન કીધાં તેવારે અર્દવાનના બે દીકરા કેદમાં રાખેલા અને બે દીકરા હીંદુસ્તાનમાં નાશી ગયલા હતા. તેમાંના વડા દીકરા બેહમને એક જાસુસની સાથે જેહર મોકળીને પોતાની બેહેનને એવું કહેવાડી મોકળ્યું કે "તું પાદશાહની રાણી થઇ બેસીને અમારી પરની મમતા છોડી દીએ છે, પણ દુશ્મનથી ભલાઇ થનાર નથી. તારા બે ભાઇ કેદખાને પડેલા છે; હમો બે ભાઇઓ હીંદુસ્તાનમાં રખડીએ છઇએ; માટે આ ઝેર મોકળ્યું છે તે અર્દશીરનાં કામમાં આવે તેમ કરજે." બેહેને આ વાત કબુલ રાખી.

એક દીવસે ખરે બપોરે ગરમીને વખ્તે અર્દશીર શીકારેથી પેલી રાણીના અએવાનમાં આવી લાગો, તેવીજ તેણી શરબતની જામ તઇયાર કરી તેમાં પેલું ઝેર નાખી અર્દશીરના હાથમાં આપવા જાય છે તેવામાં જામ છટકીને પડી ગઇ, તેમાંનું શરબત જમીન ઉપર વેરાઇ ગયું, અને તેવીજ પેલીજ ધ્રુજવા લાગી. આથી અર્દશીરને ભારી વેહમ પડયો કે ધ્રુજવાનું કારણ શું? શેતાબ હુકમ કરી ચાર મુરગી મંગાવી પેલું શરબત જમીન ઉપરથી તેઓને ખવડાવી દીધું. તે ખાઇને મુરગી મરી ગઇ, જેથી અર્દશીરની ખાતરી થઇ કે પેલીએ તેનો જાન લેવાની યુક્તી કીધેલી હતી.

મોબેદાન મોબેદ (વડા વજીર)ને બોલાવી

---

૧ ટેસિફન અથવા મદાઇન. નોયલ્ડેકે લખે છે કે અર્દશીર શેહનશાહ થયા પછી તેનું નામનું પાયતખ્ત ઇસ્તખ્ર અથવા પર્સિપોલિસ હતું, પણ ખરૂં મથક તો ટેસિફન હતું, કે જે અસ્કાની પાદશાહોના જમાનાનું પાયતખ્ત હતું. આ શેહેરની સામી બાજુએ, ટૈગ્રીસ નદીની પેલી-પારે, જ્યાં અસલી સિલ્યુસ્યા શેહેર હતું ત્યાં અર્દશીરે વેહ–અર્દશીર નામે એક નવું શેહેર વસાવ્યું હતું.

૨ આ દુશ્મન તે માજી પાદશાહ અર્દવાન-નો ભાઇ યા બેશી હોવો જોઇયે. નોયલ્ડેકે મુજબ અર્દવાનના માર્યા ગયા પછી તેના ભાઈ વલગશે ઈરાનની હાકમી પોતાના હાથમાં લેવા માંગી હતી; અર્દશીરના હાથમાં ટેસિફન અને બાબુલ ઈસ્વી ૨૨૭ માં આવેલાં ગણાય છે.

૩ અત્યાર સુધી અર્દશીર માત્ર પાદશાહ હતો; પણ પ્રથમ સર્વે નાના રાજાઓ અને હાકમોને હરાવીને અને ત્યાર બાદ અર્દવાનને જીતીને તે પાદશાહોનો પાદશાહ યાને શેહનશાહ બન્યો હતો. તેણે ૧૪ વરસ રાજ્ય કરેલું કહેવાય છે તે શેહનશાહ થવા પછીની મુદ્દત હોવી જોઇયે.

પાદશાહે પુછયું કે "કોઇને આપણે નવાજેશ કરી માન આપીયે અને તે શખ્સ આપણો જાન લેવાની કોશેશ કરે તો તેને કઇ સજા ફરમાવવી જોઇએ?"

જવાબ દીધો કે "તેવા ગુનેહગારનું તો માથું કાપી ગરદન મારવો જોઇએ!"

પાદશાહ બોલ્યો કે "અર્દવાનની દીકરીએ તેવો ગુનાહ કીધો છે, માટે તેને ગરદન માર."

મોબેદાન મોબેદ તેમ કરવા તેણીને લઈ ગયો, ત્યારે પેલી બોલી કે:—"પાદશાહથી હું હમેલદાર થયલી છું. માટે બાલક છુટેને પછી મને મારવી લાજમ છે." આ વાત પાદશાહે કબુલ ન કરતાં મારવાનોજ હુકમ બાહાલ રાખ્યો, ત્યારે દસ્તુર પોતાનાં દીલ સાથે વીચાર કરવા લાગ્યો કે "મરવું તો સર્વેને બરહક છે. પાદશાહ ગમે એટલાં વરસ જીવીને પણ ગુજરી તો જવાનોજ છે, મગર તેને દીકરાનું ફરજંદ નથી તેથી આખરેબી તેનો મુલક દુશ્મનોના હાથમાં જવાનો; માટે બેહતર તો એજ છે કે હીમતથી કારસાજી કરીને રાણીને જીવતીજ રાખવી. જ્યારે તેનું બાલક છુટું પડશે ત્યારે પાદશાહનો હુકમ બજાવીશ." એમ મુકરર કરીને રાણીને પોતાની ઓરતને સોંપી આપી. તેણે તેણીને પોતાનાં ઘરમાં હેલાયદી જગામાં રાખી ખરી, પણ પાછળથી તેને એવો વીચાર આવ્યો કે "એમ કીધાથી મારા દુશ્મનોને તોહમત ઉડાવવાને બની આવશે." તે નહી બનવા સારૂં તેણે એવો એલાજ કીધો કે પોતાના બંધે......[1] તેમાં દવાઇ અને નીમક ભેલી બાંધ્યા, અને એક દાબડામાં બંધ કરી તે ઉપર પોતાનો મોહોર સીક્કો કરી તારીખ વાર લખી. પછી દાબડો પાદશાહની હજુર લઇ જઇને અરજ કીધી કે "આ દાબડો મારી છુપી અમાનતની છે, તે જામદાર ખાણાંમાં રાખવાને ખજાનચીને હુકમ આપવો."

૧ આ ઠેકાણેથી મેં એક ચોકસ શબ્દ કાહાડી નાખ્યો છે.

શાહજાદો શાહપુર.

તેમ કીધા પછીથી કેટલીક મુદ્દતે પેલી અર્દવાનની બેટીને પેટે એક બેટો પેદા થયો, તેનું નામ દસ્તુરે **શાહપુર** યાને "પાદશાહનો બેટો" કરીને આપ્યું. તે છોકરો સાત વરસની ઉમરનો થયો ત્યારે એક દીવસે દસ્તુરે અર્દશીરને ઘણો દલગીર જોઇને કારણ પુછતાં પાદશાહે જવાબ દીધો જે "મારી એકાવન વરસની ઉમર થઈ છે તાંહાં સુધી મને બેટાનું ફરજંદ નથી, કે જે મારી પાદશાહીનો વારસ થાય. હું એ કારણથી દલગીર છું કે મારો મલુક મારાં મરણ પછી દુશ્મનોનાજ હાથમાં જશે."

દસ્તુરે પોતાના જાનની માફી માગીને જાહેર કીધું કે "તારી દલગીરીનો એલાજ મેં કરી રાખેલો છે, માટે પેલા દાબડાને ખજાનામાંથી મંગાવવો જોઇએ."

જ્યા તે લાવી હાજર કીધો ત્યારે પાદશાહે પુછ્યું કે "એની અંદર શું છે?"

દસ્તુરે જણાવ્યું કે "મારી શરમનો બોજો......[1] મેલેલો છે; સબબ કે અર્દવાનની દીકરી એટલે તારી ઓરતને ગરદન મારવા તુંએ મને સોંપી આપી ત્યારે તે હમેલદાર હતી તેથી ખોદાનો ખોફ રાખી મેં મારી નહી, અને દુશ્મનો મારી ઉપર ખોટું તોહોમત નહી મેળે તેની સંભાળ રાખવા મેં દાબડો મોહોર બંદ જામદાર ખાનામાં રખાવેલો હતો, કે જેથી મારા ઉપરથી તારા વેહમનો શક હોય તો દુર થાય. તેણીએ જનમ આપેલા છોકરાનું નામ શાહપુર કરીને મેં રાખેલું છે, જે હાલ સાત વરસની ઉમરનો પોતાની માતાની સાથે મારાં ઘરમાં રેહે છે."

પાદશાહે વધારે તપાસ કરવા સારૂં ખુશી થઇ દસ્તુરને હુકમ કીધો કે "તે છોકરાની જેટલીજ ઉમરના, કદેબી તેવાજ, અને ખુબસુરતીમાંબી એકસરખા દેખાવના એકશો છોકરાઓને એકઠા કરી સરખા પોશાક પેહેરાવી

મેદાનમાં દડી દાવ રમવા સારૂં તૈયાર કરે."[1]

દસ્તુરે હુકમ મુજબ ગોઠવણ કરીને સઘળા છોકરાઓને દડીદાવ રમવા ઉતાર્યા, જેમાં શાપુર સઘળાઓ કરતાં સરસ માલુમ પડવાથી પાદશાહે દસ્તુરને શાપુર તરફ પોતાની આંગળીથી નીશાન બતાવી કે "આ છોકરો મારા જેવી સુરતનો છે."

દસ્તુરે જણાવ્યું જે "તારાં દીલેજ તારા બેટાની ગોવાહી આપી છે."

તોપણ પાદશાહના હુકમ મુંજબ એક ગુલામે છોકરાઓમાં રમવા જઇને એક દડી પાદશાહની તરફ ફેંકી, જે લેવા સારૂં સઘળા છોકરા દોડી ગયા ખરા, પણ પાદશાહની નજદીક જઇને તે ઉપાડી લાવવાની કોઇની તાકાત ચાલી નહી. મગર શાપુરે હીમત કરી પાદશાહની નજદીક જઇ દડી ઉઠાવી લઇ છોકરાઓને હવાલે કીધી. તે જોઇ અર્દશીરની ખાતરી થયાથી શાપુરને બોલાવી ગોદમાં લીધો, અને તેના વજનની બરાબરનું ઝવેરાત ગરીબ લોકના છોકરાઓને બક્ષી દીધું, અને અર્દવાનની દીકરીનો ગુનાહ માફ કરી પાછી મેહેલમાં લઇ જઇ રાખી. દસ્તુરને જેમ જોઇએ તેમ નવાજીને, પાદશાહ તેને સોનાની ખુર્સી ઉપર બેસાડવા લાગો, અને પોતાની મોહોર ઉપર એક બાજુએ પોતાનું નામ અને બીજી બાજુ ઉપર શાપુરનું નામ કોતરાવીને દસ્તુરને હવાલે કીધી. શાપુરને એક પેહેલવી શીખાડનાર ઉસ્તાદના સ્વાધીનમાં આપી સઘળી જાતનો એલમ હુનર શીખાડ્યો, અને પોતાની સાથે રાખીને તેને નામે એક નામીચું શેહેર વસાવ્યું, જેને હજુસુધી "જુંદે શાપુર"[2] કરીને લોકો ઓલખે છે.

મેહરક અને અર્દશીર.

અર્દશીર એક દુશમનના ઉપર ફતેહ મેલવતો ત્યારે બીજી તરફથી બીજા દુશમનો ચહડી આવતા,[3] જેથી લડાઇથી નીરાંત પામી યજદાંની બંદગી કરવાને અને જીવ સાથે આરામથી રેહેવાને બની આવતું ન હતું. આથી કેદે હીંદી નામના હીંદુસ્તાનના રાજા ઉપર એક નામું લખીને પાદશાહે એ બાબેનો ખોલાસો મંગાવ્યો, જેણે નજુમીઓથી અર્દશીરનાં સીતારાની તપાસ કરાવી જવાબ દીધો કે "પાદશાહ પોતાના મોટા શત્રુ મેહરક નુશજાદની બેટી સાથે જ્યાંસુધી શાદીની સગાઇ નહી કરે ત્યાંસુધી અર્દશીર આરામથી પાદશાહી કરી શકે નહી."

આ ભેદ એલચીએ આવી કહ્યાથી અર્દશીર ગોસ્સામાં આવી બોલ્યો કે "મેહરક જેવા દુશમનની દીકરીને મારાં ઘરમાં લાવું એમ કદી બને નહી. તેની એક દીકરી છે તેની શોધ કરી કતલ કરવાને લશકર મોકલું છુ."

જેહરમ તરફ આ લશકર આવ્યાની ખબર મેહરકની દીકરીને થવાથી તે નાહાસી જઇને

---

૧. દડી દાવનું આ બયાન કારનામામાં શાહપુરને નહિ પણ તેના બેટા હોરમજને લાગુ પાડેલું છે. ફિર્દોસીએ હોરમજને લગતું એવુંજ બયાન જુદું આપેલું છે.

૨. કારનામા મુજબ રાયેઇ શાહપુર (શાપુરની છાવણી).

૩. અર્દશીરના આ બીજા દુશ્મનો કયા અને કોણ, તે બાબે ફિર્દોસી કશું જણાવતો નથી, તેમજ કારનામામાંથી પણ કશો ઇશારો મળતો નથી. પણ રૂમી લખનારાઓ ઉપરથી એ વાતનો ખોલાસો મળે છે. અશ્કાનીઓના જમાનામાં ઇરાનનો દરેક મોટો પ્રાંત લગભગ સ્વતંત્ર જેવો હતો, માટે અર્દવાન ઉપરની ફતેહ પછી અર્દશીરને મીડયા, આરમિન્યા વગેરે તાબે કરતાં ઘણી મહેનત પડી. ખુસરો નામના આર્મિન્યાના રાજા સાથ તેને ૧૨ વરસ લડાઈ ચલાવવી પડી કે જે લાંબી લડતમાં રૂમીઓનો છુપ્યો હાથ હતો એમ અર્દશીરને જણાયું. છેલ્લા અશ્કાની પાદશાહ અર્દવાનના હાથ ઉપર રૂમીઓ જબરી શિકસ્ત ખાઈ નાઠા હતા, માટે ઈરાન ખાતે થયલી રાજદવારી ઉથલપાથલની તક લઈ નવો રૂમી શેહનશાહ સેવિરસ અર્દશીરના મુલક ઉપર ચઢાઇ લાવ્યો, જેનું પરિણામ એ આવ્યું કે એ શેહનશાહને શર્મિંદગી સાથ પાછું ફરવું પડયું, અને તેની કુમક ઉપર કુદનાર અર્માની રાજાનો મુલક ઇરાનને તાબે થયો. આ લડાઇ ૩૨૯–૩૪ માં થઇ હતી.

એક ગામડાંના પટેલના ઘરમાં એક મોબેદની સાહેતા તલે ભરાઇ બેઠી.

એક દીવસ અર્દશીર શીકારધા નીકળી ગયો, તેની સાથેથી શાપુર છુટો પડી એક ગામડાં તરફ જઇ લાગો, જ્યાં એક પટેલનાં ઘર આગળ એક બગીચો હતો તાંહાંના કુવામાં ડોળ નાખી પાણી ભરતી એક સ્ત્રીને જોઇ ખુશી થયો. પેલી ઓરતે દુઆ દઇને કહ્યું કે "અતરે સઘળે ઠેકાણે પાણી ખારાં છે, મગર આ કુવાનુંજ પાણી મીઠું છે, તે હું કાહાડી આપું તે તમારા પેઆસા ઘોડાને પાઓ."

શાપુરે જવાબ દીધો કે "માણસો પાણી કહાડશે, તારે તસદી લેવી નહી જોઈએ." આથી પેલી સ્ત્રી દુર જઇને બેસી ગઇ.

શાપુરનાં માણસે ડોળ કુવામાં મેલીને ભરી તો ખરી, પણ ઘણીજ ભારી હોવાને લીધે ખેંચીને બાહેર કાહાડી શકયો નહી. ત્યારે શાપુરે તેને ઠપકો દઇને કહ્યું કે "અરે એક ઓરત કરતાં અરધી કુવતબી તારામાં નહી મલે? પેલી ઓરતે સેહલાઇથી કેટલી બધી ડોલ ખેંચી કાહાડી છે." પછી શાપુરે પોતે પેલા માણસના હાથમાંથી રસી છીનવી લઇને ઘણી સખ્તીથી ડોલ ખેંચી કાહાડી, અને પેલીનાં બલ ઉપર દુઆ માગીને બોલ્યો કે "કોઇ કેયાનીનાં તોખમની આ ઓરત હશે." પેલી ઓરતે જણાવ્યું કે "શાપુરના બળથી આ કુવાનું પાણી દુધ થઇ જશે."

શાપુરે તેણીને પુછ્યું કે "તુંએ કેમ જાણ્યું કે હું શાપુર છું?"

પેલી એ જવાબ દીધો કે "મેં સાભળ્યું છે કે શાપુર હાથીના જેવો જોરાવર, દરીયાના જેવો સખી, અને બેહમન અમશાસ્પંદના જેવા ચેહેરાનો છે, તે નીશાણુથી મેં તુંને ઓળખ્યો છે."

વળી શાપુરે પુછ્યું કે "સાચું બોલ, તું કોણનાં તોખમની છે? તારા ચેહરાપરથી તો તું કેયાની તેજી તોખમની માલમ પડેછે."

જવાબ દીધો કે "હું ગામના પટેલની દીકરી છું, તેથી ખુબસુરત ને જોરાવર છું."

શાપુરે કહ્યું કે "તુંને પાદશાહોની હજુરમાં જુઠું બોલવું નહી જોઇયે. ખેડુતની દીકરી આવી ખુબીવાળી નહી હોય."

ત્યારે પેલીએ જાનની મારી માગીને કહ્યું કે "હું મેહરક નુશજાદની દીકરી છું. એક પરેહજગારે મને પટેલને સોંપી આપેલી છે. તમો નામદારોના બોકથી મને પટેલનાં ઘરમાં પાણી ભરવું પડે છે."

શાપુરે પટેલને બોલાવીને કહ્યું કે "આ છોકરી મને શાદીમાં આપ." પટેલે પાર્સીઓની રસમ પ્રમાણે પેલીનાં શાપુર સાથે લગન કરી આપ્યાં. પણ એ બાબે અર્દશીર પાદશાહને કશી ખબર પડી નહી.

શાહજાદો હોરમજ.

મેહરકની દીકરીને પેટે એક દીકરો પેદા થયો, તેનું નામ શાપુરે **હોરમજ** કરીને રાખ્યું. તેને સાત વરસ સુધી છુપાવી રાખેલો હતો. એક દીવસે એવું બન્યું કે અર્દશીર શાપુરને સાથે લઇ સાત દીવસ સુધી શીકારે ગયલો હતો તાંહાંથી મેદાનમાં આવ્યો, તેવામાં હોરમજ નીશાલેથી છુટી કેટલાક છોકરાઓ સાથે તીર કમાન લઇને જાંહાં પાદશાહ હતો તાંહાં દડીદાવ રમતો હતો. એક દડી પાદશાહની આગળ આવી પડી તે ઉંચકી લાવવાની છોકરાઓની હીમત ચાલી નહી, પણ હોરમજે જઇ તે ઉઠાવી લીધી અને પોકાર મારીને બોલ્યો કે "મેદાનમાં જેણે બહાદુરી બતલાવી તે હું છું, અને પેહલવાનો સાથે બરાબરી કરી શકું છું."

પાદશાહ અર્દશીરે મોબેદને પુછ્યું કે "આ પાકજાદ કોણની તોખમનો છે?"

પુછપરછ કરતાં કોઈ બોલી શકયું નહી, ત્યારે હોરમજને પકડી લાવી પુછતાં તે બોલ્યો કે "હું શાપુરની તોખમનો છું અને મેહરકની દીકરીને પેટે જન્મ પામેલો છું."

અર્દશીરે શાપુરથી ખોલાસો માંગ્યો, ત્યારે તેણે જાહેર કીધું કે "એ મારો બેટો છે, પણ છુપાવી એવી મતલબથી રાખેલો હતો કે

એ લાયકનો થશે ત્યારેજ પાદશાહને ખબર આપીશ." પછી શાપુરે લગન કરવાનું અને કુવામાંથી પાણી કહાડવાનું સર્વ બયાન પાદશાહને કહી સમજાવ્યું. અર્દશીરે ખુશી થઇ હોરમજની બરાબરનું ઝવેરાત ગરીબ લોકને બક્ષ્યું અને આતશની દરેમેહરમાં એક મોટું જશન કરી તમામ અનજુમનને પોતાની ખુશી જાહેર કીધી.

લશકરની રચના અને ગોઠવણ.

ફતેહ મેલવ્યા પછી મુલુકોનો બંદોબસ્ત કેમ અને કેવી પ્રકારે રાખવો તે બાએ પાદશાહે મજલેસો મેળવીને તેમજ હુકમો લખીને કેટલાક અગત્યના સખુનો કહ્યા હતા તથા ફરમાવ્યા હતા.

લશકર ઘણું વધી ગયાથી મુલુકોમાં ઇનસાફ અને સખાવતનો ફેલાવો કરવા સારૂં અર્દશીરે કોશેશ કરીને બેહતર કાયદા બાંધ્યા. જેમકે દરેક પ્રાંતમાં એકેકો ઉસ્તાદ મોકલ્યો એવી નેમથી કે બાલકોને કેળવણી આપ્યા વીના ઉછરીને મોટાં થવા દેવાં નહી, તેઓને લડાઇની કવાયદ શીખાડવી, જે બીજાઓ કરતાં સરસ નીકળે તેનું નામ નોંધી તેને પાદશાહની હજુર મોકલવો, ઇત્યાદી.

વળી તેણે દરેક હજાર લશકરની ટુકડીની તપાસ રાખવા સારૂ એકેકો મુબદ રાખ્યો. તે મુબદ જેણે લડાઇમાં ચાલાકી બતલાવેલી હોય તેનું અને શોસ્તી કીધેલી હોય તેનું નામ નોંધી પાદશાહની હજુર મોકલે. પાદશાહ ચાલાકીવાળાને ઇનામ આપી રાખે અને શોસ્તીવાળાને બરતરફ કરે. એવી રીતથી સુધરેલું લશકર એટલું તો વધી ગયું કે સીતારાની મુવાફેક ગણી નહી શકાય. લશકરમાં એવો ઢંઢેરો ફેરવ્યો કે જે કોઇ પાદશાહના હુકમ મુજબ બહાદુરીથી લડીને ફતેહ મેળવશે તેને ઇનામની સાથે નામદારી મળશે.

મલુકમાં સંભાળ રાખવા સારૂં લશકરને ગોવાલીયાની મીસાલે ખબરદાર રાખ્યું અને દુશમનોને બકરાંની મીસાલે તાબેદાર કરી રાખ્યા.

દીવાની અમલદારો.

દીવાનનાં કામમાં કેળવણી પામેલા કામદારોને રાખ્યા; નહી કેળવાએલાને બરતરફ કીધા. જે કોઇ વધારે કેળવણી પામેલા અને વધારે સારા અક્ષર લખી જાણનાર હોય તે બાએ મોબેદનાં લખાણ કીધાથી તેનો લવાજમો વધારી આપતા; તેવી કેળવણી વગરનાને કહાડી મેળતા (કે જેથી તેને કેળવણી લેવાની ફરજ પડતી). જ્યારે કામદારો (હાકમો) પોતાના હસ્તકના મલુકના કામ ઉપર જતા ત્યારે પાદશાહ પોતાની દરબારમાં નવીસંદા (દફતરદારો) પાસે તેઓનો હીસાબ રખાવતો. એ કામદારોને સારૂં પાદશાહ કેહેતો હતો કે તેઓથી ખજાણો વસુલ થાય છે જેથી મલુકની અને લશકરની આબાદી રેહેછે, તેમજ ગરીબોને દાદ મલે છે; તેઓને જાનની બરાબર પ્યારા ગણું છેઉં, કેમકે તેઓથી તમામ પાદશાહોની છુપી વાતોથી હું વાકેફ થાઊંછું. વળી ફરમાવ્યું કે "કામદારોને લાજમ છે કે ત્રણ પાંચ દીવસની જીંદગીને વાસ્તે ખજાણો મેળવવા સારૂ માણસોને વેચવા નહી. તમામ કામ રાસ્તીની સાથે દાનાઇ પોંહોંચાડીને કરવાં. લોભનું ઘેલાપણું તમારેથી દુર રાખવું. તમોને મદદ કરવા સારૂં મેં જે માણસો આપેલાં છે તે સીવાયે તમારા લાગતા વળગતાઓને તમારી સાથે કામમાં રાખવા નહી. દરેક માસે ગરીબોને દીરમ બક્ષતા રેહેવું, મગર દુસ્મનોને કાંઇ આપવું નહી. અગર મલુકને ઇનસાફ અને દાદથી આબાદ રાખશો તો તમેબી આબાદ અને ખુશી સાથે રેહેશો. અગર કોઇ દુરવેશ ભય ભરેલાં દીલ સાથે સુતેલો માલુમ પડે તો તેનો ભય દુર કરવા દીલોજાનથી કોશેશ કરજો—અગર કોઇ પાસેથી કંઇ ચીજ લોભ કરીને લીધી હોય તો તેથીબી તેને ગમ ખાઇને સુવું પડેછે; તે વીશે કોઈ પાદશાહની હજુરમાં ફરીયાદ કરશે અને તે પુરવાર થશે તો તે મારો દરબાન હશે અથવા પીર મર્દ હશે કે પરહેજગાર હશે

તોબી તેને મારા ખજાણાનો લાભ લેવા દઉં તો મારેજ હાથે મારાં દીલને દુખ દીધા સરખું છે, મગર તેવા પીર મર્દની પદવી ઉપર નેક અકલના જવાનને રાખવો સજાવાર છે."

લડાઇ કેમ લડવી.

વળી પાદશાહ જ્યારે લડાઇમાં લશ્કર મોકલતો ત્યારે બેદાદી નહી ચાલે અને બેકાયદે લશકર નહી વર્તે તેટલા સારૂં અર્દશીર એક નવીસંદા (કામદાર)ને બોધ આપી મોકલતો અને સમજુતી કરવાનો દુશમન ઉપર પેગામ આપીને રવાના કરતો. તે જો સમજીને કબુલ કરે, કે જેથી લડાઇની મેહનત ટળી જાય, તો કોલ આપીને તેને નામનું હમેશાં ચાલે એવું ફરમાન લખી મોકલતો, અને શીરપાવ આપતો. અગર કબુલ નહી કરે અને દીલમાં કીનો રાખી લડવા નીકળે ત્યારે પોતાનાં તમામ લશકરને એક પેહલવાનના ઊપરીપણા નીચે દીરમ બક્ષી ખુશી રાખીને પછી કુચ કરવાનો હુકમ કરતો, એટલે એક સવાર હાથી ઉપર બેસીને બે માઇલ સુધી આવાજ જાય તેમ બુમ પાડી લશકરને કહી સંભલાવતો કે—"અરે નામદારો, તમારેથી કોઇ ગરીબ અથવા તવંગરને દુખ પોંહોંચે તે માર્ગે જવું નહી, દરેક મંજલે તમો ખાનું ખાઓ તે વખ્તે મીસ્કીન લોકોનેબી આપજો કે તેઓ દુઆ માંગે; યજદાં પરસ્ત લોકની કંઇબી ચીજ છીણવી લેશો નહી; અગર જો માહાં ભાયગનો કોઇ લડાઇમાં પીઠ દેખાડશે તો તપાસ થયાથી તેને મોતની શીક્ષા અથવા કેદખાનાની સખ્ત સજા મળશે. વળી અમલદારોએ જાણવું કે પ્રથમ તો લશકરની આસપાસ ફરતા રેહેવું અને ચાર માઇલ સુધી ખબરદારો રાખવા. લડતાં સુસ્તી નહી કરવી, તેમ વળી ધસારો કરી એકદમ ચહડી પણ જવું નહી. હરોલમાં હાથીઓને રાખવા. આપણું લશકર એટલું અને એવું જોરાવર છે કે અગર દુશમનના એકશો સવાર તો આપણો એક સવાર બસ છે, એમ સમજાવી તેઓને શીરપાવ આપવા. બધે લશકરની સફમાંથી ઘોડા ઝોંકાવો તેવારે આપણું લશકર વધારે હોય તોપણ સફની (મથકની) જગા છોડી આગળ વધવું નહી. ડાબા જમણી એકસરખા લડવું. જ્યારે દુશમનનું/પોતાનું લશકર મથક છોડી આગળ વધી આવે ત્યારેજ આપણે લડવું. આપણી જીત થાય અને દુશમન નાસભાગ કરે ત્યારે આપણે ખુનરેજી કરવી નહી. અગર માફી માંગે તો કીનો તજીને માફી બક્ષવી. અગર દુશમન પીઠ દઇને નાહસતો હોય અને તેની પાસે કંઇ દ્રવ્ય હોય તો તે લાલચ સારૂં મથક છોડીને તેની પુઠે દોડ પકડ કરવી નહી, કેમકે મબાદા તેઓમાંના કોઇ છુપી જગાએ ભરાએલા હોય તો આપણે તેઓના કીનાના ભોગ થઇ પડીયે. જ્યારે પુરતી રીતે લડાઇથી ફારેગ થાય ત્યારેજ જેઓએ પોતાના પ્યારા જાનથી હાથ ઉઠાવીને લડાઇ મારેલી હોય તેઓને લુટનો માલ બક્ષેશ કરતાં થોભવું નહી. અગર આપણા હાથમાં દુશમન કેદ પકડાય તો હમારી હજુરમાં મોકલી દેવો. તેવા કેદીઓને સારૂં તો હમે એક બગીચો બનાવેલો છે. ફતેહ મેળવો તેવારે ખુદાના શુકરાણા કરજો, કેમકે તે નેકી બક્ષનાર છે. તમો રંજ અને સખ્તીથી મોકલા થવા ચાહતા હોવ તો આ મારી નસીહત મુજબ ચાલજો."

એલચીઓ અને હાકેમો.

તુરાન અને રૂમ વગેરે મુલુકોપરથી એલચી આવે ત્યારે તેઓને અર્દશીર તખ્તની નજદીક બેસાડી નામ નીશાન મેળવી પુછતો કે "તમારો પાદશાહ કયો ધર્મ પાળે છે? તેનો મુલક કેટલો મોટો છે? લશ્કર કેટલું અને કેવું છે? દાદ ઇનસાફ કેવી રીતે છે?" પછી તેઓને તે શરાબ સાથનાં ખાનાં ઉપર પોતાની સાથે બેસાડી, શીકારગાહે લશ્કર સાથે તેઓને લઇ જઇ લાવી, પાદશાહી શીરપાવ આપી પાછા રવાના કરતો હતો.

દરેક પ્રાંતમાં દયાલુ મોબેદોને ખજાણો આપી મોકલતાં પાદશાહ ફરમાવતો કે—

"કોઇનું ઘર નહી હોય અને લાચાર હોય તેવા લોકની ગમે તેવી મોટી સંખ્યા હોય તોબી પણ તેઓને રેહેવાનાં ઘર અને ખાવાનો ખોરાક મુકરર કરી આપવો, કે જેથી દુનીયામાં નેકનામી રહી જાય."

પાદશાહની સખાવત.

વળી તે કેટલાંક ધર્મનાં છુપાં કામો કરવા મલુકોમાં છુપા ભેખેદો મોકલી ખબર કાહાડતો અને જો કોઇ તવંગર મુફલેસીની હાલતમાં આવી ગયો હોય તો જોઇતું કામ કરી આપી તેનું બજાર પાછું તેજી ભરેલું કરી આપતો. બંદગી કરનારાની ફલવાન જમીન અને મીસકીન લોકનાં ઘર ઘટે તેમ સમરાવી આપતો. તેમજ તેઓનાં બાળકોને હુંનર શીખાડવા જેવા જોઈયે તેવા ઉસ્તાદોને સોંપતો. દરેક ગલીમાં નીશાળ અને આતશની દરેમેહર બંધાવતો.

અર્દશીરની સખાવતથી કોઇબી માણસ હાજતમંદ હોય તેવું ન હતું, પણ જે માણસે પોતાની લાચારી (શરમને લીધે) છુપાવી રાખી હોય તેજ હાજતમંદ રેહેતો. તે નામદાર બામદાદે મેદાનમાં નીકળી પડતો કે અલબતે કોઇ દાદ ચહાનાર મલી આવે. ઇનસાફની વેળા કોઇ નાઘલાની કે પોતાના ફરજંદની શરમ રાખતો નહી. તેના ઇનસાફથી તમામ જેહાન આબાદી ભરેલી અને ગરીબ લોકનાં દીલ ખુશહાલી ભરેલાં રેહેતાં હતાં.

પાદશાહ જ્યારે ઇનસાફ છોડેજ નહી ત્યારે જમાનો શા માટે તેનાથી ઉલટો ચાલે? જુઓ, તે સખી પાદશાહે કેવી તદબીરથી નેકનામી મેળવેલી છે! મુલુકોમાં અનુભવ લીધેલા નામદારોને તે મોકલતો, કે જ્યાં ખરાબાની જમીન હોય, નદીમાં પુરતાં પાણી નહી હોય, ખેડુતો મુફલીસ હોવાથી સુધારો નહી કરી શકતા હોય, તો તેઓને ખેતીનાં કામજોગાં હથીઆર અને ચોપગાં ઢોર ખજાનામાંથી અપાવે કે જેથી તેઓનું કામ ચાલે, જમીન સુધરે, અને મેહેસુલ પેદા થાય.

અહીં ફીર્દુસી બીજા પાદશાહોને કેહે છે કે— અરે પાદશાહો, દાનાની નસીહત સાંભળો અને દુનીઆને આ રીતે અર્દશીરની પેઠે આબાદ રાખો. તમો રંજથી મોકળા થવા ચહાતા હો અને પોતે રંજ ખેંચ્યા વીના અને કોઇને રંજ પોંહોચાડયા વીના ખજાનો મેળવવા ચાહતા હો તો તમારે ગરીબોને આજાર પોંહોંચે તેવાં કામ કરવાં ન જોઇયે, કે જેથી તમારા હકમાં દુઆ પોંહોંચે.

જ્યારે તમામ મુલુક અર્દશીરના હાથમાં આવ્યો ત્યારે તેનું સર શનીશ્વરની બુજોર્ગીએ પોંહોંચ્યું. જ્યારે રૂસ, તુરાન અને હીંદુસ્તાનના મુલુક ઉપરથી તેણે ખંડણી લેતી કીધી ત્યારે તો તેની સાથે લડવાની કોઇની તાકાત ચાલી નહી. પછી એક દીને ઇરાનના તમામ સરદારોને બોલાવી તેણે મોટી મજલેસ સમારી અને તેઓના મરતબા મુજબ મુલુકોના પાદશાહી તખ્તો ઉપર બેસવાનો હુકમ આપી, શેહનશાહ તખ્ત ઉપર ઉભો થયો અને આ મુજબનું એક ખુબી ભરેલું ભાષણ કીધું:—

અર્દશીરનું યાદગાર ભાષણ.

"અએ મુલકોના નામદારો! તમો જાણો છો કે ફરતો આસ્માન હમેશાં કોઈની સાથે બરાબર ચાલતો નથી. જેઓને બુલંદ મરતબે પોંહોંચાડે છે તેઓનેજ પાછા ખાકની બરાબર પાયમાલ કરી નાખે છે, ત્યારે તેઓના સઘળાં કામો તેઓનીજ સાથે ઢંકાઇ જાય છે. ફકત તેઓનાં નામ રહી જાય છે; માટે તમારાં કામને નેકી સાથે સરંજામ ઉતારજો, કાંયજે દુનીયામાં નેકનામી સીવાયે બીજું કાંઇ રેહેવાનું નથી. ખોદાની નેકી મુજબ નેક કામ કરજો, બદ કામ નહી કરવાં; ખોદા પાસે પનાહ માંગજો, કારણ કે નેકી અને બદી તે સાહેબનાજ અખ્તીયારમાં છે. તે ચાહે તો તમારૂં મુશ્કેલ કામ હોય તે આસાન કરી તમોને ફતેહમંદી આપી શકે છે.

"પ્રથમથી મારી ઉપર જે નેકી બદી ગુજરી છે તેનો તોલ કરો. જ્યારથી મેં ખોદાતાલાનોજ આશરો પકડયો ત્યારથી મારી

લાયકી પ્રમાણે તમામ મુલુકની શાહનશાહી મને મળીછે; અને રૂમ, હીંદ વગેરે પાસેથી ખંડણી લેઉં છું અને શુકરાણા કરૂંછું કે તેણેજ મારા સીતારાને બુલંદી આપી છે. તે સાહેબ-ને લાયકની શુકરગુજારી અને બંદગી કોઈથી નહી થઈ શકે. મગર તે સાહેબ આપણને જેટલી રેહનુમાઈ કરેછે તેટલી બંદગી કરીએ છીયે, જેથી તે આપણને બુજોર્ગી અને સા-હેબી આપેછે.

"હવેથી આપણે જે દાદ દેવા માગીયે છીયે તે બાબે હું તમોને કહું છું કે તેમ કીધાથી આપણે સુખી રહીશું. કેટલાંક શેહેરો પાસેથી દર સેંકડે દશ ટકા લેખે ખંડણી અને ઢોરનું જગાત આપણને મળેછે તે વાત બેહુતો અને બોબેદો જાણેછે. તે સઘળું હવે તમોને બક્ષી દેવાની મારી મરજી હતી, મગર દશ ટકા કરતાં વધારે પેદાશ થાય તો તેટલી હ-મારા ખજાણામાં મોકલી દેવી. એ ખંડણી જે હું તમારી પાસેથી લેતો હતો તે તમોને અમનથી ખુશાલી સાથે પનાહમાં રાખવા અને એહરેમનના ધર્મને નાબુદ કરવા સારૂં બાહે-રનાં પ્રાંતમાં મને ભારે લશ્કર રાખવું પડતું હતું તેથી દલગીરીથી લેવી પડતી હતી. હવે તો તમો સઘળાના હાથ યજદાંના વચનથી બંધાયલા છે તે તોડવાની કોશેશ કરશો નહી. તે શકતીવાન સાહેબ તમોને લાડ લડાવે તે ઉપરથી કોઈના ઉપર સેતમ ગુજારશો નહી, નહી તો તે ફરીયાદ સાંભળશે. ચહડતી કે પડતી દીશા સર્વેને હોય છે, માટે દીલમાં ફરેબ રા-ખશો નહી. પાદશાહ પેહલવાનોબી આખર ખાકમાં મળી ગયા છે, પણ જેણે નેકી કીધેલી છે તેનીજ નામદારી રહી ગયલી છે.

"પાદશાહી કરતાંબી વધારે ફાયદા ભરેલા પાંચ માર્ગ છે, તે તમો સઘળાને બતલાવું છું તે પર ધ્યાન આપજો. કેટલાક લોક કેહેછે કે ખોદા મોજુદ છે અને વળી કેટલાક કેહેછે કે નથી. મગર યજદાંપરસ્ત લોક જાણે છે કે ખોદા મોજુદ છે, તે વાતને માનજો. બીજું એ જે તમો ગરીબ હો કે તવંગર હો તોપણ અકલ સર્વેથી મોટી ચીજ છે એમ માનજો. ત્રીજું એ જે દાના લોકના સખુનને નબલા કરીને સમજતા ના. ચોથું એ જે પાપના ભય-ને ઝુલીના અને બંદીખાણાંના ભય કરતાં વધારે માનજો. પાંચમું એ જે ગીબતખોરાં માણસના બોલવા ઉપર ભરોસો રાખશો નહી.

"વળી એક તાજી નસીહત આંખ અને જીવના કરતાં વધારે પ્યારી છે તે હું તમોને કહું છું. ભાગ્યશાલી પાદશાહ તેને જાણજો કે જે જેહાનને દાદથી આબાદ રાખે અને તેની નામદારી કાયમ રેહે. બીજું એ જે નરમ આવાજ અને મધ્યમ સ્વભાવની સાથે આકળું બોલવાથી શરમ રાખવી. ત્રીજું એ જે જુઠી શીસ્યારીથી નામ વધારવા સારૂં બેહુદો ખર્ચ રાખવો નહી, કેમકે તેથી તમોને નફો થવાનો નથી, તેમ કોઈને સંતોષ મળવાનો નથી, અને તે વાત યજદાંપરસ્ત લોક પસંદ કરવાના નથી; માટે મધ્યમ ખર્ચ રાખશો તો ઠેકાણે રેહેશો અને અકલમંદ લોકો તમારી વખાણ કરશે.

"વળી પાંચ માર્ગ તમોને બીજા બતલાવું છું કે જેથી તમારૂં દીન ધર્મનું કામ તાજું રેહેશે, તે સાથે તનદરોસ્તી અને ખુશાલીનો વધારો થશે અને મધ સાથે ભેલાયલું ઝેર દુખ પોંહોંચાડશે નહી. ખોદાતાલાએ જે કાંઇ તમોને આપેલું હોય તે ઉપરાંત વધારે લોભ કરવો નહી, કેમકે જે લોકો સંતોષ રાખનારા છે તેજ તવંગર છે. લોભની ગરદન ભાંગી નાખજો. ઓરતોની અગાડી ભેદની વાત ખોલ્લી કરી કેહેવી નહી. જે લડાઈ કીધાથી આપણને ખમવું પડે તેવી લડાઈ જાણીજોઇને કરવી નહી. ગમ ગુસ્સાથી દીલને મોકળું રાખજો. તમારી ઉપર આફત આવી પડવાની છે એમ આગમજથી જાણો ત્યારે દલગીર થતા ના, પણ હીમત રાખજો. તમારેથી નહી બની શકે તેવું કામ હોય તે બનાવવાને હીમત ચલા-વતા ના. આ મારી ફાયદા ભરેલી નસીહત મુજબ ચાલજો. અગર તમે જાનને રોશન રાખવા માંગો તો એલમ શીખતા રેહેજો

અને તમારાં ફરજંદોનો વખત કેળવણી લેવામાં રોકાયલો રાખજો.

"વળી ફાયદા સાથે ખુબી ભરેલી ચાર ચીજ બતલાવું છું તેને પ્યારી કરીને રાખજો. પેહેલી એજે ખોદા તમુને યારી આપે તો દુશ્મન સાથે સુલેહ રાખવી અને તેથી ડરતા રેહેવું. બીજું—એજે પોતાનાં તનને જાળવી રાખવા દામાન પાક રાખવી અને ખોદાના ફરમાનને પોતાના જાનની માફક ગણી નીર્ભય રેહેવું. ત્રીજું—દીલને જુઠાણાથી દુર રાખવું અને રાસ્તીને છોડવી નહી. ચોથું—દુનીયાના પાદશાહને તાબે રેહેવું, તેનું અપમાન કરવું નહી. પાદશાહ દાદ ચાહાનાર છે એવું તમારૂં મન માને તો તમારા જાનની મીસાલે તે ઉપર પ્યાર રાખવો—પોતાના ખેડુત અને લશ્કર ઉપર તે જુલમ ગુજારે છે અને ઈનસાફ આપતો નથી એમ તમે જાણો તો તે પાદશાહીને લાયક નથી, પણ ફાડી ખાનારો વાઘ છે એમ જાણજો. બુજોર્ગી કે પાદશાહી લોભ અને કપટથી મળતી નથી.

"મારી ગરીબ રૈયતનાં બલકે તમામ દુનીયાનાં લોકનાં દીલ મારેથી ખુશી ભરેલાં અને આબાદ હોજો, આમીન !"

જ્યારે પાદશાહ અર્દશીર પોતાનાં તખ્ત ઉપર પાછો બેઠો ત્યારે ખુરરાદ નામના પીરમર્દે દુઆ કરી કહ્યું કે "તમામ મુલક તારેથી ખુશી છે માટે લાંબી મુદત સુધી ફતેહમંદી સાથે જીવતો રેહેજે ! તું એવે દરજ્જે પોંહોંચેલો છે કે પક્ષીઓ અને ફાડી ખાનારાં જનાવરો તારાં તખ્તની આસપાસ સફ બાંધીને હાજર રેહે છે. તું બુજોર્ગ શેહનશાહ એવો છે કે તમામ મુલકના પાદશાહોથી તારી દાદની સીફત થઇ શકતી નથી, માટે અમે સઘળા ઉમરાઓ ખોદાતાલાની બંદગી કરીને તારી ઉમર તથા વરધી થવા બાબે દુઆ માગીયે છીયે, કાંયજે તારા જમાનામાં હમે જીંદગી ગુજારીને તારા વીચારને એક મલતા છઇયે. તું અમનમાં છે તો હમેબી અમનમાં છઇયે; ત્યારે શા માટે હમે તારાં વચનથી ફરીયે ? આપણા શરીકો હીંદુઓ, તુરકીઓ વગેરેની લડાઇનો માર્ગ જે વારથી તુંએ બંધ પાડયો છે તેવારથી લડાઇનો જોસ્સો નરમ પડી ગયો છે. કોઇબી દુશ્મનની તરફની બુમ સાંભળવામાં આવતી નથી. એ પ્રમાણે હમેશાં મોબેદ લોક સાથે કારોબાર ચાલુ રાખીને જાવેદાન સુધી જીવતો રેહેજે. તારા જેવી બુદ્ધી કોઈબી પાદશાહ પાસે નથી, બલકે તારી બુદ્ધી ઉપર કોઇબી પાદશાહનો વીચારબી પોંહોંચી શકતો નથી. ઇરાનમાં અદલ ઇનસાફનો એવો પાયો તુંએ મજબુત નાખ્યો છે કે હમારાં ફરજંદોબી ખુશી રેહેશે. તુંએ નસીહત કરતાં એટલો તો ખુલાસો કીધો છે કે તારી દાનાઇના સખુનોથી બુઢાઓબી જવાન થાય. આ અનજુમનમાં જે સાહેબો બુજર્ગ ખાનદાનના છે તેઓ તારેથી રાજી અને તારા ઇનસાફથી ખુશી છે. તારાં કામથી અકલનો ફેલાવો જણાય છે, અને તારા દીદાર જોવાથી જેહાન રોશની પામે છે. જેઓ સારાં ભાયગના હશે તેઓજ આ જમાનામાં તારા સાયા તળે જીંદગાની ગુજારશે. હમેશાં તારી બેઠક તખ્ત ઉપર હોજો અને તમામ આલમ તારી તાબેદાર હોજો !"

ફસલ ૪—મરતી વેળાની બેટાને નસીહત.

જ્યારે અર્દશીરની ઉમર ઇઠોતેર વરસની થઇ ત્યારે તે બીમાર થયો. તેણે જાણી લીધું કે હવે મોત લગભગ આવેલું છે તેથી તેણે પોતાનાં બેટા શાપુરને બોલાવીને નસીહત કીધી કે "હું જે કહું છું તે મારો કોલ યાદ રાખજે. દુશ્મનના બોલવાને હવા ઉપર ઉઠાવી દેજે. મારી નસીહત સાંભળવા પ્રમાણે તું કામ કરશે તેવારે તેની કીંમત જાણશે. અદલ ઇનસાફની તલવારથી મેં દુનીયાને સીધી ચલાવી છે અને ખાનદાનવાળાઓની

હોરમત જાળવી છે. હવે મુલક મારે તાબે વધી પડયો ત્યારે જીંદગાની ઘટવા લાગી છે. રંજ ખેંચીને ગંજ મેં મેળવેલો છે તે રંજ અને ગંજ તારે હવાલે કરૂં છું. આસમાનની ચાલ એવી છે કે કોઇ વખ્ત મેહેરબાન થશે તો કોઇ વખ્ત દુઃખી કરશે; અને દીકરા! તું સમજ કે આ દુનીયામાં કોઇબી દુઃખનો ભય ખાધા વીના ખુશીથી રહેલો નથી. તારા દીવસો નેકી ભરેલા ગુજારવા ચાહે તો અકલનાં બળથી તારાં તનને જાળવી રાખ. જ્યારે પાદશાહ દીન ઉપર એતેકાદ રાખે ત્યારેજ પાદશાહી અને દીન એકસરખી રીતે ચાલે. પાદશાહી વીના દીન કાયમ રેહેતી નથી, તેમજ દીન વીના પાદશાહી ચાલી શકતી નથી. બે રેશમી કપડાંને એક બીજાં સાથે સીવી લીધાં હોય તેમ પાદશાહીનો દીનની સાથે બરાબર સંબંધ રાખવાને અકલ પસંદ કરે છે. દીનને પાદશાહીની ગરજ છે તેમ દીન વીના પાદશાહની વખાણ થતી નથી. જ્યારે પાદશાહ દીનદાર હોય છે ત્યારેજ દુનીયાની રખેવાળી કરી શકે છે. જે પાદશાહ દીન સાથે દુશ્મની રાખતો હોય તેને પરહેજગાર નહી જાણવો. જે કોઇ દીનદાર પાદશાહને નહી માને તેને દીનદાર નહી સમજવો. પેલા ડાહ્યા મર્દે કેવા આફરીન ભરેલા આ સખુનો કહેલા છે કે દીન જે છે તેજ દાદ ઇનસાફનો સરદાર છે. ત્રણ ચીજથી પાદશાહોની પાદશાહી જતી રહી છે. પેહલું પાદશાહની બેદાદી, બીજું હલકાં માણસને સારાં માણસ ઉપર મોટાઇ આપવી, ત્રીજું ખજાનો એકઠો કરવાનોજ લોભ રાખવો. જો તું દીન અને દાનાઇ રાખતો હોય તો બક્ષેશ કરજે, કે તારા ઉપર જુઠાણું ફાવી નહી શકે. જુઠાણું માણસને દલગીર રાખે છે કે જેથી તેનો ચેહેરો રોશન રેહેતો નથી. ખજાનો જાળવીજ રાખવાનો લોભ રાખતો ના, કેમકે તેમ કીધાથીબી રંજ ખમવું પડે છે. ગરીબોને રંજ પોંહોંચાડી ગંજનો લોભ નહી રાખવો. ખેડુતોની કોશેશ અને રંજ છે તે પાદશાહનો ગંજ છે, માટે તેઓની નેઘેબાની રાખવાનો સંભાળ કરવો. ગુસ્સા ભરેલી આંખને મર્દાનગીથી ઢાંકી રાખજે. ગુસ્સામાં કામ કીધાથી આખેર પશેમાન થઇ તેનો ઇલાજ શોધવો પડે છે. જે પાદશાહ થઇને ગુસ્સેમંદ હોય છે તેના ઉપર પરહેજગારો હલકું મત આપે છે. પાદશાહને જે કાંઇ એબ હોય તે દૂર કરવા દીલને સમારી રાખવું જોઇએ, કે જેથી દુશ્મનોને બદગુમાન પેદા નહી થાય. અરે દીકરા! એકસરખી રીતે બક્ષેશ કરવા ઉપર દીલ નહી રાખતાં, આસમાનના દોરની મીસાલે નેક માણસ છે કે બદ તે ઉપર નજર રાખીને બક્ષેશ કરવી સજાવાર છે. જ્યારે જમાનાના દોરથી પાદશાહી સંકટમાં આવી પડે ત્યારે મોબેદોની મશવરત સાથે તારા વીચાર હોય તે જાહેર કરવાને ભુલવું નહી.

"વરસાદના હીંગામમાં શીકારે જવું નહી. શીકાર અને શરાબ એ બંધે રમત એકઠી રમવી નહી. શરાબથી તન ભારી થાય છે માટે બુજોર્ગોએ સંભાળ રાખેલો છે. અગર દુશ્મનની ખબર મળે ત્યારે એ કામથી પાછું ફરવું જોઇયે.

"દરેક પ્રાંતમાંથી લશ્કર જમા કરી આજનું કામ કાલ ઉપર નહી રાખતાં દુશ્મનને દફે કરવો જોઇયે. શેહરના આમ લોક (હલકે વાંધેના)નું બોલવું ખરૂં હોતું નથી. તેઓથી બદ ખબર મળે તેથી ડરવું નહી; હમેંશાં સાહુચેત રેહેવું, પણ છુપી બદી કરનારા બદકારોથી ડરતા રેહેવું. જે શખ્સ તારા ભેદની વાત જાણનારો હોય તેની આગળ પણ ભેદ ખોલીને કેહેતો ના, કાંયકે તેનોબી વળી ભેદુ હોય તેને ખબર થવી ન જોઇયે. તારે મોહોડેથી વાત બાહેર પડે ત્યારે એમ સમજજે કે તે વાત દુનીયાને જાહેર થઈ ચુકી છે. ભેદની વાત તારેજ મોહોડે શેહેરમાં જાહેર થશે ત્યારે દાના લોકનો વીશ્વાસ તારી પરથી ઉઠી જશે અને તુંને નાદાનમાં ગણશે, જેથી તુંને હલકું લાગશે. કોઇની ગીબત તારે કરવી ન જોઇયે, તેમ કરશે તો ગીબત-

ખોર લોક તારીજ ગીબત કરશે, ને તું દાનામાં નહી ખપશે. પાદશાહને તો દાનાઇથી સર્વેનું સારૂં બોલવું જોઇયે. જે કોઇ સારી મનશક્તીનો હોવાની સાથે આકળા સ્વભાવનો હોય અને કોઇની નસીહત નહી સાંભળે એવો હોય તો તેવો શખ્સ તુંને માર્ગ બતલાવનારો (વજીર) હોય તોપણુ તેવાને તારી પાસે બેસાડવો નહી. તું ચાહે કે પરહેજગારો તારી વખાણુ કરે તો તું પાદશાહ થાય ત્યારે કીનો કપટ દીલમાં રાખતો ના. જે કોઇ બુજોર્ગોનાં તખ્ત ઉપર બેસતા આવ્યા છે તેઓ દાના અને યજદાંપરસ્ત છે. વધારે સખુનો બોલતો ના. અને લોકોને દેખાડવાની પરહેજગારી કરતો ના. કોઇ વાત કરે તે સાંભળજે, તેમાં મનપતીજ વાત હોય તે યાદ રાખજે. દાના માણુસો ખરે માર્ગે તારી સાથે કઠણુ શબ્દો વાપરે તો ખુશી થઇને તેઓને નવાજજે. દુરવેશોને ખુવાર કરતો માં; ખુરા વીચારવાળાને તખ્તની પાસે બેસાડતો માં. જો કોઇ ગુનાહની માફી માંગે તો આગલો કીનો હોય તે દુર કરીને માફી બક્ષજે. બક્ષનાર અને ધીરજવાન થઇને સર્વેને દાદ દેજે અને પાલી લેજે. જાણે દુશ્મન આપણી ભાગી બીહીતો હોય એવાં મક્કર કરે તોપણુ તારે તો લશ્કરની તૈયારી કરવા નગારૂં ઠોકાવવું. લડાઇમાં દુશ્મન સુસ્તી કરતો અને હાકેલો માલુમ પડે તેવારેજ તેની ઉપર ધસારો કરજે. જ્યારે દુશ્મન ખરાં દીલથી સુલેહ કરવા માંગે ત્યારે કીનો છોડી દઇ તેની આબરૂ જાળવવા સારૂ જગાત લઇ તેની ઇજત રાખજે. બક્ષેશ, દાનાઇ અને દાદ દીધાથી તું બુજર્ગ અને નામદાર થશે. તું મારો ફરજંદ છે તો તારા બાપના કોલને તારા જાનની સાથે યાદ રાખજે. જેમ મેં ફરજંદીનો હક ગુજારીને કોઇને દુનીયામાં આજાર દીધો નથી તેમ તુંબી મારો કોલ પાલીને ચાલજે, અને મારી નસીહતને બુરી માનતો માં."

આ પછી અર્દેશીર જાણે આધાહી કરતો હોય તેમ ફીર્દોસી તેનાં મુખમાં આ સખુનો મુકે છે કે—"હવેથી પાંચશો વરસ ગુજરી જવા પછીથી તમારી ઓલાદની પાદશાહીની આખેરી આવશે. તારીજ ઓલાદના પાદશાહી ફરજંદ મારો વચન તોડશે. દાનાઓની નસીહત નહી સાંભળતાં વફાદારી અને કોલકરારથી ફરી જશે, બેદાદી, જુલમ અને જફા કરવા કોશેશ કરશે, ગરીબો ઉપર તંગી ગુજારશે, યજદાંપરસ્તોને ખુવાર કરશે, બુરા આકારનો પોશાક પેહેરશે, હારેમનનો ધર્મ પાલશે, જે ભેદ મેં છુપાવી રાખેલો છે તે ખુલ્લો પડી જશે, જે દીનને મેં ધોઇ છે તે ખરાબ થશે. આ મારી નસીહત ખરાબી પામશે. આ મારો મુલુક વેરાણુ થઇ જશે. માટે ખોદા પાસે એવું માગું છું કે દરેક બદીથી ખોદા તે ફરજંદોને પનાહ બક્ષે અને તેઓનું તમામ કામ નેકનામી ભરેલું થાય. તેઓમાંથી જે પાદશાહો દાનાઇ અને દાદવાળા થઇને મારા વચન પ્રમાણે ચાલે તેઓ ઉપર યજદાં સાહેબની અને મારી તરફથી આફરીન હોજો. મારી પાદશાહીને ચાલીસ વરસ ઉપર બે મહીના થયા છે,[1] તેટલાંમાં મેં ૬ શેહેરો બં-

---

૧ ફિર્દોસી અર્દેશીરના અમલની મુદત ૪૦ વરસ અને બે મહિનાની જણાવે છે. મોર્ડમાન મુજબ અર્દેશીરના ૪૧ સિક્કા મળ્યા છે. દર વરસે નવો સિક્કો પડયો હોય તો ૪૦ વરસનો અમલ નકી ઠરે છે. ઉપલગ બે મહિના સિક્કાની બાબતમાં એક આખું વરસ લેખાય છે, જે દરમયાન પાદશાહનો સર્વથી છેલ્લો સિક્કો પડયો હોય. આ ઉપરથી જણાશે કે અર્દેશીરને માટે જેઓ ૧૪ વરસ અને ૧૦ મહિનાનો અમલ (ઇસ્વી ૨૨૬–૨૪૦) જણાવે છે તે અર્દેવાન ઉપરની ફતેહ પછીનો યાને શેહનશાહ થવા બાદનો છે; પણુ તે આગમજ પાર્સના પાદશાહ દાખલ તેણે ઘણાં વરસ અમલ ચલાવ્યો હતો. વળી સિક્કાઓ ઉપરથી એવુંબી જણાય છે કે તેણે પોતાના બાપ બાબકની જોડે પણુ ઇરાન (પાર્સ) નો અમલ ચલાવ્યો હતો, અને તેથીજ બાબકના સિક્કામાં તેઓ બંનેનાં નામો નજર આવે છે. હમ્જા બિન અલ હુસેન બિન અલ ઇસ્ફહાની નામે

ધાવ્યાં છે જેવાં કે—"ખુરરેહ અર્દેશીર," "રામ અર્દેશીર," "હોરમજ અર્દેશીર," "બીરકે અર્દેશીર," અને બગદાદમાં "બનાએ પાદશાહ અર્દેશીર," નામનાં એ શેહેર. હવે બેટા, તું મને તખ્ત પરથી ઉઠાવી તાબુતમાં મેલી દુખમાને હવાલે કર. દુનીયામાં મેં ઘણી રંજ અને મેહેનત ખેંચી છે માટે તું બક્ષેશ કરીને મારા રવાનને ખુશી રાખજે, કે જેથી ફતેહ મેળવતાં તખ્ત ઉપર ખુશહાલી ભરેલો રેહેશે."

ફિર્દુસી લખે છે કે આટલું બોલી અર્દેશીર ગુજરી ગયો.[1]

એક મહમદિયાન તવારીખનવેશે પોતાના જમાના આગમજ થઈ ગયલા એક જરતોસ્તી મુબદ તવારીખ નવેશને આધારે સાસાની પાદશાહોની એક ટીપ આપી છે તેમાં જણાવ્યા મુજબ અર્દેશીરે નાના પાદશાહોને જીત્યા બાદ ૧૪ વરસ અને ૧૦ મહિના રાજ્ય ચલાવ્યું હતું. ફિર્દુસી જણાવે છે કે મરણ વખતે (ઈસ્વી ૨૪૦ માં) અર્દેશીરની ઉમર ૭૮ વરસની હતી. હવે જો તેણે ૧૪ થી ૧૫ વરસ રાજ્ય કર્યું હોય તો તખ્તે આવ્યો તે વેળા તેની ઉમર ૫૩ થી ૫૪ વરસની હોવી જોઈયે. પણ હકીકતો ઉપરથી તેમ જણાતું નથી.

૧ નોયલ્ડેકે મુજબ અર્દેશીર ૨૪૧ ની આખરી યા ૨૪૨ ની શરૂઆતમાં મરણ પામેલો હોવો જોઇયે, કારણ કે તેનો બેટો શાપુર ૨૪૨ ના માર્ચ માસની તા૦ ૨૦ મીએ તખ્તનશીન થયો હતો. પણ સાસાની પાદશાહો હમેશાં જમશેદી નોરોજને દિને યાને તા૦ ૨૧ મી માર્ચને દિનેજ તખ્તનશીન થતા હતા, અને ત્યારથીજ પોતાના અમલનું વરસ ગણતા હતા, અને જો નોરોજની આગમજ એક પાદશાહનું મરણ નિપજતું તો બીજો પાદશાહ મરણના દિવસથી તે નોરોજ સુધીની મુદતને પોતાના અમલનું પહેલું વરસ ગણતો હતો, આમ ડૉ૦ એ. ડી. મોર્ડમાન સાસાની સિક્કાઓના અભ્યાસ ઉપરથી કહે છે. એટલા માટે અર્દેશીર ૨૪૨ માં ગુજરી ગયો હોય અને શાપુર તા૦ ૨૧ મી માર્ચ ૨૪૨ માં તખ્ત નશીન થયો હોય તો બનવા જોગ છે.

અર્દેશીરના રાજ સુધારા, ઇનસાફ અને સખાવત વિશે ફિર્દુસીએ ઘણું લખ્યું છે, પણ તેણે કરેલા મજહબના સુધારા વિશે તથા તેના સિક્કાઓ બાબે કશો ઈસારો કર્યો નથી. ડૉ૦ મોર્ડમાન મુજબ અર્દેશીરના પોતાના પડાવેલા ૪૧ સિક્કા હતા; બે સિક્કામાં તે તેના બાપ બાબક સાથ બિરાજેલો જણાય છે. અમલની શરૂઆતના સિક્કાઓ ઉપરના પેહલવી લેખમાં તે પોતાને "મજદયસ્ની પાદશાહ અર્દેશીર, ઈરાનનો પાદશાહ" એવા એલકાબથી ઓળખાવે છે; પણ ઈરાનની તમામ ફતેહ પછીના સિક્કાઓમાં તે "મજદયસ્ની પાદશાહ અર્દેશીર, ઇરાનના પાદશાહોનો પાદશાહ" એ રીતે ઓળખાયો છે. આ છેલો લેખ તેના ઘણા ખરા સિક્કાઓ ઉપર નજર આવે છે, જેમની બીજી બાજુએ આતશનાં પાત્રાંની આકૃતિ જોડે "અર્દેશીરનું નૂર" એવી મતલબનો પેહલવી લેખ છે.

દીનકર્દ કેતાબ તમામ પેહલવી પુસ્તકોમાં વધારે ભરૂસો રાખવા જોગ ગણાયછે. તેના જણાવ્યા મુજબ જ્યારે અર્દેશીરના જમાનાના બીજા દસ્તુરોએ જરથોસ્તી મજહબનાં ભણતરોને તેમની વેરવાર હાલતમાંથી બચાવી લઈ ભેગાં કરવાનું કામ બિકટ યા અશક્ય ગણીને છોડી દીધું ત્યારે તોસર નામે દસ્તુર પાસે પાદશાહે એ કામ પરિપૂર્ણ કરાવ્યું હતું. બીજાં પેહલવી પુસ્તકો અર્દેશીરને ઘણો પરહેજગાર પાદશાહ લખી ગયાં છે. અર્દેશીરે ૯ શેહેરો બંધાવ્યાં, જોકે ઠેકાણે ઠેકાણે પુષ્કળ આતશખાનાઓ સ્થાપીને અસલી જરથોસ્તી મજહબને બરપા અને તાજો કરવાની બનતી તજવીજો કીધી હતી, અને તેની જોડે વળી મૂર્તિપૂજાનો નાશ કીધો હતો. વળી તે પોતે અસલ અથોરનાન વંશનો હતો; તેનો બપાવો સાસાન પાર્સનાં આતશબેહરામનો વડો હતો. એ કારણોને થકી અર્દેશીરની આસ્થા અશ્કાનીઓના ૫૦૦ વરસના અમલને દરમયાન ભાગી પડેલા પોતાના બાપદાદાઓના અસલ પવિત્ર મજહબને પાછો સજીવન કરવા તરફ દોડે એ કુદતી છે.

બાબ ૨.

શાપુર અને તેના વારેસો.

---:o:---

ફસલ ૧—શાપુર ૧ લો.

ફીર્દુસી કેહે છે કે ખોદાના ઉપર આફ્રીન હોજો કે તે સાહેબે દુનીયા, જમીન, જમાનો અને આસ્માન પેદા કીધાં. નકામાં ઘાસનાં એક તણખલાંથી તે તેની પોતાની અર્શ (કુર્સી) સુધી સર્વે પેદાયશ યજદાનની હસ્તીની ગવાહી આપે છે, વાસ્તે તે સાહેબ વગર કુલે જેહાનને પેદા કરનાર અને છુપી કે જાહેર વાતને જાણનાર બીજો કોઈ નથી.

હવે હું ખોદાતાલાની ન્યાયશ કરીને પાદશાહનાં તાજની સેતાયશ કરૂં છું, કે જેવું તખ્ત માહતાબને રોશની આપે છે. તે સખી પાદશાહ મેહમુદ[૧] છે, કે જેનાથી સખાવતનું નામ મોજુદીમાં આવ્યું. તે બક્ષીશથી, ઇનસાફથી અને દબદબાથી દીલેર છે, અને દુનીયા તેની તાબેદારી કીધાથી ખુશહાલ છે. દબદબાવાળો પાદશાહ નેકીની કદર જાણનારો, યજદાંની શુકર ગુજારી કરનારો, દાનેશમંદ, ખુબસુરત અને ફાજલ, ઉમરે જવાન અને અકલે પીરમર્દ જેવો, જેના ભપકાથી બ્રેસ્પત સીતારાનાં જેવું નુર વરસે છે, તેના સાયા તળે અમે લાડ લડીએ છઇએ. લડાઇમાં આસ્માનને બુમ પડાવનારો, મજલેસમાં ઝવેરાત ફેંકનારો, જ્યારે ગુસ્સામાં આવે ત્યારે પાહાડ ધ્રુજે અને આસ્માન લરજે તેવો, બાપે દાદે (નસલ દર નસલ) પાદશાહી તોખમનો, જેનાથી ખુરશીદ અને માહનું ગુંબજ લાડ ભોગવે છે. જાવેદાન સુધી ભલાઇ સાથે તેની નામદારી રહેજો! તે (પાદશાહ મેહમુદ) થી જે દુનીયામાં મેં નેકનામી જોઇ છે તે દુનીયાથી તેની આખેરી નેક હોજો! પરહેજગારો અને પાદશાહો તેનાથી નાજ ભોગવે છે; તેનાં એકબાલની દોલતથી હવામાં રોશની છે; તેનાં નામદાર તખ્તથી જમીનનો પાયો સલામત છે; લડાઇમાં તે બલાનો હાથી છે; મજલેસની દરમયાન તે વફાદારીનો આસ્માન છે. જ્યારે તે મજલેસમાં બીરાજે છે ત્યારે તેની સખાવતના દરીયાના તમામ મોજા જારી થાય છે, શીકારગાહમાં પાદશાહો તેનો શીકાર થાય છે, ફાડી ખાનારાં તેની પાસે પનાહ માંગે છે, લડાઇને દીવસે તેના ગોર્જના આવાજથી વાઘનું દીલ અને ચીત્તાની ચાંમડી ફાટી જાય છે. તેનું દીલ સખાવત ભરેલું અને સીર ખુશીભરેલું હોજો! તેનાં સર ઉપર તાજ નહી હોય તો દુનીયા ના હોતી!

હવે શાપુરની પાદશાહી બાબે શરાબના શુર સાથે બયાન કરૂં છું.

જ્યારે શાપુર તખ્ત પર બેઠો ત્યારે તેની આગળ મોબેદો અને બુજોર્ગોનું અનજુમન હાજર થયું, જેઓને શાપુરે કહ્યું કે "અર્દશીરનું પાક ફરજંદ હું છું, માટે તમામ નામદારો મારાં ફરમાનને તાબે થજો. મારા કોલથી માથું ફેરવતા ના. આ હું જે કહું છું તેની જોસ્તેજોઇ કરો. અગર ખોટું બોલતો હોઉં તો મને નસીહત કરજો. હાલમાં ફાયદા ભરેલી અને નુકસાની ભરેલી બધે બાબત મેં તપાસેલી છે તે તમોને કહું છું—દુનીયાની નેગેહબાની કરનાર પાદશાહે દાદ ઇનસાફ અને અકલ રાખીને સર્વેનું ભલું ઇછવું જોઇયે, જેથી તે પાદશાહનું દીલ હમેશાં ખુશી ભરેલું રેહે છે. બીજું, અજમાયશ

---

૧. મેહમુદ ગજનવી. એ મહમદિયાન પાદશાહે ફિર્દુસીને શાહનામું બનાવવાનું કામ સોંપ્યું હતું. જુઓ આપણા શાયરની જીંદગીનો પાછલા સફાઓમાં આપેલો હેવાલ.

ફ્રીધેલી અકલથી ખોદાના શુકરાના કરવા. ખુશી ભરેલા દાના મર્દ તેઓજ છે કે જેઓ ખોદાના શુકરાના કરે છે. તેવા અકલમંદ માણસો પાદશાહીને લાયકના છે, અને તેઓની અકલની આગળ સુનું કંઇજ ક્રીમત ધરાવતું નથી. તવંગર તેઓજ છે કે જેઓ ખોદાનાં આપેલાં ઉપર રાજી રહીને શુકરાના કરે છે; અને લોભી માણસ પોતાનાં દીલના ધુમાડાથી પોતાનાં ઘરને અંધાધલું કરે છે. જેને લોભ વધારે છે તેને દલગીરી પણ વધારે છે, માટે તમો નામદારો લોભનો મેવો મેળવવાની કોશેશ કરશો નહીં. આસાયશ અને નેકનામી મેળવવાના હો તો નાપાક અકલના લોભી માણસથી દુર રેહજો. જે અકલથી ભાગ્યશાળી નહી હોય તે બીજાની ચીજ લઇ લેવા માટે હાથ લંબાવે છે. મને તમો નામદારો ઉપર એટલા સારૂં વધારે મેહરબાનગી છે કે આસ્માનના તારા વટીક તમો વર્ત્તી બતાવો છો. જે રસમ અર્દશીર પાદશાહની છે તે હું તમારી સાથે બજા લાવીશ. લશ્કરને થોડુંક આપવા સારૂં દર ત્રીશ દેરમે એક દેરમ લેખેથી વધારે કર ખેડુતો પાસેથી નહી લઈશ. મારી પાસે ખુબી અને ખજાનો ભરપુર છે, તેની સાથે હું દીલેરી, મર્દાનગી અને નેક બુનીયાદ પણ ધરાવું છું. કોઇની કાંઈ ચીજ લેવાની મને હાજત નથી કે કોઇની ચીજ લીધાથી જે દોસ્ત હોય તેને હું દુશ્મન કરૂં. તમોને મારી નજદીક આવવા સારૂં મેં માર્ગ ખુલ્લો મેળવ્યો છે, માટે આપણે દાદ ચાહનારા લોક ઉપર મેહેરબાની કરીએ અને દુનીયાનું કામ સારી સંભાળથી ચાલે છે કે નહી તેની તપાસ કરવા સારૂં દરએક પ્રાંતમાં હુશીયાર કામદારને મોકલીયે. આપણુને દુઆ સીવાય હવે બીજું કાંઇ જોઇતું નથી, માટે એવું કરવું જોઇયે કે દુનીયાનાં લોક આપણે સારૂં ખોદા પાસે દુઆ માંગે."

આ વાત સાંભળીને તમામ નામદારોનું બાધલું મોટું અનજુમન શાપુરના ઉપર આફ્રીન કરીને બરખાસ્ત થયું.

શાપુર[1]ને પાદશાહી સોંપીને અર્દશીર ગુજરી ગયો, તે વખ્તે તેનું તખ્ત નકામું છે એવી ખબર ફેલાયાથી દરેક મુલકથી લશ્કરની બુમ આવવા લાગી.[2] રૂમના કએસરનાં લશ્કરનો સરદાર બજાનુસ નામનો ફીદાફે અને પાલુઇનેનું લશ્કર લઇ લડવા આવ્યો. તે વાતની ખબર શાપુરને થવાથી કેરશાસ્પ નામના સરદારના હાથ નીચે લશ્કરની ગોઠવણ કરી પાલુઇના તરફ રવાના થયો. બંધે તરફથી નગારાંના પોકાર થઇને પાલુઇનાનાં મેદાનમાં લડાઇ ચાલી. બંને લશ્કરને એકસરખી રીતે ઘણી મારામારી થયાથી અંતે શાપુરનાં લસ્કરે આગળ વધી ધસારો કીધો, જેથી જમીન ધ્રુજવા લાગી, હવા ગીર્દથી ભરાઈ ગઇ, હાથી

---

૧. આ પાદશાહે ૨૪૦ થી ૨૭૧ સુધી અમલ ચલાવ્યો હતો.

૨. શાપુરનું તખ્ત "નકામું" કાંય હતું તે ફિર્દુસી જણાવતો નથી. રૂમી લખનારાઓ મુજબ તખ્તે બેઠો તે વેળા શાપુરની ઉમર માત્ર ૧૪ વરસની હતી, અને તેથી તેના જેવા એક છોકરવન પાદશાહને જીતી લેવાનું સહેલ સમજીને પ્રથમ આર્મિન્યાના રાજાએ સ્વતંત્ર થવા માટે બલવો ઉઠાવ્યો. પણ આ વેળા શાપુર ખરેખર આટલો નાદાન હોય એમ લાગતું નથી. ફિર્દુસીએ આપેલો હિસાબ ખરો હોય તો તખ્તે બેસતી વેળા શાપુરનું વય ૨૭ વરસનું હતું. શાપુરે અર્મોનીઓ સામે લડવા જઇ તેમનો બલવો બેસાડી દીધો. એ પછી અલ-હદ્ર અથવા હાત્રાના રાજા માનીજને સ્વતંત્રતાનો ઝુંડો ઉઠાવ્યો, એટલુંજ નહિ પણ ટૈગ્રીસ અને યુફ્રેટિસ નદીઓ વચેનો મેસોપોટેમ્યાનો મુલક તેઓએ હાથ કીધો. હાત્રાનો કિલ્લો એટલો મજબુત હતો કે રૂમી શેહનશાહ ત્રેજન વટીક તે લેવા પામ્યો ન હતો; પણ શાપુરે એ કિલ્લો હાથ કીધો તથા રાજા માનીજનનો તમામ મુલક લઈ મુકયો. આથી મેસોપોટેમ્યાનો પ્રાંત જે આગળ રૂમીઓના તાબામાં હતો તેબી શાપુરના કબજામાં આવ્યો. પણ આથી તો રૂમીઓને માઠું લાગ્યું, અને તેઓએ શાપુર સાથ એ પ્રાંતને થકી લડાઈ બરપા કીધી.

ઉપરની કરનાએના☞ પોકારનો અને ઘોડાની દોડાદોડનો બે માઇલ સુધી આવાજ સંભળાવા લાગો. ડાહપણુ ભરેલી જુબાનથી નામદારો યજદાનનું નામ લઈને લડયા તેથી બજાનુસ કેદ પકડાયો. રૂમીના દશ હજાર માણુસો કતલ થયાં અને સોલશો માણુસ કેદ પકડાયાં, ત્યારે કએસરે શાપુર તરફ પેગામ મોકળી કેહેવાડયું કે "દુનીયાને વાસ્તે તું આટલી બધી ખુનરેજી કરે છે તો કેયામતને દીવસે ખોદા પુછશે તેનો જવાબ શું દેશે? અને મારી કેમ મેળવી શકશે? હવે હું જે કાંઇ છે તે જગાત મોકળું છું, અને તારાં ફરમાનને તાબે થાઉંછું, જેની ઓળમાં મારા કેટલાક ખેશાવંદોને આપું છું. તે ઉપરાંત તારે વધારે માંગવું નહી, અને પાલુઇનેથી તારે પાછું જવું સજાવાર છે."

કએસરે શાપુર પાસે જગાત મોકળી, જે મધે દશ ગાયનાં ચામડાંના થેલા ભરીને સુનું અને રૂમી દીનાર સાથે બીજી ઉમદા ચીજો, રૂમી ગુલામો, લોંડીઓ વગેરે મળી એક હજાર નફર, અને ભારી કીમતનું રેશમી કાપડ તો શુમાર વીનાનું હતું. શાપુર પાલુઇનામાં સાત દીવસ ગુજારીને રૂમથી પાછો ફર્યો અને હવાજમાં જઇ ત્યાં "શાપુર" નામનું એક શેહેર વસાવ્યું, તથા ખોજીસ્તાનમાં રૂમનાં કેદીઓને રાખવા "કુદે શાપુર" નામે એક શેહેર વસાવ્યું, અને છેલે એક પુરાણા કીલ્લાનું શેહેર આબાદ કરી તેનું નામ "નીશાપુર" કરીને રાખ્યું. શાપુર જ્યાંબી જતો ત્યાં બજાનુસને સાથે રાખી તેની મશવરત લેતો. શોસ્તર શેહેરમાં એક પોહોલી નદી હતી તે ઉપર પુલ બાંધવા સારૂં બજાનુસને શાપુરે હુકમ કીધો કે રૂમના કારીગરોને લાવી જેટલો ખર્ચ લાગે તેટલો ખજાનામાંથી લઇ પુલ બાંધી તૈયાર કરીને પછી તું જીવે ત્યાં સુધી તારે ઘેર (રૂમમાં) જઇને રેહેજે. બજાનુસ ત્રણ વરસમાં પુલ બાંધી તૈયાર કરી આપીને પોતાને દેશ જઇ રહ્યો.[1]

ફસલ ૨—હોરમજદ ૧ લો.

જ્યારે શાપુરની પાદશાહીને ત્રીસ વરસ અને બે મહીના ગુજરી ગયા ત્યારે તેણે પોતાના બેટા હોરમજદને બોલાવીને કહ્યું કે "મારો તેજીભરેલો ચેહેરો ઝાંખ મારવા લાગોછે. હવે તું હુશીયારીથી પાદશાહી કરજે અને હમેશાં દાદનો સરદાર થજે. જો તું

---

૧. રૂમીઓ સાથની લડાઇ બે મરતબે ચાલી હતી. પહેલી લડાઇઓમાં શાપુરની શિકસ્ત થવાથી તે મેસોપોટેમ્યાનો પ્રાંત પડતો નાખીને ટેસિફન (મદાઈન) પાયતખ્ત ખાતે પાછો ફર્યો હતો. આ પછી ૧૪ વરસના ગાળા બાદ બીજું યુદ્ધ જાગ્યું, અને એજ યુદ્ધને દરમયાન રૂમી શેહનશાહ વેલેર્યન, જેને ફિર્દુસી બજાનુસ સરદારને નામે ઓળખાવે છે, તે કેદ પકડાયો. વેલેર્યન ૬૦ વરસનો જૈફ, પણુ નેક અને નીતિમાન સિપાહ બચ્ચો હતો. શાપુરે પ્રથમ મેસોપોટેમ્યા જીતી લઈને પછી છેક એન્ટીયોક સુધી દોડી પહોંચી રૂમીઓનું એ મુખ્ય શેહેર પણુ હાથ કીધું. વેલેર્યને આ શેહર પાછું તાબે કીધું, પણુ લડાઇમાં તે હાર્યો અને કેદ પકડાયો. તેનાં તખ્ત ઉપર શાપુરે પોતાની તરફથી સિરિયેડિસ નામે એક સરદારને બેસાડયો. આ રીતેનો રૂમીઓ ઉપર શાપુરે કાબુ મેળવ્યો. આ ફતેહ પછી ઇરાની પાદશાહ રૂમીઓનાં એન્ટિયોક, કયસરિયા, અને ટુકમાં એશિયા મૈનર દેશનો ધણી થઇ બેઠો. તેને માત્ર એકજ નાના રાજાથી ખમવું પડયું, અને તે પાલ્મીરાવાળો ઓડિનેથસ નામનો હતો. તેની દોસ્તી કબુલ નહિ રાખીને શાપુરે તેને તાબે કરવા માંગ્યો, જેથી એ રાજાએ શાપુરને ઉપલી સઘળી ફતેહો કરીને પોતાના પાયતખ્ત ખાતે પાછો ફરતાં ઘણો હેરાન કીધો. પકડાયલા શેહેનશાહ વેલેર્યન સાથ શાપુર ઘણી સારી રીતે વર્ત્યો હતો, અને પોતે કોરાવેલા પહાડી લેખોમાં તેને "આચાર્યોનો આચાર્ય" કહ્યો છે. તેની દેખરેખ હેઠળ બંધાવેલા પુલને શાપુરે "બંદે કયસર" નું નામ એ રૂમી શેહનશાહની યાદગારીમાંજ આપ્યું હતું.

પાદશાહીની ઉમેદ રાખતો હોય તો રાતદીન જમશેદનું દફતર વાંચ્યા કરજે. દુનીયામાં દાદ દેજે અને ખુબી કરજે. ગરીબોને આશરો આપજે, અને તવંગરોની આગળ સુર્ખરૂ રેહેજે. દીનારથી થોડોજ લાડ પાળજે અને દીનાર બક્ષતો રેહેજે. તેજ પ્રમાણે ઈનસાફ આપીને બરકત ભરેલો રેહેજે. જો તું ચાહે કે તારૂં એકબાલ તારી મદદે પોંહોંચે તો કમઆજાર લોકો ઉપર ભારી આવાજે બોલતો ના. જેમ અર્દશીરની નસીહતોને હું યાદ રાખુંછું તેમ મારીને તું યાદ રાખજે."

એટલું બોલ્યો કે તેનો ચેહેરો જર્દ થઇ ગયો અને તે મરણ પામ્યો.[1]

અહીં શાયર લખેછે કે—આ ત્રણ પાંચ દીવસની દુનીયા સારૂં અભીમાની ના થા. આખરે તંગ તાબુત તારી પાંતી આવશે. તારી મેહેનતથી મેળવેલું જે હશે તે કોઇ નાલાયક ખાઇ જશે, અને તારાં ફરજંદો કે સગાંવાહાલાં હશે તે તારી યાદબી નહી કરશે, અને તારો વારસો ખાવાને બદલે તને ગાળ દેશે. માટે યજદાંની તરફ રજુ રહીને કામ કર કે તે સાહેબ રોજી આપશે અને રેહનુમાઇ કરશે.

હવે હોરમજદ પાદશાહનાં તખ્તને (યાને તેની પાદશાહીને) હોરમજદ માહ (દએ માહ) ની મીસાલે આરાએશ આપુંછું. તેનો જમાનો લાંબી મુદત સુધી ચાલી શકયો નહી, તેથી કંઇ જાણવાજોગ વાત બની નહી. જ્યારે હોરમજદની પાદશાહી ચાલી તે વખ્તે વાઘ અને બકરી એક હોવાડે પાણી પીતાં હતાં.

હોરમજદે સરદારોને બોલાવી ભાષણ કીધું કે—"જેઓ બાપની નસીહત મુજબ ચાલે તે જેવા ખુશી ભરેલા બીજા કોઈ નહી હશે. નેકી બક્ષનાર યજદાનના ફરમાન મુજબ મારા બાપે મને નેક નસીહતોની સાથે પાદશાહી બક્ષેલી છે, તેમ ચાલવાને હું કોશેશ કરૂંછું. તમોને એકમળતા રહી નેક માર્ગે ચાલવાને ખુલાસો કરી કહું છું કે કંઇબી ભેદની વાત મારેથી તમારે છુપાવી રાખી કામ કરવું નહી. અગર કોઈ સરકશી કરશે કે જેથી સરદારોનાં દીલ દુખાશે તો તેની ઉપર લડાઇ ચાલશે, જેથી તે હમેશા તોહમતદાર અને કંગાલ હાલતમાં રેહેશે, અને તેનું એકબાલ તેનો ધીકાર કરશે. બીજું એજે જો કોઇ દરેક કામમાં સુસ્તી કરશે તો તેની જીંદેગાની અને રોજી તંગ હાલતમાં આવી પડશે. જે લોભી માણુસ હોય તે નીચ હોય છે, તેવાની પાસે જવું નહી. જેનામાં અકલ નહી હોય તેવાને પાળવો નહી. દાનેશમંદ આદમીઓથી હમેશ પાદશાહીનું તખ્ત કાયમ રેહેછે, માટે તમારૂં દીલ અકલમંદી અને હોશીયારીથી રોશન હોજો, અને બને ત્યાં સુધી હરગેજ બદીની કોશેશ ના કરશો. પાણીને જેમ જમીનની સાથે સંબંધ છે તેમ અકલની સાથે નેકીનો સંબંધ રાખવો. પાદશાહ દીલમાં દયા નહી રાખે અને તેથી તેનું દીલ દુઃખી થાય તો તેની અજાયબી નથી. જેઓ મારા હાથ નીચે તાબેદાર છો તેઓ તમામ યજદાંપરસ્ત અને ખુશી ભરેલા હોજો! અને ખોદાની ખુશનુદી મુજબ ચાલ-

---

[1] શાપુરે પોતાના ૩૦ થી ૩૧ વરસના અમલમાં ૩૧ સિક્કાઓ પડાવ્યા હતા, જે ઘણાખરા અર્દશીરનાં પાછલાં વરસોના સિક્કાઓને મલતાજ હતા. તેણે ઘણાંએક શેહેરો વસાવ્યાં હતાં, તથા પર્વતો ઉપર પોતાની ફતેહના ચિતારો તથા લેખો કોતરાવ્યાં હતા. પોતાના બાપની પેઠે તેણે વળી જરતોસ્તી ધર્મનાં ભણતરો ભેગાં કરાવ્યાં હતાં, તેમજ અસલી ઇરાની, હિંદી, યુનાની અને રૂમી ગ્રંથો ઉપરથી વિધા હુનરનાં પુસ્તકો રચાવ્યાં હતાં, જેમાં શુદ્ધ વરસની ગણત્રી, ભૂગોળ, ખગોળ, નજુમ, વૈદું વગેરે વિધાઓ દાખલ કીધી હતી. આ સર્વનું તેમજ ધર્મ સંબંધી લખાણોનું એકેકું દફતર પાદશાહી દફતરખાનામાં મુકવાનો તેણે હુકમ આપ્યો હતો. એ પાદશાહના અમલમાં માની નામે એક ઠગારો પેગામ્બરી દાવો કરી નિકળ્યો હતો, જે ઉપરથી તેની જોડે જરતોસ્તી દસ્તુરોની મજલસ બનાવીને શાપુરે દીનની બાબતમાં તકરારો બરપા કરાવી, જેમાં તેની હાર થવાથી પાદશાહે તેને દેશનિકાળ કહાડયો હતો.

વાની અકલ તેઓની મદદગાર હોજો ! અકલમંદ અને પરહેજગાર લોકો વાજબીની રીતે પાદશાહની સામણે કઠણ શબ્દો વાપરે તો તે સખુનોને નબળા નહી સમજવા જોઇયે; અગર ગેરવાજબી નબળા સખુનો વાપરે તો તે સાંભળવા નહી. અગર ભેદની વાત પાદશાહને કેહેવી હોય તો રૂબરૂ જાતે જઇને કાનમાં કેહવી; નહી તો પેલા દાના માણસે કહેલું છે કે ભેદની વાત સાંભળવાને દીવાલને બી કાન હોય છે, તેમ નહી થવું જોઇયે."

આ નસીહતની વાતો સાંભળીને તમામ અનજુમને પાક દીનના પાદશાહ હોરમજદ ઉપર આફરીન કીધી. શાપુર અને અર્દશીરની રસમ પ્રમાણે હોરમજદ એક વરસ અને બે મહીના પાદશાહી ભોગવીને ગુજરી ગયો.[1]

હોરમજદે પોતાનાં એવાનમાં એક સભા મેળવી અને પોતાના બેટા બેહરામને બોલાવીને ફરમાવ્યું કે "અએ પાકજાદ દીકરા ! હવે હું નાતવાન થઇ ગયોછું. મારાં મોહોડાંનો અને બાલનો એકસરખો રંગ થઇ ગયો છે. સરવનાં ઝાડના જેવો સીધો મારો કદ હતો તે વાંકો વળી ગયોછે, અને તેનો રંગ ગોલાબના ફુલ સરખો હતો તે પીળો મારી ગયો છે. માટે તારો પાદશાહ થવાનો દીવસ આવે ત્યારે જેહાનની નેઘેબાની અકલમંદી અને બેઆજારી સાથે કરજે. ગરીબની દાદ લેજે; સીતમગારો માફી માંગે ત્યારે માફી બક્ષજે. જો તારાં તાજને રોશની ભરેલું રાખવા ચાહતો હોય તો જુઠું બોલતો માં. તારો જાન અકલમંદ હોજો ! તારો વજીર શરમ હોજો ! તારૂં બોલવું મીઠાસ ભરેલું અને આવાજ નરમ હોજો ! ખોદા ફતેહ બક્ષનાર તારો મદદગાર હોજો ! દુનીયાનાં લોકો તારાં ફરમાંબરદાર હોજો ! કીનાથી દુર રેહેજે અને લોભનો તાબેદાર ના થતો. ચુગલીયા, બેઅકલી અને ફરેબખોરા માણુસોને પાસે ના રાખતો. નાદાન, નહી કેળવણી લીધેલાથી બદી સીવાય બીજું કંઇજ થનાર નથી, માટે તેવાઓની તરફ જોતોબી માં. વગર શરમના અને ઘણું બોલનારને કોઇ આબરૂવાળામાં ગણતું નથી. તેઓને તુંબી તેમજ સમજજે. અકલને ભલી ચીજ જાણજે અને ગુસ્સાને તાબેદાર કરી રાખજે. ડાહ્યા માણસો સાથે તેજીથી વાત ના કરતો. લોભને દીલમાં રાખતો મા, કાંયજે લોભ રાખનારને ગુસ્સો, ભય અને લાલચ રાખવી પડે છે. ધીરજ અને રાસ્તી રાખવા સારૂં દીલમાં ખોટા વીચાર અને નારાસ્તી ભરેલા વસવસા હોય તે દુર કરજે. તુંને બદનામી મળે તેવાં કામ કરતો માં, કાંયજે બદનામીવાળા માણસોની નેક મુરાદ હાંસલ થતી નથી. અકલનો માર્ગ છોડતો માં, નહી તો પશેમાન થયા વીના રેહેશે નહી. રાસ્તીને માર્ગે ચાલશે નહી તો તારૂં કામ રાસ્ત ઉતરવામાં ઢીલ થઇ પડશે. ગુસ્સો ખમનારા ગુસ્સાને મનપર લાવતા નથી. ગુસ્સો ઉપજાવનારી ચીજપર નજર પડે છે ત્યારે તેઓ અખાડા કરી ચશમ ઢાંકે છે. તેઓ કયાં સુધી ખમેછે કે તેઓની તનદોરસ્તીનો બીગાડો થઇ પડે છે. પાદશાહને બે રસ્તા ઉપર અકલનાં દલાલ રાખવા જોઇયે. એક એ જે હરેક કામમાં તેજી વધારે નહી રાખવી, તેમ સુસ્તીબી વધારે નહી રાખવી. એવી મધ્યમ અકલ નેક માર્ગ બતલાવનારી અને તારા જાનને રેહનુમાઈ કરનારી હોજો ! તારી હજુરમાં ચુગલ્યા માણસને આબરૂ ના આપતો અને તે વાતની સંભાળ રાખજે. અગર તુંને પાદશાહીનું માન

---

૧ પાદશાહ હોરમજદના અમલની મુદત સર્વે લખનારાઓ મુજબ ટુક હતી, તોપણ તેણે "પેહલવાન" નો એલકાબ મેળવેલો છે. એનું કારણ એ કે તેણે પોતાના બાપ શાપુરના અમલમાં રૂમીઓ સાથની લડાઇ વેલા ભારી બહાદુરી બતાવી હતી. બાપની હયાતીમાં તે ખોરાસાનનો હાકમ નેમાયો હતો.

કારનામામાં હોરમજદના સંબંધમાં જબરૂં ગોથું જણાય છે. તેમાં શેવટે હોરમજદ વિશે જે સ્તુતિ ગાવામાં આવીછે તે અર્દશીર અને શાપુરને વધારે લાગુ પડતી છે.

આપીને ચાલતો હોય તોપણ દુશમન સાથે દોસ્તી ના રાખતો. અગર તું મોટો અથવા નાધલો હોય તોપણ કોઇથી ડગાતો માં. દીલમાં બુરો વીચાર રાખતો માં, કેમકે બુરૂં વીચારનારનું બુરૂં કામ થાય છે. અગર કોઇ સરદાર વચન તોડશે તો તમામ અનજુમનમાં તેની હસી થશે. કોલકરારનો સંભાળ રાખનાર અક્કલમંદ માણુસ હોય છે, કેમકે કોલ પાળવાથી તે પોતાના જાનને આરામમાં રાખે છે. ત્રણ પાંચ દીવસની દુનીયા સારૂં ખજાના ઉપર મધન ના રેહેતો. અકલમંદ માણુસની મશવરત વીના તારીજ અકલ મુજબ કામ ના કરતો, તેમજ વળી આગળા પાદશાહોની રસમ છોડતોબી ના. તારી પાસે પુરતું લશકર હોયા વગર લશકરનો ડર દુશમનને બતલાવતો માં. તારૂં નબળું ઇછ્વા ફોકટ વખાણ કરનાર તારી વખાણ કરતો હોય તો તેને પાસે રાખતો માં. અગર કોઇ ગુસ્સાને ખાઈને ઉંધાઈ જશે તો તેની તનદરોસ્તીનો વધારો થશે, પણ તેમ ન કરતાં ગુસ્સાને તાબે થશે તો દલગીર થશે. તારાં દીલની કમાનના અખ્તીયારમાં તારી જબાનના તીરને સોંપેલો છે, તેને રાસ્તીને હાથે કરી જ્યાં ગમે ત્યાં ફેંકજે, યા તારાં દીલના વીચારને અને જબાનના સખુનને પ્રથમ અકલ સાથે એકમળતા રાખી ગમે તેમ બોલજે. જેનાં મગજમાં અકલ નહી હોય તેના વીચાર અને બોલવું બેહુદું હોય છે. જેવારે તું છુપી વાત કરવા બેશે તેવારે અનજુમનમાં ના કરતો. અગર તારા વીચાર અજમાએશ કીધેલા હશે તો દીનપર દીન તારી અકલનો વધારો થશે, અને તારૂં દીલ દુશમનની ધાસ્તીથી વધારે સાહુચેત રેહેશે. જેનો આગેવાન લોભ થશે તેનું કામ કદી સુધરવાનું નથી, એમ ખચીત જાણુજે. અગર તારો દોસ્ત તુંને તાજગી ભરેલો જોશે તો તે પોતે વધારે ખુશી થવાનો, પણ તું તો તારા દુશમનની તરફ કરડી નજર રાખજે, કે જેથી તેના ચેહેરાનો રંગ ઉડી જાય. ગરીબ લોકોને જેમ તુંને ગમે તેમ બક્ષજે, અને તારો ખજાનો છે તે ગરીબ લોકોને વાસ્તેજ છે એમ જાણુજે. બનતાં સુધી તારાં દીલમાં અદેખાઇ રાખતો માં, કેમકે તેથી દીલને દુખ પેદા થાય છે. જેવારે પાદશાહ અદેખાઇ કરે છે તેવારે પરહેજગારો તેને શીખામણ દીએછે. મને તો એવું ગુમાન હતું કે ઘણાં વરસ પાદશાહી ભોગવીશ, પણ એક વરસ અને બે મહીનાથી વધારે મુદત પાદશાહી કરવાનું મારાં નસીબમાં નથી. હવે મારો વખ્ત પુરો થયો છે માટે પાદશાહીની કમર તુંને બાંધવી જોઇયે."

આ બધી શીખામણ મુનશીએ લખીને વજીરની આગળ મેળી. પછી પાદશાહે એક ઠંડી આહ મારી કે તેના લાલ ગાલ પીળા થઇ ગયા, જેથી બેહરામ ઘણો દલગીર થયો અને તેણે ચાલીશ દીવસ સુધી બાપનો શોક પાળ્યો.

જ્યાંસુધી ફરતો આસ્માન છે ત્યાંસુધી કોઇ વખ્ત ખુશી તો કોઈ વખ્ત નાખુશી ચાલ્યા કરવાની. દએ મહીનાના હોરમજદ રોજની રાત થઈ. હવે બોલવાથી આરામ પામીને શરાબની જામ ઉડાવો.[1]

---

૧ શું ફિર્દુસી દએ મહિનો અને હોરમજદ રોજને જમશેદી નોરોજનો દિવસ ગણતો હશે? તેના જમાના આગમજ કસરવાળાં ઈરાની વરસને બહારની ફસલ ઉપર લાવીને બરાબર ગણત્રીનું કરવા માટે અનેક તજવીજો થઈ હતી, જેની પોતાને ખબર હોવાથી ઉપલા મુબારક દિવસે આપણા શાયરે કામકાજ છોડી દઈ મોજમજાહમાં વખ્ત ગુજારવાની ખાહેશ જાહેર કીધી હશે? અથવા શું દએ મહિનો ને હોરમજ રોજે પાદશાહો તખ્તનશીન થતા હતા, તે દિવસ આવી પુગવા ઉપરથી શાયર આ ખુશહાલી જાહેર કરેછે?

ફસલ ૩—બેહરામ નામના ત્રણ પાદશાહો.

બેહરામ ૧ લો.

હવે હું બેહરામનાં તખ્ત અને તેના કારોબારને વીષે બોલું છું, કે જેની પાદશાહી લાંબા દીવસ રહી શકી નહી. જ્યારે તે તખ્ત ઉપર બેઠો ત્યારે તેનું દીલ અને ભેજું બાપના મોતના ગમથી તપ્યા કરતું હતું. તેથી તમામ ઈરાનના સરદારો કમર બાંધીને માતમ કરતા બેહરામની આગળ ગયા અને દુઆ માંગીને કહ્યું કે "કેયાનીઓનું તાજ તુંને સજાવાર છે, કાંયજે બાપેદાદે પાદશાહી તારીજ છે. તારા બાપના ગુજરવાથી તારા જાનને જે ગમ પેદા થયો હોય તે દુર હોજો, કે જેથી તારા દુશ્મનોનાં મોહડાં કાલાં થાય."

બેહરામે જવાબ દીધો કે—"અએ બુજોર્ગો, લશ્કરના સરદારો અને પેહલવાનો! શું રૈયત કે શું મારા ખીદમતગારો, તમો બદી તરફ હાથ લાંબો કરતા ના. તમો જુવોછો કે આ નાપાયદાર રાખનાર જમાનો કોઇની બરાબર રીતે પરવશી કરી જાણતો નથી, માટે તમો સઘળા લોભનો હાથ બાંધી રાખજો અને લોભને તાબે થતા માં. જે કોઇ બદકામ કીધાથી પરહેજ રહી પોતાનાં તનને બદીથી દુર રાખશે તે આ દુનીયામાં પોતાના દીવસો ખુશી ભરેલા ગુજારશે, એટલુંજ નહી પણ મોતને વખ્તેબી તે બેશીકર રેહેશે. જે ખજાનો પરહેજગારોને નવાજવામાં આવતો હશે તે ખજાનો પાદશાહના હાથમાં જાવેદાન સુધી નકી રેહેશે. જે પાદશાહ દીનને પોતાનાં સરનું તાજ કરી સમજતો હશે તે પાદશાહનું તન દીનની પોસ્તોપનાહી કરશે. તે માણસને ખુશહાલ જાણવો કે જે ગુસ્સાની વખ્તે વધારે હુશીયારી રાખે. કોઇને આજાર નહી પોંહોંચાડે તે માણસનું દીલ તંગીને વખ્તેબી ખુશી અને સખાવતભરેલું રેહે છે, માટે તેવા માણસની આબાદી વીનાની દુનીયા ના હોતી. તેવા દાના માણસો જ્યારે દુશ્મન ઉપર ગાલેબ થાય છે ત્યારેજ તેને પાયમાલ કરી નાખે છે. નામદારોને લાજમ છે કે લડાઇ કરવા સારૂં કંઇબી બહાનું નહી શોધતાં તે વાતની પરહેજ રાખવી જોઇયે. લશ્કરનું, રૈયતનું અને પાદશાહી લડાઇનું, એ ત્રણે કામો બીકટ છે. જેઓ એ કામથી ગફ્લતમાં રેહેશે તેઓ પશેમાન થયા વના રેહેશે નહી. તમે બુરાં કામ કરશો અને મોહોડે નેક પુકારશો તેથી તમારી વખાણ તો થનાર નથીજ, પણ સારૂં બેહસ્તબી નહી પામશો. તમો સઘળા નામદારી અને નેકી કરજો, અને નેકી કરનારાઓનાં દીલ ના દુખવતા. મારી પાસે ખજાનો અને દીનાર પુષ્કળ છે, તે સાથે બુજોર્ગી, પાદશાહી, અને બાજુની કુવત પણ છે, માટે તમારી પાસે જે હોય તે તમેજ ખાજો; અને તમો જુવો કે કોઇ પાસે ઘણો ખજાનો હતો, પણ હવે કંઇજ નથી, તો મારા ખજાનાંમાંથી આપીને તેની હાજત પુરી પાડજો."

આ વાતને લાંબી મુદત થઇ ગયા બાદ બેહરામનો વખ્ત આવી પોંહોંચ્યો ત્યારે તેનો બેહરામ નામનો એક દીકરો હતો, તેને બોલાવી કહ્યું કે "ઘણા દીવસ જીવીને પાદશાહી કરવાનું મને તો સુખ મળ્યું નથી, પણ તારો જમાનો મુબારક હોજો. બંદગી અને વૃદ્ધી કરતો રેહેજે. રાત દીન હશી ખુશીથી રેહેજે. એવી રીતે ચાલજે જે કયામતને રોજે ખોદા પુછે ત્યારે શરમાવું નહી પડે. દાદ ઇનસાફથી દુનીયાને આબાદ રાખજે. આલમનાં લોકનું દીલ ખુશ રાખજે, કાંયજે દુનીયામાં કોઇ જાવેદાન સુધી રેહેતું નથી, પછી શું પાદશાહો કે શું વજીરો."

ત્રણ વરસ, ત્રણ માસ, અને ત્રણ દીવસ રાજ ભોગવીને બેહેરામ તખ્ત છોડી, પોતાના

દીકરા બેહરામ બીજાને પાદશાહી આપી મરણ પામ્યો,[1] અને તેને દોખમે ચહડાવ્યો.

અહીં શાયર ફીર્દુસી તુસી કેહે છે કે તું આસ્માનના ચક્રનો એ સીતમ છે એમ ના જાણતો. એ તો માણસના દમમાંથી પવન નીકળી જાય છે, તે વીના બીજું કંઇજ નથી. જ્યાં સુધી આસ્માન ચક્ર ખાતો રેહેશે ત્યાં સુધી એજ પ્રમાણે ચાલ્યા કરતું રેહેવાનું. ત્યારે એ વાતથી અંદેશો કરી દીલને દુ:ખી શા માટે રાખવું જોઇયે? જીવવાની ખાહેશ ગમે તેટલી તું રાખે પણ મરવા વીના છુટકો નથી; ત્યારે તો હું શરાબની જામ અને એક સરવના જેવાં કદ અને રૂપાંનાં જેવાં બદનની માશુક ચાહું છું કે જેથી દીલ આરામ પામે.

બેહરામ બીજો.

હવે બાપના શોકમાં બેહરામે ૪૦ દીવસ સુધી માથાં ઉપર તાજ મેલ્યું નહી, તેથી હુશીયાર પેહેલવાનો માતમની ફરીયાદ અને શોર કરતા બેહરામની આગળ જઇ બેઠા. તેમાંથી એક મોબેદે સાત દીવસ સુધી પાદશાહને દેલાસો દઇ સમજાવ્યો ત્યારે કેયાનીઓની રસમ પ્રમાણે તે તખ્ત ઉપર બેઠો.

બીજા બેહરામે સરદારો અને મોબેદોને પોતાની હજુરમાં બોલાવીને કહ્યું કે "તમો દાના થઇને પાદશાહની સાંમે સરકશી કરશો નહી. ખોદા જેને અકલની યારી આપેછે તેજ મર્દનાં મગજમાં માણુસપણાંની ખાસીયત હોય છે. માણુસ તેજ છે કે જેનાં મગજમાં ધીરજ અને બરદાસ્ત કરવાના ગુણ હોય. તેજી અને તુંદીથી માણુસ ખુવાર થાય છે. જેને સંતોષ છે તે સુખી છે; સંતોષ નથી રાખતા તે દુ:ખી છે. તવંગર તેને જાણવો કે જે સખાવત કરે; દીરમ એકઠા કરી રાખવા તે દીલમાં પવન ભરી રાખવા સરખું છે. તોપણ કાંઇ એક ચીજ તો તમારી પાસે રાખવી જોઈયે, કે જેથી તમારો મરતબો જળવાય અને મરવત રહી શકે. અગર તમે સંતોષ રાખશો તો દીલને આરામ આપશો; અગર લોભ રાખશો તો દીલને બોફ ભરેલું રાખશો. ખજાનાનો લોભ કીધાથી દીલને દુ:ખ પેદા થાયછે. જો તમે ખલકતની દુઆ ઇછિતા હોવ તો દુનીયામાં મધ્યમ રીતે ચાલજો. જો દુનીયાને બક્ષીશથી અને ઈનસાફથી રાજી રાખશો તો તવંગર થશો. રાસ્ત ઈનસાફ કરવામાં ખામી નહી રાખવી જોઇયે. જ્યારે ગેરવાજબી કામ કરીયે છીયે ત્યારે ગમ પેદા થાયછે, તેથી બદન તવાઈ જાય છે, તે સાથે અકલથી નાતવાન થઇ જાય છે. અગર તમારૂં દીલ લોભને તાબે થઇ જશે તો તમારો જાન મગરમછનાં મોહોડાંમાં ગયો એમ સમજજો."

બીજો બેહરામ ૧૯ વરસ[2] પાદશાહી ભોગવીને મરણ પામ્યો. તેનું દખમું એક છુપી જગ્યામાં હતું. દુનીયાની ચાલ એવી છે કે તે હમેશાં આપણેથી પોતાનો ભેદ છુપાવી રાખે છે.

બેહેરામ ૩ જો.

જ્યારે બેહરામે બેહરામીયાન તખ્તે બેઠો ત્યારે તેણે બક્ષીશ અને ઇનસાફ સારૂ કમર બાંધી. તેને "કેરમાનશાહ"નું ઉપનામ મળ્યું હતું. તે બોલ્યો કે "એક ખોદાની કૃપાથી આપણાં મગજમાં અકલ, સખાવત, અને ઈનસાફના વીચાર કાયમ રેહે એવું આપણું નસીબ હોજો. દુનીયા કોઈ સાથે કાયમ નથી.

---

૧ બેહરામ ૧ લાએ ઇસ્વી ૨૭૨ થી ૨૭૫ સુધી રાજ્ય ચલાવ્યું, જે દરમયાન તેણે પોતાના બપાવા શાપુરે દેશનીકાળ કાઢેલા માનીને ગર્દન મરાવ્યો હતો, કેમકે પાદશાહ હોરમજ્દે તેને પાછો બોલાવી પરવરશ કીધાથી મજદયસ્ની મજહબને મોટો ધોકો પુગવાનો સંભવ પેદા થયો હતો.

૨ બેહેરામ બીજાનો અમલ (ઇસ્વી ૨૭૫–૨૮૩) ટુકો હતો. એની નબલાઈને લીધે ઈરાનના હાથમાંથી આર્મીન્યાનો પ્રાંત રૂમી લોકના હાથમાં ગયો. ફિર્દુસી મુજબ તેણે ૧૯ વરસ અને બીજાઓ મુજબ ૧૩ થી ૧૭ વરસ રાજ્ય ભોગવ્યું હતું. સિક્કાઓ મુજબ તેનો અમલ ૮ વરસનો હતો. ખરેખર પાદશાહ શાપુર ૧ લાથી શાપુર ૨ જાના અમલ વચે થઇ ગયલા પાદશાહોના અમલની મુદત આપણુને ઘણી હેરફેર મળેછે, તે શેવટે "વધારા"માં આપેલા કોઠા ઉપરથી માલુમ પડશે.

તમારી ફરીયાદને પોંહોંચનાર તમારી નેકી હોજો. આપણે ઈનસાફ અને સખાવતનાં સોગંદ લઈને નેક માર્ગે ચાલવાના કોલકરાર કરવા જોઈયે. નેકી અથવા બદી આપણી પાછળ યાદગાર રહી જશે, માટે આપણે નેકીનાં તોખ્મ રોપવાં જોઈયે."

જ્યારે તેની પાદશાહીના ચાર મહીના ગુજરી ગયા ત્યારે તેણે જાણી લીધું, કે તેનું મોત નજદીક આવેલું છે તેની સાંમણે થવાવાનું નથી; હાથી અને વરૂથી / મગરમચ્છનો શીકાર કરી શકાવાનો નથી; તેથી તેણે પોતાના દીકરા નરસીને પાદશાહી હવાલે કીધી અને કહ્યું કે "તારી બુજોર્ગી ઉપર આફરીન હોજો! તું ખાજે, પીજે, પેહેરજે, બક્ષીશ સાથે લાડ લડજે, પણ તાજ અને તખ્ત ઉપર મગરૂર ના રેહેતો. જમાનો એજ રીતે ગુજરવાનો, પણ લોભીઓ પોતાની જીંદગીને ગનીમત કરી નહી ગણવાના.

શાયર અહીં કહેછે કે હવે મારી (ફીર્દુસીની) ઉમર ૬૩ વરસની થઈ. અરે બેહરોજ! તું શરાબ લઈ આવ.

ફસલ ૪—નરસી અને હોરમજદ.

પાદશાહ નરસી.

જ્યારે નરસી તખ્ત પર બેઠો ત્યારે તમામ સરદારો હદીઓ લઈ તેની આગળ હાજર થયા અને બાપના સોગનું નીવારણ કીધું. પાદશાહે તેઓ ઉપર આફરીન કરી કહ્યું કે "અએ દાદ અને દીનના નામદારો! ખોદાતાલાએ મને દુનીયામાં અકલ, શરમ, સખાવત, અને નરમ આવાજે બોલવાના વીચાર બક્ષેલાછે. અગરજો તમારા સીતારાબી શુભ હશે તો અમનોઅમાનથી આપણ ખુશીમાં રહીશું. કોઈ અકલમંદ માણસને અગર દોસ્તદાર રાખશો તો એમ જાણજો કે તે તમારી સાથે મળતોજ રેહેશે. દાના માણસથી અકલ અને ખુબી ભરેલાં કામ પીછાણી લેવાય છે. દલેરી પણ હુશીયાર રેહેવાથી હાંસેલ થાયછે, કે જેથી વખાણ થાય છે. જે કોઈ કામની ભાગી નાહાસતો ફરે તેનાથી દેલાવરી અને નામદારી કદી હાંસલ કરી શકાતી નથી. એજ મુજબ સુસ્તી કરવી એબી બદીજ છે."

દુનીયાને ફાયદા ભરેલી નસીહત કરી, નવ વરસ રાજ ભોગવીને[1] ફોલાદ જેવો નરસી પાદશાહ મુમ જેવો નરમ થઈ ગયો. તેણે પોતાના શાહજાદા હોરમજને બોલાવીને કહ્યું કે "અએ નાજવાન! તું બદીની પાસે જતો રખે. બેહરામનાં અને મારાં રાજ તાજ અને તખ્તને લાયક હવે તુંજ છે. એવું ના હોતું કે તખ્ત અને અનજુમન તારેથી રડાકુટ કરે. તું જો ખોદાનો બંદો હોય તો આગળા પાદશાહોની રીત મુજબ દુનીયાનું કામ ચાલાવજે. આખેર તારી ઉપરબી એવો દીવસ ગુજરશે, માટે કયામતને દાહાડે ખોદા પુછશે ત્યારે તેને જવાબ દેવાને સુર્ખરૂ રેહે તેવાં કામ કરજે."

---

૧ આ પાદશાહે ઈસ્વી ૨૯૩ થી ૩૦૧ સુધી યાને ૯ વરસ રાજ્ય ભોગવેલું તમામ તવારીખ નવેશો એકસરખું લખી જાય છે. તેણે કોરાવેલા લેખો મુજબ તે કંઈ ત્રીજા બેહરામનો નહિ પણ પાદશાહ શાપુરનો બેટો અને અર્દેશીર બાબકાનનો નબીરો હતો. બેહરામ ૩ જાને તખ્ત પસંદ ન હતું; અને તેનાં મરણ બાદ તેના બેટા યા ભાઈ ન હોવાથી શાહજાદા નરસીને તેનું તખ્ત મળ્યું, કે જે પાદશાહ હોરમજદનો નાનો ભાઈ હોવો જોઇયે. તેની સામે તખ્તનો હોરમજદ નામે એક બીજોબી દાવાદાર હતો, જે નિષ્ફળ થયો ત્યારે ઇરાનના કોઇ શત્રુને મળી જઈ લસ્કર લાવ્યો, પણ તેમાંબી તે ફાવ્યો નહિ. નરસીએ બહાદુરી કરી બેહરામ બીજાએ ખોઇ દીધેલો આર્મીન્યા પ્રાંત પાછો જીતી લેવા માટે રૂમીઓ સામે લડાઈ ઉઠાવીને એ પ્રાંત હાથ કરવા જોડે મેસોપોટેમ્યા પણ સર કીધું અને ત્રણ લડાઇઓમાં જીત મેળવીને રૂમીઓને નસાડયા. પણ બીજે વરસે રૂમીઓએ સુલેહ છતાં ઈરાનીઓ ઉપર ઉચાઉચ ચઢી આવી તેમને હરાવ્યા અને મનગમતી શરતો કરી લીધી હતી.

પાદશાહ હોરમજ્દ ૨ જો.

જ્યારે હોરમજદ પાદશાહ થયો ત્યારે શીકારી વરૂની ચુંગાલ ટુંકી કરી નાખી. તેણે દુનીયાને ઈનસાફથી આબાદ રાખી જેથી હેરેમનીનાં કામો નાબુદ થઈ ગયાં. તેણે ખોદાનાં શોકરાના કરી કહ્યું કે "અએ ખોદા! હમેશાં હમારાં દીલને ઈનસાફ અને દાદથી ભરપુર રાખજે, કે જેથી હમારા તાબાના ગરીબ લોકનાં દીલ ખુશહાલ થાય. કમીના લોકમાં નમનતાઈ નથી, માટે બનતાં સુધી તેઓની સંગત પકડવી નહી. દુશ્મનો સાથે મશવરત કરવી નહી. જેઓ બક્ષીશ કરીને બક્ષીશ લેનાર પાસેથી સેપાસ ગુજારવાનો બદલો માંગે તેઓને યજ્દાંપરસ્ત લોક બક્ષીશ કરનારા નથી કેહેતા; (એટલે કોઈ ઉપર હેસાન કરી તેને એવુંબી નહી કેહેવું જોઇયે કે દુઆ માંગજે), અને બક્ષીશ લેનારાએબી જે આપ્યું હોય તે ઉપર સંતોષ નહી પકડયો હોય તો તેઓનેબી નાલાયક સમજવા. બદ કામ કરનારનું દીલ હમેશાં ખોફ ભરેલું રેહે છે, કાંયજે તેઓની કોઇ સારાં માણસો સંગત પકડતા નથી. જેઓ સુસ્તી કરનારા છે તેઓને દાનેશમંદો કામમાં રાખતા નથી; અગર તેઓને તું કામમાં રાખશે તો માણસની ખાસીયત પીછાનનારા સરદારોમાં તુંને કોઇ નહી ગણશે. અગર તમોને મોટી પદવી મળે અને તેને લાયકનાં કામની સંભાળ નહી રાખો તો જે મીસાલે બદખસલતના દુરવેશો ખુવાર થાય છે તે મીસાલે તમારી બદકરણીથી તમોને પણ ખુવાર થવું પડશે, અને તખ્તથી તમોને જે બુજોર્ગી મળેલી છે તે ખોઇ બેસવાથી દેવાના બાવરા જેવા થઇને પોતાનાં ભવીષ્યની નાલેશી કરતા ફરશો, અને તમારી માલ મીલકત છીનવી લીધાથી તમે હલાકી પામશો; તમારી નાદારી અને બદખસલતની સાથે તમોને લાડ લડવો પડશે. તમારી અકલ ગુમ હોવાના સબબથી દુનીયાનાં કામ ખોઇ બેસવાની સાથે ખોદાની ખુશનુદી મુજબ દીનનું કામબી કરી નહી શકશો. હવે તમારો બધો જમાનો મુબારકબાદી ભરેલો હોજો અને તમારા દુશ્મનોનો જાન હલાકી પામેલો હોજો !"

એ પ્રમાણે નશીહત સાંભળીને તમામ સરદારોએ હોરમજદ ઉપર આફ્રીન કીધી. હવે તેની પાદશાહીનાં નવ વરસ ગુજરી ગયાં અને તેનો લાલ ચેહેરો જર્દ થઈ ગયો.[1] હોરમજદનાં મરણ વખ્તે તેને દીકરાનું ફરજંદ નહી હતું[2] તેથી તેનું તખ્ત ખાલી પડેલું હતું. પણ વડા વજીરે તેનાં જનાનખાનામાં તપાસ કીધી તો એક રાણી હમેલદાર માલુમ પડી, તેણીને માથે પાદશાહી તાજ મેલ્યું. પછી તેણીએ એક બેટાનો જન્મ આપ્યો, તેનું નામ વજીરે **શાહપુર** રાખ્યું.

---

૧ રૂમીઓ સાથની લડાઈમાં શિકસ્ત ખાધા પછી નરસીએ રાજ તાજ ત્યાગ કરી પોતાની હયાતીમાંજ પોતાના બેટા હોરમજદ ૨ જાને તખ્ત ઉપર બેસાડયો, જેણે ૩૦૧ થી ૩૦૯ સુધી અમલ ભોગવ્યો, જે દરમયાન તેણે દેશમાં ઘણા સુધારા કીધા હતા.

૨ આપણા શાયરની અહીં ચુક છે. હોરમજદનો એજ નામનો એક બેટો હતો, પણ તે શાહજાદો યુનાની સાહિત્ય અને યુનાની રીતભાત ઉપર ફિદા હોવાથી વજીરોએ તેને તખ્ત નહિ આપતાં કેદ કીધો, અને નવો શાહજાદો પેદા થયો તથા તે ઉમરે પુગ્યો ત્યાં સુધી રાજ્ય કારોબાર તેઓએજ ચલાવ્યો હતો.

બાબ ૩.

મોટો પાદશાહ શાહપુર.

———:o:———

ફસલ ૧—શરૂઆતની ફતેહો.

નાના પાદશાહની દાનાઇ.

ઈરાનના સાસાની પાદશાહ હોરમજદ બીજાના બાળક શાહજાદા શાપુરના જન્મને ચાલીશ દીવસ પુરા થયા પછી વજીરે એક મોટું જશન કરી તમામ સરદારોને હાજર રાખી પેલા (શાપુર) બાળકને તે ધરાય તેટલું દુધ પાઇ રેશમી કપડાંમાં વીંટાળી તેના બાપનાં તખ્ત ઉપર ગોઠવ્યો અને માથે તાજ લટકાવ્યું, જેથી તમામ અનજુમને ચાલીશ દીવસનાં એ બાળકને "પાદશાહ"નો એલકાબ આપી તેના ઉપર દોઆ કીધી, અને પેલો વજીર, જેનું નામ મોબેદ શેહરૂએ હતું, તે ખીજમતની કમર બાંધી સુનાંની ખુરસીપર આવી બેઠો. તેણે દુનીયાનાં લોકને દાદ ઇનસાફથી આબાદ રાખવાની સાથે પાદશાહની દરબારની સારી સંભાળ રાખી.

આ વાતને પાંચ વરસ ગુજરી ગયલાં હતાં તેવારે એક દીવસે સુરજ અસ્ત પામ્યા પછી રાતરે શાપુર મદાયનમાં તખ્ત પર હતો, અને તેની આગલ પેલો શેહરૂ મોબેદ (વજીર) હાજર હતો, તે વખ્તે અર્વંદ રૂદ નદી તરફથી એક પોકાર સાંભળવામાં આવ્યો તે ઉપરથી શાપુરે પેલા મોબેદ શેહરૂને પુછ્યું કે "આ પોકાર શું બંદગીનો છે?"

વજીરે જવાબ દીધો કે—"બજારના અને ધંધાદારી લોકો પોતાની દુકાનો ઉપરથી પોતાને ઘેરે જાયછે, ત્યારે દજલા નદીના પુલ ઉપર એક બીજાની અથડાઅથડીથી માણસોની ભીડને લીધે ચાલતાં ઘસારો થાય છે તેનો એ પોકાર થાયછે. તેને નગારાંના જેવો આવાજ જાણીને માણસો વખ્તે બીહેછે.

ત્યારે શાપુરે કહ્યું કે—"એક બીજા પુલ બંધાવવો જોઇયે કે એક ઉપરથી આવનારા આવે અને બીજા ઉપરથી જનારા જાય, કે જેથી આવજાવ કરનારી રૈયત અથવા લશ્કરને દુઃખ નહી પોંહોંચે."

આ વાત સાંભળી બાળક શાપુર ઉપર મોબેદો (વજીરો) એ દુઆ કીધી અને બાળક પાદશાહનાં ફરમાવ્યા મુજબ મોબેદે પુલ બાંધી તૈયાર કીધો, તેથી તેની માતા ખુશી થઈ અને તેને કેળવણી આપનારા ઉસ્તાદોને સોંપ્યો. કેળવણીમાંથી તે ઉસ્તાદો કરતાં સરસ નીકળ્યો. પછી સાત વરસની ઉમર થઇ તેવારે તે પેહલવાની હુનરો શીખ્યો. આઠમે વરસે પાદશાહીનાં કામને લગતા કાયદા તેણે બેહરામશાહના કાયદાને મળતા આવે તેવા બાંધ્યા. પોતે બુજોર્ગીને લાયકનો થયો એવો વીચાર કરી પોતાનું પાયતખ્ત તેણે પોતાના નીઆગાનોની રીત પ્રમાણે એસ્તેખરમાં સ્થાપ્યું; પછી જેમ જેમ દીવસો ગુજરતા ગયા તેમ તેમ પાદશાહનું તાજ આલમમાં વધારે પ્રકાશવા લાગ્યું.

આરબ પાદશાહની ચઢાઈ.

યમનના તાએર નામે પાદશાહે રૂમી, પારસી, બેહરીન અને કાદસી વગેરેનું એક મોટું લશ્કર લઇ આવીને મદાયનની આસપાસ ફરી વળી, તમામ મુલક તારાજ કરી નાખ્યો અને અનુશેહ નામની શાપુરની ફુઇને તેણીનાં એવાનમાંથી કેદ પકડી લઇ ગયો, જેથી મદાયનમાં મોટી ગડબડ થઇ ગઇ. એક વરસ પછી તેણીએ એક દીકરી જણી તેનું

નામ તાએરે માલેકા કરીને રાખ્યું. પેલી શાહજાદી અનુશેહ દીલગીરી સાથે એક વરસ જીવીને મરણ પામી.

જ્યારે શાપુરની ઉમર ૨૬ વરસની થઇ ત્યારે ૧૨૦૦૦ બાર હજાર લશકરની ફોજ લઇને તેણે તાએરની ઉપર ચહડાઇ કીધી, જેનું ઘણું-એક લશ્કર લડાઇમાં માર્યું ગયું અને ઘણાએક સીપાહીઓ કેદ પકડાયા. તાએરે નાહસી જઇને ઇમન શેહેરના કીલ્લામાં લશ્કર સહીત પનાહ લીધી. શાપુરે કીલ્લાને ઘેરો ઘાલીને એક મહીનો સુધી લડાઇ જારી રાખી, જેથી કીલ્લામાં ખોરાકી ઘટી પડી.

તેવામાં શાપુર ઉપર કીલ્લા ઉપરથી જોતાં માલેકા (તે તાએરની દીકરી)ની નજર પડી, જેથી તે શાપુર ઉપર આશક પડી. પોતાની દાસીને બોલાવીને તેણે કહ્યું કે "આ શાપુર પાદશાહ, જે કીનો લેવા અત્રે આવેલો છે, તે મારો સગો લાગે છે, તેની નજદીક મારો પેગામ લઇ જઇને અરજ કર કે આપણે એક બુનીયાદના છીયે. નરસી પાદશાહની શાહજાદી અનુશેહની હું દીકરી છું. તું જે વાતનો કીનો લેવા આવેલો છે તે સાથે તો મનેબી શામેલ થવું જોઇયે, માટે મને તારી પાસે બોલાવવા વચનથી આ મારી દાસીની સાથે કોલ કરે તો કીલ્લો તુંને હવાલે કરૂં." દાસીએ જવાબ દીધો કે "તું ફરમાવે છે તેમ તેને કહીને જવાબ લાવું છું."

જ્યારે મધરાત થઇ ત્યારે દાસી તાએરના ખોફથી ધ્રુજતી શાપુરના તંબુ આગળ ગઇ, અને દરબાનને કંઇ લાલચ આપીને તેની મારફતે શાપુરની નજદીક ગઇ, અને અદબ બજાવી સઘળી વાત કહી સંભળાવી. શાપુર ખુશી થયો અને હસીને એક હજાર દીનાર તથા કેટલાંક જવાહેરનું દાસીને ઇનામ આપીને કહ્યું કે "માલેકાને જવાબ દેજે કે ખુરશેદના, માહના, જરતોસ્તની કુસ્તીના, તાજ અને તખ્તના કસમ લઇને શાપુર કબુલ કરે છે કે એ મુજબ કામ થયાથી અગર મારી પાદશાહીમાં ઘટાડો થાય તેવી ચીજબી તું માગશે તો તે આપવાને હું વચનથી બંધાયલો છું. તારી પાસેથી જુદો નહી પડીશ, બલકે ખોદાના હુકમથી તાજ અને તખ્તથી, ખજાના અને લશ્કરથી, હું તારો ખરીદદાર થઇશ." આ જવાબ દાસીએ કીલ્લામાં પાછી આવીને માલેકાને કહ્યો અને જણાવ્યું કે "રવીને શુકરની સાથનો સંબંધ થયો છે," જેથી માલેકા ખુશી થઇ.

ઇરાનનો કીનો લેનારી શાહજાદી.

બામદાદે માલેકાએ કીલ્લામાંના તમામ સરદારોને શરાબની એક મોટી ઝીયાફત આપી, અને પાદશાહના સાકીને કહ્યું કે "પાદશાહને આ સાદો શરાબ આપજે; તેને પેલો શરાબ પીવા દેતો ના; કે જેથી મસ્ત થઇને તે સુઇ જાય." જ્યારે એક પોહર રાત ગઇ ત્યારે તાએરના માંગવાથી સાકીએ પેલો સાદો (બેહોશીનો) શરાબ આપ્યો, તે તાએરે ઇમનના સરદારોનું નામ લઇને પીધો. પછી સઘળું લશ્કર મસ્ત થઇને ખવાબમાં પડયું એટલે માલેકાએ પોતાના ખાસ માણસોને હુકમ કીધાથી કોઇ જાણે નહી તેમ કીલ્લાનો દરવાજો ખોલી શીતાબીથી પોતે શાપુરના તંબુમાં જઇ લાગી, જેથી શાપુર ખુશી થયો, અને એકદમ કીલ્લા ઉપર ચહડી જઈને કતલ ચલાવી. તેણે તમામ પુરાતન વખ્તનો ખજાનો હતો તે લુટી લીધો, અને કીલ્લામાં જ્યાં તાએર અને કેટલુંક લશ્કર મસ્ત થઇને પડેલું હતું ત્યાં દોડયો. આ લશ્કર ગભરાઇને લડવા લાગ્યું, પણ ઇરાનીઓએ બહાદુરીથી લડીને તેઓને મારી હટાવ્યા. તાએર કેદ પકડાયો, તેનો કીલ્લો, અસબાબ અને એક ધનવાન આદમી (માલેકા) શાપુરનાં હાથમાં આવ્યાં.

બીજે દીવસે શાપુરે કીલ્લામાં કેયાની રસમ પ્રમાણે એક દરબાર ભરી અને તખ્ત ઉપર બેઠો. તે કીયામાં શામેલ થવા માલેકા ભારે દમામ સાથે આવી, તેને શાપુરે પોતાની બરાબર પાદશાહી તખ્ત ઉપર બેસાડી, અને તાએરને બોલાવી મંગાવ્યો. તે બોડે માથે

આવ્યો અને શાપુરની સાથે માલેકાને તખ્ત ઉપર બેઠેલી જોઇને સમજ્યો કે "આ જાદુઈ ભરેલું કામ માલેકાએજ કીધેલું છે કે જેથી મારૂં કામ પુરૂં થઇ પડયું છે." પછી શાપુરને કેહેવા લાગો કે—"અરે ખરા પાદશાહ! તું નેગાહ કરીને જો કે મારાં ફરજંદે મારી સાથે કેવું (બદ કામ) કીધું છે! એની મોહોબતથી તુંને બી એવાંજ બદકામની ઈંતેજારી રાખવી જોઇશે."

શાપુરે તાએરને બદનામી આપી જવાબ દીધો કે "બેહરામ જેવા પાદશાહની નબીરીને તુંએ પર્દામાંથી ઘસડી લાવીને તેનાં કુટુંબને રૂસવા કીધું હતું. તેના કીનામાં (માલેકાને હાથે) તુંને દુઃખ ભોગવવું પડે તે અણુઘટતું નહી કેહેવાય."

પછી જલ્લાદને હુકમ કીધા મુજબ તાએરને ગરદન મારીને આતશમાં બાળી નાખ્યો![1] અને પછી હરેક જગાપરથી આરબ લોક પકડાતા તેઓની બંધે ખાંધમાં શોરાખ પાડી દોરી પોઇ રાખતા. આ કામથી દુનીયાનાં લોક અચરતી પામતા હતા, અને તેજ કારણ સારૂં શાપુરને "જુલ અકતાફ"ને નામે ઓળખતા હતા. ખાંધોમાં શોરાખ પાડેલા લોકોએ મારી માંગી તેથી તેઓને મારી આપ્યાથી તેઓ જગાત આપવામાં માથું ફેરવતા નહી હતા.[2]

એ પછી યમનથી શાપુર પારસમાં પાછો આવ્યો. આ વાતને થોડીક મુદત ગુજરવા પછીથી વળી જુદીજ તરેહનો બનાવ બન્યો.

આવી પાદશાહી છતાં એક દીને બે ઘડી રાત ગયલી હતી ત્યારે શાપુરને દીલમાં દલગીરી માલમ પડવાથી નજુમીને બોલાવી પોતાની પાદશાહીની નેકી બદી વીશે પુછ્યું. નજુમીએ તપાસ કરીને જવાબ દીધો કે "એક દુઃખ ભરેલું કામ તારી આગળ આવી પડશે, જે વીશે તુંને કોઈ યાદબી નહી દેવાડશે; તે એ જે કેટલોએક વખ્ત સુધી તુંને સખ્ત બલામાં ફસવું પડશે, પણ પાછલથી તે બલાથી ખલાસી પાંમશે."

શાપુરે જવાબ દીધો કે "મારો સીતારો મારી સાથે આવી રીતે બદી કરે તેનો ઇલાજ શું કરવો જોઇયે?"

નજુમીએ પાછો ઉત્તર વાળ્યો કે "દાનેશમંદ મર્દ અકલથી અને પેહેલવાન પોતાનાં બળથી આસ્માનની ચાલને ફેરવી શકતા નથી. જે બનાવ બનવાનો હોય છે તે બેશક બને છે. આસ્માનનાં ચકકરને હમારેથી પાછું ફેરવી શકાતું નથી."

શાપુરે નજુમીને જવાબ દીધો કે "દાદાર હરેક બદીથી મને પોતાની પનાહમાં રાખશે, કારણકે તે સાહેબે મારી પાદશાહીને માથે પોતાની સખાવતનો છાયો બીછાવેલો છે."

ફસલ ૨—રૂમીઓ સાથની લડત.

પાદશાહનું એક ઉલ્લુ પગલું.

એ પ્રમાણે કેટલાક દીવસો ખુશાલી અને આબાદાની સાથે ગુજરવા પછી શાપુરે એવી ખાહેશ કીધી કે "રૂમમાં જઇને કએસરની કેવી બુજોર્ગી છે, કેટલું લશ્કર અને કેટલો ખજાનો અને કેટલું બાજુનું કુવત છે તે તપાસી જોવાં." તે વાતનો ભેદ કોઇને જણાવ્યા

[1] આ કાંઈ નહિ બનવાજોગ બનાવ નથી. હખામની ટોળાના મોટા પાદશાહ મહાત્મા કુરશે પણ એજ રીતે લિડિયાના પાદશાહ ક્રીસસને કેદ પકડી આતશમાં બાળી નાખવા ફરમાવ્યું હતું. આ ઉપરથી એમ કહેવામાં આવે છે કે કાઇરસ જરથોસ્તી પાદશાહ ન હતો, પણ શાપુર તો જરથોસ્તી પાદશાહ હતો, તે છતાં તેણે આવું કામ કાં કીધું?

[2] શાપુરે માત્ર તાયરનેજ સજા કીધી નહિ પણ એક દરિયાઇ કાફલો તૈયાર કરી અરબસ્તાનના કાંઠા ઉપર મોકલાવીને જે જે આરબો તેનાં બચપણ વખ્તે ઈરાન ઉપર ચઢાઈ લાવ્યા હતા તેમને સજા કરાવી, અને એ રીતે તે આરબોમાં ભારી ડર બેસાડયો.

વગર એક વજીરને માત્ર ખુલાસો કરી જણાવ્યું. વજીરે જવાબ દીધા પ્રમાણે દશ કાફલા ઊંટના તૈયાર કીધા. દરેક કાફલા ઉપર એક એક સરદારને નેમ્યો. રેશમી કાપડ અને ઝવેરાતથી તેમને લાધ્યાં અને ત્રીશ ઉંટ દીનારથી ભરપુર કરીને તેઓ રૂમ તરફ રવાના થયા. શેહેરની નજદીક, તેઓએ એક નામીચા દેહકાન (યાને ગામડાંના હાકમ)ના ઘરમાં વાસો લીધો, જેણે ખુશીથી મકાન આપ્યું. એક રાત ત્યાં ગુજારી દેહકાનને કંઇ ચીજનું ઇનામ આપીને બીજે દીવસે શાપુર કએસરની દરબાર તરફ ગયો. દરબાને પુછ્યું કે "પાદશાહી અસ્બાબ સાથે પાદશાહના જેવા ચેહેરાનો તું કોણ છે?"

શાપુરે જવાબ દીધો કે "હું પાદશાહ નથી, પણ પારસી પરહેજગાર વેપારી છું. એરાકથી રેશમી કાપડનો કાફલો લઇ આવેલો છું. કએસરની હજુરમાં મને દખલ મળે તો કેટલુંક ઝવેરાત અને લડાઇનાં હથીયારો પાદશાહને સારૂં નજરાણાં તરીકે લાવેલો છું. તે જો કબુલ કરે તો ખજાનાને ખુશી સાથે હવાલે કરૂં, કે જેથી કએસરનો આશરો મારે માથે થાય અને મારો માલ વેચવામાં મને કાંઈ હરકત નહી નડે, અને મને જે જોઇયે તેવી જીનસ રૂમથી ખરીદ કરી ઇરાન લઇ જવાને બની આવે." આ વાત દરબાને કએસરને જાહેર કીધા ઉપરથી હુકમ મુજબ શાપુરે કએસરની હજુરમાં જઇ અદબ બજાવી. કએસરે મેહેરબાની ભરેલી નજરથી શાપુર તરફ જોઇને શરાબ સાથનું ખાણું મંગાવી એઉ જણ જમવા બેઠા.

શાપુરનું કેદખાનું.

તે જગાપર એક બુઢો ઇરાની હતો, જેની ઉપર ઇરાનમાં કંઇ જુલમ થયાથી તે રૂમમાં આવી રહેલો હતો. તેણે છુપી રીતે કએસરને કહ્યું કે "આ નામીચો મર્દ જે રેશમી કાપડ વેચવા અત્રે આવેલો છે તે તો શાહાનશાહ શાપુર પોતે છે." આથી કએસર અચરતી પામ્યો. ખાણાં ઉપરથી મસ્ત થઇને ઉઠયો કે કએસરના હુકમથી ચોકીદારે શાપુરને જનાનખાનામાં લઇ જાઇને હાથ બાંધી લીધા અને ગધેડાંનાં ચામડાંમાં તેને સીવી લીધો. તેવારે સર્વે લોક કેહેવા લાગા કે "આ કમબખ્ત (પાદશાહ) તખ્તને પડતું મેળીને ગધેડાંનાં ચામડાંમાં બંધાવા આવ્યો! પછી એક સાંકડાં બંદીખાનામાં શાપુરને નાખ્યો અને તેની કુંચી બંદીખાનાની ઉપરીપણું કરનારી એક ઓરતને હવાલે કરી તેણીને ફરમાવવામાં આવ્યું કે "શાપુરનો જાન જલદીથી નીકળી જાય એવી રીતે તેને ખોરાક નહી આપવો, કારણ કે તે ઘણા દીવસ જીવતો રેહેશે તો રૂમનાં તખ્તનો દરજ્જો પીછાણી લેશે." હવે આ ઓરતે બંદીખાણાવાળી કુંચી એક બીજી ઓરત, જે પોતાની વજીર જેવી હતી અને બાપેદાદે ઇરાનીઓની ઓલાદની હતી, તેને હવાલે કીધી હતી. બીજી તરફથી તેજ દીવસે કએસર લશ્કર લઇ ઇરાન ગયો; અને કતલ ચલાવીને ઘણા એકને કેદ પકડયા. તેણે એવી તો લુટ ચલાવી કે કોઇનાં ઘરમાં કાંઇબી ચીજ રેહેવા દીધી નહી, અને તમામ શેહેરનાં લોક નાહસભાગ કરી ગયાં, જેઓ પકડાયા તેઓની મોટી સંખ્યાને "ઇસાઇ" ધર્મ કબુલ કરીને દેવલનો આશરો લેવો પડયો.

શાપુર રૂમમાં જીવતો છે કે મરી ગયો છે તે વાતની ખબર ઇરાની લશ્કરને હતી નહી, તેથી સઘળું પરાગંદા થઇ ગયું. પેલી ઇરાની વંશની દાસી શાપુરનો રડવાનો પોકાર સાંભળીને ઘણો ગમ ખાયા કરતી હતી. તેણીએ શાપુરને કહ્યું કે "તારો છુટકો કરવાનો ઉપાય તારી પાસે કંઇજ નથી ત્યારે તું મારી આગળ ભેદ ખોલીને બોલતો કેમ નથી કે તું કોણ છે, કે જેથી હું તેનો બનતો ઉપાય કરૂં?"

શાપુરે જવાબ દીધો કે "તું મેહેરબાન છે તો સોગંદ ખા કે મારી વાત દુસ્મનને જાહેર નહી કરે; તું સોગંદ ખાય તોજ હું ભેદ ખોલીને તુંને કેહુ."

દાસીએ ખોદાના, કુસ્તીના, અને ઈસાના

સોગંદ લઇને જવાબ દીધો કે "મારી મોટાઇ વધારવાને વાસ્તે તારો ભેદ હું કોઇનેબી જાહેર કરનાર નથી."

ત્યારે શાપુરે પોતે ઇરાનનો પાદશાહ શાપુર છે એવો ખોલાસો કહી સમજાવ્યો અને કહ્યું કે "હવે હું કહુંછું તેમ તું કરશે તો મારી ઓરતોમાં તને મોટાઈ આપીશ; મારૂં ખાવાનું લાવે તેની સાથે દુધ ગરમ કરીને લાવ્યા કરજે કે તેથી ગધેડાંનું ચામડું નરમ થઈ જશે. આ ઉપાય દુનીયામાં મારી યાદગારીનો રહી જશે." પેલી દાસીએ બે અઠવાડીયાં સુધી ગરમ દુધનો ઉપયોગ કીધાથી ચામડું નરમ પડી ગયું અને તેમાંથી શાપુર બાહેર નીકળી આવ્યો, અને તેણે દાસીને કહ્યું કે "હવે આપણ બંધેએ રૂમની સુમ ભુમી છોડી જવાનો ઇલાજ શોધવો જોઇયે."

દાસીએ જવાબ દીધો કે "કાલે એક જશન થનાર છે, તેમાં નાધલાં મોટાં ઓરત મર્દ ભેગાં થશે, અને લશ્કરની સાથે કએસરની રાણી સર્વે જશે તે વખ્તે નવરૂં જોઇ ઇલાજ કરીશું."

છુટકારો.

બીજે દીવસે સર્વે જશનમાં ભેગાં થયાં ને રાતનો વખ્ત થયો કે દાસીએ બે ઘોડા, બે ગુરૂજ, તીર કમાનો, કેટલુંક ઝવેરાત અને દીનાર શાપુરની આગળ હાજર કીધાં. પછી બંધે જણાં ઘોડા ઉપર નીકળી ગયાં. ઇરાનની નજદીકમાં એક ગામ આવ્યું ત્યાંના બાગબાને આવીને પુછ્યું કે "તમો હથીયારબંધ સવારો કમાર્ગે કવખ્તે કયાંથી આવી પુગા છો?"

શાપુરે જવાબ દીધો કે "હમો કએસરનાં લશ્કરથી દુખી થતાં અત્રે આવી લાગા છીએ અને ઇરાની છૈયે માટે આજની રાત હમોને ઉતારો આપશે તો અલબત તેનો બદલો કોઈ દીવસે તુંને મળી શકશે. તારાં રોપેલાં ઝાડનાં ફળ તું ચાખ્યા વીના રેહશે નહી."

બાગબાને જવાબ દીધો કે "એ ઘેર તારૂંજ છે અને હમારૂં તન છે તે તારોજ મેહમાન છે. મારેથી જે ખીજમત થશે તે બજાલાવીશ અને કોઇને જાહેર કરીશ નહી."

આ દીલાસાના સખુનો સાંભળ્યા ત્યારે બંધે ઘોડા ઉપરથી બાગમાં ઉતરી પડયાં. બાગબાનની ઓરતે જે કાંઇ મકદુર હતી તે પ્રમાણે ખાવાનું પકાવી હાજર કર્યું, ને તે ખાધા પછી બાગબાને શરાબ લાવી શાપુરને આપીને કહ્યું કે "તુંને ગમે તેની યાદ કરીને આ શરાબ છે તે પી જા."

શાપુરે જવાબ દીધો કે "જે ઘણી ઉમર અને અકલે મોટો હોય તે પેહેલાં તો પીએ, માટે તેવો તું છે તેથી એ તારે પીવો જોઇયે."

બાગબાને પાછો જવાબ દીધો કે "ઉમરે તું નાધલો છે, પણ અકલથી બુઢો છે, અને પાદશાહના જેવો ભપકો તારા ચેહેરા ઉપર જણાય છે, માટે તારેજ પેહેલાં પીવો લાજમ છે."

તેવારે શાપુરે હસીને પેહલાં શરાબ પીધો અને બાગબાનને પુછ્યું કે "ઇરાનનો એહેવાલ શી રીતે છે?"

બાગબાને જવાબ દીધો કે "કએસરનું એકબાલ બુરૂં હોજો કે તેણે ઇરાનને વેરાણ કરી નાખ્યું છે; કતલ અને લુટ કીધાથી ખેતીનું કામ બંધ પડેલું છે; મોટું અનજુમન પરાગંદા થઇ ગયું છે. દેશે દેશ પાદરીઓ ફરી વળ્યાથી ઘણાં લોકને ઇસાઇ ધર્મ પાળવા દેવલમાં જવું પડેલું છે."

શાપુરે પોતાનું નામ છુપાવી જવાબ દીધો કે "શાપુર શાહ બીન હોરમજદ કયાં ગયોછે કે બેહુદા કએસરે ઇરાનીઓની આબરૂ લીધી?"

બાગબાને રડતાં રડતાં જવાબ દીધો કે "શાપુર જીવતો છે કે ગુજરી ગયો છે તે વાતની ખબર ઇરાનના સરદારોનેબી નથી; પણ તે તો રૂમમાં કેદખાનું ભોગવે છે." પછી તે બોલ્યો કે "મારે તો તારી મેહમાનદારી કરવી જોઇયે છે, માટે ત્રણ દીવસ ખુશી સાથે શરાબની જામ ઉડાવ."

શાપુરે ટકોરમાં જવાબ દીધો જે "મારે ઘર પાદશાહ કએસર મેહેમાન છે તેની ખીજમતમાં જવું જોઇયે છે."

બીજે દીવસે બાગબાનને શાપુરે ફરમાવ્યું કે "જંદ અવસ્તા અને બરસમ લઈ આવ. પછી એક સવાલ પુછું તેનો રાસ્તીથી જવાબ દેજે." બાગબાને શાપુરના ફરમાવ્યા મુજબની ચીજો હાજર કીધાથી શાપુરે બંદગી કરીને તેને કસમ આપી પુછ્યું કે "મોબેદાન મોબેદ (વડો વજીર) હાલ કયાં છે?"

બાગબાને જણાવ્યું કે "મારા ગામમાં છે."

શાપુરે પોતાની હાથની વીંટીની મોહોરની નીશાણી કરી આપી ને બાગબાનને મોબેદાન મોબેદ પાસે મોકલ્યો. તે વજીર તે મોહોર જોઈને ખુશી થયો અને કુર્દીસ્તાની લશ્કરના સપેહસાલારને જણાવ્યું કે "શાહપુર શાહ આવેલો છે." સપેહસાલારે ખોદાના શુકરાણા કરીને કહ્યું કે "કોઇ એવું નહી વીચારતું હતું કે શાપુરશાહનો લશ્કર સાથ અને લશ્કરનો શાપુર સાથે હવે પછીથી મીલાપ થઇ શકશે."

રૂમીઓ ઉપર ચઢાઈ અને ફતેહ.

પછી કુર્દીસ્તાની લોકોનું લશ્કર સઘળી તરફથી જમા કરીને શાપુર જે બાગમાં ઉતરેલો હતો તે જગાએ રવાના કીધું અને મોબેદાન મોબેદ અને બીજા કુર્દ સરદારો સાથે પાદશાહ શાપુરની હજુર આવી મળ્યા. શાપુરે પેલા ગધેડાંનાં ચામડાંની અને કએસરના બોલવા ચાલવાની હકીકત અને પેલી સાથે લાવેલી દાસીએ જે કોશેશ કરીને પોતાનો કેદખાનામાંથી છુટકારો કીધેલો તેની હકીકત બયાન કરી સમજાવી અને વળી કહ્યું કે "આ દાસીનો બધો જમાનો મુબારક હોજો, કે જેણીથી મારા જાનનો બચાવ થયો છે, માટે એ હુનરમંદ દાસીનો હું બંદો છું. હવે આપણે લશ્કર લઇને મદાઇનમાં જઇયે. પણ એવી છુપી રીતે જવું કે કએસરને તે વાતની આગમજથી ખબર નહી પડે."

શાપુરે કએસર તરફના હેવાલ તપાસવા છુપ્યા જાસુસોને મદાઈનમાં મોકલ્યા હતા, જેઓએ આવીને ખબર આપી કે દરરોજ શરાબબાજી અને શીકારબાજી વના કએસર બીજો વીચાર રાખતો જણાતો નથી. મદાઈનમાં તેનું થોડું લશ્કર છે, તે તો ગોવાલીયા વગરનાં બકરાંની માફકનું છે, અને બીજું બધું લશ્કર આસપાસના દેશોમાં લુટફાંટ કરવા નીકળી ગયલું છે. આ વાતથી શાપુર ખુશી થયો અને ૬૦૦૦ લશ્કર એકઠું થયલું હતું તે મધેથી ૩૦૦૦ સવાર લઇ રાતની વખ્તે તે મદાઇનમાં જઇ પુગ્યો અને કએસરનાં લશ્કર સાથે લડાઈ ચલાવી, જેમાં તેણે ૧૨૦૦૦ રૂમીઓને કતલ કીધા અને ઘણાએકને કેદ પકડયા. તેઓમાં કએસરબી કેદ પકડાયો કે જેના લશ્કરની છાવણી આતશથી બાળી નાખવામાં આવી.[1]

બીજે દીવસે શાપુરે દરબાર ભરી દેશાવરો ખાતેના હાકમો તથા લશ્કરના સરદારો ઉપર શાહાન સવારોની મારફતે ફરમાનો લખી મોકલ્યાં, જેમાં જણાવ્યું હતું કે "કએસરે ખોદાનો વચન તોડીને ઇરાનની સાથે બદીના

---

૧ ફિર્દુસી આ સઘળી કહાણી આપવા છતાં મુદ્દાની વાત મુકી દે છે. વાત તો એમ બની હતી કે રૂમીઓ છેક મદાઇન સુધી આવી પુગ્યા છતાં એ પાયતખ્તમાં દાખલ થવાને બદલે પાછા ફર્યા હતા. તેમના શેહનશાહનું નામ જુલ્યન હતું, જેણે પોતાના હાથમાં શાપુરને સપડાયલો જોઈ ઈરાનનું પાયતખ્ત હાથ કરવાનો મનસુબો રાખેલો હોવો જોઇયે. રૂમીઓ જણાવી જાયછે કે શાપુરે શેવટ સુધી જુલ્યન સામે દેખાવ દીધો ન હતો. પણ દેખાવ નહિ દેવાનું કારણ જે તેઓ નથી જણાવી ગયા તે ફિર્દુસીએ આપણને જણાવ્યું છે, જેમાં કેટલીક અતિશયોક્તિ તો હોવીજ જોઇયે.

એક બીજી વાત જાણવાજોગ એ છે કે જુલ્યન ચઢાઈ લાવે તે આગમજ રૂમીઓ સાથની લડાઇમાં શાપુરે તેઓ ઉપર અનેક ફતેહો મેળવીને અનેક પ્રાંતો જીતી લીધા હતા. અને એ લડાઇને દરમયાનજ શાપુરે રૂમી છાવણીમાં છુપી બાતમી મેળવવા માટે જવાની હિમત કીધેલી હોવી જોઇયે. આ વખ્તે રૂમીઓનું પાયતખ્ત મોટા કૉન્સ્ટેન્ટૈન શેહનશાહનાં નામથી બાંધેલું કૉન્સ્ટાન્ટીનોપલ શેહેર હતું, જેને નવું રોમ કરીને પણ કહેતા હતા. રૂમીઓની શિકસ્ત પછી તેમને ઘણાક મુલુકો ખોઈ પોતાને વતન પાછું ફરવું પડયું હતું.

કામ કીધાં તેના બદલામાં કેદખાનું ભોગવે છે, અને પાદશાહીનું તાજ તેની પાસેથી મેં છીણવી લીધું છે, અને તેનાં લશ્કરને એજદાનની મદદથી ભારે શીકસ્ત આપી છે, માટે તમારા પ્રાંતોમાં જે જે રૂમીઓ હોય તેઓને કતલ કરજો અને નવેસરથી મારાં ફરમાનને તાબે રહીને મારા કોલ પ્રમાણે દાદ ઇનસાફથી ચાલજો."

આ ફરમાનના જવાબો પાદશાહની મરજી પ્રમાણે દેશાવરો ખાતેના અમલદારોએ લખીને શાહન સવારોની સાથે મોકલ્યા. તે વાંચી શાપુરને નીરાંત થયાથી તાજ માથે મેલ્યું અને નવીસંદાને ફરમાવ્યા મુજબ કેદીઓની ગણત્રી કરી લાવ્યા તેમા રૂમના અમલદારો અને કએસરના લાગતાં વળગતાં કુટુંબીઓ મળીને આગીયારશોને બે માણસોની સંખ્યા થઇ, તે મધે જેઓ બદ કામમાં શામેલ હતા તેઓના હાથ અને પગ કાપી નખાવ્યા. પછી બંદીખાનામાંથી કએસરને લાવ્યા, તેણે રડતાં રડતાં સર ખાકમા નાખી પાદશાહને સેજદો કીધો, ત્યારે પાદશાહે તેને કહ્યું કે "અરે બદ ખસલતના! એજદાંના દુશ્મન અને ઇસાના ધર્મ પાળનાર ફરેબખોરા બદ બુનીયાદના અને જુદા! તારી બુજોર્ગી ધુલમાં નાખીને શા કારણથી તુંએ ગધેડાંનાં ચામડાંના બંદમાં મને બાંધ્યો હતો? સોદાગરોની પદવીથી હું તો તારી મજલસમાં આવ્યો હતો; લશ્કર તારી સાથે લડાઇ કરવા નહી લાવેલો હતો. તું મારા જેવા એક મેહમાનને ગધેડાંનાં ચામડાંમાં કેદ કરીને ઇરાન દેશ ઉપર લશ્કર ચઢાવી લઇ ગયો તો હવે તું મર્દાનેમર્દોની લડાઇ જોશે ત્યારે ઇરાન સાથે ફરીથી લડાઇ કરવાની વાત તદ્દન ભુલી જશે."

કએસરે જવાબ દીધો કે "અરે પાદશાહ! ખોદાનાં ફરમાન વગર કંઈ થતું નથી. દેવની ખસલતની મારી અકલથી તો મેં મારી પાદશાહી ખોઇ છે. પણ મારી બદીના બદલામાં તું મારી સાથે નેકી કરશે તો તારૂં નેક નામ દુનીયામાં યાદગાર રહી જશે અને તારી તમામ મોરાદ હાંસલ થશે. અગર જો તું મને જાનની માફી બક્ષે તો મારો જે ખજાનો છે તે તુંને ભેટ કરવાની સાથે તારો નેક ચાહનારો ગુલામ થઇને રહીશ."

બદીની સજા.

પાદશાહે પુછ્યું કે "અએ બદ! હમણા શા માટે તુંએ ઇરાનને તારાજ કરી નાખ્યું? અગર લુટનો માલ રૂમમાં તુંએ મોકળેલો છે તો તે તમામ પાછો મંગાવ અને ઇરાન તારાજ કીધાથી જે ખરાબી થયલી છે તથા નુકસાની લાગેલી છે તેના દીનાર ભરી આપ; એમ કરશે ત્યારેજ તેનો બદલો મળી રેહેશે. બીજું એ જે કેયાની તોખમના ઇરાનીઓને જેઓએ કતલ કીધા છે તેઓને પકડી આપવા સારૂં કએસરની ઓલાદનો એવો એક શખ્સ હમોને ઓલમાં આપ કે અમારી સાથે ખુશીથી ઠીક મળતો રહી શકે, અને ઇરાનમાં લોકોના ઝાડોની વણકટી કીધેલી છે તે પાછા ઉખારી આપે, અને જેઓની મીલકતને નુકસાન કીધેલું છે તે બંધાવી આપે, કે જેથી માલ ધણીઓનું દુઃખ દુર થાય. આ માગણી તું કબુલ કરે તો તુંને ગધેડાંનાં ચાંમડાંમાં તો કેદ નહીજ કરૂં પણ હલકાં કેદખાનાની સજાબી નહી કરૂં. આ માગણી તું કબુલ નહીજ કરશે તો પગથી તે માથાં સુધીની તારાં બદનની ચામડી ઉખાડી કહડાવીશ."

જ્યારે આમાંનું કંઇ વળ્યું નહી ત્યારે શાપુરે કએસરના બંધે કાન ખંજરથી કાપી નખાવ્યા, અને તેનાં નાકમાં છેદ પાડી તે મધે દોરી પોઇને બંધે પગે ભારી બેડી ઘાલી કેદખાને મોકળ્યો."[૧]

પછી તે લશ્કરને રોજી આપી રૂમ ઉપર ચહડી ગયો. એ વાતની ખબર રૂમીઓને થઇ

---

૧ ઈસ્વી ૩૬૩ માં જુલ્યન સાથ શાપુરે મેરંગાનાં મેદાનમાં એક મોટી લડાઈ કરી, જેમાં રૂમી કયસર માર્યો ગયો હતો, એમ રૂમી લખનારાઓ જણાવી જાય છે. પણ આપણા શાયર મુજબ તે માત્ર કેદ પકડાયો હતો.

કે ઇરાનમાં કએસર કેદ પકડાયો છે, તેનાં ઘરને આતશથી બાળી નાખ્યું છે અને તેનાં લશ્કરને તારાજ કીધું છે. આ સાંભળીને તેઓ રડીને બોલવા લાગા કે "આ બધી ખરાબી કએસરનીજ બદીથી થયલી છે."

ફસલ ૩—રૂમી સરકશી અને તેનું ફળ.

નવો કએસર યાંસ.

કએસરનો યાંસ નામનો એક નાનો સાવકો ભાઈ હતો તેની આગળ રૂમી સરદારોએ આવીને કહ્યું કે "તું નથી જોતો કે ઇરાનનું લશ્કર આવે છે? તારા ભાઇનો કીનો લેવા કમર બાંધ."

તેણે એ વાત કબુલ કીધાથી તેની માતાએ ખરચ કરવાને ખજાનો આપ્યો, અને લશ્કરની તૈયારી કીધી. એક મોટો કરૂસ ઉભો કરી નકારાં ઠોકવા લાગા. બંધે લશ્કર આમણસામણ થયાથી લડાઈ જારી થઇ. શાપુરે એક ભારી હુમલો કીધાથી યાંસ અને તેનું લશ્કર સઘળું પીઠ દઇને નાસવા લાગું. શાપુરે તેની પુઠે દુંબાલો કરી એટલી બધી કતલ ચલાવી કે જેથી લડાઇનું મેદાન મુરદાંની લાશથી ભરાઈ ગયું. મેદાનમાં તો લશ્કર અને કરૂસ નહીજ રાખ્યો પણ દેવળો કે કીલ્લામાંથી કરૂસ અને પાદરીઓને જીવતા રેહેવા દીધા નહી. દરેક જગામાંથી એટલી તો લુટ મળી આવી કે જેથી લશ્કર અચરતી પામ્યું. શાપુરે કએસરના ખજાના સીવાય લુટનો બધો માલ લશ્કરને હવાલે કીધો. રૂમનું લશ્કર એકઠું થઇને યાંસ કએસરનીબી બદગોઈ કરવા લાગુ અને કેહેવા લાગું કે "હમારે માથે એવો સરદાર કબી ના હોતો, બલકે રૂમમાં કએસરનું નામ વટીક ના હોતું; કેમકે મોટા પાદરીનો મોટો કરૂસ અને જનોઇ અને પાદરીઓના કરૂસો તેણે બાળી નખાવ્યા. હવે ઇસાઇ ધર્મનો આવાજો કમ થઇ ગયો ત્યારે હમારે મનથી તો કનુજ અને રૂમ એકસરખુજ થઇ પડયું છે."[1] પછી કએસરનાં કુટુંબમાં એક બજાનુસ નામનો અકલમંદ પુરૂષ હતો તેને તેઓ કેહેવા લાગા કે "તાજનો ધણી તુંને હમે પસંદ કરીયે છીયે, માટે તું હમારો સરદાર થાય તો સારૂં."

બજાનુસ એ વાત કબુલ કરીને તખ્ત ઉપર બેઠો.

બજાનુસ—રૂમીઓ સાથ સુલેહ.

બજાનુસે તખ્ત લીધા પછી વીચાર કીધો કે શાપુરની સાથે લડાઇ કરવામાં કાંઇ ફાયદો નથી; તેથી તેણે શાપુર ઉપર એક નામુ લખી એવું જણાવ્યું કે "હમેશાં તારૂં તાજ રોશન હોજો અને તમામ સરદારો તારા ફરમાંબરદાર હોજો! તું જાણેછે કે ખુનરેજી અને મલુકનું તારાજ કરવાનું કામ આગલા બુજોર્ગોના વખ્તથીજ ચાલતું આવેલું છે. જોકે એરચનો કીનો પ્રથમથી પેદા થયલો હતો ખરો, પણ તેનું વેર મીનોચેહેરે સેલમને અને તુરને મારીને લીધું હતું. દારાંનો કીનો સેકંદરની સાથે હતો તે તો દારાંના બે બદકાર વજીરોની ઉપરજ તેજ વખ્તે લીધેલો હતો; અને હાલમાં કયસરે જે તારી સાથે ચાલ ચલાવેલી છે તેનો બદલો તો કયસર બંદીખાનામાં ભોગવે છે. ત્યારે હવે તુંને લાજમ નથી કે રૂમ જેવાં શેહેરને તું ફરીથી તારાજ કરે. તારાજ કરવાની જે તારી ખાહેશ હતી તે તો તું પુરી કરી ચુકો છે. તમામ રૂમી સરદારોના હાથ પગ કાપી નાખેલા છે. કેટલાએકનાં બચાં છોકરાંને કેદમાં રાખેલાં છે; અને કેટલાએક જખમી થઇ

---

[1] રૂમીઓ મુજબ નવા કયસરનું નામ જોવ્યન હતું. તેણે શાપુર સાથ રૂમીઓને બહુજ નામોશી લાગે એવી શરતો કરીને ઇરાની પાદશાહને રાજી રાખ્યો હતો, અને નવાં રોમ ખાતે પાછો ફરી મરણ પામ્યો હતો. તેની જગા ઉપર રૂમીઓએ વેલન્સ નામે નવો શેહનશાહ નેમ્યો. ફિર્દૂસી યાંસ પછી બજાનુસનું નામ આપે છે, તે આ વેલન્સનો અપભ્રંશ હશે.

પડેલા છે. માટે હવે તો તુંને કીનો કપટ કંઇ દીલમાં રાખવું નહી જોઇયે; કાંયજે દીનદાર હોય તે તો દીલમાં કીનો હરગેજ રાખેજ નહી, કે જેથી જાનની તનદોરસ્તીનો ઘટાડો થઇ પડે છે. માટે હમારી દોલત દુનીયા તારી ઉપર ફેદા કરીને આપીયે છીયે તે લઇને દીલને ખુશી રાખ. તું અમારાં શેહેરોને તારાજ શા માટે કરે છે? ખોદા કરે ને તારી ઉપરથી એવો દીવસ નહી આવી પડે! જે પાદશાહ બેદાદી અને કીનો દીલમાં રાખે તેને ખોદા પસંદ કરતો નથી. મારી દોઆ એજ છે કે તારો બુલંદ સેતારો માહતાબના કરતાંબી બુલંદ હોજો!"

એ મુજબ નામુ લખી મોહોર કરીને શાપુરની તરફ રવાના કીધું. તે નામુ શાપુરે વાંચી મેહરબાનગીની રીતે તેનો જવાબ લખ્યો તેમાં સારી માઠી જે બીના બનેલી હતી તે લખીને જણાવ્યું કે:—"મેહમાનને ગધેડાંનાં ચામડાંમાં કોણે સીવી લઇને જુના કીનાનો આતશ સળગાવ્યો? હવે તો તારામાં અકલ હોય તો તારા દાના ફીલસુફોને સાથે લઇને મારી આગળ આવીને હાજર થવાને ડર ના રાખ. મેં તુંને માફી બક્ષી છે કે તારી સાથે લડાઇ નહી કરીશ."

સુલેહની શરતો.

કાસદે આ નામાનો જવાબ કયસરને લઇ જઇ પોંહોંચાડયો. બજાનુસ શાપુરનો આ જવાબ વાંચીને ઘણોજ ખુશી થયો. રૂમના ૧૦૦) સરદારોને પોતાની સાથે લઇને તથા સાઠ થેલા ભરીને દીરમ, તેટલુંજ ઝવેરાત અને કપડ તથા ત્રીશ હજાર દીનાર શાપુરની ઉપરથી શદકો કરી નાખવાને સારૂં સાથે રાખીને સઘળા ઇરાનના પાદશાહની હજુરમાં ઉઘાડે પગે અને કોલાહ વગર ઉઘાડે માથે જઇને ઉભા રહ્યા, અને પેલું નજરાણું શાપુરની આગળ મેલ્યું. શાપુરે તે સઘલુ તેઓને પાછું બક્ષી દીધું, અને પછી તેઓને આબરૂ મુજબ મજલસમાં બેસાડીને બજાનુસને કહ્યુ કે "રૂમથી કેટલાએક જુલમગારોએ ઇરાનમાં આવીને શેહેરોને તારાજ કીધાં છે તે જમીન હાલમાં જંગલ જેવી થઈ ગઇ છે, જેમાં વાઘ વસેછે; તેનો બદલો તારી પાસે માંગુંછું."

બજાનુસે જવાબ દીધો કે "તુંને ગમે તેમ બોલ, પણ માફી બક્ષીને હવે પાછો ના ફરી જા."

શાપુરે જવાબ દીધો કે "તું બધા ગુનાહનીજ માફી માંગતો હોય તો એક વરસમાં ત્રણ ભરતબે બે કરોડ રૂમી દીનાર સીક્કાનું નજરાણું આપવું પડશે; અને મારા કીનાના કજીઆની કોહાડી કરાવવા માંગતો હોય તો તેના બદલામાં નસીબન શેહેર મને હવાલે કરવું જોઇશે."

બજાનુસે જવાબ દીધો કે "તારા ગુસ્સા અને કીનાની સાંખે થવાની મારામાં તાકાત રહેલી નથી તેથી જે નજરાણું તું માંગે છે તે અને નસીબન શેહેર તુંને હવાલે કરવાને રાજી થઇ કબુલ કરૂં છું."[1]

ત્યારે શાપુરે તેહનામું લખ્યું કે "હવે પછીથી ઇરાની લશ્કરે રૂમ તરફ ચહડાઇ કરવી નહી, મગર રૂમ જવું તો લાયકી અને ખુશીને કામે જવું, કે જેથી રૂમને કાંઇ નુકસાની નહી લાગે." પછી શાપુરે રૂમી પાદશાહ તથા તેના સાથીઓને સરફરાજ કરી તથા તેઓ ઉપર નવાજીશ કરીને તેમને રૂમ તરફ રવાના કીધા અને પોતે એસ્તખર પાર્સનો રસ્તો પકડયો. જેવારે ઇરાની સરદારો નસીબન તરફ જઇ પોંહોંચ્યા તેવારે ત્યાંનાં લોકો ઉપલી શર-

૧ રૂમીઓ મુજબ જ્યારે જોવ્યને, ત્યારે ફિર્દુસી મુજબ બજનુસે (વિલન્સે), શાપુર સાથ સુલેહ કરી હતી. સુલેહની શરતો રૂમીઓ મુજબ આ મતલબની હતી:—૧—નરસી પાદશાહે રૂમીઓને ટૈગ્રીસનદીની પેલી બાજુએ જે પાંચ ઇરાની પ્રગણાંઓ આપી દીધાં હતાં તે સઘળાં તેઓ માંહેલી દોલત સુધાં રૂમીઓએ ઈરાનને પાછાં સ્વાધીન કરવાં; ૨—મેસોપોટેમ્યા (ઇરાકે આરબી) માંહેલા નસીબન, સિંગારા, અને "મૂર લોકોની છાવણી," એ નામના ત્રણ કિલ્લાઓ ઇરાનને હવાલે કરવા; ૩—આર્મીન્યાના વહિવટમાં રૂમીઓએ હવે પછી વચે પડવું નહિ.

તોની ખબર સાંભળીને લડાઇ કરવા તૈયાર થયા, અને બોલવા લાગા કે "શાપુરશાહ નસીબનમાં લશ્કર લઇને આવે તે વાત હમોને ગમતી નથી, કારણ કે તે ઇસાની દીનને ચોકસ જાણતો નથી, અને જરતોસ્તી દીન અને જંદ અવસ્તાને અખ્તીયારમાં લાવે છે, અને હમે તો તે જુની દીનને ધીકારીયે છીયે. તે અત્રે આવે ત્યારે તો હમારૂં કંઇ સાંભળેખી નહી."

"તાબેદાર થયલા લોકબી આવા જબરા છે!" એમ બોલીને એક સ્વારે જઇ શાપુરને ખબર કીધી કે નસીબનમાં લોકો હમુને દખલ આપતા નથી. તે ઉપરથી ઇસાની દીનને ધીકારીને શાપુરે લશ્કર મોકલી હુકમ કીધો કે જે કોઇ ઇસાઇ ધર્મ પાલનારા હોય તેઓને કર્ડી નજરે જોવા. એ પછી સાત દીવસ સુધી લડાઈ ચાલી તેમાં પુષ્કળ આદમીઓને કતલ કીધાં, અને ઘણાંઓને બેડી નાખી કેદ કીધાં, તેવારેજ તેઓએ માફી માંગી. શાપુરે માફી બક્ષી લશ્કર પાછું બોલાવ્યું, અને દુનીયાનાં તમામ શેહેરોને ફતેહ કરી નામદારી હાંસલ કીધી, જેથી તેને "શાપુર ફતેહમંદ"ને નામે લોક બોલવા લાગાં.

પછી જે દાસીએ શાપુરને રૂમનાં કેદખાનામાંથી છોડવ્યો હતો, કે જેથી તે આવી જાહોજલાલીએ પાછો પોંહોંચ્યો, તે દાસીને "દીલ અફરોજ ફરરોખ પએ"નું ઉપનામ આપીને પોતાની ઓરતો સાથે તેને ખરા પ્યાર સાથે રાખી અને પેલા મેજબાની આપનાર બાગબાનને ઘણોક દ્રવ્ય આપીને રૂખસદ કીધો. કયસરને બંદીખાને રાખેલો હતો તેનો જે ખજાનો હતો તે રૂમીઓએ શાપુર પાસે મોકળી દીધો. કેટલીક મુદત પછી કયસર બંદીખાના મધે મરણ પામ્યો, તેનું તાબુત લાયકી સાથે રૂમ મોકળી દીધું, અને પછી શાપુરે ઇરાનમાં આવી ઘણી મુદત સુધી કેયાનીઓનાં તખ્ત પર બીરાજીને જેહાનની પાદશાહી કીધી. જેઓના હાથ પગ કાપી નાખેલા હતા તેવા કેદીઓને સારૂં "ખુરમ આબાદ" નામનું એક શેહેર વસાવ્યું. બીજું એક શેહેર શામના મુલકમાં વસાવ્યું, તેને "પીરોજ શાપુર"ને નામે ઓળખે છે. ત્રીજું એક શેહેર હવાજમાં વસાવીને તે મધે બીમારોને રાખ્યા, અને તેને "કુનામે અસીરાં" એવું નામ આપ્યું.

આ વેળા શાપુરની ઉમર પચાશ વરસની થઇ હતી.

ફસલ ૪—માની ચીતારો.

તુરકસ્તાન તરફથી માની નામનો એક ચીતારો[1] આવ્યો, તે જેવો દુનીયામાં બીજો નહી હશે. તે શાપુરની હજુરમાં આવી બોલ્યો કે "હું પેગામ્બર છું. બીજા પેગામ્બરો જે દીન લાવેલા છે તેનાં કરતાં મારી દીન બાલાતર છે." એ કામમાં શાપુરની મદદ માંગીને એવી જુબાંદરાજીથી વાત કરી કે જેથી શાપુરનાં દીલમાંબી અસર કીધી, તેથી મોબેદોને બોલાવી શાપુરે કહ્યું કે "માનીના બોલવા ઉપરથી મારૂં દીલ પણ બદગુમાન થયું છે, માટે તમો માની સાથે તકરાર ચલાવો."

મોબેદોએ જવાબ દીધો કે "એ ઘણી ચીતારો છે. મોબેદાન મોબેદની આગળ એ ધણીનું કંઇ ફાવવાનું નથી."

પછી શાપુરે માનીને પોતાની હજુરમાં બોલાવીને મોબેદાન મોબેદ સાથે તકરાર કરવા ફરમાવ્યાથી માનીના સવાલના જવાબમાં અજવાળું અને અંધારૂં, દીવસ અને રાત (અથવા નેકી અને બદી)ની તકરારમાં જુની દીનની રીત પ્રમાણે દસ્તુરે માનીને સમજ પાડવાથી તે જવાબ દઇ શકયો નહી. દસ્તુરે માનીને કહ્યું કે "અરે મુરતી પુજનારા! જે ખોદાએ આસમાન, જમીન અને જમાનો

---

૧ માની ચિતારો શાપુર ૧ લાના વખતમાં થઈ ગયો હતો; પણ આપણા શાયરે તેને બીજા શાપુરના અમલમાં મુકયો છે.

પેદા કીધાં છે, જે સાહેબની પાક જાત પોતાની પેદા કીધેલી ચીજોથી એટલી તો તદન નીરાલી, નીરાકાર અને બાલાતર છે કે દાનેશમંદો તેની શોધ કીધામાં પછાત પડેલા છે, તેવું છતાં તે સાહેબના ઉપર તું સખુન લઇ જાય છે, અને બોલે છે કે રાત અને દીવસ (અથવા નેકી અને બદી) જે દુનીયામાં જાહેર થાય છે તે તે સાહેબનીજ તરફથી થાય છે? મગર ખરી વાત તો એ છે કે તે સાહેબે આસમાન પેદા કીધો છે તેની ચાલ ઉપર રાત અને દીસ સાથે દુનીયાની તમામ પેદાયશનો આધાર છે. માટે મુર્તીની દલીલને છોડી દઈને દીનદારોની નસીહત પ્રમાણે તારે ચાલવું જોઇયે. તેઓ કેહે છે કે યજદાં એકલો સર્વે ચીજથી નીરાધાર અને નીરાકાર છે, તે સાહેબની બંદગી કીધા વીના તારો છુટકો નથી. અગર તારી મુર્તીની હીલચાલબી તું કરી દેખાડતો હોય તો તેની દલીલ તારે બતલાવવી પડશે. જો તેવી સાબેની નહી થશે તો તારાં બોલેલાંને ધીક્કારવામાં આવશે. જો હારેમન ખોદાની બરાબરીઓ (શરીક) હતે[1] તો હમેશાં દીવસની લંબાઇ પ્રમાણેજ તે એકસરખી રીતેજ રાતનીબી લંબાઇ કરતે; પણ તેમ કંઇ નથી. દીવસમાં અને રાતમાં હમેશાં જે વધઘટ થાય છે તે પણ આસમાનનીજ ચાલ પ્રમાણે થાય છે, માટે તારી બેહુદી વાતને કોઇ મદદ કરી શકે નહી.''

એ સીવાય દસ્તુરે ઘણા દાખલા કહી સમજાવ્યા, જેથી માનીનું પાણી ઉતરી ગયું. પછી શાપુરે માની ઉપર ભારી ઇતરાજી કરી ફરમાવ્યું કે "એ મુર્તી પુંજનારો મજલસમાં બેસવાને લાયક નથી અને દુનીયાના તમામ લોકને એણે ઠગ્યા છે તેથી તે લોકોની એના ઉપર ઇતરાજી થયલી છે, માટે એને લટકતો કરી બદનની તમામ ચામડી ઉખાડી કાહાડે, કે જેથી કોઇ બીજા ફરીને એવાં કામ નહી કરે." તેમ કીધા પછી તેની લાશની ઉપર લોકોએ ધુલ નાખી હતી.

શાપુરની શીતેર વરસની ઉમર થઇ તેવારે તેણે જીવવાની આશા છોડી.[2]

શાપુરની અર્દશીરને નસીહત.

પાદશાહે પોતાનો ભાઇ[3] અર્દશીર જે પાદશાહીનું કામ ચલાવવાને લાયકનો હતો તેને,

---

૧ અવસ્તા વાણીના જમાનામાં—બલકે અશો જરતોશ્તની ગાથાવાણીમાં દાદારને અહુરમજદનું નામ આપીને સપેનામીનો અને ગનામીનોનાં નામથી તેની બે શક્તિઓ બાબે ઇશારા કીધેલા છે. આ બંને તેની પેદા કીધેલી શક્તિઓ હોવા છતાં પાછલા જમાનાઓમાં સપેનામીનો તે હોરમજદ પોતેજ છે એમ ગણીને ગનામીનોને હોરમજદનો બરાબરિયો અને હરીફ વગર ખબરે ગોઠવી બેસાડવામાં આવ્યો હતો, અને નેકી અથવા રોશનીનું કામ હોરમજદનું તથા બદી અથવા અંધકારનું કામ ગનામીનોનું ગણવામાં આવતું હતું. તેવા ગણનારાઓનો પંથ અશ્કાની જમાનામાં ઉભો થયલો લાગે છે, અને તેવા પંથને પગલે માની ચિતારો પણ પેગામ્બરીનો દાવો કરવા છતાં ચાલતો હશે, એમ ફિર્દુસીના આ ઇશારા ઉપરથી જણાય છે. અહીં આપણા શાયરે જે શબ્દો દસ્તુરાન દસ્તુરના મુખમાં મુકયા છે તે અવસ્તા વાણીની ફિલસુફીને મળતા અને સાચા છે.

૨ શાપુર ૫૦ થી ૭૦ વરસનો થયો તેટલી મુદતને દરમ્યાન નીચલા રાજદ્વારી બનાવો બન્યા હતા:—આર્મીન્યા હવે ઈરાનના તાબામાં હતું, જ્યાંના રાજા આરસે પાદશાહ તરફ બેવફાઈ દેખાડવાથી શાપુરે તેને તખ્ત ઉપરથી ઉઠાડી મુકયો. રૂમીઓએ તેના બેટા બાબને તખ્તનશીન કીધો, પણ શાપુરે તેનેબી પદભ્રષ્ટ કરી ત્યાં ઇરાની હાકમની નેમણુક કીધી. ઐબીર્યાના પ્રાંતમાંબી પાદશાહે એવીજ ઉથલપાથલ કીધી, અને ત્યાં પોતાની તરફના રાજાને બેસાડયો. આ કામોથી રૂમીઓ છેડાયા, અને જોવ્યન સાથની શરતોથી નારાજી થઈ ઇરાન સાથ લડવા નિકળ્યા. બંને પક્ષો વચ્ચે ઘણી એક હારજીતની લડાઇઓ ચાલી અને પછી સુલેહ થઈ હતી.

૩ અર્દશીરને ફિર્દુસી શાપુરનો ભાઈ કહે છે, પણ ખરેખર તો તે તેનો બેટો હતો. અને શાપુરનાં તખ્ત ઉપર એક પછી એક તેના ત્રણ બેટાઓજ બિરાજી ગયા હતા.

તથા પોતાનો નાંધલી ઉમરનો દીકરો શાપુર નામનો હતો તેને, અને મોબેદોને, અને એક નવીસંદાને પોતાની હજુરમાં બોલાવીને અર્દેશીરને કહ્યું કે "તું મારી સાથે કોલકરાર કર કે જેવારે મારો દીકરો શાપુર પાદશાહી કરવાને લાયકની ઉમરે પુગે તેવારે મારી પાદશાહી તેને હવાલે કરવી અને વજીરાતનું કામ તારે હાથે ચલાવવું. એવું જો તું વચનથી કબુલ કરે તો પાદશાહી તારે હવાલે કરૂં."

અર્દેશીરે સંધા સભાસદોની રૂબરૂ આ વચન કબુલ કીધાથી શાપુરે તેને નસીહત કીધી કે "દુનીયાનાં કામને તું સેહેલું કરી ના જાણતો. અરે ભાઇ ! જે પાદશાહ બેદાદી કરીને સરદારોને માથે દસ્ત બેસાડી ખજાનો મેળવે છે તે પોતાની પાદશાહીનો દરજ્જો જાળવી શકતો નથી. યજદાંપરસ્ત પાદશાહ તેને જાણવો કે જે પોતે સખાવત અને દાદ કરવાની સાથે પોતાના સરદારોનેબી તેમ કરવાની ભલામણ કરે, અને ગરીબોને સુખી રાખે, કે જેથી તેનો મલુક દુશ્મનોથી નીર્ભય રેહે. સખાવત કરતાં અને આસાનીથી ખરચ કરતાંબી તે પાદશાહ ખજાનો મેળવી શકે છે, અને ગુનેહગારોને ઘટતી રીતે સજા કરી અથવા નહી કરી તેઓને મારી બક્ષે છે. પાદશાહે પોતે અકલમંદ હોવા છતાં નાબલા મોટા લોકને અકલ શીખાડવાની જરૂર છે, કાંયજે અજ્ઞાન હોવાને લીધે ગરીબ યજદાં પરસ્તોનેબી તકસીરવાર થવું પડે છે. જ્યારે કોઇને પાદશાહ શીક્ષા કરેછે ત્યારે ઇનસાફ તથા દીનનાં કામમાં તેને વીચાર કરવો પડે છે. માણુસની કાયા નગરીમાં બે રાજા છે. એક દીલ અને બીજો મગજ; અને તેનું લશ્કર તે બીજી ઇંદ્રીઓ છે. એ બંધે રાજાઓના વીચાર જ્યારે એકમળતા નથી આવતા ત્યારે જીવ નીરાશ થઇને ગભરાટમાં પડેછે. જ્યારે સરદાર નબલી હાલતમાં આવી પડે ત્યારે લશ્કરની ખરાબી થયા વીના રેહે નહી. જાનની રોશની તનમાંથી નીકળી જાય છે તેવારે તનને ખાક મધે ફેંકી દેવું પડેછે. એજ મીસાલે જ્યારે પાદશાહ બીદાદી કરેછે ત્યારે તેનો મલુક ધુલમાં મળી જાયછે. તેના મુવા પછી લોક તેનાં ઉપર લેઆનત નાખીને બોલે છે કે એતો ધર્મવણાનો પાદશાહ હતો. માટે દીલના અને ભેજાંના વીચાર મધેથી નેક વીચાર શું છે તે પ્રમાણે તું કામ કરશે તો તારાં તનને દોરસ્ત રાખી શકશે અને તારી મુરાદને હાંસલ કરી શકશે. જે પાદશાહ આ માર્ગે નહી ચાલશે તેને પોતાની જીંદગીથી અને મલુકથી હાથ ઉઠાવવો પડશે. કોઈ નીચ અથવા તેવોજ ગુલામ તેના મલુકને ખરાબ કરશે. અરે ભાઇ ! પાદશાહોથી દાના લોકો કેટલીક ખસલતની આશા રાખેછે તે તું યાદ રાખ. પાદશાહે જુલમ કે લોભ કરવો નહી અને દુશ્મનથી પાછું હટવું નહી. બીજું એ જે લશ્કરની દાદ દેવા સાથે જે પાદશાહી ખાનદાનવાળા હોય તેઓ ઉપર વધારે મમતા રાખવી જોઇયે. ત્રીજું એ જે રાસ્તીનો માર્ગ પકડવો; નારાસ્તીને તજી દેવી. ચોથું એ જે ગરીબ લોક અને બુઢા નોકરોને હમેશાં ખજાનાનો લાભ આપવો જોઇયે. પાદશાહે દરબારને લશ્કર વણા અને ખજાનાને ચોકી વણાં રાખવાં નહી. અગર તું ખજાનાને બક્ષીશથી આબાદ રાખશે તો તું ખજાનાથી ખુશી રેહેશે, તેમ લશ્કર તારેથી ખુશી રેહશે. તારાં બદનને શોભા આપવા ચાહે તો હમેશાં હથીયાર બાંધેલાં રાખજે; તેથી બદનની શોભા છે, અને તે કોઈ વખ્ત એકાએક રાતે અગતનાં થઇ પડશે. ચોકીદારોનાજ ભરોસા ઉપર નીર્ભય રેહેતો ના. અગર રેહેશે તો કોઇ દીવસે ખતા ખાશે."

અર્દેશીર આ નસીહતો સાંભળીને આંખમાં પાણી લાવ્યો, તેવાર પછી એક વરસ શાપુર જીવીને મરણ પામ્યો અને તેની નસીહત યાદગાર રહી ગઇ.

ભાગ ૪.

નબળા પાદશાહોનો બીજો તબકકો.

——:o:——

ફસલ ૧—લુખી પાદશાહી.

અર્દશીર ૨ જો.

શાયર કેહે છે કે તકુબરીના બીયાં દુનીયાના બાગમાં નહી રોપવાં જોઇયે. સર્વે કોઇને એક દીવસે મરવુ છે તેની આગમચ મેળવેલુ ધન પરભાડાને હાથ ગયાથી કમાર્ગે ખરચે તેમ ન થવુ જોઇયે. હોરમજદની દીન ભલી મનશનીનીજ હતી,[1] તેથીજ તે પાદશાહો તખ્ત પર બેસી મુબારકબાદી હાંસલ કરી ગયા હતા.

ફીર્દુસી લખે છે કે હવે હું અર્દશીર (બીજો) ની પાદશાહીની વાત કરૂં છું જે સાંભળીને યાદ રાખો. અર્દશીરે શાપુરનાં તખ્ત ઉપર બેસી ઇરાની સરદારોને બોલાવીને કહ્યું કે, "હું એવુ નથી ચાહાતો કે આસમાનના દોરથી કોઇનુંબી બુરૂં થાય. અગર આ દુનીયાનાં લોક મારા હુકમ મુજબ ચાલે, અગર મારી વીરૂધ ચાલે, તોપણ હું તેઓની વીરૂધ ચાલનાર નથી; કારણ કે શાપુરે તેનો દીકરો નાધલી ઉમરનો છે તેથી ખસુસ મને પાદશાહી સોંપેલી છે, અને જે વીરૂધ ચાલનારા હતા તેઓને તો પાયમાલ કીધેલા છે, માટે શાપુરના ઉપર આફરીન કરૂં છું. જેવારે શાપુર બીન શાપુર મોટો થશે તેવારે તેને પાદશાહી હવાલે કરીશ અને શાપુરનો કોલ પાલીશ."

અર્દશીરે દશ વરસ પાદશાહી કીધી, જોઇયે તેટલી સખાવત કીધી, પણ કોઇબી પાદશાહ પાસેથી શાપુરનું ઠરાવેલું નજરાણું અથવા જગાત મંગાવી નહી. તેનાથી કોઇને કાંઇ દુખ પોંહોંચેલું નહી તેથી તેને "અર્દશીરે નેકોકાર"-નું ઉપનામ મળેલું હતું. જ્યારે શાપુર ત્રીજો લાયકનો થયો ત્યારે અર્દશીરે તેને તાજ આપ્યું.[2]

શાપુર ૩ જો.

કાકાનાં તખ્ત પર ત્રીજો શાપુર બેઠો.[3] તેની પાદશાહીથી દુનીયાનાં લોક ખુશી થયાં, પણ થોડોક ભાગ દલગીર થયો. તેણે મોબેદોને બોલાવીને નસીહત કીધી કે, "જે સરદારો જુઠું બોલનારા હશે તેઓનો વકર મારી આગળ રેહેશે નહી; જેઓ નેક માર્ગની અકલ બતલાવશે તેઓ બુજેર્ગી ભોગવશે; તેજ પ્રમાણે જેઓ બુરાં માણસોને, કમીનાઓને, અને મસખેરાઓને દોસ્તદાર કરી રાખશે તેઓને આબરૂ મળશે નહી. મસખેરી અથવા ખરાબ શબ્દો બોચરતાં જબાનને સંભાળી રાખવી જોઇયે. અનજુમનમાં જે માણસ વધારે બોલ્યા કરશે તે પોતાની આબરૂ ગુમાવશે, પણ જે ડહાપણ ભરેલા શબ્દો બોલતો રેહેશે તેને માન મળશે. લાલચુ અને જુઠા અને બેહુદા માણસોની દોસ્તી રાખવી નહી.

---

૧ આપણા શાયરના જરતોશ્તી મજહબ બાબેના આવા તારીફ લાયક ઈશારાઓથીજ તેના શત્રુઓએ શાહ મેહમુદને ઉસ્કેરી આપેલો હોવો જોઇયે. એટલા માટેજ તેઓએ તેને "રાફજી"નું નામ આપ્યું હતું.

૨ અર્દશીર ૨ જાએ (ઈસ્વી ૩૭૯–૩૮૩) ચાર વરસ રાજ્ય કીધું, જે દરમ્યાન તેનાં નેક કામોના બદલા તરીકે જે આર્મીન્યા તેના બાપ મહાત્મા શાપુરને તાબે થયું ન હતું તે આપમેળે તેને તાબે થયું, અને તે બાબે તેને રૂમીઓ સાથ કોલકરાર થયા હતા. આ કોલકરાર પાદશાહના મરણ બાદ બીજે વરસે તેના ભાઇના અમલમાં થયા હતા.

૩ શાપુર ૩ જો અર્દશીરનો ભત્રિજો નહિ પણ વચલો ભાઈજ હતો. એ પાદશાહનો અમલ (ઇસ્વી ૩૮૩–૩૮૮) પાંચ વરસ અને ૪ મહિનાનો હતો, જે દરમયાન તેણે પહાડો ઉપર પોતાની અને પોતાના બાપની તસ્વીરો તથા લેખો કોતરાવ્યાં હતાં.

માણસને ચાર ખસલત રાખવી લાજમ છેઃ—પેહેલું—દાનેશમંદી સાથે શરમ; બીજું—ખરી વાતનેજ વળગી રેહેવું; ત્રીજું—મધ્યમ સ્વભાવથી રેહેવું; ચોથું—ખોટે માર્ગે ભોલા લોકને ઠગી ફાયદો નહી મેળવવો. આ ચાર ખસલત રાખનાર બંને જેહાનમાં નામદારી મેળવી સુખી રેહે છે. તે ચારેની વીરૂધ ચાલનારા આ જેહાનમાં બદનામી મેળી જઇને પેલી જેહાનમાં દોજખ ભોગવશે. તમો નામદારોનો મદદગાર યજદાં હોજો અને હમેશાં તમારૂં એકબાલ રોશન હોજો. આપણાં તખ્તની ફરીયાદ સાંભળનાર પાક યજદાં હોજો."

પછી અનજુમનને તેણે રજા આપી.

શાપુરની પાદશાહીને પાંચ વરસ અને ચાર માસ ગુજરેલા હતા તેવારે એક દીને તે શીકારે ગયો, ત્યાં આરામ કરવા સારૂં એક તંબુ મારેલો હતો. પાદશાહે જમી, શરાબની ત્રણ જામ પીને આરામ કીધો, તેવારે બધા સોહબતીઓ ઉઠી ગયા. તેવામાં પવનનો એક ભારે સપાટો લાગવાથી તંબુનો એક ચોબ પાદશાહનાં માથાંમાં લાગો જેથી શાપુરનું મરણ નીપજ્યું, અને તેની પાદશાહીનું તાજ બીજાના માથાં ઉપર મેળાયું.

દુનીયા કોઇની સાથે બરકરાર નથી તેવારે તો દુનીયામાં ફીનો કપટ છોડી દઇને જેમ બને તેમ ખુશી સાથે રહી એલમ હુનરની શોધ કરવી; પણ ખોદાના ભેદની શોધ કરવામાં ફોકટ વખ્ત ગુમાવવો નહી.

બેહરામ ૪ થો.

કેટલાક મહીના સુધી બાપનો સોગ રાખવા પછી બેહેરામ તખ્ત ઉપર બેઠો અને સરદારોને બોલાવીને બોલ્યો કે "જો પાદશાહ બક્ષેશ કીધા વીના ખજાનો એકઠો કરે તો તમે જાણજો કે તે પાદશાહ ખજાનો પરાગંદા કરે છે, વાસ્તે આપણે એવું કરીયે કે જેથી યજદાં ખુશી રેહે અને દુશ્મનો બળાપો કરે. આપણે ખજાનો વધારશું અથવા ઘટાડશું તે ખોદાના હાથમાં છે. આપણે તો તેના તાબેદાર છઇયે; તોપણ જે બક્ષીશ કરવાને શક્તીવાન હશે તેને દાના જાણવો. તેમાં અફસુસ કરીને પાદશાહે ખજાનો બાંધી રાખવો નહી જોઇયે, પણ તે બક્ષવામાં ડહાપણ રાખવું જોઇયે. જોકે નેકી અને બદી ખોદાથી પેદા થયલી છે, તોપણ નેકી કરશું તો બેહસ્તમાં બદલો પામશું અને બદી કરશું તો ગીરફ્તાર થશું; માટે ખોદા આપણને નેકી કરવાની ફતેહમંદી બક્ષે."

પછી કેટલીક મુદતે પાદશાહ બીમારી ભોગવી ૧૪ વરસ પાદશાહી કરી મરણ પામ્યો.[1] તેને દીકરો નહી પણ એક દીકરી હતી, માટે એક નાધલો ભાઇ હતો તેને પાદશાહીનું તાજ મળ્યું.

અહીં ફીર્દુસી પોતાને કેહે છે કે "અરે ૬૩ વરસના બુઢા! તું મરણની વાત આવે છે તેવારે શરાબ માંગીને ખુશી રેહે છે, તેમ તે કેટલાએક દીવસો સુધી ચાલવાનું છે? એકાએક મોત આવી પુગશે ત્યારે તુંને બી જવું પડશે; માટે જીંદગી છે ત્યાં સુધી તોબાહ કર! આ રીતના મારા સખુનો (શાહનામુ) થી મેહમુદશાહ રાજી હોજો! ઇરાન, તુરાન, રૂમથી તે સીંધની નદી સુધીના મલુકોના ધણી મેહમુદશાહના દોરનો દરજજો માહતાબના કરતાંબી બુલંદ હોજો અને તેથી કેયાનીઓનું તાજ ખુશહાલી ભરેલું હોજો!"

---

૧ આ પાદશાહ બેહરામ કેરમાનશાહને નામે ઓળખાઈ ગયો છે. તેણે (ઇસ્વી ૩૮૮ થી ૩૯૯) ૧૧ વરસ રાજ્ય કીધેલું જણાય છે. આ પાદશાહના વખ્તમાં આર્મીન્યા જે રૂમીઓ અને ઈરાનીઓ વચે વહેંચાયલું હતું તે પાછું ઇરાનના કબજામાં આવ્યું અને બેહરામે તેની પાદશાહી પોતાના ભાઈ ખુસરોને સોંપી (ઇસ્વી ૩૯૩). આ બનાવની યાદમાં પાદશાહે એક મોહર કોતરાવી તેમાં પોતાના પગ તળે એક માણસને કચડાતો પડાવ્યો. બેહરામ પ્રજાપ્રિય નહિ હોવાથી કોઈ ખૂનીએ તીરવડે તેનો જાન લીધો હતો. સાસાની અમલમાં પાદશાહનું આ પહેલુંજ ખૂન હતું.

ફેસલ ૨—યજદેજર્દ ૧ લો.

ઇરાનમાં બેદાદી.

બેહરામના નાધલા ભાઇ યજદેજર્દે[1] તખ્ત ઉપર બેસી સરદારોને બોલાવીને કહ્યું કે "મારી સખાવત અને મારા ઇનસાફથી તમે ખુશી થઇને યજદાંની બંદગી કરતા રેહેજો. જેઓ મારાં વાજબી ફરમાનની વીરૂધ જશે તેઓને બરતરફ કરી ખરાબ કરીશ. હું મોબેદોની સલાહ લીધા વીના કંઇ કામ નહી કરીશ. ગરીબો ઉપર જેઓ સીતમ કરશે તેઓને બારી સજા કરીશ. હું પોતે ગરીબો સાથે લાડ લડીશ. માટે મારાં ફરમાનને માન આપજો."

આ વાત સાંભળી સરદારો દીલમાં ધ્રુજવા લાગા. જેવારે તેની પાદશાહીનું કામ ચાલવા લાગું તેવારે તેનો દમામ વધતો ગયો, પણ સરદારોનાં દીલમાંથી તેનો પ્યાર ઘટવા લાગ્યો; કાંયજે તે પાદશાહીનું કામ ઉલટે માર્ગે ચલાવવા માંડવાની સાથે દાનેશમંદ સરદારોને ખુવાર કરવા લાગો. દેશેદેશના સરદારો, પેહેલવાનો, મોબેદો, સર્વે એકમળતા થઇને પાદશાહની હજુરમાં જઈ શીખામણ દેવા લાગા, પણ તેઓના સવાલોનો એક જવાબબી પાદશાહે દીધો નહી, પણ ઉલટી જફા ગુજારવા લાગો. દરેક પ્રાંતમાંથી લોકો ફરીયાદ લાવતા તે ફરીયાદ પાદશાહની આગલ લઇ જતાં તેનો જે ખાસ દસ્તુર (વજીર) હતો તેબી આનાકાની કરવા લાગો કે મબાદા પાદશાહ તેનેબી આસેબ પોંહોંચાડે! તેથી દસ્તુર લોકોને સમાધાની ભરેલા નરમ જવાબ દઇ પાછા મોકળતો. તે વજીર પણ સઘળા સરદારોની સાથે એકમલતો થઇ ગયો.

આવી બેદાદી સાથે યજદેજર્દે સાત વરસ રાજ ભોગવ્યું, અને આઠમાં વરસના મેષ રાસીના ફરવરદીન મહીના ને હુરમજદ રોજને દીવસે તેના એક દીકરાએ જન્મ લીધો. તેનુ નામ બેહરામ કરીને રાખ્યું. પાદશાહના બે જોપીઓ ઘણાજ કાબેલ હતા. એકનું નામ સરોશ અને બીજાનું નામ હુશીયાર કરીને હતું, તેઓને પોતાની નજદીક બોલાવીને બેહરામનો સીતારો કેવો છે તે વીશે સવાલ કીધો. તેઓએ રૂમી જીચો (પંચાંગો) ઉપરથી જોસ્તેજો કરી જવાબ દીધો કે "એ બાળક તમામ જેહાનનો પાદશાહ થશે અને હમેશાં ખુશી ભરેલો પરહેજગાર રેહેશે." તે વાતથી સર્વે ખુશી થયા, પણ સરદારો તથા વજીરોએ એક સભા ભરીને વીચાર કીધો કે "જો એ બાળક યજદેજર્દ પાદશાહની સાથેજ રેહેશે તો પાદશાહની સઘળી બદ ખસલત શીખશે અને જુલમનો પેશો જારી રાખશે, કે જેથી મોબેદનો કે દસ્તુરનો કે પેહલવાનોનો વકર રાખશે નહી." માટે સંધા એકમળતા થઇ પાદશાહને કેહેવા લાગા કે "બધી દુનીયાના પાદશાહો તુંને જગાત આપે છે અને તારાં ફરમાનને તાબે થયલા છે, માટે કોઇ શેહેરમાં ખબરદાર ઉસ્તાદ હોય તાંહાં એલમ હુનર શીખવવા બેહરામને મોકલવો જોઇયે; તે અત્રે

---

[1] રૂમી લખનારાઓ અને સિક્કાઓ મુજબ યજદેજર્દ બેહરામનો ભાઈ નહિ પણ બેટો હતો, તે થંડા સ્વભાવનો અને નાહિમત હતો. રૂમની હાલત આ વેળા બહુ માઠી હતી. ત્યાંનો શેહનશાહ આર્કેડયસ પોતાના બેટા થિયોડોસ્યસની પર વરશી કરવાનું યજદેજર્દને સોંપી ગયો હતો, જે કામ પાદશાહે દિલોજાનથી પાળ્યું. તે ખ્રિસ્તીઓ તરફ બહુ રેહમદિલ હતો, જે ઉપરથી ફુલી જઇને મદાઇનના ખ્રિસ્તીઓએ ત્યાંનું મોટું આતશકદેહ બાળી નાખ્યું. આથી પાદશાહે ખ્રિસ્તીઓની કતલ ચલાવી તેમને આજેજ કીધા, જેથી તેને તેઓ "અથીલ" યાને "ઘાતકી"નું નામ આપી ગયા છે. પાદશાહે ઈસ્વી ૩૯૯ થી ૪૨૦ સુધી રાજ્ય ચલાવ્યું હતું. તેના સિક્કાઓ ઉપર આવો લેખ મળે છે કે "ખોદાને માનનાર, પવિત્ર, ઘણોજ સુલેહવાળો, ઇરાનના પાદશાહોનો પાદશાહ યજદેજર્દ." સિકકાની બીજી બાજુએ આપેલા લેખમાં પણ "ઘણોજ સુલેહ ભરેલો યજદેજર્દ" એવું લખ્યું છે.

કોઈની શીખામણ માનતો નથી, માટે એ બાળક હુનર એલમ શીખશે તો પાદશાહી કરવાને લાયકનો થશે."

પણોતો પુત્ર.

આ ઉપરથી પાદશાહે દરેક મુલકના હુશીયારોમાં હુશીયાર જે દાનેશમંદ મોબેદો વગેરે હતા તેઓને બોલાવી મંગાવ્યા, તેમાં અરબસ્તાનનો પાદશાહ નોઅમાન મંજર નામનોબી આવેલો હતો. સઘળા દાનેશમંદોમાં નજુમ વગેરેનો હુનર નોઅમાન વધારે રાખતો હતો, તેથી બેહરામને હુનર શીખાડવા નોઅમાનને સોંપી આપ્યો, અને તેને ઈમનની પાદશાહીનું ફરમાન આપવાની સાથે મોટો સીરપાવ આપી અરબસ્તાનનાં તે શેહર તરફ રવાના કીધો. બેહરામની સાથે જોઇયે તેવા અસ્બાબ અને કેટલીએક દાઇઓને પણ આપી. બીજા સરદારો તથા નજુમીઓ જે દેશાવરો ખાતેથી આવેલા હતા તેઓને સારાં ઇનામો આપી રવાના કીધા.

નોઅમાન જ્યારે ઇમનમાં બેહરામને લઇને દાખલ થયો ત્યારે ભારી ધુમ સાથે આરબનું લશ્કર સામણે લેવા આવેલું હતું. નોઅમાન ઇમનમાં જઇ આરામ પામ્યો ત્યારે બેહરામને સારૂં ચાર મોટે ખાનદાનની આયા અને બે આરબ અને બે કેયાની તોખમના ગૃહસ્થોને ખીજમતમાં રાખ્યાં. બેહરામની ચાર વરસની ઉમર થઇ ત્યાંસુધી તેને દુધનો ખોરાક આપ્યો; જ્યારે સાત વરસની ઉમર થઇ ત્યારે બેહરામે મંજરને કહ્યું કે "હવે તું મને સારા કાબેલ ઉસ્તાદને સોંપી આપ કે જે મને એવા હુનર શીખાડે કે તે પાદશાહીને લાયકના હોય." મંજરે ત્રણ મોબેદોને બેહરામને તાલીમ આપવા માટે મુકરર કીધા, તે મધે એક મોબેદ લખવા વાંચવાનું શીખાડે; બીજો મોબેદ શીકારબાજીનું કામ શીખાડે (જેમાં વાઘ ચીતાબી હોય છે), અને ત્રીજો મોબેદ દડી દાવ, તીર કમાન અને શમશેરબાજીનું કામ દેખાડે, તથા તેની સાથે ઘોડાની સ્વારીનું અને પાદશાહી કરવાની રીતભાતનું કામ પણ શીખાડે.

આ ત્રણે મોબેદોથી ત્રણ જાતની તાલીમ લઇને બેહરામ ઉસ્તાદોની બરાબરનો ખબરદાર થયો ત્યારે મંજરે તે ઉસ્તાદોને ઇનામ આપી તેઓને દેશ રવાના કીધા. પછી બેહરામે મંજર પાસેથી પોતાની સ્વારી સારૂં ઘોડા મંગાવ્યા. મંજરે ૧૦૦) ઘોડા હાજર કીધા તે બધા મધેથી બે ઘોડાએજ માત્ર બેહરામને બેસવાને પીઠ આપી; બાકીના નકામા હતા તેમણે પાછા મોકલ્યા. આ બેમાંનો એક આરબી ઘોડો હતો અને બીજો કુફેથી આવેલો હતો.

બેહરામે મંજરને ફરમાશ કીધી કે હવે મને ઓરત પરણવી જોઇયે, કે જેથી ફરજંદ પેદા થાય, અને યજદાં ખુશી થાય. મંજરે ૪૦ રૂમી ઓરતો હાજર કીધી તે મધેથી બેહરામે બે ઓરત પસંદ કરી લીધી. હવે બેહરામનું દરરોજનું કામ તો શીકાર કરવા જવાનુંજ હતું.

ફસલ ૨—શાહજાદા બેહરામની શીકારબાજી.

બેહરામ એક દીવસે છડી સવારીએ પોતાની રૂમી ઓરત આજાદેહને સાથે લઇને શીકારઘા ગયો ત્યાં હરણનું એક જોડું નજર આવ્યું, બેહરામે આજાદેહને પુછ્યું કે "માદા જવાન છે અને નર બુઢો છે; માટે એ બધે મધેથી તું કેહે તેને તીરથી મારૂં."

આજાદેહે જવાબ દીધો કે "એવી રીતે હરણને મારવાથી મર્દાનગી નથી જણાતી. અવલ તું માદાને એકેકો તીર શીંગડાંની જગા પર માર ત્યારે તેબી શીંગડાંવાલા નરની પેઠે દેખાશે. પછી પેલો નર નાહાસવા માંડશે એટલે તેની પુઠે તું ઘોડો ઝોંકાવીને તેના કાન ઉપર ગલોલો માર કે જેથી તે પોતાના કાનને ખાંધ ઉપર નાખી દઇને પગે કરીને કાનને

ખવડશે; એટલે પાછો એક તીર મારીને તેના પગ, કાન, અને માથાંને એટલે એકજ તીરથી એ ત્રણેને સીવી લે તેવારે હું તુંને મર્દાનો જાણું."

બેહરામે એ કાપલાનો એક તીર પેલા નર ઉપર ફેંકી તેનાં માથાંપરથી બંધે સીંગડાં કાપી કાહાડયાં, જેથી પેલો નર સીંગડાં વણાનો થઇ માદાની મીસાલનો દેખાવા લાગો. તેજ પ્રમાણે બેહરામે પેલી માદાને માથે સીંગડાંની જગા ઉપર બે તીર ફેંકયા, જે લાગુ પડવાથી માદા નરની મીસાલે તીરનાં સીંગડાંથી દેખાવા લાગી. તે જોઇને પેલી લોંડી આજાદે ઘણીજ અચરતીમાં પડી. પછી બેહરામે એક બીજાં હરણનાં જોડાંની ઉપર ઘોડો દોડાવીને એક નરના કાન ઉપર ગલોલો માર્યો, જેથી તેને દુઃખ લાગું તે મટાડવા પોતાનો પગ લઇ જઇને કાનને ખવડવા લાગો. તેવામાં એક તીરથી પેલા નરનું માથું અને કાન અને પગ એકઠાં સીવી લીધાં, તે જોઇને આજાદેને દયા આવી.

બેહરામે આજાદેને કહ્યું કે "એવી રીતે હું હજારો શીકાર મારી શકું છું."

આજાદેએ બેહરામને કહ્યું કે "તું તો હારેમન છે! જો તું હારેમન નહી હતે તો આવી રીતે શીકાર કેમ કરી મારી શકતે?"

આ બોલ સાંભળતાંજ બેહરામે આજાદેને ઘોડા ઉપરથી ઉઠાવી જમીન ઉપર પછાડીને પોતાના ઘોડાના પગ નીચે કચડી નાખી. તે દીન પછી બેહરામ શીકાર જતો ત્યારે લોંડીને સાથે લઈ જતો નહતો.

એક દીવસ ફરીથી બેહરામ શીકાર કરવા એક પાહાડ તરફ નીકળી ગયો. એ જગા ઉપર એક વાઘ એક ગોરખરની પીઠ ચીડતો હતો, તે જોઇને શાહજાદાએ એક તીર માર્યો, જેથી નીચે પડેલાં ગોરખર અને તેની ઉપરના વાઘ એ બંધેને શીવી લીધાં. ત્યારબાદ એક અઠવાડીયું નહી થયું તેવારે નોઅમાન મંજર તથા કેટલાક આરબ સરદારોને સાથે લઇને બેહરામ શેકાર કરવા નીકળ્યો. મંજરની મતલબ એવી હતી કે બેહરામના જોર અને હુનરની ખુબી પેલા આરબ સરદારોને દેખાડ. જ્યારે શીકારનાં મેદાનમાં ગયા ત્યારે તે જગા ઉપર સીતોર મૃગો એક બીજાની પુઠે સાંઢણીની માફક નાસતા જણાયા. બેહરામે તેમની પુઠે ઘોડો ઝોંકાવીને સીતોર મૃગની કમરમાં એકેક પછી ચાર તીર માર્યા તે એવી રીતથી કે પેહલા તીરના જખમ મધેજ બીજા ત્રણ તીરબી એક સોએના જેટલા પણ તફાવત વગર દાખલ થયા હતા! પેલા આરબ સરદારો મધેથી એકે તપાસ કરી જોઇ ત્યારે એક જખમ મધેજ બીજા ત્રણ જખમબી દાખલ થયલા માલુમ પડયા, યાને પેહલા તીરને તથા તેના પીછને વીંધી બીજો તીર, બીજાને વીંધી ત્રીજો તીર, અને ત્રીજાને વીંધી ચોથો તીર પેહલા તીરનાં જખમમાંજ લાગું થયલા હતા. બેહરામના હુનર ઉપર મંજરે તથા બીજા સરદારોએ આફરીન કીધી. પછી મંજરે પોતાનાં એવાનમાં જઇને ઇમન શેહેરના ચીતારાને બોલાવી એક તસ્વીર ચીતરાવી, જે મધે બેહરામે જે પ્રમાણે પેલાં હરણોને તથા સીતોર મૃગને તીરથી મારેલાં હતાં તે પ્રમાણે નક્ષો ઉતરાવીને યજદેજર્દ પાદશાહ પાસે મોકલાવી દીધો. તે તસ્વીર તમામ લશ્કરે જોઇને બેહરામના અચરતી ભરેલા હુનર ઉપર આફરીન કીધી.

શાહજાદા ઉપર બાપની ઇતરાજી.

યજદેજર્દે બેહરામને પોતાની હજુર ઇરાન બોલાવ્યો તે વેળા મંજરે કેટલોક ઉમદા હદીઓ અરબસ્તાનથી પોતાના બેટા નોઅમાનની સાથે આપીને બેહરામને અસ્તેખર રવાના કીધો. જ્યારે શાહજાદો પાદશાહનાં શેહેરમાં દાખલ થયો ત્યારે તેને સામણે લેવા સારૂ યજદેજર્દે લશ્કરના સરદારોને મોકલ્યા અને ભારી દમામ સાથે બેહરામ આવ્યો તેને અને નોઅમાનને લાયક જગા ઉપર પોતાની નજદીક બેસાડયા તથા તેઓને રેહેવા સારૂં મેહલો એલાહેદા હવાલે કીધા.

નોઅમાનને એક મહીનો રાખી પચાસ હજાર દીનાર, દશ ઉમદા ઘોડા અને સરપાવ

આપી કેટલેક તેનો તથા તેના બાપ મંજરનો ઉપકાર માનીને ઇમન રવાના કીધો. તેને બેહરામે એક નામું મંજર ઉપર લખી આપ્યું, તેમાં લખ્યું કે "યજદેજર્દની ચાલથી હું ઘણો દલગીર રેહું છું, કારણકે એક શાહજાદાને જેટલું માન ઘટે છે તે ન આપતાં મને એક ચાકરની બરાબર ગણે છે." વળી એ પ્રમાણે નોઅમાન સાથે જુબાનીથીબી કેહેવાડયું કે "પાદશાહ ઘણી ખરાબ રીતે પાદશાહીનું કામ ચલાવે છે," ઇત્યાદી.

નોઅમાન પોતાના બાપ મંજરની હજુર ઇમનમાં પાદશાહનું તથા બેહરામનું નામું લઇને ગયો તે વાંચીને મંજરે બેહેરામનાં નામાંનો જવાબ લખ્યો કે—" પાદશાહ નેકી અથવા બદીની જેબી ચાલ તારી સાથે ચલાવે તે ઉપર તારે રાજી રહીને તાબેદારી કરવી જોઇયે. તારા ખરચને સારૂ દશ હજાર દીનાર અને તારી લોંડીને તારી તરફ મોકળી છે. બીજા દીનાર અથવા જે ચીજ તુંને જોઇતી હોય તે મંગાવજે, પણ પાદશાહની તો તાબેદારી કરતોજ રેહેજે." અને તેમજ બેહરામે પણ કીધું.

એક દીવસે બેહરામ પાદશાહની હજુરમાં ઉભેલો હતો. રાતનો વખ્ત હતો, જેથી બેરામની આંખમાં ઉંઘનો ઝોંકો લાગો. તે ઉપર પાદશાહની નજર પડી તેવોજ ગુસ્સામાં આવી દરબાનને હુકમ કરી બેહરામને બંદીખાનામાં નાખ્યો. કોઇ વખ્તે નોરોજ અથવા જશનનો દીવસ હોય ત્યારે પાદશાહની આગળ લાવીને તે પછી પાછો બંદીખાને નાખતા. એક દીવસે તલીનોસ નામનો રૂમના પાદશાહનો એલચી હદીઓ લઇને આવેલો હતો તેની નજદીક બેહરામે પેગામ મોકલ્યો કે " વગર તકસીરે પાદશાહે મને કેદી કીધેલો છે, માટે પાદશાહ પાસેથી તું મને માંગી લઇને ખલાસ કર, એટલે મારાં માબાપ કરતાં મારાં ઉપર વધારે હેત રાખનાર મંજર છે તેની પાસે હું જાઉં."

તલીનોસે પાદશાહને બેલતેમાસ કરી બેહરામનો છુટકારો કરી આપ્યાથી શાહજાદો પોતાના લાગતાવલગતાને સાથે લઇ મંજર તરફ ઇમન શહેર ખાતે જઇ પુગો. નોઅમાન અને મંજર બંધે બેહરામને એસ્તેકબાલ લેવા ગયા, ત્યાં ઘોડા ઉપરથી ઉતરી મુલાકાત કીધા પછી બેહરામે પોતાના દુઃખની હકીકતથી તેઓને વાકેફ કીધા.

મંજરે પુછ્યું કે " યજદેજર્દ પોતાની બેઅકલીનો બદલો પામશે ખરો ?"

બેહરામે જવાબ દીધો કે " તે તો તેના ભવીષમાં લખેલુંજ છે."

પછી ઇમિનમાં જઇ બેહરામે મંજરની હજુર ઘણી ખુશી સાથે દીવસો ગુજાર્યા.

પાદશાહનું નવાઇ જેવું મરણ.

હવે યજદેજર્દને પોતાની પાદશાહાતની ખરાબી વીષે અંદેશો પડવા લાગો, તેથી તેણે શેહરે શેહરથી દાના મોબેદોને બોલાવી એકઠા કીધા, અને પોતાનું મરણ ક્યારે અને શી રીતે નીપજશે તે બાબે સવાલ કીધો.

મોબેદોએ જવાબ દીધો કે " જેવારે પાદશાહનો વખ્ત આવી પુગશે તેવારે 'સુ' નામના ચશમા તરફ પાદશાહને જાવું થશે. એ ચશ્મો તુસ શેહેર તરફ આવેલો છે. તેને દરીયાએ શેહેદ (મધનો સમુદ્ર)ને નામેબી ઓળખે છે. તે જગા ઉપર પાદશાહનું મરણ નીપજશે."

નજુમીઓથી આ ભેદ સાંભળીને યજદેજર્દ ખુરદાદ બુર્જીન આતશ અને ખુરશીદ (સુરજ)ના સોગંદ લઇ બોલ્યો કે " કદીબી સુના ચશ્મા તરફ હું જનાર નથી કે જ્યાં મારૂં મરણ નીપજે."

આ વાતને ત્રણ માસ ગુજર્યા કે યજદેજર્દને નાકમાંથી લોહી જારી થવાનો રોગ પેદા થયો. વઇદો દવાઇનાં જોરથી એક હફતો લોહી બંધ કરતા ત્યારે બીજે હફતે ઘણુંજ વધારે લોહી નીકળતું, તેથી મોબેદે તેને કહ્યું કે ખોદાનો હુકમ એવો છે કે ચશ્મએ સુ તરફ તારૂં મરણ નીપજશે, તે હુકમની વીરૂધ તેં સોગંદ લીધા કે તે ચશ્મા તરફ

જવું નહી કે તારાં મોતનો બચાવ થાય. એ તો તુંએ ખોદાનો માર્ગ છોડીને ચાલવાનો ગુનાહ કીધેલો છે; માટે હવે તો તે ચસ્મા આગળ જઇને ખોદા પાસે માફી માંગ અને આજેજીથી બંદગી કરીને અરજ ગુજાર કે "મારાં મોતને સોગંદના ફાંસા મધે મારેથી બંધાઇ ગયું છે તેનો છુટકારો કરનાર તુંજ કીર્તાર છે." આ મોબેદના સખુનો પાદશાહને પસંદ પડવાથી તેણે ચસ્મે સુ તરફ જવાની તૈયારી કીધી.

ત્રણસો ડોલી (પાલખી) તૈયાર રાખીને યજદેજર્દ પાલખીમાં બેસી રાતદીન મુસાફરી કરતો દરીયાએ શેહદ નજદીક જઇ પુગો, ત્યાં સુધી તેના નાકમાંથી લોહી જારી હતું. પછી થોડુંએક ચસ્માનું પાણી માથો ઉપર લીધું અને યજદાનની બંદગી કીધી, તેની બરકતથી કેટલાક દીવસ લોહી બંધ થઈ તે આરામ પામ્યો. ત્યારે પાદશાહી દમામથી તકોબરી કરીને બોલ્યો કે "શું ખોદાની એવીજ મરજી હતી કે મને નકામો એક જગાપરથી બીજી જગા ઉપર રઝલાવવો ?"

એજ વખ્તે દરીયામાંથી એક દરીયાઈ ઘોડો નીકળી આવ્યો. પાદશાહે સીપાહીઓને હુકમ કીધો કે "એ ઘોડાને મારી નાખો." સવારો તથા બીજાઓએ ફાંસા લઇને ઘોડાને ઘેરી લીધો, પણ જીન બાંધવાને અશક્ત થયા. ત્યારે પાદશાહે પોતે ઘોડા આગળ જઇ સવારના હાથમાંથી લગામ લઇ ઘોડાનાં મોહોડામાં આંપી. પછી જીન તેની પીઠ ઉપર મેળીને તંગ બાંધી લીધો ત્યાં સુધી ઘોડો નરમ થઇને ઉભો રહેલો હતો, પણ જ્યારે પાદશાહે તેના પાછલા પગ આગળ જઇને દુમચી બાંધવા માંડી ત્યારે ઘોડાએ પોકાર કરીને પોતાના બંધે પગની લાત પાદશાહનાં માથાં ઉપર મારી, જેથી તેનું માથું અને તાજ ધુલ મળી ગયાં, અને યજદેજર્દ ખાકમાંથી પેદા થયલો તે પાછો ખાકમાં ગયો. મોબેદે સાતે સીતારાની ચાલ ઉપરથી જેમ કહેલું હતું તેમ યજદેજર્દનું મરણ નીપજ્યું.

શાયર કેહે છે કે જ્યારે સીતારાની ચાલ પ્રમાણે જે બનાવ બનવાનો હોય તે બને છે, અને માણસ જાત તે વાતથી નાચાર છે, તેવારે તો સીતારાની પુજા કરવામાં કશો લાભ નથી; માટે યજદાનની બંદગી કરી તે સાહેબ પાસે આશરો માંગવો જોઇયે; કાંયજે તે સાહેબેજ આસ્માનને અને સીતારાનેબી પેદા કીધેલા છે.

હવે પેલો ઘોડો પાછો પાણીમાં પડીને ગેબ થઇ ગયો અને લશ્કર પાદશાહનાં મરણ ઉપર માતમ કરી બોલવા લાગું કે "અરે યજદેજર્દ ! તારી છેલી ઘડી તુસ શેહેરમાં પુરી થઇ." પછી એક મોબેદે આવીને યજદેજર્દની લાશને ચીરીને તે મધે કપુર અને કસ્તુરી દાખલ કરી લાકડાંની પેટીમાં મેળી સુનાનું તાબુત બનાવી પાર્સ મોકળી દીધી.

ફસલ ૩—નવો પાદશાહ ખુસરો.
ઇરાન ઉપર ચોતરફની ચઢાઇ.

જો કોઇથી બની શકે તો પાપ કરવા કરતાં દીનનાં ફરમાન પ્રમાણે ચાલવું બેહતર છે. ઇરાનના સરદારો, મોબેદો, પેહેલવાનો, જેવાકે ગુસ્તહમ, કારન બીન ગોસસ્પ, મીલાદ, આરસ, અને પરવીઝ, જેઓ યજદેજર્દનાં જુલમથી કંટાળેલા હતા તે સઘળા યજદેજર્દનાં દુખમા આગળ ભેગા થઇ બોલવા લાગા કે "યજદેજર્દ જેવો નાપાક પાદશાહ કોઇએ જોયલો તો નહી હશે પણ આગલા જમાનામાં તેવો થઇ ગયલો સાંભળેલોબી નહી હશે; માટે તેની તોખમના કોઇને તખ્ત પર બેસાડવો નહી. જોકે બેહરામ (ભલો) છે તોબી તે એની તોખમનો છે, અને વળી મંજરની મતલબ ઉપર ચાલનારો છે, માટે તેવા જુલમી (બાપના દીકરા) ને તખ્ત આપવું નહી."

એ બાબતનો ઠરાવ કરી સઘળાઓએ સોગંદ લીધા અને ઘર આવી નવા પાદશાહની શોધ કરવા લાગા. તેવારે અલાનશાહ, પાર્સનો

પેહલવાન બીવરદ, શકખાન, બેહેઝાદ બુર્ઝીન રૂસ્તમની ઓલાદનો, અને સામ કેકોબાદની ઓલાદનો, એ સઘળા દાવો કરવા લાગા કે હવે તો પાદશાહી હમોને ઘટેછે.

એમ કરતાં જ્યારે હુલડ થઇ ગયું ત્યારે ઇરાની સરદારોએ વીચાર કરીને ખુસરો નામનો એક શખ્સ જે ઉંચા કુલનો હતો તેને પાદશાહી આપી.[૧]

હવે જ્યારે બેહરામને ખબર થઇ કે તેનો બાપ, યજદેજર્દ ગુજરી ગયો છે, અને તેની પાદશાહી ખુસરો નામના શખ્સને આપી છે, અને યજદેજર્દની ઓલાદને પાદશાહી નહી આપવા બાબે સરદારોએ સોગંદ લીધા છે, ત્યારે તે ઘણો દલગીર થયો અને એક માસ બાપનો સોગ પાળી તખ્ત કેમ હાથ કરવું તે બાબે મંજર સાથે મસલત કરવા લાગો. પછી શીબાનનું બે હજાર અને કબતીઆંનું દશ હજાર લશ્કર લઇ મંજરનો દીકરો નોઅમાન બેહરામની કુમકે ઇરાન ઉપર ચહડી ગયો, અને સોરસાનના રસ્તાથી તે મદાયન સુધીનો મુલક લુટી બાળીને ખાક કીધો, અને કેટલાક લોકોનાં બચ્ચાં છોકરાંને કેદ પકડી લીધાં. તેજ પ્રમાણે ખબર મળવાથી રૂમ, તુર્કસ્તાન, મકરાન અને હીંદુસ્તાનનાં લશ્કરોબી ચહડી આવી જ્યાં ફાવ્યું ત્યાં લુટફાટ કરી પાદશાહી ચલાવવા લાગાં. આવી રીતે ચો તરફનો ધસારો જોઇ ઇરાનીઓ ગભરાટમાં પડયા અને સઘળા વજીરો એકઠા થઇ મનસુબો કરવા બેઠા.

તેઓએ પ્રથમ જવાનુ નામના એલચીને તૈયાર કરીને તેને નામું લખી આપી મંજર તરફ ઇમન શેહેરમાં મોકળ્યો. તેમાં લખ્યું કે—"હાલમાં મલુકોને તારી મદદની ગરજ પડી છે. ઇરાનનો તથા તુરાનનો બચાવ કરનાર તું સીવાય બીજો કોઇ નથી. ઇરાનનું તાજ અને તખ્ત પાદશાહ વીના ખાલી પડેલું છે, તેથી ખુનરેજી ઘણી થઇ છે, માટે હમે ધારીયે છીયે કે ઇરાનની બુજોર્ગી તું જાળવી શકશે; કારણ કે હાલમાં જે ખુનરેજી અને લુટ ચાલીને ઇરાન તારાજ થઇ ગયું છે તે સઘળું તુંએજ કીધેલું છે. અગાડી તું એવો બદકાર નહી હતો, પણ હાલ બેયાનતનો ડર તુંએ રાખેલો નથી, માટે તારા ઘડપણના વખ્તમાં ફાયદાભરેલી શીખામણ તું પસંદ કરે તો સારૂ. એ સીવાય બીજું જવાનુ એલચીએ નજરે જોયલું છે તે સઘળું તુંને કહી સંભળાવશે."

જવાનુએ મંજરને નામું આપી સઘળી વાત કહી સંભળાવી, ત્યારે મંજરે એલચી જવાનુને બેહરામની પાસે મોકળ્યો અને એક સરદારને સાથે આપી કહ્યું કે "એ નામું બેહરામને વાંચી સમજાવો." બેહરામની આગળ જઇને ઉભો રેહેતાં તેનો દબદબો જોઇને ઇરાની એલચી એવો તો ગાફેલ થઇ ગયો કે પેલું નામું તથા નજરે જોયલી વાત કેહેવાને તદન ભુલી ગયો. બેહરામે તેને ધીરજ આપી નવાજેશ કરી, અને પેલા સાથે આવેલા અરબ સરદારની જોડે તેને મંજરની હજુર પાછો મોકલીને કેહેવાડયું કે આ નામાનો જવાબ ઘટે તે રીતે લખી વાળો. ત્યારે મંજરે એલચીને જવાબ દીધો કે "અવલ બેહુદું કામ કોણે કીધું ? બેહરામ જે પાદશાહીનો હકદાર હતો તેને બદલે તમે ખુસરોને પાદશાહી આપી; પણ બેહરામ અત્રેથી ઇરાનમાં આવીને જેમ સાપને દરમાંથી ખેંચી કાહાડે તેમ ખુસરોને ખેંચી કાહાડી ખુનરેજી કરશે. જો હું ઇરાનમાં હતે તો ઇરાનીઓને અણઘટતી રીતે ચાલવા નહી દેતે."

એલચીએ જવાબ દીધો કે "ઇરાનીઓની કમઅકલને લીધે તો આટલીબધી ખુનરેજી થઇછે; માટે તું અને બેહરામ બંધે સાહેબો શીકારબાજીને અર્થે બાજ અને ચીત્તા લઇને ઇરાનમાં આવો અને વગર હરકતે ઇરાનીઓનું બોલેલુંબી સાંભળો અને તમો પણ દાનાઇભરેલા સખુનો તેઓને સમજાવો તો સારૂં, એમ હું ધારૂં છું." આ વાત સાંભળી મંજર ખુશી થયો અને એલચીને હદીઓ આપી રવાના કીધો.

---

૧ આ ખુસરો પાદશાહ અર્દશીર બાબેગાનની ઓલાદનો હતો.

બાબ ૫.

બેહરામ ગુર.

---:o:---

ફસલ ૧—તખ્ત મેળવતાં નડેલી મુશ્કેલીઓ.

બેહરામના દાવા બાબે રીકઝીક.

મંજર અને બેહરામે ખલવતમાં બેસી ઠરાવ કીધો અને ત્રીશ હજાર લશ્કર જમા કરી બંધે સાહેબોએ જેહરમમાં આવી મુકામ કીધો. આ ખબર સાંભળીને ઇરાનીઓ દલગીર થઇને આજર મેહરબુર્ઝેનનાં મકાન (આતશખાનાં) માં જઈ ખોદાની બંદગી કરી એવી દુઆ માંગી કે આ લશ્કર આસાની સાથે પાછું વરામણુ કરે તો સારૂં!

બેહરામે મંજરને પુછ્યું કે "લડાઇની તૈયારી કરીયે કે ઇરાનીઓને બોલાવી ગોફતેગો કરી જોઇયે?"

મંજરે જવાબ દીધો કે "સરદારોને બોલાવવા. જો તેઓ ખુશી સાથે આવે તો તેઓને ઝીઆફત આપવી. પછી તેઓ સાથે વાતચીત કરવી. સાંબેવાળા તેજીભરેલા બોલો વાપરે તોપણ તારે તો નરમીથી જવાબ દેવો. જોવું કે તેઓ કોણને પાદશાહ ઠેરવે છે? તેથી જાણીતા થઇને જે કરવા ઘટે તે કરવું. તેઓની મતલબ લડાઇ કરવાની હોય તો પેહેલાં આપણે જેહરમને તારાજ કરવું. પછીથી મારેથી જેવી બની આવશે તેવી હું લડાઇ કરી બતલાવીશ, કારણકે તારી પાદશાહીનો હક વાજબી છે."

બીજે દીવસે ઇરાની સરદારોના માંગવા મુજબ મંજરે અને બેહરામે એક મજલસ સમારી, જેમાં અરબી સરદારો પણ હાજર હતા. જ્યારે ઈરાનીઓ આવી લાગા ત્યારે તેઓને ઘટે તેવાં માન સાથે શાહજાદાએ પોતાની નજદીક બેસાડયા.

આ સરદારો આગળ બેહરામે પોતાનો દાવો રજુ કરતાં કહ્યું કે "બાપેદાદે પાદશાહી મારી છે, તેવું છતાં તમો હરકત શા માટે કરોછો?"

ઇરાનીઓ બોલ્યા કે અમને શા વાસ્તે જુલમ ખમવો જોઇયે? તમારી ઓલાદથી અમોને રાત દીન દુઃખ ભોગવવું પડે છે, માટે તને પાદશાહી આપવાની અમારી ખુશી નથી."

બેહરામે જવાબ દીધો કે "અમારા વંશ ઉપર તમો રાજી નથી ત્યારે તમે પરભાડાનેબી શા માટે પાદશાહી આપી?"

ત્રણ દીવસો સુધી આવી તકરાર ચાલ્યા પછી એક ઠેરાવ એવો થયો કે જેની રૂએ પાદશાહોની ઓલાદમાંથી ૧૦૦ લાયક શખ્સોને ટાળી કાહાડયા, જેઓ મધે એક શાહજાદા દાખલ બેહરામનું નામ પણ લખાયલું હતું. આ એકશો મધેથી લાયકીવાળા દાખલ પચાશ જણને ટાળી કાહડયા, જેઓ મધે તો બેહરામનું નામ પેહલુંજ હતું. પછી આ પચાશ મધેથી ત્રીશની ચુંટણી કીધી, અને તેઓ મધેબી પેહેલું નામ બેહરામનુંજ નોધાયલું હતું. તે ત્રીશ મધેથી મોબેદોએ ચાર શખ્સોને શોધી કાહાડયા, તે મધે બેહરામનું નામ પાદશાહીને લાયક લખાયલું નીકળ્યું, પણ એ ઠરાવથી ઇરાની ખુદા સરદારો ફરી ગયા અને કેહેવા લાગા કે "હમો બેહરામને પાદશાહી નથી આપવાના."

આ વાત સાંભળી મજલસમાં ભારી ગોંધાટ થઈ ગયો અને મજલસીઓના દીલ ખાટાં થઈ ગયાં. ત્યારે મંજરે ઇરાની સરદારોને કહ્યું કે "બેહરામની સઘળી વાતની ખુબી જાણ્યા છતાં તે ઉપર શા માટે તમો દુઃખી થાઓછો અને રાજી ખુશી નથી રેહેતા?"

ઇરાનીઓએ જવાબમાં યજદેજર્દે ઘણા એક પાર્સીઓને કઢંગી રીતે જખમી કીધેલા

હતા તેઓને હાજર કરી બતલાવ્યા. તેઓમાં એકના બંધે હાથ અને બંધે પગ કાપી નાખેલા હતા; એકના બંધે હાથ પગની સાથે જુબાનબી કાપેલી હતી; અને એકને બંધે ખાંધથી હાથ કાપી નાખેલા હતા. તે જખમીઓને જોઇને નોઅમાન ઘણોજ અચરત થયો. વળી એકને બંધે આંખે આંધલો કીધેલો દીઠો, જેથી મંજર ઘણોજ ખફા થઈ ગયો. બેહરામે પોતાના બાપની બેહુદી પાદશાહીને ધીક્કારીને ઇરાની સરદારોને જવાબ દીધો કે "તમો જે કહોછો તે ખરી વાત છે; હું તેનો દીકરો લાગું તેવું છતાં મારી ઉપર વગર તકસીરે કેદખાનાની સજા કીધી ત્યારે તમારી ઉપર જુલમ ગુજારે તેની નવાઈ નથી. પણ યજદાનની બક્ષીશથી તલીનુસે (રૂમના એલચીએ) મારો છુટકારો કીધાથી મંજરના આશરા નીચે હું રહેલો છું, અને તે (મંજર) હમેશાં મને આશરો આપતો રેહેશે એવી દુઆ માગુંછું. હું મારા બાપના જેવો કમઅકલ નથી. યજદાનની દીનની રીત પ્રમાણે ગરીબોની સાથે ચાલવામાં જીંદગાની ગુજારીશ ગરીબોને બકરાંનું ટોળું સમજીને તેઓનું રક્ષણ કરવામાં ગોવાલીઆની મીસાલે કોશેશ કરીશ. જેમ મારા નીયાગાનો શાપુર, બેહરામ અને અર્દેશીર દીનની દાનાઈ મુજબ પાદશાહી કરી ગયલા છે તે મુજબ હુંબી કરીશ. વળી માતાની તરફથી મારી બુનીયાદ શમીરાનના પાદશાહને લાગેછે, માટે મારી બુનીયાદની સાથે એલમ હુનર, બુજોર્ગી, સવારી અને મર્દાનગી એવી રીતે રાખુંછું કે મજલસમાં કે લડાઇમાં કે દરેક કામમાં મારી બરાબરીનો કોઇ મર્દાનો નથી. વળી મારી પાસે છુપ્યો ખજાનો ભરપુર છે, જેથી દુનીયાને આબાદી સાથે ખુશહાલ રાખીશ. તેવું છતાંબી આપણે યજદાનના સોગંદ લઇને એવો કોલકરાર કરીયે કે જંગલમાંથી બે વાઘને લાવીને બંધે બાજુએ બાંધીયે; તેઓની દરમયાન તખ્ત મેળી તેની ઉપર તાજ મેળીયે; જેને પાદશાહી લેવાની મતલબ હોય તે બંધે વાંઘોની વચેથી જઇને તાજ ઉઠાવી પોતાના માથાંઉપર મેળીને તખ્ત ઉપર બેસે તેને આપણો પાદશાહ કહી તાબેદારી કરીયે. જો તમો આ વાતબી કબુલ નહી કરશો તો હું, મંજર અને આરબી લશ્કર ગેરજ અને તલવારથી લડીને તમારા પાદશાહ (ખુસરો) ને હલાકી પોંહોંચાડવા વીના પછાત પડવાનાં નથી, માટે આ સવાલનો જવાબ આપો." એવું કહીને બેહરામ તથા આરબ સરદારો ત્યાંથી પોતાના તંબુમાં ચાલી ગયા.

વાઘો વચેથી તાજ ઉઠાવવાની જુંબેશ.

આ વાતથી સઘળી દુનીયા ગભરાટમાં પડી. ઈરાની મોબેદો, દસ્તુરો અને સરદારો જે કોઈ હતા તેઓ વીચાર કરવા લાગા કે "આ વાત તો બરાબર છે. કેયાની તાજ બંધે વાઘોની વચેથી જે ઉઠાવશે તેને પાદશાહી મળશે. અગર વાઘ ફાડી ખાશે તો તેનો દોષ આપણે માથે રેહેતો નથી."

બીજે દીવસે મજલસ કરી બેહરામે ઇરાની સરદારોને બોલાવી કેટલીક તકરાર કીધા પછી તેઓએ બેહરામને પુછ્યું કે "કદાચ તુંને પાદશાહી મળે ત્યારે તું શું શું સુધારા કરશે?"

બેહરામે જવાબ દીધો કે "બક્ષીશ અને ઇનસાફનો વધારો કરીશ અને જુલમ અને બેદાદીનો ઘટાડો કરીશ. જેઓ લાયક સરદારો હશે તેઓને મલુકોની સરદારી આપીશ, જેઓ મુફલીસ હશે તેઓને હેલાયદા ખજાનામાંથી બક્ષીશ કરીશ. ગુનેહગારોને નસીહત કરીને છોડી મુકીશ; ફરીથી ગુનાહ કીધેલો માલુમ પડશે તો કેદ કરીશ; લશ્કરને પુરતો પગાર પોંહોંચાડીશ; દાનેશમંદોનો દરજ્જો વધારીશ; જે સખુન મોહોડે બોલીશ તે પ્રમાણે ચાલીશ; વચનથી પાછો ફરીશ નહી; કોઇ મરણ પામશે અને તેનો વારેસ કોઇ નહી હશે તો તેનો માલ દુરવેશોને બક્ષવાના હેલાયદા ખજાનામાં રાખીશ, પણ પાદશાહી ખજાનામાં દાખલ નહી કરીશ; જે અગતનું કામ નીકળી આવશે તે મોબેદોના વીચાર લીધા વીના મારી મરજી પ્રમાણે કરનાર નહી; જે બદી

કરશે તેને બદીનો બદલો આપીશ; પાક યજદાનના સોગંદ લઇને હું આ વાત કબુલ કરૂં છું."

આ વાત સાંભળીને મોબેદાન મોબેદ અને સરદારો રાજી ખુશીથી કબુલ થયા, ત્યારે વળી બેહરામે વધારે એમ કહ્યું કે "એક વરસ હું પાદશાહીનું કામ ચલાવું તે જો બરાબર નથી એવું તમારી નજરમાં આવે તો મને ખુવાર કરી ઉઠાડી મેલજો."

આ સખુનોથી ઇરાની બુજોર્ગો આગળા પોતાના બોલેલા સખુનોથી પસ્તાવો કરીને બોલ્યા કે "મર્દીમાં, બોલવામાં અને બુનીયાદમાં એથી સજાવાર અને પાક બીજો પાદશાહ કોણ થઇ શકે? વળી બીજી વાત એ છે કે મંજરનું લશ્કર એની વાજબી રીતે મદદ કરશે ત્યારે બેહેરામ વગર બીજો કોઇ વાજબી હકદાર નથી, માટે આપણી ખુવારી થયા વીના રેહેશે નહી." એવો વીચાર કરીને તેઓએ બેહરામ ગુરને કહ્યું કે "ખુસરો જે પશીનની ઓલાદનો છે તેને હમે સોગંદ લઇને પાદશાહ કીધો છે, તેથી હમે વચને બંધાયલા છઇયે. તે પ્રમાણે ચાલીયે છીયે ત્યારે બે તડાં પડેછે; કેટલાક ખુસરોની તરફ અને કેટલાક તમારી તરફ હોવાથી લડાઈ ચાલશે અને મુલુકની ખરાબી થશે: એટલામાટે બે વાઘની વચેથી પાદશાહી તાજ ઉઠાવી લેવાની જે દરખાસ્ત તુંએ મુકી છે તેમ જો થશે તો કશી હરકત નડશે નહી; માટે તેમજ કરવું."

આ વાતથી બેહરામ ખુશી થયો. પછી ગુસ્તેહમ નામનો સરદાર બે મોટા વાઘોને લાવ્યો, અને દસ્તુરાન દસ્તુર જે પાદશાહી આપવાની કીયાનો અખ્તીયાર રાખતો હતો તેને હવાલે કીધા, અને દસ્તુરે તખ્ત મેળી બંધે બાજુએ વાઘોને બાંધ્યા.

ખુસરોએ અંજુમનને સવાલ કીધો કે "જો બેહરામે મારી પાદશાહી લેવીછે તો પ્રથમ વાઘોની વચેથી તાજ ઉઠાવી લેવું તેને સજાવાર છે. બીજું એ જે હું બુઢો અને અશક્ત છું."

બેહરામ આ માંગણી કબુલ કરી ગોરોજ ઉઠાવી વાઘોની આગલ ચાલ્યો, તેવામાં દસ્તુરે આવી કહ્યું કે "પાદશાહીની લાલચને સારૂં જાન ખોવાની સાથે તું ખોદાનો ગુનેહગાર થશે."

બેહરામે જણાવ્યું કે "તારે તથા અનજુમનને માથે ગુનાહ લાગુ પડતો નથી, કારણ કે હું પોતે ખુશીથી વાઘોની લડાઇમાં ઉતરૂં છું."

દસ્તુરે કહ્યું કે "ખોદાની તારા ઉપર પનાહ હોજો! પણ અવલ પશેમાની કરવી જોઇયે."

આ ઉપરથી બેહરામે ગોસલ કરી પાક થઈ સૌર ખાકમાં નાખી ખોદાનો બંદગી કરી દુઆ માંગી કે "અએ ખોદા! આ કામમાં મને તું ફતેહમંદી આપે તો દુનીયાની બદીને ધોઇને સાફ કરૂં."

પછી તે પેલાં તખ્તની નજદીક જાય છે, તેવામાં એક વાઘે સાંકળ તોડીને બેહરામ ઉપર ધસારો કીધો. બેહરામે તેના માથાંમાં એક ગોરજ માર્યો, જેથી તે વાઘ બંધે આંખે આંધલો થઈ પડયો; તેવામાં બીજો આવી લાગો, જેનાં માથાંપર ગોરજ મારવાથી તે વાઘ પણ લોહીલુહાન થઇ જમીન ઉપર પડયો. તેવારે બેહરામ ગુર તાજ માથાં ઉપર મેળી તખ્ત ઉપર બેઠો. આ બળતવારી જોઇ પાદશાહ ખુસરોએ તેની આગળ સીર નમાવી, બંદગી કરી દુઆ માંગી કે "આ તખ્ત ઉપર તારૂં બેસવું મુબારક હોજો અને તમામ જેહાનના સરદારો તારા હુકમને તાબેદાર હોજો!" પછી સઘળા બુજોર્ગોએ મુબારકબાદીની આફરીન કીધી અને કહ્યું કે "તું હમારો શાહાનશાહ અને હમો સઘળા તારા ફરમાંબરદાર છઇયે."

એ દીવસે આદર મહીનાના સરોશ રોજનું જશન હતું.

નવો પાદશાહ બેહરામ.

બેહરામગુરે તખ્ત ઉપર બેસી તમામ અંજુમન અને સરદારોને કેટલીક નસીહતો કીધી, તે મધે એવુંખી કહ્યું કે "ખોદા મોજુદ છે તેની હસ્તી બાબે મારાં દીલોજાનથી ગોવાહી

આપું છું. બેહસ્ત, દોજખ અને કેયામતની વાત ખરી છે. નેકીનો અને બદીનો બદલો આપણુને મળ્યા વગર રેહેનાર નથી. જે લોકો કેયામતના દીવસનો ઇનકાર કરે તેઓને દીનદાર અને દાનેશમંદ કરી નહી જાણુવા."

આ પછી જવાનુને બોલાવી તમામ મુલુકોના પાદશાહો ઉપર ફરમાનો લખી મોકલ્યાં, તેમાં કેટલીક નસીહતો સાથે એવુંબી લખ્યું કે—"તેહમુરસની રીત પ્રમાણે ચાલવા સારૂં મારા બાપના તખ્ત ઉપર હું બેઠો છું, પણ જરતોસ્ત પેગામ્બરની દીન પ્રમાણે જેમ મારા નેયાગાનો ચાલી ગયા છે તેમ હું ચાલું છું યાને જરતોસ્તની દીન સાથે આગળી દીન (તેહમુરસની યજદાંપરસ્તી)ને એકમળતી કરીને જરતોસ્તની રાસ્ત દીન પ્રમાણે ચાલુંછું. તમો સઘળા પાદશાહો પોતપોતાના મુલકની અને પોતપોતાના ધર્મની સંભાળ રાખવાને ખુશી છો ખરા, પણ સારાં ભાયગના તેઓનેજ જાણુવા કે જેઓ પવીત્રાઈ અને નેક બુદ્ધીની રીત હોય તેને અખ્તીયાર કરે. આ નામામાં લખ્યા પ્રમાણે ચાલશો તો જાવેદાન સુધી બુજોર્ગી ભોગવશો. તમો નામદારો ઉપર મારી તરફથી આફ્રીન હોજો!" આ નામાં મોબેદોએ ઇરાનને તાબેના સઘળા પાદશાહો ઉપર મોકળી આપ્યાં.

જે ઇરાની સરદારો બેહરામ ગુરની વીરૂધ ચાલવાના વાંકમાં આવેલા હતા તે સઘળા મંજરની આગલ આવી કેહેવા લાગા કે "યજદેજર્દે હમોને દુ:ખ દીધેલું હતું તેથી હમોને બેહરામની વીરૂધ બોલવા ચાલવાની ફરજ પડી હતી. એથી જો તારૂં અને બેહરામનું દીલ દુખાયલું હોય તો તે વીસરી જવાની તારે હમો ઉપર મેહરબાની કરવી જોઇયે." આ ઉપરથી મંજરે બેહરામને કહી તેઓને માફી બક્ષાવી. પછી પાદશાહે મંજર તથા નોઅમાનને અને તમામ અરબસ્તાનનાં લશ્કરને ત્રણુ દીવસ સુધી ભારી જીઆફત આપી, તથા બેશુમાર હદીઓ આપી યમન તરફ રવાના કીધાં. બેહરામે ખુસરોને (માજી પાદશાહને) પાદશાહી સીરપાવ આપી લાયક જગાપર સ્થાપ્યો અને પોતાના ભાઈ નરસીને લશ્કરનો સેનાપતી બનાવ્યો, તથા તમામ લશ્કરને બક્षीશ કરી ખુશી રાખ્યું. ગોશસ્પને દીવાની કામ સોંપ્યું, જવાનુ બેલચીને ખજાનચી બનાવ્યો અને ઇરાની સરદારો પાસે વસુલાતની બાકી પાંચ અબજ અને સીતેર કરોડ દીરમ હતા તે સઘળા માફ કીધા, જેથી તેઓ ખુશી થયા અને પાદશાહ બેહરામના હકમાં દુઆ માંગી. પછી સઘળા સરદારોની સાથે બેહરામ ગુરે દરેમેહરમાં જઈ આતશ ઉપર કસ્તુરી બાળીને ખોદાની બંદગી કીધી. છેવટે યજદેજર્દે જે લોકોના ઉપર જુલમ ગુજારેલો હતો અને જેથી તે લોકો વીખરાઇ ગયલા હતા તે સઘળાને મલુંકો ઉપર અનુભવવાળા દાનેશમંદોને મોકળી એક શેહેરમાં એકઠા રાખવાને ઠેરાવ કરી તેઓને નવાજેશ કરી સરપાવ આપ્યા, અને મલુકોના તમામ કારોબાર મોબેદાન મોબેદને સોંપી નેક માર્ગે ચાલવાની મનાદી ફેરવી, અને પછી પોતે હમેશાં એશઆરામ અને શીકાર તથા દડીદાવની રમતમાં વખ્ત ગુજારવા સાથે ઇરાન સર જમીનને આબાદ કરવા લાગ્યો.

ફસલ ૨—પખાલીની પરોણાગત અને યહુદીની બખીલી.

એક સખી ગરીબ.

એક દીવસે બેહરામ ગુર વાઘનો શીકાર કરવા કેટલાએક પેહલવાનોની સાથે નીકળ્યો. માર્ગમાં હાથમાં લાકડી લઇને ચાલતા એક પીરમર્દે બેહરામને કહ્યું કે "આપણાં શેહેરમાં બે શખ્સો છે; એક સખી અને એક બખીલ."

બેહરામે પુછ્યું કે "તેઓ કોણુ છે અને કેવી ચાલચલણુના છે?"

બુઢાએ જવાબ દીધો કે "લંબક નામનો એક પખાલી છે તે સખી અને સારી ખસલતનો છે. અરધો દીવસ મજુરી કરી જે કમાઇ લાવે છે તે ખરચ કરી માર્ગમાં કોઇ મળી આવે તેને મેહમાન રાખે છે. પોતાનાં ઘરમાં આવતી કાલનેસારૂં કંઇ ખરચી બચાવી રાખી શકતો નથી. એથી ઉલટો અબ્રાહામ નામનો એક યહુદી ઘણોજ કઠણ સ્વભાવનો બખીલ છે. એની પાસે ઘણો એક ખજાનો અને અસ્બાબ છે, પણ તે દગાબાજ કંજુસ છે."

પાદશાહે મનાદી ફેરવી કે "લંબક પાસેથી કોઇ પાણી વેચાતું લે નહી."

તેજ રાતે તે ઘોડા પર સવાર થઇને લંબકનાં ઘર આગળ ગયો, અને તેનો દરવાજો ખોલાવીને પાદશાહે કહ્યું કે "હું ઈરાનનાં લશ્કરનો એક સવાર છું, રાત પડી ગઈ તેથી ભુલો પડીને અત્રે આવી લાગો છું, માટે મેહરબાની કરીને આજની રાત મને પરોણો રાખ."

લંબકે ખુશી થઇને કહ્યું કે "તારી સાથે બીજા દશ માણસ હતે તો હું વધારે ખુશી થતે."

પછી લંબકે બેહરામને બેસાડી તેની આગળ એક શેત્રંજની બાજી લાવી મેળી. બેહરામના ઘોડાને લુછી સાફ કરી, ખાવાનું તૈયાર કરી લાવ્યો; તે બેહરામે ખાધું અને શરાબ લઇને આરામ કીધો.

બીજે દીવસે લંબકે બેહરામને અરજ કીધી કે "રાતનો ઘોડો ભુખો છે માટે આજનો દીવસ તારે રેહેવું."

બેહરામે કબુલ કીધાથી લંબક પોતાનું પાણી પખાલ ભરી લઇ વેચવા ગયો તે પાદશાહની મનાદીને લીધે કોઇએ ખરીદ કીધું નહી. તેથી દલગીર થઇને પોતાનાં પેહેરવાનાં કપડાં અને ડોલ લઇ બજારમાં ગયો અને ગોસ્ત આંટો વગેરે લઈ આવ્યો. પછી ખાવાનું હાજર કરી શરાબ લઇને બેહરામ ગુરને જમાડી આરામ કરાવ્યો. ત્રીજે દીવસે તેણે કાલાવાલા કરી બેહરામ ગુરને રાખીને પોતાની પાણીની પખાલ કોઇને ત્યાં ગીરો મેળી અને ખોરાકી ખરીદ કરી લાવી બેહરામને જમાડયો.

ચોથે દીવસે તેણે બેહરામને કહ્યું કે "તુને પાદશાહની નોકરીનો ખોફ નહી હોય તો એક બે અઠવાડીયાં મારાં ઘરમાં તુંને ગમે તો રહી જા."

બેહરામે જવાબ દીધો કે "તું હમેશાં ખુશહાલ રેહેજે. ત્રણ દીવસ તારાં ઘરમાં ખુશી સાથે મેં ગુજાર્યા છે. તારી મેજબાનીનો બદલો તુંને હમેશાં મળશે. એજ પ્રમાણે મેહમાનોની ખીજમત બજા લાવજે."

એક બખીલ માતબર.

બેહરામ ગુર એક દીવસ શીકારેથી જુદો પડી અબ્રાહામ યહુદીના ઘર તરફ જઇ લાગો અને તેનો દરવાજો ઠોકી કેહેવા લાગો કે "પાદશાહની સવારીમાંથી છુટો પડી માર્ગ ભુલી ગયો છું ને રાત પડી ગઇ છે, માટે આજની રાતનો વખ્ત તારે તાંહાં ગુજારીશ, પણ તેથી તુંને કંઇ અડચણ નથી નડવાની."

અબ્રાહામે પોતાના નોકર મારફતે જવાબ દેખાડયો કે "મારાં ઘરમાં રાત ગુજારવાનો વખ્ત નથી મળવાનો."

બેહરામે કેહેવાડયું કે "તારાં ઘર સીવાયે બીજે ઠેકાણે જવાનો માર્ગ નથી, અને રાતની આસાએશ લેવા સીવાયે હું બીજું કંઇ તારી પાસે માંગતો નથી."

અબ્રાહામે પોતાના નોકરને કહ્યું કે "અત્રે આરામ પામવાની જગા નથી, માટે તેને જઇને કેહે કે અબ્રાહામ તો એક યહુદી ફકીર છે, અને તે રાતે ભુખો નાગી જમીન ઉપર સુવે છે."

તે પ્રમાણે વચમાંવાળાએ કહ્યાથી બેહરામ ગુરે જવાબ દીધો કે "હું તો તારાં ઘરમાં રાતનો વખ્ત ગુજારવા માંગું છું, કંઈ તારૂં ઘર અને બીજી કશી ચીજ લેવા માંગતો નથી."

તેવારે અબ્રાહામે જવાબ દીધો કે "અરે ઓ લડાયક સવાર! અગર તુંને હું

અત્રે આરામ કરવા દેઉં અને કોઇ તારી કંઇ ચીજ ચોરી લઇ જાય તેવારે તું મને દુઃખ દીધા વીના રેહે નહી; માટે વચન આપીને મારાં ઘરમાં આવ કે તું મારી પાસે કંઇ માંગે નહી, કેમજે મુર્દાંનું દીલ નુછવાનું તથા કફન દેવાનું લુગડુંબી મારી પાસેથી મળશે નહી."

તે પ્રમાણે બેહરામે વચન આપ્યો, તેવારે અબ્રાહામનો જીવ ચીંતાતુર થઇ ગયો અને એ સવાર તો મારો પીછો છોડતો નથી એમ વીચાર કરીને તેણે એક સવાલ શોધી કાહાડી બેહરામને કહ્યું કે "તારો ઘોડો લીદ અને પીશાબ કરે અથવા મારાં ઘરની દીવાલને નુકસાન કરે તેવારે તું લીદ અને પીશાબ ઉઠાવી લઇ જંગલમાં નાખી આવી જમીન સાફ કરી આપશે ? અને દીવાલની નુકસાની પાકી ઇંટથી ભરી આપશે ?"

આ વાતબી બેહેરામે દીલોજાનથી કબુલ કીધી, તેવારે યહુદીએ બેહરામને ઘરમાં આવવા દીધો. બેહરામે પોતે ઘોડો બાંધ્યો અને તેની જીનનું બીછાણું કરી આરામ કીધો, પણ તેને પોતાના બંધે પગ તો ખુલ્લી જમીનપરજ રાખવા પડયા. યહુદી અબ્રાહામ ઘરનું બારણું બંધ કરી પોતાનું ખાવાનું લાવીને બેહરામ સુતેલો હતો ત્યાં જમવા બેઠો. જમતાં જમતાં બેહરામને કેહે છે કે "હું વાત કહું છું, તે તું સાંભળીને યાદ રાખજે:—દુનીયામાં કોઇ પાસે કંઇ પુંજી હોય છે તે ખાઇ જઇને પછી બેસીને જોયા કરે છે."

બેહરામે જવાબ દીધો કે "મેબી એમ સાંભળેલું છે, અને હવડાં તે પ્રમાણે હું બેસીને જોઉં છઉં."

પછી યહુદીએ શરાબ લાવી પોતે પીધો ને ભારે જોરથી બેહરામને કેહેવા લાગો કે "અરે દુઃખીઆરા સવાર ! જે કોઇ પોતાની પુંજીમાંથી ખાય અને બચાવેલી પુંજી ઉપર સંતોષ પકડે તેનું દીલ હમેશાં રોશન રેહેછે, કાંયજે તેની એકઠી કીધેલી પુંજી તેને મોટું હથીયાર થઇ પડે છે; મગર જે કોઇ પુંજી બચાવી રાખી શકતા નથી, તેઓનો હેવાલ તારા જેવો થાયછે; યાને તુંને હાલે અરધી રાત સુધી ભુખું સુવું પડયું છે."

બેહેરામે જવાબ દીધો કે "તું કેહે છે તે પ્રમાણે બધી વાત મારી ઉપર ગુજરી છે, પણ હવેથી તારી શીખામણને કદીબી ભુલીશ નહી." એવું કહી દુઆ માંગી કે "તુંએ શરાબ પીધો તેથી તારૂં કદાચ ભલું થાય; કાંયજે જેઓ શરાબ પીએ છે તેઓ નેકી પામે છે."

પછી ખાબ કરી બેહરામ બામદાદે ઉઠીને ઘોડા ઉપર જીન કરવા લાગો. તેવામાં યહુદી આવીને કેહવા લાગો કે "કેમ ? તારો વચન પાળતો નથી કે ? તુંએ કબુલ કીધેલું છે કે ઘોડાની લીદ ઉઠાવી લઇશ તે કાંહાં છે ? અરે જુલમગાર પરોણા ! તારેથી હું દુખી થયો છું. હવે તું ઝાડુ લઇને લીડ સાફ કર."

બેહરામે જવાબ દીધો કે "ઢેડને બોલાવી લીડ ઝાડી નખાવ; તેની મજુરી જે માંગે તે હું આપું છું."

યહુદીએ જવાબ દીધો કે "મારી પાસે મજુર કોઇ નહી મળે; વચન પાળ; જુલમ કાંય કરે છે?"

બેહરામે આ વાત સાંભળીને પોતાની રેશમી ઉંચી પાઘડી હતી તેની અંદર મોજાને હાથે લીદ ઉડાવીને નાખી જમીન સાફ કરી પાઘડી અને મોજાં સુધાં પેલી લીદને એક ખાડામાં નાખી આવ્યો, તેવોજ પુઠેથી યહુદી દોડી પોંહોચી તે ઉઠાવી લઇ ગયો. તે જોઇ બેહરામ વધારે અચરતી પામ્યો. તેણે યહુદીને કહ્યું કે "અરે અબ્રાહામ પરહેજગાર ! તારાં છુટાપણાંની વાત પાદશાહ બેહરામગુર સાંભળે તો દુનીયાના તમામ સરદારોનાં સીર ઉપર તુંને બુજોર્ગી આપ્યા વીના રેહે નહી."

પછી બેહરામ પોતાના એવાનમાં ગયો, પણ ઉપલી વાત તેણે કોઇને જાહેર કીધી નહી.

સુમનો માલ સખી ખાય.

બીજે દીવસે બેહરામ ગુરે એક મોટી મજલસ કરીને તમામ સરદારો તથા લશ્કરી અમલદારોને હાજર રાખી લંબક પખાલી અને અબ્રાહામ યહુદીને બોલાવી હાજર કરાવ્યા. પછી એક મોબેદને હુકમ કીધો કે "જોઇયે એટલા સવારોને સાથે રાખી અબ્રાહામનું ઘર લુટી લાવે."

આ ઉપરથી તે મોબેદે જેહરમથી એક હજાર ઉંટ લીધાં અને તે મધેથી એકશો ઉંટ ભરીને સુનું, રૂપું, અને દીરમ, તથા બાકીના નવશો ઉંટ ભરીને બીજો અસ્બાબ, ઉમદા રેશમી કપડ વગેરેથી ભરેલું યહુદીનું ઘર ખાલી કીધું, અને પાદશાહની હજુરમાં આવી ઉભો. પાદશાહે તે સઘળો ખજાનો પેલા લંબક પખાલીને બક્ષી દીધો અને પછી અબ્રાહામને બોલાવી કહ્યું કે "મારા એક સવારે તારા બોલવા ઉપરથી મને કહ્યું કે જેણે પુજી જાળવી રાખેલી હોય તે ભુખો નહી રેહેશે અને જેણે નહી જાળવેલી હોય તેને ભુખે મરવું પડશે. હવે લંબક પાસે કંઇબી પુંજી જાળવી રાખેલી નથી, તે છતાં તે ખાય છે તે તું જો; અને તારી પાસે જાળવી રાખેલો ખજાનો હતો તેવું છતાં તુંને શી રીતે ખમવું પડશે તેનો વીચાર કર. પછી તારા પેગામ્બરની શીખામણ ઉપર અમલ કર." આ વાતો કેહેવાની સાથે કમીના યહુદીએ પેલી ઘોડાની લીદ પાઘડીમાં લેવાડેલી તે વગેરેનું બયાન કહી સમજાવી પાદશાહે માત્ર ચાર દીરમ તેને આપીને કહ્યું કે આ પુંજી તારે સારૂં પુરતી છે; એટલી સજા તુંને થોડી નથી." પછી બીજી જે ચીજો હતી તે પાદશાહે ફકીરોને આપી દીધી અને યહુદી રડતો રહી ગયો.

ફસલ ૩—પાદશાહી હુકમોના ફાયદા તથા ગેરફાયદા.

શરાબ પીવાની મનાઇ.

બેહરામ ગુર એક દીવસે હાથમાં બાજ પક્ષીને લઈ સવાર થઈ વાઘનો શીકાર કરવા નીકળ્યો. માર્ગમાં એક ગામ આવ્યું ત્યાં માણુસો અને ચોપગાં ઢોર જોવામાં આવ્યાં નહી, તેથી તે ગામનો માલેક કોઇ સારૂં માણુસ હતો તેને પુછતાં તે બોલ્યો કે "આ ગામમાં વાઘોની ધાક છે તેથી કોઇ મુસાફરબી રાતે અહીં આરામ કરતો નથી."

બેહરામ જંગલ તરફ નીકળ્યો, જાંહાં એક વાઘ નજર આવ્યો તેને તીરથી માર્યો. એટલામાં તેની માદા આવીને બેહરામ ઉપર હુમલો કરેછે, જેવામાં તેની કમરમાં તલવારનો એક જખમ કીધાથી તે પણ મરણ પામી. તેમ જાણીને પેલો ગામનો માલેક જેનું નામ મેહર બીદાદ હતું તેણે વાઘોને મુવેલા જોઇ ખુશી થઇને બેહરામને અરજ કીધી કે "જે કાંઇ જોઇયે તે ચીજ હાજર કરૂં." ત્યારે બેહરામે ગામમાં સારી બાગાયતી જગા જોવાડીને ત્યાં વીસામો કીધો, અને મેહર બીદાદે જીઆફત આપી, રામશગરોને બોલાવીને પાદશાહને ખુશી કીધો.

બીજે દીવસે કીરોએ નામના તે ગામના બુજર્ગે કેટલીક જાતનો મેવો લાવી પાદશાહની ખીજમતમાં મુકયો અને પાદશાહને શરાબ આપ્યો તે કરતાં પોતે અતીઘણો પીધાથી મસ્ત થઇ ગયો, જેથી પાદશાહે તેને ઘર જવાની રજા આપી; પણ તે તો ઘોડા પર સવાર થઈ પાહાડ તરફ નીકળી ગયો અને ઘોડો છોડી એક ઝાડનાં છાયા નીચે સુઇ ગયો. તે એવો તો મસ્ત થયલો હતો કે એક કાગડાએ આવી તેની બંધે આંખો પોતાની ચુંગાલથી ઉખાડી નાખી તેની પણ તેને ખબર રહી નહી! તેની શોધ કરતાં માણુસો જઇને જુવે છે તો ઘોડો ઉભેલો હતો, અને

ફીરોએ તો મરણ પામેલો હતો. આ માડી ખબર એક બુઝોર્ગે પાદશાહને પોંહોંચાડી કે શરાબની મસ્તીનું પરીણામ ફીરોએના જાન ઉપર મરણનું નીપજ્યું છે. પાદશાહ ઘણો દલગીર થયો અને તમામ દુનીયાના નાઘળા તથા મોટા લોકોમાં મનાદી ફેરવી કે કોઇ શરાબનો ઉપયોગ કરે નહી. એક વરસ પુરૂં થયું ત્યાં સુધી શરાબ કોઇ પી શક્યું નહી. પાદશાહ વટીક શરાબની મજલસ કરવાને બદલે એક એવી મજલસ કરતો કે જેમાં ગુજરેલા જમાનાની તવારીખ વંચાતી.

એક મોચીના દીકરાની વાત.

એક મોચીના દીકરાને તનની તવાનાઇ અને જવાંમર્દીની શકતી નહી હતી તેથી તેની માતા ઘણી દલગીર રેહેતી હતી. હવે પાદશાહની શરાબ પીવા બાબેની મનાઇ હતી, તેવું છતાં તેણે હલુસે પોતાના દીકરાને દારૂ પીવાને ભલામણ કીધાથી સાત આઠ જામ દારૂ પીધાથી તેનાં બદનની રગોને શકતી આવી. આથી તે પોતાનાં કામમાં ફતેહ પામ્યો. તેવામાં પાદશાહના શેરખાનામાંથી સાંકલ તોડીને એક વાઘ માર્ગમાં નાહાસી આવ્યો હતો તેને પેલો છોકરો જે હજુ સુધી શરાબની મસ્તીમાં હતો તેણે તેની પીઠ ઉપર ચહડી બેસી બંધે કાનવડે પકડી લીધો. એજ વખ્તે શેરખાનો હાથમાં સાંકલ અને ફાંસા લઇ વાઘને પકડવા આવી લાગા. પેલો છોકરો જેમ ગધેડા ઉપર બેસીને જાય તે મીસાલે વાઘ ઉપર બેસીને પાદશાહની હજુરમાં ગયો. પાદશાહે તેને જે હાલતમાં પોતાની નજરે જોયો તેવી હાલત બાબે અગાડી કાને સાંભળેલું પણ નહી હતું, તેથી તેણે અચરત થઇ મોબેદાન મોબેદને બોલાવીને કહ્યું કે "એ મોચીની તપાસ કરવી, કારણ કે કોઈ પેહેલવાની ઓલાદનો હોવા વગર એ એવું કામ નહી કરી શકે."

મોબેદે તેની માતાને બોલાવી તપાસ કરતાં તેણીએ ખોલાસો કીધો કે "એ છોકરો જવાંમર્દીનાં કામથી અશક્ત હતો તેથી હલુસે શરાબની ત્રણ જામ ભરીને મેં એ છોકરાને પાઇ હતી, જેથી તે હુશીયાર બની ગયો હતો. એની બુનીયાદ તો પાદશાહની ચોરીથી શરાબની ત્રણ જામ પાયલી હતી તેજ છે, બાકી એ છોકરાના બાપદાદા તો મોચી વીના કોઇ બીજા નથી."

બુરીઆ ડોશીથી આ ખુલ્લાસો સમજીને પાદશાહે દસ્તુરને હુકમ કીધો કે "શરાબ પીવો હલાલ છે, પણ પીનારે એવે અંદાજેથી પીવો જોઇયે કે જેથી વાઘની ઉપર સવારી કરવાના જેટલું શુર પેદા થાય. એટલો બધો નહી પીવો જોઇએ કે માર્ગમાં મસ્ત થઇને પડે અને કાગડો તેની આંખ ખેંચી કાહાડે."

પછી દસ્તુરે મનાદી કીધી કે પેહેલવાનોએ અથવા જેઓ જોરદસ્ત હોય તેઓએ એવી રીતે શરાબ લેવો કે જેથી પોતાની હોશીયારીમાં ખલલ નહી પેદા થાય અને તનદોરસ્તીનો બીગાડો નહી થાય."

એક ગામની તારાજી અને આબાદી.

ત્રીજે દીવસે બામદાદે લશ્કર સાથે બેહરામ ગુર મેદાનમાં શીકાર રમવા નીકળ્યો. જમણા હાથ ઉપર મોબેદાન મોબેદ અને ડાબા હાથ ઉપર શાહજાદો હોરમજદ હતો. તેઓ જમશીદ અને ફરેદુનનાં દાસ્તાનની વાતો ચલાવતા હતા. સાંજ પડી તાંહાં સુધી એક હરણ કે વાઘનું પગલુંબી નજર આવ્યું નહી તેથી શીકારી કુતરા, ચીતા અને બાજ શકરા સાથે ગમત કરીને દીવસ ગુજારી પાછા ફર્યા, અને એક આબાદ ગામમાં આવી પોંહોંચ્યા. તે ગામનાં લોકો પાદશાહી સવારી જોવાને ફીજે ટોળાબંધ આવ્યાં હતાં, પણ જેમ ગધેડાં કીચલમાં ચાલતાં અટકી જાય તે મીસાલે તેઓના પગ પાદશાહને માન આપવા આવવાની રીત પ્રમાણે ચાલી આવતાં જમીન સાથે બંધાઇ ગયલાં હતાં. આથી તેઓએ પાદશાહને ઘટે તેવું માન નહી આપવાથી પાદશાહ ઘણો ગુસ્સામાં આવ્યો અને મોબેદ બેહરોજને હુકમ આપ્યો કે એ ગામને વેરાણ કરી નાખે. મોબેદે ગામનાં લોકોને બોલા-

વીને કહ્યું કે "તમોએ આ ગામને સર્વે વાતે આબાદાની ભરેલું કીધું છે તે જોઇને પાદશાહ બેહરામ ગુર ઘણોજ ખુશી થયો છે; અને તેથી તમો સઘળા લોકોને છુટાપણું આપવાનો મને હુકમ કીધો છે, માટે હું તમોને કહું છું કે તમો સઘળાએ તમારી પોતાની જમીનના મુખ્તીયાર થઇને રેહેવું. કોઇએ કોઇ મોટાની તાબેદારી કરવી નહી. ગુલામ, મજુર અને ગામના વડીલ જે હોય તેઓએ એકસરખી રીતે ચાલવું."

આ વાત સાંભળવા પછીથી ગામના વડીલોને કોઇ ગણી ગાંઠવા લાગું નહી. તે વડીલો હમેશાં મોટાઇ ભોગવતા આવેલા તે પ્રમાણે સત્તા ચલાવવા લાગા, ત્યારે હલકે વાંગેનાં લોકોએ પોતાના મુખી વડાને મારી નાખ્યો. આ ઉપરથી ગામમાં એક બીજામાં ખુનરેજીની મારામારી ચાલી, તેમાંથી જેમ જેને ફાવ્યું તેમ ગામનાં લોકો ગામને પડતું મેળીને આસપાસના ગામોમાં નાહાસી જઇ વસવા લાગાં. તેઓનાં બાગ બગીચા, ખેતીવાડી, ઢોરઘાંક અને તમામ અસ્બાબ વેરાણ થઈ ગયા, પણ કેટલાક બુઢા માણસોને અશકત હોયાને લીધે ગામમાં પડી રેહવું પડયું.

આ વાતને એક વરસ ગુજરી ગયા પછી બહારની મોસમમાં પાદશાહ બેહરામગુર શીકાર કરવા સારૂં તે ગામમાં જઇને જુવેછે તો ગામ ઉજડ થઇ ગયલું અને ઝાડ પાન સુકાઇ ગયલાં હતાં. આથી તે ખોદાના ડરથી દીલમાં પસ્તાવા લાગો, તેથી મોબેદ બેહરોજને કહ્યું કે "આ આબાદ ગામ વેરાણ કરી નાખ્યાથી મને અફસોસ કરવો પડે છે, માટે તું શીતાબી કરીને જે જોઇયે તે ખજાનો લઇને પાછો જેવું હતું તેવું એ ગામ આબાદ કર."

મોબેદ તે ગામમાં જઇ બધી ગલી ગુચીમાં ફરી વળ્યો, અને એક બુઢો બેકાર માણસ મળી આવ્યો તેને બેહરોજે પુછ્યું કે "આ ગામને વેરાણ કોણે કરી નાખ્યું?"

બુઢાએ જવાબ દીધો કે "બેહરામગુર અત્રે આવેલો હતો તેવારે તેની સાથ એક બેહરોજ નામે અણઘડ મોબેદ હતો, તેણે હમો ગામનાં સઘળાં લોકોને હુકમ આપ્યો કે તમો સઘળાએ એકસરખા થઇ જવું અને નાઘલા મોટાનો તફાવત નહી સમજવો. તેમ કીધાનું પરીણામ એ નીપજ્યું કે ગામની ખરાબી થઇ ગઈ અને લડાઇ અને લુટ ચાલી; માટે તે મોબેદનું ખોદા ભલું નહી કરશે."

આ વાતથી મોબેદ બેહરોજે દલગીર થઇને બુઢાને પુછ્યું કે "તમારાં ગામમાં હાલ વડો કોણ છે?"

બુઢાએ જવાબ દીધો કે "એ ગામમાં સઘળાને એકસરખાજ થવાનો હુકમ થયલો તેવારે વડો તે કોણ હોય?"

મોબેદ બેહરોજ બોલ્યો કે "હવેથી એ ગામનો વડો તુંજ થા અને ગાય ઢોર અને ગધેડાં, તે સીવાય વાવવાનાં દરેક જાતનાં બી વગેરે જે જોઇયે તે પાદશાહી ખજાનામાંથી લઇ જઇને ગામની આબાદી કર. અગર કોઇ તારી સામે લડાઇ કરવા ચાહે તો તુંને જોઇતી મદદ પાદશાહની તરફથી મળશે, અને સઘળાં લોકની ઉપર હાકમી તું ચલાવ."

બુઢાએ ખાતરી ભરેલી વાત સાંભળીને આબાદી કરવા માંડી. લોકને બોલાવી જમીન સોંપી આપી, જેઓ સર્વે વાતનો સુધારો કરવા મંડી ગયા. જેઓ નાહાસી ગયલા હતા તેઓ પાછા આવી પોતાનાં બળ તથા ગધેડાં લાવી જમીનની આબાદી કરવા લાગા. ત્રણ વરસ સુધી એ રીતની મેહેનત કરી પાછું ગામ જેવું હતું તેવું આબાદ કીધું.

હવે બહારની ફસલ પાછી આવી તેવારે પાદશાહ બેહરામગુર પાછો તે ગામમાં શીકાર કરવા આવી લાગો. મોબેદાન મોબેદ બેહરોજની સાથે ગામ આબાદ થયલું જોઇ ખુશી થઇને તેણે પુછ્યું કે "તુંએ કેવી તદબીર લડાવી કે જેથી એ ગામ વેરાણ થઇ ગયલું હતું? અને પાછલથી વળી શું ઉપાય કીધો કે જેથી પોતાની મેળે પાછું આબાદ થઇ ગયું?"

બેહરોજ મોબેદે જવાબ દીધો કે "તુંએ હુકમ કીધો કે જોઇયે તેટલો ખજાનો લઇ આ ગામને વેરાણ કર, પણ તેમ કરતાં તો મને ખોદાનો ડર લાગો તેથી મેં વીચાર્યું કે ગામનાં લોકો પોતાને હાથેજ પોતાનું ગામ વેરાણ કરી નાખે તેવી તદબીર કરવી જોઇયે; માટે મેં ગામનાં લોકોને માત્ર એક સખુન કહ્યો કે તમો સઘળા, નાઘલા તથા મોટા, ઓરત તથા બાળકો મળીને આ ગામ વસાવીને આબાદ રાખ્યું તેથી પાદશાહે ખુશી થઇને તમોને હુકમ આપ્યો છે કે તમો સઘળા પોતે પોતાની જમીનના માલેક થયા છો; માટે નાઘલાએ મોટાના દબાણમાં રેહેવું નહી; સર્વે કોઇએ એકસરખી રીતે ચાલવું. હવે તેમ કીધાથી તો મોટા નાઘલાની સાથે લડાઇ કરવા લાગા, તેમાંથી ખુનરેજી થઇ; અને ગામ વેરાણ થઈ ગયું. કેહેવત છે કે જે ગામમાં બે હાકમ હોય તે ગામ ખરાબ થાય; તેમજ થયું. તેવાર પછી વળી તે ગામ ઉપર પાછી તુંએ દયા કરીને મને હુકમ આપ્યો કે ગામને આબાદ કર, તેવારે મેં એવો ઉપાય શોધી કાહડયો કે એક બુજોર્ગને ગામનો વડો ઠેરવો રીત પ્રમાણે આબાદી કરવાની તેને હીકમત બતલાવી. તેમ તેણે કીધાથી પાછું ગામ આબાદ થયું છે. એક સખુનથી જેમ આ ગામ વેરાણ થઇ ગયું હતું તેમ વળી એક સખુનથી આબાદ પણ થયું છે. માટે અમુલ્ય જવાહેરનાં કરતાંબી સખુનના તીરની કીમત વધારે છે, મગર તેને મારનારો કાબેલ હોવો જોઇયે."

બેહરોજ મોબેદની આવી ચતુરાઇ જોઇને પાદશાહે તેને મોટી પદવી આપી.

ફસલ ૪—પાદશાહને લગતી વાતો.

૧—દલનારની દીકરીઓ.

એક વેળા બેહરામગુર લશ્કરી અમલદારો સાથે શીકારઘામાં ખાસ એક ગુજારીને પાછો ફરતાં માર્ગમાં તેને દુરથી આતશની રોશની નજર આવી. તે તરફ જઇને જોતાં એક ગામડું માલમ પડયું, જે મધે એક દલનારનું કારખાનું હતું, જ્યાં ઘણા મર્દો બેઠેલા હતા. એક મોટો આતશ રોશન કરી તેની આસપાસ કેટલીક ખુબસુર્તી ભરેલી છોકરીઓ, માથાં ઉપર ફુલની વાડી ભરેલી, હાથમાં ફુલની કલગીર પકડેલી, ભાંતભાંતની બુટીના ફરશ બીછાવી, તે ઉપર બેશી જશનની ક્રીયા કરીને પાદશાહ બેહરામગુરની વખાણ કરવામાં ગજલો ગાતી અને શરાબ પીતી હતી. તેઓનું બોલવું સાંભળી બેહરામગુર તેઓની આગળથી ઘોડો ચલાવી જતો હતો, પણ પેલી છોકરીઓ શરાબ પીઘાથી રંગરાગમાં ચકચુર થયલી હતી તે જોઇને પાદશાહને પાછુ ફરી શેહેર તરફ જવાને અકારું લાગું, તેથી પેલીઓ પાસે જઇ શરાબ માંગ્યો તે એકે લાવી આપ્યો. પાદશાહે તે પીધો, તેવામાં પેલા દલનારની ચાર છોકરીઓ હાથ જોડીને પાદશાહને એક સવાર સમજી તેની આગળ આવી ઉભી રહી; તેઓને જોઇ પાદશાહે પુછ્યું કે "આ ચાર છોકરીઓ કોણની?"

એકે જવાબ દીધો કે "આંટો દલનાર એક બુઢો મર્દ છે, જે શીકાર કરવા ગયો છે અને હમણા આવી પુગશે, તેની આ ચારે છોકરીઓ છે."

એટલામાં તો શીકાર કરી લઇને આંટો દલનાર આવી પુગો, અને પાદશાહને ઓળખ્યા વગર તેની આગળ સીર ખાકમાં નાખી ઉભો થયો. પાદશાહે તેને થાકેલો છે એવું કહી શરાબ પાઇને પુછ્યું કે "આ ચારે છોકરી તારી પોતાની છે કે કેમ?"

તેણે જવાબ દીધો કે "મારી છે, પણ હજી સુધી પરણી શકી નથી, તો જો કે પાકીજેહ રહેલી છે."

પાદશાહે કહ્યું કે "ચારે મને આપ."

બુઢાએ જવાબ દીધો કે "અરે સવાર! આ વાત તો તું છોડી દેજે; કારણ કે નથી મારી પાસે ખાવા પીવાનું, કે નથી મારી પાસે ભાંય ભાડું; યા નથી મારી પાસે રેહેવાનું ઘર, કે નથી મારી પાસે સુનું રૂપું; વળી નથી મારી પાસે ગાય ગધેડું કે બળદ કે એ છોકરીઓનાં પલ્લાંમાં હું તુંને આપું."

બેહરામગુરે જવાબ દીધો કે "આ ચારે છોકરીઓ તારી પાસે માંગું છું, તેની સાથે બીજું મને કાંઇ જોઇતું નથી."

બુઢાએ ખુશી થઇને કહ્યું કે "એ ચારોને તારી ઓરત પસંદ કરીને લઇ જા, પણ આગમજથી એબ કે હુનર હોય તે તપાસીને લઇજા; પાછલથી મને ઠપકો આપતો ના."

બેહરામે પાક પરવરદેગારનું નામ લઇને કહ્યું કે "મેં પસંદ કરીને એઓને કબુલ કીધી છે. [1]

પછી પેલી ચારે છોકરીઓને પાદશાહનાં એવાનમાં લઇ ગયા. મોબેદોએ તકરાર ચલાવી કે "હલકાં કુલની છોકરીઓને પાદશાહે પસંદ કીધી ખરી, પણ તે દરૂસ્ત લાગતું નથી."

ત્યારે પાદશાહે તે છોકરીઓનો બાપ જે પ્રગણામાં રેહેતો હતો તેનાં મુખ્ય શેહેરનું ફરમાન પેલા આટો પીસનારને નામે કરી આપીને તેને ઉંચા કુલનો બનાવ્યો!

૨—જમશેદનો ખજાનો.

બીજે અઠવાડીયે બેહરામગુર શીકાર કરવા નીકળ્યો તે વેળા લસ્કરમાં એક શખ્સ હાથમાં કોદાળો લઇને આવી પુછવા લાગો કે "પાદશાહ કાંહાં છે?"

વજીરે જવાબ દીધો કે "જે કેહેવું હોય તે મને કેહે."

તેણે જવાબ દીધો કે "પાદશાહને રૂબરૂ મળવું છે." આમ બોલી પાદશાહને પીછાણી તે કહેવા લાગો કે "હું મારી ખેતીમાં પાણી સીપતો હતો એટલાંમાં તે જમીનમાં એક શોરાખ પડી તેમાંથી ભય ભરેલો આવાજ નીકળ્યો, જેથી મારો જીવ ધ્રુજવા લાગો. તે આવાજ ખજાનાનો માર્ગ બતલાવે છે."

આ વાત સાંભળી પાદશાહે તે ખેતીવાડીમાં જઇ બીલદારોને બોલાવી જમીન ખોધતાં ખોધતાં નીચેથી એક પકી ઈંટ ચુનાથી બાંધેલી ઇમારત નીકળી આવી. [2] તેને મથાળે આરસના પથર જડેલા હતા. તે ગામના રેહેવાસીઓમાંથી એક આગેવાન શખ્સને લઇને દસ્તુર (વજીર) તે ઇમારતના દરવાજામાં દાખલ થઈ જોય છે તો એક સુનાનો તબેલો બાંધેલો નજર આવ્યો. તે મધે (ઘાસ દાણાને બદલે) જવાહેર અને યાકુત ભરેલાં હતાં; આગળ બે ભેંસ સુનાની બનાવેલી ઉભી રાખેલી હતી, અને બે બળદ ઉભા કીધેલા હતા. બળદો બુઢા હતા, જેઓની આંખ યાકુતની અને તમામ બદન સુનાનું બનાવેલું હતું. તેઓનાં પેટમાં, અનાર, સેબ અને બહી નામનાં ફલોના આકારનાં જવાહીરાત ગોઠવેલાં હતાં; તેમાં વળી પેલાં બહી ફળનાં પેટમાં તો તમામ આબદાર મોતી હતાં. તેઓની આસપાસ તમામ વાઘો અને ગોરખરો સુનાનાં બનાવેલાં હતાં. વાઘોની આંખો યાકુતની અને ગોરખરની બીલોરની બનાવેલી હતી. વળી જંગલી મુર્ગ અને મોર સુનાના બનાવી તેઓની આંખો જવાહીરની બનાવી હતી.

---

૧ સાસાની જમાનામાં પાદશાહો અને પાર્સી પ્રજા શાદીનો ગાંઠ કેવી રીતે બાંધતા હશે તેનો કશો ખુલાસો ફિર્દુસી ઉપરથી મળતો નથી. પણ આ ઠેકાણે તેમજ આગળ પાછલ કેટલાક દાખલાઓ નોંધેલા છે તે ઉપરથી જણાય છે ક પાદશાહે પસંદ કીધી તે તેની રાણી થતી હતી, તો જોકે તે કાંઇ હકદાર રાણી ગણાતી ન હતી. અને તેને પેટના બેટાને તખ્ત ઉપર બેસવાનો હક મળતો ન હતો. તે હક તો પાદશાહની રાજવંશી ખાનદાનની પરણેતર રાણીનાં ફર્જંદોનેજ મળતો હતો.

૨ ઈરાનમાં પુરાણાં દટાઇ ગયલાં શેહેરો અને તે માંહેલી ગર્ક ગયલી ઇમારતોનું ખોદકામ ચલાવવામાં આવે તો ઘણી પુરાની વસ્તુઓ હાથ લાગે એમ છે. આ દાખલામાં ઘણીએક અતિષયોક્તિ હોવી જોઇયે, પણ એ દાખલો દેખાડે છે કે ઇરાનમાં ખંડિએરોનો ટોટો નથી.

આ સઘળા રોશની ભરેલા આકાર જોઇને વજીરે જઇ પાદશાહ બેહરામગુરને અરજ કીધી કે "જે ઘર તમામ ઝવેરાતનું ભરેલું છે તેની કુંચી આસ્માનનાં હાથમાં હતી તે તુંને મળીછે."

પાદશાહે કહ્યું કે "એ ખજાનો કયા પાદશાહને નામે છે તે તપાસી આવો."

વજીરે તપાસીને જવાબ દીધો કે "ગાવના ઉપર જમશેદ પાદશાહનું નામ કોતરેલું છે."

બેહરામગુરે જવાબ દીધો કે "જમશેદના રાખેલા ખજાના સાથે મને કશું લાગતું વળગતું નથી. મારી સખાવતથી અને સમશેરથી જે ખજાનો હું મેળવું તે મારો કેહેવાય. એ ખજાનો મારે કામનો તો નથીજ, પણ એ મધેનો એક ભાગ મારાં લશકરનેબી આપવાનો નથી, કેમકે તેથી મને બદનામ થવું પડે. માટે એ ખજાનામાં જે ઝવેરાત હોય તે વેચી તેને બદલે સુનું રૂપુ ખરીદ કરીને તેમાંથી દશમો ભાગ જેણે ખજાનાનો માર્ગ બતલાવ્યો છે તેને આપ, અને બાકીનો સઘળો ગરીબ મીસ્કીન લોકને, માબાપ વીનાનાં બાળકોને, અને જે કોઇ કરજદાર હોય તે લોકોને વેંહેંચી આપ, કે જેથી જમશેદ પાદશાહનાં રવાનની ખુશનુદી થાય. મગર એ ખજાનામાંથી એક કફન જેટલું હું જો લેઉં તો દુનીયામાં નામુરાદ થાઉં."

વજીરને એ પ્રમાણે હુકમ આપીને બેહરામ ગુરે પોતાની જાત મેહેનતથી જે ખજાનો મેળવેલો હતો, તે મધેથી એક વરસના પગાર જેટલું ઇનામ સઘળાં લશ્કરને વેંહેંચી આપ્યું.

એ પછી નવા બહારની રૂતુમાં એક જશન કરી શરાબની જામોથી ખુશાલ થઇને બેહરામ ગુરે પોતાના સરદારોને કહી સમજાવ્યું કેઃ— "તમો સારી પેઠે જાણોછો કે હુશંગથી તે નોજર સુધી તથા કેકોબાદ પછીથી જે સઘળા પાદશાહો થઇ ગયા છે, તેમાં કેટલાક પાદશાહોની આજ સુધી વખાણ થાય છે, તેમ વળી કેટલાકની બદગોઇ પણ થાય છે; તે મીસાલે એક દીવસે મારો પણ વખ્ત આવી પુગવાનો; માટે મને સજાવાર છે કે દુનીયામાં નેકી બને તેટલી કરી લેઉં તો મારી પાછલના જમાનામાં મારીબી ખુબી ગવાય."

આ વાત સાંભળીને એક બુઢો સરદાર જે ૧૬૪) વરસની ઉમરનો માહીઆર નામનો હતો તે ઉઠીને ઉભો થઇ બોલવા લાગો કેઃ— "જમશેદ, ફરેદુન વગેરે પાદશાહોના હેવાલનીબી મને થોડી ઘણી ખબર છે. તેઓ કાંઇ તારા જેટલી ખજાનાની બક્ષેશ નથી કરી ગયલા. તારાં દીલમાંથી તો સરોશનું નુર એવું પ્રકાશે છે કે જેથી દાના લોકોની અક્કલબી ગુમ થઇ જાય છે. 'ગંજે ગાવાં' નામનો જમશેદનો એક ખજાનો હતો એવું મારા વાંચવામાં આવેલું છે, પણ તે વીશે કોઇને ખબર નહી હતી કે તે ખજાનો જમીનમાં છે કે જોહાક અઝદાહનાં મોહોડાંમાં ગયો. તે ખજાનો આજે તારે નસીબે મળી આવ્યા છતાં તેને નજરે જોયોબી નહી, અને તારાં ઉદાર દીલથી તે સઘળો દર્વીશોને બક્ષી દીધો છે. તેમાં એવાં અમુલ્ય ઝવાહીરો હતાં કે એકશો પાદશાહો દરીયામાંથી શોધ કરી મેળવવા માંગે તોપણ તેવાં મળી શકે નહી. તારા ગુજરી ગયા પછી તારી સખાવતની તવારીખ વંચાશે તેવારે આગળા પાદશાહોની સખાવતની તવારીખો રદ થઇ પડશે, માટે તારૂં તાજ, તખ્ત, અને કમરબંધ તારા તનદોરસ્તી ભરેલા જાનની સાથે કાયમ હોજો!"

આટલું બોલીને પેલો માહીઆર પીરમર્દ બેસી ગયો.

૩—પાદશાહ, સોદાગર, અને નોકર.

ત્રીજે હફતે બેહરામગુર શીકારધાએ નીકળ્યો. બપોરનો તાપ ઘણો હોવાથી તે અશક્ત થઇને એક સોદાગરનાં ઘર તરફ વીસામો લેવા ગયો. ત્યાં તેને આરામ કરવાની જગા બતલાવી, જ્યાં તે ઉતર્યો; પણ બેહરામનાં પેટમાં દુખતું હતું, તેથી તેણે સોદાગરને કેટલાએક દીરમ આપીને કહ્યું કે "વાસી પનીરની સાથે કેટલીક બાદામનું મગજ બી-

રીયાં કરીને લાવ." પણ સોદાગર તેમ કરી નહી લાવતાં એક મુર્ગને બીરીયાં કરી લાવ્યો.

બેહરામે તેને ઠપકો આપી કહ્યું કે "મારાં પેટમાં દુખે છે તેથી પનીર સાથે બદામનો ખોરાક માગ્યો તે કેમ નહી લાવ્યો?"

સોદાગરે જવાબ દીધો કે "અરે બેઅકલી શખ્સ! જે ખોરાક બંદનને કુવત આપે તે તારે વાસ્તે બનાવી લાવ્યો છું, તે છતાં પનીર અને બદામ વધારે માંગતાં તુંને શરમ નથી લાગતી?"

આ જવાબ સાંભળીને પોતાના માંગવા ઉપર બેહરામગુર પસ્તાવો ખાઇને બીજું કંઈ બોલ્યો નહી. ફક્ત રોટી ખાઇને આરામ કીધો.

બામદાદે સોદાગરે પોતાના ચાકરને કહ્યું કે "અરે મુર્ખ, તુંએ મારી ઉપર સીતમ ગુજાર્યો છે; એક દીરમનોબી મુર્ગ નહી તેની કીમત તુંએ વધારે આપી છે. જો સવારના માંગવા મુજબ એક દમડીનું કોહેલું પનીર લાવી મેલ્યું હતે તો ગઇ રાતે તેની સાથે મને કજીયો નહી કરવો પડતે."

ચાકરે જવાબ દીધો કે "તું કજીયો શા માટે કરે છે? સવારને અને તુંને હુંએજ પરોણા રાખેલા હતા એમ સમજીને મુર્ગનો ખરચ મારે હીસાબે મુજરે લેજે."

હવે બેહરામે તૈયારી કીધી કે ઘોડા ઉપર સવાર થઇને પોતાનાં એવાનમાં જઇને સુખ પામે. તેવામાં પેલા સોદાગરના ચાકરે તેને પોતાને ઘર પરોણો રાખવાની ભલામણ કરીને કહ્યું કે "તારા માગવા મુજબ પનીર બાદામની સાથે બીજું નરમ ગરમ ખાનું તૈયાર કરી લાવું છું."

બેહરામે તેમ કબુલ કીધાથી ચાકરે સોદાગરને ૨૦૦) બેદાં લઈ જઇને આપ્યાં, તેના બદલામાં કોહેલું પનીર, બાદામ અને રોટલી બનાવવાનાં કામમાં સોદાગરને લગાડી હલુસે પોતે બજારમાં જઇ મુર્ગ, બકરો, શાકર, ગોલાબ, કસ્તુરી ઇત્યાદી સામાન લાવી ખાણું બનાવી પાદશાહને જમાડી શરાબ પાઈ ખુશી કીધો.

હવે સોદાગરના બાગમાં પેલું તૈયાર કીધેલું પનીર, બાદામ અને રોટલીનું ખાણું ખાવા જતાં પાદશાહે પેલા ચાકરને કહ્યું કે "હવે તો મને જલદીથી બેહરામ્ ગુરને હાજરી આપવા જવું જોઇયે." જેથી સોદાગરને બોલાવી સવારે (બેહરામે) કહ્યું કે "કાલે ચાકરને ધમકી આપીને તુંએ કહેલું હતું કે વધારે કીંમત ખરચીને મુર્ગ શા વાસ્તે ખરીદ કીધો? દમડીનું કોહેલું પનીર કાંય નહી લાવી મેલ્યું? તેવું છતાં આજે વળી પનીર અને બાદામનો જાસ્તી ખર્ચ શા માટે કીધો છે?"

પોતાની દરબારમાં જઈ બીજે દીવસે બેહરામે પેલા સોદાગરને અને તેના ચાકરને બોલાવી મંગાવી ચાકરને એક થેલી ખજાનો આપી શેઠને દરજ્જે ચહડાવ્યો, અને સોદાગરને ચાકરની પદ્વી આપી. ૧૨૦ દીરમ દર માસે પગાર દાખલ તે જીવે ત્યાં સુધી આપવાનો ઠેરાવ કરી સોદાગરને હુકમ કીધો કે તારા શેઠને (આગળા ચાકરને) ઘેર જે કોઈ પરોણો આવે તેની આ શેઠને નામે આ રકમમાંથી ચાકરી કર્યા કરજે."

પછી બેહરામગુરે વજીરને કહ્યું કે "જે પાદશાહ દુનીયાની પાસ્બાની નહી કરી જાણે તે પાદશાહ શું જાણે કે ભલાં માણુસ તે કેવાં અને બુરાં માણુસ તે કેવાં હોય છે? માણુસોએ પોતપોતાની ગુંજાશ પ્રમાણે બખીલી નહી કરતાં ઉદાર દીલ રાખવું જોઇયે છે."

૪—એક ગામડીયાં જોડાંની પરોણાગત.

બહારની રૂતુમાં સરદારોની ઉશ્કેરણી ઉપરથી બેહરામગુર એક હજાર સવાર અને શીકારી જાનવરોને લઇને તુર્કસ્તાન તરફ માહીનો શીકાર કરવા નીકળ્યો. સરદારોએ ગોરખર, હરણ અને જંગલી ગાયના શીકાર કીધા. માર્ગમાં બે દીવસ આરામ પામી ત્રીજે દીવસે બેહરામગુર શીકારે નીકળ્યો. તેણે એક અઝદહાને દીઠો, જેનાં માથાં ઉપર બાલ અને છાતી ઉપર ઓરતોનાં જેવાં બે થાણ હતાં. બેહરામે એક તીર તેનાં બદન ઉપર અને

બીજો તેનાં માથાં ઉપર મારીને તેને નાબુદ કીધો. પછી પાદશાહ ઘોડા ઉપરથી નીચે ઉતરી ખંજરે કરી તેનું પેટ ચીરીને જુવે છે તો તે એક જવાન માણુસને ગલી ગયલો માલુમ પડયો. તેને મુવેલો ખેંચી કાહાડી ભુખો, પેઆસો અને થાકેલો બેહરામગુર ઘોડો મારતો એક ગામડાંમાં જઈ પુગી એક ઘર આગળ ઉભો રહ્યો. તેટલામાં એક ઓરત ખાંધ ઉપર પાણીનું વાસણ ભરી લઇ તે ઘરમાં જતી હતી તેણે બેહરામને જોઇને મલાજો કીધો. બેહરામે તેને પુછયું કે—"આ ઘરમાં મને વીસામો લેવા દેવાની તમે તસ્દી લેશો?"

ઓરતે જવાબ દીધો કે "અએ લડાયક સવાર! એ ઘર છે તે તારૂંજ છે."

આ સખુનો સાંભળીને બેહરામે ઘોડો અંદર લીધો. પેલી ઓરતે પોતાના ખાવંદને બોલાવી કહ્યું કેઃ—"ઘોડાને મસલી ઘાસ દાણુ આપ." પછી પોતે ઘરને ઝાડુથી સાફ કરી એક કામળ બીછાવી તે ઉપર તકીયો મેળી બેહરામને બેસાડયો, અને પોતે પાણી ભરી લાવી ખાવંદને કેહેવા લાગી કે "એ લશ્કરી સવારની ચાકરીમાં મુજ ઓરતને કોઈ પરભાડો જોશે તો તે ઠીક નહી લાગશે, માટે તું મર્દ ખીજમતમાં હાજર રેહેજે." પેલા મર્દે ભાજી, સરકો, રોટી અને દહી ખાણુ ઉપર લાવી મેલ્યું. પાદશાહ થોડી રોટી ખાઈ પીછોડી ઓઢીને સુઈ ગયો, કેમકે પેલા અઝદાહને મારતાં થાકી ગયલો હતો.

જ્યારે બીદાર થયો ત્યારે પેલી ઓરત પોતાના ખાવંદને ઠપકો આપી કેહેતી હતી કે "અરે અભાગ્યા! આ સવાર તો બેહરામગુર જેવો લાગે છે, માટે તુંએ એને સારૂં બકરો કેમ નહી કપાવ્યો?"

ખાવંદે જવાબ દીધો કે "તારી પાસે પીસવાનું નીમક કે બાળવાના લાકડાં, અને રોટલીનો આટો તો છે નહી; એટલુંજ નહી પણુ બાળવાની દીવટ વટીક નહી મળે. તેવું છતાં બકરો કપાવીયે, પણુ વળી કોઇ વખ્તે થંડીના દીવસ હોય અથવા વરસાદ અને પવનનું તુફાન હોય ને એવો પરોણો આવી લાગે તે વારે શું કરીયે?"

તોપણુ ઓરતની ભલામણુથી પેલા ખાવંદે બકરો કપાવી તેનો હડીસો પકાવી બીજા પકવાન સાથે પાદશાહને જમાડી શરાબ રજુ કીધો અને એક ગાવાવાળીને હાજર કીધી.

પાદશાહે પેલી ઓરતને પુછ્યું કે "હું સવાલ પુછું તેનો રાસ્તીની રાહે જવાબ દેશે ત્યારે શરાબની જામ ઉઠાવીશ. તે સવાલ એ જે આપણા પાદશાહ બેહરામગુરના ઇનસાફ અને સખાવતની લોક ખુબી ગાયછે કે ગીલ્લો કરે છે?"

પેલી ઓરતે જવાબ દીધો કે "અવલથી આખર સુધી તેની નેકી વખણાય છે; પણુ આ ગામમાં ઘણાં લોક વસે છે તેથી કામદારોના અને દેવાનના સવારો આવ જા કરે છે, જેઓ કોઇના ઉપર ચોરીનું અને કોઇના ઉપર છીનાલાંનું ખોટું તોહમત મેળી તેઓ પાસેથી પાંચ છ દીરમ કહડાવી લઈ દીલગીર કરે છે. આ વાતનોજ બેહરામગુરનો જુલમ સંભળાય છે."

આ વાત સાંભળી બેહરામ ઘણો દલગીર થઇને વીચાર કરવા લાગો કે "હું દુનીયામાં આવો દાદ ઇનસાફનો માર્ગ પકડીને ચાલું છું તેવું છતાંબી લોકો ખોદાના શુકરાના કરવાને બદલે મને બદનામી આપે છે. ત્યારે તો થોડા દીવસ સખ્તી ગુજારૂં કે જેથી લોક દુખ ભોગવવું થાય તો મારી આગળી નેકીને યાદ કરે."

એવા બુરા વીચારમાં સારી રાત તેણે ગુજારી. બામદાદ થઇ ત્યારે પેલી ઓરતે પોતાના ખાવંદ પાસે ગાય મંગાવી તેને દાણાપાણી આપીને દુધ દોહવા બેઠી; પણુ દુધ તો ઉડી ગયલું તે નીકળી શકયું નહી, જેથી પેલી ઉદાસ થઇને પોતાના ખાવંદને કેહેવા લાગી કે "દુનીયાના પાદશાહની બુધ્ધી ગઇ કાલની ફરી ગયલી અને જુલમ ગુજારવા ઉપર છુપ્યો વીચાર રાખેલો હોય એવું જણાય છે."

ખાવંદે પુછ્યું કે "આવા બુરા વચન તું શા ઉપરથી બોલે છે?"

તેણીએ જવાબ દીધો કે "હું ખરૂં માનું છું કે જ્યારે દાદ ચાહનાર પાદશાહે દાદ ઇનસાફ છોડીને જુલમનો માર્ગ પકડયો હોય ત્યારે માહતાબનું તેજ ઘટી જાય છે, ગાયનું દુધ સુકાઇ જાય છે, નાફામાંની કસ્તુરીની ખુશબો ઉડી જાય છે, લડાઇના સીપાહીઓની હીમત તુટી જાય છે, જંગલી વરૂઓ માણુસોનો ભક્ષ કરેછે, મુર્ખ લોકોથી દાના લોકોને નાહાસવું પડેછે, અને મુર્ગી શેવણુ બેઠેલી હોય તેનાં બેદાં કોહી જાય છે."

આ વાત સાંભળીને બેહરામ પોતાના રાતના ઠેરવેલા વીચાર ઉપર પસ્તાવો ખાઇ ખોદાની આગળ દુઆ માંગીને કેહેવા લાગો કે "અએ પાક યજદાં! મારાં દીલમાં જે નેક વીચારો છે તેને બદલે આવી રીતના બદ વીચારો હવે પછીથી મારાં દીલમાં કદાચ લાવું તો પાદશાહીનાં મારાં તખ્તથી ભાયગ વીનાનો થાઉં."

બીજે દીવસે પેલી પાક ઓરત દુધ દોહવવા બેહી ત્યારે તો પુષ્કળ દુધ નીકળી આવ્યું. ત્યારે તેણે દુઆ માંગી કે "અરે ખુદા, પાદશાહના બુરા વીચારને તુંએ પાછા નેકી ભરેલા નહી કીધા હતે તો આજે દુધ શી રીતે દોહી શકતે?" પછી પોતાના ખાવંદને કેહવા લાગી કે "પાદશાહના બદ વીચાર પાછા નેક માર્ગે આવ્યા છે; કાંયજે ગાયનું દુધ મનમાનતું નીકળ્યું છે." પછી દુધ સાથે ગોસ્ત પકાવી પેલા સવારની આગળ મેળ્યું, જે તેણે ખાઇને તે ઓરતને કહ્યું કે "આ ચાબુક છે તે લઈ જઇને જ્યાં મોટો માર્ગ હોય ત્યાં ઝાડની ડાલી સાથે મજબુત લટકાવીને જોયા કરજે કે માર્ગમાં આવતા જતાથી તેની સંભાળ રખાય."

ઓરતે પોતાના ખાવંદને પેલો ચાબુક આપ્યો, જે જઇને ઝાડ સામે લટકાવીને જુવે છે તો કેટલાએક લસ્કરી લોકો તે માર્ગે જતા હતા તેઓની નજર પેલા ચાબુક ઉપર જેવી પડી તેવાજ ચાબુકને સેજદો કરી બેહરામ ગુર ઉપર આફરીન કરવા લાગા.

તે દેખાવ જોઇને પેલા મર્દે ઘર આવી પોતાની ઓરતને ખબર કીધી કે "આપણો પરોણો જે સવાર છે, તે તો બેહરામ ગુર પાદશાહ પોતે છે. પેલા ચાબુકને જોઇને લસ્કરી લોકો જમીન ઉપર સર નમાવીને બેહરામ ગુરને માન આપતા હતા."

પછી ઓરત અને મર્દ બંધે પાદશાહની નજદીક જઇને શરમ ભરેલા દેખાવથી બોલવા લાગાં કે "અએ નામદાર શાહનશાહ! હમો માટી બૈયર ગરીબ નાચાર દુરવેશનાં ઘરમાં તું નામદાર પરોણો આવેલો, તોપણ હમારેથી તારે લાયકની ખીજમત બની આવી નથી. હમોને ખબર નહી હતી કે તું પાદશાહ હમારે ઘરનો પરોણો છે."

બેહરામ ગુરે જવાબ દીધો કે "આ ગામ તમામ જમીન સાથે તમોને તમારી પરોણા ચાકરીમાં મેં નવાજેશ કીધું છે, માટે હમેશાં મેહમાનદારી કરતાં રેહેજો, અને ગામની ઉતપતીથી ગુજરાણુ ચલાવી ખેતી કરવાનું કામ છોડી દેજો." એવું કહી સવાર થઈ તે પોતાના એવાનમાં ગયો.

૫—એક પીરમર્દ અને તેની બેટીઓ.

ત્રીજે દીવસે બેહરામ ગુરે શીકારે જવાની તૈયારી કીધી, ત્યારે ત્રણશો ઇરાની સરદારો સવારીમાં હાજર થયા હતા. દરેક સરદારની સાથે ત્રીશ લેખે નોકરો હતા, દશ સાંઢણીઓ, દશ ખચર અને સાત હાથી ઉપર તખ્ત ગોઠવેલાં હતાં. એ તમામ જાનવરોને સુના રૂપાં, હીરા મોતીથી શણુગારીને પાદશાહ બેહરામ ગુરે પોતાની સવારી કરવા સાથે લીધાં હતાં. સાત હાથી, દશ સાંઢણી અને દશ ખચર એ દરેક જનાવરની સાથે તલવારીયા ત્રીશ લખે ગુલામો હતા. બીજા એકશો ખચર રામશગરો તથા શીકારી પક્ષીઓને રાખનારા માણુસોને સારૂં સવારી કરવા રાખેલાં હતાં. તેઓ સાથે ૧૬૦ બાજ, ૨૦૦ ચરગ અને શાહીન મળીને હતાં. તે મધે "તગરલ" નામનું પક્ષી જે ખાકાને મોકળેલું હતું, તે

પાદશાહનું ઘણું પ્યારૂં હતું. એક તખ્ત અને તાજ અને તોક (ગલામાં પેહેરવાનું) જવાહેરથી જડી લીધેલું, ૪૦ ચુડા, ૩૬ બાલી અને ૩૦૦ ઉંટ ભરીને ચીનીકામ અને ૩૦૦૦) યાકુતના નગીના હતા. ૩૬૦ ચીત્તા વાઘ હતા, તેઓના કમરબંધ જવાહેરના અને સાંકલ સુનાની હતી.

આવી તજુમલ સાથે પાદશાહ શીકાર કરવા મેદાનમાં આવ્યો. દર સાત વરસે દરીયાઇ શીકાર કરવા નીકલતો હતો, તેમ દરીયા કીનારે આવીને જોતાં ઘણા શીકાર નજર પડયા. તગરલને ઇશારો કીધાથી તે ઉડીને એક કુલંગને પકડી લઇ ગુમ થઇ ગયું. તેને પકડવા એક બાજને છોડી મેલ્યું તેબી પાછું આવ્યું નહી, જેથી પાદશાહનો જીવ ઉદાસ થયો. આથી લશ્કરને શીકારઘામાં પડતું મેળીને પાદશાહ કેટલાએક સવારોની સાથે શોધ કરતો એક બાગમાં આવી લાગો, જ્યાં હોજનાં પાણીના કીનારા ઉપર બુર્જીન નામનો એક પીર મર્દ બેઠેલો હતો, તેની સાથે તેની ત્રણ ખુબસુર્ત દીકરીઓ દરેક હાથમાં શરાબની જામ લઇને બેઠેલી હતી. તેઓને જોઇને પાદશાહનું દીલ લલચાઇ ગયું. પેલા પીર મર્દે પાદશાહને સેજ્દો કરીને અરજ કીધી કે "૨૦૦ સવાર છે તે સાથે મારા બાગમાં તું મેહમાન આવે તો મારૂં સર આસમાન સાથે લાગે."

પાદશાહે જવાબ દીધો કે "મારો તગરલ ગુમ થઇ ગયો છે, તેથી હું દલગીર છું."

પીર બુર્જીને જવાબ દીધા કે "એક સીહા રંગનો મુર્ગ અખડોટનાં ઝાડ ઉપર બેઠેલો મેં દીઠો છે."

પાદશાહે એક ગુલામને મોકલી ખબર મંગાવતાં ગુલામે આવી જવાબ દીધો કે તેને ઝાડ ઉપરથી બાજ રાખનાર ખેલાડીએ પકડયો છે. તેણે લાવી હાજર કીધાથી પાદશાહ ખુશી થયો, તેવારે પીર બુર્જીને કહ્યું કે "આ વાતની ખુશાલીમાં શરાબની જામ ઉઠાવવી જોઇયે." આથી પાદશાહ બુર્જીન પીરમર્દની સાથે બાગમાં આવી આરામ પામ્યો. તે ખબર જાણીને વજીર તથા ખાનસામાન પણ આવી મળ્યા. પાદશાહે શરાબની જામ લીધી. બીજાઓને જોઇયે તેટલો શરાબ આપી પીર મર્દે પોતાની દીકરીઓને જણાવ્યું કે "આ બેહરામગુર પાદશાહ આપણો મેહમાન છે, માટે તેની આગળ તેની કીર્તીનું ગાનું ગાઓ."

તેવારે એક ગાનું ગાવા લાગી, બીજી વજંત્ર વગાડવા લાગી અને ત્રીજી નાચવા લાગી. તે જોઈ પાદશાહે ખુશી થઇને પુછ્યું કે "આ ત્રણડે કોણની દીકરી છે?"

બુર્જીને જવાબ દીધો કે "મારી છે, અને મારાં દીલને એ દુરસ્ત રાખનારી છે. એકનું નામ માહ આફરીદ, બીજીનું ફરાનક, અને ત્રીજીનું શંબલીદ કરીને છે. તે સાથે મારી પાસે ૨૦૦) ઉંટ લધાય તેટલો ઉમદા ખજાનો પણ છે."

પાદશાહે કહ્યું કે "મારા જેવો દામાદ તુંને કોઇ મળનાર નથી, માટે ત્રણડે દીકરી મને આપ."

બુર્જીન પીરે આ માંગણી ખુશીથી કબુલ કરીને હુશંગ અને ગયોમર્સની દીનની કીયા પ્રમાણે પોતાની બેટીઓને પરણાવી આપી.[1] પાદશાહ એક અઠવાડીયું બુર્જીન પીરમર્દના બાગમાં રહીને પાછો શીકારઘામાં ગયો. સાથે બેહરોજ વજીર તથા એક હજાર લશ્કર હતું. પાદશાહે એક નર અને માદા હરણને એક તીરથી સીવી લીધાં તે જોઇ સરદારોએ આ-

---

૧ ઉપર (સફે ૬૪ મેની નોટ ૧ લી) જણાવ્યા જેવોજ આ દાખલો છે; પણ અહીં શાયર લખે છે કે પાદશાહે ગયોમર્દ અને હુશંગની દીનની ક્રિયા પ્રમાણે ત્રણ નાજનીનો સાથે ભેગી શાદી કીધી હતી. આ પુરાણી દીનની રસમ ત્યારે વરની પસંદગી અને કન્યાના બાપની મંજુરિયાત હોય એમ લાગે છે. આ દાખલાઓ મુજબ પાર્સી જરતોસ્તી પાદશાહ અનેક ઓરતો પરણતો હતો, એટલુંજ નહિ પણ એકી વખ્તે એકથી વધારે નાજનીનો સાથ શાદી કરતો હતો. પણ જરતોસ્તી પ્રજામાં પણ એકથી વધારે બાયડીની છુટ હતી કે નહિ તે જણાતું નથી.

ફરીને કરીને કહ્યું કે "પાદશાહીની સાથે પેહેલવાનીમાંખી તારો ખુલંદ મરતબો છે."

૬–૯૩૦ રાણીઓનો ધણી.

બેહરામે એક દીને જંગલમાં બે વાઘને દીઠા, તેઓને એક પછી એક પીછવીનાના ખુઠા તીરથી માર્યા. આગળ જતાં એક ગોશપંદનું ટોળું નજર આવ્યું, જેના ગોવાલીયા (ભરવાડો) ફાડીખાનારાં જાનવરોની ધાકને લીધે નાહાસભાગ કરતા હતા. તેઓનો ઉપરી ભરવાડ પાદશાહને વગર પીછાણવે તેની આગળ આવી ઉભો. તેને પાદશાહે પુછ્યું કે "આ ભય ભરેલી જગા ઉપર શા માટે ગોશપંદોને લાવો છો?"

તેણે જવાબ દીધો કે "આ ચારીયાંમાં મારા શીવાય કોઇ બીજા ગોશપંદોને લાવી શકતા નથી, કાંયજે એ ગોશપંદોનો ધણી જે ગોહર ફરોશ (ઝવેરી) છે તે ઘણો મોટો દ્રવ્યવાન છે. તે નુકસાનની ભાગી ડરતો નથી. તેની એક દીકરી છે તે ઘણી ખુબસુર્ત અને ગાનારી છે. જો બેહરામ ગુરનો દાદ ઇનસાફ નહી હતે તો તે ઝવેરી આટલો બધો માલદાર નહી થઇ શકતે. હવે આ બંધે વાઘોને જેણે માર્યા હોય તેનું ખુદા ભલુ કરજો!"

બેહરામ ગુરે જવાબ દીધો કે "એક સ્વાર મારીને પોતાના સાત સોહબતીઓની સાથે જતો રહેલો છે; પણ પેલા ઝવેરીનું ઘર કાંહાં છે તેનો તું મને રસ્તો બતલાવ."

ભરવાડે કહ્યું કે "અત્રેથી આગળ ચાલતાં એક ગામ આવશે તાંહાં તે રેહેછે. પણ શેહેરમાં બેહરામ ગુરનો મેહલ છે, તેની પડોશમાં એ ઝવેરીનું ઘર છે. જેવારે પાદશાહ જશનમાં તેને બોલાવે છે તેવારે કાળો રેશમી પહેલવાની પોશાક પેહેરીને તે જાયછે. તું થોડો વાર દમ ખાશે તો તેના ઘરમાં ચાલતા નાચ રંગનો આવાજ તું સાંભળશે."

આ વાત સાંભળી બેહરામ ગુર ઉઠી ઉભો થયો, અને પોતાનો પાદશાહી લેબાસ પેહેરી ઘોડેસ્વાર થઇ ઝવેરીનાં ઘર તરફ ચાલ્યો. લશ્કરને તો નહી પણ પોતાના બેહરોજ વજીરને વટીક સાથે નહી રાખ્યો, તેવારે બેહરોજે સરદારોને જાહેર કીધું કે "પાદશાહ બેહરામ ગુર ઝવેરીને ઘર જાયછે તેનું કારણ હું તમોને જણાવું છું કે ઝવેરીની દીકરીને પરણીને તે એવાનમાં લાવશે. આવાં જે કામો પાદશાહ કરેછે તે બુરાં કામ છે. હાલમાં મેં ગણત્રી કીધી છે તેમાં ૯૩૦) ઓરતો પાદશાહની દરબારમાં જાગીર ખાયછે. પાદશાહ સઘળી વાતે નામીચો છે, તે સાથે જોરાવર પેહલવાનબી છે. મગર ઓરતોથી તે કમજોર અને નાતવાન થઇ જશે, એટલુંજ નહી પણ તેની આંખનું તેજબી ઘટી જશે, અને બાલ કાળા હોય તે સફેદ થઈ જશે. જેવારે બાલ સફેદ થાયછે તેવારે મોત નજદીક આવે છે. દાનેશમંદ આદમીઓ ઓરત કરેછે, તે માત્ર ફરજંદને વાસ્તે કરેછે. જોકે પાદશાહ હાલમાં મુલુકોની ખંડણી લેછે, તોપણ એકાદ વરસમાંજ રૂમની તો ખરાબી થવાની ધાસ્તી છે." એવું બોલી બેહરોજ પાદશાહની આગળ ગયો, તેવામાં એક જણે ખબર કીધી કે પાદશાહ તો જતો રહ્યો હતો.

હવે પેલી તરફથી પાદશાહે એક ચરવાદારને સાથે રાખી ઝવેરીનું બારણું ઠોકયું. ઝવેરીનાં માણસે પુછયું કે "અરધી રાતે દરવાજો ખોલાવનાર તું કોણ છે?"

ચરવાદારે કહ્યું કે "બેહરામગુરના શીકાર ધામાંથી ભુલો પડી એક સવાર અત્રે આવી લાગો છે."

આ ઉપરથી દાસીએ આવી દરવાજો ખોલી બેહરામને અંદર લીધો, અને તેની લાયક ચાકરી બજાવી. ખાણું ખવાડી, શરાબની જામ હાથમાં લઇને ઝવેરીની દીકરીએ બેહરામના હાથમાં આપતાં પુછ્યું કે "તારૂં નામ શું છે?"

બેહરામે હસીને જવાબ દીધો કે "મારૂં નામ ગોશસ્પ છે, અને હું એક સવાર છું."

ઝવેરીએ કહ્યું કે "આ મારી દીકરીનું નામ આરજુ છે."

પછી પેલી દીકરી જેનું નામ આરજુ હતું

તેણે પોતાના બાપ ઝવેરી જેનું નામ માહીયાર હતું, તેના હુકમથી ગોશસ્પ (બેહરામ)ની ખુબીનું ગાણું ગાઈ સંભળાવ્યાથી બેહરામે ખુશી થઇને માહીયારને કહ્યું કે "તારી દીકરીને દીનની રસમ પ્રમાણે મારી સાથે પરણાવી આપ."

માહીયારે અને આરજુએ એ વાત દીલોજાનથી પસંદ કરીને કબુલ રાખી, તેવારે ગોશસ્પે (બેહરામે) પોતાનો ચાબુક માહીયારના દરવાજા ઉપર જાહેર કરવા સારૂં લટકાવ્યો. તે વાતની લશ્કરને ખબર થવાથી તમામ સીપાહીઓ રાબેતા પ્રમાણે માહીયારનાં ઘર આગળ જ્યાં ચાબુક લટકાવેલો હતો તે જગા ઉપર એકઠા થયા અને ચાબુકને સેજદો કરી ઉભા રહ્યા. દરબાને જઇને માહીયારને ખબર આપી કે "પાદશાહ બેહરામગુર તો તારાં ઘરમાં આવેલો છે. તું એ શી રીતે તેની ખીજમત બજાવી ?"

માહીયારે જવાબ દીધો કે "એ ગોશસ્પ સવારને મેં કહેલું હતું કે તું તો બેહરામગુર પાદશાહની સુરતને મળતો આવે છે, તે વારે તેણે એવો જવાબ દીધેલો હતો કે હું તો ગોશસ્પ નામનો બેહરામગુરનો એક સવાર છું."

હવે બેહરામગુર ખુવાબથી બીદાર થઇને બાગમાં ગયો અને નાહી ગોસલ કરીને ખુરશીદની ન્યાએશ કરી યજદાં પાસે મુરાદ માંગી, અને માહીયારે ખાણું અને શરાબ તમામ લશ્કરને આપી ખુશહાલી કીધી. એક રાત ઝવેરીને ઘર ગુજારી બામદાદે પાછો શીકારના મેદાનમાં લશ્કર સહીત બેહરામગુર રવાના થયો.

૭—એક પારસી બખીલની કહાણી.

એક મહીનો સુધી શીકારધાની છાવણી મેદાનમાંજ નાખવાનો બેહરામે લશ્કરને હુકમ આપવાથી તંબુ ડેરા મારી છાવણી નાખવામાં આવી. એ વાતની ખબર શેહેરમાં થવાથી ઘણાએક વેપારીઓ મેદાનમાં ખરીદ ફરોખ્ત કરવા આવી રહ્યા. એક મહીનો પુરો થવા પછી બેહરામગુરને શેહેરમાં જવાની ઈચ્છા થવાથી તમામ લશ્કર સાથે ચાલવા માડયું. માર્ગમાં એક આબાદી ભરેલો કસ્બો નજર આવ્યો તે જગા ઉપર બેહરામ એકલો ઉભો રહ્યો ને તમામ લશ્કરને જવા દીધું. પછી રાતને વખ્તે ગામના વડાનું ઘર પુછતો પુછતો જઇને જોતાં એક મોટું કુશાદે ઘર નજર આવ્યું, પણ તેનો આગળો દરવાજો ભાગી તુટી ગયલો હતો, જેમાંથી ઘર ધણીએ આવી પાદશાહને સેજદો કીધો.

બેહરામે તેને પુછયું કે "આખાં ગામમાં આ એકલું ઘર ભાગેલુ તુટેલું કોણનું છે?"

ઘર ધણીએ જવાબ દીધો કે "એ ઘર મારૂં છે, તે મારી કંગાલ હાલતની ગવાહી દીએ છે."

પાદશાહ ઘોડા ઉપરથી ઉતરીને ઘરમાં જઇ ને જુવે છે તો તે બુલંદ એવાન હતો ખરો, પણ તમામ ગોશપંદોની લીંડીથી ભરાઇ ગયલો હતો. તે જોઇ પાદશાહનાં ટાંકા ઢીલા પડી ગયા, તોપણ તેણે માંગ્યું કે "અરે મેજબાન! કંઇ ચીજ બેસવા સારૂં બીછાવ."

તેણે જવાબ દીધો કે "મારી મસખરી શા માટે કરેછે? મારી પાસે બીછાવાતું કંઈ હતે તો તુને આપીને સુર્ખરૂ થતે. મારી પાસે બીછાણું કે ઓઢણું તો નહી મળે, પણ ખાવાનુંબી નહી મળે. હું તો એક ફકીર જેવો છું, માટે બીજે ઠેકાણે જઇને તુંને રેહેવું સજાવાર છે."

"વારૂ એકુ તકીયો કંઈ હોય તે તો શોધી લાવ કે થોડોવાર બેસું તો ખરો," આમ બેહરામે કહ્યું.

પણ પેલાએ જવાબ દીધો કે "મારે તાંહાં સોજી જગા નથી. વળી તુંને તો દુધ અને મુર્ગબી જોઇશે."

બેહરામે કહ્યું કે "થોડું દુધ ગરમ કરીને સાથે એક રોટલી હોય તો લાવ."

જવાબ દીધો કે "તું એવું ના ધારતો કે હવડાં ખાઇ ખુશી થઇ આરામ કરીને ઘેર જાઉં. મારા જાન કરતાં રોટલી કંઇ વધતી

કીંમતની નથી, તોપણ રોટલીને તો હું જાનની બરાબર ગણું છું."

બેહરામે કહ્યું કે "જ્યારે તારી પાસે ગોશપંદો નથી તેવારે તારાં ઘરમાં આ બકરાંની લીંડી શાથી પડેલી છે?"

જવાબ દીધો કે "તારા બોલવાથી મારૂં તો માથું દુઃખી આવ્યું છે, ને હવે રાતનો વખ્તબી થયોછે, માટે કોઇનાં ઘરમાં બીછાણું કંઇ હોય ત્યાં જઇને સુઇ જા કે તારા જુલમથી હું સંતોષ પામું. મારૂં રાતનું બીછાણું ઝાડનાં પાતરાંનું છે. તેવા અભાગ્યાના ભાગાં ટુટાં ઘરમાં જ્યાં વાઘ તથા ચોર આવજા કરે તેવી જગાપર સુનાની તલવાર અને રેકાબ સાથે આરામ કરતાં તુંને ચોરનોબી ખોફ લાગતો નથી?"

બેહરામે જવાબ દીધો કે "અગર ચોર મારી તલવાર ચોરી લઈ જશે તેનો જોખમ તારે સર નથી, માટે આજની રાત તારાં ઘરમાં સુવા દે. બીજું હવે હું કંઇબી માંગતો નથી."

ઘરધણી બોલ્યો કે "હવે તું દલગીર માં થતો. મારાં ઘરમાં હું કોઇનેબી સુવા દેતો નથી."

બેહરામ બોલ્યો કે "અરે પીરમર્દ! તું દાનેશમંદ થઇને મારી સાથે મુર્ખાઈ ભરેલા જવાબ કેમ કરે છે? પાણીની પેઆસથી મારી પીઠ કમાનની મીસાલે વાંકી વળી ગઈ છે. વારૂ મેહેરબાની કરીને થોડું થંડું પાણી તો આપ."

જવાબ દીધો કે "શું તું નથી જાણતો કે અહીંથી બે મરતબે તીર ફેંકીયે તેટલી વેગલાઈ ઉપર એક પાણીનો ચશમો છે? તે જગા ઉપર જઇને જેટલું ગમે તેટલું પાણી પી અને જેટલું જોઇયે તેટલું લઇબી જા; પણ મુજ બુઢા અશકતનાં ઘરમાંથી તો કંઇ મળવાનું નથી."

બેહરામે કહ્યું કે "તું મુફલેસ છે કે પછી તવંગર છે, પણ લશ્કરી સવારની સાથે ઝગડો ના કર. હવે તો તારૂં નામ બતલાવ."

જવાબ દીધો કે "મારૂં નામ નહી ઓઢવાનું, નહી બીછાવાનું, નહી સુવાનું અને નહી ખાવાનું રાખનારો મુફલેસ ફરશીદવર્દ છે."

બેહરામે પુછ્યું કે "ત્યારે તારૂં ગુજરાણ ચલાવી શકે તેટલો ઉદ્યોગ તું કાંય નથી કરતો કે જેથી રાતે આરામ કરી શકે?"

જવાબ દીધો કે "મારી હાલત જે છે તેજ પ્રમાણે ખોદા શેવટ સુધી નીભાવે, મગર પરોણાનું મોહોડું નહી દેખડાવે તો મારૂં ભાગેલું ટુટેલું ઘર જોઇનેજ ખોદાના શુકરાના કર્યા કરૂં. શામાટે તું મુજ નાદારનાં ખાલી ઘરમાં આવ્યો કે જેથી તુંને માનપાન નહી મળી શકયું?" એમ બોલીને તે એટલું અઘું રડયો કે તેના પોકારથી બેહરામ ગુર કંટાળીને પોતાનાં લશ્કરમાં જતો રહ્યો.

૮–સુમનો ખજાનો સખી ખાય.

મેદાનમાં એક કઠીયારો કોદાળો લઈ લાકડાં ઉપરથી કાંટા કાહાડતો હતો. બેહરામે તેની આગળ જઇને પુછ્યું કે "આ ગામનો વડો પુરૂષ કોણ છે?"

તેણે જવાબ દીધો કે "છતે માલે કંગાલ હાલનો ફરશીદવર્દ નામનો એક બખીલ છે; મગર એક લાખ તો તેની પાસે બકરાં છે, અને ખચર, ઘોડા અને ગધેડાં મળી બીજી તેટલીજ ગણત્રી થાયછે. તેણે જમીનમાં દીનાર ભરેલા છે, તેને ફરજંદ કે સગાંવહાલાં કોઇ નથી. ભુખે પેટ અને નાગે દીલે રેહેછે. વળી લોભી અને લાલચુ એવો છે કે પોતે પેટ ખાતોબી નથી, જેથી તેનું બદન કંટાઈ ગયલું છે. અગર તેના બાગોની જમીનને સુનાંને બદલે વેચે તો એક ઘર ભરાય તેટલું ઝવેરાત મળી આવે. તેના ગોવાલીયાઓ ગોસ્ત અને દુધ ખાયછે અને તે પોતે અર્જન નામે એક જાતના અનાજની રોટલી સાથે પનીરબી નથી ખાતો. બે લુગડાં એકઠાં પેહેરતાં તો તેનાં બદન ઉપર સેતમ પડેછે!"

બેહરામ ગુરે તે કઠીયારાને કેટલાક દીનાર આપીને પુછ્યું કે "ફરશીદવર્દના ગોશપંદોના

ગાયોનાં, ઘોડાઓનાં, અને ખચરોનાં ટોળાં કુહી જગા ઉપર છે તે તું બતલાવી આપે તો તુંને તેનાં માલના ૧૦૦) ભાગ મધેથી એક ભાગને હીસાબે ઈનામ મળશે."

તે કઠીયારાનું નામ દીલઅફરૂજ કરીને હતું. તેણે માર્ગ બતલાવાનું કબુલ કીધાથી બેહરામે તેને એક ઘોડો આપી વજીર બેહરોજની સાથે ૧૦૦) સવાર અને એક નવીસંદો આપી રવાના કીધો. તેઓને દીલઅફરૂજ કઠીયારાએ એવી જગા ઉપર લાવી દાખલ કીધા કે જ્યાં તમામ બીયાબાન, કોહેસ્તાન, અને ગુફાઓ હતાં. તે જગાનું નામ નીશાનબી દુનીયામાં કોઈ જાણતું નહી હતું. ગોશપંદોનાં ટોળાંની ગણત્રી તો થઈબી નહીં શકી. ઊંટોના કાફલા ઘણા હતા, ગાયોનાં ટોળાંની સંખ્યા ૧૨૦૦૦ ની તથા ખચર અને ઘોડા મળી ૨૦૦૦૦ હતાં. ઘીનાં વાસણ, શીરાજ (એક જાતનો દહી દુધનો ખોરાક) અને સુકાં પનીર મળી ૩૦૦૦૦૦) હતાં. તે સઘળી બીનાનું નામુ લખીને બેહરોજે બેહરામ ગુર ઉપર રવાના કીધું. તે મધે લખ્યું કે "તારા અદલ ઈનસાફનો અને સખાવતનો લાભ એકસરખી રીતે નાધલા તથા મોટા સર્વે લોકને મળે છે તેજ પ્રમાણે ચાલવાથી તારૂં દીલ ખુશી રાખવું બેહેતર છે. પણ ફરશીદવર્દ નામના એક આલમમાં નહી પ્રખ્યાત થયલા કંગાલ હાલતના અને છતી દોલતે ભુખે મરતા બખીલનો છુપ્યો ખજાનો લુટી લે તો તારા ઇનસાફ તથા દાદને ઝાંખ લગાડનારી વાત છે. તું એટલો ખજાનો મેળવવા ચાહશે તો ત્રણ વરસમાં મેળવી શકશે. આ નસીહતના સખુનો ઉપરથી મને ગુનેહગાર નહી ઠેરવવો; મગર પરભાડા નવીસંદાઓને બોલાવીને મેં તેના ખજાનાનો શુમાર કહડાવ્યો તોપણ હજી સુધી ઠાગ લાગતો નથી. એટલોબધો ખજાનો તો મોજુદ છે, તે સીવાયે તેઓ એવું કેહેછે કે એથીબી વધારે ખજાનો—તમામ સુનું અને ઝવેરાત—જમીનમાં ગારેલું છે, માટે પાદશાહ જે પ્રમાણે હુકમ

ફરમાવે તેમ અમલ કરવાને હું પાહાડ ઉપર બેસીને વાટ જોઉં છું. ઇરાનનાં પાદશાહ ઉપર આફ્રીન હોજો!"

બેહેરોજ વજીરનું નામું વાચવાથી બેહરામ ઘણો દલગીર થઇ આંખમાં આંસું લાવ્યો; પછી ગુસ્સામાં આવી જવાબ લખ્યો કે "મારી દાદ અને ઇનસાફ પ્રમાણેજ હું ચાલતે તેવારે તો ખજાનાની સાથે ફરશીદવર્દનેબી પાયમાલ કરી નાખતે. જોકે તેણે જે ખજાનો મેળવેલો છે તે ચોરી કરીને, ખુન કરીને, અથવા તેમ કરવાનો કોઇને માર્ગ બતલાવીને નથી એકઠો કીધેલો, તોપણ એટલું તો ખરૂ છે કે તેણે ખુદાનો ખોફ નહી રાખતાં એટલો બધો લોભ કીધેલો છે કે ખજાનાનો રખેવાલ થઇ રેહેવાની સાથે જેમ જેમ ખજાનો વધારતો જાય છે તેમ પોતાના દીલોજાનની તનદોરસ્તી ઘટારતો જાય છે. જંગલમાં નકામાં ગોશપંદો રાખી તેનો લાભ નહી લે તો વરૂને રાખવા સરખું છે, અને જમીનમાં ઝવેરાત દાબી મેળી તેનો ઉપયોગ નહી કરે તો પથરા દાટવા સરખું છે. ત્રણ પાંચ દીવસની દુનીયા ઉપર દીલ બાંધી આવી રીતે રંજ ભોગવી ખજાનો મેળવેલો છે તેથી મારા ખજાનાને આશરો આપવાને હું પસંદ કરતો નથી, કારણ કે ફરેદુન, એરચ, તુર, સેલમ, કાઉસ અને કેકોબાદ વગેરે ગુજરી ગયા છે. તેઓમાં જે નેકી કરી ગયા તેઓની નેકી અને બદી કરી ગયા તેઓની બદી રહી ગયલી છે. મારા બાપ પાસેબી દાદ ઇનસાફ નહી હતો, તેથી તેને નામે લોકનાં દીલ દુખ ભરેલાં હતાં. તે બાબે હું અભીમાની નથી કરતો, માટે ફરશીવર્દના બધા ખજાનામાંથી એક બાલ જેટલાનેબી હાથ લગાડયા વીના જે કોઈ ચુપકીદા ગરજાઉ લોક હોય તેઓને, તથા બેકાર બેઠેલાં બુઢાં માણસો હોય તેઓને, તથા જે લોકો પાસે પુંજી હતી તે ખવાઇ ગયાથી મુફલીસ હાલતમાં આવેલાં હોય તેઓને, તથા જે લોકો નામીચાં ખાનદાનવાળા ગરીબ અવસ્થામાં આવી ફસ્યા હોય તેઓને, તથા જે બાળકોનાં માબાપ મરણ પામેલાં હોવાથી

તેઓ પુંજી વીનાના થઇ ગયાં હોય તેવાં બાળકોને, તથા જે ઓરતો વીધવા હોવા છતાં કંઇબી ઉદ્યોગ કરી નહી જાણતી હોય તે ઓરતોને, ફ્રરશીદવર્દનો ખજાનો વેંહેંચી આપ; અને જમીનમાં રાખેલો જે ખજાનો હોય તેની તું દરકાર નહી રાખતાં દુરવેશોને આપી દે, કે જેથી તેઓ આરામ પામે; કાંયજે ફ્રરશીદવર્દને મન તો દાટેલા દીનાર અને મોતી તે દાટેલી ધુલ બરાબર છે. ફ્રરતો આસ્માન તારો (બેહરોજનો) મદદગાર હોજો અને તારો તમામ કારોબાર ઇનસાફ અને પવીત્રાઇ ભરેલો હોજો!"

ફ્રસલ ૫—પાદશાહી શીકારબાજી.

વાઘોનો શીકાર.

બહારની ફ્રસલમાં બેહરામ ગુરે બાગમાં તખ્ત ઉપર બીરાજી નામદારોને કહી સંભળાવ્યું કેઃ—"માણસોએ હમેશાં ખુશી સાથે રેહેવું જોઇયે છે. મરવા પછી દુખમામાં સાથે કંઇ લઇ જવાતું નથી. પાદશાહ હોય કે ફ્રકીર હોય, પણ પોતાની નેકી હોય તે કે બદી હોય તે સાથે લઇ જવાય છે. પાદશાહોએ તો પોતાનાં તાજો તખ્ત બીજાને આપી ચાલી જવું પડે છે. ઘણા દીવસ ખુશી સાથે ગુજારતાં હાલમાં મારી ઉમર ૬૮ વરસની થઇ છે. જ્યારે માણુસની ઉમર ૪૦ વરસની થાય છે, અને એક કાળો બાલ સફેદ થયલો નજર આવે છે, તેવારે મોતનો ગમ પેદા થવા માંડે છે. જ્યારે સઘળાજ બાલ બરફ જેવા સફેદ થઇ જાય છે તેવારે વળી પાદશાહી કરવાથી અશક્ત થવું પડે છે. શેકારબાજી અને અનજુમન મેળવવાનાં મારાં બે વરસ બાકી રહેલાં છે. કદાચ વખ્ત આવી પુગે તેવારે કાંમળી ઓઢીને સંતોષ ભરેલો યજદાનની આગળ જઇશ; તેની આગમજ બહારની રૂતુમાં હવા માતેદલ થાય તેવારે મેહરંગાનના પોશાક પેહેરીને દજલા અને ફ્રેરાત નદીની વચેના ટાપુનાં મેદાનમાં શીકાર કરવા નીકળી જઇશ."

જેવારે શેહેરેવર મહીનાનું વાદલ થવા લાગું તેટલામાં આસપાસથી લશ્કર બોલાવેલું હતું તે ઇરાનમાં આવી પુગું. તે મધેથી જેઓ શીકાર કરનારા હતા તેઓને ચુંટી કાહાડયા. તે ૩૦૦૦૦ સવાર હતા. તેઓને તથા જે કાંઈ અસ્બાબ જોઇયે તે અને શીકારી તમામ જાનવરોને લઇ મેદાનમાં તંબુ ડેરા મારી બીજે દીવસે બેહરામ વાઘનો શીકાર કરવા ઉનનાં ભીજવેલાં કપડાં પેહેરી નીકળ્યો અને વાઘને જોતાંજ તેણે ઘોડાને તેની ઉપર ઝોંકાવ્યો. વાઘે બંધે પંજા ઘોડાનાં માથાં ઉપર મારવાનો ઇરાદો કીધો, તેવામાં બેહરામે તલવારનો એક જખમ વાઘનાં માથાં ઉપર માર્યો અને તેને કમર સુધી કાપીને બે કુકડા કીધા. તે જોઇને તેની માદા વાઘણ હતી તે નાહાસી ગઇ, જેથી બીજા વાઘો ગભરાટમાં પડયા; પણ એક મોટો વાઘ સામે આવ્યો, જેની માદાની સાથે બચ્ચાંબી હતાં. તે મોટા વાઘની ગરદન ઉપર પાદશાહ બેહરામે ખંજર મારી ધડ ઉપરથી તેનું માથું છુટું પાડી નાખ્યું.

એક વજીરે કહ્યું કે "અરે પાદશાહ, તું તારા જાનની ઉપરબી દયા રાખતો નથી? આ જંગલ તો તમામ વાઘ વાઘણો અને બચ્ચાંથી ત્રણ ફ્રરસંગ સુધી ભરેલું છે. હાલમાં તો વાઘ મારવાથી સંભાળ રાખવો જોઇયે. અગર એક વરસ સુધી તું વાઘોને માર્યા કરશે તોબી એ જંગલ ખાલી નથી થવાનું. તું ગોરખરનો શીકાર કરનારો થઇને વાઘોની સાથે શા માટે લડાઇ કરે છે?"

બેહરામે જવાબ દીધો કે "આવતી કાલથી સરદારોની સાથે ગોરખરનો શીકાર કરીશું."

વજીરે દુઆ કરીને કહ્યું કે "તારા જેવો લડાયક સવાર કોઇ બીજા મલુકમાંબી હતે

તો રૂમ અને ચીનનું તાજ અને તખ્ત[1] તારા હાથમાં આવવા નહી દેતે, માટે અદેખાઇની આંખ તારા દબદબાનાં ઝલકાટથી વેગળી હોજો! અને તારી બેઠક ખુશી ભરેલા બાગમાં હોજો!"

પછી એક સરદારે ખાનું આપ્યું તે ખાધા પછી બેહરામ ગુર શરાબની જામ હાથમાં લઇને બોલ્યો કેઃ—"અરદેશર બાબેકાન પાદશાહ હતો તેના કરતાં હું નાધલો પાદશાહ છું, એમ બોલવું મને સજાવાર છે; માટે મજલસમાં, લડાઇમાં, અને સંધી જગા ઉપર તેને શાહનશાહને નામે ઓળખતા રેહેવું લાયક છે. સીકંદરે રૂમથી આવી ઇરાન તારાજ કીધું અને પાદશાહનાં ૩૬ કુટુંબીઓને કતલ કીધાં, જેથી તમામ દુનીયાના પાદશાહોએ તથા ખલકતે તેના ઉપર લેઆનત નાખી, જે મીસાલે કે ફરેદુનના ઉપર આફ્રીન કીધી હતી. માટે હું અરદેશરનાં ઉપર આફ્રીન કરીને હુકમ કરૂં છું કે તમામ લશ્કરમાં એવી રીતે ઢંઢેરો ફેરવવો કે શેહેરોમાં, પાહાડો ઉપર, અને ટાપુઓમાં હરકોઇનું ઝવેરાત, સુનું, રેશમી કપડ, અથવા હલકી ચીજ જે કોઇ અમીર અથવા નામદાર આડે હાથે લઇ મેળશે તે શખ્સને ઉંધે મોહોડે ઘોડા ઉપર બેસાડી તેના બંધે પગ બાંધી આજર ગોશસ્પની દરેમેહેરમાં મોકળી દીધામાં આવશે, કે જ્યાં આતશની આગળ ખાકમાં માથું નાખી સેતાયશ કરી ખોદાની બંદગી કરે; એ રીતે જેની જે ચીજ લઇ લીધેલી હશે તેની તેને પાછી અપાવીશ. અગર કોઇનો ઘોડો કોઇની ખેતીવાડીમાં કંઇ મેવા વગેરેનું નુકસાન કરશે તો તે શખ્સને એક વરસનાં કેદખાનાની સજા કરીશ."

એ ઢંઢેરાની ખુબીથી શેહેરોના અને ટાપુઓના સોદાગરો પાદશાહના લશ્કરની છાવણીમાં આવી વસવા લાગા.

ગોરખરના શીકારનો હુનર.

બીજે દીવસે બેહરામગુર ગોરખરનો શીકાર કરવા મેદાનમાં પડયો, અને પેહેલવાનોબી સાથે ચીલ્લા ચહડાવી તૈયાર થયા. બેહરામે તેઓને ચેતવણી આપી કે ગોરખરને એવી રીતે પુછડાં આગળથી તીર મારવા કે તેના સીનામાંથી પેકાન (તીરનો કાપલો) બાહેર નહી નીકળે (યાને તીર તેના બદનની ભીતરમાં ઢંકાઈ રેહે). એક પેહેલવાને જવાબ દીધો કે "નામદાર પાદશાહ, સઘળા લશ્કરમાંથી કોઇબી પેહેલવાન એવી રીતે તીર મારનારો મળી નથી આવવાનો. ખોદા તુને સલામત રાખે! એવી રીતે તો તું પોતેજ મારી શકે છે, જેથી તમામ પેહેલવાનોને શરમાવું પડે છે."

બેહરામે જવાબ દીધો કે "એ તો ખોદાની બક્ષેશથી છે. જેવારે તેઓ આવી રીતે મારી શકતે તેવારે બેહરામને બેહરામગુર કોણ કહી કહી શકતે?"

પછી બેહરામે ઘોડો મારી એક ગોરખરની નજદીક જઈ એવી રીતે પુછડાનાં થડમાં તીર માર્યો કે તે તેના બદનમાંજ ગુમ થઈ ગયો. કોઇને તે તીરનાં પેકાન અથવા પીછ નજર આવ્યાં નહી, તે જોઇ અચરત થઈ પેહેલવાનો અને લશ્કરી સરદારોએ સર ખાકમાં નાખી પાદશાહ ઉપર દુઆ કીધી, અને બોલ્યા કે "ખરો ઘોડાની સવારી કરનાર તો તું પોતેજ છે. હમો સઘળા હુનર વીનાના, ગધેડા ઉપર બેઠા કરતાંબી વધારે શરમીંદા છૈયે."

બેહરામે જવાબ દીધો કે "એ કામ મારા તીરે નથી કીધું, મગર ખોદાતાલાએ મારે હાથે કરાવેલું છે."

પછી તે જગા ઉપરથી ઘોડો મારીને બેહરામે એક બીજા ગોરખર તરફ જાઇ તલવારથી તેના બે ભાગ એવા તો સરખા કીધા કે વજન કરતાં એકે ભાગ વધતો કે ઓછો નહી થયો. તે જોઇ સરદારોએ દુઆ કરી

---

૧ અહીં શાયરની અતિશયોક્તિ જણાય છે. બેહરામ ગૂરે રૂમ અને ચીન જીત્યાં ન હતાં, તેમજ ત્યાંના પાદશાહોને ઇરાનને ખંડણી આપતા કીધા હોય એવુંબી કંઈ નથી. હજુ સુધી ચીનના ખાકાન અને રૂમના કએસર સાથ બેહરામને લડાઈમાં ઉતરેલો ફિર્દુસીએ જાહેર પણ કીધો નથી.

કહ્યું કેઃ—"દુનીયાના તમામ પેહેલવાનો તારી ફતેહમંદ તલવારના હાથ નીચે છે."

પછી સઘળા સરદારો ગોરખરના શીકાર પુઠે મંડી ગયા, તે જોઇને બેહરામગુરે સુનાની બાલીઓ ઘડાવી તે ઉપર પોતાનું નામ કોતરાવી ૩૦૦ ગોરખરના કાનમાં નાખી, અને દરેક ગોરખરને ૩૦૦ ના આંકડા સુધીના ડામો દેવાડયા. પછી સઘળાને છોડી મેલ્યા અને હુકમ કીધો કે "હવેથી કોઈ ગોરખરનો શીકાર એ જંગલમાં કરે નહી અથવા પકડીને વેચે નહી."

ગરીબોની દાદને લગતો ઢંઢેરો.

પછી ટાપુઓના અને દેશદેશના સરદારો હદીયો અથવા નજરાણું લઇ આવેલા હતા, તે કબુલ કરી પાદશાહે કામદારોને હુકમ કીધો કે "હવે પછી કોઇ સરદારો પાસેથી સલામી લેવી નહી." આથી સરદારો બખ્તાવર અને દુરવેશો તવંગર થઇ ગયા. પછી શીકારઘામાંથી બેહરામે શેહેરમાં આવી મેદાનમાં તંબુ નાખી મુકામ કરી જાહેર કીધું કે "અએ બુરા માણુસોથી દુખ ભોગવેલાઓ! તમારી ઉપર ખોદાની કૃપા હોજો! કોઇના ઉપર હમારી (પાદશાહની) તરફથી કંઇ દુખ પડયું હોય, જેથી રાતના સુતાં તમોને નીંદ નહી આવેલી હોય, અને મારા ઇનસાફનો લાભ તમોને નહી મળ્યો હોય, તો હમારી હજુરમાં આવી દાદ માગશો તો તમોને મલશે. અગર કોઇ બુઢા અશકત હોય, અગર જુવાન બીમાર હોય, અગર કરજદાર હોય, અને માગનારના તાપથી કંટાલી બીમારી ભોગવતા હોય, અગર બાપ વીનાના બાળકો હોય અને તેઓની માતા તંગીની હાલતમાં હોવા છતાં પોતાની નાદારી છુપાવી રાખતી હોય, અગર કોઈ તવંગર મરણ પામેલો હોય અને તેનાં નાધલાં બાળકો હોય અને તેનું કામ ચલાવનાર પુંજી દબાવી બેઠો હોય;—અને તે છતાં એવી એવી વાતોને છુપાવી રાખવાથી તેઓને દાદ નહી મળે તો તે વાતનો સખુન મારે (પાદશાહને) સર નથી. હું તો બુરી દીનવાળાને દીનમાં લાવનાર અને દુરવેશોને તવંગર કરનાર છું. કોઇ પાસે દીરમ નહી હોય, જેથી તે દલગીરી ભોગવતો હોય, અને તે જો પોતાનો અહેવાલ જાહેર કરે તો તેનું કરજ ખજાનામાંથી અદા કરૂં છું. અગર બાપ વગર બાળકોની નાચારીના સબબથી કામદારો પાસેથી કાંઇ ચીજ માંગવામાં આવી હોય અને કામદારોએ નહી આપેલી માલુમ પડે તો તેવા બેદાદ કામદારને જીવતો સુલી ઉપર લટકાવું છું."

એ પ્રમાણે જાહેર કરીને બેહરામ બગદાદ ગયો. બે હફતા સુધી એશઆરામ કરીને પછી આદર બુર્જીનની દરેમેહેરને શીનગાર આપી અસ્તખરમાં જઈ તખ્તનશીન થયો, અને આજર ખુરદાદની દરેમેહેર ખોલી પોતાની ઓરતોને ખજાનો બક્ષ્યો. પછી વજીર બેહરોજને ખફા થઇ હુકમ કીધો કે "રૂમ અને ખજરની સલામીનો દ્રવ્ય મેહલના લોકો (ઓરતો) ને હું આપતો હતો તે તેઓને નહી મળ્યો હોય તો રએ અને ઇસ્ફાનનો ખજાનો છે તે મધેથી તેઓને આપે, અને સલામી લેતી બંધ કીધી છે તે નવેસરથી પાછી લેતી કરે."

આ પછી પાદશાહે કેટલીક મુદત સુધી લડાઇ કીધાવીના એશઆરામમાં દીવસ ગુજાર્યા.

ફસલ ૬—ખાકાને ચીન સાથ લડાઇ.

બેહરામની ભેદ ભરેલી કુચ.

હીંદુસ્તાન, રૂમ, તુર્કસ્તાન, અને ચીનના મુલકોના પાદશાહોને એવી ખબર મળી કે બેહરામ ગુર એશ આરામ અને શીકારબાજીમાં ગુંતેલો રેહેછે જેથી મુલકનો અંધેર કારોબાર ચાલે છે. આથી ખાકાને ચીન અને ખોતનથી લશ્કર એકઠું કરી ઈરાન ઉપર

ચહડી આવ્યો. બીજી તરફથી કયસર રૂમથી લશ્કર લાવ્યો.[1] એ વાતની ખબર મળવાથી ઇરાનના સરદારો બેહેરામ ગુરની આગળ આવી ગુસ્સાથી કેહેવા લાગા કે "તારૂં દીલતો મજલસ અને રમતમાં લાગેલું છે અને ઈરાનની પાદશાહી, લશ્કર અને ખજાનાની નેધેબાની રાખતાં તો તારી આંખમાં કાંટા ખુંચેલા છે!"

બેહરામ ગુરે જે મોબેદો આ મુજબની રેહેનુમાઇ કરવા આવેલા હતા તેઓને જવાબ દીધો કે "ખોદાની મદદ અને મારાં એકબાલની બરકતથી દુશ્મનોની ચુંગાલમાંથી ઇરાનની નેધેબાની કરૂં છું, અને લશ્કર, ખજાના અને તલવારના જોરથી દુશ્મનોને પાછા હટાવુંછું; માટે તમે બેફકર રેહો."

એવું કહીને પાછો એશઆરામમાં બેહરામ મશગુલ થયો, તેથી સરદારોની આખમાં ખુન આવી ગયું. તેઓ બોલવા લાગા કે "એ પાદશાહ પરહેજગારોનાં દીલને ખફા કરવાનો છે." પણ બેહરામ ગુર તો છુપો લશ્કરની કારસાજી કરવામાં હુશીયારી રાખતો હતો.

જેવારે ખાકાન ઇરાનમાં આવી પોંહોંચ્યો તેવારે બેહરામે ગુસ્તહમ જે શુરો પેહેલવાન વજીર હતો તેની સાથે ગોઠવણ કરી, મેહર પીરોજ બેહેજાદને, મેહર બુર્જીન ખુરદાદને, બેહરામ પીરોજ બેહેરામ્યાનને, ખજરવાન તે ગીલાનના પાદશાહને, અને રહામ તે રએના પાદશાહને, રાદ બુર્જીન તે જાબુલસ્તાનના પાદશાહને, તથા સરદારો કારન, બરજો મેહેર અને દાદ બુર્જીનને બોલાવી ૧૦૦૦૦૦) લશ્કરને લડવાને માટે તૈયાર કીધું, અને તે પોતાના ભાઈ નરસીને સોંપી આપી બેહરામ ગુર ૧૨૦૦૦ સવાર સાથે અસ્તેખર છોડી આજર આબાદગાન ખાતે જતો રહ્યો. તે પોતાની સાથે ઘણું લશ્કર નહી લઇ ગયો તેથી સર્વેને એવો વેહેમ આવ્યો કે તે નાહાસી ગયો હતો.

તેટલામાં તો ખાકાનનો એલચી આવી લાગો, જેને નરસીએ માન આપી રાખ્યો. મોબેદાન મોબેદ (વડા વજીર) પાસે લશ્કરી સરદારોએ આવી એવો ઠરાવ જાહેર કીધો કે પાદશાહની ગેરહાજરી બાબે ખાકાનની નજદીક એક એલચીને મોકલીયે કે હરેક રીતે ઇરાનનો બચાવ થાય. પણ નરસીને એ વાત ગમી નહી, તેથી તે બોલ્યો કે "એ વાત કદી બને નહી. આપણા મલુક, લશ્કર અને ખજાના છતાં બેહરામ ગુર જતો રહ્યો, માટે નાઉમેદ થઇને ખાકાન પાસે માફી માંગવાનો તમે બદ ખ્યાલ કરશો તો બદી પામશો."

ઇરાની સરદારોનું ભુલ ભરેલું પગલું.

આથી સરદારોએ દલગીર થઈને વાંધા ભરેલો જવાબ દીધો કે "બેહરામ સાથે લશ્કર વધારે નથી તેથી અમોને ફીકર કરવી પડેછે કે ખાકાન આવીને લડાઈ કરશે તેવારે આપણી રોનક નહી રેહેશે; લશ્કરને અને તું નરસીને નાહાસી જવું પડશે; અને તે ઇરાનને પાયમાલ કરશે." એવું કહીને હોમાય નામના એક સરદારને નામુ લખી આપી તેઓએ ખાકાનની છાવણીમાં મોકલ્યો. તેમા લખ્યું કે "હમો ઇરાનીઓ તારા હુકમને શરણ થયા છઇયે; કાંયજે તારી સાથે લડવાની હમારામાં તાકાત રહેલી નથી; અમો ઇરાનની ખંડણી આપવાને કબુલ છઇયે."

હોમાય એલચીએ ખાકાનને આ નામુ પોંહોંચાડવાથી તે ખુશી થયો અને પોતાના સરદારોને કહ્યું કે "લડાઈ કીધા વગર ઇરાન આપણા હાથમાં આવ્યું છે." પછી હોમાયને

૧ ખાકાને ચીન સાથ લડાઈ જાગે તે આગમજ બેહરામ ગૂરને રૂમીઓ સાથ લડાઈમાં ઉતરવું પડયું હતું. તેના બાપે જે થિયોડોશ્યસ નામના રૂમી શાહજાદાને પાળ્યો હતો તે આ વખ્તે શેહનશાહ થયો હતો અને તેનીજ જોડે બેહરામને લડાઈ ચાલી. રૂમીઓએ આર્મીન્યામાં અને ઈરાનીઓએ મેસોપોટેમ્યામાં ખરાબી ચલાવી. અંતે લડાઇનું શેવટ બે ચુનંદા સરદારોની લડાઈથી લાવવાનું ઠર્યું, જેમાં ઈરાની સરદાર હાર્યો અને બેહરામને સુલેહ કરવાની ફરજ પડી હતી. આ લડાઈ વિશે આપણો શાયર કશું જણાવી જતો નથી.

ઘણું એક ઇનામ આપી જવાબ લખી આપ્યો કે "તમારાં લખેલાં નામાની શરત મુજબ ચાલવાને અમો કબુલ છીયે; મગર મર્વ શેહેરમાં આવીને મુકામ કરીશું તેથી કોઈને દુખ નહી પોંહોંચશે, અને તમારી તરફથી હદીયો (ખંડણી) આવે તે લઇને રવાના થઇશું." હોમાયે ઈરાની સરદારોને પાછો આવીને સંદેશો પોંહોંચાડયો, અને ખાકાન મર્વમાં આવી મુકામ કરીને એશઆરામ સાથે હદીયો આવે તે લઇને જવાની વાત જોતો બેઠો. આ વાતની ખબર બેહરામ ગુરને થઇ કે ખાકાન મર્વમાં લશ્કર સાથે રહીને ઇરાનનો હદીયો લેવાને ખોટી છે.

પાદશાહની મોટી ફતેહ.

બેહરામગુર આજર ગુશસ્પથી (આજર આબાદગાનથી) લશ્કર સાથે જેમ પાહાડ ઉપરથી પાણી દોડી આવે તેમ રાતદીન દોડાદોડ કરી અર્દબીલ (હમદાન)ને માર્ગે આમલમાં આવી ત્યાંથી ગોરગાનમાં થઈ નીસા શેહેર પસાર કરી મર્વમાં દાખલ થયો. તેને ખાકાનની તરફની ખબર કાહાડતાં એવું માલુમ પડયું કે તે તો કશ્મીહન નામે ગામ તરફ શીકાર કરવા ગયો છે. આ વાત સાંભળી બેહરામગુરે એક દીવસ થાક ખાઈ બીજે દીવસે કશ્મીહનમાં જાઈ લડાઇના આવાજ જાહેર કીધા, અને એકદમ ખાકાનનાં લશ્કરમાં એવી તો કતલ ચલાવી કે ખાકાનના ૩૦૦ સરદારો કેદ પકડાયા, જેમને ઘોડાઓ ઉપર બાંધી લીધા. ગીલાનનો પાદશાહ ખરજવાનને હાથે કેદ પકડાયો. કશ્મીહનથી બેહરામ મર્વમાં પાછો આવ્યો ત્યારે તેનાં લશ્કરના ઘોડા થાકીને કમર વીનાના થઈ ગયા હતા, તોપણ મર્વમાં ખાકાનના જે લશ્કરીઓ હતા તેઓને કતલ કીધા, અને જેઓ નાહાસી ગયા તેઓની પુઠે ૩૦ ફરસંગ સુધી કારનની ફોજની કુમકથી બેહરામગુરે દોડ કરી, અને પછી મર્વમાં પાછો આવી આસાયશ પામ્યો.

બેહરામે હવે ખાકાનના મુલક બોખારા ઉપર લડાઇ કરવાનો વીચાર કરી આમુ યાને જીહુન નદી ઉપર એક દીવસ અને રાત ગુજારી, અને બીજે દીને હમામખાનામાં પોતાનું દીલ સાફ કરી દરીયાઈ મુર્ગોનો શીકાર કરવાને બહાને તુરકીનાં તમામ લશ્કર ઉપર કતલ ચલાવી શેહેરમાં આગ લગાડી મેળી, જેથી તુરકી અમીરો તથા બુઢા બુજોર્ગોએ બેહરામની આગળ આવી આજેજીથી અરજ કીધી કે—"ખાકાનને તો તુંએ કેદ પકડેલો છે ત્યારે અમો નીરપરાધીઓના ઉપર કતલ ચલાવવી તુંને લાયક નથી. અગર હમારી પાસેથી ખંડણી માંગેછે તો હમો તારે શરણે આવી તે આપવાને હાજર છીયે."

બેહરામગુરને તેઓ ઉપર દયા આવવાથી કતલથી હાથ ઉઠાવ્યો; ત્યારે તેના સરદારોએ ખંડણી લેવાનો બંદોબસ્ત કીધો અને ઇરાનની હદ જીહુન નદીથી અને પથર તથા ચુણાના મીલબાન બાંધી નકી કીધી, અને લશ્કરમાં એક શોહોરે નામનો અકલમંદ શખ્સ હતો તેને તુરાનનો પાદશાહ ઠેરવ્યો, જેથી તુરાનીઓ ખુશી થયા.

ફરી બેઠેલા સરદારોની માફી.

તુરકીની લડાઇથી ફારેગ થઇને બેહરામગુરે પોતાના ભાઇ નરસી તથા ઈરાની સરદારો જોગ એક નામું મોકલ્યું તેમાં લખ્યું કે "જેઓએ તુરકી સાથની મારી લડાઇ નહી જોઇ હોય તેઓએ આ નામાંથી વાકેફ થવું. મારૂં લશ્કર આસ્માનની મીસાલે ફરી વળ્યાથી તમામ જમીન લોહીના સમુદ્રની મીસાલની થઇ ગઇ હતી. લડાઇમાં ખાકાન કેદ પકડાયલો છે, તેને ઉંટ ઉપર બંધાવો કરીને લાવું છું. દુશ્મને ખંડણી આપવાને કબુલ કીધું છે. જે તુરાનીઓ શત્રુ હતા તે સઘળા તાબે થયા છે. હું પાછળથી લશ્કરની સાથે આવી પોંહોચ્યું છું."

શાહાનસવારે નામું નરસીને પોંહોંચાડયું તે વાંચીને તે ખુશી થયો, અને મોબેદાન મોબેદ (વડો વજીર) તથા સરદારો નરસીની આગળ આવ્યા તથા શાદીનાં નગારાં વજડાવ્યાં. આ રીતે મામલો ફરી ગયલો જોઇને પેલા

૧૩૦ પેહેલવાનો જેઓએ ખાકાન ઉપર ઇરાનની ખંડણી આપીને સુલેહ કરવા સારૂં કાગજ લખી મોકલેલું હતું, તેઓ પશેમાન થઇને નરસીની આગળ આવી કેહેવા લાગા કે "હારેમને બદ વીચારથી હમોને તમારા નેક વીચારની વીરૂધ એવો તો ઉલટો માર્ગ બતલાવ્યો કે થોડાં લશ્કરથી પાદશાહ ફતેહ પામનાર નથી, એમ સમજીને અમે ખાકાનની સાથે સુલેહના કોલકરાર કીધા હતા, પણ પાદશાહ તો ફતેહ પામ્યો છે તેથી અમે ગભરાટમાં પડેલા છીયે, માટે તમે પાદશાહનાં નામાનો જવાબ લખો તેમાં આ વાતની હમારેથી ભુલ થયલી છે તેને વીષે પાદશાહ દરગુજર કરે તેમ લખજો."

નરસીએ તેમ લખવાને કબુલ કરી પાદશાહના નામાનો જવાબ લખી મોકલ્યો, તેમાં લખ્યું કે "ઇરાની સરદારોએ ખાકાન સાથે કોલકરાર કીધા તે માત્ર તમારી ગેરહાજરીને લીધે નાઉમેદ થઇ પોતાનાં બચાંબાલાંના તથા જાન માલના બચાવને અર્થે કીધા હતા, તમારી સાથે દુશ્મની કરીને કીનો લેવાને અર્થે નહી કીધેલા હતા. જો તેમ હતે તો તમારી પાદશાહી કોઇ બીજાને આપવાના કોલકરાર કરતે; માટે પાદશાહે તેઓને માફી બક્ષવી જોઇયે; કારણ કે તેઓએ તેમ કરવાને મને ભલામણ કીધી છે."

આ નામું બરજો મેહર નામના મોબેદે લઇ જઈ બેહરામ ગુરને પોંહોંચાડવાની સાથે સઘળી હકીકત કહી સમજાવી, જેથી પાદશાહનો ગુસ્સો ઇરાનીઓ ઉપરથી નરમ પડી ગયો. ત્યાંથી બેહરામ આજર આબાદગાનમાં પાછો આવ્યો ત્યારે ચંગાન, હેતલ, બલ્ખ, બુખારા અને ગરજસ્તાન એ સઘળાં શેહેરોના મોબેદો બાજ બરસમ સાથે નીયાયશ કરવા આજર ગુશસ્પની દરે મેહરમાં આવ્યા તેઓ દર સાલના મામુલ મુજબ આજર ગુશસ્પનો, નોરોજનો, અને જશને સદેહ (રોજ ૨૬ મો માહ ૧૦ મો) નો હદીયો લાવેલા તે ગુજારી, આતશની નીયાયશ કરી, બધે હાથે ખુદા પાસે દુઆ માંગી. તેઓને બેહરામ ગુરે ઇનામ આપી વીદાય કીધા, અને પછી અસ્તખરમાં આવ્યો, અને ૧૧૬૦ ગાયના ચામડાં ભરીને કેયાની શીક્કાના દીનાર દીરહમ[1] જે હાથીઓ ઉપર લાધીને લાવ્યો હતો, તે ખુશબુદાર ચામડા બીછાવી તે ઉપર નાંખ્યા, અને તે ખજાના મધેથી માર્ગોમાં જે પુલો વેરાન થઇ ગયલા હતા તેમની મરામત કરવા અને ધર્મશાળા બાંધવાના ખર્ચમાં વાપર્યા, તથા મુફલેસોને, નેક મર્દોને, મા બાપ વગરનાં બાળકોને, વીધવાઓને અને નાતવાન પીર મર્દોને, સારા ખાનદાની પણ નબલી હાલતમાં આવી ફસેલાઓને, અને દુર દેશોથી આવેલા લાચાર લોકોને બાકીનો બધો ખજાનો બક્ષી દીધો. વળી લુટનો જે માલ હતો તે સઘળો લશ્કરી લોકોને વેંહેંચી આપ્યો, અને ખાકાનનું તાજ લાવેલા હતા તે ઉપર જેટલું ઝવેરાત લગાડેલું હતું તે આતશનાં તખ્ત ઉપર લગાડી તેને રોનકદાર કીધું.[2]

---

૧ કેયાની સિક્કાના દીનાર–દેરહમ. આપણા શાયરની આ સખુનો ઉપરથી એક અસલી વાતની ખબરદારી માલુમ પડે છે, અને તે એ કે કેયાની પાદશાહોના જમાનામાં પણ સિક્કાઓનું ચલણ હતું. ફિર્દુસી જેઓને કેયાની કહે છે તે આ ઠેકાણે આપણે હખામની પાદશાહો સમજવા, કે જેમના વખ્તમાં સિક્કાઓનું ચલણ હતું. હખામની ટોળાના મોટા પાદશાહ દારાયસ હિસ્તાસ્પીસે એવા સોનાના સિક્કા પડાવેલા આજે મળી આવ્યા છે, જેમને યુનાની લખનારાઓ "દારિક"ને નામે ઓળખાવી ગયા છે. આ "દારિક" (એટલે દારા પાદશાહનો સિક્કો) ઉપરથી 'દેરહમ' શબ્દ નિકળ્યો છે, કે જે ઇરાનના સાસાની જમાનાના એક સિક્કાનું નામ છે.

સાસાની પાદશાહ બેહરામ ગૂરના જમાના સુધી તે પુરાણા જમાનાના દારિક ("કેયાની સિક્કા") ૧૧૬૦ ગાયનાં ચામડાં ભરાય એટલા હૈયાત રહેવા પામે એ એક અચંબો ગણાય. એ માત્ર શાયરીની એક લક્ષણ છે.

૨ સાસાની પાદશાહ આતશની દરેમેહેરો અને મકાનો ઉપર કેટલી બધી આસ્થા રાખતા હતા તે છેક અર્દેશીર બાબેકાનના વખ્તથી આપણ વાંચતા આવ્યા છિયે, કે જેણે એવાં સંખ્યાબંધ

ત્યાંથી એટલે અસ્તેખરથી બેહરામગુર પાયતખ્ત મદાઇનમાં આવ્યો, જેને સામણે લેવા નરસી અને તમામ ઇરાની સરદારો આવેલા હતા. નરસીને (પોતાના ભાઇને) હાથ પકડી બેસવાનો હુકમ કીધો. પછી એક જશન કરી તમામ મલુકોના સરદારોને સીરપાવ આપ્યા અને બંદીખાણામાંથી બંધવાઓને છોડી મેલ્યા. એ રીતે શરાબબાજી અને ખુશી ખુરમીમાં કેટલાક દીવસો ગુજાર્યા.

સરદારો ઉપર નસીહત ભરેલાં નામાં.

બેહરામે હવે પોતાના જુદાજુદા પ્રાંતોના સરદારો ઉપર નામાં લખી મોકલ્યાં, તેમાં લખ્યું કે "દાનાઓની મશવરતથી હું નેકી પામ્યો છું, માટે તમારેબી નેક માર્ગે ચાલવું જોઇયે. મારા કામદારો અથવા લડાઇના સરદારોના જુલમથી કોઈ ફરીયાદ કરશે તો તેઓનો ગુનાહ સાબેત થવાથી તેઓને સુલીપર ચહડાવવામાં, ગરદન મરાવવામાં, અથવા કુવામાં કેદ કરાવવામાં આવશે. માટે કોઇને દુખ નહી દેતાં સર્વને ખુશી સાથે રાખજો; કારણ કે દુનીયામાં હમેશાં કોઈ રહેલું નથી. રાસ્તીને માર્ગે ચાલવાના ફાયદાનો હું તમોને એક દાખલો બતલાવું છું. તે એ જે ખાકાનનાં કેટલાંએક લશ્કરે મને શીકસ્ત આપવાનો ઠરાવ કીધાથી હું થોડું લશ્કર લઇ અત્રેથી નીકળી ગયો; પણ ખોદાની મદદથી ખાકાન મારે હાથે કેદ પકડાયો અને તુરકીઓ ઉંધા પડયા, તે સઘળું નેકીની મદદથી થયું છે. વાસ્તે હમેશાં મારા વીચાર નેકી ભરેલા રાખવાને હું ખુદાથી દુઆ માંગું છું. "સાત વરસો સુધી હાલ લેવાતી ખંડણી મેહરબાની દાખલ બંધ કરવાને મુલુકોના સરદારો ઉપર નામાં લખી મોકળું છું, તેમાં લખું છું કે શેહરોમાં જે દુરવેશો હોય તેઓના, ખાનદાનવાળા લાચાર હોય તેઓનાં, અને કરજ આપવાને જે લોકો અશક્ત હોય તેઓનાં દીવાનીના કામદારો ઉપર નામ લખી મોકલવાં, કે જેથી મારા ખજાનામાંથી તેઓની હાજત પુરી પાડવામાં આવે. એજ દીન અને રીત પ્રમાણે ચાલવા ઉપર મારૂં દીલ ઓસ્તવાર રેહે તે બાબે તમો ખુદા પાસે દુઆ માંગતા રેહેજો, અને ગરીબો ઉપર મેહેરબાની રાખીને આ મારા વચન ખુશી સાથે પાળતા રેહેજો; અને બદીની જડ ઉખાડી નાખવાની સાથે જુલમનાં કામથી બંધે હાથ ઉઠાવી દાદ ઇનસાફનાં કામમાં રોકેલા રાખી યજદાંની બંદગી કરતા રેહેજો."

એ પ્રમાણે લખેલાં નામાં દરેક શેહેરના સરદારને પોંહોંચવાથી ખુશી થઇ તે દરેકે પાદશાહના હકમાં દુઆ માંગી અને દરેક શેહેરના નાઘલા મોટા તમામ લોકો ઓરતો અને બચાં બાલાં સાથે મેદાનમા ખુશાલીનું જશન કરવાને નીકળી પડયાં. તેઓ ત્યાં અરધો દીવસ સુધી ખાનાં પીનાં અને રામશગરો સાથે ખુશીમાં ગુજારતા, અને અરધો દીવસ પોતાનું કામકાજ કરવામાં ગુજારતા. દરરોજ બામદાદે એવો ઢંઢેરો પુકારવાને હુકમ થતો કે "જેની પાસે દીરમ હોય તે ગરીબનેબી આપે અને પોતેબી ખર્ચીને ખાય, જેની પાસે નહી હોય તે દરરોજ પાદશાહના ખજાનામાંથી દરેક માણસે પાંચ દીરહમ લેખે લઇ જઇને મોજ ભોગવે." આ રીતે તમામ દુનીયાનાં લોકો શાદી રામશનીમાં શરાબબાજીથી મગન થઇ ગયા અને પાદશાહને દુઆ માંગવા લાગા.

રૂમી એલચીની પરીક્ષા.

આવી રીતની ખુશબખ્તી જોઇને પાદશાહે ખોદાના શુકરાના કીધા, અને પોતાના ભાઈ નરસીને સરપાવ આપીને ખુરાસાનની હકુમત ઉપર મોકળ્યો. તેને એક અઠવાડીયું નહી થયું તેટલામાં બેહરામ ગુરના હુકમથી

મકાનો બંધાવ્યાં હતાં. આજરબાઇજાનમાં સર્વેથી વડાં આતશખાનાં હોવાં જોઇયે, કે જ્યાં પ્રથમ મજુસ અથવા મુબદ પંથનું મથક હતું. જે મિસાલે મધ્યકાળમાં યુરોપના રાજાઓ જેરૂસલમ અને રોમનાં દેવળોને માતબર બનાવવામાં સવાબ સમજતા હતા તેમ સાસાની જમાનામાં પાદશાહો આતશખાનાઓને દોલતમંદ બનાવતા હતા તેનો આ એક જાણવાજોગ દાખલો ફિર્દુસી આપે છે.

મોબેદાન મોબેદે કેટલાક દસ્તુરોને લઇ હાજર થવાથી પાદશાહે ફરમાવ્યું કે "ઘણા દીવસનો રૂમનો એલચી આવીને ખોટી થાય છે, તે કેવો છે? અકલમંદીમાં ઘણો વખણાયલો કેહેવાય છે, માટે તેની તપાસ કરો."

મોબેદાન મોબેદે જવાબ દીધો કે "અફ્લાતુન જેવા ઉસ્તાદનો તે ચેલો અને સારાં કુલનો તે પીરમર્દ છે; પણ શીકારી ચીતાની આગળ જેવાં બકરાં હોય તે મીસાલે એ ફીલસુફની આગળ આપણા સઘળા ફીલસુફો છે. એ શખ્સની સાથે તકરાર ચલાવવામાં આપણી તરફથી બરાબરી કરી શકે તેવું કોઇ નથી."

બેહરામે જવાબ દીધો કે "યજદાં મોરી મદદ કરશે. અગર આતશના દરીયામાંથી મારૂં લશ્કર પસાર થવા માંગે તો પવનની મીસાલે પાર પડી શકે. અગર રૂમનો કયસર સેલમ બીન ફરેદુનની મોટી બુનીયાદનો છે તો શું થયું? હું એલચીને બોલાવીને જે પુછું તેનો જો તે ઘટતો જવાબ દેશે તો તેને આબરૂ આપી રૂમ તરફ રવાના કરીશ; તેમ નહી થતાં કયસર લશ્કર લઇ લડવા નીકળશે તો મારે ઈરાનની બુજોર્ગી જાળવવા સારૂં તેની સામે લડાઇમાં ઉતરવું પડશે."

બીજે દીવસે બેહરામ ગુરે તખ્ત ઉપર બેસીને એલચીને બોલાવી પુછ્યું કે "તારે શું બોલવું છે?"

એલચીએ અદબ બજાવીને જવાબ દીધો કે "મારા પાદશાહે તુંને દુઆ કહેલી છે અને જે સવાલો પુછું તેના જવાબો તમારા મોબેદો પાસેથી લેવાને મને ફરમાવેલું છે. તે બરાબર મળશે તો તમારી તાબેદારીમાં રેહેવાને તે કબુલ થશે."

આ ઉપરથી બેહરામે મોબેદાન મોબેદને કેટલાએક દસ્તુરોની સાથે રૂમી એલચીના જવાબ આપવાને હાજર કીધા. પછી એલચીએ તેમને પુછ્યું કે—"હમેશાં 'ભીતર' એટલે શું અને 'બાહેર' એટલે શું? અને 'ઉપર' એટલે શું અને નીચે એટલે શું ચીજ છે? 'ફીનારા વગરનું' એટલે એને શું ચીજ

હમેશાં 'ખુવાર' એટલે શું છે? એક ચીજનાં ઘણાં નામ હોય અને તે સઘળી જગા ઉપર હુકમ ચલાવે તે ચીજ શું છે?"

આ છ સવાલોનો મોબેદે જવાબ દીધો કે—'ભીતર' એટલે 'હવા'; 'બાહેર' એટલે આસ્માન; ફીનારા વગરનું એટલે 'ખોદાતાલા', કે જે દુનીયાના ફીનારાથી તદન વેગળો (નીરાકાર) છે; અકલમંદોનેબી તેને જોવાની તાકાત નથી. 'ઉપર' એટલે 'બેહેસ્ત' છે; 'નીચે' એટલે 'દુજખ' છે; 'ઘણાં નામવાળો અને સઘળી જગા ઉપર હુકમ ચલાવનારો' તે અકલ છે; જેને એક શખ્સ દયાને નામે તો બીજો વફાને નામે, કવેશરો રાસ્તી (નીતીને) નામે તો દાનેશમંદો દાનાઇને નામે ઓળખે છે. આવાં ઘણાં નામો એકઠાં થઇને એક નામ પડેલું છે, જે અકલને નામે ઓળખાય છે. જ્યારે માણસોનાં મગજમાંથી અકલનું (રાસ્તીનું) કુવત જતું રેહેછે ત્યારે તેની જગા ઉપર અનીતી અથવા જુલમગારીનો સમાસ થાય છે. ભેદભરેલી છુપી વાતો જેને આંખ જોઈ શકતી નથી તેને અકલ પીછાણી શકે છે. બીજું તું પુછે છે કે 'ખોવાર' તે શું ચીજ છે? તેનો જવાબ એ જે બે તીર ફેંકે તેટલી દરાજી ઉપર અકલમંદ માણસનીબી નજર પોંહોંચતી નથી, પણ બુલંદ આસ્માન તો હજારો ફરસંગોની દરાજી ઉપર છે; તે ઉપર સીતારા કેટલા છે તેની ગણત્રી કરવાને અને તેઓની ચાલ કેવી અને કેટલી છે તે જોવાને માણસ તદન અશક્ત છે તેને 'ખોવાર' કરીને સમજવું. એ સીવાએ ભેદો ઘણાબી છે, પણ જે હું જાણું છું તે તારા જવાબમાં બતલાવ્યા છે."

રૂમી એલચીએ આ જવાબ સાંભળીને આફરીન કરી બેહરામને અરજ કીધી કે "તમામ દુનીયાની પાદશાહીની તુંને બુજર્ગી મળી છે, તેમ દુનીયામાં કોઇને મળી નહી શકે એવા દાનેશમંદ મોબેદો (વજીરો) બી તુંને મળી આવ્યા છે."

બેહરામ ગુરે ખુશી થઇને મોબેદાન મોબે-

દને અને એલચીને સરપાવ સાથે ઇનામ આપ્યાં.

બીજે દીવસે પાદશાહ તખ્ત ઉપર બીરાજ્યો ત્યાં મોબેદાન મોબેદ અને એલચીએ હાજર થઈ બંધેએ કેટલીક ગુફ્તેગો કીધા બાદ મોબેદાન મોબેદે એલચીને સવાલ કીધો કે "દુનીયામાં ઘણી નુકસાની ભરેલું કામ શું છે, કે જે કીધાથી ભારે અફસોસ કરવો પડે? અને ઘણા ફાયદા ભરેલું કામ શું છે, કે જે કીધાથી ખુશાલી પેદા થાય?"

રૂમીએ જવાબ દીધો કે "ઘણી નુકસાની ભરેલું તે નાદાન (મુર્ખ) માણસનું દીલ છે, અને ઘણા ફાયદા ભરેલું તે તો દાનેશમંદ માણસનું દીલ છે."

મોબેદ બોલ્યો કે "એ જવાબ તો માછલીને પાણીમાં મેળવાને બદલે સુકી જમીન ઉપર મેળવા સરખો છે (યાને બરાબર નથી), માટે સારી રીતે વીચાર કરીને જવાબ આપવો જોઇયે છે."

રૂમી બોલ્યો કે "એથી વધારે સારી રીત તું જાણતો હોય તો ખુલાસો કરી સમજાવ, કે જેથી તારી આબરૂનો વધારો થાય"

મોબેદે ખુલાસો કીધો કે "નેક પાદશાહનું મરવું તે ઘણી નુકસાની ભરેલું કામ છે (કે જેથી નેક કામો થતાં બંધ પડે છે), અને બદકાર પાદશાહનું મરવું તે ઘણું દુઃખદ ભરેલું કામ છે (કે જેથી તેનાં બદ કામોનો અંત આવે છે અને આલમને ફાયદો થાયછે")।

આ મોબેદનો ખુલાસો પસંદ કરી હસીને રૂમી બોલ્યો કે "દુનીયામાં જેવો તું નામદાર શાહનશાહ છે તેજ રીતે તારા મોબેદાન મોબેદ (વડો વજીર) તમામ મુલકોના દાનેશમંદોની ઉપર અકલની પાદશાહી ધરાવે છે, તે સબબથી રૂમના પાદશાહ પાસેથી ખંડણી લેવી તને સજાવાર છે."

પાદશાહે આ વાતથી ખુશી થઇને રૂમી એલચીને ભારે સરોપાવ સાથે મોહું ઇનામ આપી રવાના કીધો.

ફસલ ૭—ઇરાની પાદશાહ અને હીંદુ રાજાની હેકાયત.

ભલા પાદશાહના ભલા વચનો.

બેહરામ ગુરના ફરમાવ્યાથી મોબેદાન મોબેદ સઘળા સરદારોનું અનજુમન લઇને હાજર થયો, અને પછી તમામ મુલકોની હકુમતના સરપાવ સરદારો તથા પેહેલવાનોને ભારી ઇનામ સાથે આપ્યા, પણ જેઓ જુલમગાર હતા તેઓને કંઇજ નહી આપતાં બરતરફ કીધા. બેહરામ બોલ્યો કે "દુનીયામાં જુલમગાર અને નેકોકાર જે પાદશાહો થઇ ગયા છે તેઓની વાત હું યાદ રાખું છું. ઘણા પાદશાહો જુલમ અને લોભ કીધાથી પોતાના જીવને સુખ અને સંતોષ વગરનો રાખતા હતા, તે સાથે તેઓના હાથ ખજાનાથી ખાલી રેહેતા હતા; કાંયજે તેમાં બરકત નહી હતી. તેઓના બુરા વીચારથી દુનીયાનાં લોકોનાં અને નેક મર્દોનાં દીલ ભય ભરેલાં રેહેતાં હતાં. તે સઘળા બુરાં કામમાં હાથ લંબાવતાં કોઇબી નેક કામની કોશેશ નહી કરતા હતા. ખોદાના ખોફથી દીલ ઉઠાવીને જમીન ઉપર દેવનાં કામનો ફેલાવો કરતા હતા, પણ નેકી અથવા બદીનો બદલો તે પાદશાહોની ગરદન સાથે બંધાયલો છે. તેમજ મારો બાપ યજદેજર્દ જુલમગાર હતો; યજદાંપરસ્તીથી ઉલટે માર્ગે ચાલતો હતો. તેનું રોશન દીલ હતું તે ઝાંખું થઇ ગયું, તે બાબે તમે અચરત ના થતા. આપણે જાણીયે છીયે કે જમશીદ અને કેકાઉસ પાદશાહો કેવા નેક હતા! અને દેવોનો માર્ગ પકડવાથી તેઓને કેટલું દુઃખ ખમવું પડેલું હતું! તેજ મીસાલે મારા બાપેબી હારેમનનો માર્ગ સારો જાણીને અખ્તીયાર કીધો હતો કે જેથી તમામ ગરીબો દુઃખી હતા, અને ઘણા લોક તેના કઠણ સ્વભાવને લીધે કતલ થયા હતા. તેનાં મરણ પછી હજુ સુધી તેની બદનામી રહી

ગયલી છે. હવે પછીબી તેની પુઠે કોઇ સારા સખુનો વાપરવાનું નથી; તોપણ મારી તરફથી તેના જાન ઉપર આફ્રીન હોજો!

"હવે હું બાપનાં તખ્ત ઉપર બેઠેલો છું તેથી બેશક ખોદા તેને બેહસ્ત આપશે, કાંયજે હું ખોદાથી એવી ઉમેદ રાખું છું કે તે સાહેબ મને હેદાયત કરે તો ગરીબોની મદારત કરૂં કે જેવારે મરણ પામું તેવારે જેઓની ઉંપર જુલમ થયલો હોય તેઓ મારી દામાન નહી પકડે. માટે તમો સરદારો જુલમના દાગ દીલથી ધોઇ નાખીને રાસ્તીનો જામો પેહરજો, કારણકે જે કોઇબી માતાને પેટે જન્મ પામશે તે મર્યા વગર રેહેશે નહી. મોતનો પંજો કંઇ વાઘના જેવોજ નથી, કે તેમાંથી કોઇ છટકીબી જશે; મગર મોતનો પંજો તો વાઘનેબી કચડી નાખે છે, અને તેના ફાંદામાંથી અઝદાહથીબી નીકળી જવાતું નથી. પાદશાહો, પેહલવાનો, ખુબસુર્ત મર્દો અને ઓરતો સર્વે મરીને ખાકમાં મળી ગયાં છે અને મળી જવાનાં. ત્યારે તો બેહેતર એજ છે કે આપણે સઘળા પાકી અને નેકી કરવા સીવાયે જેહાનમાં બુરાં કામને હાથમાં નહી પકડીયે. જે યજદાંએ મારાં તાજો તખ્ત અને બુનીયાદને બુજોર્ગી આપેલી છે તેના સોગંદ દઇને તમોને કહું છું કે કોઇબી મારા કામદારે એક મુઠી ભરી ખાકની બરાબરબી જાહેરમાં કે છુપી રીતે કોઈનું નુકસાન કીધેલું હશે તો તેનાં તનને આતશમાં તો બાળી નહી નાખીશ પણ સુલીયે ચહડાવી દઇશ. અગર રાતને વખ્તે કોઇ દુરવેશની કાંમળી ચોર ચોરી લઇ જશે તો તેને બદલે રેશમનું કપડું તેને આપીશ. અગર કોઇનું એક બકરૂં ગોવાલાંમાંથી રાતને વખ્તે કોઇ ચોરી જશે તો તેને બદલે ભારી કીમતનો ઘોડો તેને આપીશ. અને તેમ કીધાથી મેં હેસાન કીધું છે, એમ નહી સમજીશ. અગર દુશ્મન સાથે લડાઇ કરતાં કોઇ સવાર જખમી થઇ પડશે તો તેને અથવા તેના ફરજંદોને સાલીયાનું બાંધીને ખજાનામાંથી દીરમ પોંહોંચતા કરી આપીશ. ખોદા હમેશાં નેકીને પસંદ કરનાર છે, માટે તમો સઘળા નેકી કરીને તે સાહેબના શુકરાના કરતા રેહેજો. જેઓ હેરબદ અને આતશ પરસ્ત[1] છે તેઓએ આતશ અને પાણીને ખરાબ કરવું નહી. ખેતીવાડીના બલદનેબી જબેહ કરવાનો દીનમાં ગુનાહ છે.[2] દાનેશમંદ મર્દોની સાથે મશવરત કરજો; બાપ વગરનાં બાળકોનાં દીલ દુખવતા માં; હારેમનના વીચારથી દુર રેહેજો; દુશ્મન સાથની લડાઇને વખ્તે એશઆરામ છોડી દેજો. ખોદાની અને તખ્તની શરમને લીધે હું ગરીબો પાસેથી ખંડણી લેતો નથી; મારા બાપ યઝદેજર્દે જુલમાત ભરેલાં બદ કામો કીધેલાં હતાં તેના બદલામાં હું દાદ અને ઇનસાફ ભરેલાં નેક કામો કરૂં છું, માટે તમો સઘળા તેનાં કીધેલાં કામથી રાજી થઇને તેનો છુટકારો કરવા સારૂં આતશની આગળ ખોદાની બંદગી કરજો, કે જેથી ખોદાતાલા તેનો ગુનાહ માફ કરીને દોજખમાંથી બેહસ્તમાં જવાનો માર્ગ બતલાવે.[3] બુઢાં માણ-

---

૧ જરતોસ્તી મજહબ પાળનારાઓ કંઈ આતશની પુંજા કરનારા નથી, પણ પાક ખોદાતાલાનીજ પરસ્તેશ કરનારા છે એમ આપણા શાયરે પોતેજ પોતાનાં શાહનામામાં એક ઠેકાણે લખીને પાદશાહ મોહમદ ગજનવીના જમાનાના ઇસ્લામીઓ જરતોસ્તીઓને માથે આતશપરસ્તીનો જે કલંક મુકતા હતા તેમાંથી તેમનો તારીફ લાયક બચાવ કીધેલો છે; અને તોપણ આ ઠેકાણે તેણે એજ શબ્દ વાપર્યો છે અને તે અથોરનાન ટોળાના લોકોનાજ સંબંધમાં વાપર્યો છે, એ નવાઈ જેવું છે. કદાચ તેણે એ શબ્દ "આતશની જાળવણી કરનાર"ના અર્થમાં વાપર્યો હશે.

૨ અહીં આપણા શાયરે વંદીદાદનાં ફરમાન પોતાના શબ્દોમાં ટુકમાં ટાંકયાં છે.

૩ જરતોસ્તી મજહબનું એક એવું ફરમાન આપણને સમજાવવામાં આવે છે કે ગુજરનારની ચાહમાં જેબી ભણતર ગણતર કારગાર લાગે તે ચેહારમની બામદાદ આગમજ થઈ ચુકવું જોઇયે; તે પછીનું સર્વે ફોકટ છે, કેમકે ઉપલી બામદાદે ગુજરનારની કરણી મુજબનો ભલો બુરો બદલો તેને મળી ચુકે છે, અને ત્યાર પછીનાં તેની નૈયતે થયલાં સવાબનાં કામો ઉપયોગી થઈ પડતાં નથી. પણ

સોએ શરાબની સેવા બજાવી મસ્ત થવું નહી જોઇયે. જો આપણે ખોદાની ખુશી મુજબ ચાલીયે તો આવતી કાલનો ગમ ખાવાની જરૂર નહી પડે; માટે અરે મારી રૈયતનાં લોકો! તમો મારેથી સુખી રેહેજો! અને મારા સરદારોનાં દીલમાંથી ગમ દુર હોજો!"

પાદશાહની આ સર્વે નસીહતો ધ્યાનમાં લઇને માજી પાદશાહ યજદેજર્દને વીષે આંખમાં આંસુ લાવીને ભેગા થયલા તમામ સરદારોએ આફ્રીન કીધી.

શંકલ જોગું નામું.

એક દાનેશમંદ વજીરે ઉઠી ઉભો થઇને બેહરામ ગુરને અરજ કીધી કે "હવે દુનીયામાંથી દુશ્મનોનો ખોફ દુર થઈ સર્વે તરાંહની આબાદી થઇ છે, મગર હીંદુસ્તાનનો શંકલ રાજા બરાબર રીતે ચાલતો નથી, તેના સબબથી હીંદુસ્તાનથી તે ચીનના ઝાંપા સુધીના મલુકો ચોર લોકોનાં દુઃખ ભોગવે છે. તેની બુરી અસર ઇરાન સુધી પોંહોંચે છે, માટે તે બાબેનું દુઃખ દુર કરવાની કોશેશ આપણે કરવી જોઇયે છે. તું પોતે શાહાનશાહ હોવા છતાં હીંદુ રાજા શા કારણથી ચીન અને સીંધના મુલુકોની ખંડણી લે છે? માટે નેક વીચારથી એ કામની તદબીર કરવી જોઇયે."

બેહરામ ગુરે જવાબ દીધો કે "એ કામની હું છુપી તદબીર એવી રીતે કરૂંછું કે હું એકલો એલચીના લેબાસથી જઇને તે રાજાનું લશ્કર કેટલું છે, રીતભાંત કેવી છે, અને રાજ કેમ ચાલે છે, તે સઘળું તપાસી જેઉં. માટે ઓ પાક દીનના મોબેદ! તું શંકલ રાજા ઉપર મારે નામે નરમ ગરમ શબ્દોમાં એક નામું લખ."

વજીરે નામુ લખ્યું તેમાં પેહલાં ખોદાની તારીફ લખી, પછીથી અકલની સીફતમાં લખ્યું કે "દુનીયામાં અકલ કરતાં બાલાતર બીજી ચીજ કોઈ નથી. જે કોઇ અકલનાં ગુણને સમજતો હોય તેનાથી બદ કામ કબુ નહી થવાનાં. અકલમંદ માણસને પીછાણવાની પેહલી નીશાની એ છે કે જે માણસ બધાં વરસ બદ કામથી ડર ખાઇને દુર રેહે, અને અકલની આંખથી તમામ જેહાનનો હેવાલ જોઇ શકે.

"હવે તું પોતાના દરજ્જાને સમજતો નથી તેવારે પોતાના જાનને લોહીમાં ડુબાવી મેળવા ઇચ્છે છે. અગર હું જમાનાનો પાદશાહ છું, પણ મારામાં ખુબી છે કે બદી છે તે છુપું નથી; મગર તું પાદશાહી કરે છે તે રાસ્તીની રીતે નથી કરતો. દરેક તરફથી જુલમ સાંભળવામાં આવે છે. વગર કારણે લડાઈ ઉપર ચહડવું એ પાદશાહોની રીત નથી, માટે તુંને આબી કારણ જણાવું છું કે કોઇએ અમોને જાહેર નહી કીધેલું હતું, કે તમારા નીયાગાનો અમારા નીયાગાનોની ફરમાંબરદારી કરતા હતા, અને હીંદુસ્તાનથી ખંડણી મોકળતા હતા. તે ખંડણી લાંબી મુદત થઈ મોકળાતી નથી; માટે આ વાતથી સાવચેતીમાં રેહેજે કે જેવારે ખાકાન લશ્કર લઇને ઇરાન ઉપર ચહડી આવ્યો, તેણે જેવું બદ કામ કીધું તેવું તેને ભોગવવું પડેલું છે, અને તે જે કાંઈ ખજાનો સાથે લાવેલો હતો તે સઘળો તારાજ કીધામાં આવેલો હતો, તેજ મીસાલની તારી ચાલ, રીતભાંત, દાવપેચ અને ધર્મ મારા જેવામાં આવેછે. મારી પાસે લડાઇનો સામાન, ખજાનો અને લશ્કરની એકદીલી જેવી જોઇયે તેવી છે. તારી મકદુર નહી કે મારાં લશ્કરની સામે ઉભો રહી શકે, કારણ કે હીંદુસ્તાનીઓને લશ્કરની ગોઠવણ કરતાં આવડતુંજ નથી. તોપણ તું પોતાનાં લશ્કરની કુવત ઉપર ગુમાન રાખતો

ફિર્દુસીના મજકુર વાકય મુજબ છેક બેહરામ ગૂર પાદશાહના જમાનાથી જરતોસ્તીઓમાં એવો એતેકાદ ચાલતો આવ્યો છે કે ગુજરનારની નૈયતે અમે ત્યારેબી બંદગી કરિયે તો તે તેની મદદગાર થઈ પડે છે અને ખોદાતાલા તેનો ગુનાહ માફ કરી તેને દોજખમાંથી બેહસ્તમાં જવાનો માર્ગ બતલાવે છે!

હોય તો ગોયા એક નદી દરીયાની બરાબરી કરવા ચાહે છે એમ તારે સમજવું. અને મેં એક દાનેશમંદ એલચીને હાલમાં તારી પાસે ખંડણી લેવા મોકલ્યો છે, તેને ખંડણી આપીને પાછો મોકળી દેજે; તેમ નહી કરે તો લડાઈ કરવાની તૈયારીમાં રેહેજે. જેઓને ખોદાતાલાએ અકલ અને સખાવતનું કુવત બક્ષેલું હોય તેઓની ઉપર આફરીન હોજો!"

આ નામું "યજદેજર્દનાં તખ્ત ઉપર ખોરદાદ મહીનો અને અરસીશંગ રોજને દીવસે બેહરામ ગુર બેઠો.[1] તેની તરફથી હીંદુસ્તાનના રાજા શંકલ, જેની હકુમત કનોજની નદીથી તે સીંધની જમીન સુધી છે તેની નજદીક" એવું સરનામું કરી, પાદશાહની મોહોર દાબીને મોકલ્યું, અને એલચી દાખલ બેહરામે પોતે તે લીધું, તથા કેટલાએક સરદારોને સાથે રાખ્યા. આ વાત લશ્કરમાંબી કોઈ જાણે નહી તેવી રીતે શીકાર જવાને બહાને એલચીનું નામ પોતાને આપીને બેહરામ પેલા સરદારોની સાથે હીંદુસ્તાનમાં શંકલ રાજાના મેહલ નજદીક જઈ પુગો, અને રાજાની પરવાનગી મેળવ્યાથી એવાનમાં દાખલ થયો.

શંકલ તખ્ત ઉપર બેઠેલો હતો, તેની પાસે તખ્તની આગળ તેનો ભાઇ બેઠેલો હતો, તથા તેનો દીકરો ઉભેલો હતો. બેહરામે કુર્નસ બજાવી. રાજાએ તેને સુનાની કુર્સી ઉપર બેસાડીને પોતાના સભાસદોને બોલાવ્યા, અને પછી બેહરામને બોલવાની રજા આપી, ત્યારે તે બોલ્યો કે "ઇરાનનો બેહરામ ગુર પાદશાહ, કે જેને તમામ મુલુકના પાદશાહો ખંડણી આપે છે, તેણે આ પેહલવી જુબાનમાં તારા ઉપર નામું લખી આપીને મને મોકલ્યો છે."

તે નામું રાજાને મુનશીએ વાંચી સંભળાવ્યાથી રાજા શંકલ ઘણોજ ગુસ્સામાં આવીને અચરત થયો.

હીંદુ રાજાની આપવડાઇ.

આ નામું બેહરામના હાથમાંથી લઇ શંકલે તેને જવાબ દીધો કે "જેમ તારો પાદશાહ પોતાની બુજોર્ગી લખી જણાવે છે તેમ તુંબી બોલવામાં જબાંદરાજી કરતો માલુમ પડે છે, માટે ધીરજ પકડીને સાંભળ. અગર તારા પાદશાહમાં અકલ હતે તો હીંદુસ્તાન પાસેથી ખંડણી નહી માંગતે. તેમ કરીને તે પોતાનાં લશ્કરને, ખજાનાને, અને મુલકને ખરાબ કરવા માંગે છે. જેમ ઓકાબની આગળ તમામ પક્ષી તાબેદારી કરે છે તેમ તમામ પાદશાહો મારી તાબેદારીમાં છે. જેમ દરીયા તુફાનથી જોશમાં આવે તેવારે તમામ ખાકને ધસડી નાખે તેમ હું ગુસ્સામાં આવું તો તમામ મુલુકોને કચડી નાખું. તારા પાદશાહનાં દીલમાં અકલ હતે તો અણુઘટતો દાવો કરી અકલમંદોને હાથે ખોવાર થવા નહી ચાહાતે. હમારા મુલુકોમાં એટલો તો ખજાનો ગારેલો છે કે જેને હમારા નીયાગાનોએબી હાથ નથી લગાડેલો. બીજો હમારાં લશકરનાં હથીયારોનો એટલો બધો ખજાનો છે કે તેના ખજાનાખાનાની કુંચીઓનો જથો હાથીએ વગર ઉઠાવી નહી શકાય. ફક્ત તલવારો અને બખ્તરોનો શુમાર કરું તો સીતારાની માફક ગણી નહી શકાય. મારા હાથી અને સીપાહી એટલા છે કે જમીન ઉપર નહી સમાય. મારી રૈયત હજારાં હજાર છે; મારૂં જવેરાત પાહાડની અને દરીયાની મીસાલે ભરપુર છે; તેજ પ્રમાણે અંબર, અગર, કસ્તુરી અને દર્દની દવાઓના બોજાથી તમામ શેહરો ભરપુર છે. મારી તાબેદારીમાં કમર બાંધેલા ૮૦ પાદશાહો તૈયાર છે. મારો તમામ મુલુક પાહાડ, દરીયા અને ખડકો દરમીયાન આવેલો છે, કે જેમાં દેવથીબી દાખલ થઇ શકાય નહી. એક તરફથી કનોજથી ઇરાન જમીન સુધી, અને બીજી તરફથી શીકલાબ અને ચીન સુધીના મુજોર્ગો મારે તાબે છે, અને હીંદુ—

[1] એ દિને યજદેજર્દ ૧ લો મરણ પામ્યો હતો એમ સમજવું નહિ, કેમકે તે વખતે તો બેહરામ ઇમન ખાતે હતો. એ દિને પાદશાહ ખુસરો કનેથી બેહરામે તખ્ત મેળવેલું હોવું જોઇયે.

સ્તાન, ચીન, અને ખોતનમાં મારે નામની ચોકી પોકારે છે. ચીનના ફગપુરની દીકરી મારી ઓરત છે, જેને પેટે વાઘના જેવો એક દીકરો જન્મેલો છે. કેકાઉસે કેકોબાદના વખ્તથી આજ સુધી હીંદુસ્તાનનું કોઇએ નામબી નથી લીધેલું. મારૂં ત્રણ લાખ લશ્કર છે, અને ૧૨૦૦ મારાં પોતાનાં કુટુંબના સરદારો છે, જેઓ લડાઇની વેળા પોકાર મારે તો તે સાંભળીને જંગલમાં વાઘો પોતાના પંજાને ચાવી ખાય! અગર પાદશાહોમાં એવી ચાલ હતે કે ગુસ્સાથી એલચીને કતલ કીધામાં શરમ નથી, તો હું તારૂં સર બદનથી જુદું પાડી નાખવા વીના રેહતે નહી."

બેહરામે (એલચી દાખલ) જવાબ દીધો કે "અરે રાજા! તું મહારાજા થઇને ખરાબ વીચાર કાંય લાવે છે? મારા પાદશાહે તુંને ખરે માર્ગે ચલાવવાની મને ભલામણ કીધેલી છે, ત્યારે તું આડે રસ્તે કાંય ઉતરે છે? તારી દરબાર મધેથી એક બે દાનેશમંદ શખ્સોને જાહેરમાં લાવી તે મધેથી એકને મારા એક દાનેશમંદની સાથે દાનાઇની અજમાયશ કરાવ. જો તારો દાનેશમંદ મારા કરતાં વધારે અકલનો છે એવું જાહેર થાય તો મને તારા મુલુક સાથે કંઈ કામ નથી. અગર એમ નહી કરવા તુંને ગમતું હોય તો તારા નામીચા ૧૦૦ સવારને મારી એકલાની સાથે લડાઇમાં ઉતાર. જો તારી તરફની ફતેહ થાય તો મારે તારા મુલુકની ખંડણી લેવી નહીં જોઇયે."

શંકલ રાજાએ આ વાત સાંભળી બેહરામને (એલચીને) જવાબ દીધો કે, "આ તારૂં બોલવું શીયાણપટ ભરેલું નથી. હવે તો થોડો વાર આસાયશ લેવા સારૂં કમર છોડીને એવાનમાં આવ."

હીંદમાં બેહરામની હુનરમંદી અને બહાદુરી.

બેહરામ અરધો દીવસ સુધી એવાનમાં આરામ પામ્યો. બીજે દીવસે શંકલ પોતાના મજલસીઓને નોતરીને ખાણા ઉપર બેઠો અને બેહરામને તેના સોહોબતીઓની સાથે બોલાવીને એલચીઓના ખાણા ઉપર બેસાડયો. બેહરામ ખાણું ખાતાં કંઇ પણ મોહોડેથી બોલેલો નહી. પછી મજલસ કરી તેમાં શરાબના દોર ચલાવી અને રામશગરોનાં ગાયનથી ખુશી થઇને શંકલે પોતાના બે પેહલવાનોને કુસ્તી રમવા ઉતાર્યા. તે બંધે એક બીજા સાથે જોર કરતા હતા તે વેળા બેહરામે શંકલ રાજાને અરજ કીધી કે "હુંબી તારો હુકમ હોય તો તેઓની સાથે કુસ્તી લડું, પણ મસ્તીથી કોઇની ખરાબી નહી કરીશ."

રાજાએ જવાબ દીધો કે "તુંબી કુસ્તી લડ; જો તેઓને નીચે નાખે તો તું કતલ કરજે."

બેહરામ ખુશી થઇને કુસ્તીમાં ઉતર્યો, અને જે લડવા આવ્યા તેઓને કમરબંધ પકડીને ઉંચે ઉઠાવી જમીન ઉપર એવા તો પટકી નાખ્યા કે જેથી તેઓનાં હાડકાંનાં ચુરેચુરા થઇ ગયા. તે જોઇને રાજા અચરતી પામ્યો અને બેહરામને ૪૦ મર્દો કરતાંબી ઉંચી બેસવાની જગા આપી.

ત્રીજે દીવસે રાજા દડીદાવ રમવાને મેદાન પડયો, જે વેળા તેની રજા લઇને બેહરામબી પોતાના સોહોબતીઓ સાથે દડીદાવ રમવા ગયો, અને તે દરમયાન એક લાકડીની જે નીશાન કીધેલી હતી તે ઉપર બેહરામે એવો એક તીર માર્યો કે જેથી તેને તોડી નાખી. તે જોઇ સઘળાઓએ બેહરામ ઉપર આફરીન કીધી. રાજા બોલ્યો કે "એ ધણી એલચી નહી હોય, પણ બેહરામ ગુર પાદશાહનો કોઇ સગો અથવા ભાઇ કહીએ તો ચાલશે."

શંકલ રાજાએ હસીને બેહરામને કહ્યું કે "મને એવું લાગે છે કે તું પાદશાહ બેહરામ ગુરનો ભાઇ છે, કાંયજે કેયાનીઓના જેવો ભપકો અને વાઘના જેવું જોર તારામાં છે."

બેહરામે જવાબ દીધો કે "અરે રાજા, એક એલચી મર્દને તું પાદશાહનું નામ ના આપ. હું તો ઇરાની એક બેગાનો મર્દ છું.

યજ્દેજર્દને તોખમનો પણ નથી અને પાદશાહનો ભાઇ પણ નથી. એવું બોલવું ગુનાહ ભરેલું કામ છે. હવે તો તું મને રજા આપ કે હું ઇરાન જાઉં, નહી તો પાદશાહ મારી ઉપર ખફા થશે."

શંકલે કહ્યું કે "તું ઉતાવલ ના કર. હજુ તો તારી સાથે મને ઘણું કામ છે." પછી પોતાના પ્રધાનને રાજાએ કહ્યું કે "બેહરામ ગુરના બેશીઓમાંનો એ મર્દ નહી હોય તોપણ જેમ બને તેમ સમજાવીને એને આપણી તરફ કનોજમાં રાખવાની કોશેશ કર. એ એલચીની જે જગા ઉપર રેહેવાની ખુશી હોય તે જગા પર રાખીને જે જોઇયે તેથી એને ખુશી રાખ. હું એને લશ્કરનો સેનાપતી બનાવવાને ખુશી છું. એ ધણી આપણી પાસે રેહેશે તો આપણાં રાજની ખુબી વધશે."

તે મુજબ બેહરામને પ્રધાને સમજાવ્યો, પણ તે કબુલ નહી કરતાં તેણે જવાબ દીધો કે "મારી પાસે કાંઇ ચીજ નહી હોય તોપણ તમારી દોલતની લાલચને લીધે મારા પાદશાહની ખીજમતથી હું માથું ફેરવનાર નથી; એટલુંજ નહી પણ મારી દીનનો માર્ગ અને તેની બુજર્ગી જુદી છે. મારૂં નામ પુછોછો તેનું જાણવું એ જે મારૂં નામ બરજો છે, માટે રાજાને મારી અરજ પોંહોંચાડીને ઇરાન જવાની રજા અપાવો."

પ્રધાને એ પ્રમાણે રાજાને જવાબ દીધો, ત્યારે રાજા બોલ્યો કે "એ એલચીને અત્રે થોભાવી રાખવાનો એક ઇલાજ હું કરૂં છું."

રાજાનાં જંગલમાં એક ભારી નાશકારક વરૂ હતું તેને મારવા સારૂં રાજાએ બેહરામ ગુરને કહ્યું. તે બોલ્યો કે "આ શેહરની પડોશમાં જંગલ છે જેમાં એક વરૂ છે તેથી આલમનાં લોકને ઘણી ખરાબી પોંહોંચે છે, તેને તું મારી શકશે તો હીંદુસ્તાન અને ચીનના લોકો તારા હકમાં દુઆ માંગશે."

બેહરામે કબુલ કરી એક ભોમીયો માંગી લઇ પોતાના ઇરાની સવારો સાથે તીરોથી વરૂને મારી નાંખ્યું અને ખંજરથી તેનું ડોકું જુદું પાડયું, અને તેને એક ગાડાંમાં નાખી રાજાની આગળ લાવી નાખ્યું. તે જોઇને રાજાએ ખુશી થઇ બેહરામને ઘણીજ શાબાશી આપી, અને એક ખુશહાલીનું જશન કીધું.

આ વાતને કેટલાક દીવસ ગુજરી ગયા પછી રાજાએ જોઇ લીધું કે બેહરામનું કાટલું કાહાડી નાખ્યા વગર મારાં (રાજાનાં) દીલનું દુઃખ દુર થવાનું નથી, તેથી તેણે પોતાના દરબારીઓને બોલાવી મશવરત કીધી કે બેહરામ કનોજમાં રેહેતો હોય તો આપણુને સારૂં થાય; પણ તેમ તો તે કબુલ કરતો નથી, ત્યારે જો ઇરાનમાં જશે તો ત્યાંનો પાદશાહ કનોજને ખરાબ કીધા વીના રેહેવાનો નથી; માટે મેં એક ઇલાજ શોધી કાહડયો છે તે એ જે પેલા જીઆંગાર અજદહાની સાથે લડવા બેહરામને મોકલું છું. તેની ચુંગાલમાંથી એલચી છુટકારો પામે એ શકભરેલું છે. વળી એવું કેહેવાશે કે અજદહાની સાથે લડવા ગયો તેથી માર્યો ગયો, જેથી આપણી ઉપર તેનો જાન લેવાનું તોહમત કોઇથી મેળી શકાશે નહી."

પછી શંકલે બેહરામને બોલાવી મંગાવીને કહ્યું કે "ખોદાતાલાએ ઇરાનથી તુંને હીંદુસ્તાનમાંની બદી ધોઇ નાખવા સારૂં મોકલ્યો છે, જેથી તારો ઉપકાર માનીયે છીયે અને ઇચ્છા રાખીયે છીયે કે વળી એક મુશકેલ કામ આવી પડયું છે તેને તારા વીના કોઇ આસાન કરી શકવાનું નથી. તે એ છે કે અમારાં શેહર મધે એક અજદહા છે તે દરીયામાં અને ખુશ્કીમાંબી રેહે છે. વળી તે ગળી જનારા મગરમચ્છનેબી કચડી નાખે છે. તેનો તું અંત લાવે તો હીંદુસ્તાન મોકળું થાય. વળી હીંદુસ્તાનથી ખંડણીબી અમે ઇરાન મોકળીયે.

બેહરામ કબુલ થયો અને એક ભોમીયા જોડે પોતાના ઇરાની ત્રીશ સવારોને લઇને જ્યાં દરીયા આગળ અજદહા પડેલો હતો

ત્યાં ગયો. તેને જોઇને ઇરાની સવારોએ પોકાર મારી બેહરામને કહ્યું કે "પેલાં વરૂને માર્યું તે પ્રમાણે આ અજદહાને મારવાનું સેહેલું કામ નથી. આ અજદહાને લીધે તું ઇરાન બરબાદ કરીને આ મુલુકમાંના આપણા દુશ્મનોમાં પોતાની હસી કરાવશે; માટે એ કામ છોડી દેવું જોઇયે."

બેહરામે જવાબ દીધો કે "આ કામ સારૂં મારા જાનને મેં દાદારને હવાલે કીધેલો છે." આમ બોલીને અજદહાની ઉપર તીરનો વરસાદ વરસાવ્યો, અને ચાર તીર કે જેને ઝેરનું પાણી પાયલું હતું તે અજદહાનાં માથાં ઉપર ફેંકયા, જેથી તે અઝદહાનું ઝેર અને લોહી ખાક ઉપર પડયું, અને હલાક થયાથી તેનું માથું ખંજરે કરીને જુદું પાડી નાંખ્યું. પછી ખોદાની બંદગી કરી બેહરામે તે સાહેબનો ઉપકાર માન્યો અને રાજા શંકલની આગલ અજદહાનું તન ગાડાંમાં નાંખી લઇ ગયો. તે જોવાથી રાજા દીલગીર થયો, પણ તમામ હીંદુઓએ બેહરામ ગુરના ઉપર આફરીન કરીને કહ્યું કે "ઇરાનની સરજમીન મધેથી આવા જોરાવર નરો પેદા થાય છે કે અજદહાની સાથેબી લડાઇ રમી તેને મારે છે."

રાતને વખ્તે રાજાએ પોતાના દરબારીઓને બોલાવીને કહ્યું કે "બેહરામને આસેબ પોંહોંચાડવાની મેં જોઇયે તેવી તદબીર કીધી પણ કંઇ વળ્યું નહી, માટે હવે તે ઇરાન જશે અને એવું કેહેશે કે હીંદુસ્તાનમાં મારા જેવો (બેહરામ જેવો) કોઇબી સવાર નથી, તેવારે મારો દુશ્મન, જે ઇરાનનો પાદશાહ, તેનું મારી ઉપર ચહડી વાગવાનું થયા વીના રેહેશે નહી; માટે બેહરામને કતલ કરી નાખવાનો મારો વીચાર છે. પણ આ બાબે તમો શો છુપ્યો વીચાર જણાવો છો?"

તેઓએ જવાબ દીધો કે "અરે રાજા! એલચીને આજ લગી કોઇબી પાદશાહે મારેલો નથી; બલકે તેને મારવાનો વીચારબી કીધેલો નથી; અને તું જો એવું કામ કરશે તો પાદશાહોમાં તારી બદનામી કેહેવાશે. એટલુંજ નહી, પણ તારે હાથે તારા મુલકમાં બલા ખેંચી લાવવાનું તોહમત તારે માથે રેહશે. બેહરામ ગુર જેવો પાદશાહ લશ્કર લઇને તુરત ઇરાનથી દોડી આવી હીંદુસ્તાનનું રાજ તારા હાથમાંથી છીણવી લેવાની સાથે તુંને હલાક કરશે; કારણકે જે ધણીએ આપણને અજદહાનાં દુઃખથી અને વરૂના જુલમથી મોકળા કરી જાન બચાવ્યા છે તેના બદલામાં તે ધણીને તું કતલ કરવાનો વીચાર જણાવે છે તે ઘણોજ બેહુદો છે."

આ જવાબ સાંભળી દીલગીર થઈ બીજે દીવસે કોઇનેબી ખબર નહી કરતાં રાજાએ બેહરામને એકલો પોતાની આગળ બોલાવીને કહ્યું કે "મારી દીકરી સાથે તારી શાદી કરી આપુંછું, પણ તે એવી શરતથી કે તારે કનોજથી ઇરાન જવું નહી. જો તેમ કબુલ કરશે તો પછી મારી પાદશાહીબી તુંનેજ આપી દઇશ."

આ વાત સાંભળી બેહરામે પોતાનાં દીલ સાથે વીચાર કીધો કે રાજાની માંગણી પ્રમાણે ઇરાનની પાદશાહી છોડીને હીંદુસ્તાનમાં રેહવું તે તો કોહોલીના ફાંદામાં વાઘને ફસી પડવા સરખું છે. તોપણ આ શરત કબુલ કરીને બેહરામે રાજાની ત્રણ કુંવરીઓ હતી તે મધેથી સપીનુદ નામની એક દીકરીને પસંદ કીધી, અને તે સાથે પોતાની શાદી કીધી. સાત દીવસ સુધી શાદીની મજલસ ભારી દમામ સાથે કાયમ રહી. સપીનુદને રાજાએ ખજાનાની કુંચી હવાલે કીધી, તે મધેથી જોઇયે તેમ ઝવેરાત, સુનું, રૂપું હીરા, માણેક અને મોતી તેણી કામમાં લાવી.

ફગફુરનાં નામાનો જવાબ.

ચીનના પાદશાહ ફગફુરને ખબર થઈ કે ઇરાનના બેહરામ ગુર પાદશાહે શંકલ રાજા પાસે એક એવા જોરાવર એલચીને મોકલેલો છે કે જેણે હીંદુસ્તાનમાં ઘણાં બીકટ કામો બજાવ્યાં છે. તે એલચી મર્દાનો છે ખરો,

પણ શંકલ રાજાએ તેને પોતાની દીકરી સાથે પરણાવ્યો છે, તે અણુઘટતું કામ કીધું છે; કાંયજે તે એલચી કાંઈ પાદશાહીને લાયકનો નહી કેહેવાય. ઉપલી ખબરના સબબથી ફગફુરે પેલો પાર્સી એલચી (બેહરામ), જે ૩૦ સવારોને લઇને કનોજમાં આવેલો હતો, તેની ઉપર એક નામું લખ્યું, જેમાં જણાવ્યું કે "મને ખબર થઇ છે કે એક વરૂ અને એક ભારી અજદહા તારી તલવારથી કતલ થયાં છે, જેથી શંકલ રાજાએ પોતાની દીકરીનાં તારી સાથે લગન કીધાં છે, તે ઉપરથી તું મગરૂરી કરેછે; પણ એવી ખેશી કરવી તો ઇરિનના પાદશાહને લાયકની છે. તેને બદલે તું તેનો એલચી થઇને કનોજમાં આવી રાજાની દીકરી લઈ બેઠો છે તે કામ તેં નાલાયક કીધું છે; માટે હાલ તસદી લઇને મારી આગળ આવીને તારાં દીદાર દેખાડ કે જેથી હું ખુશી થઇને તુંને અને તારા નામદાર સોહબતીઓને જોઇયે તેટલું ઇનામ આપું, જે લઇને તુંને ગમે એટલા દીવસ અત્રે રહીને પાછો રવાના થજે. તુંને મારી નજદીક આવતાં શરમાવું નહી જોઇયે, કારણકે મને ઇરિનના પાદશાહ બેહરામ ગુર સાથે કાંઇ દુસ્મની જેવું નથી."

આ નામું વાંચીને બેહરામે જવાબ લખ્યો કે :—"તુંએ લખ્યું કે મારી બુજર્ગી બેહરામ ગુર પાદશાહના જેવી નહી હોવા છતાં રાજાની દીકરી સાથે હું પરણ્યો તે નાલાયક કામ કીધું છે, તેનો જવાબ એ જે બેહરામ ગુરની બુજર્ગી સર્વે પાદશાહોના કરતાં બાલાતર છે, એમ જાણીને હું તેને જેહાનના ફતેહ કરનાર પાદશાહને નામે ઓળખુંછું. બીજું, મેં હીંદુસ્તાનમાં રંજ ખેંચીને વરૂ અને અજદહાને માર્યા તે બાબે તેં મારી વખાણ કીધી છે, જેનો જવાબ એ જે તે કામ પણ બેહરામ ગુરનાં એકબાલથીજ મેં કીધેલું છે. ત્રીજું, શંકલ રાજાએ મને દીકરી આપી તે બાબે લખેલું છે, તેનું તું જાણવું કે મેં ઘટે તેવાં કામ કીધાં તેથી તેણે મને પોતાના જમાઇને લાયકનો જાણીને પોતાની દીકરી આપી ખુશી કીધો છે. ચોથું, તું લખીને મને તારી નજદીક બોલાવે છે અને મારી સાથે સારાં સલુંક કરવા માંગે છે, તેનો જવાબ એ જે મને બેહરામ ગુર પાદશાહે હીંદુસ્તાન મોકળેલો છે, ત્યાંથી તારી પાસે ચીન આવવાની વાત કરૂં તો તે અણુઘટતી થઈ પડે. પાંચમું, મને કેટલોક ખજાનો આપીને ઇરિન મોકલવા સારૂં જે તું લખેછે તેનું જાણવું જે મને જોઈયે એટલો ખજાનો બેહરામ ગુરે આપેલો છે તે લઇને રાતદીનમાં ત્રણ પોહોર સુધી બંદગી કરી તેના શુકરાના કરૂંછું. ત્યારે તારા ખજનાની શા વાસ્તે દરકાર રાખું? ખોદાની તારા ઉપર દુઆ હોજો!"

બેહરામે આ નામા ઉપર ફગફુરનું સરનામું કરી પોતાની મોહોર દાબી મોકળ્યું.

ઇરાન તરફ કુચ—શંકલે પકડેલી પુઠ.

બેહરામ ગુરે એલચી દાખલ શંકલની દીકરી સપીનુદ સાથે શાદી કીધા પછીથી તેણીને ખુલાસો કરી જણાવલું હતું કે હું બેહરામ ગુર ઇરાનનો પાદશાહ છું પણ ઠાગાથી એલચી થઇને આવેલો છું, જેથી સપીનુદ તેના ઉપર વધારે પ્યાર રાખતી હતી. એક દીવસે બેહરામે સપીનુદને કહ્યું કે "મારી ખુશી ઇરાન જવાની છે. જો તુંબી મારી સાથે આવે તો મારી સઘળી બાનુઓની ઉપર તું સરદારી ભોગવશે."

સપીનુદે જવાબ દીધો કે "હાલમાં જવું નહી, પણ આજથી પાંચમે દીવસે રાજા તમામ લશ્કર સાથે અત્રેથી ૨૦ ફરસંગની વેગળાઈ ઉપર એક દેવસ્તાન છે ત્યાંની જાત્રા કરવા જશે અને શેહેરમાં કોઇ રેહેશે નહી, તે વખ્તે આપણને નીકળી જવાનું સવલ પડશે."

આ વાતથી બેહરામે ખુશી થઇને સપીનુદને સાથે લઇ નાસી જવાની ગોઠવણ કરી રાખી. બીજે દીવસે બેહરામ શીકાર કરવા ગયો ત્યાંથી એક દરીયાના કીનારા ઉપર જઇ

પુગો. તે જગા ઉપર ઇરાનના સોદાગરો પણ આવેલા હતા, તેઓએ બેહરામ ગુરને ઓળખ્યો. તેઓને બેહરામે ખોદાના સોગંદ આપીને કહ્યું કે "તમોએ એ વાત કોઇને જાહેર કરવી નહી કે હું બેહરામ ગુર છું." એ બીના છુપાવી રાખવાને સોદાગરોએ કબુલ કીધું, તેવારે બેહરામે તેઓને જણાવ્યું કે "હું ઇરાન જઇને લશ્કર લાવી હીંદુસ્તાન ઉપર સવારી એવી રીતની કરીશ કે જેથી રાજા, તખ્ત અને તાજ ઠેકાણે નહીજ રેહેશે, માટે તમે તમારી સંભાળમાં રેહેજો." આ ચેતવણીથી સોદાગરોએ બેહરામ ગુરનો ઉપકાર માન્યો, જે તેઓને કેટલાક દેરમ આપી પાછો પોતાના એવાનમાં આવ્યો.

પેલી તરફથી જાત્રા જવાની તૈયારી કરી શંકલ રાજાએ પોતાના દામાદનેબી સાથે લઇ જવા બોલાવ્યો, ત્યારે સપીનુદે જવાબ દેવાડયો કે "બરજો (બેહરામનું એલચી દાખલનું ધારણ કીધેલું નામ) બીમાર છે, તેથી આવી શકતો નથી."

શંકલ એ વાત ખરી માની પોતેજ લશ્કર સાથે નીકળી ગયો. તે તકનો લાભ લઇ બેહરામ ગોરજ તથા તીર કમાન લઇ, બખ્તર પેહેરી, ઘોડા ઉપર સ્વાર થયો અને બીજા ઘોડા ઉપર સપીનુદને બેસાડી, ખોદાનું નામ લઇ, નીકળી નાઠો. તેઓ દરીયાના કીનારા ઉપર રાતોરાત આવી પુગાં, જ્યાં પેલા સોદાગરો ભર નીંદમાં પડેલા હતા. તેઓને જાગરૂત કરી તેણે હોડી મંગાવી, જેમાં બેસી દરીયા ઉતરી ગયાં તેવારે બામદાદ થયલી હતી.

હવે શંકલ રાજાને ખબર થઇ કે બેહરામ પોતાના ૩૦ સવારો અને સપીનુદને સાથે લઇને ઇરાન જાય છે. આ ખબર મળી તેવોજ રાજા સવારોને લઇ તેઓની પુઠે દોડી આવ્યો. દરીયા પાર જ્યાં બેહરામે મુકામ કીધેલો હતો ત્યાં જઇને તે પોતાની દીકરી સપીનુદને કેહેવા લાગો કે "આ (બેહરામ) ફરેબ દેનારની સાથે છુપી રીતે બેહસ્તના જેવું કનોજ શેહેર છોડીને વેરાન ઇરાનમાં તું જાયછે ખરી, પણ મારી તલવારના જખમની તુંને ખબર નથી."

ત્યારે બેહરામ ગુર બોલ્યો કે "તને ખબર નથી કે એક લાખ હીંદુ સવાર હોય તો તે મારી આગળ એક સવારની બરાબરબી નથી. જેવારે મારા નામદાર ૩૦ સવારો સાથે પાર્સી ખંજર લઇ મેદાનમાં ઉતરૂં તેવારે તારા એકબી હીંદી સવારને જીવતો જવા નહી દેઉં."

શંકલ રાજાએ જાણી લીધું કે બેહરામ બોલે છે તે વાત ખરી છે, તેથી તેણે બેહરામને કહ્યું કે "મેં તને મારી ચશ્મ કરતાંબી વધારે જાણી મારા સરનું તાજ કરીને રાખ્યો, જે મારી દીકરીને તેં પસંદ કરીને માંગી તે પણ તને મેં આપી, એવી રીતની તારી સાથે મેં વફાદારી કીધી તેને બદલે હવે તું જફા કરે છે ? તને હુનરમંદ જાણીને દીકરી આપતાં બુનીયાદ ઉપર મેં ધ્યાન નહી આપ્યું. પાર્સી લોકનું દીલ વફાદારી ભરેલું ક્યાંથી હોય, કે જે એક હાથ ઉપર કબુલ કરીને બીજે હાથે ફરી જાય ? વાઘનાં બચાંને પાળી પોશીને મોટું કીધું હોય તે છતાં તે કોઇ દીવસે પોતાના પાળનારનો જીવ લે છે; તે મીસાલની ચાલ મારી સાથે તુંએ ચલાવી છે."

બેહરામ ગુરે જવાબ દીધો કે "જેવારે તું મને હુનરમંદ અને અકલમંદ જાણે છે તેવારે મને બુરો અને જફાકાર શું સમજીને બોલે છે ? હું ઇરાન જાઉં છું, તે બાબે મારી બદગોઇ કરીને તું મને ઠપકો આપે છે તેમાં ભુલ કરે છે, કાંયજે ઇરાન અને તુરાનનો શાહનશાહ બેહરામ ગુર જે કેહવાય છે તે હું પોતે છું ! મગર હવે પછીથી હું તને નેકીનો બદલો અદા કરીશ: તારા દુશ્મનોને પાયમાલ કરીશ, ઇરાનમાં જઇને મારા બાપની જગા ઉપર તને સમજીશ, તારી પાસેથી ખંડણી વગેરે નહી લઇશ, તારી દીકરીને ઉગમણુ પ્રાંતના આફતાબ જેવી બનાવીને તેને તમામ બાનુઓનાં સરનાં તાજ જેવી સરફરાજ કરીશ."

આ વાત સાંભળતાંજ શંકલ રાજા અચરત થઇ માથાં ઉપરથી પાઘડી ફેંકી દઇને બેહરામ ગુરની નજદીક આવી પોતે જે બોલો બોલેલો તે વીષે માફી માંગવા લાગ્યો. પછી તેઓએ એકબીજા સાથે ખુશી થઇને મુલાકાત કીધી. ખાણું અને શરાબ તૈયાર કરી તેની મજાહની દરમયાન બેહેરામ ગુરે ઇરાનની સઘળી હકીકત શંકલને કહી સમજાવી, તે સાથે એવુંબી કહ્યું કે "તારી નજદીક આવીને જુદા લેબાસથી સઘળું કામ જે મેં કરી દેખાડયું છે, તેનું કારણ એ હતું કે હું બેહરામ ગુર પાદશાહ છું એમ તને જાહેર નહી કરવું જોઇયે." પછી બુત (મુર્તી) ને શોભા આપનાર (શંકલ) રાજા અને યજદાનની બંદગી કરનાર (બેહરામ ગુર) પાદશાહ, આ બધે નામદારોએ રાજીખુશીથી એકબીજાનો હાથ પકડીને દીલોજાનથી એવો ઠરાવ કીધો કે હવેથી હમેશાં સુધી આપણે બધે રાજવાળાઓએ એકબીજા સાથ રાસ્તી અને વફાદારીની રીત પ્રમાણે ચાલવું અને દાના વજીરોની મશવરત લેતા રેહેવું."

પાદશાહનુ ભાષણ.

આ પછી શંકલ બેહરામને અને સપીનુદને વદા કરી નદી ઉતરીને પાછો કનોજમાં ગયો, અને બેહરામે ખુસ્કીને માર્ગે ઇરાન તરફ ચાલવા માંડયું.[1] ઇરાનીઓને બેહરામના આવવાની ખબર થવાથી રસ્તા, શેહેર, બાજાર વગેરે આરાસ્તા કીધાં અને બેહરામનો બેટો શાહજાદો યજદેજર્દ, બેરાદર નરસી અને મોબદાન મોબેદ (વડો વજીર) લશ્કર લઇને પાદશાહને સામણે લેવા ગયા. પાદશાહ શેહેરમાં આવી એવાનમાં દાખલ થયો તે આગમજ માર્ગમાં પુષ્કળ દેરઓની બક્ષેશ કીધી.

બીજે દીવસે પાદશાહ પોતાનાં તખ્ત ઉપર બેઠો, તે વેળા તમામ સરદારો હાજર થયલા હતા. તખ્ત ઉપર ઉઠી ઉભો થઇને તે ભાષણ કરતાં બોલ્યો કે "સર્વે વાતનો ભેદ જાણનાર ખોદાતાલા છે, માટે તેનાથી ડર રાખીને ચાલજો, તથા તે સાહેબની બંદગી કરજો. તે સાહેબ બંદાને ફતેહમંદી આપનારો છે. જે શખ્સની બેહસ્તમાં જવાની ખુશી હોય તે શખ્સે બદ કામ કરવાં નહી જોઇયે. જેનું નેકી કરવાનું દીલ હોય તેને બદી કરવા ગમતું નથી. અગર કોઇ સુનાં રૂપાંના ભંડાર ભરી રાખતો હોય તેણે મારો ખોફ નહી રાખતાં નેક માર્ગે ખર્ચવાને ડરવું નહી જોઇયે. મારા ઈનસાફની આગળ ગરીબ અને તવંગર બધે બરાબર છે. જે સરદારોને મેં તાજ અને તખ્ત આપીને પાદશાહ બનાવેલા છે, તેઓ પોતાની નેકીથી અને યજદાનની બક્ષેશથી તેવા થયલા છે. જે ખજાનો હું એકઠો કરવા ચાહું છું, કે મરવા પછીથી મને કામ લાગે, તે તો મારી સખાવત અને ઇનસાફ છે. મારા કામદારો તથા લશ્કરી સરદારો અને કુટુંબીઓને કંઇ મુસીબત આવી પડેલી હોય તે વાત જે કોઈ મારેથી છુપાવી રાખશે; કે જેથી તેનું દુઃખ દુર કરવાથી હું અજાણ્યો રહું, તો તે ધણી બે વાતનો ગુનેહગાર થશે. એક તો એ જે મારી આગળ દુખ છુપાવીને તેનો લાભ નહી લીધો; બીજું એ જે દુઃખ છુપાવીને દુઃખ નીવારણ કરવાનાં મારાં કામમાં હરકત નાખી. આ મારાં ફરમાન પ્રમાણે સર્વે સરદારોએ ચાલવું."

---

[1] શંકલ રાજાનું કનોજ શેહેર હિંદુસ્તાનના વાવ્ય પ્રાંતોમાં ફરૂખાબાદ જીલ્લામાં કાળી નદીના આથમણે કાંઠા ઉપર હતું. એ નદી ગંગા નદીને અહીંથી પાંચ મૈલ ઉપર મળે છે; પણ આગળા જમાનાઓમાં પવિત્ર ગંગા કનોજની અડોઅડ વહેતી હતી, જ્યાંથી તે આજે ખીસી ગઇ છે. એટલામાટે શાયરે કનોજની પડોશના જે દરિયા માટે લખ્યું છે તે આ ગંગા નદી માટેજ હોવું જોઇયે: તે જમાનામાં કનોજ એક મોટાં આર્ય રાજ્યનું પાયતખ્ત હતું, જેના ગુપ્ત વંશના રાજાઓએ તેની હદ ઘણી વધારી દીધી હતી. ઈસ્વી છઠી સદીમાં તેની મોટાઈ ઘણી વધેલી હતી. શંકલનો જમાનો ઇસ્વી પાંચમી સદીનો હતો. તે વેળાનું કનોજ આજે નથી. આજનું નવુંજ શેહેર બાંધેલું છે.

આમ બોલીને પાદશાહ તખ્ત પર બેસી ગયો, અને તમામ સરદારોએ તેના ઉપર દુઆ કીધી. પછી પાદશાહ લશ્કર સાથે આજર ગુશસ્પની દરઘામાં ગયો, અને જે કંઇ માનતા[1] ચહડાવવાનો ઠરાવ કીધેલો હતો તે કરતાં વધારે ખજાનો અદા કરી ગરીબ લોકને વરતાવ્યા. આ પછી આજરે જરતોસ્તના મોબેદો[2] બાજ તથા બરસમ હાથમાં લઇને આવ્યા, તેમની આગળ બેહરામ ગુરે પોતાની ઓરત સપીનુદને લાવી હાજર કીધાથી તેણીને દીનની ક્રીયા કરવાને શીખવીને નીરંગે દીનથી અને ચોખાં પાણીથી તેણીને ગુસલ કરાવી, જેથી તેણીનાં બદન અંદરની નાપાકી દુર થઇ ગઈ.[3] પછી જે બંધવા હતા, તેઓને છોડી દઇ પાદશાહે સખાવતનો હાથ લંબાવ્યો.

હીંદુ રાજાઓની ઇરાનમાં મદારત.

પેલી તરફથી શંકલ રાજાને ઇચ્છા થઇ કે પોતાની દીકરી સપીનુદના દીદાર જુવે. તે કારણ સારૂં રાજાએ બેહરામ ગુર ઉપર એલચી મોકલીને કોલ મંગાવ્યો. બેહરામે ખુરશીદ અને બેહસ્તને દરમયાન રાખી સોગંદ લઇ પેહેલવીમાં કોલ લખી એલચીને પાછો રવાના કીધો, ત્યારે શંકલ રાજાએ પોતાની સાથે ઇરાન જવા સારૂં સાત રાજાઓને તૈયાર કીધા. તેઓનાં નામ:—શંકલ પોતે, કાબુલનો રાજા, સીંધનો રાજા, શંદલ રાજા, જંદલ રાજા, કાશ્મીરનો રાજા, અને મુલતાનનો રાજા. એ સાતે રાજાઓ ભારી દમામ સાથે ઇરાન જઈ પુગા. બેહરામ ગુર સામણે લેવા સારૂં ભારી લશ્કરના સણગાર સાથે નેહરવાન સુધી ગયો, અને ત્યાં જઇને મુલાકાત લઈ તેમને શેહેરમાં લાવ્યો, પછી એવાનમાં એક તીર ફેંકીયે તેટલી લંબાઇનો સુફરો બીછાવી સઘળા ખાણું ખાવા તથા શરાબ પીવા લાગ્યા. એ વેળા જગાએ જગા રામશગરોનાં વજંત્ર સાથ ગાયનોથી ખુશહાલી કરવામાં આવી. એ પછી શંકલ રાજા પોતાની દીકરીની મુલાકાત લઇ તેણીનાં દીદાર જોવાની ખાહેશથી બેહરામ પાસે રજા લઇને તેણીના મેહલમાં ગયો, અને તેણી સાથે વાતો કરી, તેણીની જાહોજલાલી જોઈ ખુશી થયો, તથા જે કાંઈ સોગાત હદીયો લાવેલો હતો તે તેણીને હવાલે કરી પાછો બેહરામની આગલ આવ્યો. તેટલા વખ્તમાં તો સઘળા આરામની જગા ઉપર ગયા હતા.

બીજે દીવસે બેહરામ ગુર સઘળા રાજાઓને સાથે લઇ જાનવરો સહીત શીકારનાં મેદાનમાં નીકળી ગયો, જ્યાં એક માસ સુધી

---

૧ અહીં માનતાનો અર્થ જો સાધારણ રીતે વપરાય છે તેમજ લઇયે તો સાસાની જમાનાના જરતોશ્તીઓને ફિર્દુસી આતશપરસ્ત ગણી જાય તેમાં નવાઈ નથી. આ માનતા એટલે પાદશાહે મુશ્કેલી વેળા ખોદાતાલાની મદદ માંગીને જે રૂડાં કામો કરવાની પોતાનાં મન સાથ કબૂલત આપી હોય તે. ઉપર જણાવ્યું તેમ આતશની દરેમેહેરોમાં પાદશાહો અને બીજાઓ પોતાની શકિત મુજબના હદિયા લઈ જતા હતા, અને આતશખાનાઓના તેવા ખજાના મારફતે દુર્વેશ યાને અશો ગરીબ લોકોનું પોષણ થતું હતું.

૨ આજ઼રે જ઼રતોશ્ત—આ આતશ તે કયો અને તેની દરેમેહેર કયાં હતી? છેક કેયાની પાદશાહ ગુશ્તાસ્પના જમાનાથી અનેક આતશોની સ્થાપના થઈ હતી; જેમકે આજ઼ર ગુશસ્પ, આજ઼ર બુર્ઝીન મેહેર, ઈત્યાદિ. પણ આતશોની એ સઘળી ટીપમાં "આજ઼રે જ઼રતોશ્ત" એવા કોઈ પણ આતશનું નામ જણાતું નથી. શું આ આતશની મુરાદ એ હશે કે જ઼રતોશ્ત જે આતશ લઈ પાદશાહ ગુશ્તાસ્પની દરબારમાં ગયા હતા તે આતશની સ્થાપના કરીને તેની દરેમેહેર બાંધી હતી?

૩ સપીનુદ એક જુદદીન શાહજાદી હતી તે છતાં તેને દસ્તુરાન દસ્તુરે જ઼રતોશ્તી દીનમાં ઘટિત ક્રિયા સાથ દાખલ કીધી હતી. એજ રીતે અવસ્તાના જમાનામાં પણ જુદદીનોને દીનમાં લેવામાં આવતા હતા. આજના જ઼રતોશ્તીઓની કુલે સંખ્યા એક લાખથી પણ ઓછી છે, તોપણ તેઓ પોતાની દીનમાં જુદદીનોને લેવાને નાખુશ છે તેનું કારણ શું?

મોજ મજાહમાં દીવસ ગુજાર્યા. આ દીવસોમાં બેહરામ ગુરની સાથે સઘળા રાજાઓની એકંદર મજલસ હતી.

શંકલ રાજાએ એક તેહેનામું લખીને પોતાની દીકરી સપીનુદને હવાલે કીધું. તે મધે લખ્યું કે "મેં કીનો કપટ રાખ્યા વગર દીનની રસમ મુજબ સપીનુદને બેહરામ ગુર સાથે પરણાવી આપી છે, માટે મારાં મરણ પછીથી બેહરામ ગુર હીંદુસ્તાનનો રાજા થશે; સઘળો ખજાનો બેહેરામ લેશે; પણ સપીનુદ મરે ત્યારે તેણીનાં તનને આતશમાં બાળજો."

બે માસ સુધી ઈરાનમાં રહીને શંકલ રાજા બીજા રાજાઓની સાથે પાછો હીંદુસ્તાન ગયો. તે કારણ સારૂ બેહરામ પાસે તેણે રજા મંગાવી ત્યારે બેહેરામ ગુરે રજા આપવાની સાથે ઇરાન દેશની કેટલીક ઉમદા ચીજો, ઝવેરાત, તખ્ત, તાજ, તલવાર, કમરબંદ, આરબી ઘોડા, ઇત્યાદી આપીને ત્રણ મંજલ સુધી તેમને વદા કરવા પોતે ગયો; અને ઈરાનથી તે હીંદ સુધી રાજાની સાથના સઘળા રાજાઓનાં લશ્કરનો ઘાસ કાડી સુધાં ખર્ચ પુરો પાડવાનો હુકમ કીધો.

પ્રજાને સુખી કરવાની પાદશાહની કાળજી.

બેહરામ ગુર પાછો ફર્યા પછી એક દીવસે તખ્ત ઉપર બીરાજી તમામ દીવસ આરામમાં ગુજારવા લાગો, પણ તેનાં દીલમાં પોતાનાં મોતનો વખ્ત યાદ આવ્યાથી વીચાર કરવા લાગો. તેણે પોતાના વજીરને બોલાવી કહ્યું કે "આપણા ખજાનાનો શુમાર કાહડ કે કેટલો છે." બેહરામ ગુરને નજુમીએ કહેલું હતું કે તારી ઉમર ૬૩) વરસની છે; ત્યારે બેહરામે કહેલું હતું કે "૨૦) વરસ ખુશીમાં ગુજાર્યાં; હવે બીજાં ૨૦) વરસ સખાવત અને રાસ્તી તથા ઇનસાફમાં પુરાં કરવાં; અને ત્રીજાં ૨૦) વરસ કોઇ ઉસ્તાદ મળે તો ખોદાતાલાની બંદગીમાં ગુજારવાં."

મોબેદે ખજાનાનો શુમાર કાહાડીને જવાબ દીધો કે "૨૩) વરસ સુધી બેસીને ખાતાં ખુટે નહી તેટલો ખજાનો તો મોજુદ છે, અને વળી પાદશાહોની તરફથી નજરાણાં તરીકે જે કાંઈ આવશે તે તો જુદું ગણાશે.

પાદશાહે વીચાર કીધો કે "ગઈ કાલ પાછી આવશે તે ઉપર ભરોસો રખાતો નથી. આવતી કાલે આપણી ઉપર દુઃખ પડવાનું છે તેથી આજે દીલગીર થવું નકામું છે. ત્રણ દીવસની દુનીયાનો ગમ ખાવાને બદલે જ્યાં સુધી જીવું ત્યાંસુધી નાઘલા તથા મોટા સર્વે લોક પાસેથી જે મેહસુલ (કર) લેવાતું હોય તેની બીલકુલ માફી બક્ષુંછું, માટે સર્વે કોઈ ખુશહાલીમાં જીંદગાની ગુજારે. મગર લડાઈ કરીને બદનામ નહી થાય, તે બાબતનાં બંદોબસ્ત રાખવાને પાદશાહે મોબેદને ફરમાવ્યું. તેવું છતાંબી કર માફ થવાથી જવાન પુરૂષો પાસે અને હલકે વાંધેના ખેડુતો પાસે દીરમનો વધારો થઈ ગયો, જેથી તેઓ બેપરવા થઇને પાદશાહનો અને વજીરનો ખોફ નહી રાખતાં એકબીજા સાથે ટંટા કરી ખુનરેજી ચલાવવા લાગ્યા. તે વાતની ખબર પાદશાહને થવાથી કામદારોને હુકમ કીધો કે "તેવા ફીતુરી લોક પાસેથી દર સાલનું મેહેસુલ (કર) લઇને દીવાનનાં દફતરમાં નોંધી રાખવું, અને દર છ છ મહીને તેઓને ખોરાકી પોશાકી અપાવવામાં ખર્ચવું, કે જેથી તેઓને કજીયો કરવાને બની નહી આવે."

વળી બીજી તરફથી અરજીઓ આવી તેમાં લખેલું હતું કે પાદશાહે ઘણી સખાવત અને દાદ દીધાથી તો દુનીયામાં સમાધાની રેહેતી નથી, તેનું કારણ એ જે વતનદારો પૈસાવાળા હતા તેઓ પાસેથીબી મેહેસુલ લેવાનું બંધ કીધાથી વધારે માતબર થઇ સરદારીની મગરૂરી બતાવા સારૂં લોકને આજાર દેઈ લડાઇ શોધતા ફરે છે. એ બાબેબી પાદશાહે મોબેદને હુકમ કીધો કે જે વતનદારો આવી રીતની લડાઇ કરતા હોય તેઓ પાસેથી પણ મેહસુલ લઇને તેઓને ખોરાકી પોશાકી આપતી કરવી.

વળી પાદશાહની તપાસ ઉપરથી એક મ-લુક તરફથી એવો જવાબ આવ્યો કે પાદ-શાહની સખાવતનાં તો એવાં પરીણામ નીપજે છે કે ખેડુતોને મોજ મજાહના દીરમ મળવાથી તેઓ ખેતીવાડી કરવાની દરકાર રાખતા નથી. તેઓનાં ખેતરો નકામાં ઘાસથી ભરાઇ ગયલાં છે. તેઓના બલદ જ્યાં ગમે ત્યાં રખડતા ફરે છે, તેટલુંજ નહી પણ તેઓ દીનના તથા પાદશાહના કાયદા ઉપરબી ધ્યાન આપતા નથી. આ સર્વ ગેરરીતીના સુધારા માટે પાદશાહે એવો હુકમ આપ્યો કે "આમદાદથી તે બપોર સુધી ખેતીવાડીનું કામ કરવાને ખેડુત લોકોને ફરજ પાડવી; બાકીનો બધો વખ્ત મોજ મજાહ એશઆરામમાં ભોગવ-વાની છુટ આપવી. જેઓ પાસે બલદ અને બીયાં નહી હોય તેઓને ખજાનામાંથી ખર્ચી અપાવવી, પણ તેમને કશો ઠપકો આપવો નહીં; અગર આસમાની આફતથી ખેતીવાડીને નુકસાન લાગે, જેવું કે તીડ પડીને લીલોત-રીનો નાશ કરે, અથવા ખરાબ જમીન હોવાથી સારૂં ઘાસ નહી થાય, અને તે જમીન ખેડવાને લાયકનીબી નહી હોય, તો તેવી ખેતીના ખેડુત પાસેથી મેહસુલ લેવુંજ નહી; પણ જો કોઈ પાસેથી દમડીબી લીધેલી માલુમ પડશે તો તે કામદારને હવા વગરની અંધારી જગામાં જીવતો બંધ કરી મેળીશ, જ્યાં તેને બેસવાની જગાબી નહી મળશે."

એ પ્રમાણે હુકમનામાં દેશાવરો ખાતે લખી વાળી જવાબ મંગાવ્યા કે હવે પછી દુનીયામાં સર્વે કોઇ સુખી હોવા છતાં કોઇ દુરવેશબી મુફલેસ હાલતનો માલુમ પડે તો ખુલાસો કરી લખી જણાવવું. તે બાબે દેશાવરો ખાતેથી સઘળા મોબદો (હાકમો)એ એવા જવાબ લખી મોકલ્યા કે "તમામ મુલુકોનાં લોકો આબાદ છે, ખુશી થઈને પાદશાહના હકમાં દુઆ માંગે છે; મગર દુરવેશ લોકો પાદશાહની એટલીજ ફરીયાદ પોકારે છે કે તવંગર લોકો જે તારી દોલતથી મોજ ભોગવે છે, તે લોક માથાં ઉપર ફુલનાં તાજ મેળી રામશગરોનાં ગાયણ સાથે શરાબબાજી કરે છે, પણ અમો ગરીબોને તેવી મોજ મળતી નથી. તેથી વગર ફુલનાં તાજે, વગર વજંતરે અને વગર રામ-શગરનાં ગાયણે અમોને શરાબબાજી કરવી પડે છે. મગર પાદશાહની ખુશી તો તવંગર અને દુરવેશ બંધેને એકસરખી રીતે મજાહ કરતાં જોવાની છે, માટે અમારી દાદે પોંહોં-ચવું જોઇયે."

મોબદનું નામું વાંચીને આ વાતથી પાદ-શાહ ઘણોજ હશીને ખુશી થયો. પછી એ બાબે શંકલ રાજા ઉપર હીંદુસ્તાન ખાતે એક નામું લખ્યું, તેમાં લખ્યું કે ગાણું ગાવામાં અને વજંત્ર વગાડવામાં ઉસ્તાદ હોય એવાં ઓરતો અને મર્દો મળી ૧૦૦૦૦ રામ-શગર લોકોને અત્રે મોકળી દેજો, કે જેથી મારી બાકી રહેલી મોરાદ તમોએ હાંસલ કરી આપેલી ગણાશે, અને તેનો ઉપકાર મા-ન્યામાં આવશે."

નામું વાંચીને શંકલ રાજાએ પાદશાહના લખ્યા મુંજબ જલદીથી રામશગરોને મોકલી આપ્યાં, તેવારે બેહરામગુરે તે મધેના દરેક જણને એક બલદની જોડ અને એક ગધેડાં-ની જોડ આપી, અને બીયાંને સારૂં ઘઉંની એક હજ્જાર ખલી જોડે ખેતીવાડી કરવાની જમીન આપી એવો હુકમ કીધો કે જેમ તવંગરોની આગળ ગાયણ થાયછે તેમ દુરવે-શોની આગળબી ગાયણ કરે, કે જેથી તેઓ-નેબી તવંગરોનાં જેવો ગાયનનો લાભ મળે. રામશગરોએ હુકમ પ્રમાણે સઘળા મુલુકોમાં ગાયન કીધું ખરૂં, પણ તેઓ ખેતી કરી ખાવાને બદલે પેલા બલદ અને ઘઉં એક વરસમાં ખાઈ જઇને પાદશાહની હજુર આવી દીલ-ગીર થઇને ઉભા રહ્યાં, ત્યારે પાદશાહે કહ્યું કે બલદ અને ઘઉં તમોને ખેડણી વાવણી કરીને ખાવા આપેલા તેને તમે મુદલ ખાઈ ગયાં તે ખોટું કામ કીધું છે, માટે હવે તો તમો ગધેડાં ઉપર સામાન લાધજો, અને ગાયન કરી ખેડી ખાવાનું તમોને મુશકેલ કામ લાગે છે, માટે રેશમ કાંતી ખાવાનું સેહેલું

કામ કરજો.'' બેહરામગુરના પાક કલામથી (શ્રાપથી) ગાયણુ કરનારાં લોકો હજુ સુધી દુનીયામાં ભટકતાં ફરીને ગુજરાણુ ચલાવવાનો ઇલાજ શોધેછે.

બેહરામ ગુરના વખ્તમાં કુતરાં અને વરૂ સાથે મળીને એક માર્ગમાં ચાલતાં હતાં.

પાદશાહનું મરણ.

નવાં વરસને દહાડે વજીરે આવીને બેહરામ ગુરને જાહેર કીધું કે "પાદશાહી ખજાનો બધો ખાલી થઈ ગયો છે, કારણકે મલુકોની ખંડણી લેવાતી છોડી દીધી છે તેથી આ ખોટ પડી છે, તે પુરી પાડવાને હુકમ ફરમાવવો જોઇયે છે."

બેહરામે જવાબ દીધો કે :—"તું ઉતાવલો ના થા; તેમ કીધાથી તો મારી સઘળી હાજત પુરી પડી છે. જેહાનમાં જે ચીજ પેદા થઇછે તે ફના થવા વીના રેહેવાની નથી, તેવારે આપણા હાથમાં આવેલી ચીજ નેક માર્ગે ખરચીયે તો ખોદાતાલાનો હુકમ બજાવ્યા બરાબર ગણાય."

બીજે દીવસે બામદાદે દાનાઓએ જે ગોઠવણ કરવાની હતી તે કીધા પછી તમામ લશ્કર પાદશાહની આગળ હાજર થયું, જેની હજુરમાં બેહરામ ગુરે પોતાનું તાજ અને તખ્ત પોતાના દીકરા યજદેજર્દને હવાલે કીધું; કાંયજે તેનો વખ્ત ખોદાની હજુર જવાનો આવી પુગેલો હતો. જ્યારે એ રીતે તે હક થયો ત્યારે તે ખબર મોબેદે બામદાદમાં જાહેર કરવાથી યજદેજર્દ અને સરદારો આવી કેહેવા લાગા કે ઇરાનનાં તખ્ત ઉપર ૫૦) પચાશ કેયાની પાદશાહો થઇ ગયા પણ સખાવતમાં, ઇનસાફમાં અને બુજોર્ગીમાં જોરાવર અને અકલમંદ બેહરામ ગુર જેવો કોઇ પાદશાહ થઇ ગયો નથી. લોહોડાંના પાહાડનેબી બેહરામ ગુર તીરથી વીંધી નાખતો હતો, તેથી અમીર લોકો તેને રૂસ્તમને નામેબી ઓળખતા હતા.

યજદેજર્દે અને તમામ લશ્કરે ૪૦ દીવસ સુધી સોગ પાળવા કપડાં કાળાં રંગનાં પેહેરેલાં હતાં.[1] જેવારે બેહરામ ગુર દુખમે ચઢયો[2] તેવારે તે પોતાની સખાવતને સાથે લઇને ગયો હતો.

---

૧ આ ઘણું નવાઇ જેવું છે કે બેહરામ ગુરનાં મરણનો સોગ તેના બેટાએ અને પ્રજાએ કાળો પોશાક પેહેરીને પાળ્યો હતો. જરતોસ્તીઓમાં જેમ શાદી તેમજ ગમીને વખ્તે સફેદ પોશાક પેહેરવાનો રવૈયો આજસુધી ચાલુ છે તે ઉપલા દાખલા પછી પાછલથી પડેલો સમજાય તો અજબ થવાનું નથી. ઇરાનમાં આ વખ્તે ખ્રિસ્તીઓની વસ્તી હતી ખરી, પણ તેઓની રાહરસમે કશો જીવ જેવો પગપેશારો કીધેલો ન હતો, માટે નવા પાદશાહે આ રીતે કાળાં કપડાં પેહેરીને બાપનો સોગ પાળવાનો જો નવોજ રેવાજ દાખલ કીધો હોય તો તેનું મૂળ તેણે શા ઉપરથી મેળવેલું હશે તે સમજી શકાતું નથી.

૨ બેહરામે કેટલાં વરસ રાજ્ય કીધું તે ફિર્દુસી જણાવતો નથી. તેનો અમલ ૪૨૦ થી ૪૪૦ સુધી યાને ૨૦ વરસ ચાલ્યો હતો, એવું તેના સિકકાઓ ઉપરથી જણાય છે. તેના અમલમાં રૂમીઓ સાથ લડાઈ થવા જોડે બીજો જાણવાજોગ બનાવ આર્મીન્યા ઇરાનને સ્વાધીન પુરેપુરૂં થવાનો બન્યો હતો (ઇસ્વી ૪૨૮).

બાબ ૬.

બેહરામ ગુર પછીના પાદશાહો.

—:o:—

યજદેજર્દ ૨ જો.

યજદેજર્દે તખ્ત ઉપર બેસીને બુજોર્ગ મોબેદો તથા સરદારો અને લશ્કરને બોલાવી કહ્યું કે "જે પાદશાહ બદીને છોડી દેશે તે પાદશાહ દુશ્મનોના કીના કપટથી અમનમાં રેહેશે. જેવારે પાપ કરવા ઉપર આપણું મન થાય તેવારે એમ જાણવું કે નેક માર્ગ ઉપરથી ભુલથાપ આપીને દેવ આપણને બદમાર્ગ બતલાવે છે. સારા ગુણ અકલમાંથી પેદા થાય છે. જે સારાં કામ કરશે તે બદીથી ખુવાર થનાર નથી. અગર તું કોઇના ઉપર નેકી કરે તો તેને બોલ મારી દીલગીર ના કરતો કે મેં તારે વાસ્તે તેમ કીધું."

આ પાદશાહે ૧૮ વરસ સુધી નેકનામી સાથે પાદશાહી ભોગવી,[1] અને પછી તે પોતાના નાઘલા દીકરા હોરમજદને હવાલે કરીને દરબારીઓને કહ્યું કે "પીરોજ વડો દીકરો છે, પણ તેનામાં હોરમજદના જેટલું ડાહાપણ નથી." એમ કહ્યા પછી સાત દીવસ જીવીને તે મરણ પામ્યો.

હોરમજદ.

જેવારે હોરમજદ તખ્ત ઉપર બેઠો તેવારે પીરોજને[2] અદેખાઇ આવી. આથી તે હતીઆલના પાદશાહ ફગાનીસની આગળ ગયો; અને ખજાનો, લશ્કર અને કેટલાએક સરદારોને સાથે લઇ જઇને તેણે મદદ માંગી કે મારા બાપ યજદેજર્દે બેઇનસાફીથી હું વડા દીકરાને બદલે નાઘલા દીકરા હોરમજદને પાદશાહી આપી છે, માટે મને કુમક સારૂં લશ્કરની મદદ આપ."

ફગાનીસે કબુલ કરીને કહ્યું કે "આ કામમાં મદદ કરવી મને સજાવાર છે." તેણે ૩૦૦૦૦ લશ્કર આપ્યું[3] તે લઇ પીરોજે હોરમજદ સાથે લડાઇ કરી સેહેલાઇથી તેને કેદ પકડી લીધો. પીરોજને હોરમજદના ઉપર દયા આવી તેથી તેનો હાથ પકડી ઘોડા ઉપર બેસાડી અયવાનમાં મોકળી દીધો. આ ઉપરથી હોરમજદ

---

૧ યજદેજર્દ બીજાનો અમલ (ઇસ્વી ૪૪૦ થી ૪૫૭) ૧૭ વરસનો હતો, જે દરમયાન ઘણાએક અગત્યના બનાવો બન્યા હતા. યજદેજર્દ પોતાના બાપ જેવોજ બહાદુર હતો. રૂમીઓ સાથે તેના બાપે કરેલી સુલેહની શરતો તેને પસંદ નહિ આવ્યાથી યજદેજર્દે લડાઈ ઉઠાવી, અને રૂમી શેહનશાહે લડાઈમાં નહિ ઉતરતાં સુલેહ કીધી, પોતાના સરદારને પાદશાહની દરબારમાં મોકલાવી તેના પગ ઉપર માથું મુકાવી લાંબાં વરસો સુધી સુલેહ જાળવી રાખવાની ઓજરખ્વાહી કરી, જે યજદેજર્દે કબૂલ રાખી. આ પછી પેલાજ હયતલી જંગલી—તુરાની—લોકોએ ઇરાનની ઉત્તર સરહદ ઉપર દરોડા પાડયા, જે ઉપરથી પાદશાહે આઠ વરસો સુધી તેમની જોડે લડાઈ ચાલુ રાખી તેઓને આજેજ કીધા. બીજી તરફથી આર્મિન્યામાં ખ્રિસ્તી ધર્મ બહુ ફેલાયલો હોવાથી ત્યાંના ખ્રિસ્તીઓ અને જરતોશ્તીઓ વચે જબરી લડાઇઓ ચાલી અને બહુ ખૂન રેડાયું. આ ધર્મ સંબંધી લડાઇ દરમયાન ખ્રિસ્તીઓએ રૂમી શેહેનશાહની મદદ માંગી, પણ તે તેણે આપી નહિ, જેથી અંતે તેઓ આજેજ થયા અને ખ્રિસ્તી થયલા જરતોશ્તીઓએ પાછો પોતાના બાપદાદાનો અસલ મજહબ એખ્તિયાર કરવાથી સુલેહ થઈ અને સમાધાની પંથરાઈ.

૨ પીરોજને યજદેજર્દે સીસ્તાનની હાકમી બક્ષીને દૂર કહાડયો હતો.

૩ ફગાનીસે પ્રથમ તો પીરોજને પોતાની દરબારમાંજ રાખ્યો, અને જ્યારે ઈરાની સરદારોએ તેને તખ્ત લેવાનું નોતરૂં દીધું ત્યારે યજદેજર્દને ગુજરી ગયાને બે વરસ થઈ ગયાં હતાં.

બોલ્યો કે "હું ખોદાના શુકરાના કરીને કહું છું કે મારો બાપ પીરોજને પાદશાહી આપતે તો તે ઉપર હું રાજી રેહેતે. પણ ખોદાએ અંતેબી તે તેનેજ આપી છે."

આ વાત સાંભળી પીરોજ વધારે ખુશી થયો.

પાદશાહ પીરોજ

પીરોજ તખ્ત ઉપર બેસીને બોલ્યો કે "જો મારી ઉંમર લાંબી હોય તો નાધલાનો દરજ્જો નાધલો અને મોટાનો મોટો અકલની રીત પ્રમાણે જાળવી રાખીશ, કે જેથી મારો દરજ્જોબી ચહડતો જશે. માણુસને નરમ સ્વભાવ રાખવો જોઇયે. તેજી હલકાઇ રાખવાથી ખોવાર થવું પડે છે. અકલની ઇમારતના થામ સખાવત અને ઇનસાફ છે, કે જેના આશરામાં આરામ સાથે બેસી શકાય છે. દીલેરી અને જોરેમંદી કરતાંબી ઘણા સારા ગુણ શીરીન જુબાનથી નરમ સખુન બોલવામાં છે.

સાત વરસનો ભયંકાર દુકાળ.

પીરોજે કેયાનીઓનું તખ્ત છોડીને મર્વ શેહેરમાં પોતાની રાજધાની કીધી હતી. એક વરસ તેણે પાદશાહી દાદ ઇનસાફથી કીધી તેટલામાં તો દુકાળ પડયો તે ૭) વરસ સુધી ચાલુ રહ્યો. એ મુદ્દતમાં વરસાદ નહી વરસવાથી હવા એવી તો સુકાઇ ગઇ, કે માણુસોની તનદરોસ્તીનો બીગાડ થઇ પડયો. ઇનસાન અને ચોપગાં એટલાં બધાં મરવા લાગાં કે જમીન ઉપર પગ મેળવાની જગા ખાલી નહી રહી. તેની દરમયાન પીરોજે અચરત થઇને જમીનનું મેહેસુલ અને જજીયો લેવાનો કરબી છોડી દીધો, અને જે જે શેહેરોમાં પાદશાહી અનાજની વખારો હતી ત્યાં ત્યાંનાં લોકોને તે બક્ષી દીધી, અને શેહેરે શેહેર મનાદી કીધી કે જેઓની પાસે અનાજના ગલ્લા અથવા ગાવ ગોસ્પંદોનાં ટોળાં હોય તેઓએ નીરખ બાંધ્યા પ્રમાણે પીરોજ પાદશાહના ખજાના મધેથી દીરમ લઇને લોકોને વેચાતાં આપવાં, કે જેમ કીધાથો લોકો ભુખે નહી મરે. અગર કોઈ ખાધા વીના ભુખે મરી ગયલો માલુમ પડશે તો જે કામદારોને અનાજ વેંહેંચી આપવાનો હવાલો આપેલો છે તેઓને જાનથી મારી નાખવામાં આવશે; કાંયજે તેઓએ તેમ થવા દઇને યજદાનનાં કામનો બીગાડ કીધેલો ગણાશે."

પછી પાદશાહે હુકમ કીધો કે "દરેક શેહેરના સર્વે ખાસોઆમ લોકોએ ઘરબાર છોડી દઇને પાહાડો ઉપર અથવા બીયાબાનમાં નીકળી જવું અને બંધે હાથે ખોદા પાસે માફ માંગીને દુઆ ચાહાવી કે વરસાદ આવે."

તે પ્રમાણે કીધાથી સાત વરસે ફરવરદીન મહીનામાં વરસાદ પડયો અને સર્વે વાતની આબાદાની થઇ. તેવારેજ પીરોજ પાછો તખ્ત ઉપર બેઠો; કાંયકે દુકાળનાં વરસોમાં તખ્તનેબી તેણે તજી દીધું હતું. પછી "પીરોજરામ" નામનું એક અને "બાદાન પીરોજ" નામનું બીજું મળી બે શેહેરો તેણે વસાવ્યાં. બાદાનને હાલમાં અર્દબીલને નામે ઓળખે છે.

તુરાનીઓ સાથ લડાઇ—ખુશનવાજનો દગો.

પીરોજે હોરમજદની સરદારી નીચે લશ્કર જમા કરીને તુરાન ઉપર ચહડાઇ કીધી,[1]

૧ આ ચહડાઈ આગમજ તો પીરોજને તુરાનીઓ સાથ બે મરતબે લડાઈ થઈ ચુકી હતી, અને તે બંનેમાં ઇરાનીઓને ખમવું પડયું હતું, એમ રૂમીઓ જણાવી જાયછે. તેઓ મુજબ એકવાર પાદશાહને પોતાની બેટી તુરાની પાદશાહની રાણી દાખલ આપવી પડી હતી, અને બીજીવાર તુરાની પાદશાહને નમસ્કાર કરવાંની તેને ફરજ પડી હતી. તુરાનીઓ ઉપરના આ કેહરને લીધે આર્મિન્યા અને બીજા પ્રાંતો ખાતે ચાલતી લડાઈઓમાં મળેલી ફતેહોને અધુરી નાખીને પાદશાહે ત્યાંથી સરદારોને બોલાવી મંગાવી તુરાનીઓ સાથ ત્રીજી મરતબે છેડતી શોધી હતી. પીરોજની પહેલી લડાઇ તુરાનીઓએ ખંડણી નહિ આપવાથી બરપા થઇ હતી.

ત્યારે કોબાદ શાહજાદોબી તેની સાથે હતો. પોતાના બીજા બેટા શાહજાદા પલાશને પાયતખ્ત જાળવવા ઇરાનમાં રાખીને તેને મસલહત આપવા સારૂં સુર્ખવાન નામના ધનવાન પાર્સીને સોંપી આપ્યો. જીહુન નદી, જ્યાં બેહરામ ગુરે ઇરાન અને તુરાનની હદ કાયમ કરેલી હતી, તેને કાયમ નહી રાખતાં પાદશાહે નદી પસાર કરી એક મીનારો સામે કાંઠે બાંધી એવો દાવો કીધો કે આ મીનારો બેહરામ ગુરની કીધેલી હદની નીશાની છે; યાને મીનારા સુધી ઇરાનની હદ છે. આ વેળા તુરાનનો પાદશાહ ખુશનવાજ નામનો હતો, તેને આ વાતની ખબર થઈ કે પીરોજ બેહરામનો કોલ તોડીને આગળ વધવા માંગે છે, જે ઉપરથી ખુશનવાજે પીરોજ ઉપર નામુ લખી જણાવ્યું કેઃ—"તારા નીયાગાનોની એવી રીત નથી કે કોલકરાર કરીને પાછલથી ફરી જાય; પણ તુંએ બેહરામ ગુરનો કોલ તોડેલો છે તેથી તુંને કોઇ તે નીયાગાનોની ઓલાદનો છે એમ નહી કેહેશે. હવે મારેબી કોલ તોડીને તલવાર પકડવી પડશે."

એવું લખી કેટલોક હદીયો સાથે આપી ખુશનવાજે એક શાહનસવાર મોકળ્યો. પીરોજે તેનું આ નામું વાંચીને જવાબ લખ્યો કે "બેહરામ ગુરના ચકનામા મધે તો તુરાનની નદીની હદ લખેલી છે. તેની આગળ ચાલીને જીહુનની નદી સુધીનો મુલુક તારોજ છે એમ સમજતો હોય ત્યારે તો લશ્કરની તૈયારી કરીને આવ."

આવા જવાબથી ખુશનવાજ દીલગીર થઇને લશ્કર લઇ પીરોજની સામે આવી ઉભો, અને બેહરામ ગુરનાં લખી આપેલાં હેદનામાંની નકલો, જેમાં જીહુન નદીની હદ લખેલી હતી તે, પોતાનાં લશ્કરના સવારોના ભાલા સાથે બાંધીને નીશાન બતલાવી. પછી એક બુજોર્ગ સરદારને પીરોજ પાસે મોકલી તેણે કેહેવડાવ્યું કે "તારા વડવા બેહરામ ગુરનાં હેદનામા સવારોના ભાલાને મથાળે લટકાવીને લાવ્યો છું, એવી મતલબથી કે દાના સરદારો તે જોઇને બેહરામ ગુર કેવો દાદગર હતો અને તારી કેવી બેદાદી છે તેનો વીચાર કરે, અને તારી ઉપર નફરીન કરી મારી આફરીન કરે. બુજોર્ગોના કોલથી બેવચન થઇને ખોટી લડાઇ કરવાને તેં પોતે છેડતી કીધેલી છે તેથી તુંને ફતેહ કદીબી મળનાર નથી; માટે હજુબી તું વાજબી માર્ગે નહીં ઉતરશે તો હવે પછી હું વધારે કાલાવાલા કરવાને બદલે ખોદાનો આશરો લઈ લડવાને તૈયાર છું, એમ સત જાણજે."

આ જવાબ સાંભળી પીરોજ ગુસ્સામાં આવી વચમાંવાળા પેગામ લાવનાર સરદારને કેહેવા લાગ્યો કે :—"વધારે બોલવું શાણા માણસનું કામ નથી, માટે ખુશનવાજને એવું કેહેવું કે જો તું ચાચથી આગળ ચાલીને નદી ઉપર પગળું મેળશે તો ભાલાની નોકથી તુંને મુબારકબાદી આપીશ."

એલચીએ ખુશનવાજને કહ્યું કે "પીરોજ ખોદાનો ખોફ રાખી જવાબી જવાબ દેતો નથી, પણ લડાઇ શોધે છે." આથી ખુશનવાજે દીલગીર થઇ, ખોદાની મદદ ઉપર ભરોસો રાખી, પોતાનું લશ્કર તૈયાર કીધું, અને તેની આસપાસ ફરતી ખાહી ખોદાવી, અને તે ખાહીને મથાળેથી પુરી જમીનને બરાબર સરખી કરી રાખી. પછી ખુશનવાજ સમરકંદથી પોતાનું લશ્કર આગળ ચલાવી આવ્યો.

બીજા હાથ ઉપરથી પીરોજનું લશ્કર ધસી આવી મુકાબેલ થયું. આથી બંધે બાજુથી તીરનો વરસાદ એવો તો વરસ્યો કે જેથી માણસોનાં લોહીની નદી વેહવા લાગી. ખુશનવાજ પીઠ દઇ પાછો ફરી ખાહી પસાર કરી નીકળી ગયો. તેનો પીરોજે દુંબાલો પકડયો, પણ માર્ગમાં પેલી ખાહી જે કપટ કરીને મથાળેથી બાંધી લીધેલી હતી તેની અંદર કેટલાએક સરદારોની સાથે તે તુટી પડયો. જેઓ તેમાં પડયા તેઓમાં પીરોજ પોતે, પીરોજનો ભાઇ હોરમજદ, પીરોજનો દીકરો કોબાદ, અને બીજા પાદશાહી કુટુંબના ચાર

નામદારો મળી સાત બુજોર્ગો, અને કેટલાએક સરદારો સાથે કેટલુંએક લશ્કર પણ હતું.

ખુશનવાજ઼ે ખુશી થઇને ખાહીનાં માથાં ઉપર આવી જેઓ જીવતા હતા તેઓને તે મધેથી બાહેર કાહાડયા. સાત પાદશાહી ખાનદાનવાળા મધેથી એકલો કોબાદ જીવતો નીકળ્યો, અને બાકીના મરણ પામેલા હતા.[1] તુરાની પાદશાહ કેટલાએક ઇરાનીઓને કેદ પકડી લઇ ગયો અને તમામ લશ્કરને તારાજ કરી નાખ્યું, તથા ખાહીમાં મરણ પામેલાં લશ્કરનો સઘળો અસબાબ ઘસડી લઈ ગયો. કોબાદના પગમાંબી લોહોડાંની બેડી નાખીને તુરાન લઇ ગયા હતા. આ આફ઼તની ઇરાનમાં પીરોજના બીજા દીકરા પલાશને ખબર થવાથી તેણે માતમ કીધી, તે સાથે તમામ ઈરાનીઓએ સોગ પાળ્યો, અને પાદશાહ કોણને કરવો તે વાતનો વીચાર કરવા લાગા.

1 પીરોજનો અમલ (ઇસ્વી ૪૫૭–૪૮૪) ૨૭ વરસનો હતો.

ભાગ ૭.

કોબાદ ૧.

——:o:——

ફસલ ૧—પલાશની પાદશાહી.[1]

મોબેદો અને લશ્કરી સરદારોએ આવી પલાશને કેટલોએક નસીહત કરીને તખ્તે બેસાડયો. તેવારે તે શાહજાદાએ ટરિનીઓને પોતાના આ વચનો કહી સમજાવ્યા :—"મારી અક્કલ રોશન હોશે તેવારેજ તમોને મારી આગળ બુજોર્ગી મળશે. દુનીયામાં જેઓ નેકી કરે તેઓને તેમ કરવાને ઉત્તેજન આપવું જોઇયે, અને બદી કરે તેઓને તેમ કરતાં અટકાવવા જોઇયે. પાદશાહની સાથે બેઅદબીથી બોલવું નહી જોઇયે. અગર પાદશાહની ભુલ હોય તો અદબથી તે સુધારવાની કોશેશ કરવી જોઇયે, કારણકે પાદશાહનો મીજાજ કોઇ વખ્તે ઝેર જેવો થઇ જાયછે, તેને ઠેકાણે લાવી મીઠાશ ભરેલો કરવા તમારી દાનાઇનું પાવઝેર કામે લગાડવું જોઇયે. અગર બદ મીજાજથી પાદશાહ ગુસ્સામાં આવેલો હોય, તેને નેક વીચારના જવાબ નહી આપતાં પાદશાહ બોલે છે તેજ ખરી વાત છે એવી તારીફ કરીને મીજાજને સંભાળી ધીરજથી વાત ઠેકાણે લાવવી જોઇયે. આ નસીહત પ્રમાણે ચાલશો તો પાદશાહથી સુખ ભોગવશો."

આ વચનો સાંભળી સરદારોએ આફરીન કીધી.

તુરાની પાદશાહ ઉપર નામું.

પીરોજ જેવારે ખુશનવાજ સાથે લડાઇ કરવા ગયો તેવારે તે પલાશ (પોતાના દીકરા) ને ઇરાનમાં રાખી તખ્તની સંભાળ રાખવાનું સુફ્રજાયને[2] સોંપી ગયો હતો. આ સુફ્રજાય શીરાજનો સેનાપતી અને જાબુલસ્તાન, બોસ્ત, ગજની, અને કાબુલસ્તાનનો મોટો જમીનદાર હતો. તેણે પીરોજ, હોરમજદ, કોબાદ અને બીજા શાહજાદાઓ વગેરેની હલાકીની ખબર થવાથી સોગ પાળીને વીચાર કીધો કે પલાશ જવાન છે તેથી તેનાથી ખુશનવાજ પાસેથી કીનો લઇ શકાવાનો નથી. એટલા માટે સુફ્રજાયે ૧૦૦૦૦૦) લશ્કર જમા કરીને ખુશનવાજ ઉપર એક પત્ર લખી મોકલ્યો, તેમાં લખ્યું કે :—"અરે બેવફા ! બેહરામ ગુરના નબીરાને બીન તકસીર તુંએ મારીને તેનાં કુટુંબને હલાક કીધું છે અને નવો કીનો દુનીયામાં જાહેર કીધો છે, તે કદીબી ભુલી જવાશે નહી. જેવારે પીરોજ લશ્કર લઇને આવ્યો, તેવારે કુતરાંની પેઠે ચાપલુસી કરી તેની આગળ કાંય નહી ગયો ? તારા બુજેર્ગોનો મુલક ઇરાનના બુજોર્ગોથી જળવાતો હતો. તારો દાદો બેહરામ ગુરની આગળ ગુલામ તરીકે રેહેતો હતો. હાલમાં તુંએ જે બેવફાઇ કીધી છે, તેના બદલામાં જફાની તલવાર તુંને બતલાવવા સારૂં જાબુલસ્તાનથી લશ્કર લઇને હું મર્વમાં આવેલો છું. તું જે કાંઇ માલમતા લુટી ગયો છે તેનો તથા ઇરાનના કેદીઓ પકડી ગયો છે તેનો ખુલાસો કરી લેઉંછું, અને તારા મુલકને તારાજ કરી, તથા તારાં કુટુંબને બાળી નાખી, તારા દીકરાનેબી તુરાન નહી આપતાં મર્વ સાથે જોડી નાખુંછું. તલવારે તારૂં માથું કાપી નાખીને પીરોજનો

---

૧. પલાશ પાદશાહ પીરોજનો બેટો નહી પણ નાનો ભાઈ હતો. તેનો અમલ (ઇસ્વી ૪૮૪–૪૮૭) ત્રણ વરસનો હતો, જે દરમયાન તેને હાથે અનેક અપકીર્તિ ભરેલાં કામો થયલાં રૂમી અને અર્માની લખનારાઓ જણાવી જાયછે, જે માનવા સરખાં નથી.

૨. આગળ આ અમીરનું નામ આપણા શાયરે સુર્ખવાન કરી આપ્યું છે. જુઓ સફે ૯૮.

કીનો લેવાજ હું આવ્યોછું, તે તુંને લખી જણાવુંછું."

આ સુફ્રજાયનું લખેલું નામું ખુશનવાજે વાંચી તેનો જવાબ લખ્યો કે:—"યજદાંપરસ્તીને લાયક નથી કે આગળા પાદશાહોનાં કીધેલાં તેહનામાને તોડે. પીરોજે તેમ કીધું તેવારે અમે તેને આજેજી કરીને કેહેવડાવી મોકલ્યું કે બેહરામ ગુરના ઠેરાવ પ્રમાણે તું ચાલ; પણ તેમ નહી માનતાં લશ્કર લાવી લડાઇ કીધી અને તેમાં તે શીકસ્ત પામ્યો. તારે લડવું હોય તો આવ, હું લશ્કર સાથે તેયાર છું."

તુરાનની શીકસ્ત—કોબાદનો છુટકારો.

સુફ્રજાયે લશ્કર સાથે કસમીહનમાં આવીને છાવણી નાખી, અને ખુશનવાજ બીકંદનાં મેદાનમાં લડવાની જગા મુકરર કરી ઉભો રહ્યો; જ્યાં સુફ્રજાયે જઇ લડાઇ શરૂ કીધી. આસ્માન ઉપર તીરનાં પીછના ઝુમખા જાણે અબીલ પક્ષી ઉડતાં હોય તેમ જાતા હતા, અને જમીન ઉપર લોહીની નદી જેવું લાગતું હતું. આખરે આ લડાઇમાં ખુશનવાજની હાર થઇ. તેનું લશ્કર પીઠ દઇને નાસવા લાગું, તેની પુઠે સુફ્રજાયે ધસારો કરી ઘણાં લશ્કરને કતલ કરી ઘણાએક સીપાહીઓને કેદ પકડી ઘણીએક લુટ કીધી; પણ ખુશનવાજે નાસીને કોહનદેજ નામના કીલ્લામાં આશરો લીધો.

સુફ્રજાય બીજે દીવસે લશ્કર સમારીને કીલ્લા ઉપર ચહડી જવાની ગોઠવણ કરતો હતો તેટલાંમાં ખુશનવાજે કીલ્લામાંથી એલચીઓ મારફતે તેનાં ઉપર કેહેણ મોકલ્યું કે "પીરોજે બેહરામ ગુરનો વચન તોડયો તેથી આ બધી ખુનરેજી થઇ છે; માટે હવે જે બનાવ બનવાનો હતો તે બની ચુકો છે, તેથી ખુનરેજીની લડાઇ બંધ કરવા સારૂં મારા જવાન એલચીને દોજખમાં (તારી આગળ) મોકલુંછું, અને કેહું છું કે પીરોજની જે કંઇ માલમતા અત્રે છે તે અને ઇરાની જે બંધવા છે તે લઇ ફતેહમંદી સાથે ઇરાન પાછા ફરવાનું પસંદ કર, અને ઇરાનની હદ જીહુન નદી સુધી બેહરામ ગુર પાદશાહે કરી આપેલી છે, તે નદી પછીનો તુરાનનો મુલુક અમારો છે, તે કાયમ રાખ."

આ વાત સાંભળીને લશ્કરી સરદારો સાથે વાત કરતાં સુફ્રજાય બોલ્યો કે "કોબાદ પીરોજનો દીકરો અને તખ્તનો વારેસ છે તેથી તે જો કેદમાં નહી હતે તો મોબેદાન મોબેદ (વડો વજીર) અર્દેશીર કેદી છે તેનીબી દરકાર નહી રાખતાં તુરાન જમીનને પીરોજના કીનામાં પાયમાલ કરવા વીના હું રેહેતે નહી; માટે બેહતર એજ છે કે ખુશનવાજના માંગવા પ્રમાણે સલાહ કરવી."

પછી એલચીઓ સાથે સંદેશો મોકલ્યાથી કોબાદને અને મોબેદાન મોબેદ અર્દેશીરને બીજા બંધવાઓ સાથે છોડી મેલ્યા, અને જે ઇરાનીઓની લુટ લીધેલી હતી તે બીલકુલ પાછી આપી. તેવાર પછી સુફ્રજાય કોબાદ તથા અર્દેશીર અને બીજા બંધવાઓ તેમજ લુટેલો માલ સર્વે લઇને ઇરાનમાં પાછો ફર્યો, અને એક જશન કરીને પલાશની પરવાનગી લઇ ઇરાનનાં તખ્ત ઉપર કોબાદને બેસાડયો. આ ફતેહમંદ કામ માટે સર્વે ઇરાનીઓએ સુફ્રજાયને શાબાશી આપી, તથા રામશગરોએ તેની બહાદુરી વીશે ગાયણ ગાયાં. કોબાદે અસ્તખરમાંથી મદાયનમાં જઇ ત્યાં પોતાની રાજધાણી કીધી.

ફસલ ૨—કોબાદની પેહેલી પાદશાહાત.

કોબાદે તખ્તે બીરાજી દરબારીઓ તથા રૈયતોની મજલસને આ મુજબનો બોધ દીધો:—"બુજોર્ગ તેને જાણવો કે જે જુઠું નહી બોલે, બક્ષીશ કરે, કીનો નહી રાખે, લોભથી દુર રેહે, વાજબી ઇનસાફ આપે, કામમાં શીતાબી નહી કરે. તવંગર હોવા છતાં જે ઘણી સખાવત નહી

કરે તેને ભીખ માગનારા કરતાંબી કંગાલ જાણવો. માલે ગરીબ હોવા છતાં જે તવંગરીનું ડોલ દેખાડે તેને દેવાનો જાણવો. જે પોતાની એબને ઓળખતો હોય તે કોઇની એબ જાહેર નહી કરી શકે. ધીરજ અકલને મજબુતી આપે છે, ઉતાવળ અકલને ગુમ કરેછે. સંતોષી સદા સુખી રેહેછે, લોભી સદા દુઃખી હોયછે."

સર્વે અકાબરોએ આ સખુનો સાંભળીને કોબાદની ઉપર દોઆ કીધી. આ વેળા આ જવાન પાદશાહની ઉમર ૧૬ વરસની હતી, તેથી તેની પાદશાહીનો વહીવટ સુફ્રજાય ચલાવતો હતો.

વજીર સુફ્રજાયનું ખુન.

કોબાદની ૨૩ વરસની ઉમર થઇ તેવારે સુફ્રજાય પાદશાહની રજા લઇને પોતાની શીરાજની હાકમી ઉપર ગયો. તમામ પાર્સ તેના હુકમને માન આપતું હતું. તે એવું કેહેતો હતો કે "કોબાદને મેં પાદશાહી અપાવેલીછે, માટે જે કોઇ મારી વીરૂધ પાદશાહની આગળ બદગોઇ કરેછે તેને તે ગાળ દઇને કાહાડી મેલેછે."

તમામ અમીરો પાસેથી સુફ્રજાય ખંડણી લેતો હતો અને મુલક ઉપર પોતે પાદશાહી ચલાવતો હતો. કોબાદ તો ફક્ત તાજ તખ્તનો ધણી કેહેવાતો હતો. આથી કોબાદને સર્વે અમીરો જેઓ તેનાં દીલને એકમળતા હતા તેઓ કેહેવા લાગ્યા કે તારી પાસે ફક્ત તાજ અને તખ્ત છે, મગર લશ્કર, ખજાનો અને મુલકની ઉપર હુકમ તો સુફ્રજાય ચલાવેછે."

આથી કોબાદને ક્રોધ લાગો, પણ તેણે વીચાર કીધો કે સુફ્રજાય ઉપર લશ્કર મોકળવું ઠીક પડતું નથી, કારણકે સઘળું લશ્કર અને ખજાનો તેને તાબે છે. દાનેશમંદ વજીરોએ તેને દીલાસો દીધો કે "હજુ તારી તાબેદારી કરી લડનારા ઘણા છે, તેમાં એક શાપુર રાજી તે રએનો હાકમ છે, જેને સુફ્રજાય સાથે અદાવત છે; તેને જો હુકમ આપશે તો સુફ્રજાયને તે હલાક કર્યા વીના રેહેશે નહી."

આ વાત ઉપર ભરૂસો રાખીને કોબાદે એક દાનેશમંદને મોકલી શાપુરને શીકારબાજીને બાહાને મદાયનમાં બોલાવ્યો. જેવારે તે લશ્કર લઇને હાજર થયો તેવારે કોબાદે તેને કહ્યું કે "હું તો નામનોજ પાદશાહ છું, મગર પાદશાહી તો સુફ્રજાય કરે છે, માટે તેની કારસાજી કરવી જોઇયે."

શાપુરે જવાબ દીધો કે "એક નામુ સુફ્રજાય ઉપર લખીને મને આપ કે તે લઈ લશ્કર સાથે શીરાજ જાઉં, એટલે સુફ્રજાયને તાબે થવાની ફરજ પડશે."

કોબાદે નામુ લખ્યું તેમાં લખ્યું કેઃ—"પાદશાહી તું કરે છે, ખજાનો અને લશ્કર તારા હુકમમાં છે, ફક્ત એક તાજને લીધે મને પાદશાહ કરીને તું બોલે છે તે વાજબી નથી, માટે શાપુરને તારી પાસે મોકળ્યો છે."

શાપુર નામુ લઇ લશ્કર સાથે શીરાજ જઈ પુગાની સુફ્રજાયને જેવી ખબર મળી તેવોજ લશ્કર લઇને શાપુરને એસ્તેકબાલ લેવા ગયો. બંધે સરદારો એકબીજા સાથે મળી શેહેરમાં આવ્યા, અને એવાનમાં બેસી નરમ ગરમ વાતો કરવા લાગ્યા. શાપુરે કોબાદનું નામું આપ્યું તે વાંચીને સુફ્રજાય ઘણો દીલગીર થયો, તેટલાંમાં શાપુર બોલ્યો કે "કોબાદે સરદારોની આગળ તારી ઘણીજ નાલેસી કરીને તને બંધવો કરી લઈ જવાને મને ફરમાવેલું છે."

ત્યારે સુફ્રજાય બોલ્યો કે—"કોબાદ નથી જાણતો કે હું જાબુલસ્તાનથી લશ્કર લઇ જઇ તુરાનના કેદખાનામાંથી તેને ખોલાસ કરી લાવ્યોછું, તથા વળી પલાશને તખ્ત ઉપરથી ઉઠાડી પાદશાહીનાં તખ્ત ઉપર તેને મેં બેસાડયો છે? તે છતાં એ સર્વના બદલામાં મારી સાથે લડવા તુંને મોકલીને મને કેદી બનાવવા ચાહેછે તો હું હાજર છું. આજ વખ્તે મારા પગમાં જંજીર નાખ. તે વાતથી ખોદાની અને લશ્કરની આગળ મને શરમ લાગવાની નથી, કારણ કે જેવારે કોબાદ કેદી હતો તેવારે મેં ખોદાના સોગંદ લીધેલા

હતા કે આ લડાઇમાં ફતેહ નહી મેળવું તો મારૂં સર તખ્તની આગળ કુરબાન કરૂં. તેવી રીતે હું ફતેહ મેળવી કોબાદને છોડાવી લાવ્યો છું. હવે તને હુકમ હોય તો મને બંધવો કર."

શાપુરે સુફ્રજાયના પગમાં બેડી ઠોકી તેને બંધવો કરી લઇને કોબાદની આગળ હાજર કીધો, જેણે સુફ્રજાયની આગળી મરદાનગી અને અમુલ્ય નોકરી તરફ કંઇબી વીચાર નહી કરતાં તેને દીવાના માણસોની મીસાલે સખ્ત બંદીખાનામાં મોકલ્યો અને શીરાજમાં તેનો ખજાનો અને લાગતાવળગતા કુંટુંબીઓ હતાં તેઓનેબી મદાયનમાં લાવી કેદ કીધાં.

જરમેહેરની મેહેર—પાદશાહની નાસભાગ.

એક હફ્તો ગુજરી ગયા પછી શત્રુ સરદારોની ઉશ્કેરણીથી પાદશાહે સુફ્રજાયને કતલ કીધો. આ વાત જાહેર થવાથી તમામ ઇરાની સરદારોનાં દીલ ઉભાઇ આવ્યાં. તેઓ પોકાર મારી કોબાદની સામે થવાને તૈયાર થઇ બોલવા લાગા કે—"સુફ્રજાયની મર્દીથી કોબાદનું તખ્ત કાયમ હતું. હવે એ તખ્ત જાળવનાર કોઇ નથી." પછી લશ્કરી લોક તથા રૈયત નાધલાં મોટાં ટોળાંબંધ એક એતેકાદ કરીને કોબાદનાં તખ્ત ઉપર ધસારો કરી ચહડી ગયાં, અને તેને પકડી ઘસડી લઈ જઇને તેના પગમાં બેડી ઠોકી તેને કેદખાને નાખ્યો, અને તેનો નાધલો ભાઇ જામાસ્પ, જેને કોબાદે લાડ લડાવેલો હતો, તેને તખ્ત ઉપર બેસાડયો, અને સુફ્રજાએનો દીકરો જરમેહેર નામનો હતો તેને હવાલે કોબાદને સોંપી આપીને ઇરાનીઓએ કહ્યું કે "તારા બાપ સુફ્રજાયનો કીનો તુંને ગમે તેવી ઇજા દઇ કોબાદ ઉપર લેજે."

પણ જરમેહેરે તો કીનો લેવાને બદલે કોબાદની ખીજમત અને મદારત એવી તો બજાવી કે જેથી કેદી પાદશાહ શરમીંદો થઇ માફ માંગીને જરમેહેરને કેહવા લાગો કે—"મારા દુશ્મનોએ મને ઉંધું સમજાવીને મારે હાથે બદ કામ કરાવ્યું છે, અને મારા પાદશાહી સેતારાને અંધારાંમાં નાખ્યો છે. અગર આ કેદખાનામાંથી છુટીને પાછો તખ્ત ઉપર આવું તો તારી સાથે બદી કરવાથી જે તુંને દુ:ખ થયલું છે તે નેકી કરીને દુર કરી તને સરફરાજ કરૂં"

જરમેહેરે જવાબ દીધો કે "મારા બાપ ઉપર જે ગુજરવાની હતી તે ગુજરી, તેથી મને જે દુ:ખ થયું તે મેં ભોગવ્યું; હવે તો હું તારો તાબેદાર છું. મગર તું એ બાબે વચન આપવા કેહે છે તેમ કબુલ કર."

કોબાદે ઘણોજ ખુશી થઈને વચન આપ્યો, અને પછી જરમેહેરને કહ્યું કે "તારો મને પુરતો આશરો મળ્યો છે ખરો, પણ જો હવે તું મારા બંદ ખલાસ કરે તો મારૂ અંગના ભેદુ પાંચ શખ્સો છે તેઓને જઇને મળું તો મારૂં કામ સમારવાની પેરવી થાય."

મેહરબાન જરમેહેરે તુરત કોબાદના બંદ ખલાસ કીધા અને પોતેબી તેની સાથે શેહેર બાહેર નીકળી ગયો.[1]

---

૧ કોબાદના નાસી જવા આગમજ બે અગત્યના બનાવો બન્યા હતા, જેમાંનો એક રશિયા દેશ તરફથી આવેલા ખજર લોકનો હરેલો હતો, જેમને કોબાદે ખુઆરી સાથ નહસાડયા હતા. બીજો બનાવ મજદક નામે ઠગારાના વચનો ઉપર લક્ષ આપીને ઈરાનમાં તેનો મજહબ ફેલાવાનાં કામને ઉત્તેજન આપવાને લગતો હતો. કહેછે કે એજ કામથી ઇરાની સરદારોએ ઉશ્કેરાઇ કોબાદને પદભ્રષ્ટ કીધો અને તેને સુફ્રજાયના બેટા જરમેહેરના હાથમાં આપી દીધો હતો.

ફસલ ૩—પાદશાહનો બીજો અમલ.

તખ્ત પાછું મેળવવાની ખટપટ.

કોબાદે પેલા પાંચ ભેદુઓને બોલાવી તેઓ સાથે મનસુબો કરીને જરમેહેરને બી સાથે લીધો અને હએતલ શેહેર તરફ નીકળી ગયો. સાતે શખ્સોએ હવાજ શેહેરની પડોસમાં એક ગામડાંમાં એક નામીચાં ઉંચાં કુલના દેહકાન (ગામડાંના શેઠીયા) નાં ઘરમાં વાસો કીધો. ગામડીયાની એક દીકરી ઘણી ખુબસુર્ત હતી તેને જોઇને કોબાદે જરમેહેરની પાસે દેહકાનને કેહેવાડયું કે "તારી દીકરી પરણેલી નહી હોય તો એવા ધણીની સાથે પરણાવી આપું કે જેથી તુંને હવાજની સાહેબી મળશે."

ગામડીયાએ આ વાત કબુલ કરીને જવાબ દીધો કે "મારી બેટી પરણેલી નથી." જરમેહરે કોબાદને મુબારકબાદી આપીને કહ્યું કે "તુંએ જેમ પસંદ કરી તેમ તેબી એ વાતને પસંદ કરે છે." કોબાદે તે છોકરીને બોલાવી સાત દીવસ્ પોતાની સાથે રાખી એક અમુલ્ય અંગોસ્તરી પોતાની પાસે હતી તે તેણીને નીશાન તરીકે આપી.

આઠમે દીવસે કુચ જારી કરી, હએતલના પાદશાહના મુલકમાં જઇને કોબાદે તેની મુલાકાત લીધી, અને ઇરાનીઓએ પોતા સાથે જે બદી કીધેલી તેનો હેવાલ કહી સમજાવ્યો. હએતલના પાદશાહે જવાબ દીધો કે "ખુશનવાજની બદીથી સઘળું દુ:ખ તારી ઉપર પડેલું છે, કે જેથી મારી મદદ લેવાની તુંને ગરજ પડી છે, માટે હું તને લશ્કર આપુંછું, પણ એવી શરતથી કે તને તારી પાદશાહી પાછી મળે ત્યારે ચગાની શેહેર અને તે મધે જે ખજાનો હોય તે મારે સ્વાધીન કરી દેવો. તે ઉપર મારોજ હુકમ ચાલશે."

કોબાદે હસીને જવાબ દીધો કે "ચગાનીની તરફ મારે જોવું બી નહી અને તારે હવાલે કરવું."

આ વાતના બંધે પાદશાહોએ કોલકરાર કીધાથી હએતલના પાદશાહે ૪૦૦૦૦ તલવાર્યું લશ્કર કોબાદને આપ્યું.

નોશીરવાનનો જન્મ.

હએતલથી કોબાદ હવાજમાં આવી પેલા દેહકાનનાં ઘર આગળ ગયો, ત્યારે તેને તે લોકોએ આવીને મુબારકબાદી આપી કે તારે પેટે એક દીકરાએ જન્મ લીધો છે. કોબાદે તેનું નામ ખુસરૂ (કેસરા) કરીને રાખ્યું અને દેહકાનને પુછ્યું કે "તમે કોણની ઓલાદના છો?"

બંધે માટી બૈરે જવાબ દીધો કે "અમો ફરેદુનની ઓલાદનાં છીયે."

કોબાદ આ વાતથી ઘણોજ ખુશી થયો, ને તેઓને પોતાની ઓરતની સાથે લઇને મદાયન તરફ લશ્કર સાથે જઇ પુગ્યો. આ બીનાની ખબર ઇરાનીઓને થવાથી સઘળાઓએ વીચાર કરીને એવો ઠેરાવ કીધો કે લડાઇ કરવાથી ખુનરેજી થશે, માટે કોબાદને તખ્ત પર બેસાડવો. પછી સઘળા સરદારો જામાસ્પ (જે માત્ર ૧૦ વરસની ઉમરનો હતો તે) ને સાથે લઇ કોબાદની આગળ ગયા, તેને એવાનમાં લાવી તખ્તનશીન કીધો, અને જામાસ્પને લશ્કરની સરદારી આપી. કોબાદે પોતાની પાદશાહીનો તમામ કારોબાર જરમેહેર (સુફ્રજાયના દીકરા) ને હવાલે કરી પોતાની નજદીક બેસાડયો, કે જેણે દાદ ઇનસાફથી પાદશાહીનું કામ ચલાવ્યું.

શાહજાદો ખુસરો (જે નોશીરવાનનાં નામથી મશહુર છે તે) મોટો થયો ત્યારે તેને દાનેશમંદોને સોપી હુશીયાર કીધો. ઇરાન અને તુરાનનો બંદોબસ્ત કરી કોબાદ રૂમમાં લશ્કર લઇ ગયો, જે ચઢાઇ વેળા શેહેરનાં લોકોએ મારી માંગી, તેમાં એક હદીયા અને બીજું ફારકીન નામનું હતું. તેઓએ દીન કબુલ કીધી તેથી તેઓને અવસ્તાઓ જંદ ભણવા શીખાડયું. તે બંધે શેહેરોમાં આતશની દરે-

મેહરો સ્થાપી અને નોરોજ તથા જશને સ-દેહની ખુબીઓથી તેઓને વાકેફ કીધા. પછી મદાયનમાં કેયાની પાયતખ્તની જગા સ્થાપી, અને હવાજ તથા પાર્સની વચે એક શેહેર બંધાવી તે મધે બીમાર લોકોને રાખવાની જગા કીધી. તે શેહેરનું નામ કોબાદે "આ-રસ" કરીને રાખ્યું હતું, જેને આરબ લોકો હોલવાનને નામે ઓળખે છે. બીજા સુધારાઓ જોડે કોબાદે કેટલીએક પાણીની નેહરો પણ બંધાવી આપેલી હતી.

ફસલ ૪—મજદક અને તેની દીન.

ઈરાનમાં દુકાળ.

મજદક નામનો એક દાનેશમંદ શખ્સ એક દીને પાદશાહ કોબાદની હજુરમાં આવી દાનાઈ ભરેલી એવી તો વાતો કરવા લાગો કે કોબાદને તેના બોલવા ઉપર ભરોસો આવ્યાથી પોતાનો વજીર બનાવી ખજાનાનો વટીક તેને હવાલો આપ્યો. એક વરસ એવું થયું કે ઈરાનમાં વરસાદ નહી. વરસવાથી દુકાળ પડયો, અને અનાજ પાકો નહી તેથી નાધલાં મોટાં સર્વે લોક કોબાદની આગળ ભુખમરાની ફરીયાદ પોકારવા લાગાં. મજદકે તેઓને દીલાસો દઈને કોબાદને પુછ્યું કે "એક શખ્સને સાંપે ડંખેલો છે, જેથી તેનો પ્રાણ જાયછે, મગર એક બીજા શખ્સ પાસે પાવઝેર (ઝેર ઉતાર-વાનો મોહોરો) છે તોપણ તે આપતો નથી કે જેથી પેલાનો જાન બચે; માટે મોહોરો રાખ-નારને શું સજા કરવી જોઈએ?"

કોબાદે જવાબ દીધો કે "સાંપે દંખેલો શખ્સ મોહોરો નહી મળવાથી મરણ પામે તો તેનાં ખુનનો બદલો મોહોરો નહી આપનાર શખ્સ પાસેથી લેવો જોઈએ."

મજદકે પાદશાહથી આ જવાબ સાંભળીને લોકોને જણાવ્યું કે "કાલે તમે આવજો, કોબાદને મેં સમજાવેલું છે, તે તમારી દાદને પોહોચશે."

બીજે દીવસે તેઓને આવેલા જોઈને મ-જદકે કોબાદની હજુર જઈ અરજ કીધી કે "મારા સવાલના જવાબમાં એક બંધ કીધેલો દરવાજો હતો તે તુંએ ખોલી દેખડાવ્યો છે; મગર હુકમ આપે તો એક બીજો સવાલ પુછું." પાદશાહે રજા આપવાથી મજદક બોલ્યો કે "કોઈ કેદીને સખ્ત કેદખાનામાં તુંએ રાખેલો હોય અને કેદખાનાના ઉપરીએ તેને ખોરાક આપતો બંધ કીધો હોય, જેથી તે કેદી મરણ પામે તો તે ઉપરીને શું સજા કરવી જોઇએ?"

પાદશાહે જવાબ દીધો કે "ગરદન મારવો જોઈએ."

આ જવાબ સાંભળીને મજદકે લોકોને હુકમ આપ્યો કે "જાંહાં ધઉં (અનાજ) છુપાવી રાખેલો હોય તાંહાં જઇને તમોને જેટલો જોઈએ તેટલો લઈ આવો."

આ ઉપરથી ભુખરી લોકો ઉતરી પડયાં અને જાંહાં અનાજની વખારો હતી તાંહાંથી દરેક લુટી લાવીને પાદશાહની તથા લોકોની દાણાની વખારોને તારાજ કરી નાખી. આ દેખાવ જોઇને કામદારોએ કોબાદને જાહેર કીધું કે મજદકના હુકમથી લોકોએ પાદશાહ-ની દાણાની વખારો વટીક લુટી લીધી છે. તે વાતનો જે ગુનાહ થયલોછે તેનો જવાબ મજદક પાસેથી લેવો જોઈએ."

કોબાદે મજદકને બોલાવી જવાબ માંગ્યો, તેવારે તે બોલ્યો કે "મેં તુંને પુછેલું હતું કે એક શખ્શને સાંપે દંખેલો હોય અને બીજા શખ્સ પાસે મોહોરો હોય તે આપે નહી જેથી સાંપનો દંખેલો શખ્સ મરણ પામે તેવારે મોહોરો રાખનારને શું સજા કરવી જોઈએ? તેવારે તું નામદારે જવાબ દીધેલો હતો કે મરનારનાં ખુન બદલ તેને ગરદન મારવો જોઇયે; તે પરથી દાણા વગર ભુખે મરતાં લોકને જાંહાં દાણાવાળાઓની વખાર હોય તાંહાંથી દાણા

લાવી ખાવાને મેં હુકમ આપેલો હતો કે જેથી તેઓના જાનનો બચાવ થાય."

મજદકી દીનનો ફેલાવો.

એ સીવાય બીજી ઘણી રીતની મજદકે કોબાદ સાથે ગોફ્તેગો કીધી, તે ઉપર કોબાદે ધ્યાન આપવા માંડયું તેથી પેગામ્બરોનાં ફરમાન અને મોબદાન મોબેદની વાત ઉપર ભરોસો નહી રાખતાં ઘણું એક લશ્કર અને લોકો ગુમરાહ થઈને મજદકનો માર્ગ પકડવા લાગાં. વળી મજદક બોલ્યો કે "તવંગરે અને દુરવેશે એકસરખી રીતે વર્તવું જોઈએ; એવું નહી રાખવું જોઇયે કે તવંગર પાસે વધારે પુંજી હોય અને દુરવેશ પાસે કંઇજ નહી હોય. ઓરત, મીલકત અને દોલત સરખે ભાગે વેંહેંચી અપાવવી જોઇયે. તવંગર પાસે વધારે હોય તેને હરામ કરી જાણી મોટા નાધલાનો તફાવત નહી રાખતાં હું તો મારી પાક દીન પ્રમાણે સર્વેને બરાબર રીતે ચલાવું છું. જે કોઇ આ દીનથી ઉલટે માર્ગે ચાલશે તે હારેમન છે, જેની ઉપર યજદાનની લેયાનત પડશે. બુઢા કે બાળક તવંગર હશે તો તેઓ પાસેથી લઇ દુરવેશને અપાવી સઘળાંને બરાબર કરીશ."

મોબદો મજદકની આવી આવી તકરારોનો જવાબ આપી શકયા નહી તેવારે કોબાદે મજદકની દીન ખુશી થઇને કબુલ કીધી, અને મજદક જેમ કેહે તેમ દુનીયાનું કામ કરવા લાગો, અને પોતાની જમણી બાજુ ઉપર મજદકને બેસાડવા લાગો. લશ્કર અને રૈયત મોબદાન મોબદને ભુલી જઇને મજદકનો હુકમ બજાવવા લાગાં. તવંગરોને પોતાનો હક છોડી દઇ પોતાની દોલત મુફલેસોને આપી દેવાની ફરજ પડી. તમામ દુનીયામાં મજદકી દીન તાજી થઇ. કોઇને તેની પાસેથી કીનો લેવાની તાકાત રહી નહી.

મજદકી દીનનાં મુળતત્વો.

એક દીવસે મજદક કોબાદની હજુર આવીને એવું કેહેવા લાગો કે "પાદશાહનો હુકમ હોય તો મારી પાક દીનને તાબેના બેશુમાર લોકો દરબાર આગળ એકઠા થયલા છે તેઓને હજુરમાં દાખલ કરૂં."

કોબાદે હુકમ કીધાથી સઘળાં લોકને દાખલ કરીને મજદકે પાદશાહને અરજ કીધી કે "તારા એવાનમાં સઘળાં લોકનો સમાસ થતો નથી માટે તખ્તને મેદાનમાં લઇ જઇને મજલસ કરવી જોઇયે." તેમ કીધું, અને પછી એક લાખ મજદકી ધર્મ પાળનારાઓને હાજર કરી મજદકે કોબાદને અરજ કીધી કે "નોશીરવાન મારી દીન પ્રમાણે ચાલતો નથી તે લાયક નથી, માટે તેની પાસેથી એક દસ્તાવેજ લખાવી લેવો જોઇયે કે બદ માર્ગે નહી ચાલે, યાને રાસ્ત દીનથી દુર કીધેલી પાંચ ખસલત છે તે એખ્તીયાર નહી કરે. તેમનાં નામ:— અદેખાઇ, ગુસ્સો, કીનો, ગરજ. અને લોભ. એમ થશે તેવારે તેને ખોદાની દીનનો માર્ગ જાહેર થયા વીના રેહેશે નહી. હવે પાંચ ખસલતથી દીનની જે ખરાબી થાય છે તે દુર કરવાને મારી દીનમાં બે ચીજ દાખલ કીધેલી છે;–એક ઓરત અને બીજી દોલત. આ બંધે ચીજોનો એકસરખી રીતે બરાબર સર્વે કોઇને લાભ નથી મળતો, તેથી કોઈની ઓરત અથવા દોલત જોઇને આદમીઓના દીલમાં અદેખાઇનો આતશ સળગે છે તેમાંથી છુપી રીતે મતલબ, લોભ, ગુસ્સો અને કીનો પેદા થાય છે, જેથી અક્કલમંદ આદમીઓનાં દીલ પણ ફરી જાય છે; માટે ઓરત અને દોલતનો લાભ સર્વે કોઇને એકસરખી રીતે બરાબર મળવો જોઇયે."

એ રવેશે બોલીને મજદકે નોશીરવાનનો હાથ પકડયો, પણ કોબાદે ખફા થઇને હાથ છોડી મેળાવી, હસીને મજદકને કહ્યું કે "તેં કેમ જાણ્યું કે નોશીરવાન તારી દીન મુજબ નથી ચાલતો?"

મજદકે જવાબ દીધો કે "છુપી રીતે નથી ચાલતો;" જે ઉપરથી કોબાદે નોશીરવાનને પુછ્યું કે "ભલી દીન મુજબ શા માટે તું નથી ચાલતો?"

જવાબ દીધો કે "જેવારે વખ્ત આવશે

તેવારે હું બોલીશ કે મજદકની દીન ખોટી છે કે ખરી છે?"

મજદક બોલ્યો—"કેટલા દીવસની મુદત પછી બોલવાનો વખ્ત આવશે?"

નોશીરવાને જવાબ દીધો કે "પાંચ મહીના પછી હું પાદશાહને ખબર આપીશ." તેવારે પછી મેદાનમાંથી સઘળું લશ્કર પોતાનાં મુકામ ઉપર પાછું ફર્યું અને કોબાદ એવાનમાં આવ્યો. નોશીરવાને દેશાવરો ખાતે માણસો મોકળીને દાનેશમંદ મોબદોને બોલાવ્યા, તેવારે ખુરરેહ અર્દેશીર નામે શેહેરથી હોરમજદ નામનો બુજોર્ગ અને એસ્તેખરથી મેહેર આજર નામનો મુબદ પોતાની જોડે ૩૦ દાનાઓને લઇને આવ્યા. સઘળા દાનેશમંદોએ વીચાર કરીને નોશીરવાન સાથે મસલહત કીધી, અને પછી નોશીરવાને કોબાદની હજુર તેઓ સઘળાને હાજર કરી મજદકને બોલાવ્યો અને પાદશાહને કહ્યું કે "ભલી દીનને કબુલ કરવાનો હવે મારો વાયદો પુરો થયો છે, માટે તપાસ કરતાં મજદકી દીન ખરી ઠરે અને હજરત જરતોસ્તની ખોટી ઠરે તો મજદકની પાક દીન હું કબુલ કરીશ. મગર એવી શરતે કે ફરેદુનની દીન, મુસાની દીન, અને અવસ્તા વ જંદ નાદરસ્ત માલુમ પડે અને મજદકનું બોલેલું વાજબી કેહેવાય તો મજદક જેવો પેગામ્બર દુનીયામાં કોઈ નહી માનું; અગર મજદકનું બોલેલું ખોટું માલુમ પડે, યાને મજદક ખોદાતાલાની પાક દીનથી ગુમરાહ થઇને ઉલટે માર્ગે ચાલતો સાબેત થાય, તો મજદકની નાલાયક દીનને છોડી દઈ પશેમાન થઇને પાદશાહે મજદકને અને તેની દીનને તાબેનાં લોકને મારે હવાલે કરી આપવાં, કે તેઓને હું કતલની સજા કરૂં."

આ કોલકરાર નોશીરવાને કોબાદની સાથે કીધા તે વાતના શાહેદી જરમેહેર (કોબાદનો મોટો વજીર), ખુરરાદ, ફરામીન, અને બેહજદને રાખીને બીજે દીવસે નોશીરવાન પેલા દાનેશમંદ મોબદોને સાથે લઇ કોબાની હજુરમાં પાછો આવ્યો. તેવારે એક મોબદે ભેગાં મળેલાં તમામ અનંજુમનમાં મજદકને પુછ્યું કે "તેં જે નવી દીન ઉભી કીધી છે તેની દરમેયાનમાં ઓરત અને દોલત વીષે જે બયાન કીધું છે તે બાબે હું ખુલાસો માગું છું કે તારી દીન મુજબ સંજોગ કરનારી ઓરત દીકરો જણે તેનો બાપ કેમ જાણે કે એ દીકરો મારીજ તોખમનો છે? અને દીકરો કેવી રીતે પોતાના ખરા બાપને ઓળખી શકે? બીજું એ કે તવંગરોની દોલત ગરીબોને સરખે ભાગે વેહેંચી આપતાં તો દુનીયાનાં તમામ લોક એકસરખી પદવીનાં થઇ પડે, યાને ગરીબ અને તવંગરનો તફાવત ઉઠી જાય; અને તેમ જો થાય તો પાદશાહ અને ગુલામ વચેનો તફાવતબી દુર કરવો જોઇયે, તેવારે સાહેબી કોણ કરે અને નોકરી કોણ બજાવે? કોઇબી પેગમ્બર એવું ફરમાન આપી ગયલો નથી, મગર લોકોને ઉંધું સમજાવી દોજખમાં લઈ જવા સારૂં આ તારી દીન ઉભી કીધેલી છે."

મજદકથી મોબદના ઉપલા સવાલોના જવાબ આપી શકાયા નહી, જેથી કોબાદને મજદક ઉપર ભારે ક્રોધ ચહડયો, અને તમામ અનજુમન મજદક ઉપર લેયાનત નાખવા લાગી. કોબાદે મજદકને અને તેની દીનની પેરવી કરનાર ત્રણ હજાર સરદારોને નોશીરવાનને હવાલે કરી હુકમ આપ્યો કે "તુંને ગમે તેવી રીતની સજા કર." જેથી નોશીરવાને પોતાના બાગની આસપાસ ફરતી ખાહી ખોદાવીને તમામ મજદકી લોકોને જેમ ઝાડને રોપે તે મસાલે ઉંધે મસ્તકે જમીનમાં દાટયા, અને પછી મજદકને કહ્યું કે "પેલા બાગમાં જઇને તારાં રોપેલાં ઝાડો ઉપર ફુલ લાગેલાં છે તે ચાખી જો."

મજદક બાગમાં જઇ પેલાં ઝાડો યાને ઉંધે માંથે દાટેલાં માણસોને જોઇ બેહોશ થઇ ગયો. નોશીરવાને તેને જીવતો સુળી ઉપર ઉંધે માંથે લટકાવીને તેની ઉપર તીરનો વરસાદ વરસાવ્યો અને તેનાં બદનને લોહીથી ધોઈ નાખ્યું. જેમ કીધાથી તવંગરોની દોલતનો બચાવ થયો અને ઓરત અને બાળકોને માથે મેજેલી બદી ટળી ગઇ.

ઘણા દીવસ સુધી કોબાદે શરમીંદો થઇને મજદક ઉપર લેયાનત નાખ્યા કીધી, અને આતશની દરેમેહેરમાં જઈ બંદગી કીધી અને ગરીબ લોકોને ઘણી બક્ષેશ દીધી. તે દીન પછીથી કોબાદ નોશીરવાનના વીચાર લીધા વીના કંઇબી કામ કરતો નહી હતો. નોશીરવાનથી કોબાદની જે કાંઇ મોરાદ હતી તે બર આવી.

જેવારે કોબાદની ૮૦ વરસની ઉમર થઇ, અને ૪૦ વરસ પાદશાહી કીધાને ગુજરી ગયાં,[1] ત્યારે તેણે મોત નજદીક આવેલું જાણી રામબુર્જીન નામના એક વજીર ઉપર નામું લખી મોકલ્યું.. તેમાં લખ્યું કે "મેં મારૂં તખ્ત નોશીરવાનને હવાલે કીધું છે. તે મારાં મરણ પછી પાદશાહી કરશે. તેની ઉપર યજદાં રાજી હોજો અને તેના દુશમનોનાં દીલ ગમગીન હોજો. મોબેદો અને રૈયતો નોશીરવાનના હુકમને તાબે રહીને ખુશી થઈ દ્રવ્યવાન થજો. પોતાના પાછલા દીવસોનો જે કોઇ અગાડીથી વીચાર નહી કરી જશે તે ધણી પોતાનાં મરણની વખ્તે ખુશી નહી થશે. મરણ પામ્યા પછી દોલત મેળી જશે તેથી તેને ફાયદો નથી મળવાનો, કાંયજે મરવા પછી તો ખાલી હાથે જવાનું છે."

કોબાદના મરણ પામ્યા[2] પછી તેનાં રવાનને રેશમી કપડાંથી ઢાંકી ફુલ, કસ્તુરી, કપુર અને શરાબ મંગાવી તેને સારૂં એક દુખમું બનાવ્યું અને સુનાનાં તખ્ત ઉપર તેને તેમાં મેળી દુખમું બંધ કરી લીધું. આ કીયાથી મોબદ (વજીર) રામબુર્જીને ફારેગ થઇને તમામ સરદારોનું એક મોટું અનજુમન મેળવ્યું, અને કોબાદનું નામું વાંચી સંભળાવી નોશીરવાનને તખ્ત ઉપર બેસાડયો.

કોબાદનું દસ્તાન પુરૂ થયું છે; હવે નોશીરવાનનું શરૂ કરૂં છું.

---

૧ અહીં આપણા શાયરની નજરચુક થયલી જણાય છે. અગરજો તખ્તે બેઠો તે વેળા કોબાદનું વય તેના પોતાનાજ જણાવ્યા મુજબ ૧૬ વરસનું હોય, અને ૪૦ વરસ રાજ્ય ભોગવ્યું હોય તો પછી મરણ વેળા તેની ઊમર ૮૦ વરસની નહિ પણ ૫૬ વરસની હોવી જોઈયે.

૨ કોબાદનો બીજો અમલ કીર્તી ભરેલો હતો. તેનો પહેલો અમલ (ઈસ્વી ૪૮૭ થી ૫૦૧) ૧૪ વરસનો અને બીજો (ઇસ્વી ૫૦૧ થી ૫૩૧) ૩૦ વરસનો હતો. એ રીતે જોતાં કોબાદે ૪૦ નહિ પણ ૪૪ વરસ રાજ્ય ભોગવ્યું હતું. આ છેલા અમલ વેળા પાદશાહ અને રૂમીઓ વચ્ચે ૮૦ વરસે જબરી લડાઈઓ શરૂ થઈ, જે લાંબાં વરસો સુધી ચાલુ રહી હતી. દરબંદની પાસ અથવા દરવાજામાંથી આવતા શત્રુઓને અટકાવવા માટે ત્યાં બાંધેલા કિલ્લાઓના નિભાવના ખર્ચ બાબે ઇરાન અને રૂમ વચ્ચે વાંધો પડવાથી આ જબરૂં જંગ શરૂ થયું હતું. રૂમીઓએ એકવાર કબૂલ થયા પછી ૬૦ વરસોનો ચઢી ગયલો આ ખર્ચ આપવાની ના પાડવાથી કોબાદ તેમના મુલુક ઉપર ચઢી ગયો, અને તેમને જબરી શિકસ્ત આપી (ઈસ્વી ૫૦૫), તથા તેમને ભારી દંડ આપવાની ફરજ પાડી. આ પછી રૂમીઓએ ઈરાનની સરહદ ઉપર દારાનો કિલ્લો બાંધવા માંડયો, પણ સરહદ ઉપર કિલ્લા નહિ બાંધવાની બંને દેશો વચ્ચે આગળ શરત થયલી હોવાથી કોબાદ સામે થયો અને નવી લડાઈ બરપા થઇ, જે કેટલાંક વરસો સુધી ચાલી તે દરમયાન ઇરાને ઘણી ફતેહો મેળવી હતી. રૂમીઓ કાલીનુસની લડાઇમાં શિકસ્ત પામ્યા પછી ઈસ્વી ૫૩૨ માં કોબાદનું મરણ નિપજયું. તે બહાદુર તેમજ ફતેહમંદ પાદશાહ હતો.

ડા૦ મોર્ટમાન મુજબ તા૦ ૧૨ મી સપ્ટેમ્બર ૫૩૨ ને દિને કોબાદ મરણ પામ્યો હતો. તેના સિક્કાઓ મુજબ તેણે ૪૩ વરસ રાજ્ય ચલાવ્યું હતું; પણ આ મુદત તેના બંને અમલોની છે, અથવા તેમાં વચગાળે તેના ભાઇ જમાસ્પે અમલ ચલાવ્યો હતો તેનોબી સમાસ કીધેલો છે, અથવા એ ૪૩ વરસની મુદત તેના બીજા અમલનીજ માત્ર છે, તે ચોકસ થતું નથી.

બાબ ૮.

નોશીરવાન (આદેલ).

—:o:—

ફસલ ૧—પાદશાહ અને તેની રૈયત.

પાદશાહનું પેહલું ભાષણ.

નોશીરવાન[1] તખ્તનશીન થયો તેવારથી વાઘ અને બકરી એક હોવાડે પાણી પીતાં થયાં, યાને જાલેમોનો જુલમ ગરીબો ઉપરથી દુર થઇ ગયો. તમામ અનજુમન મેળવીને નોશીરવાને ખોદાની સ્તુતી કરી કહી સંભળાવ્યું કે—"ખોદાની બક્ષેશથી આપણી દીન નેકી અને મેહેરબાની ભરેલા હોજો, કાંયજે ખોદાથીજ નેકી બદી, મોરાદ નામોશી, શાદી ગમી, સખ્તી અને નાતવાની, આસમાનના દોર મુજબ પેદા થાય છે. મગર આસમાન ખોદાના હુકમથીજ ફરતો છે, માટે આપણે ખોદાનાં ફરમાન મુજબ ચાલવું જોઇયે. જો પાદશાહ દુનીયાને દાદ દેશે તો પોતાની નેક બખ્તીથી સુખી થશે, અને જો બદી કરશે તો ગોયા પોતાના હાથથી પોતાનાં તન ઉપર બદી કરશે. આજે જે કામ થતું હોય તે કાલે કરવા ઉપર રાખવું નહી, કાંયજે આપણને ખબર નથી કે કાલે વખ્ત કેવો આવશે. બાગમાં ખીલેલું ફુલ આજે નહી તોડશું ને કાલે લેવા જશું તો નકામું થઇ પડશે. આપણા તનદોરસ્તીના વખ્તમાં બીમારીના વખ્તને ભુલી જવો નહી જોઇયે; તેજ મુજબ જીંદગી છતાં મોતનેબી ભુલવું નહી. જેમ ઝાડના પાંતરાંને પવન સાથે નીસબત છે તેમ જીંદગીને મોત સાથે નીસબત છે. દરેક કામમાં સુસ્તી કરવી તે તો તે કામને બીગાડવા સરખું છે. અદેખા-

[1] આ નામ "અનુશેહ રવાન"નું ટુકું રૂપ છે, કે જેનો અર્થ "પવિત્ર જાનનો" એવો થાય છે. કોબાદના ચાર બેટાઓમાં તે સર્વથી નાનો હોવા છતાં ઘણોજ બાહોશ અને રાજ ચલાવવાને બધી રીતે લાયક હોવાથી તેનેજ પસંદ કરવામાં આવ્યો હતો. તેનું અસલ નામ ખુસરો હતું. ખુસરો એટલે પાદશાહ. પાદશાહ કોબાદ તા૰ ૧૨મી સપ્ટેમ્બર ૫૩૧ ને દિને મરણ પામ્યો હતો, અને પાદશાહો દે મહિનો ને હોરમજદ રોજે–યાને શુરજ મેષ રાસીના બુરજમાં દાખલ થતો તે દિને–તખ્તે બેસતા કહેવાય છે, માટે જોકે નોશીરવાન બાપનાં મરણ પછી છ મહિને તખ્તનશીન થયો હતો, તોપણ ૫૩૨ના માર્ચ માસની તા૰ ૨૧ મીએ તખ્તે બેઠા પછી તેના અમલનું બીજું વરસ શરૂ થયલું ગણાય છે. મિરખુંદ અને સિન્સેલસ નામે લખનારાઓ મુજબ નોશીરવાને ૪૮ વરસ રાજ્ય ભોગવ્યું હતું, તે ઉપર મુજબ શરૂઆતના છ માસને પહેલું વરસ ગણવાથી બરાબર મળી રહેછે; પણ તેમ નહિ ગણવાથી બીજા મહમદિયાન તવારીખનવેશો મુજબ આ પાદશાહનો અમલ ૪૭ વરસ અને ૮ મહિનાનો હતો. તેના સિક્કાઓ ઉપરથી પણ ૪૮ વરસ મળી આવેછે, પણ અમલનું ૪૮ મું વરસ તા૰ ૨૨મી માર્ચ ૫૭૮થી બેઠું અને તા૰ ૨૧ મી માર્ચ ૫૭૯ ને દિને આખર થયું હતું; માટે એ બાર માસની મુદતમાં નોશીરવાનનું મરણ નિપજવું જોઇયે, કે જે માટેનો નકી દિવસ મળતો નથી. પણ રૂમી શેહેનશાહ ટેબીર્યસે તખ્ત લીધા પછી પાદશાહની દરબારમાં એલચીઓ મોકલ્યા ત્યારે ૫૭૯નાં સાલના શિયાળાની અથવા વસંતની શરૂઆતની મોસમ હતી, તે ઉપરથી એટલું નકી થાય છે કે ૫૭૯ ના ફેબ્રુઆરી સુધી નોશીરવાન હૈયાત હતો. આ ઉપરથી નોશીરવાનનો અમલ ૪૭॥ વરસનો નકી થાય છે. આમ હોવાથી તેનો બેટો હોરમજદ ૫૭૯ના માર્ચ માસની તા૰ ૨૧ મીએ તખ્તનશીન થવો જોઇયે, તોપણ એ દિવસથી તેના અમલનું પહેલું નહિ પણ બીજું વરસ શરૂ થયું હતું.

ઇનાં દુઃખની દવા નથી. અકલમંદ થઇને લોભ રાખે તો તેને દીવાનો જાણવો. ઉદ્યોગ વીનાના માણસને હોરમત નથી મળતી. રાસ્તીનો માર્ગ બારીક છે ખરો, પણ રાસ્તીની વીરૂધ ચાલનારાઓનો માર્ગ અંધારાંમાં છે. જે કામમાં આપણને આગેવાની કરવી હોય તે કામ શીતાબીથી કરી લેવું જોઇયે. જેનું કામ રાસ્તી ભરેલું નહી હોય તે જુંઠું બોલે છે, અને જે જુંઠું બોલે છે તે કમબખ્તીનો ભરેલો હોય છે.

"જેવારે પાદશાહ દાદ ઇનસાફ્વાલો હોય છે તેવારેજ દુનીયા આબાદાની ભરેલી અને સુખી હોય છે; માટે તમામ અનજુમને આ મારી નસીહતથી વાકેફ થઇ ચાલવું જોઇયે. ઘણા પાદશાહોની દાદ ઇનસાફની રીત પ્રમાણે હુંબી ચાલુંછું; વજીરોની મશવરતથી કામ કરૂંછુ; તેમ છતાંબી કોઇ કામદાર એકાંત મારી સાથે વાત કરવા આવે છે, તે વાત હું વજીરોને કેહેતો નથી. જો જાહેર કરૂં ત્યારે તો ફરીને કોઇ છુપી વાત કરવા મારી પાસે આવે નહી. ઇરાનમાં જે કામદારો મારી નોકરીમાં છે તેઓની લાયકી પ્રમાણે તેઓને સુશારો આપવા સાથે નરમ શબ્દોથી તેઓ સાથે વાત કરૂંછું. મગર કોઈબી કામદારે ગરીબના ઉપર જબરદસ્તી કીધેલી સાબેત થાય તો તે કમબખ્તની શરમ નહી રાખતાં તેણે જેવી બદી કીધેલી તેવી તેને સજા પોંહોંચાડવા વીના રેહેનાર નહી. માટે તમો (સરદારો) એ મારો ખોફ દીલમાં નહી રાખતાં ખોદાનો ખોફ રાખીને રાસ્તીની રીતે કામ ચલાવવું; કાંયજે ખોદાતાલાએ રાસ્ત રીતથીજ ખુરશીદ, માહતાબ, આસમાન, જમીન અને જમાનો પેદા કીધાં છે, ખોદા સર્વે કોઇની વીચાર શકતીથી બાલાતર અને નીરાકાર છે, તોપણ પોતાની હસ્તીની શાક્ષી બતલાવવા સારૂં જમીનથી તે સાતમા આસમાન સુધી સેતારાની ચાલથી તેણે હવા, આતશ, પાણી અને ખાક પેદા કીધેલાં છે, કે જેની તાસીરથી આપણાં બદનની પણ ગોઠવણ થયલી છે. પણ આપણાં દીલમાં ખોદાએ જાન મેળીને બદનને શીણગાર આપેલો છે, તે સાથે પોતાની બંદગી અને નેકી કરવાનું ફરમાન આપેલું છે, માટે આપણને રાસ્તીને માંર્ગે ચાલવાની અનેક ફરજ છે."

નોશીરવાનના આ કલામો સાંભળીને તમામ અનજુમને ઉઠીને તેના ઉપર આફરીન કીધી.

ખેતીની આબાદી માટેનાં હુકમનામાં.

નોશીરવાને પોતાના મુલુકોના ૪ ભાગ કરી તે પ્રાંતોનાં નામ "આબાદ શેહેર" કરીને આપ્યાં. પેહેલો ભાગ ખુરાસાન; બીજો ઇસ્ફેહાન, કુમ, આજર આબાદગાન, એર્મેન અને અર્દબીલ, ગેલાનના ટાપુ સુધાં; ત્રીજો અહવાજ, ખજર પૂર્વેથી તે પશ્ચીમ સુધીનો ભાગ; ચોથો તમામ એરાક અને રૂમ. ઉપલા મુલુકોમાં જે કોઇ બેકાર દુર્વેશો હતા તેઓને ખજાનામાંથી લાભ મળ્યો. અગાડી જે પાદશાહો થઇ ગયલા હતા તેઓ ખેડુતો પાસેથી ત્રીજો અથવા ચોથો ભાગ ખેતીના પાક મધેથી લેતા હતા, પણ માજી પાદશાહ કોબાદે દશમો ભાગ લેતો કીધો હતો તેમાંથીબી ઓછું કરીને રૈયતનાં સુખમાં વધારો કરવાની કોબાદની મરજી હતી, પણ તેની ઉમરે વફા નહી દીધી. નોશીરવાનની પાદશાહી થઈ ત્યારે તેણે દશમો ભાગબી બક્ષી દીધો અને પાદશાહો તથા દાના મોબેદો સાથે મશવરત કરીને જમીનને દોરડાંથી માપી દરેક ભાગનો કર એક દીરમ પ્રમાણે (રોકડ) લેવાનો મુકરર કીધો, તેમ કીધાથી ખેડુતોને ઘણું આસાન થયું અને જે ખેડુત પાસે જમીન ખેડવા સારૂં ચોપગાં પ્રાણી અથવા બી વાવવાનાં નહી હોય તેને પાદશાહી ખજાનામાંથી આપી જમીન આબાદ રાખવાનો હુકમ કીધો, અને જે જમીનમાં વાવણી નહી થયાથી પડતલ રહેલી તેનું મેહેસુલ લેવાની મારી બક્ષી, જેથી જુની રીત દુર થઇ ગઇ.

ખજુરનાં, દરાખનાં અને દરેક જાતના મેવાનાં ઝાડનો કર ૬ દીરમ પ્રમાણે લેતો કીધો,

અને જે લોક ખેડુતનું કામ નહી કરતા પણ બીજા રોજગારથી દીરમવાલા હતા, તેઓ પાસેથી ચારથી તે દશ દીરમ સુધી લેતા કીધા. એ પ્રમાણેનો કર દરેક વરસનો થાય છે, તે ત્રણ હફતે સરકારમાં વસુલ લેવાનો હુકમ સઘળા મુલુકોમાં લખી મોકલ્યો, જેમ કીધાથી મુલુકોની આબાદાની વધી ગઇ. તે હુકમનામા મધે પેહલાં ખોદાની સેતાએશ કરીને લખ્યું કે—"જે કાંઇ ખોદાતાલાએ કીસમતમાં આપેલું હોય તે ઉપર સંતોષ પામવો જોઇયે. જે સંતોષી હોય છે તેને ખોદા સરફરાજી બક્ષે છે. પાદશાહ અને ગરીબ બંધે ખોદાનાજ એકસરખા બંદા હોય છે, તે સર્વેને રાસ્ત માર્ગે ચાલવાનું ફરમાન તો આપેલું છે; મગર ખસુસ તમામ મુલુકોની પાદશાહી મને બક્ષેલી છે, માટે દાદ ઇનસાફથી રાસ્ત માર્ગે ચાલવાનાં ફરમાન મુજબ મને પુરતી ફરજ છે તેમ હું ચાલું છું. તે મુજબ તમો સરદારોએબી ખોદાનાં ફરમાન મુજબ મારા હુકમ નીચે ચાલવું જોઇયે: તેમ નહી ચાલશો ત્યારે તો જેમ ગોવાલીયો જંગલમાં ગોસફંદોની ખબરદારી નહી રાખે તેવારે વરૂ આવીને એક ગોસફંદનેબી જીવતું નહી મુકે તેમ થાય; માટે મારી ગરીબ રૈયતો તથા રાત દીન જમીન ઉપર અથવા દરીઆમાં વાહાણો ઉપર વસનારા દ્રવ્યવાન સોદાગર લોકો ઉપર દાદ ઇનસાફનો સુરજ પ્રકાશતો રાખજો. હમારાં કુટુંબમાં એ રવેશે ચાલનારા દીકરાનેજ બાપની પાદશાહી મલે છે. જમીનના કર મધે ઘટાડો કરીને બંદોબસ્ત કીધો છે માટે એજદાન તમારો મેહેરબાન હોય તો તે હુકમનામાં મધે લખ્યા પ્રમાણે કામ કરજો.

"જો કોઇ ઠેરવેલા કર કરતાં એક દીરમ વધારે લેશે અથવા ગેરરીતે ચાલશે તો હું એજદાંના સોગંદ લઇને લખું છું કે તેવા કામદારોને કરવતથી કાપીને બે હુકડા કરી નાખીશ. માટે આ હુકમ પ્રમાણે તથા પાક દીનનાં ફરમાન પ્રમાણે ચાલવામાં પછાત પડવું નહી જોઇયે; તથા ખેતરમાં તીડ પડવાથી, તાપ વધારે પડવાથી, બરફ કે પવનથી, કે નોરોજનું જોહાકલું નહીં પડવાથી, યા વરસાદ કમી અથવા જાસતી વરસવાથી, જે ખેડુતોને નુકસાન લાગું હોય તેઓ પાસેથી પુરતો કર નહી લેવો જોઇયે. જે જમીનનો ખેડુત મરણ પામેલો હોય અને તેનો વાલી વારેસ કોઇ નહી મલતો હોય ત્યારે ખજાનામાંથી ખરચ આપીને તે જમીનને આબાદ રાખવી. તેમ નહી થએથી આપણો ખજાનો ભરપુર હોવા છતાં દુશમનોને બોલવાને બહાનું હાથ લાગશે કે ખજાનો પુરતો નહી હોવાને લીધે ઇરાનની જમીન વેરાન પડેલી છે; માટે જે કામદારોના હાથમાં એવાં કામ હોય તેઓ આબાદી નહી રાખશે તો તેઓને જીવતા શુળી ઉપર લટકાવી દઇશ, અને મોટા નાધલા કામદારોનો તફાવત રાખીશ નહી.

"અગાડી જે પાદશાહો થઇ ગયા છે તેઓના કામદારો નેક હતા તેમ વળી બદબી હતા. તેઓ મોટાં લશકર અથવા ખજાનાની મગરૂરી બતલાવતા હતા, પણ તેવા વીચારથી તો તેઓ ઠગાતા હતા. મગર મારો ખજાનો તો દાદ અને ઇનસાફ છે, અને મારૂં લશકર તો ખેડુત લોક છે; તેથી હું ખજાનાની દરકાર નહી રાખતાં તમો સરદારોને દાદ અને ઇનસાફ કરવાની અને લશકરી લોકોની હાજત પુરી પાડવાની ભલામણ કરૂં છું, અને મારા ખજાના કરતાંબી મારા દુસ્મનને જોરાવર સમજું છું. જે સરદાર માણસોને વેચીને દીરમ મેળવશે તેને મારી હજુરથી દુર કરીશ, અને જે દાદ ઇનસાફનો માર્ગ પકડશે તેને હજુરમાં દાખલ કરીશ. જુઠાં માણસો અને ખોટે રસ્તે મેળવેલા ખજાનાને હું ધીકારૂં છું. જેની ઉપર સાચાં માણસો લીઆનત નાખે તેવા બેદીન અને બેશરમ પાદશાહો કરતાં તો વાઘ જેવું હેવાન ભલું. જે પાદશાહ દાદ ઇનસાફવાળો હશે તેની ઉપર ખોદાની તથા મારી તરફની આફરીન હોજો."

પાદશાહ અને સપેહસાલારની વાત.

અગાડીના પાદશાહો લશ્કર અને ખજાના-થી ગમે તેવા તવંગર હતા, પણ ઇનસાફમાં, હુનરમાં, અને દાનાઇમાં નોશીરવાન સર્વેથી સરસ હતો. એક દીવસે નોશીરવાને પોતાનો બાબક નામનો મોબેદ (વજીર) લશ્કર-નો સરદાર હતો તેને હુકમ કીધો કે "સઘળું લશ્કર હથીઆર બાંધેલું દરબાર આગળ લા-વીને જ્યાં તપાસ કરનારા અમલદારો બેઠેલા છે ત્યાં હાજરી આપે."

તે પ્રમાણે બાબકે લશ્કર લાવી હાજર કી-ધું, પણ તેમાં પાદશાહને બીરાજેલો નહી દી-ઠો તેથી લશ્કરને પાછું ફેરવીને તે પોતાના એવાન તરફ જતો રહ્યો. કેટલાક દીવસ પછી પાદશાહ નોશીરવાને ઢંઢેરો ફેરવ્યો કે "સઘ-ળું લશકર હથીયાર બાંધીને બાબકના એવાન આગળ હાજર થાય." તે પ્રમાણે લશ્કર હા-જર થયાથી બાબકે તપાસીને જોતાં તો પાદ-શાહને ફરીથી લશ્કરમાં નહી દીઠો, તેથી લ-શકરને હુકમ કીધો કે "આજેબી મેહેરબાની કરીને પાછું જવું જોઇયે;" જેથી બધું લ-શ્કર પાછું ગયું. ત્રીજે દીવસે બાબકે ઢંઢેરો ફેરવીને લશ્કરને હુકમ કીધો કે "સઘળું લ-શ્કર મારાં દીવાનખાણુંનાં મેદાનમાં હાજર થાય, પણ કોઇ એક સ્વારેબી લડાઈનાં હથી-યાર બાંધવા વીના હાજર થવું નહી. અગર તે સ્વાર તાજદાર હોય અથવા બુલંદ એકબાલ-થી બુજોર્ગ હોય તોપણ તેણે જાણવું જોઇએ કે આ લશ્કરની હાજરીમાં કોઇની શરમ અ-થવા કોઈનો ડર નહી રાખતાં હાજરી લીધામાં આવશે."

નોશીરવાન બાબકના આ ઢંઢેરાનો અવાજ સાંભળી હસીને ખુશી થયો. પછી પોતાનાં લડાઇનાં હથીયાર ભીડી, બખ્તર પેહેરી, લો-હોડાંની કોલાહ માથાં ઉપર મેળી, ઘોડા ઉપર સ્વાર થઇ, હાથમાં ગોરોજ, બાજુ ઉપર કમાન, કમર ઉપર ચાર તીર, જીન સાથે ફાં-દો અને જરીપટકાની કમર બાંધી, ઘોડો ઝુકાવતો નોશીરવાન બાબકનાં દેવાનખાણુંનાં મેદાનમાં આવ્યો, અને ડાબા જમણી ઘોડો ફેરવી ઘોડાની સ્વારીના અને લડાઈનાં હથીયારના હુનરો બાબકને કરી બતલાવ્યા. આ જોઇને બાબક સપેહસાલાર ઘણો ખુશી થઇ નોશી-રવાનની મર્દાનગી ઉપર આફરીન કરીને બો-લ્યો કે "તમામ મુલુકને તુંએ ઇનસાફથી આબાદ રાખ્યો છે તેમ લશ્કરનાં કામમાંબી ઇનસાફની રીતે ચાલે છે કે નહી તે જોવા સારૂં ઢંઢેરો કરીને તું નામદારનેબી તપાસવા-ની મેં હીમત ચલાવી હતી, તોપણ તું નામ-દારે ઇનસાફ વાજબી આપ્યો છે, માટે એક મરતબે વળીબી ઘોડો ઝુકાવી બતલાવ."

નોશીરવાને આજર ગોશસ્પની માફક ફરીને ઘોડો મારી દાવપેચ બતલાવ્યા, તે જોઇ બાબક ઘણો અચરત થઈ ગયો, અને ખોદાના શોકરાના કરીને લશ્કરની તપાસનાં પરીણામના ખુલાસા તરીકે બોલ્યો કે "ચહ-ડતે દરજજેના સવારોની પદવી ત્રણ હજારથી ચાર હજાર દીરમ સુધી થઈ શકતી નથી, મગર નોશીરવાનની તે કરતાં એક હજાર દીરમથી વધારે થાય છે." પછી દીવાનને ખબર આપી કે "લડાઈના ઘોડાઓમાં સરસ ઘોડો હોય તે પાદશાહને સવારી સારૂ ઇનામ આપવા લાવે." આ વાત સાંભળીને નોશી-રવાન ઘણોજ હસવા લાગો, કાંયજે બાબકની સપેહસાલાર દાખલની સત્તા તેને ઘણી વાજબી માલુમ પડી.

બાબકે નોશીરવાનને જાહેર કીધું કે "અએ બુજર્ગ પાદશાહ! આજે આ કામમાં મેં તારો નોકર હોવા છતાં તારી બરાબરનો હુકમ ચલાવેલો છે, જેથી તું મારી ઉપર કરડી નજરથી નહી જોશે, કાંયજે મેં જે કીધું છે તે મારા ઓધ્ધાને લગતું વાજબી કીધું છે."

નોશીરવાને જવાબ દીધો કે "અએ હુશ-યાર બાબક! તું હમેશાં એજ રીતે રાસ્ત માર્ગે ચાલજે. અગરજો તુંએ મારો ડર અથવા ખુશામદ રાખીને આ કામ કીધું હતે તો તારાં કામને તારેજ હાથે ખરાબ કીધા જેવું થઈ પડતે. પણ તુંએ વાજબી કીધાથી

તેં તારા મરતબાને મારી નજદીક વધારેલો છે. તું મારી તપાસ વાજબી રીતે નહી કરતે તો લડાઇના હુનરોમાં મારી પદવી કેટલી છે તે હું પોતેબી નહી જાણી શકતે."

બાબકે ઘણી દુઆ માંગીને જવાબ દીધો કે "તારા બતલાવેલા લડાઇના હુનરની તસ્વીર ચીતારાઓથી ચીતરીબી નહી શકાય એવી છે."

અદલ ઇનસાફ માટે અદલ ફરમાન.

પછી નોશીરવાને વડા દસ્તુરને બોલાવીને ફરમાવ્યું કે "પાદશાહોએ દાદ ઇનસાફનાં કામ કીધેલાં હશે તે સીવાએ દુનીયામાં બીજું કંઇ રેહેવાનું નથી, તેવારે શા માટે આપણે ખજાનો જાળવી રાખવો જોઇએ? આપણે મોજમજાહ ભોગવવા સાથે દુરવેશોની દાદ લેવી જોઇયે. પાદશાહીનાં તાજનો સંભાળ રાખવા સારૂં ખજાનાની ગરજ પડશે એવું હું પેહેલાં ધારતો હતો, પણ તેમ ખજાનામાંથી લશ્કરનો ખરચ પુરો પાડતાં તો દુરવેશોને ખજાણાનો લાભ પુરતો મળી શકે નહી, તેથી જુદે જુદે દેશાવર ખાતેના પેહલવાનો, મોબેદો અને દસ્તુરો ઉપર નામાં લખીને જણાવેલું હતું કે દાના લોકોએ પોતાનાં ફરજંદોને પાદશાહનાં લશ્કરમાં નામ નોધાવી સીપાહીગીરીનો હુનર શીખાડવો. તેમ કીધાથી હાલમાં આગલા પાદશાહોનાં કરતાં લશ્કરનો ઘણો વધારો થયો છે, અને દીનમાં અને કેળવણીમાં પણ સુધારો થયો છે."

આ સાંભળીને વડા દસ્તુરે દુઆ કીધી. પાદશાહ ૪૦) દીવસ સુધી લશ્કરી કામે જતો હતો અને તેથી ફારગ થઇ મોજ ભોગવતો હતો.

નોશીરવાને એક દીને સઘળા સરદારોને બોલાવી દરબાર ભરીને ખોદાની સ્તુતી કીધા પછી કહી સમજાવ્યું કે "મારો ડર રાખવા વીના ખોદાનો ડર રાખીને કામ કરજો. અગર કોઇને પોતાની ફરીયાદ કરવા મારી હજુરમાં આવવું પડે અને તે વખ્ત રાત અથવા દીવસનો હોય અને હું મારાં અનજુમન સાથે શરાબ પીવા અથવા ખાનું ખાવામાં અથવા વજીરો સાથે ખલવત કરવામાં બેઠેલો હોઉં અથવા શીકાર કરવા ગયલો યા ભર ઉંઘમાં સુતેલોબી હોઉં તોપણ તમારી દાદ દેવા દરવાજા ખુલ્લા મેલેલા છે તાંહાં તમોએ વગર વાંધો લેવે આવી પોતાની દાદને પોંહોંચવું; પણ પાછું જવું નહી. જેઓ પાસે ખંડણી બાકી રહેલી હશે તે તેઓને માફ કીધી છે."

આ વાત સાંભળી સઘળાઓએ ખુશી થઇ નોશીરવાન ઉપર આફરીન કીધી, અને હીંદુસ્તાન અને ચીન (તુરકસ્તાન) ના પાદશાહો નોશીરવાનને તાબે થઇ એલચીઓ સાથે હદીઆ મોકળી સંતોપ પામ્યા.

ફસલ ૨—રૂમ ઉપર ચડાઇ અને ફતેહ.

તુરકી દરોડા સામે ઈલાજ.

કેટલીક મુદત સુધી નોશીરવાને નીરાંતે પાદશાહી કીધા પછીથી પોતાના મુલકમાં ફરવા નીકળવાનો ઇરાદો કીધો. તે મદાઇનથી લશ્કર સાથે ખુરાસાનમાં આવ્યો. માર્ગમાં જે શેહરમાં તે ગયો ત્યાં તેણે મેદાનમાંજ તંબુ ડેરા મારી મુકામ કીધો હતો. ખુરાસાનથી ગોરગાનમાં આવી સાદી અને આમલ નામનાં શેહેરો પસાર કરી પાહાડ અને જંગલને માર્ગે જ્યાં ફરેદુંનનાં પાએતખ્તની વેરાન થયલી જગા[૧] હતી ત્યાં વીસામો લઇ ખોદાની બંદગી કીધી. તેવારે ત્યાંનાં રેહવાસીઓએ

[૧] વંદીદાદ મુજબ ફરેદુનનું પાયતખ્ત વરેન શેહેરમાં હતું, કે જે આજના ઘીલાન પ્રાંતમાં આવેલું મનાય છે. વંદીદાદમાં વરેનને "ચાર ખુણાવાળું" કહ્યું છે, અને રજા કુલીખાન નામે ઈરાની તવારીખનવેશ મુજબ ત્યાં એક કિલ્લો આજેબી બિસ્માર હાલતમાં છે તે "ચાર ખુણા" વાળો છે.

આવી ફરીયાદ કીધી કે "આ આબાદીભરેલાં ગામને તુરકી લોકોથી વારેવાર લુટી લીધામાં આવે છે, અગર કોઇ સોદાગરો આવે છે તેઓનેબી લુટી લેછે, માટે થોડું લશ્કર મોકલીને હમારે માથેનો જુલમ દુર કરવો, કે જેથી અમારી ઉપર બક્ષેશ થશે, એટલુંજ નહી પણ પાદશાહના મુલકની આબાદી વધી પડશે."

નોશીરવાને આ વાત સાંભળી દસ્તુર (વજીર) ને હુકમ કીધો કે જ્યાંસુધી આ ગરીબ લોકો ઉપર પડતો જુલમ દુર થાય નહી ત્યાંસુધી આપણને મોજ મજાહ કરવી મુનાસેબ નથી, અને આપણાં તાજને શોભા પણ નથી, કારણ કે ઇરાનનું આબાદીભરેલું ગામ તુરકીઓને હાથે ખરાબી પામે એ વાત આપણી જોરાવર પાદશાહીને શરમભરેલી છે, માટે હીદુસ્તાનથી અને રૂમથી ઉસ્તાદ કારીગરોને બોલાવી પાતાલમાંથી પાયો નાખીને ફાંદાનાં ૧૦ દોરડાંની લંબાઇ જેટલી ઉંચી એક દીવાલ બાંધી લેવી, અને તે કામમાં પથર, ઇંટ ને ચુનો વાપરવો. તેમ થયાથી દુશ્મનોનું જોર ઇરાનના મુલુક ઉપર ફાવશે નહી, માટે ખજાનામાંથી ખરચ કરીને દેવાલ બંધાવવી જોઈએ."

દસ્તુરે તે પ્રમાણે ખર્ચ કરીને એક પીર મર્દની ઉસ્તાદી નીચે દેવાલ બાંધી તૈયાર કીધી. તેની સામે જંગલને મેદાન કરી ખોલ્લું રાખ્યું, અને તેને લોહોડાંનો દરવાજો મેળ્યો, કે જેમ કીધાથી ગરીબોને ભારે સુખ થઇ પડયું. ત્યાંથી નોશીરવાને દરીયાને માર્ગે આલાન શેહેર તરફ આવી ઉજડ થઇ ગયલાં શેહેરો જોઇને તે જગાના કામદારોને ઠપકો આપીને કહ્યું કે "ઇરાનને તાલુકેનાં ગામો વેરાન થાય તે શરમ ભરેલું છે."

બંડખોરોને સજા.

નોશીરવાને એક એલચીને મોકલી ઇલાની સરદારોને સંધેશો કેહવાડયો કે "તમો એવું બોલોછો કે ઇરાન જમીનના નોશીરવાન પાદશાહથી તમે ડર રાખતા નથી, તેથી હું તમારી સાથે લડાઇની તૈયારી કરીને આવેલો છું, માટે મેદાનમાં લડવા ઉતરવાને તમોએ તૈયારી રાખવી."

એલચીએ ઇલાનીઓને આ ખબર આપ્યાથી સઘળા બુજર્ગો ખંડણી અને કેટલોએક હદીઓ લઇ નોશીરવાનની હજુરમાં આવ્યા અને ઘણી આજેજી કરી પગ ઉપર માથાં મેળીને માફી માંગી. નોશીરવાને તેઓને ગુનાહ બક્ષીને હુકમ કીધો કે "આ શેહેર વેરાન કરી નાખ્યું છે તેને તમોએ ફરતો કોટ બાંધીને પાછું આબાદ કરવું જોઇએ."

ઈલાની બુજોર્ગોએ તેમ કરવાને કબુલ કીધાથી નોશીરવાન લશ્કર સહીત હીંદુસ્તાનમાં જઇ રહ્યો, જ્યાંના તમામ સરદારોએ તેને મોટું માન આપવાની સાથે ઘણુંએક નજરાણું આપ્યું. તે લઇ આગળ ચાલતાં પાદશાહને ખબર મળી કે બલુચીઓ ઘણી ખુનરેજી કરીને મલુકને ખરાબ કરે છે, તેમજ ગેલાનનાં લોકોની જાલેમી વધારે ચાલે છે. આ વાત સાંભળી નોશીરવાન ઘણોજ દલગીર થયો. તેણે ઇરાની સરદારોને હુકમ કીધો કે ઇલાની અને હીંદુસ્તાનીઓ આપણે તાબે થયલા છે તેમ તેઓ નસીહત પ્રમાણે ચાલતા નથી, માટે આપણા લશ્કરે જેબી બલુચીઓ મલી આવે તેઓને કતલ કરવા. પાછું ફરીને જોવું નહીં."

આ હુકમ ઉપરથી લશ્કરીઓએ રસ્તાઓનાં નાકાં પકડી જેબી મળતા ગયા તેઓને કતલ કીધા, તેમાં ઓરત, મર્દ અને બાળકોનેબી છટકી જવા નહી દેતાં તમામ બલુચીઓને કાપી નાખ્યા, જેથી લોકોને મોટો આશરો મળ્યો અને તેઓ ચમનમાં બેઠા. બલુચીઓને અહીં સુધી કતલ કીધા કે જંગલોમાં અને પાહાડો ઉપર તેઓનાં બકરાંનાં ટોલાં હતાં તેમની રખેવાલી કરનાર બલુચી ગોવાલીયાઓ વટીકને નહીં છોડયા.

બલુચીસ્તાનને આ રીતે જેર કરીને નોશીરવાને ગેલાનમાં આવી પોંહોંચી તમામ રીતુરી ગેલાનીઓની કતલ ચલાવી. આથી કેટલાએક દાનેશમંદ ગેલાનીઓ હાથ જોડીને પોતાની અગાડી બાળકોને અને પુઠે ઓરતોને

ચલાવી કાલાવાલા કરતા પાદશાહની હજુર આવી ઉભા, અને બોલ્યા કે "હમે હમારા ગુનાહની માફી માંગવા આવેલા છૈએ, અને આશા રાખીએ છઇએ કે પાદશાહ હમોને માફી બક્ષ્યા વના રેહેશે નહીં. તેમ છતાંબી અગર પાદશાહનું દીલ ગેલાનીઓના ઉપર ઉસકેરાયલુંજ રેહેશે તો હમો હમારે હાથે હમારાં માથાં કાપી તમારી આગળ ઢગલો કરી આપવાને તૈયાર છૈએ, કેજેથી પાદશાહ ખુશી થાય. આવી કલાપીટનો પોકાર સાંભળી આગલો ગુનાહ માફ કરીને પાદશાહે ગેલાની અને વીલેમી લોકો મધેથી ૨૦૦) માણુસોને જામીન લીધાં કે ફરી બદ કામ નહી કરે, અને સઘળા લોકને છોડી મેલ્યાં, મગર એક સરદારને ઓલમાં પોતાની સાથે રાખી ગેલાનથી મદાએન તરફ કુચ કીધી.

આરબ પાદશાહની ફરીયાદ.

મદાએન તરફ કુચ કરતાં માર્ગમાં દુરથી એક લશ્કર આવતું નજર પડયું, તે મધેથી એક સવારે અગાડી દોડી આવી નોશીરવાનને જાહેર કીધું કે અરબનો પાદશાહ મંદર તારી પાસે આવેછે.

મંદરે આવી નોશીરવાનની મુલાકાત લઇને અરજ કીધી કે "તું શાહનશાહ હોવા છતાં રૂમી કએસર તારે તાબેનો થઈ પોતાની ખુદીથી બીજાના મુલક ઉપર સવારી કરેતો તું નામદારે તેને કતલ કરવો જોઇએ. અગર તું નામદારે તેમ કરવાનો તેને હુકમબી આપ્યો હોય તો હું જેવો એક પાદશાહ તારે તાબે આવેલો છું. ગમે તેમ હુકમ કર."

આ વાત સાંભળી નોશીરવાને ભારે કોપાયમાન થઇને કહ્યું કે "રૂમી કએસર આટલીબધી મગરૂરી કરેછે તેથી એક એલચીને મોકળી કેહેવાડું છું કે અગર વાઘ ગોરખરનો પીછો પકડવા માગે તો તેના કબાબ કરી શકે; તે વાત સમજ્યા વના તું મંજર ઉપર હાથ લાંબો કરવા ચાહતો હોય તો તારે જાણવું જોઇયે કે મુલુંકોને બક્ષનાર હું પોતે નોશીરવાન પાદશાહ છું. હું તેમ કરવા ચાહું તો બની શકે, મગર કએસરની મકદુર નહી કે મંજરનું નામ લઇ શકે; અગર રૂમ ઉપર લશ્કર મોકલું તો તારી ફોલાદની તલવાર મુમનાં જેવી થઇ જાય.[1]"

રૂમી કએસરની સરકશી.

એલચીએ જઇને કએસરને નોશીરવાનનો આ સંદેશો કહી સમજાવ્યાથી કએસરે જવાબ દીધો કે "મંજરે મારી સાથે બરાબરી કરતાં વીચાર કીધો નથી કે હું કેવો છું. માટે હું તો ખરો કે મંજરની પાણી વગરની સુકી જમીનને ભાલાનાં પાણીથી (લોહીનો) દરીઆ કરી મેલું."

એલચીએ પાછો આવી નોશીરવાનને ઉપલો જવાબ દીધાથી તે નામદારે લડાઇની તૈયારી કીધી. એક લાખ લશ્કર તૈયાર કરી મંદરને હવાલે કીધું, અને પછી નોશીરવાને એક એલચી સાથે કએસર ઉપર બીજું નામું લખી મોકલ્યું, જેમાં જણાવ્યું કે "તું ગમે તેવો રૂમનો પાદશાહ મોટો હોય તોપણુ અરબના મુલુક ઉપર તારો હુકમ ચાલી શકતો નથી. વરૂની ચુંગાલમાંથી બકરૂં છોડાવી લઇ

---

૧ નોશીરવાનને રૂમ સાથ લડાઇમાં ઉતરવાનું ફિર્દુસી મુજબ મૂળ કારણુ મંજર હતો. પણુ તેમ નથી. મંજરને ઈરાન સાથ દોસ્તી હોવાથી તે વખ્તના રૂમી શેહનશાહ પ્રખ્યાત જસ્ટીન્યને તેને પોતાને તાબે કરી લેવા માંગ્યો હતો. પણુ તે ઊપરાંત રૂમી કએસરે દેશ પરદેશ પોતાના સરદાર બેલિસેરિયસ (ફિર્દુસીનો 'ફરફુરીઉસ') મારફતે ઘણીએક ફતેહો મેળવી હતી તેથી ત્યાંના રાજાઓ અને પાદશાહો પાયતખ્ત મદાઈન ખાતે નોશીરવાનની દરબારમાં ફરિયાદ લાવ્યા હતા. ફરિયાદનું કારણુ તેઓએ એમ રજુ કીધું કે ઈરાન અને રૂમ વચે "જાવેદાનની સુલેહ" થયલી છે માટે તેનો લાભ લઈને રૂમીઓ આ રીતે નાનાં રાજ્યોને કચડી નાખવા માંગેછે, કેમકે તેઓનો ઉસ્તાદ ઈરાન સિવાય બીજો કોઇ નથી. રૂમીઓએ સુલેહનો ભંગ કરી પાદશાહને કારણુ આપવાથીજ નોશીરવાન તેઓના મુલુક ઉપર ચઢાઈ લઇ ગયો હતો.

જતું ઘણું મુસ્કેલ કામ છે, માટે કોલ તોડીને તારા મલુકની હદથી અગાડી દગલું મેળતો માં, અને મંજરના મુલુક ઉપર લશ્કર મોકલતો માં. જો તું તેમ કરશે તો તારાં તખ્તને પાએમાલ કરી નાખીશ."

એલચીએ જઇને કએસરને નોશીરવાનનું નામું પોહોચાડયું તે તેણે વાંચીને જવાબ લખી એલચીને પાછો મોકળ્યો. તેમાં લખ્યું કે—"તારા વજીરથી ચોકસ કર કે રૂમીઓએ કેયાની પાદશાહોને ખંડણી આપેલી નથી, પણ રૂમીઓએ લીધેલી છે; તેમ હું તારી પાસે ખંડણી લેવા માગું છું. તુંએ સાંભળેલુંબી હશે કે સેકંદર હમારામાંનો હતો.[1] તેણે ઈરાનમાં શું શું કીધેલું હતું? તેની તરવારની વાત છુપી નથી તેવું છતાં તું મારી ઉપર સાહેબી ભોગવવાનો દાવો કરે છે તો લશ્કર લઇને હું તારી સામણે આવું છું. મારો મદદગાર ઇસા છે."

એલચીએ આ નામુ લાવી નોશીરવાનને વંચાવ્યાથી પાદશાહે દસ્તુરો, મોબેદો અને દાનાઓ સાથે ૩ દીવસ સુધી વીચાર કરીને તમામ લશ્કર રૂમ જવા સારૂં આજર આબાદગાન તરફ રવાના કીધું, જ્યાં આજર ગોશસ્પની દરધા (આતશ કદેહ) આવી ત્યાં દુરથી ઘોડા ઉપરથી ઉતરીને દરધામાં ગયા. નોશીરવાને પાક દસ્તુર પાસેથી બર્સમ માંગી લઈ બંદગી કરી દુવા માંગી, તેની સાથે તમામ દસ્તુરો, મોબેદો અને હીરબદોએબી ખાકમાં માથાં નાખી બંદગી કરી ખોદા પાસે એવી દુઆ માંગી કે ખોદાતાલા હમોને વાજબી ઇનસાફ આપીને રૂમનાં કામમાં ફતેહમંદી આપજે.[2] પછી સર્વેને બક્ષેશ કરીને આતશની દરધા આગળ છાવણી નાખી અને તમામ ઇરાની સરદારો ઉપર ફરમાનો લખ્યાં કે "સર્વે સરદારોએ પોત પોતાને હસ્તકના મુલકોનો પુરતાં લશ્કરથી સંભાળ રાખવો અને મારા વાવટાની નીશાન જોવા વગર દુસ્મનથી ફરેબ ખાઈ તેને દખલ નહી આપવો."

રૂમી શેહેરોની ફતેહ.

આતશની દરધા છોડી નોશીરવાને રૂમનો માર્ગ પકડયો. જે જે શેહેરોમાં તે ગયો ત્યાંના સરદારોએ હદીઓ મોકલી જોઇએ તેવો આશરો આપ્યો. મુસાફરીમાં દરરોજ શીકાર કરતાં અને રાતે હજાર સરદારો સાથે મજલસ કરતાં અંતે નોશીરવાન રૂમ[3] જઇ પુગો અને

૧ આપણા શાયરની અહીં ચૂક છે. આ જગાએ રૂમી કએસરને માટે તે લખેછે, જેનાં મુખમાં આપેલા આ શબ્દો (કે "સેકંદર અમારામાંનો હતો") કેવળ ખોટા છે. સેકંદર યુનાની ગણાય, તો જોકે તે તો મેસિડોન્યન અથવા મકદુની હતો, પણ તે રૂમી તો ગણાયજ નહિ. સેકંદરના જમાનામાં રૂમીઓનું રાજ્ય આટલો બધો ફેલાવો પામેલું હતુંજ નહિ.

૨ હાથમાં બર્સમ પકડીને ભણવું, અને બર્સમ પકડીને બાજ ધરી જમવું એ અથોરનાનોનું કામ હતું. આગળા કેયાની પાદશાહો જેમ મજહબના વડા ગુરૂ તેમજ રાજ્યના વડા હાકમ હતા; તેજ તરીકો સાસાની જમાનામાંબી ચાલતો હોય તેમ પાદશાહો દીનની જોડે દુનિયાના પેશવા ગણાતા હતા; અને અર્દેશીર બાબકાનથી નોશીરવાનના તેમજ યજદેજર્દ શેહેરિયાર સુધીના પાદશાહોના સંબંધમાં ફિર્દુસી આપણને જણાવી જાય છે કે તેઓ દીનના મોટા મદદગાર હતા, આતશની સેતાયશ કરનારા હતા, અને બર્સમ વિના બંદગી કરતા યા ભોજન લેતા ન હતા.

આ બાબતના સંબંધમાં એક બીજી વાત જાણવાજોગ એ છે કે આજર ગોશસ્પની દરગાહ સર્વોપરી હતી, તે આજર આબાદગાનમાં હતી, અને લડાઈમાં ઉતર્યા આગમજ પાદશાહો યારી માંગવા તથા ફતેહ થયા પછી શુક્ર ગુજારી માટે ત્યાં જતા હતા.

૩ ફિર્દુસી રૂમ કોને કહેવા માંગેછે તે નકી જણાતું નથી. આપણ આગળ (સફે ૩૯, નોટ ૧) જણાવી ગયા તેમ રૂમી શેહનશાહનું પાયતખ્ત રૂમ તે કાંઈ અસલનું રોમ શેહેર નહિ પણ આજનું કૉન્સ્ટાન્ટીનોપલ શેહેર હતું. હવે નોશીરવાન કાંઇ એ શેહેર સુધી જઇ પુગ્યો ન હતો. તે તો મદાઇનથી લશ્કર લઇ ઇરાનની સરહદ છોડી રૂમી મુલકમાં દાખલ થયો, જે શેહેરો તાબે થયાં તેઓ કનેથી ખંડણી લેતી કીધી, જેઓ સામે થયાં તેમને લડાઈમાં હરાવી તેઓ

લડાઇ માટે લશ્કર ગોઠવવાની તૈયારી કીધી. લશ્કરનો સરદાર શીરોએ બેહરામ નામનો હતો, જેણે લશ્કરની ડાબી બાજુની ફોજ ફરહાદને સોંપી અને જમણી બાજુની ફોજ ઉસ્તાદ બુર્જીનને સોંપી. વળી તમામ ખોરાકીનો સંભાળ રાખવા ગોશસ્પને નેમ્યો. લશ્કરની હરોલમાં મેહેરાનને રાખ્યો. ચોકી પેહેરાનું કામ હોરમજદ ખુરરાદને હવાલે કીધું. શીરજાદને લશ્કરથી કોઇના જાનમાલની ખરાબી નહી થાય અને લશ્કરીઓ પોતપોતામાં કજીઓ બખેડો નહી કરે તેનો પુરતી રીતે સંભાળ રાખવાને મુકરર કીધો. એ સઘળી ગોઠવણ છતાં નોશીરવાન પોતે જાતેબી લશ્કરમાં રાતે અને દીવસે ફેરી ફરતો રહ્યો. માર્ગમાં કોઇ લશ્કરી મરણ પામે ત્યારે તેનું દુખમું બનાવી તેનાં જે હથીયાર અથવા સોનું રૂપું હોય તે સુધાં તેને દુખમે ચહડાવતો.[1] નોશીરવાનની ચાલ આફતાબના જેવી હતી, યાને ગરીબ કે તવંગર હોય તે સર્વેને તે એકસરખો ઇનસાફ આપતો હતો.

જેવારે ઇરાનથી ગુસ્તાસ્પ રૂમ ગયો હતો તેવારે શોરઆબ નામનાં શેહેરમાં રહ્યો હતો. તેજ શેહેરમાં જ્યારે નોશીરવાન આવી પુગ્યો ત્યારે તેણે એક બુલંદ કીલ્લો દીઠો, જેમાં દાખલ થવાનો માર્ગ નહી માલુમ પડવાથી તે કીલ્લાને આગ લગાડીને તેને જમીન બરાબર કરી મેળ્યો, જેથી તે જગાનો આલદારો ઘણુંએક નજરાણું હાથી ઉપર લાદી લાવી નોશીરવાન પાસે માફી માંગીને તાબે થયા. હઇઆંથી આગળ ચાલતાં એક બીજો કીલ્લો નજર આવ્યો, તે મધે રૂમના પાદશાહ (કએસર)નો ખજાનો ભરેલો હતો. તે ઉપર તીરનો મારો ચલાવી તેનેબી બાળી ખાક કરી નાખ્યો. તેમાંનો ખજાનો લશ્કરે લુંટી લીધા પછી નોશીરવાન ત્યાંના લોકોને માફી બક્ષીને આગળ ચાલ્યો. માર્ગમાં તેને ખબર મલી કે રૂમનો પાદશાહ લશ્કર લઇને સામો આવે છે.

રૂમીઓની મોટી હાર.[1]

ફરફુરીયુસ[2] નામના રૂમના સેનાપતીએ નોશીરવાન સામે લડાઇ ચલાવી, જેમાં રૂમનું ઘણુંજ લશ્કર કતલ થઇ ગયું, અને ફરફુરીયુસ પણ જખમી થયો. કેટલુંએક લશ્કર નાહાસી ગયું તેની પુઠે નોશીરવાને દુંબાલો પકડયો. જંગલના માર્ગમાં એક કાલીનુસ નામનો કીલ્લો હતો, તે મધેનાં લશ્કર સાથે ભારે લડાઇ ચાલતાં કીલ્લામાં કોઇ રહ્યું નહી. ઘણું લશ્કર માર ખાતાં નાહાસભાગમાં પડયું, પણ કેટલાક અમલદારોએ આવીને માફી માંગી. અંતાકીઆ,[3] જે રૂમના કએસર પાદશાહનું પાએતખ્ત હતું, તાંહાં તેને ખબર થઇ કનેથી સોનાનો ભારી દંડ લીધો. એમ ફતેહ કરતો પાદશાહ અંતે મોટાં રૂમી શેહેર એંટિયોક ખાતે જઇ પુગ્યો.ફિર્દુસી જેને રૂમી પાયતખ્ત ગણે છે તે આજ શેહેર હતું

૧ જરતોસ્તીઓ સાસાની જમાનામાં દુખ્મે ચઢતા હતા, એટલુંજ નહિ પણ જ્યાં દુખ્મું નહિ હોય ત્યાં તેમને થકી દુખ્મું બનાવવામાં આવતું હતું—પછી તે એકજ માણસને થકી પણ કાં નહિ હોય—તે આ ઉપરથી સમજાય છે. હિંદુસ્તાનના જે જરતોશ્તીઓ જ્યાં દુખ્મું બાંધેલું ન હોય ત્યાં લાશને દુખ્મે ચહડાવવાને બદલે દાટે છે તેઓને આ દાખલા ઉપરથી શિખવાનું છે કે ગમે તેવી અજાણી જગા હોય તોપણ લાશને તો દુખ્મેજ ચઢાવવી, અને તેને માટે દુખ્મુજ બનાવવું, પણ કબર ખોદી લાશને તેમાં દાટવી નહિ.

૨ ફરફુરીઉસ તે રૂમી સરદાર બેલિસેરિયસ, કે જેની મદદથી જસ્ટીન્યને આફ્રિકા અને ઇટલીમાં ઘણીએક ફતેહો મેળવી હતી.

૩ એંટિયોક શેહેર. નોશીરવાન અહીં આવ્યો તેની ૧૪ વરસ આગમજ લાગટ ૧૦ મહિના સુધી ધર્તિકંપના સખ્ત આંચકા ચાલુ રહેવાથી આ શેહેર નાશ પામ્યું હતું, પણ રૂમી કએસરે પુષ્કળ જર ખર્ચીને તેને ફરીથી બાંધીને પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું. આ નવું શેહેર ઘણુંજ ભભુકદાર હોવું જોઇયે, કેમકે પાછલથી નોશીરવાને એજ શેહેરના નમુના ઉપર એક ઈરાની શેહેર વસાવ્યું હતું.

કે નોશીરવાન આવી પુગો છે, તેવારે રૂમનું લશ્કર સામું થયું, અને ૩) દીવસ સુધી નોશીરવાન સાથે ભારે લડાઇ ચલાવતાં આખરે રૂમીઓની હાર થઇ. નોશીરવાને કેટલાક સરદારોને કેદ પકડીને રૂમથી મલેલા ખજાના સાથે તેમને મદાએન મોકલી દીધા. શેહેરમાં જે હતા તે કએસરની સાથે નાહાસી ગયા, તેવારે નોશીરવાને ખાલી પડેલાં શેહેરમાં સઘળે ઠેકાણે ફરી આવીને સરદારોને કહ્યું કે "જેણે બેહેસ્તનો બાગ નહી જોયલો હોય તેણે અંતાકીઆને જોવું જોઇએ," એવું તે શેહેર દીલપજીર હતું.

પછી નોશીરવાને અંતાકીઆના નમુના જેવુંજ રૂમમાં એક નવું શેહેર બંધાવ્યું, જેનું નામ "જેબે ખુસરો" કરીને રાખી તમામ રૂમના કેદીઓના બંધ ખલાસ કરી તેઓને માલ તથા બક્ષીશ આપી જેબે ખુસરોમાં વસાવ્યા. તેવારે એક મોચીએ આવીને નોશીરવાનની આગળ ફરીયાદ કીધી કે "કાલીનુસ અધેનાં મારાં ઘરમાં હું રેહેતો હતો તે ઘરના દરવાજા આગળ તો ફળફુલનાં ઝાડો હતાં, અને આ ઘરની આગળ તો તેવું કંઇ નથી, તેથી નવાં શેહેરને હું પસંદ કરતો નથી !" નોશીરવાને હુકમ કરી મોચીને આગણે ફળફુલનાં ઝાડ રોપી અપાવી તેને રાજી કીધો. પછી નવાં શેહેરની રખેવાળીનું ફરમાન એક યહુદીને લખી આપી નોશીરવાન અગાડી ચાલ્યો.

કએસરનું શરણ થવું.

ફરફુરીયુસે કએસરને સમજાવ્યો કે નોશીરવાનનો જોર ભારી છે માટે સુલેહ કરવી જોઇયે. કએસરે વીચાર કરી ૬૦) ફીલસુફોને મેહેરાસ નામના ફીલસુફનાં ઉપરીપણાં નીચે કેટલોક ખજાનો અને કેટલાએક પોતાના ખેશીઓને ઓલમાં આપવાને કબુલ કરી નોશીરવાનની હજુરમાં મોકલ્યા. મેહેરાસે નોશીરવાનને નમનતાઇથી જાહેર કીધું કે "તમો અત્રે રૂમમાં ફતેહ પામેલા છો તેવું છતાં તમારૂં ઇરાન ખાલી પડેલું છે. હવે કએસર ઇરાનમાં જાય તેવારે બંધે મુલુકોની રસ્તાખેજ થઇ પડે. તેમ નહી કરતાં બેહેતર એજછે કે આ ખજાનો અને ઓલમાં આપીયે તે સરદારોને તમારી સાથે રાખીને સુલેહના કોલકરાર કરવા જોઇયે."

નોશીરવાને આ વાત કબુલ કરવાની સાથે બીજી માંગણી એવી કીધી કે "કએસરે દર સાલ ૧૦૦) ગાયનાં ચામડાંના થેલા ભરીને દીનાર હદીઆની સાથે ઇરાનમાં પોંહોંચાડયા કરવા અને અરબનાં એમન શેહેરની તરફ પોતાનું લશ્કર મોકલી તેઓને મુજાહેમ નહી થવું." આ માગણીબી કએસરે કબુલ કીધાથી નોશીરવાન રૂમથી પાછો ફરી શામના મુલકમાં આવી ઘણા દીવસ સુધી રહ્યો, અને શીરોએ બેહરામ નામનો શામનો હાકમ હતો તેને કએસરવાળો બધો ખજાનો સ્વાધીન કરીને અરમન શેહેરમાં આવી પુગો.[1]

---

૧ ફિર્દૌસી મુજબ અહીં રૂમીઓ સાથની નોશીરવાનની લડાઈનું શેવટ આવેછે. પણ તેમ નથી. અંટાકિયાની ફતેહ પછી તો પાદશાહને અનેક મોટી લડાઇઓમાં ઉતરવું પડયું હતું. જેમકે આ રૂમી શેહેરની ફતેહ પછી કએસર જસ્ટીન્યન સુલેહ કરવા દોડતો આવ્યો, અને નોશીરવાને પોતાને મનગમતી શરતો લખાવી, જેમાં લડાઈના દંડ દાખલ ૫૦૦૦ રતલ સોનું મેળવ્યું અને કેસ્પિયન સમુદ્રને માર્ગે ઈરાનીમાં તથા રૂમી પ્રાંતોમાં ધુસી આવતા જંગલીઓના અટકાવ માટે બાંધેલા કિલ્લાઓના નિભાવના ખર્ચ માટે દરસાલ ૫૦૦ રતલ સોનું લેતું કીધું. આ શરતો રૂમી શેહેનશાહે તરતજ તોડી અને લડાઇ તો જેમનીતેમ ચાલુજ રહી. લેજીકા નામનો એક પ્રાંત કાળા અને કેસ્પિયન સમુદ્રની વચે ઈરાનના તાબામાં હતો, તેને પોતાના કબજામાં લઈ રૂમીઓએ નવી લડાઇ બરપા કીધી અને ઈરાની મુલુક ઉપર તેઓ હુમલો લઈ ગયા, પણ એંગ્લનની મોટી લડાઇ (ઇસ્વી ૫૪૩)માં રૂમીઓ હાર્યા, જે ઉપરથી થોડીક મુદતની સુલેહને ખાતર કએસરે નોશીરવાન જોગું નજરાનું મોકલાવ્યું, જેમાં ૨૦૦૦ રતલ સોનું તથા એક યુનાની હકીમ હતો. પણ આ સુલેહબી કએસરેંજ તોડી. પાછી લડાઇ ઉઠી અને એકવાર ફરીને જસ્ટીન્યને ૨૬૦૦ રતલ સોનું સુલેહ તોડવાની ગુન્હેગારી દાખલ આપ્યું, એટલુંજ

ફસલ ૩—શાહજાદા નોશજાદનો બલવો.

ખ્રીસ્તી રાણીનો બેટો.

ઇસાઇ ધર્મ પાલનારી નોશીરવાનની એક ઓરતને પેટે એક દીકરાએ જનમ લીધો હતો. તેનું નામ નોશજાદ રાખેલું હતું.[1] નોશજાદ ઉમરે પુગતો થયો તાંહાંસુધી અવસ્તા ઓ જંદ બરાબર શીખ્યો નહી, પણ તેણે ઈસાના ધર્મનાં પાણીથી પોતાનું મોહડું ધોયલું હતું, યાને પોતાના બાપદાદાનો ધર્મ તજીને માતાનો ઇસાઇ ધર્મ અખ્તીયાર કીધેલો હતો, તેથી લોકોમાં ચર્ચા ઘણી ચાલવા લાગાથી નોશીરવાને કંટાળીને શાપુરગર્દ નામનાં શેહેરમાં બીજા બંધવાઓની સાથે નોશજાદને નજર કેદ રાખ્યો હતો. હવે રૂમની લડાઇથી[2] નોશીરવાનને પાછો ઇરાન તરફ આવવાની ખબર થવાથી કોઇ ચંડાલે નોશજાદને જઇને ખબર કીધી કે નોશીરવાન તો મરણ પામ્યો છે અને પાદશાહી તખ્ત કોઇ બીજા શાહજાદાને આપી ગયો છે. નોશીરવાનનાં મરણની આ વાતથી નોશજાદ ઘણો ખુશી થયો. આ ઉપરથી શાયર લખે છે કે જે કોઇ પોતાના નેક બાપનાં મરણથી ખુશી થાય તે દીકરો નેક મોરાદ કદી નહી પામે.

બેટાની બેવફાઈ માટે બાપનો બળાપો.

નોશજાદે શાપુરગર્દ શેહેરનાં બંદીખાનામાં જેટલા કેદી હતા તેઓના, અને ઘણાએક દેવાના આદમીઓને પરહેજ રાખેલા હતા તેઓના બંદ ખલાસ કરી, પોતે પાદશાહીનો દાવો કરી બળવો કીધો. તેની માતાએ તેને ઘણો સરખો ખજાનો આપેલો હતો જેથી નોશજાદે ૩૦૦૦૦ લશ્કર એકઠું કરી આસપાસનાં શેહેરોમાં હુકમ ચલાવી રૂમના કએસર ઉપર એક નામું લખ્યું, જેમાં લખ્યું કે "નોશીરવાન બીમારી ભોગવીને મરણ પામ્યો છે, જેથી મારો સીતારો રોશન થયોછે. આપણ એક લોહીના અને એક ધર્મ પાલનારા છૈએ. તું શાહનશાહ છે. આપણે ઇરાન અને રૂમને એક મલતું કરીને સમજીશું."

આ બળવાની ખબર મદાઇનમાં રામબુર્જીન નામે પાદશાહના વજીરને થવાથી તેણે નોશીરવાન ઉપર એક પત્ર લખી નોશજાદના બલવાનો અહેવાલ જાહેર કીધો.

નોશીરવાને દલગીરી સાથે રામબુર્જીનને લખી જણાવ્યું કે "નોશજાદે તેની સાથના કેદી ખ્રીસ્તીઓની ઉસકેરણીથી આ તુફાન ઉઠાવેલું છે, માટે તેને નસીહત કરી સમજાવવું કે મારાં મરણ પછી પાદશાહી કરવાનો તારો હક વાજબી છે, પણ હું તો જીવું છું, માટે બલવો બેસાડી દઇને તારી હાલત પ્રમાણે રેહેવાને રાજી થવું જોઇયે. જો તેમ નહી માનીને લડાઇ કરે તો બનતાં સુધી

નહિ પણ રૂમીઓએ ઈરાનને પચાસ વરસો સુધી દરસાલ ૩૦૦૦૦ સોનાના સિક્કાની ખંડણી આપ્યા જવાનું કબૂલ કીધું. આ શરતે નોશીરવાને રૂમીઓ સાથ અર્ધી સદી સુધીની સુલેહ ચાલુ રાખવાની હા પાડી, પણ થોડીજ મુદતમાં શેહેનશાહ જસ્ટીન્યન મરણ પામ્યો અને નવા કએસર જસ્ટીને ઇસ્વી ૫૭૩ માં ઈરાન સાથ લડાઇ ચલાવી, જેમાં નોશીરવાન ફતેહ પામ્યો, અને રૂમીઓનો દારા નામનો કિલ્લો જીતી લીધો. જસ્ટીન પછી ટૈબિર્યસ નામનો શેહનશાહ થયો તેણે પાદશાહ સાથ નવી સુલેહ કરીને તેના બદલામાં ૪૫૦૦૦ સોનાના સિક્કા દંડ દાખલ ભર્યા. એ પછી થોડાં વરસમાં નોશીરવાન મરણ પામ્યો હતો.

૧ કહે છે કે સુરોંન અથવા દુરાના કિલ્લામાંથી નોશીરવાને પકડેલા ખ્રિસ્ટી બંધવાઓમાં કેપેડોશિયાના રૂમી હાકમ જૉનની કુમારિકા યુફેમિયા પણ હતી, જેણી જોડે પાદશાહે શાદી કરી હતી, અને તેને પેટે અવતરેલો બેટો તે નુશજાદ, જેને રૂમીઓ અનોતોજીદને નામે ઓળખાવી ગયા છે.

૨ ઇસ્વી ૫૭૨ માં. ૫૦ વરસની જસ્ટીન્યને કરાવી લીધેલી સુલેહ ઉપર જસ્ટીને પાણી ફેરવી નવેસરથી છેડતી શોધવાથી નોશીરવાન એ વરસમાં પોતાની ૮૦ વરસની ઉમર છતાં તેને સજા કરવા ગયો હતો.

તેને જીવતો કેદ પકડવો. તેમબી નહી બને તો તુંને ફાવે તેમ લડાઇ ચલાવ. લડાઈમાં માર્યો જશે તેનો ગુનાહ મારે સીર લાગવાનો નથી. અગર તું ફતેહ મેળવે તો નોશજાદને ઉસકેરનારા બલવાખોરોને કતલ કરજે; અને નોશજાદ જીવતો પકડાય તો તેને કેદમાં રાખજે, પણ તેના કબીલાની પુરતી બરદાસ્ત કરજે; અને જેઓએ મારાં મરણની ખોટી અફવા જાહેર કીધેલી હોય તેઓની જુબાન ઉપર ડાહામ દેજે, કારણકે તેઓએજ નોશજાદને ઉસકેરી ખરાબ કીધો છે."

બલવાખોર શાહજાદાને રૂડી નસીહત.

ઇરાનનાં પાયતખ્ત મદાએનથી લશ્કર જમા કરી લઇને રામબુર્જીન લડાઈનાં મથક આગળ ઉભો. રૂમીઓની મીસાલે નોશજાદ શમાસ નામના રૂમીની સરદારી નીચે પોતાનું લશ્કર જેમાં તમામ રૂમી લોક અને પાદરીઓ હતા, તે લાવી મેદાનમાં ઉભો. ઇરાની લશ્કરમાંથી પીરોજ નામના એક બુઢા સવારે મેદાનમાં આવી નોશજાદને બોલાવીને નસીહત કીધી કે "તારા બુજર્ગ બાપ સાથે ગેરવાજબી રીતે લડાઇ કરવા નીકળ્યો છે ખરો, પણ અંતે પશેમાન થશે, કાંયજે ગૈઓમરસ, હુશંગ અને તેહેમુરસની દીનથી માથું ફેરવીને ઇસાની દીન તુંએ અખ્તીયાર કીધી છે તે ખોટું કીધું છે. તુંએ સાંભળ્યું તો હશે કે ઇસાના ધર્મ પાલનાર રૂમના પાદશાહને તારા બાપ નોશીરવાને કેવી હાલતે પોંહોંચાડેલો છે. ઇરાનની પાદશાહી લેવાનો જે તું દાવો કરેછે તે ઉપરથી તો તારી અકલ ગુમ થયલી જણાય છે. જાંહાં સુધી નોશીરવાનની હૈયાતી છે તાંહાં સુધી તુંને પાદશાહી મળે એવી રીત નથી. મગર નોશીરવાનની હૈયાતી પછીથી તુંને પાદશાહી નહી મલે તેવારે દાવો કરી લડવાનો તારો હક છે. તેમ છતાં હાલમાં લડાઇ કરશે તો તું ખતા પામશે. અગર તું લડાઇમાં મરણ પામશે તેથીબી નોશીરવાનને રડવું પડશે. માટે નોશીરવાન જેવા બાપને દીલગીર નહી કરતાં તારાં હથીઆર ફેંકી દઇને ખાકમાં સીર નાખી માફી માંગ. અગર મારી નસીહત પ્રમાણે નહી ચાલતાં લડાઈ કરશે તો દુશ્મનોની ફુલવણીથી કેવાં માઠાં પરીણામ નીપજે છે તે યાદ કર્યા વીના રેહેશે નહી."

નોશજાદે જવાબ દીધો કે "અરે બુઢા, ગરૂરી ભરેલા પીરોજ! હું શાહજાદો છું અને મારી પાસે મજબુત લશ્કર છે, તેવું છતાં હું માફી માંગું? નોશીરવાનની દીનને હું માનતો નથી; મારી માતાની જે ઇસાઇ દીન છે તેને કબુલ રાખું છું; જેથી હું ફરનાર નહી. અગર હું માર્યો જાઉં તો કંઇ ભય ભરેલું નથી, કારણ કે મોતનો કંઇ ઇલાજ નથી."

કરણી તેવી પાર ઊતરણી.

પીરોજે આ જવાબ સાંભળીને લડાઇ શરૂ કીધી, અને ઇરાની લશ્કરે તીરનો વરસાદ વરસાવ્યો. કેટલાક નોશજાદના સરદારો કતલ થયા, અને નોશજાદબી તીરથી જખમી થયો, જે ઉપરથી લશ્કરની છાવણીમાં આવી તેણે રૂમી સરદારોને બોલાવીને કહ્યું કે "પોતાના બાપની સામે જે લડે તેને કમબખ્તી ભરેલો જાણજો." પછી મોટા પાદરીને કહ્યું કે "એક સવારની સાથે મારી માતાને એવું કેહેણ મોકલ કે "મારાં મરણ પાછલ તું દલગીર થતી માં. મારાં કીસમતમાં જે બનવાનું હશે તે બની ચુકયું છે. મારે સારૂં દુખમું બનાવવું નહી, પણ ઇસાના ધર્મ પ્રમાણે મારી ઘોર બનાવજો." એટલું બોલીને નોશજાદે પ્રાણ મેળી દીધો.

ઇરાનીઓ નોશજાદની આગળ આવ્યા તે વખ્તે તેનું માથું પાદરી પોતાની ગોદમાં લઇ બેઠેલો હતો. રામબુર્જીને મોટા પાદરીને પુછ્યું કે "નોશજાદે વસીઅત શું કીધેલું છે?"

પાદરીએ જવાબ દીધો કે "તેની માતા વગર તેનાં તનની ક્રીયા થાય નહી. દુખમું બનાવવા નોશજાદે ના પાડેલી છે, માટે ઇસાની દીનની રસમ મુજબ તેની માતા દફન કરીને

ઘોર બનાવશે. ઈસાનાં જેવુંજ નોશઝાદનું મરણ નીપજેલું છે. તેમાં તફાવત એટલોજ છે કે ઇસાને સુલીએ દીધો હતો અને નોશઝાદને તીરના જખમથી મારેલો છે; તોપણ બંન્નેનો હેવાલ ખોદાની આગળ એકસરખો છે."

પછી તમામ ખ્રીસ્તીઓ અને પાદરીઓએ નોશઝાદનાં તાબુતને બે ખચરની વચે બાંધીને લડાઇનાં મથકથી શાપુરગર્દ, જે ત્રણુ ફરસંગ દુર હતું, તાંહાં તેની માતાની આગળ લઇ જઇ મેલ્યું. તેણીએ રડાકુટ કરીને નોશઝાદને ઇસાઇ ધર્મ પ્રમાણે દફનુ કર્યો.

આ ઉપરથી ફીર્દુસી કેહે છે કે "રાસ્ત દીનથી જે માથું ફેરવે તેની ઉપર ખોદાનો ગજબ થાય. અગરજે બાપથી દીકરાને દુઃખ પોંહોંચેલું હોય તોપણુ દીકરાએ બાપને દુઃખ નહી દેવું જોઇયે."

ફસલ ૪—બુજર્ચે મેહરની દાનાઇના દાના.

પાદશાહનો ખ્વાબ.

નોશીરવાને એક રાતે ખ્વાબમાં એવું દીઠું કે તેનાં તખ્તની આગળ એશઆરામની વેળાએ તેની એક રાણીની સાથે એક ડુકર બેસીને નોશીરવાનને સારૂ પેલીએ શરાબની એક જામ ભરેલી હતી તે લઇ પોતે પી ગયો. તે જોઇને નોશીરવાનને ખ્વાબમાં ઘણું માઠું લાગ્યું.

બીદાર થઇ બીજે દીવસે ખ્વાબ જાણુનારા મોબેદોને બોલાવી તેની હકીકતથી વાકેફ કીધા. તેઓ કાંઈ ખોલાસો કરી શકયા નહી, જેથી નોશીરવાને દેશેદેશ ખ્વાબ જાણુનારની શોધમાં દરેક મોબેદને દસ હજાર દીરમની થેલી આપીને મોકલ્યો. તે મોબેદો મધેનો આજાદસરવ નામનો એક મર્વ શેહેરની એક મદ્રેસામાં જઈ પુગો, અને ત્યાંનો ઉસ્તાદ જે બાળકોને ઝંદ અવસ્તા શીખાડતો હતો, અને ખ્વાબની બાબતમાંબી પ્રવીણુ હતો તેને તેણે ખ્વાબની વાત પુછી. ઉસ્તાદે જવાબ દીધો કે "મદ્રેસાનું કામ છોડી મારાથી આવી શકાય નહીં."

બુજર્ચે મેહેરની મોટાઇ ની શરૂઆત.

આ વાત સાંભળીને બુજર્ચે મેહર નામનો તે મદ્રેસાનો એક જવાન મદદનીશ હતો તે ઉસ્તાદ પાસેથી રજા લઇને આજાદ સરવની સાથે નોશીરવાનની દરબાર તરફ ખ્વાબનો ભેદ કેહેવા ચાલ્યો. માર્ગમાં એક પાણીના ચશ્મા આગળ ઉતરી, ખાઇ પીને ચાદર ઓઢી, બુજર્ચે મેહરે એક ઝાડના છાયા તલે આરામ પામી ખ્વાબ કીધો. તેવામાં એક કાળા નાગે આવી આસપાસ ફરી તેની ઓઢેલી ચાદરને સુંઘીને ખેંચી અને પછી પેલાં ઝાડ ઉપર ચહડી ગુમ થઇ ગયો. એટલામાં તો બુજર્ચે મેહર બીદાર થયો, પણુ આજાદ સરવે નાગની હીલચાલ જોઈ હતી તેથી ઘણો અજબ થઇને પોતાના મનમાં વીચારવા લાગો કે, "આ બાલક (બુજર્ચે મેહર) ઉંચે દરજજે પોંહોંચશે ખરો." તેણે ખોદાના શુકરાણુા કીધા, અને પછી નોશીરવાનની હજુરમાં આવીને બુજર્ચે મેહર વીશેની સઘળી હકીકત પાદશાહને કહી સંભળાવી. આ ઉપરથી પાદશાહે તે જવાનને પોતાની આગળ બોલાવીને પેલા ખ્વાબની વાત પુછી, તેવારે બુજર્ચે મેહરે જવાબ દીધો કે "તારા અએવાનમાં તારી રાણીઓ સાથે એક જવાન મર્દ ઓરતના પોશાકમાં વસે છે. હું તેને પકડી આપીશ, તે એવી રીતે કે સઘળી ઓરતો એક પછી એક તારી આગળથી ચાલી જાય, એટલે તેઓ મધેથી મર્દ હશે તેની ચાલ માલુમ પડી આવશે."

ખ્વાબનો ભેદ.

હવે આ રીતે કરી જોયું, પણુ મર્દ હતો તે માલુમ પડયો નહી, જે ઉપરથી ફરીની ફેરી બીજે અખ્તરો કરી તપાસી જોતાં પેલો મર્દ જે ઓરતના લેબાશમાં ઢંકાયલો હતો તે જાહેર પડી આવ્યો. નોશીરવાનનાં અએવાનમાં

૭૦) ઓરત હતી, તે મધે એક મર્દ હતો, જેની તપાસ કરતાં માલુમ પડયું કે ચાચ નામે દેશના પાદશાહની દીકરી નોશીરવાન સાથે પરણી આવીને પોતાના બાપના એક ગોલામને ઓરતના લેબાશમાં છુપાવીને પોતાની સાથે લાવેલી હતી. પણ નોશીરવાને તે ઓરતને એ મર્દ કોણ છે એવું પુછ્યું ત્યારે તેણીએ જવાબ દીધો કે, "મારી માતાને પેટે જન્મેલો મારો નાધલો ભાઇ છે, મગર બાપ જુદો છે. એ ભાઇએ મારી સાથે બદી કીધેલી નથી, પણ તારી શરમને લીધે લેબાશ બદલેલો છે. આ બહાના ઉપર નજર નાખતાં નોશીરવાને ગુસ્સે થઇ જવાબ દીધો કે "ભાઇ બેહેનનો સંબંધ આવી છુપી રીતે નહી બને." પછી બંધેને સજા કીધી, અને બુજર્ચે મેહરનાં કામથી અચરત થઇને મોબેદોમાં તેને મોટો મરતબો આપ્યો.

મજલસ ૧ લી.

અકલ અને દાનાઇની સ્તુતીમા.

નોશીરવાનની હજુરમાં હમેશાં ૭૦ દાના મોબેદો હાજર રેહેતા, જેઓની મસલહતથી તે દરેક કામ કરતો હતો. એક દીને તેણે એક મજલસ કરીને ખાનાં ઉપર તમામ દાનેશમંદ મોબેદોને બોલાવ્યા. ખાનું ખાધા પછી જાનને તનદોરસ્ત રાખે અને દેલને હુશીઆરી આપે તેટલો શરાબ લઇને દાનાઓને હુકમ કીધો કે "દાનાઇ ભરેલી એવી રીતની વાતો કરો કે જેથી મારાં દેલને ખુશી ઉપજે." દાના હકીમોએ કેટલીક વાતો કીધા પછી બુજર્ચે મેહર નોશીરવાનની રજા લઇને નીચે મુજબ બોલ્યો—

"દાનેશમંદ તેને જાણવો કે જે થોડું બોલે, પણ તેના અર્થ ઘણા થાય. ગરમ મીજાજવાલો થોડું સમજે છે અને ઘણું બોલે છે, તેથી વખ્તે બેહુદું બોલાઈ જવાથી તેને પસ્તાવું પડે છે. દાનાઇનું ડોલ દેખાડવા કરતાં દાનાઈની શોધ કરવી ભલી. અગર આપણે દુનીયાની બરાબરની જીંદગી લાવેલા હોઇયે તોજ દુનીયા સાથે દીલ લગાડીયે. દુનીયામાં અકલ અને નેકીથી ચહડતે દરજજેનું કામ કંઇજ નથી. રાસ્તી તનને રોશની આપે છે; નારાસ્તીનો માર્ગ અંધારાંમાં છે. સર્વે કોઇને પોતાની મતલબ પ્યારી લાગે છે; પણ કઇ મતલબ રવા રાખવી અને કઇને છોડી દેવી તેમાં તફાવત છે. તે તફાવત દુર કરવા આપણી પાસે અકલ હોય તો નેક મતલબને અખ્તીયાર કરીએ અને બદને છોડી દીજીએ. આદમીઓનાં તન ખાકી દુનીયામાં અને જાન હમેશાંની દુનીયામાં રેહેવાનો છે, એમ દાનેશમંદ હોય તે સમજે છે, તેથી જે નેક મતલબ માંગે છે તેમાં નીષ્ફલ થયાથી દુઃખ ભોગવે છે. રાસ્તી મુજબનું કામ કરતાં આદમીની હીમતમાં વધારો થાય છે, તેમ ગેરવાજબી અને જુઠું બોલવાથી ઘટાડો થાય છે. જો આદમીમાં અકલ નહી હોય તો બોલવા કરતાં મુગું રેહેવું બેહતર છે. જે આદમી લોભી નથી તે હમેશાં ખુશહાલ અને પુંજી વીનાબી તવંગર છે. અકલનું કુવત વધારનાર ભલમણસાઇ અને જાનની બુજોર્ગી વધારના અકલ હોય છે. નાદાન દોસ્ત કરતાં દાના દુશ્મન ભલો. દાનાઇ શીખવા સારૂં તું દાના લોકને આધીન થશે તો દાનાઇ શીખીને સરફરાજ થશે. દાનાઈ ભરેલી વાત કરતાં તું દલેરી બતલાવશે, તોપણ તારી વાતમાં કોઇથી વાંધો નહી લઇ શકાશે. દાનાઇ વગરનું આદમી દેલેરી કરવા જાય તે કરતાં મુંગું બેશે તો ભલું."

વળી તે વધારે એમ બોલ્યો, અને તે સર્વે દાનાઓને ખુશ લાગું કે "તારી પાસે માલ ખજાનો હોવા છતાં અકલબી હશે તો તું તે એકદમ ખરચીબી નહી નાખશે અથવા એકઠોબી નહી કરી મેલશે; બલકે મધ્યમ રીતે વાપરશે કે જેથી તે હમેશાં પોંહોંચ્યા કરશે. અકલમંદ તેને જાણવો કેજે પોતાના દુશ્મન સાથે અદાવત નહી રાખે, કે જેથી તેનો દુશ્મન હોય તેબી નોકર જેવો થઇ જાય. જે ધણી એવો ઠેરાવ કરીને લડાઇમાં

ઉતરે કે તે મરવાજ ઉતર્યો છે તો તે ઘણી ફતેહ મેળવી શકે છે. નહી બને તેવાં કામ બનાવવામાં કોશેશ કરવી તે પાણીમાં લોહોડાંને ચોંટાડવા સરખું છે. જે પાદશાહ દાનાઇ ભરેલો હોય તેજ નમનતાઇભરેલો હોય. જે ખોદાની ખોદાવંદીને જાણે તે બદ કામ કદી નહી કરે, પણ પોતાનાં તનને નેકીથી સાચવીને બદીને દુર કરે; નહી ઘટે તેવું કામ નહી કરતાં નાહક કોઇને દુખ નહી દીયે, સર્વે વાતે ખોદાની ખુશી મુજબ ચાલે તથા આખેરે ખોદાની હજુરનો થાય."

બુજર્ચે મેહેરના આ સઘળા નસીહત ભરેલા સખુનો સાંભળી તમામ અનજુમને તેને શાબાશી આપી અને નોશીરવાને તેનો મરતબો વધારી તેને સરફરાજ કીધો.

મજલસ ૨ જી.

દાનાઇ ભરેલા સવાલ જવાબ.

બીજે હપ્તે નોશીરવાને અનજુમન મેળવી દાના મોબેદોને બોલાવી રજુ કીધા, જે વેળા એક મોબેદે બુજર્ચે મેહરને સવાલ કીધો કે "તમામ હસ્તીની ઉત્પંતી કયારે મોજુદ થઈ, અને તેની આખરી કયારે આવશે, અને તેને પેદા શી રીતે અને કોણે કીધી?

બુજર્ચે મેહેરે જવાબ દીધો કે "પેદાયશની વાત પેદા કરનાર સીવાયે બીજું કોઇ જાણી શકે નહી."

સવાલ—બુજોર્ગી કોણને આપવી સજાવાર છે?

જવાબ—જે વધારે અકલ અને દાનાઇવાળો હોય તેને.

સવાલ—દાનાઓની નજદીક વધારે સારી કઇ ખસલત છે?

જવાબ—ધીરજ, સખાવત, રાસ્તી, લાયકી અને નમનતાઈ.

સવાલ—દાનેશમંદ થઇને લડાઇમાં દુસ્મનોને હાથે સપડાઈ જાય તેવારે કેમ કરવું?

જવાબ—તેણે પોતાની ભુલ સુધારવી જોઇયે.

સવાલ—શું ઉપાય કીધાથી જીંદગાનીમાં દુખ ભોગવવું નહી પડે?

જવાબ—ધીરજ રાખવી, રાસ્ત રીતે ચાલવું, વેહેવારમાં રવાદારગી નહી રાખવી, કોઇના ઉપર હેસાન કીધા છતાં તેનો વાંક હોય તે દરગુજર કરવો.

સવાલ—સર્વેથી બેહેતર સખાવત અને બેહેતર નેકી કેવી રીતની હોય છે?

જવાબ—બેહેતર સખાવત એ છે કે વગર સવાલે હાજત પુરી પાડવી;—અગર સખાવત કરી તેના ઉપકારનીબી ગરજ રાખે તો તે સખાવત નહી પણ સોદાગરી કેહેવાય. સર્વેથી બેહેતર નેકી એ જે લાયક માણુસ સાથેજ નેકી કરવી જોઇયે; અગર નાલાયક સાથે નેકી કીધી હોય તો તે બદીની બરાબર ગણાય. અગર મુગાં બેહેરાં માણુસ સારૂં તું પુછે તો તેઓની દાદ દીધામાં સારાં ફલ નીપજે છે.

સવાલ—દાનેશમંદ શું કીધાથી આરામ પામે?

જવાબ—લોકપર દુઃખ પડે તેમાં પોતે ભાગ લીયે, પોતાનો દોસ્ત ખોટે માર્ગે ચાલે તો તેને દુસ્મન કરી ગણે, ખોદાનાં આપેલાં ઉપર સંતોષ પકડે અને કોઇથી મોતાજ નહી રેહે. કોઈ કડવું બોલે તે ખમે, કે જેમ કીધાથી સાંબેવાળો પશેમાન થાય અને તેના ગુસ્સાનો જોશ નરમ પડી જાય.

સવાલ—વખાણુવા લાયક કોણુ આદમી?

જવાબ—જે ખોદાથી ડરીને ચાલે અને ખોદા ઉપર ઉમેદ રાખે તે.

સવાલ—થોડી કોશેશ કીધામાં ઘણા ગુણ કે ઘણી કીધામાં?

જવાબ—દાના થોડીજ કોશેશ કરે તેમાં ઘણો ગુણ.

સવાલ—પાદશાહનાં કયાં કામોથી સારાં માણસોને દલગીરી ભોગવવી પડે?

જવાબ—જે પાદશાહ લડાઈમાં જતાં ડર રાખે, સખાવત કરતાં અચકાય, દાનાઓની મસલેહત લીધા વીના કામ કરે અને આકળા મીજાજવાળો હોય, આ ચાર ખસલતથી.

સવાલ—એબ વગરનું માણસ તે કોણ ? અને સારાં માણસો શું કીધાથી એબ લગાડનારાં થાય ?

જવાબ—જે સારાં માણસો જુઠું બોલી પોતાનું ભલું ઇછે અને નેક મરદો ઉપર ખોટું તોહોમત મેલે તે એબ લગાડનારાં હોય છે. એબ વગરના માણસ તેને જાણવાં, કે જે હમેશાં સાચું બોલે, આખમાં શરમ રાખે, નરમ આવાજે બોલે, અને લોભને તાબે નહી થાય તે.

મજલસ ૩ જી.

અકલ, એલમ અને હુનરની તારીફમાં.

ત્રીજે હફતે ત્રીજી મજલસ કરી અનજુમન ભેગું કરી, નોશીરવાને દાના મોબેદોથી દાનાઇની વાતો સાંભળી, તે પસંદ નહી પડવાથી બુજર્ચ મેહેરને બોલવા કહ્યું; તેવારે તે બોલ્યો કે "જાંહાંસુધી માણસ બદ માર્ગે તજે નહી તાંહાંસુધી તે બુજોર્ગી પામતું નથી. એલમ હુનરનાં બળ વગર પાદશાહીનું કામ ચાલતું નથી. કોઇ તુંને પુછે કે તારામાં એલમનું ભંડોલ કેટલું છે ? તેના જવાબમાં તારા બાપદાદાની બુજોર્ગી જણાવશે તે તો જાણે ખુશબોઇ વનાનું રંગદાર ફુલ જેવું કેહેવાશે. બક્ષીશ કીધાથીજ પાદશાહ તવંગર કેહેવાય; ખજાણો છુપાવી રાખવાથી કોઇની નામદારી જાહેર થતી નથી. નીતી વનાના મીઠા અને નરમ શબ્દો વાપરનારને હુનરમંદ નહી જાણવો. અગત કરીને પાદશાહને વફાદારીથી ચાલવું જોઇયે, નહી તો તે ભોલાં માણસમાં ખપે. સંતોષથી સુખ અને લોભથી દુઃખ મલે છે. બદકાર સાથે નેકી કરવી નહી. સાફ દીલથી સબુરી રાખતાં મોરાદ બર આવે છે. જે શખ્સને બુજોર્ગી મેલવવી હોય તેણે પાંચ હુનર રાખવા જોઇયેઃ—(૧) અકલ—(૨) અજમાએશ—(૩) નેકી બદીની પીછાણ—(૪) રાસ્તી—અને (૫) કોશેશ કરવાનું કુવત. દાના માણસ આ પાંચ ખસલત નહીં રાખે તો નીષ્ફળ થાય. નાદાન માણસ આ સાત ખસલત રાખ્યાથી રંજીદા થાય છેઃ—(૧) ગુસ્સો—(૨) અણઘટતો ખર્ચ—(૩) નાસબુરી-(૪) ભેદ ખોલીને બોલવું—(૫) બેહુદું બોલવું—(૬) અણઘટતો આશરો મેલવવો—(૭) શરમ છોડીને જુઠું બોલવું.—અએ પાદશાહ ! આ વાત તો તું યાદ રાખ કે બદી કીધાથી નેક બદલો મલનાર નથી. દાનાઓની નસીહત કાન ધરીને સાંભળી યાદ રાખવાથી તનદોરસ્તી અને અકલનો વધારો થાય છે. દાનાઓની સોહબતમાં બેસવાથી નાદાન હોય તેબી દાના થાય છે; જાન અને દીલ રોશની પકડે છે. જુઠાણાથી જાન અને દીલ અંધારામાં રેહે છે. જેવારે દાના વાત કરે તેવારે તે સાંભળવા ઉપર ધ્યાન આપ્યાથી તુંબી દાનાઇ હાંસલ કરી બીજાઓને બોધ આપી શકશે. દાનેશ હાંસલ કરવામાં કંટાળવું નહી, તો જોકે તેની કોશેશ કીધામાં રંજ ઘણીબી હોય. હમેશાં પાદશાહ નોશીરવાનનું દીલ એલમ હાંસલ કીધાથી નાતવાન ના હોતું.

ફરીથી મોબેદે બુજર્ચ મેહરને સવાલ કીધો કેઃ—દુનીયામાં સર્વેથી બેહેતર એવી શું ચીજ છે કે જેથી જાન રોશની પામીને જમાનાના દુઃખથી મોકલો થાય ?

જવાબ—જેની પાસે અકલ હોય તે ધણી બંધે જેહાનમાં સુખ ભોગવે.

પુછયું કે માઠાંભાયગે તેની પાસે કુદરતી અકલ નહી હોય તેવારે શું કરે ?

જવાબ—એલમ હાંસલ કીધાથી તે બુજોર્ગી પામે છે.

પુછયું કે એલમથી હાંસલ નહી કરી શકે તેવારે કેમ ?

જવાબ—પેહલવાન જેવો મર્દ હોય અને તેની પાસે એલમ નહી હોય તો તે નકામો છે. અગર એલમ હોય તો તે દુશ્મનને જેર કરી પાદશાહની આગળ સરફરાજ થાય.

પુછયું કે દીન અથવા દુનીયાને લગતો કંઇજ એલમ હુનર જાણતો નહી હોય તેવારે તે ધણીએ કેમ વર્તવું જોઇયે ?

જવાબ—તેવા ધણીને જીવવા કરતાં મરવું ભલું છે.

પુછ્યું કે દાનાઓની શીખામણથી શી રવેશે ફાયદો મેળવી શકાય?

જવાબ—કોઇએ આપણને બદ સખુનો ઓચરેલા હોય તે સાંભળીને ખામુશ રેહેવું તેમ કીધાથી મંડલીમાં પ્યારા લાગીયે અને દુશ્મનને દોસ્ત કરી શકીયે.

પુછ્યું કે કયો બદ માર્ગ છે કે જે તજી દીધાથી બુજોર્ગી મલે?

જવાબ—નહી ઘટે તેવાં કામ કરવાં નહી; નહી આજાર દેવો જોઇએ તેવાને આજુરદા કરવો નહી; પારધીને જોઇ શીકાર નાસે છે તેમ દુશ્મનથી દુર રેહવું, પણ દોસ્તની નજદીક જવું; શાદીની પુંઠે ગમી તો હોયજ છે, પણ લોભ છોડી દીધાથી તે કમી થાયછે. પોતાનાં તનની પરવરશી અને સુખ છોડી દઇ રંજને રાહત સમજીને ઉદ્યોગ કરવામાં કોશેશ કરવી, કાંયકે દુનીયામાં રંજ ભોગવ્યા વના ગંજ મળતો નથી.

આ અને એવાંજ બીજાં ઘણાં વચનો સાંભળીને અનજુમને દોઆ કીધી.

મજલસ ચોથી

પાદશાહની ફરજો બાબે.

ત્રીજી સભાને બે હફતા ગુજરી ગયા પછી નોશીરવાને દાના મોબેદોની ચોથી સભા મેળવીને કેટલાક સવાલો પુછ્યા, જેના જવાબો પાદશાહને પસંદ પડતા નહી લાગાથી તેણે બુજર્ચ મેહેરને તે સવાલ કીધા. તે દાનેશમંદ દુઆ કરીને બોલ્યો કે “ દુનીયામાં બીજબી પાદશાહો ઘણા થઇ ગયા છે, પણ તારા જેવો અકલમંદ, સખી અને નેક સીતારાવાલો કોઇ નથી થયો. જે પાદશાહ પરહેજગાર (નીતીવાળો) હોય છે તે લડાઇ યા કીનો નથી શોધતો, અને અણઘટતી લડાઇ કરીને દીલને દુખમાં નાખવાનું નથી પસંદ કરતો. જેબી કામ તે કરે છે તે ખોદાનો ડર રાખીને કરે છે. જેવારે પાદશાહને ગુસ્સો ચહડી આવે છે તેવારે તેની અકલ હવા ઉપર ઉડી જાય છે, તે વાત ખોદાને પસંદ પડતી નથી; માટે નેક બદની તપાસ કરી નેક માર્ગે ચાલી બેહસ્તની ઉમેદ રાખવી જોઇયે. સાચ્ચું બોલવું અને સુલેહ ધુંડવી, જેથી હમેશાં મલુકની આબાદાની છે.

“ વળી નેક પાદશાહના જે વજીરો હોય છે તેબી દાના હોય છે. જ્યારે એવા દાના વજીરો હોય છે ત્યારેજ તે પાદશાહનાં તાજની બુજોર્ગી વધે છે. અગર કોઇ પાદશાહ નાદાન વજીરની મશવરત પ્રમાણે ચાલે છે તો તે પોતાની પાદશાહી ધુલ મેળવે છે; કારણ કે નાદાન વજીરમાં અકલનું બળ નહી હોવા છતાં તે તુંદીથી લડાઇ શોધે છે; માટે દાના વજીર વીના મલુકની સંભાળ અને પાદશાહનો મરતબો જલવાઇ શકાતો નથી. નાદાન વજીરે કોઇ બેગુનાહને બંદીખાને નાખેલો હોય અને તેને રાતે ઉંઘ નહી આવ્યાથી દુખ ભોગવે તો તેને બદલે પાદશાહને ઇજા પોંહોંચ્યા વીના રેહે નહી. અગર કોઇ બદ બુનીયાદનો તકસીરવાર ઘટે તેવી સજા કરવાને લાયક ન હોય તોપણ તેને મંડલીથી માત્ર દુર કરવો, પણ ઇજા પોંહોંચાડવી નહી.

“ જંદ અવસ્તામાં એજદાંનું ફરમાન એવું છે કે કોઇ ગુનેહગાર અથવા બેગુનાહ પાદશાહનાં બંદીખાનામાં પડેલો હોય તો તેને છોડી મેળવો. અગર વધારે ગુનાહ કીધેલો હોય તો દેશનીકાલ કરવો. પાદશાહે દીનની સાથે દુનીયાનાં કામનો સંબંધ રાખીને બદકારોની બદીને દુર કરી દુનીયાને સફાઇ ભરેલી રાખવી જોઇયે. જેવારે પાદશાહ પોતાનાં કામને દાનાઇની રીતે ચલાવે તેવારે જુલમ પોકારનારાઓ પોતાની દાદને પોંહોંચી આસાએશ પામે, અને પાદશાહ દુશ્મનના દગાથી સાહુચેત રેહે તેવારે તેનું કંઇ ફાવવા દઇ શકે નહી. પાદશાહ પોતાના ફરજંદ ઉપર વધારે પ્યાર રાખી લાડ લડાવે તે તો ગોયા પાણીમાં ચેહેરો જોવા સરખું છે. મગર ફરજંદનાં દીલને એલમના નુરથી રોશની આપીને જુવે તો ખુબી ભરેલો દેખાય. શાહજાદાએ કંઇ બેદાદી ભરેલું કામ કીધું હોય તેવારે એકદમ

તેનું દીલ હટી જાય તેમ વર્તવું નહી. સુલેહની રીતે તેનું દીલ પાછું ઠેકાણે લાવવું, પણ કશી બાબત ઉપર તેનો અખ્તીયાર ચાલવા દેવો નહી. તેવું છતાંબી તેનું દીલ દુશ્મની ભરેલુંજ માલુમ પડે તો જાણવું કે બાગમાં નકામો પાલો છે તેને ઘણા દીવસ સુધી વધવા દેવો તે બાગની ખરાબીનું મુળ છે, તેથી તેને ઉખેડી નાખવો જોઇયે."

બુજર્ચ મેહેરથી આ અને એવીજ બીજી નસીહતો સાંભળીને દાના મોબેદોએ દુઆ કીધી, અને નોશીરવાને તેનું મોહોડું ભરીને ઓમદા મોતીઓ બખસ્યાં, અને તેની બુજોર્ગીમાં વધારો કીધો.

મજલસ પાંચમી.

પાદશાહ કેવો જોઇયે?

આ વાતને એક અઠવાડીયું ગુજરી ગયા પછી નોશીરવાને પાંચમી સભા તમામ દાનાઓની બોલાવી, જે વેળા મોબેદાન મોબેદ અર્દશીર, શાપુર, યજ્દજર્દ અને બુજર્ચ મેહેર પાદશાહની હજુર બીરાજ્યા.

નોશીરવાને પુછ્યું કે શું ઉપાય લીધાથી એજ્દાનની દીન કુવતમંદ થાય અને પાદશાહીનાં કામમાં જે ખામી હોય તે દુર થાય"

મોબેદાન મોબેદ અર્દશીરે જવાબ દીધો કે "પાદશાહ ઇનસાફ અને સખાવતનો દરવાજો ખુલ્લો રાખે, કે જેથી દીન અને દુનીયાની પાદશાહીનું તાજ રોશની ભરેલું રેહે. બીજું એ કે તે સાચું બોલે, કે જેથી પોતે જુઠાણુંથી નીષ્ફળ નહી થાય. ત્રીજું એ કે ઇનસાફ અને સખાવત કરવાનો બોધ આપે, કે જેથી તેનો જમાનો આસાએશ ભરેલો રેહે. ચોથું એ કે બાળકના ગુનાહને દરગુજર કરે. પાંચમું–પોતાના બોલેલા વચન પાલે, કે જેથી દુનીયામાં બદનામ નહી થાય. છઠું–પોતાના લાગતા વળગતાઓ ઉપર મેહેરબાની રાખે તેમજ સર્વે લોક ઉપર પણ રાખે. સાતમું–પોતે દાના હોવા છતાં દાનાઓની નસીહત સાંભળતાં અને મશવરત લેતાં કંટાલે નહી.

અએ પાદશાહ, જે કોઇ અકલમંદ નથી તે પોતાનાં નસીબને ધીકારે છે, તેમ વળી કેટલાએક અકલમંદોબી પોતાનીજ અકલને તાબે થાય છે. તેઓ બીજાની મશવરતની દરકાર રાખતા નથી. મગર જે કોઇ અકલમંદ હોવા છતાં પોતે ઘણોજ કમઅકલ છે એવું કેહેતો હોય તો તેના કરતાંબી હું (અર્દશીર) વધારે કમઅકલ છું."

પછી યજ્દગર્દ નવીસંદો (બક્ષી) બોલ્યો કે "અએ પાદશાહ નોશીરવાન! જે પાદશાહનાં દીલમાં હારેમન વસેલો હોય છે, ને નજીવી બાબત સારૂં વગર વીચાર કરવે ગુસ્સામાં આવી ખુન કરે છે, અને દાના વજીરના વીચારની વીરૂધ પોતાના લોભનાં કામ પાર પાડવા સારૂં વજીર સાથે લડાઇ કરેછે, તે પાદશાહ નાદાન, હલકાં મનનો અને બદકાર હોય છે. જે પાદશાહ આકલા સ્વભાવનો હોય છે તેનાથી કામનો સુધારો થતો નથી. જે પાદશાહ લડાઇમાં ઉતરતાં જીવની ભાગી બીહે છે તે પોતનાં તખ્તનું માન ખોવાની ભાગી શરમાતો નથી. જે તવંગર બખીલી કરે તેનો ખજાનો શોધી કાઢી તેને દાટવો જોઇયે. મોટા લોકને લાયક નથી કે નાધલાની ઉપર જાસ્તી કરે. દાના પીરમર્દ ગેરવાજબી રીતે ચાલે તો મુવા પછી દોજખ ભોગવે. જવાન થઇને સારાં કામમાં સુસ્તી કરે તો બીમારી ભોગવે."

બુજર્ચ મેહેરે આ કલામો સાંભળીને હુશીઆર થઇ નોશીરવાનને કહ્યું કે "જે આદમી દાના હોય છે તે સઘળી વાતોથી પોતાના જાન અને તનને સઘળી રીતે સંભાળી શકે છે, પણ નાદાન પાદશાહથી તો પથરનાં જેવાં ટંડા દીલના બુજોર્ગોને બી કંટાળવું પડે છે; કારણ કે તે પોતાની બુજોર્ગી અને નામને જબુન લાગવાની ભાગી કંઇજ શરમાતો નથી, જેથી મંડળીઓમાં તે હલકાં મનનો ગણાય છે. એક તો પોતે જાતે જુઠો હોવાથી દાનાઓમાં તેનો ભપકો ઝાંખો લાગે છે; બીજું તો તેનો ખજાનચી એવો હોય છે કે જેથી

સીપાહીઓને બળવો કરવાની ફરજ પડેછે; ત્રીજું-તેનો દસ્તુર એવો હોય છે કે કોઇની સારી ચીજ છીનવી લીધામાં પાપનો ભય રાખતો નથી; ચોથું-તેનો વઇદ એવો હોય છે કે પોતાની તનદોરસ્તીબી જાળવી શકે નહી તે બીમારોને કયાંથી સારૂં કરી શકે? પાંચમું-જેમ દુરવેશના હાથમાં એક હલકી ચીજ આવ્યાથી મધન થાય છે તેમજ નાદાન પાદશાહ હલકે વાંધેનાં લોક ઉપરબી જાસ્તી કીધાથી મધન થાય છે. છઠું—તેના દાનેશમંદોનું કામ લોકોની ચીજ ઉપર બદનજર રાખવાનું હોય છે. ૭ મું—નાદાનોની રેહનુમાઇ કરવાનું કામ આળસુ ઉસ્તાદને સોંપે છે, જેથી તેઓ ગુમરાહીથી પશેમાન થાય છે.

"જ્યારે આતશ પોતાનું પોશન કરનાર બાંબુનાં રાણને છોડી દઇને ગંધકનો ખોરાક લીયેછે તેથી તે જેમ ખરાબી પામે છે તેમ નાદાન પાદશાહ દાનાઇનાં કામ છોડીને પશેમાન થાય છે.

"નોશીરવાનનું દીલ હમેશાં જીવતું રેહેજો અને દુનીયાના સરદારો તેને તાબેદાર હોજો."

મજલસ છઠી.

પરચુટણ દાનાઇના સખુનો.

એક અઠવાડીયું ગુજર્યા પછી નોશીરવાને એક છઠી સભા મેળવી તમામ મોબેદો અને બુજર્ચ મેહેરને બોલાવી હાજર કીધા, ત્યારે વડા દસ્તુરે સવાલ કીધો કે—"તું જાણે છે કે ઘણામાં નુકશાન અને થોડામાં નફો તે શું છે?"

જવાબ દીધો કે—"ઘણું ખાધામાં નુકસાન પણ ઘણાં નેક કામ કીધામાં નફો છે."

પછી યજદેજર્દ નવીસંદાએ પુછ્યું કે—"માણસનાં દીલમાં છુપી ૧૦) ખાંપણ છે તે કઇ કઇ છે?"

જવાબ દીધો કે—"ખાંપણ વનાનું કોઇ નથી, માટે કોઇની ખાંપણની શોધ કરવી નહી. કોઇ તારા કરતાં કમ ખાંપણનો હશે તે તારી ખાંપણ શોધશે, અને કોઇ તારા કરતાં વધારે ખાંપણનો હશે તેની ખોડ તું કાહાડશે. ચુગલીયો બે જુબાન રાખીને લડાઈ કરાવે છે, પણ બંધે એક થઇ ખુલાસો માગે છે તેવારે રૂસવા થાય છે. પણ અકલમંદ કશી બાબતની લાલચ રાખતો નથી, જેથી તેનાં દીલમાં ગુસ્સો ઉત્પન થતો નથી, અને તેથી તે સઘળી ખાંપણથી મોકળો રેહે છે."

પછી વડા દસ્તુર અર્દેશીરે પુછ્યું કે—દુનીયામાં મતલબ વગરનું માણસ તો કોઇબી નહી હોય, પણ ફાયદાવાલી મતલબ તે કઇ અને નુકસાનકારક તે કઇ?"

જવાબ દીધો કે—"નેક કામની મતલબ રાખવી તે ફાયદા ભરેલી છે, અને બદ કામની નુકસાનકારક છે. એ બંધે મતલબમાંથી બેહેતર કઇ છે એટલું સમજવાની તુંને અકલ હતે તો આ સવાલની ચુનોચરા નહી કરતે."

પછી બુજર્ચ મેહેરે ફરીથી બોલવું જારી રાખ્યું કે—"અવલ અકલથી ખોદાને પીછાણી તેનાં ફરમાંન મુજબ ખોરાકી પોશાકી મેળવવાનો ઉદ્યોગ કરવો, કે જેથી બખીલોને દરવાજે ભટકવું નહી પડે; અને એવો પેશો પકડવો કે જે કીધાથી આબરૂને હીણું નહીં લાગે; અને દોસ્તી એવા સાથે જોડવી કે જે લાચારીને વખ્ત કામ આવે. તું એવું ચાહે કે મંડળીમાં તારી વખાણ થાય તો ખામુસ રેહેજે; અગર બોલવાની ગરજ પડે તો જે જાણતો હોય તેનું તોલ કરીને બોલજે. લડાઇને વખ્ત હુશીઆરીથી તારાં તનને દુશ્મનથી સંભાળમાં રાખજે. જેવારે દુશ્મન તારી નજદીક આવે તેવારે ધીરજ રાખી હીમત પકડજે કે જેથી જય પામશે. અગર ડર ખાઇને સુસ્તી કરશે તો માર ખાશે. જેવારે ઘોડો ગુંકાવે તેવારે હથીઆર ચોકસ રાખજે. જો દુશ્મન ધસી આવે તો પાછું હટવું નહી; મગર તારી ખાતરી થાય કે કંઇ વળવાનું નથી તો સંભાળથી પાછો ફરજે. ખોરાક લીધામાં તનનો એવી રીતે સંભાળ રાખજે કે વધારે લીધાથી નુકસાન નહી થતાં કમ લીધાથી તનદોરસ્તી પામે, અને ફરીને જમતી વખ્તે ભુખ લાગે. દીલને ખુશી આપે તેથી વધારે

શરાબ લેવો નહીં, કે જેથી મસ્તીનાં પરીણામ નહીં નીપજે. તું જો એજદાંપરસ્ત હોય તો તારાં દીલની રોશન આંખને દુનીયાના ઉલટા કારોબારનાં આસુંથી ખરાબ ના કરતો. પવન, પાણી અને ખાકથી તારા બદનની ગોઠવણ કીધેલી છે, માટે એજદાનની આતશના જેવી રોશન દીનને ઝાંખ લગાડનારી ચીજથી પરહેજ રાખજે. અગર એ દીનનું ફરમાન પુરાણું છે, પણ તેને નવું સમજીને દીનને માર્ગે ચાલજે. ફરજંદો અને સગાંવહાલાંને હીસાબનો હુનર શીખાડજે અને તેઓના ઉસ્તાદની ખીદમત બજાવજે. એ હુનરવાલાને તખ્ત આગળ જગા મળે છે, અને અભાગ્યો હોય તે ભાયગશાળી થાય છે. તેઓ હુશીઆરીથી ખુશ ખતે ટુકી એબારત લખે છે, જેની લંબાણ માએની થાય છે. તેઓની બીજી બી ગુણકારી ચાલ વખણાય છે, જેથી તેઓ પાદશાહને મનગમતા થાય છે."

આ વચનો સાંભળી પાદશાહે ખુશીથી બુજર્ચે મેહેરની પદવીમાં વધારો કીધો.

મજલસ સાતમી.

પાદશાહને રાસ્તીની જરૂર.

સાતમી સભામાં નોશીરવાને બુજર્ચે મેહેરને સવાલ કીધો કે "પાદશાહી બાબતનાં કામ મારે હાથે સારી રીતે ચાલે છે કે નહી? અગર ચાલતાં હોય તો મારાં ફરમાનની શી રીતે સેવા બજાવવી જોઇયે? અગર ખામી હોય તો વગર ખુશામદ કરવે ખુલાસો કરવો, પણ જુઠું બોલવું નહીં."

બુજર્ચે મેહેરે જવાબ દીધો કે "ખુશામદથી જુઠું બોલે તે દીનનો દુસ્મન અને હારેમનનો દોસ્ત થાય. દુનીયાને આરામથી રાખનાર તું હોય તો તારી સાથે નેકી કીધામાં અને તારૂં ફરમાન બજા લાવવામાં હમારી આબરૂનો વધારો થાય. દુનીયા સાથે નેકી બદી કરવાનો આધાર તારા હાથમાં છે. તુંને લાજમ છે કે કોઇ સાથે બદી નહીં કરે. રાસ્ત માર્ગેથી તારો શાહાજાદો બી ઉલટો ચાલે તો તેને બી પસંદ નહીં કરવો. જે મુલકમાં દાદ ઇનસાફ હશે તે મુલકમાંથી મુફલેસીબી દુર થશે. જે પાદશાહ ઉપર ખોદાની મેહેર હોય છે તેજ પ્રજાને સુખી રાખે છે. પાદશાહની દરબારના સમુદ્રમાં વજીર નાખોદા પાસે હુનરનું ઝાજ સખુનનું લંગડ અને અકલના સડ સાથેનું હોય તેવારેજ મુસાફરી થઇ શકે છે. પાદશાહ ગુસ્સામાં આવે છે ત્યારે આતશની મીસાલે બાળી નાખે છે, તેમ વળી ખુશીમાં હોય છે તેવારે રોશની આપે છે. કોઇ વખ્ત મધના જેવા મીઠા મીજાજનો હોય છે તો કોઇ વખ્ત જેહેરના જેવા કડવા સ્વભાવનો બી હોય છે. પાદશાહ દરીઆનાં જેવાં દીલનો એટલા સારૂં કેહેવાય છે કે એક હાથમાં પથરા અને બીજા હાથમાં મોતીનાં શીપ રાખે છે, મગર નોશીરવાન મલુકની આબાદાની કરનાર અને સર્વે વાતની ખુબી ભરેલો છે, જેથી દુનીયા હમેશાં ખુશાલ હોજો!"

આ વચનો સાંભળી પાદશાહે ખુશી થઇને બુજર્ચે મેહેરને ચાર લાખ દીરમનું ઇનામ આપ્યું.

ફસલ ૫—તુરાનમાં ઇરાનનો કાબુ.

દુધમાં જાદુની અસર.

નોશીરવાનનો પુરતો વીશવાસુ મેહબુદ નામે એક પાક દસ્તુર હતો. તેનાં ઘરમાં તેની પાક ઓરતની સાહેતા નીચે નોશીરવાનનું ખાનું બનતું હતું. તેના બે દીકરા હતા તે પેહલું ખાનું ઉઠાવી લાવી પાદશાહને જમવાની ખીદમત બજાવતા હતા. નોશીરવાન હમેશાં બરસમ લઇ બાજ ધરી મેહબુદની સાથેજ ખાનું ખાતો હતો.[1] હવે જુરાન નામે પાદશાહનો એક હજુરી દરબાન હતો તે મેહબુદ અને તેનાં બંધે ફરજંદોની અદેખાઇને લીધે છુપો પાદશાહની આગળ બદગોઈ કરતો, પણ તેમાં સદા નીષ્ફળ થતો હતો. તે વાતથી મેહબુદ પોતે પણ જાણીતો હતો. જુરાન સાથે લેણ-

---

૧ જુઓ અગાડી, સફે ૧૧૬ મે, બરસમ બાબેની નોટ ૨ જી.

દેણુના સબબથી એક યહુદીને દોસ્તી હતી તે લાગમાં જુરાન સાથે આ યહુદીબી પાદશાહની હજુરમાં આવ જા કરતો હતો. એક દીવસે જુરાને યહુદીને કહ્યું કે નોશીરવાન આગળ મેહબુદ જે ચાહે છે તે કરી શકે છે, માટે કંઇ એવું કરવું જોઇયે કે જેથી મેહબુદ મરણ પામે. યહુદીએ જવાબ દીધો કે "નોશીરવાન બરસમ લઈ બાજ ધરવા બેસે તે જોગવાઇએ તેનું ખાનું લાવે તેમાં જો દુધ હોય તો તે તું સુંઘી જોજે, એટલે છુપી રીતે પાછલ રહીને હું પણ દુધ ઉપર નજર કરી શકીશ, કે જેથી મેહબુદ અને તેના બંધે દીકરાનાં મરણનો માર્ગ આવશે."

એક દીવસે પેલા બંધે ભાઇઓ પાદશાહનું જમવાનું એક ભાઇનાં માથાં ઉપર ઉઠાવી અએવાનમાં લાવતા હતા તેવામાં જુરાને તેઓને કહ્યું કે "પાદશાહનું જમવાનું કેવા રંગનું અને ખુશબોદાર હોય છે તે જરા હુંબી તો જાણું, માટે મેહરબાની કરી દેખડાવ." તે વેળા એક ભાઇએ સરપોશ ઉઠાવીને જુરાનને ભોજણ જોવા દીધું. તેની પુઠેથી યહુદીએબી નજર કરી તે જોયું. પછી જુરાનને કહ્યું કે "હવે તારાં રોપેલાં ઝાડનાં ફળ ચાખવાનો વખ્ત નજદીક આવી લાગોછે."

હવે પેલા બંધે ભાઇઓએ રાબેતા મુજબ જમવાનું લઇ જઈ પાદશાહની આગળ મેલ્યું. બીજા હાથ ઉપરથી જુરાને છુપી રીતે પાદશાહને ચેતવણી આપી કહ્યું કે "તારાં ભોજણમાં દુધ છે તે મધે ઝેર ભેળેલું છે, માટે તે લાવનારાને ચખાડયા વગર હાથ લગાડતો માં. એ ઝેહર દુશ્મની કરનારનેજ નસીબનું છે." આ ચેતવણી ઉપરથી નોશીરવાને પેલા બંધે ભાઇઓને હુકમ કીધો કે "આ દુધનો ખોરાક ખાઈ જાઓ." તેઓએ ખરાં દીલથી પેલું દુધ ખાધું, તેજ વખ્ત નોશીરવાનની નજદીક બંધે ભાઇઓ મરણ પામ્યા. તે જોઇને પાદશાહે મેહબુદ દસ્તુરનું ઘર તારાજ કીધું અને તેને અને તેનાં કુટુંબને કતલ કીધાં અને જુરાન તથા યહુદીની પદવી વધારી મેળી.[1]

દગો કોઇનો સગો નહીં.

નોશીરવાને વરૂના શીકાર કરવા જવા સારૂ શીકારી ઘોડાઓની તપાસ કીધી તે મધે મેહબુદ દસ્તુરની નીશાનીનો એક ઘોડો નજર આવ્યો, જે ઉપરથી તેને મેહબુદ યાદ આવ્યો. તેના ગમથી આંખમાં પાણી લાવીને બોલ્યો કે "છુપી વાત તો ખોદા જાણે, પણ જાહેરમાં તો મેહબુદને હારેમને ફરેબ દઇ ગુમરાહ કીધો હતો."

શીકાર જતાં માર્ગમાંબી તે મેહબુદનો ગમ દુર કરવા ગાયનોથી દીલ ખુશ કરતો. એક વખ્ત વજીરોમાં હેરેમન અને જાદુઈની તકરાર નીકળી તેવારે નોશીરવાન બોલ્યો કે "યજદાન અને તેની દીન સીવાયે જાદુઇની વાત કંઈ છેજ નહી. મગર તમો તલેસમાતનો ખોફ નહી રાખશો તો જાદુઈથી અચરત થવાનું કારણ નથી." તેવારે જુરાન બોલ્યો કે "અએ પાદશાહ, જાદુઇને વાસ્તે જે કંઇ બોલાય છે તે વાત ખરી છે, મગર તે વાત જાદુગર સીવાયે બીજા કોઈ જાણતા નથી. અગર દુધનો થોડો ખોરાક હોય તેની ઉપર દુરથીબી જાદુગરની નજર પડે તો તે દુધ ઝેહર થાઈ જાય છે."[2]

---

[1] નોશીરવાન જેવા અદલ પાદશાહનું આ કામ જો ખરૂં હોય તો તે તેનાં અદલ નામને ઝાંખ લગાડનારૂં છે, તેમજ ચુગલીખોરાને તથા ખુશામદખોરાઓના સંબંધમાં શાયરે એ પાદશાહનાં પોતાનાંજ મુખમાં જે શબ્દો મુકયા છે તેમને જુઠા પાડનારૂં આ કામ છે. આદેલ પાદશાહ આવું કામ કરે નહિ, અને તે કીધા આગમજ પુરતી તલાશ કર્યા વિના રહે નહિ. આગળ ચાલતાં બુજર. જ. મેહરના સંબંધમાં પણ નોશીરવાનને એક એવુંજ ગેરઈનસાફીનું કામ કરતો દેખાડયો છે.

[2] સાસાની જમાનામાંજ નહિ પણ છેક અવસ્તાવાણીના જમાનામાં પણ ઇરાનીઓ અને તમામ આર્ય પ્રજાઓ જાદુઈના અને એવાજ બીજા વેહેમો માનતાં હતાં. એવી જાદુઇઓનું

આ વાત નોશીરવાને સાંભળી તેવુંજ તેને જુની વાત તાજી થયલી હોય તેમ લાગ્યું, જેથી મેહબુદને અને તેના બધે દીકરાઓને યાદ કરી પોતાના જીગરથી એક ઠંડી હાય મારી મનમાં બોલ્યો કે "મેહબુદ મારે હાથે માર્યો ગયો છે તેનું કારણ જુરાનની દુસ્મની સીવાયે બીજુ કંઇ નજર આવતું નથી. પણ શી રીતે એ કામ થયું છે તેબી ખોદા બતલાવી આપશે."

પછી જેમ બને તેમ જલદીથી નદીને કીનારે જાઇ ડેરો મારીને જુરાનને બોલાવી એકાંત બેસીને પુછ્યું કે "દુધના ખોરાક ઉપર જાદુઈ ચાલે છે, એમ તું કબુલ કરેછે, તેવારે મેહબુદના બે દીકરા પેલું દુધ ખાધાથી મરણ પામ્યા તે દુધ ઉપરબી જાદુઇ ચાલેલી હોવી જોઈયે કે નહી?"

જુરાન જવાબ દેતાં ધ્રુજવા લાગો, જેથી તેનું પાપ અજવાળાંમાં આવવા લાગું; તોપણ પાદશાહે પુછયું કે "સારાં માણસબી બદકારની સોહોબતથી બદનામ થાય છે ખરાં, મગર હવે તો તારે વાજબી બોલવું જોઇયે છે."

જુરાને બધું પાપ યહુદીને માથે મેલીને ખુલાસો કીધો, પણ તેજ વખ્તે તેને બેડી ઠોકી કેદ કીધો અને સવારો દોડાવી યહુદીને પકડી મંગાવી હકીકત પુછી, તેવારે તેણે મારી માગીને ભેદ ખોલી ઝેરનો ખુલાસો કીધો અને તેમ કરવા સારૂં જુરાને જે ભલામણ કરેલી હતી તેનું બયાન કીધું. તેવારે નોશીરવાને દસ્તુર મોબેદો અને વજીરોને બોલાવી તેઓની રૂબરૂ ફરીથી પુછી ખુલ્લું કરી તમામ લશ્કર દેખતાં જુરાનને અને યહુદીને સુલી ઉપર લટકાવ્યા, અને પથરા અને તીરનો માર મારી તેમના જીવ લીધા. પછી મેહબુદના કુટુંબમાં શોધ કરતાં એક ઓરત અને ત્રણ મર્દો મલી આવ્યા તેઓને જુરાન અને યહુદીનો જે ખજાનો હતો તે હવાલે કીધો, અને તેઓએ તે મધેથી કેટલોએક દુરવેશોને આપી ધરમ કીધો.

ઝેર તોડવા માટે અવસ્તામાં કેટલાંક માંથ્ર અથવા મંત્ર ફરમાવેલાં છે. પાછલાં જમાનામાં એવાં મંત્રો "નીરંગ" ને નામે ઓળખાયાં છે. દુધ ઉપર નજર પડવાથી તે ઝેહરી બની જવાના આ દાખલામાં આગલી "મેસ્મેરિઝ્મ" ની અને હાલની "હિપ્નોટિઝ્મ" ની વિદ્યાનો કંઈક ભાસ માલુમ પડે છે.

ભલું કામ અને અદલ નામ.

જેવારે નોશીરવાનના હાથમાં તમામ મુલકોની શાહનશાહી આવી તેવારે સર્વે લોક તેને દુઆ માંગવા લાગાં. જાલેમ અને ગરીબ એકસરખી રીતે ચાલવા લાગાં. તવંગરો મુફલેસોની કદર જાણવા લાગા, અને તે વાતની શાબાશી તાજને આપવા લાગા. સીપાહી લોક પોતાનાં તન ઉપર હથીઆરનો બોઝો ઉઠાવવાની ગરજ નહી હોવાને લીધે અએશ આરામમાં દીવસ ગુજારવા લાગા. નોશીરવાનની સામણે હથીઆર બાંધવાની કોઇમાં તાકાત નહી હોવાથી દરએક પાદશાહ ખંડણી મોકલવા લાગો. નોશીરવાનને લડાઇ કરવાની મુશીબત ટલી જવાથી સર્વે અમીરો શીકારબાજીનાં હથીઆર પકડવા લાગા. લડાઇનાં કામની મશવરત કરવાની દરકાર નહી હોવાથી અએવાનમાં આરામ સાથે બેસી શરાબ અને સાકીની સેફ્ત કરવા લાગા.

નોશીરવાને રૂમના માર્ગમાં એક શેહેર બંધાવ્યું, તેની લંબાઇ બે ફરસંગથી વધારે હતી. તે મધે ઘરો બાંધી બંધવાઓને વસાવ્યા. તે બંધવાઓને સઘળી જાતના એલમ હુનર શીખાડવા સારૂ ઉસ્તાદો નેમી આપી શેહેરની આસપાસ બીજાં નવાં ગામડાં વસાવ્યાં. નોશીરવાનની મતલબ દુનીયામાં અદલ, દાદ અને આબાદી કરવા સીવાયે બીજી કંઇજ નહી હતી.

કરણી તેવી ભરણી.

ચીન (તુરાન) નો ખાકાન, જેના મલુકની હદ જીહુન નદી સુધી હતી, તેણે નોશીરવાનની ચહડતી દશા જોઇને તેની સાથે દોસ્તી કાએમ રાખવા સારૂં ઘણીએક હદીઓ

મોકલવાને તૈયાર કીધો, તે મધે એકશો ઉંટ લાધીને ચીની વાસણ, એક લાખ દીનાર વધાવા સારૂં અને દશ ખચર લાધીને દીરમ હતા. એક એલચીને નામું લખી આપીને આ હદીઆ સાથે નોશીરવાન તરફ રવાના કીધો. તેઓને હએતલના માર્ગમાં આવી લાગાની ખબર ગાતકર નામે હએતલ શેહેરના વાળીને થવાથી તે પોતાના સરદારો સાથે વીચાર કરવા લાગો કે "ખાકાન હદીઓ મોકલવાથી નોશીરવાન સાથે દોસ્તીનો પુરતો સંબંધ રાખશે, તેથી તો આપણા મુલુકની ખરાબી છે; માટે એલચીને મારી તમામ હદીઓ લુટી લીજીએ."

આ ઠેરાવ મુકરર થવાથી એક સરદારને લશ્કર આપી મોકલ્યો, જેણે એલચીને કતલ કરી તમામ હદીઓ લુટી લીધો. ખાકાન આ વાત સાંભળી કાનીર, બાશી, ચીન અને ખોતનથી અફ્રાસીઆબને તોખમના સરદારો સાથે લશ્કર લઇને કાજરૂનમાં જાઇ પુગો, જેની ગાતકરને ખબર થવાથી હએતલ, બલ્ખ, શકનાન, આમુ, ખોતલાન, તરમદ અને વએશાથી લશ્કરે જમા કરી ખાકાન સાથે સાત દીવસ સુધી ખુનરેજીની લડાઇ ચલાવી, જેમાં ગાતકરનાં લશ્કરે શીકસ્ત ખાધી. તેનું ઘણું લશ્કર કતલ થતાં બાકી બચેલું જીવ લઇને નાહાસભાગમાં વીખરાઇ ગયું, તેથી હએતલના સરદારોએ મનસુબો કીધો કે જો ગાતકર કબુલ કરે તો આપણે નોશીરવાનનો આશરો મેલવીયે અને બદલામાં હએતલ તેને આપી દીજીએ, કે જેથી આપણા મલુકનો સંભાળ થાય. એમ નહી તો પછી ગાતકરને બદલે આગળા પાદશાહ ખુશનવાજના વારેસને આપણે માથે પાદશાહ ઠેરવીયે, કારણકે તેનેબી નોશીરવાનનોજ આશરો છે, કે જેથી આપણું જઇફ થઇ ગયલું કામ પાછું જવાની પકડે." એ ઉપરથી નાના મોટા સરદારોએ છેલ્લો વીચાર પસંદ કરીને ચગાનીના એક સરદાર ફગાનીને હએતલની પાદશાહી આપી.

નોશીરવાનની તુરાન તરફ હીલચાલ.

નોશીરવાનને ખબર થઇ કે ગાતકરથી હએતલનો સંભાળ નહીં રાખી શકાયો તેથી ખાકાને હએતલને તારાજ કીધું અને તાંહાંનાં લોકોએ બેહરામ ગુર પાદશાહની ઓલાદના ચગાનના સરદાર ફગાનીને પાદશાહી આપીછે, અને ખાકાન ભારી લશ્કર લઇ ચાચ શેહેરમાં ભરાઇ બેઠેલો છે. આ ઉપરથી નોશીરવાને વડા દસ્તુર તથા સરદારોનાં મત લીધાં, તેઓ કેહેવા લાગા કે "ખાકાનનું બળ વધ્યાથી ઇરાનને ધાસ્તી ભરેલું રેહવું પડશે, કારણકે અફ્રાસીઆબની ઓલાદ હમેશાં ઇરાન ઉપર ધસારો કર્યા કરે છે. તેમ વળી હએતલનાં લોક હારેમનની ખસલતના એ તરફ મોહોડાં રાખનારાં છે, અને આપણા કદીમથી દુસ્મન છે. તેઓએ આપણા નામદાર પીરોજ પાદશાહનેબી મારી નાખેલો હતો, માટે તેઓનેબી સજા કરવી લાજમ છે; અને ખાકાન ગમે તેવો જોરાવર થયલો હોય તોપણ તેનો ડર નહીં રાખતાં કારસાજી કરવાને તું વધારે સામર્થવાન છે, તેમ લડવાનો તારો હક વાજબી છે. તેમ નહીં કરતાં તું ખુરાસાન જાશે તો રૂમનું લશ્કર વારેવાર ધસારો કરીને ઇરાનને ખરાબ કરશે, માટે તેઓને શીકસ્ત આપવી જોઇયે."

નોશીરવાને વડા દસ્તુર સાથે ગોઠવણ કરીને મદાઇનથી લશ્કર લઇજઇ ગોરગાનમાં છાવણી કીધી, અને લશ્કરો એતરાફો ઉપરથી મંગાવી જમા કરી ખાકાન અને હએતલના પાદશાહ ફગાની તરફ નસીહતનામાં લખી મોકલ્યાં.

ખાકાનની તાબેદારી.

ખાકાને દશ સવારો સાથે પુષ્કળ હદીઓ આપી નોશીરવાનનાં નામાંનો જવાબ લખી મોકલ્યો, તેમાં એવુંબી લખેલું હતું કે "ચીનના ફગફુરે મને પોતાની પ્યારી દીકરી આપેલી છે, તે સાથે પોતાનાં લશ્કર સુધાં મારી તાબેદારી કરવાને તે હાજર છે. તેણે જે પેહેલાં હદીઓ મોકલેલો હતો તે સઘળો મેં તારી પાસે મોકલી દીધો હતો, જેને

બાગેમાંથી હએતલના લોકોએ લુટી લીધો હતો તેનો કીનો લેવા સારૂં મેં ચાચ શેહેરથી નીકળી આવી લડાઈ કીધી કે ગાતફરને શીકસ્ત આપું. તેમ કીધાથી હએતલનાં લોકોનાં લોહીથી જીહુન નદીનું પાણી લાલ થઇ ગયું હતું. હાલમાં તારૂં નામું મને મળ્યું છે, તેને માન આપું છું અને આશા રાખું છું જે તું મારી દોસ્તી કબુલ રાખશે." નોશીરવાને ખાકાનનાં આ ભલમણુસાઇ ભરેલાં નામાંથી વાકેફ થઇને પેલા દશ સવારોને એક મહીના સુધી પરોણા રાખીને તેઓની સારી રીતે મદારત કીધી.

એક દીવસે નોશીરવાને મેદાનમાં દરબાર ભરી, તે મધે બલુચી, હીંદુસ્તાની, ગેલાની વગેરે શેહેરોના એલચીઓને નોતર્યા હતા. નોશીરવાને પેહેલાં પોતાનાં લશ્કરની કવાએદ બતલાવી, પછી પોતે બખ્તર પેહેરી ઘોડેસ્વાર થઇ પોતાના પેહેલવાની હુનરો હતા તે કરી બતલાવ્યા. તે જોઇ સઘળા એલચીઓ અજબ થયા અને જેવારે પોતાના પાદશાહની હજુર પાછા ગયા તેવારે નોશીરવાનના પેહેલવાની હુનર બાબે ઘણી તારીફ કીધી, તેમાં એવું બી કહ્યું કે નોશીરવાનનું બખ્તર, કોલાહ અને ગોરોજ કોઇ બીજા પેહેલવાનથી તો ઉઠાવીબી શકાય નહી.

નોશીરવાને ખાકાનનાં નામાંનો પાછો જવાબ લખી તેમાં જણાવ્યું કે—"હએતલના લોકોએ તારી સાથે બદી કીધી તેથી તુંએ તેઓને કતલ કીધા તે તો ગોયા જંગલી અથવા કેદમાં સપડાયલા લોકોને જીતવા જેવું અથવા મોટો વાઘ નાથલા ચીતાને કચડી નાંખે તેવું છે, તેમાં તુંએ બહાદુરી કીધેલી નહી કેહેવાય. બીજું, ફગફુરનો ખજાનો અને તેના લશ્કરની કુમક બાબે બડાઈ કરતો હોય તો સમજવું જોઇયે કે તારા કરતાં બીજો મોટો પાદશાહ કોણ છે? ત્રીજું, મારી સાથે દોસ્તી રાખવાની તું ભલામણ કરે છે તેનું જાણવું એ જે દોસ્તી કરતાં લડાઇને હું વધારે પસંદ કરતો નથી."

શાહજાદા હોરમજદની માદર.

આ જવાબ વાંચી ખાકાન ફીકરમાં પડયો. વજીરો સાથે વીચાર કરી તેણે ઠરાવ કીધો કે હવે તો એક દીકરી આપીને નોશીરવાન સાથે સગાઇ કરૂં, કે જેથી મારી આબરૂનો બચાવ થાય. તેથી ત્રણ એલચીઓને કેટલાક હદીઆ સાથે એક નામુ લખી આપી નોશીરવાનની દરબારમાં મોકલ્યા. નોશીરવાને દીકરી લેવાને કબુલ કરી મેહેરાન નામના બુજર્ગને એકશો સવાર આપી ખાકાનની દીકરીને પસંદ કરવા મોકલ્યો. ખાકાને તેને પાંચ દીકરીઓ બતલાવી તે મધે એક સાદા લેબાસવાળી અને ચાર કીમતી પોશાક પેહેરીને બેઠેલી હતી. મેહેરાને જોઇને પેલી સાદા પોશાકવાળીને પસંદ કીધી. તે બોલી કે "પેલીઓની મીસાલે મારે માથે તાજ અને કીમતી પોશાક નથી."

મેહરાને જવાબ દીધો કે "ખોદાતાલાએ કુદરતી ખુબસુરતીનો તુંને લેબાસ આપેલો છે, તેવું છતાં તુંને તાજ અને કીમતી પોશાક જોઇયે તો નોશીરવાનના ખજાણામાં ઘણોબી છે."

પછી મેહરાને ખાકાનને પેલી પસંદ કીધેલી દીકરી લેવાને જાહેર કીધું. તેવારે ખાકાને જોશીઓને બોલાવીને લગન જોવાડયાં. જોશીઓએ વર્તારો કરી કહ્યું કે "લગન તો શુભ આવે છે, અને એ દીકરીને પેટે એક દીકરો જનમશે, તેની તાબેદારી બીજા પાદશાહો કરશે." ખાકાને ખુશી થઇ મેહેરાનને પોતાની દીકરી સાથે ત્રણશો લોંડીઓ, ચાલીશ ગુલામ તથા કેટલોએક ખજાનો આપી નોશીરવાન સાથે લગન કરવા રવાના કીધી, અને તેઓને વદા કરવા ખાકાન પોતેબી લશ્કર લઇને જીહુન નદી સુધી ગયો.

મેહેરાન શાહજાદીને લઇ આમુએને માર્ગે મર્વમાં થઇ, બસ્તાન છોડીને ગુરગાન કે જ્યાં નોશીરવાનની છાવણી હતી ત્યાં આવી પુગો, અને પાદશાહે ભારી ધુમથી શાદી કીધી. પછી ચાચ, આમુએ અને ખોતનના સરદારોએ નોશીરવાન આગળ હદીઓ મેલીને

ફરીયાદ કીધી કે ચાચ અને સમરકંદથી તે તુરાન ચગદ, ચગાની, શકનાન, ખતલાન, બલ્ખ, બુખારા અને ખારેજમ એ સઘલાં આબાદી ભરેલાં શેહેરો અફ્રાસીઆબના જુલમથી વેરાન થયલાં હતાં તે કેયાની પાદશાહ કેખુસરોએ આવી પાછાં આબાદ કીધાં હતાં. પછી અરજાસ્પે ખરાબ કીધેલાં તે ગુસ્તાસ્પે સુધારો કીધો હતો. તેવાર બાદ નરસીથી તારાજ થયલાં તેમની શાપુર હોરમજદે સમાધાની કીધી હતી. પાછલથી એજદેજર્દના હાથમાંથી ખાકાને મલુક છીણવી લઇને બદીનું તોખમ રોપ્યું, તેની બેહરામગુરે આવી સફાઇ કીધી. પીરોજની હકુમતમાં ખુશનવાજે કતલ ચલાવી તે વાત તો સર્વેને જાહેર છે, અને ફગાની (હાલનો પાદશાહ) ખુશનવાજનો વારેસ થાય છે માટે મબાદા તેથીબી તેવાંજ બદીનાં પરીણામ નીપજે, માટે આશા રાખીયે છીયે કે તું નોશીરવાન તે બાબેનો સંભાલ રાખશે, કે જેથી હમારી ઉપર પડતી આવેલી ખુનરેજીનો અટકાવ થાય. પછી તુરાનનાં જુદાં જુદાં શેહેરોના સરદારો અને ગેલાન, વેલમાન અને બલુચીના સરદારો નોશીરવાનની આગળ હદીઓ લાવી સલામી કબુલ કરી ગયા.[૧]

ગુરગાનથી નોશીરવાન આદર આબાદગાનમાં ગયો, જ્યાં આઝર ગુશસ્પની દરેમહેરમાં બરસમ હાથમાં લઇ બાજ ધરી નીઆએશ કીધી, અને હદીઓ નજર કરી મોબેદોને આશીર્વાદ આપી, અને પછી મદાએનમાં આવી તખ્તે બેઠો.

પાદશાહ અને ઓલમા.

નોશીરવાને એક દીને મીજલસ આરાસ્તા કીધી, અને પછી બુજર્ચે મેહેરને પુછ્યુ કે સર્વે વાતે નેકબખ્ત કોણ?

જવાબ દીધો કે જે કોઇ હોરમનને માર્ગે નહી ચાલતાં ખોદાનાં ફરમાન મુજબ અમલ કરે તે.*

પુછ્યું કે સર્વેવાતે દાના માણસ કોણ?

જવાબ દીધો કે વાઘના જેવા જોરાવર દશ દેવો છે, જે માણસોની અકલને ભુલથાપ આપીને ગુમરાહ કરેછે. તે દેવોને પોતાના દીલમાં દખલ નહી આપી શકે તેને દાના જાણવો.

પુછ્યું કે તે દશ દેવો કોણ અને તેઓની બદ ખસલત શું છે?

જવાબ—લોભ, લાલચ, કરોધ, અદેખાઇ, બેશરમી, કીનો, જુઠાણું, ચુગલી, બદદીન, અને નાસીપાસી (અસંતોષી.)

પુછ્યું કે દશ દેવો દીલની સાથે લડાઇ કરે તેઓને શીકસ્ત આપવા આદમીને ખોદાતાલાએ કયું હથીઆર આપેલું છે?

જવાબ—અકલનાં બખ્તરને મજબુત રાખેલું હોય તો દેવોનાં મકરની તલવાર તે ઉપર લાગુ પડતી નથી, માટે અએ પાદશાહ, તારી અકલ તારા જાનને રોશની આપનારી હોજો! કારણ કે અગાડી દુનીયાનું કામ તારે હાથે ચલાવવાનું છે. અકલમંદોની મુરાદ બર આવે છે, કાંયજે તેઓ બદ મુરાદ માગતા નથી. તેઓને બંદકારોની હરકત નડતી નથી, કારણ કે તેઓ બદ માર્ગે ચાલતા નથી.

---

૧ તુરકસ્તાની અથવા તુરાની લોકો સાથની નોશીરવાનની ખટપટ ફિર્દુસીએ જણાવી છે તે કરતાં વધારે ગંભીર હતી. તુર્કીઓનો પાદશાહ આ વખ્તે દીસાબુલ નામનો ખાન હતો, જે પોતાના દેશના વેપારના વધારા માટે ઈરાનના પાદશાહની મદદ મેળવવામાં ફતેહમંદ નહિ થયાથી તેણે રૂમી કએસર જસ્ટીન્યનની દોસ્તી શોધી અને બંને વચે ઈસ્વી ૫૬૯ માં કોલકરાર થયા. આ કરાર મુજબ દીસાબુલે ચાચ શેહેર ખાતે મોટું લશ્કર જમા કીધું, ત્યાં રૂમી એલચીઓ તેને આવી મળ્યા. બંને રાજ્યો વચે એવી ગોઠવણ હતી કે દીસાબુલે ઇરાન ઉપર ઉત્તર અને પૂર્વ તરફથી ચઢાઈ લઇ જવી, અને પશ્ચિમેથી રૂમીઓએ ધુળરો લઈ જવો. આમ થયું પણ નોશીરવાનની ફોજને પોતાની સામે આવતી જોઇને દીસાબુલ નાસી ગયો અને ઇરાન ઉપરની તુરાની ચઢાઇનું શેવટ આવ્યું. દીસાબુલ તાબે થયો, પોતાની બેટી શાદીમાં આપી અને એ રીતે પોતાનાં રાજ્યની ખરાબી થતી તેણે અટકાવી.

તેઓને રંજ પોંહોંચતું નથી, કેમકે તેઓ ગંજની દરકાર રાખતા નથી.

સવાલ—દુશ્મનની બદીથી પનાહમાં રેહેવાના શું ઉપાય છે?

જવાબ—તારી બદ કરણી છે તેજ તારો દુશ્મન છે, માટે બદ કામથી દીલને સંભાળમાં રાખવું જોઇયે.

સવાલ—અકલનો મરતબો બુલંદ છે કે નેક ખાનદાનનો?

જવાબ—અક્કલનો.

સવાલ—પાદશાહી કોશેશ કીધાથી મળે છે કે એકબાલની મદદથી?

જવાબ—તનની સાથે જાન મલે છે તેવારે જીંદગી પેદા થાય છે, અને ઓરતની સાથે મર્દ મુલાકાત કરેછે તેવારે ફરજંદ પેદા થાય છે; તેમ કોશેશની સાથે એકબાલની મદદ થાય છે તેવારે પાદશાહી મલે છે. દુનીયાની જીંદગી એક સ્વપના સરખી છે, પણ અકલની આંખે જોતાં તો ખોટા ખયાલ સીવાયે બીજું કંઈ નથી.

સવાલ—દાનેશમંદ મર્દો મધે વખાણવા લાયક કોણ?

જવાબ—જે પાદશાહ પોતાની જાહોજલાલી સાથે દાદગર અને નેકનામ હોય તેથી વધારે દાનેશમંદ કોઇ નહી.

સવાલ—સઘળા કમબખ્તો કરતાં વધારે કમબખ્ત કોણ?

જવાબ—પરહેજગારીના લેબાશમાં બદ કામ કરે તે.

સવાલ—એવો બદબખ્ત કોણ કે જેથી આપણને દુખ ભોગવવું પડે?

જવાબ—દાનેશમંદ હોવા છતાં બુરાં કામ કરી ગીરફ્તાર થાય તે.

સવાલ—ખરો ઉમેદવાર કોણને કહેવો?

જવાબ—નેકીની વાત સાંભળવા ઉપર બંધે કાન ખોલ્લા રાખે તે શખ્સ.

સવાલ—નેકનામી સાથે શકતીવાન હોવા છતાંબી ઘણોજ નાઉમેદ હોય તે કોણ?

જવાબ—મોટે મરતબેથી છેક નીચે દરજ્જે આવી પડે તે.

સવાલ—સર્વે કરતાં સરસ વીચાર તે કેવી રીતનો હોય?

જવાબ—એક તો આપણે વગર તકસીર કરવે પાપના ભોગ થઇ પડીયે તે બાબતનો; બીજું, આપણો વીશવાસુ દોસ્ત વીશ્વાસઘાત કરે તે બાબતનો; ત્રીજું, જુલમગાર પાદશાહ સાથે આપણને કામ પડે તે બાબતનો વીચાર. આ ત્રણ સર્વેથી સરસ વીચાર છે.

સવાલ—જમાનો આપણી સાથે મલતી રીતે શું ઉપાય કીધાથી ચાલે?

જવાબ—આપણે નેક અકલ પ્રમાણે ચાલીએ તે સાથે પાદશાહ દાદગર હોય તેવારે.

સવાલ—કઈ દીન રાસ્ત છે, કે જેથી બદી દુર થાય?

જવાબ—જે દીનનાં લોક ખોદાનો ડર રાખી તેનાં ફરમાન મુજબ રાસ્ત માર્ગે ચાલે તે દીન અખ્તીયાર કરવી લાજમ છે.

સવાલ—દીનદાર પરહેજગારો મધેથી પાદશાહી કરવાને લાયક કોણ હોય?

જવાબ—ઇનસાફી, સખી, અકલમંદ, દયાલુ અને હુનરમંદ હોય તે.

સવાલ—દોસ્ત કોણને કરી રાખવો જોઇયે?

જવાબ—જે સખાવત કરવાને ઉત્તેજન આપે અને ઇનસાફનો માર્ગ બતાવે; કોઇનું ભલું કરવા તારી સાથે બદી નહી કરે; અને તારા નબલા વખ્તમાં બનતી મદદ કરે તેને.

સવાલ—કોણના ઘણા દોસ્તો જાંફેસાની કરે તેવા હોય?

જવાબ—જે ખરાં દીલથી દોસ્તો સાથે મળીને ચાલે તે શખ્સના.

સવાલ—કોણના ઘણા દુશ્મનો બુરાઇ કરે તેવા હોય?

જવાબ—ખરા દોસ્તને જે ખોટો ઠપકો આપી કઠણ શબ્દોથી અપમાન આપે તેના.

સવાલ—હમેશાંનો દોસ્ત કોણ કે જેની જુદાઇ થવાથી આપણને અફસોસ કરવો પડે?

જવાબ—જે દોસ્ત ઉપર આપણી તરફથી જફા ગુજરેલી હોય તે તે ભુલી જઇ આપણી દોસ્તી છોડેજ નહી તે શખ્સ.

સવાલ—હમેશાં કહી ચીજ કાયમ રેહે તેવી છે, કે જેમાં ઘટાડો નહી થાય?

જવાબ—નેકી કરનારની કેરદાર.

સવાલ—આદમીનાં શીર ઉપરના તાજો મધેથી કયું તાજ વધારે રોશની ભરેલું છે?

જવાબ—દાના માણસનો જાન.

સવાલ—આસમાનના કરતાંબી બુલંદ મરતબો કોણનો હોય?

જવાબ—એક તો સખીમર્દના હાથનો અને બીજો એજદાં પરસ્તનાં દીલનો.

શવાલ—દાનેશમંદોની સરફરાજી શું કીધાથી થાય?

જવાબ—બદકારોના ઉપર સખાવત નહીં કીધાથી.

સવાલ—અજાયબમાં અજાયબી ઉપજાવનારી શી ચીજ છે?

જવાબ—ફરતો આસમાન.

સવાલ—ભારીમાં ભારી શું છે?

જવાબ—પાપનો પથર.

સવાલ—સર્વેથી મોટો બદકાર કોણ?

જવાબ—૧ લો, જુલમગાર પાદશાહ, કે જે વગર તકસીર કરવે આદમી ઉપર જુલમ ગુજારે; ૨ જો, તવંગર હોવાં છતાં (મકદુર મુજબ) ગરીબોને ખોરાકી પોશાકી આપતાં અફસોસ કરે; ૩ જો, જે ઓરત પોતાનો અદબ મલાહજો જાળવી નહીં શકે; ૪ થો, જે મર્દ જોરાવરીથી કમજોરને દબાણમાં રાખે; ૫ મો, જુઠું બોલનાર, પછી તે પાદશાહ હોય કે ફકીર.

સવાલ—દુનીઆમાં એવી નેક શી ચીજ છે કે જેથી આદમી પોતાના જાનને રોશન રાખી શકે?

જવાબ—દીનની કોશેશ અને ખોદાની શીપાસ ગુજારી.

ફસલ ૬—રમતો અને સાહીત્યો.

શેતરંજ અને નર્દની રમતો.

નોશીરવાન પાસે હીંદુસ્તાનના રાજાએ પોતાના એલચીઓ સાથે ભારે હદીઓ મોકલ્યો, તે સાથ એક શેતરંજની બાજી પણ ભેટ મોકલી હતી. તે બાબેનાં નામામાં જણાવ્યું હતું કે "તમારા દાનેશમંદોની આગળ આ શેતરંજ મેલીને પુછજો કે દરેક મોહોરાંનું નામ શું છે અને તેની જગા કયાં કયાં ઘરમાં છે, અને પેઆદાની, હાથીની, ઉંટની, ઘોડાની, વજીરની અને પાદશાહની શી રવેશની ચાલ હોય અને કેવી રીતે ચલાવવાં જોઇએ? તેઓ સમજીને બતાવી આપશે તો હમો જેમ ખંડણી આપતા આવ્યા છીએ તેમ આપીશું. અગર ઇરાનના દાનેશમંદો ખોલાસો કરતાં પછાત પડશે તો હમારા (હીંદુસ્તાનના) દાનેશમંદોથી પછાત પડયા એમ સમજીને તમોને અપાતી ખંડણી બંધ કરીને તમારી પાસેથી સામી લેતી કરીશું, કારણ કે ખંડણીની ઓતમ ચીજ કરતાંબી દાનેશમંદો (વજીરો)નો દરજ્જો વધારે હોય છે."

આ સવાલ ઉપરથી નોશીરવાને મોબેદો સાથે જોસ્તેજોઇ કીધી, તેમાં એટલુંતો માલુમ પડયું કે શેતરંજની બાજીમાં કંઇ લડાઇ કરવાનું જ્ઞાન છે ખરૂં, પણ તેને શી રીતે લડવું તેની કાંઇ સમજ પડી નહીં, તેવારે બુજર્ચ મેહેરે આવી શેતરંજના તખ્તા ઉપર સઘળાં મોહોરાં ગોઠવી પાદશાહો અને એલચીઓને રમત ખેલવાની રીતનો ખુલાસો કરી બતલાવ્યો, જેથી તેઓ અચરતી પામ્યા અને તે બાબે નોશીરવાને ખુશી થઇને ઇનામ આપ્યું.

પછી બુજર્ચ મેહેરે શેતરંજની બાજીને મલતી એક "નર્દ" નામે બાજી શોધી કાહાડીને તેની રમવાની રીતથી ફકત પાદશાહનેજ વાકેફ કીધો. તેવારે નોશીરવાને જેરમ, ચીન,

હએતલ, મકરાન અને ઇરાનની મેહેસુલની કીમતનો હદીઓ અને "નર્દની" બાજી બુજર્ચ મેહેરને આપી હીંદુસ્તાનના રાજા પાસે મોકલ્યો. તેને એક નામું લખી આપ્યું, તેમાં જણાવ્યું કે "તારા એલચીઓએ નામા સાથે મોકલેલો હદીઓ પોંહોંચતો કીધો છે, જે સાથે જે શેતરંજની બાજી મોકલેલી હતી તેનો ખુલાસો હમારા દાનેશમંદોએ કીધેલો છે, તે બાબત હમારો દાનેશમંદ હાલમાં તમારી તરફ કનોજમાં આવેલો છે તે તમોને સમજાવશે; તે સાથે શેતરંજના જવાબમાં "નર્દ" નામની બીજી બાજી મોકલી છે તેનો ખુલાસો તમારા પવીત્ર બ્રાહમણો પાસે કરાવશો તો ઉપર લખેલો હદીઓ તમોને ખુશીથી અર્પણ કરશે. અગર નહી ખુલાસો થશે તો હમારા હદીઆના જેટલી કીમતનો બીજો હદીઓ તમોને ભરી આપવો પડશે."

રાજાએ પોતાના દાનેશમંદોને બોલાવી "નર્દ"-ની બાજી તેઓને હવાલે કરીને કહ્યું કે એને શી રીતે ગોઠવણ કરી રમત ચલાવવી જોઇયે તેનો ખુલાસો કરી બતલાવો. તેઓએ સાત દીવસ સુધી તપાસ કરી જોતાંબી કંઇ વળ્યું નહીં તેથી નીરાશ થઇને આઠમે રોજે રાજાએ પોતાનાં અજ્ઞાનપણાની દલગીરી જણાવી. પછી નવમે રોજે બુજર્ચ મેહેરે "નર્દ"ની બાજીનો ખુલાસો કરી સમજાવ્યો, જેથી રાજા તથા તેના બ્રાહમણો ઘણા અચરતી પામ્યા અને બુજર્ચ મેહેરની વખાણ કીધી, તથા તેને ઘણો નવાજ્યો અને કબુલાત પ્રમાણે નોશીરવાનને ભારી હદીઆ સાથે ખંડણી આપવાને કબુલ કીધું.

શેતરંજની ઉત્પતી.

જમહુર નામે એક હીંદુસ્તાનનો રાજા, જેની રાજધાની સંદલી શેહેરમાં હતી, તેનાં મરણ પછી ગો નામના તેના દીકરાને રાજ મળ્યું. પણ તેની નાની ઉમર હોવાને લીધે તેના માય નામના કાકાને રાજ્યઅધીકાર સોંપ્યો. ગોની માતા જે માયનીબી ઓરત થયલી હતી તેને પેટે માયના તોખમથી એક દીકરો પેદા થયો, તેનું નામ તલખંડ રાખેલું હતું. હવે માયબી મરણ પામ્યો, તોપણ પેલા બંધે દીકરા નાધલી ઊમરના હોવાથી તેમની માતાને અધીકાર મળ્યો. બંધે દીકરા પુગતી ઉમરના થઇને પોતાની માતા પાસેથી રાજ્યઅધીકાર માંગવા લાગ્યા, તેવારે તેણી ગોને એવો દીલાસો આપીને જવાબ દેતી કે તું ચહડતી ઉમરનો છે તેથી તુંને રાજ મળશે, તેમ તલખંડને એવું સમજાવતી કે ગોમાં રાજ્ય ચલાવવાની હુશીઆરી નથી, માટે રાજ તુંનેજ મળશે. એવે બહાને લાંબી મુદત ગુજરી ગઇ.

આખરે બંધે ભાઇઓ લડવા લાગા. તેવારે દાનેશમંદોએ વચે પડી તેઓને જુદાં જુદાં તખ્ત ઉપર બેસાડી પાદશાહી આપી. તેઓ એકેકની વીરૂદ્ધ હોકમ ચલાવવા લાગા, જેથી મલુકની ખરાબી થવા માંડી, અને બળવાની ઉસકેરણી થવા લાગી. તેવારે ગોએ તલખંડને કહ્યું કે "હું વડો દીકરો છું, માટે પાદશાહી તો મારે નામે ચલાવવી જોઇયે, પણ પ્રધાનનો સઘળો કારોબાર તું ચલાવજે."

તેમ કરવાને તલખંડે નારાજી થઇને લડાઇની તૈયારી કીધી. ગોએ પોતાનાં લશકરના સરદારોને હુકમ આપ્યો કે "લડાઈમાં આપણી ફતેહ થાય તોપણ તલખંડ જે હાથી ઉપર બેઠેલો હોય તેને સલામત રેહેવા દેજો. તેનું લશકર પરાગંદા થઇ જવાથી તે આપણી સાથ આવી મલશે." એ પ્રમાણે લડાઇ જારી કીધી. તલખંડનું લશકર માર ખાઇ પરાગંદા થઇ ગયું તેવારે તલખંડ આવીને ગોને તાબે થવાને બદલે પોતાના જાનની સલામતી સાથ અએવાન તરફ નીર્ભયથી ગયો અને પાછું લશકર જમા કરી બીજે દીવસે લડવા નીકળ્યો.

એ દીને પણ ગોએ પોતાના સરદારોને હુકમ આપ્યો કે તલખંડની હાર થાય તોપણ તમો તેના હાથી તરફ તીર નહી મારતાં સલામત રેહેવા દેજો અને તેનો ખજાણો વટીક લુટી લેવો નહી." તે પ્રમાણે લડાઇ કરતાંબી તલખંડનું લસ્કર શીકસ્ત ખાઇ નાસી ગયું અને ચરમાં પડી ડૂબી મુવું. પણ તલખંડનો

હાથી તો પોતાની જગા ઉપર ઉભોજ રહેલો હતો, કારણ કે તેને સલામત રાખવાનો હુકમ હતો. ગોએ પોતાના સરદારોને હાથી તરફ મોકલીને તલખંડને બોલાવી મંગાવવા હુકમ કીધો. તેઓ જાઇને જુવે છે તો વગર જખમ ખાવે તલખંડ હાથી ઉપર મરણ પામેલો હતો. તેની લાશને તેની માતા પાસે મોકલી, જેણીએ તેને પોતાના ધર્મની કીયા પ્રમાણે આતશમાં બાલી, અને તેનો મેહેલ તથા જે કંઇ ખજાણો હતો તે પણ બાળી નાખી પોતેબી આતશમાં બળી મરવા જતી હતી. તે વાતની ગોને ખબર થવાથી તેની નજદીક આવીને કેહેવા લાગો કે તલખંડને કોઇએ મારેલો નથી, તેવું છતાં તું આપઘાત કરશે તો તારી અગાડી હું પણ મારે હાથે મારા જાનની ખુવારી કરૂં છું. તેવારે માતાએ ગોને કહ્યું કે "હવે પછી મારી જીંદગીના બધા દીવસો તલખંડના ગમમાં ગુજરે તેનાં કરતાં તો મારૂં મોત મને પ્યારૂં લાગે છે."

આથી ગોએ દાનેશમંદોને બોલાવી વીચાર કીધો કે તલખંડના મરણના ગમથી તેની માતાના દુખનું વીસારણ થાય તે બાબે કંઇ એલાજ શોધી કાઢવો જોઇયે. તેવારે તેઓએ વીચાર કરી જે મીસાલે ગોએ તલખંડનાં લશકરને શીકસ્ત આપી તલખંડને જીવતો ઘેરી લીધો હતો તે લડાઇની નકલ કરી પોતાની દાનાઇથી શેતરંજની રમત જોડી કાહાડી. તેમાં એવું દેખાડયું કે બે પાદશાહો એક બીજા સાથ લડાઇ કરેછે, તેમાં જેની ચહડતી દશા થાય તે ગો છે અને જે પાદશાહ ઘેરાઇ જાય, જેને નીકળી જવાનું ઠેકાણું મલતું નથી, જે માત થાય, યાને મરણ પામે તે તલખંડ છે. હવે ગોએ આ શેતરંજની બાજી પોતાની માતાને બતલાવી, જે ઉપર તે મરણ પામી ત્યાં સુધી પોતાનું ધ્યાન આપી ગમ નીવારણ કરતી હતી.

કલીલે કેતાબ.

એક દીને બરજો[1] નામના હકીમે નોશીરવાનને અરજ કીધી કે "એક હીંદી કેતાબ મધે આજે મેં એવું વાંચ્યું છે કે હીંદુસ્તાનના એક પાહાડ ઉપર એક જાતનું ઝાડ છે તેનો મુએલાં માણસ ઉપર માલેજો કીધાથી તે જીવતું થઇ શકે છે, અને તું જેવા આદેલ પાદશાહના વખ્તમાં મુવેલાં માણસબી જીવતાં થાય તે વાતની અજાયબી નથી.

નોશીરવાને જવાબ દીધો કે આ વાત બને તેવી નથી, મગર તે ચીજની શોધ કરીને અજમાએશ કરવી જોઇએ.

એ કારણ સારૂં પાદશાહે નામુ લખી કેટલોક હદીઓ આપી બરજોને હીંદુસ્તાનના રાજા પાસે મોકલ્યો. રાજાએ તેને આવકાર આપી પોતાના દાના બ્રાહમણો સાથે પાહાડ ઉપર દવાની શોધ કરવા મોકલ્યો. ઘણીએક જાતની જડી બુટીઓનો મુવેલા માણસોનાં બદન ઉપર માલેજો કરી તપાસતાં એકબી માણસ જીવતું થઇ શકયું નહીં. તમામ પાહાડ ઉપરનાં ઝાડપાનને તપાસી પગ તલે કચડી નાખ્યાં, પણ તેઓ પોતાનાં કામમાં ફતેહ પામ્યા નહી, તેવારે તેઓ સમજ્યા કે એ કામ તો નોશીરવાનની પાદશાહી હમેશાં જીવતી રેહેવા બાબતનું લાગે છે. તેવારે રાજાએ દલગીર થઇને કહ્યું કે "વા ઉપર વરાત લખે તેમ પેલાં બેહુદાએ કેતાબમાં એવું શા વસ્તે લખ્યું હશે કે હીંદુસ્તાનના પાહાડ ઉપરનાં ઝાડપાનથી મુએલાં માણસ જીવતાં થાય છે? તેની શોધ કીધામાં આપણી કીધેલી મેહેનત ફોકત ગઇ છે, માટે હજુબી શોધ કરીને તમારા કરતાંબી કોઇ વધારે દાનેશમંદ હોય તેને પુછી જવાબ લાવો."

તેવારે તેઓએ બરજો હકીમને સાથે લઇ એક દાનેશમંદ પાસેથી મુએલાં માણસ જીવતાં થાય તેવી દવાઇ બાબેનો સઘળો ખુલાસો લીધો. તેણે જવાબ દીધો કે "મુએલું માણસ એટલે વગર અકલનું માણસ; ઝાડપાન (દવાઇ) એટલે કેળવણી; પાહાડ એટલે અકલ; સજી-

[1] આ બરજો હકીમ તે કંઈ હકીમ બુજર જ મેહર નહતો. છેલા હકીમે બરજોની આણેલી "કલીલે" કેતાબનો પહેલવી જબાનમાં તરજુમો કર્યો હતો.

વણુ એટલે અકલવાળું;—યાને કે વગર અકલનું માણસ અકલ શીખાડયાથી અકલવાળું થાય છે; મગર મુરખોને અકલ હાંસલ કરતાં ભારી પાહાડ જેવું લાગેછે તે મુશ્કેલી દુર કરવાને અર્થે દાનેશમંદોએ 'કલીલે' નામની કીતાબ[1] બનાવેલી છે તે રાજાનાં કેતાબખાનામાં મોજુદ છે."

બરજો હકીમે આ ભેદથી વાકેફ થઇ રાજાની આગળ ખુલાસો કરી "કલીલે" કેતાબ માંગી લીધી. તે આપીને રાજા બોલ્યો કે "નોશીરવાન મારો જાન માગે તો તેબી હાજર કરૂં." પછી રાજાએ નોશીરવાન ઉપર એક નામું લખી બરજોને રવાના કીધો, તેમાં લખ્યું કે "તમે જે મુએલાં માણસ સજીવણ થાય તે બાબેની દવા મંગાવી હતી તે હમારા દાનેશમંદોએ શોધી કાહાડી છે તે હમે બરજો હકીમ સાથે મોકલી છે."

દુરઅંદેશી વીના થતી ખરાબી.

એક દીવસે પાદશાહ મદાએનથી શીકાર કરવા નીકળી ગયો, અને હરણ તથા જંગલી ગાવોની પાછળ ઘોડા દોડાવતાં થાકી ગયો, ત્યારે જ્યાં એક પાણીનો ચશ્મો અને છાંયા વાળાં ઝાડ હતાં ત્યાં બુજર્ચ મેહેરની સાથે નોશીરવાન તે જગા ઉપર આસાએશ લેવા થોભ્યો. બુજર્ચ મેહેરની ગોદમાં માથું મેલી નોશીરવાન જરા લેટયો જેથી તેનું બાજુબંદ ઓગલી પડયું. તેવામાં અચબુચ હવા ઉપરથી એક કાલું પક્ષી નીચે આવ્યું અને બાજુબંદને પોતાની ચાંચ વડે પીખી નાખ્યું. તેણે બધાં મોતી છુટાં પાડી નાંખ્યાં, અને તેમને ગલી જઇ તે પાછું ઉડીને ગુમ થઇ ગયું.

આ તમાશો જોઇને બુજર્ચ મેહેરે જાણ્યું કે હવે કમબખ્તીનો દીવસ નજદીક આવ્યો છે.

તેવામાં નોશીરવાન બેદાર થઈ બાજુબંદને ગુમ થયલું જોઇ એવું ગુમાન લાવ્યો કે બુજર્ચ મેહેર ગલી ગયો છે, જે ઉપરથી તેણે તે દાના મર્દને તાણો મારી કહ્યું કે "અરે કુતરા; તુંને એવું કોણે સમજાવ્યું છે કે મોતી ખાધાથી તબેની સફાઇ થાય છે?" પાદશાહે એવા બીજા ઘણા બદ કલામ વાપર્યા, પણ બુજર્ચ મેહેરે કંઇ જવાબ દીધો નહી, કારણ કે તે જાણતો હતો કે તેના વાજબી બોલવા ઉપર પાદશાહને ભરોસો આવનાર નથી. પછી પાદશાહ ગુસ્સા ભરેલો ઘોડેસ્વાર થઇ લશ્કરમાં જઇ મળ્યો, અને હુકમ થવાથી બુજર્ચ મેહેરને બંદીખાને નાખ્યો.

બુજર્ચ મેહેરનો એક જવાન સગો નોશીરવાનની નોકરીમાં હતો તેને તેણે એક દીવસે પુછ્યું કે "નોશીરવાનની ખીજમત તે કેવી રીતે બજાવેછે?"

તેણે જવાબ દીધો કે "એક દીવસે તો પાદશાહ ન માલુમ શી બાબત ખફા થઇ મને ગરદન મારનાર હતો, પણ સારાં ભાયગે ખુન રેડવાને બદલે મારા હાથ ઉપર ગરમ ખખલતું પાણી રેડાવેછે, જેથી હું કંટાળી ગયો છું."

બુજર્ચ મેહેરે તેને સમજ પાડી કે "હવેથી આવી રીતનાં ગરમ પાણીથી તું પાદશાહના હાથ ધોવાડજે."

પેલાએ તેમ હાથ ધોવાડવાથી નોશીરવાને નોકરને પુછ્યું કે "આ વાતની તુંને કોણે સમજ પાડી?"

જવાબ દીધો કે "બુજર્ચ મેહેરે."

તેવારે નોશીરવાને તેને કહ્યું કે "બુજર્ચ મેહેરને જઇને પુછ કે બુલંદ દરજ્જો છોડીને હલકે અને નાલાયક દરજ્જે શા માટે તું આવી પડયો છે?"

પેલા જવાને જઇને તેમ પુછ્યું, તેનો જવાબ એવો દીધો કે "નોશીરવાનના કરતાં ઘણે મરતબે મારો દરજ્જો બેહેતર છે."

---

[1] ફિર્દુસી જેને "કલીલે" કેતાબને નામે ઓળખાવી જાયછે તેનું આખું નામ "કલીલે વ દિમ્ને" છે. હિંદુસ્તાનમાં એ કેતાબ "પિલ્પેની વાર્તાઓ"ને નામે ઓળખાય છે. એમબી કહેછે કે આ વાર્તાઓ પિલ્પેએ નહિ પણ વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ પંડિતે બનાવી હતી, જેમને લગતો ગ્રંથ "હિતોપદેશ"ને નામે ઓળખાય છે.

જવાનથી આવો જવાબ સાંભળી ખફા થઇને નોશીરવાને બુજર્ચે મેહેરને અંધારા કુવામાં કેદ રાખ્યો, અને ફરીને જવાન પાસે ખબર પુછાવી, તેવારે બુજર્ચે મેહેરે જવાબ દીધો કે "પાદશાહના દીવસો કરતાં મારા દીવસો આસાએશ ભરેલા છે."

આ જવાબ સાંભળી ફરીથી ગુસ્સામાં આવી નોશીરવાને બુજર્ચે મેહરને લોહોડાંનાં તંગ પીંજરાંમાં કેદ કીધો, જેને અંદરની બાજુથી ખીલા જડેલા હતા, જેથી રાત અને દન ઘણી સખ્તીથી ગુજારવા પડતા હતા. પછી પેલા જવાન પાસે ચોથી મરતબે ખબર પુછાવી તેવારે પણ બુજર્ચે મેહેરે જવાબ દીધો કે "આજનો મારો દીવસબી નોશીરવાનના દીવસો કરતાં વધારે સારો છે." આ જવાબ સાભળી દીલગીર થઇ નોશીરવાને પોતાનો ભરોસેદાર સાચું બોલનાર એક દાના શખ્સ હતો તેની સાથે એક જલ્લાદને તલવાર આપી મોકલ્યો અને તેઓને કહ્યું કે "બુજર્ચે મેહેર વળીબી એવોજ જવાબ દીએ કે નોશીરવાનનાં તખ્ત કરતાં તો તેનું બંદીખાનુ ભલું છે તો તેને કતલ કરજો."

પેલા દાનાએ બુજર્ચે મેહરને સંદેશો પોંહોચાડી જવાબ માંગ્યો, જેથી તે બોલ્યો કે "મારો દીવસ નબલો આવેલો છે. જો કે પાદશાહ અને દુરવેશને એક દીવસે મરવું તો છે તોપણ પાદશાહ ભયભરેલાં દીલ સાથે જીવે તેનાં કરતાં હું બંદીખાનાની સખ્તી ભોગવીને મરણ પામું તો મારો દીવસ પાદશાહના દીવસ કરતાં કાંય નહી ભલો કેહેવાય?"

પેલા દાના અને જલ્લાદે આવીને બુજર્ચે મેહેરનો જવાબ કહી સમજાવ્યાથી નોશીરવાને તે બોલમાને અએવાનમાં બોલાવી, બંદથી મોકળો કીધો, પણ નજરકેદ રાખ્યો.

એક ભેદી દાબડો—બુજર્ચ મેહેરને ઇનસાફ.

રૂમના પાદશાહે ધારા પ્રમાણે નોશીરવાનની પાસે કેટલેક હદીઓ[1] આપીને એલચીને મોકલ્યો, તેની સાથે એક દાબડાને તાળું દઇ તે ઉપર પોતાની મોહોર દાબીને મોકલ્યો, અને સવાલ કીધો કે "એ દાબડાને મોહોરબંદ રાખવો અને તેની દરમયાન શું ચીજ છુપાવેલી છે તેનો ખોલાસો તમારા દાનેશમંદો પાસે કરાવવો. જો તેઓ છુપાવેલી ચીજ નહી બતલાવી આપશે તો હમો તમોને અપાતી ખંડણી અથવા હદીઓ બંધ કરીશું, અને તમોએ પણ રૂમ ઉપર લશ્કરની ચહડાઇ કરવી નહીં."

નોશીરવાને એક અઠવાડીયાંની મેહેતલ માંગીને પોતાના દાનેશમંદોની સભા ભરી અને દાબડામાંની છુપી ચીજનો ખુલાસો પુછ્યો, પણ તેઓ જવાબ દઇ શકયા નહીં, તેવારે પાદશાહે ગભરાઇને બુજર્ચે મેહેરને બોલાવી પોતાની દલગીરી જણાવી, અને દાબડાની હકીકતથી તેને વાકેફ કીધો.

બુજર્ચે મેહેરે સઘળું સાંભળી લીધા પછી એક દાનેશમંદને કહ્યુ કે "ઘરમાંથી બાહેર નીકળતાં માર્ગમાં આવતી કોઇ ઓરત મલે તો પુછ કે તેણીનો મર્દ અથવા બાળક કંઇ છે?" તેવામાં પ્રથમ એક ઓરત આવી લાગી. તેણીને પુછતાં જવાબ દીધો કે "મર્દની સાથે એક બાળક દીકરો પણ છે." પછી એક બીજી ઓરત આવી લાગી, તેણીને પુછતાં જવાબ દીધો કે "બાળક કંઇ તો નથી, પણ મર્દ (ખાવંદ)છે." તેની પુઠે ત્રીજી ઓરત આવી તેણીને પુછતાં જવાબ દીધો કે "તેણીએ મર્દ કીધેલો નથી, બલકે મર્દનું મોહોડું વટીક તેણી જોવાની નથી."

આ જવાબ સાંભળી બુજર્ચે મેહેર નોશીરવાનની નજદીક આવ્યો. સભા ભરી પેલા રૂમી એલચીને બોલાવી મંગાવી પેલો સોનાનો દાબડો મોહોરબંધ વચમાં મેલી તે બોલ્યો કે "આ દાબડા મધે ત્રણ મોતી છે, તે મધેનું એક મોતી આરપાર વીંધેલું છે; અને

1 આ "હદિયો" તે રૂમીઓએ દર સાલ આપવા કબુલ કીધેલી ખંડણી હોવી જોઇયે. જુઓ સફે ૧૧૯ મે, નોટ ૩ જી.

બીજું અરધું વીંધેલું છે; અને ત્રીજું મોતી તો વીંધવા વગરનુંજ છે."

આ ખુલાસો સાંભળી રૂમી એલચીએ કીલીદ વડે દાબડો ખોલ્યો, જે મધેથી બુજર્ચમેહેરના બતલાવ્યા મુજબ ત્રણ મોતી નીકલ્યાં, જેમાંનું એક વીંધેલું, બીજું અરધું વીંધેલું, અને ત્રીજું વીંધવા વગરનું હતું. તે જોઇ બુજર્ચમેહેરની દાનાઈ ઉપર સઘળા આફરીન કરવા લાગા, મગર બુજર્ચમેહેરે બંદીખાનામાં નોશીરવાનને હાથે ઘણી જફા ભોગવેલી હતી, તેથી પાદશાહ દલગીર અને શરમીંદો રેહતો હતો. તેની આ દલગીરી દુર કરવા સારૂં બુજર્ચમેહેરે પેલી બાજુબંદ તથા કાલા પક્ષીની તથા પાદશાહને ખાબમાં ભેટવાની અને બેદાર થયા પછી દુર અંદેશો કીધા વગર પોતાને કેદ કરવાની આગલી વાત ખોલાસાથી કહી સમજાવીને કહ્યું કે "જે બનાવ નેક અથવા બદ બનવાનો હતો તે બની ચુકો છે, માટે હવે પાછલથી પશેમાન થવામાં ફાયદો નથી. ગમે તેવો પાદશાહ બુજર્ગ હોય, પણ તેનું કામ શીકાર, સખાવત અને ઇનસાફ વના બીજું નથી; મગર તખ્તની બુજોર્ગી તો દાના વજીરથીજ જાળવી શકાય છે, માટે નોશીરવાનનું દીલ ખુશીભરેલું અને ગમથી મોકળું હોજો; કારણ કે તારામાં પાદશાહી, પેહેલવાની, મોબદી અને દીરબદીના સર્વે ગુણો છે."

ફસલ ૭—અદલ ઇનસાફના નમુના.

અમીરોની ફરીયાદના જવાબો.

નોશીરવાન વજીરોના આધાર ઉપર મુલકોનો સંભાળ રાખવા છતાં છુપ્યા જાસુસો રાખીને પણ ખબર રાખતો હતો. એક વખ્ત વજીરોએ તેના ઉપર જુદી જુદી ફરીયાદો લખી મોકલાવી તેના જવાબમાં પાદશાહે નીચે મુજબ ફરમાન લખ્યાં:—

"કોઇ વખતે હું ગુનેહગારોને સજા કીધા વના છોડી દેઉં છું તેનું કારણ એ જે જેમ એક વઇદ બીમારને સલાહ આપે તેમ એક મરતબે ગુનેહગારને શીખામણ દઇને છોડી દેઉં છું, અને વઇદની સલાહ મુજબ બીમાર નહી ચાલે ને બીમારીમાં વધારો થઇ પડે છે તેવારે વઇદે કડવું ઓશડ પાવું પડે છે તેમ બીજી મરતબે ગુનાહ કરે છે તેને હું સખ્ત સજા કરૂં છું.

"કોઇ પાસે મારા કરતાં વધારે ખજાનો હોય છે તો ખુશીથી તેનો સંભાળ રાખું છું.

"રૂમના કેદીઓમાં દુધમલ બાળકોબી કેદી તરીકે લડાઇમાં પકડાયલાં હોય તો તેઓની માતાને હવાલે કરવાં, અગર કેદીઓના સગાવાહાલાં થોડીએકબી કીમત આપી પાછાં ખરીદ કરે તો આપી દેવાં.

"મારાં શેહેરમાં બે સોદાગરો છે, જે મધરાત સુધી રાગ સાથે વાજીંત્ર વગડાવે છે તેથી બીજા લોકને નીંદ નથી આવતી; પણ તેજ રીતે અગરજો બીજા તવંગરોબી રાત ગુજારે તો હું ખુશી થઇશ, કારણ કે રંગરાગથી કાંઇ દુખ ઉપજતું નથી.

"ઇમનનો પાદશાહ એવું કેહે છે કે હું (નોશીરવાન) બાજ ધરૂં છું તે વખ્તે ગુજરેલાં રવાનોની પ્રથમ યાદ કરૂં છું, જેથી જીવતાં માણસોને કંટાળો છુટે છે. તેનો જવાબ એ જે જે કોઇ દાનેશમંદ અને નેક બુનીયાદ હોય તે ગુજરેલાંઓને યાદ કરી પોતાની જીંદગીના શુકરાણા કરે.[1] જે ગુજરેલાંને ભુલી જાય તેને તેઓનો દુશમન જાણવો.

---

[1] ગુજરેલાં "રવાન" ની યાદ કરવા માટેનું ફિર્દુસીએ નોશીરવાનનાં મુખમાં મુકેલું આ કારણ કેટલીક રીતે અવસ્તાવાણીને બંધ બેસતું લાગશે. અહીં "રવાન" શબ્દ વાપર્યો છે તે "ફરોહર"ને

"મારો નાધલો શાહજાદો લોકોની જમીન ઓછે ભાવે કાયદા વીરૂધ ખરીદ કરે છે કે જેથી વેચનારાને દુખ ખમવું પડે છે, તેનો જવાબ એ જે એવી રીતે વેચેલી જમીન તેનો જે ભાવ આપેલો હોય તે સુધાં વેચનારાનાં સ્વાધીનમાં પાછી આપી દેવી.

"હું અગાડી શરમ અને મરવતવાળો હતો અને હમણા શરમ વગરનો અને કરડા મીજાજનો થઇ ગયો છું, તેનો જવાબ એ જે બચગીમાં દાંત નહી હોવાને લીધે ફક્ત નરમ દુધ ઉપરજ આધાર રાખવો પડતો હતો; હવે દાંત આવ્યા અને મોટો થયો જેથી ગોસ્તનો ખોરાક લેવો પડે છે, માટે કરડો મીજાજ થાય તેની અચરતી નથી.

"પાદશાહો ઉપર હું શાહાનશાહી ભોગવવાની સાથે દાનાઇથી બુજોર્ગી પામેલો છું, અને બીજાઓ મારેથી દાનાઇ હાંસલ કરે છે, તેનું કારણ એ છે જે બીજાઓના સંબંધથીજ મને શાહનશાહી અને દાનાઇ મલેલી છે; મગર દાનાઇ છે તે મારો વજીર છે, જમીન છે તે મારો ખજાનો છે, અને સારા વીચાર છે તે મારા ખજાનચી છે.

"બુરજીન લશ્કર લઇ મારે કામે જતો હતો તેને માર્ગમાંથી નજુમીઓએ પાછો ફેરવ્યો તેથી તેનો ઓહ્દો મેં છીણવી લીધો છે તે કામ મેં અણઘટતું કીધું છે એવું તમો કેહો છો; તેનું જાણવું એ જે મારો સીતારો શુભ હોવાને લીધે બુરજીનના ખરાબ સીતારાથી મને કશી હરકત નહી હતી. એ બીના સમજ્યા વગર તે પાછો ફર્યો તેથી મારાં ફરમાનને અપમાન થયું હતું.

"બાવરચીખાણાંનો ઉપરી ફરીયાદ કરે છે કે મને ગમતું ખાનું તે પકાવી લાવેછે તેમાં હું હાથ ઘાલતો નથી અને ખુશબો પણ લેતો નથી તેથી તેને ડર લાગે છે. તેનું જાણવું એ જે તે ખાધાવણા હું ધરાઇ જાઉં છું તેથી જમવાની ઇછા થતી નથી.

"હું લશ્કર વગર બાહેર નીકળી જાઉં છું તેથી લાગતા વળગતાઓને દલગીરી પેદા થાય છે કે મબાદા કોઇ દુશમની કરનારને બદી કરવાને તક મળે, અને તેનો સંભાળ રાખવાને લશકરથી બની નહી આવે. તેનું જાણવું એ જે દાદગર પાદશાહનો સંભાળ કરનાર તેનો રાસ્ત ઇનસાફ અને સખાવત બસ છે. લશ્કર સાથે રાખવાની ગરજ નથી.

"ખુરાસાનના સરદાર કેરશાસ્પને મેં બર તરફ કીધો તેમાં મેં ભુલ કીધી એમ કેહેનારને ખુલાસો એ જે તેણે (કેરશાસ્પે) મારો હુકમ છુપાવો ગરીઓને દાદ દીધી નહી.

"હું સર્વે સાથે દાદ ઇનસાફની રીત બરાબર રાખું છું, તેવું છતાં જુના નોકર મેહેરકનો મુસારો છેક ઓછો કરી નાખ્યો તેનો સબબ એ જે તે પોતાને મનગમતાં કામ કરવા ઉપર ભરોસો રાખવા સાથે હમેશાં શરાબથી મસ્ત થઇને મજલેસમાં આવે છે.

"જેવારે હું રૂમના પાદશાહની લડાઇમાં જાઉં છું તેવારે ઇરાની સીવાય બીજું લશકર રાખતો નથી, તેનું જાણવું એ જે રૂમી કઠણ દુશમન છે તેથી ઇરાની લશકરને પોતાના દેશના બચાવની જેવી કાળજી હોય તેવી બીજાં લશકરને નહી હોય.

"એક પરહેજગાર દીકરાએ પોતાના બાપના ત્રણ લાખ દીરમ ઉદારતાથી ખર્ચી નાખ્યા તે બાબે દીવાનીવાળા તથા દસ્તુર મોબેદો ધીકાર ભરેલી નજરે દીકરા પાસેથી તે રકમ પાછી અપાવવાની પેરવી કરે છે, પણ ખવાઇ ગયલા દીરમ વીશે દીકરાને દુખ નહી

બદલે વાંચવો; કેમકે ગુજરનારનાં ચાહરમની બાબદાદ પછી આ દુનિયા સાથ જે ચિજ સંબંધ રાખે છે તે "રવાન" નહિ પણ "ફરોહર" છે, અને તેથી ઉપલા વખ્ત પછી જેને જીવતાંઓ યાદ કરે છે, જેનાં કરેલાં ભલાં કામોની સ્તુતિ કરે છે, અને જેને શુભ પગલે ચાલવા માંગે છે, તથા જેની મદદ માંગે છે તેમજ જે તેઓની મદદે આવે છે તે "રવાન" નહિ પણ "ફરોહર" જ છે. રવાન તો પોતાની નેક યા બદ કરણી મુજબનો બદલો મેલવી ઠેકાણે લાગે છે.

દેતાં પાદશાહી ખજાનામાંથી તે દીરમ આપવાની હું ભલામણ કરૂં છું.

"જે ધણી રૂમની લડાઇમાં ઘાએલ થઇ રીબી રીબીને મરણ પામ્યો છે તેનાં નાધલાં ચાર બાળક છે તેઓને એક હજાર દીરમ આપે. એ પ્રમાણે જેબી સીપાહી લડાઇમાં મરણ પામેલા અથવા સખ્ત ઘાએલ થઇ પડેલા હોય તેઓનાં બાળકોનેબી તેઓનાં નામ નોંધી રાખી આપ્યા જવું.

"મર્વ શેહેરમાં ખજાનો જમા કરીને જે પેહેલવાન મરણ પામ્યો છે તે બાબે તપાસ કરતાં જેઓ પાસેથી જુલમ કરી તે મેલવેલો હોય તેઓને તે પાછો અપાવવો અને સુલીનાં લાકડાં પેલા પેહેલવાનનાં ઘર આગળ ચોહોડીને ઢંઢેરો ફેરવવો કે જે કોઇ ગરીબોને દુખ દઇને ખજાનો જમા કરશે તેને આ સુલી પર ચહડાવવામાં આવશે.

"મારી સખાવતને લીધે ગરીબ લોકો દરવાજા ઉપર આવીને દુઆ માગે છે, તો હું પણ ખોદા પાસે એવી દુઆ માંગું છું કે તેઓનાં દીલ ગેરકાયદે ચાલતાં મારેથી ભએ ભરેલાં નહી રેહેવાં જોઇયે. તમામ ખલકત રાતે રંગરાગ એશ આરામ ભોગવે છે, તો હું પણ ખુશી છું કે મારેથી તેઓ ખુશાલીમાં રેહે. દુશમનો એવું કેહે છે કે નહી ઘટે તેવા ગરીબ લોકોનેબી હું ખજાનાનો લાભ આપુ છું. તે વાત ખરી હોય તોપણ આપીને પાછું લેવું ફાયદા ભરેલું નથી.

"યહુદી અને નસરાની (ખ્રીસ્તી) લોકો મારા દીનદુશમન છે તેઓને બી હું માંગેલી મારી બક્ષું છું, તેથી એબ શોધનારા ખામી કાઢે છે, તેનું જાણવું એ જે તેઓનેબી મારી બક્ષવામાં દીનદારોની બરાબર નહી સમજું તો મારૂં નામ બુજોર્ગ પાદશાહ તરીકે નહી કેહવાય.

"દરરોજ ત્રણ લાખ દીરમ કરતાં વધારે દીરમ ખજાનામાંથી દુરવેશોને આપવામાં આવે છે તે ધારાથી ઉલટું થાય છે. એ ફરીયાદનું જાણવું એ જે વધારે પણ ગરીબોનેજ આપેલા હોય તો તે મારા હુકમથીજ આપેલા છે એમ સમજું છું. ધણી બક્ષીશથી ખજાનો ખાલી થઈ ગયો છે, એ ફરીયાદનો જવાબ એ જે સખાવતના હાથથી ખજાનામાં બરકત હોય છે, તેથી તે ખાલી થતોજ નથી.

"કરાખાને બલ્ખના લોકો પાસેથી ત્રણ લાખ દીરમ જુલમથી લઇને મોકળી દીધા છે, તે ખજાનામાં રાખ્યા છે, તે બાબે જાણવું જે તે દીરમો જે લોક પાસેથી લીધા હોય તેઓને પાછા આપવા, તેની સાથે ખજાનાંમાંથી બીજાબી લઇને તેઓને પાછા આપવા. કારણ કે એજદાંપરસ્ત પારસીને લાજમ નથી કે ગરીબોને દુઃખ દીએ; માટે કરાખાનનાં બદકામના બદલામાં તેના મેહેલને તોડી પાડી જમીન બરાબર કરવો અને તેનો હોદો છીણવી લઇ લેઆનત નાખવી.

"જમશેદ અને કેકાઉસ જેવા પાદશાહોની હું યાદ કરૂં છું તેનું કારણ એ જે મારાં મરણ પછીથી મારી કીર્તીનીબી એજ રીતે યાદ થાય.

"દાનેશમંદ મોબેદોની સાથે હું ઘણીજ ધીરજ સાથે કામ કરૂંછું તેની મતલબ એજે જેવારે હારેમનનો આવાજ આપણા કાન ઉપર પડે છે તેવારે અકલ ઠેકાણે રેહેતી નથી. તેવા વખ્તમાં આપણે શેતાબીથી જે કામ કરીયે છીયે તેનાં પરીણામ સારાં નીપજતાં નથી. પાદશાહી અને દીનની બાબતમાં તો એવું છે કે પાદશાહ દીનપર ચુસ્ત નહી હોય તો તેનાથી પાદશાહી થતી નથી.

"પાંચ દીવસ થયા મોબદાન મોબદ (વડો વજીર) હાજર થતો નથી તે મારાંજ કામમાં મશગુલ છે."

બાપની બેટાને નસીહત.

નોશીરવાને પોતાના દીકરા હોરમજદ ઉપર નસીહત તરીકે આ રીતે લખ્યું કે:—

"મારા બાપે ફરવદીન મહીનો અને ખુરદાદ રોજે મારાં માથાં ઉપર તાજ મેળી મને પાદશાહ કીધો હતો. તેજ પ્રમાણે તેજ રોજે

હું તારાં માથાં ઉપર તાજ મેળીને નસીહત કરૂં છું કે તું પાદશાહ થાય તેવારે કોઈને દુખ નહી દેતાં વાજબી ઇનસાફ આપજે. ખોદાનો માર્ગ છોડશે નહી તો ભુલાવામાં પડશે નહી. અકલ હાંસેલ કરતો રેહેજે, કાંય જે ખોદાની આગળ અકલમંદનો બાલાતર મરતબો છે. અકલમંદ પાદશાહથી તખ્તની સંભાળ છે. વચનથી ફરતો ના. ચુગલીઆના કેહેવાથી કોઇને આજાર દેતો ના. કોઇનો ખજાનો લઇ તારી મેહેનતથી મેલવેલા ખજાનામાં તે દાખલ કરતો ના. ગરીબ કે તવાંગર બધેને સરખો ઇનસાફ આપી આશરા નીચે રાખજે. કોઈ તારી સાથે નેકી કરે તો તેનો બદલો વાલજે, અગર બદી કરે તો સજા કરજે. જો તું દુનીયામાં નીર્ભયપણે પાદશાહી કરતો થાય તો નાહક કોઇનાં દીલને ભય ભરેલું ના રાખતો, કારણ કે આસમાનના ફરતા ચક્રમાં નીર્ભયપણે બેસવું ઘણું મુશ્કેલ છે. બખ્તાવર થવા માંગે તો દાનેશમંદોની સાથે બેસી દાનાઇ હાંસેલ કરજે. બદકારોથી દુખ ભોગવવા નહી ચાહેતો નેકીથી તેઓના હાથ બાંધી લેજે. તારા દુશ્મનોને દફે કરે તેવા દોસ્તોને પ્યારા કરી રાખજે. બુજોર્ગોને અને સોદાગરોને ઇનસાફનો લાભ આપતો રેહેજે. શાહાનશાહીનું તાજ માથે મેલે તેવારે સરદારોનો મરતબો વધારતો રેહેજે. એક સરદારને હમેશાં તારી આગળ જાનની બરાબર ગણીને રાખજે, પણ તે શખ્સ હુનર વનાનો અને નેકખાનદાન વનાનો નહી હોવો જોઇયે. વગર પુંજીવાળા સરદારને સેનાપતી ના કરતો, કેમકે દોસ્તદારને લોભાશે તું ને દુશ્મનને હવાલે કરી જતો રેહેશે તો ફરી હાથમાં નહી આવશે, અને તેને પોતાને તો કશી ધાસ્તી નહી રેહેશે. હાજતમંદો ઉપર બક્ષેશ કરતો રેહેજે, પણ તેઓ બદકાર નહી હોવા જોઈયે. દીનદાર થઇને દીનની જાળવણી કરજે, કાંયજે દીનના છુપ્યા દુશ્મનો હોયછે. ઘણા ખજાનાનો લોભ ના રાખતો. આગળા પાદશાહોની રીતે ચાલતાં દાદ દેતો રેહેજે, કે તારી પાછલ આફરીન થાય. ઘણાબી પાદશાહો તો થઇ ગયા છે, પણ દુનીયામાં જેઓ નેકી કરી ગયલા છે તેઓનાંજ નામ યાદગાર છે. વગર વાંકે કોઇનું ખુન ના રેડાવતો, તેમજ વગર વાંકે કોઇ સાથ લડાઇ પણ ના કરતો. દુનીયાની માયાથી દીલ ઉઠાવીને આ મારા નસીહતનામા ઉપર ધ્યાન આપતો રેહજે. ખોદાની પનાહ તારા ઉપર હમેશાં હોજો અને તારે હાથે કોઇ દુખી થાય તેવો તારો સેતારો ના હોજો."

અદલ ઇનસાફીના સવાલ જવાબો.

એક દીને વડો મોબેદે નોશીરવાનને પુછ્યું કે "કોઇ પોતાની ખાહેશ ખોદા પાસે માંગે છે તો તે તેને આપતો નથી, જેથી તેને નાસીપાસ થવું પડે છે, તેનું કેમ કરે ?"

નોશીરવાને જવાબ દીધો કે "પોતાના અંદાજ મુજબ ખાહેશ માંગવી કે તે બર આવે."

સવાલ—નેકનામી અને બુજોર્ગી કોણને લાયક છે ?

જવાબ—જેને વગર મેહેનતે દોલત મળેલી હોય તે ધર્મ ખાતે ખર્ચી નાખે તેને.

સવાલ—પાદશાહની બુજોર્ગી વધારે કે અકકલની ?

જવાબ—અકલ હોય તો દાના માણસ પાદશાહી મેળવી શકે છે, પણ અકલની સાથે એકબાલની નામદારી અને બુનીયાદીબી જોઇયે.

સવાલ—પાદશાહી કરવાને લાયક કેઇ ખસલતનો માણસ હોવો જોઇયે ?

જવાબ—પેહેલાં તો તે દાદગર હોવો જોઇયે, બીજું—સર્વે વાતની ફજીલતઃ ત્રીજું—નેકી બદીની પીછાણુઃ ચોથું—દોસ્તમાં દુશ્મનીનો ખવાસ હોય તે જાણે, અને પોતે જુલમગાર નહીં હોય, અને એકબાલ, બુજોર્ગી, દાનાઇ અને દીન રાખે, તે પાદશાહીને લાયકનો હોય. અગર આ ખસલત વગરનો પાદશાહ હોયતો તે એવાં કામ કરે કે આખેરે દોજખ ભોગવે.

સવાલ—પેહેલાં તું શીખામણના સખુનો બોલ્યા કરતો હતો તેમ હમણા નથી કાંય બોલતો ?

જવાબ—બોલવાનું હતું તે બોલી ચુકો; હમણાંતો તે પ્રમાણે અમલ કરૂં છું.

સવાલ—હમણાં તું આતશની આગળ નેમાજ કરે છે તેટલી બધી આગળા વખ્તમાં કોઇ કરતું નહીં કાંય હતું ?

જવાબ—બંદગી કરનારાને ખોદાતાલાએ ખાકમાંથી પેદા કીધા છે, પણ આસમાન આતશની તાસીરથી પેદા કીધેલું છે, તે બંદાઓને વાસ્તે છે, તે માટે જો આપણે આતશની રજુ ખોદાની બંદગી નહી કરીયે તો રંજ અને સખ્તી ભોગવવી પડે.

સ૦—તું પાદશાહ થવા પછી ખોદાતાલાની સીપાસ ગુજારી વધારે શા માટે કરે છે ? તારી જાહોજલાલી તો વધી પડેલી છે અને સઘળા દુશમનોબી પાયમાલ થઇ ચુકા છે.

જ૦—વધારે સીપાસ ગુજારવાનું કારણ એ કે મારીબી ઉપર કોઇ વધારે જાહોજલાલીવાળો થાય નહી અને મારા જાનનો કસદ કરે નહી.

સ૦—ઉગમણ તરફના દેશોની લડાઇમાં તેં તારી ચાલાકી અને શીતાબી વધારે જણાવી હતી, પણ તેં આથમણ તરફના દેશોની લડાઈમાં ઢીલ અને સુસ્તી કીધી તેનું કારણ શું છે ?

જ૦—જવાનીમાં જાનની અને રંજની ફીકર રેહેતી નથી. જેવારે ૬૦ વરસની ઉમર થાય છે તેવારે સુસ્તી પેદા થાય છે, તેવારે ભલમણસાઇ અને મદારાત સાથે કામ લેવું પડે છે. જો કે ખોદાનાજ હુકમથી સારૂં નરસુંબી બને છે, તોપણ ખોદાના શુકરાણા કરૂંછું કે જવાનીમાંબી નેકને કે બદને મેં ખોટો ઈનસાફ આપેલો નથી, તોપણ હવે બુઢાપાના વખ્તમાંબી ડાહપણથી અને દાદ ઈનસાફથી આસમાન મને યારી આપે છે, જેથી દુનીયા મારી દીન અને કાયદાને તાબેદાર થઇ રહેલી છે.

સ૦—આગળા પાદશાહો ટુકા ભેદનો લાંબો ખુલાસો કરી લખાણ કરતા, અને તારા વખ્તમાં ટુકી એબારતમાં ઉંડો ભેદ છે તેનું કારણ શું ?

જ૦—તેઓ ખોદાના ભરોસા ઉપર નીર્ભય રેહેતા; પણ મારે તો જાહેર રીતેબી દુશમનનો ભય રાખવો પડે છે.

સ૦—હમેશાં તારૂં દીલ ફીકરમંદ દેખાય છે, તેનું કારણ શું ?

જ૦—દાના માણસોને સારી હાલતમાં નબલો વખ્ત આવે તેના સંભાળનો વીચાર રાખવો જોઇયે.

સ૦—આગળા પાદશાહો મજલસની ખુશાલી છોડીને લડાઇથી જીવને દુખમાં નાખવાનું પસંદ નહી કરતા હતા તેનું કારણ શું ?

જ૦—તેઓ શરાબની જામની સાથે પોતાનાં નામની દરકાર નહી રાખતા, પણ મારે તો જામનાં કરતાં નામને વધારે ચાહાવું જોઇયે છે.

સ૦—આગળા પાદશાહો પોતાના જાનની જાળવણી કરતાં દર્દનો ઇલાજ કરવા વઇદની દવાઇને અડકતાબી કાંય નહી હતા ?

જ૦—તનદોરસ્તી જાળવવા દવાઇ લેવી જોઇયે. જેવારે મોત આવે તેવારે તો પરહેજી કીધા છતાં તથા દવાઇ લીધા છતાંબી એક પલ ધીરજ રાખવાનું હોતું નથી.

સ૦—તું ખોદાતાલાની ઘણીજ બંદગી કર્યા છતાં બી શા વાસ્તે ફીકરમંદ રેહે છે ?

જ૦—મારી દીનની રીત પ્રમાણે ઘણાં ગરીબ લોકબી બંદગી કરે છે, પણ તેઓ ખુશામદથી કરે છે કે ખરાં દીલથી અને એકીનથી કરે છે તેનો ભેદ શોધતાં ફીકરમંદ રહું છું.

સ૦—આપણને ફરજંદ હોવાથી ખુશી રહીએ છીએ અને નહી હોવાથી પેવંદ યાને પાલક બેટો કરવાની ઉમેદ રાખીએ છીએ તેનું કારણ શું છે ?

જ૦—જે કોઇ દુનીયામાં પોતાના ફરજંદને અથવા પાલકને મેળીને ગુજરી જાય છે તેનું રવાન સુખ ભોગવે છે, જેથી તેનો ગુનાહ દુર થતો જાય છે; કારણ કે તેનું ફરજંદ પાછલથી સવાબનો હીસ્સો મોકલે છે.

સ૦—દુનીયામાં તનદોરસ્ત કોણ અને પશેમાન કોણ ?

જ૦—જે યજદાંપરસ્ત વખ્તની લગામ હાથમાં પકડીને ચાલતાં વધારે લોભ નહી રાખે તે તનદોરસ્ત હોય, અને જે વધારે લોભ રાખે તે પશેમાની ભોગવે.

સ૦—કેવી રીતની નેકી કીધાથી પશેમાન થવું પડે?

જ૦—નાસીપાસ (સંતોષ વગરના) માણુસ સાથે નેકી કીધાથી.

સ૦—કોઇ બદી કરીને ગુજરી જાય છે, તેથી તેને નેકી કરીને બદલો વાળવાનો વખ્ત નથી મળતો, તેવારે તે લાચાર શું કરે?

જ૦—તેણે બદી કરવીજ નહી જોઇયે. નેક માણુસ હમેશાં જીવતુંજ છે.

સ૦—મોત કરતાં વધારે બુરી ચીજ કંઇજ નથી તેનો ઉપાય શું છે?

જ૦—પાકી જેહાનથી ગુજરી જતાં તો પાક જાન સલામત રેહે છે, પણ જે કોઇ પાપના ભય અને ગમ સાથે જીવે છે તેને મરણ પામેલો જાણી તેની ઉપર માતમ કીધી જોઇયે, પછી તે ધણી પાદશાહ હોય કે ફકીર.

સ૦—ભય અને ગમમાં વધારે બુરૂં કોણ અને શું ઇલાજ કીધાથી તે દફે થઇ શકે?

જ૦—વધારે બુરો ગમ છે, અને જેણે અકલ હાંસલ કીધેલી હોય તે પાપ કરતો નથી, તેથી ભય અને ગમથી પશેમાન થતો નથી.

સ૦—આપણાં કરતાંબી વધારે ખજાનો કોણુની પાસે હોય?

જવાબ—જેને કશીબી વાતથી રંજ અને સખ્તી નહી હોય તેની પાસે.

સવાલ—બુરાંમાં બુરી કઇ એબ છે કે જે નેકી અથવા બેહસ્તથી દુર હોય?

જવાબ—જે ઓરત શરમ વગરની હોય તે અને જે મર્દ નાદાન (મુર્ખો) હોય તે; કેમ કે તમામ તેની જીંદગાની બંદીખાનું ભોગવવા બરાબર છે.

સવાલ—બદફેલ માણુસ કોણુ?

જવાબ—જે માણુસને કશી વાતની ફીકર નહી હોય, તેમ પાપનોબી કશો ડર નહી રાખી કામ કરી આખેરે દોજખમાં જાય તે.

સવાલ—રાસ્ત માણુસ કોણુ?

જવાબ—જે માણુસ પોતાના ઉદ્યોગનાં કામમાં બદ માર્ગે નહી ચાલે તે.

સવાલ—સર્વેથી નેક માણુસ કોણુ, કે જેની જોડે સઘળાં માણસો પોતાના સરદાર કરી વર્તે?

જવાબ—જે મીસાલે સખી મર્દ લોકોનું ભલું ઇછવા વગર સ્વાર્થે બક્ષેશ કરે છે, તે મીસાલે જે ધણી હીંમતથી વગર સ્વાર્થે ખોદાનાં નામ ઉપર લોકોનું દુખ મટાડવાની કોશેશ કરે અને તેમાં પોતાને દુખ પોંહોંચે તેની બરદાસ્ત કરે, તે ધણીને સર્વેથી નેક માણુસ જાણવો.

સવાલ—સર્વેથી વધારે ખોફ માણુસનાં દીલમાં શું કીધાથી પેદા થાય છે?

જવાબ—પોતાની બદ કરણીનાં દુખથી.

સવાલ—સર્વેથી સરસ સખાવત કઇ રીતથી છે, કે જે કરનારો મોટો સખી ગણાય?

જવાબ—મુફલેસો ઉપર સખાવત કરતાં પોતાના નફા નુકસાન ઉપર કંઇબી વીચાર નહી રાખે તે મોટો સખી.

સવાલ—આપણે યજદાનની દીન મુજબ ચાલીયે છીયે તોપણુ આસમાનની ગેરદેશથી વખ્તે નુકસાની ખમવી પડે છે તેનો સબબ શું?

જવાબ—નુકસાન અથવા નફો, નેકી અથવા બદી, સર્વે આસમાનની ગેરદેશથી પેદા થાય છે; પણ એજદાન નેકીને પસંદ કરે છે માટે તેની દીનનો નેક માર્ગ પસંદ કરવો અને બદીથી દુર રેહેવું.[1]

---

૧ અહીં એક ખરી ફિલસુફીનો ભેદ આપણા બાહોશ શાયરે ખુલ્લો કીધો છે. એ ફિલસુફી અશો પેગામ્બર જરતોસ્તની પોતાની છે અને તે તેના બનાવેલા ગાથામાં દરશાવેલી છે. તેમાં નેકી અને બદીની બે એકસરખી શકિત દેખાડી છે, પણ તેમનો પિતા દાદાર હોરમજદને દેખાડયો છે. જરતોસ્તે ખુલ્લું કહ્યું છે કે એ બંને શકિત-

સવાલ—તન તો ઇનસાનના જાનને ત્રણ પાંચ દીવસ રેહેવાનું એક્ક ઘર છે, તેવારે દુખ દર્દની ઇજા તન ભોગવે છે કે જાન ભોગવે છે?

જવાબ—જ્યાંસુધી જાન તનમાં રેહે છે ત્યાંસુધી દુખ દર્દ તનનેજ લાગુ પડે છે.

સવાલ—પેશતર નામીચા પાદશાહો થઇ ગયા છે તેમાં આફરીન કરવાને લાયકના કોણ હતા?

જવાબ—પરહેજગાર સેપાસ ગુજારનાર ખોદાની બંદગી કરનારા, જેઓથી માણસો નીર્ભય રેહેતાં, નેક મર્દોનાં દીલ ઉમેદ ભરેલાં રેહેતાં, ગુનેહગારોનાં દીલ ભયભરેલાં રેહેતાં, પોતાના ખજાનાથી લશ્કર રાખી બુરાઇ કરનારા સાથેજ લડાઇ કરતા, દાનાઓની મશવરતથી કામ કરતા, દુશ્મનોથી ભેદ છુપાવી રાખતા, તેવા પાદશાહોની પુઠે આફરીન કરવી જોઇયે.

સવાલ—બંદગી તે શું? અને યજદાંની મરજી મુજબની બંદગી કોણ કરી શકે?

જવાબ—જે શખ્સ એવો હોય કે બાલ બરાબર પાપ કીધાથીબી પોતાના રવાનને આલુદા કરે નહી તે. અવલતો તે એમ સમજે કે ખોદાતાલા એકજ છે, (જોકે એમ સમજાવનારા ઘણાજ થોડા છે,) અને નેકી કરવાની ઉલટ રાખે, તથા બદી કરવાનો ખોફ રાખે, એવી દીનની રીતે જે ચાલે તે યજદાનની મરજી મુજબની બંદગી કરી શકે, અને હમેશાં આબરૂ પામે. અગર બદ કામો કરે તો દોજખ ભોગવે, અગર નેકી કીધાથી તેનું દીલ પાછું ફરે તો એમ સમજે કે હારેમને તેને ફરેબ દીધો છે, જેથી અકલનાં બળથી પોતાનાં દીલને મુસ્તકીમ રાખવામાં પછાત નહીં પડે, અને આ તથા પેલી જેહાનમાં ખુશી મેળવવાનો ગમ ખાય. હમેશાં દાનાઓની સોહબતમાં બેસે; બદકારોથી દુર પકડે; નહી બની શકે તેવું કામ બનાવવા ઉપર ધ્યાન નહીં આપે; નહી આપવા ઘટે તેવા બદકારને આશરો નહી આપે; દોસ્ત જે માંગે તે અદા કરે; દોસ્ત સાથે રૂબરૂ વાતો કરે; બનતાંસુધી વચમાંવાળાની દરકાર નહી રાખે; દુશ્મનની સાથે બેસવું પડે તો પુરતો સંભાળ રાખે; જુબાનને હુનર કરતાં વધારે ફજીલતભરેલી નહી સમજે; જુદું બોલીને કામ સમારે તેને હુનરમંદ નહી જાણે; કોઇ પાસે દ્રવ્ય હોય તેટલા વાસ્તેજ તેને મોટાઇ નહી આપે; તેમ કોઇ મુફલેસ હોય તેને ખુવાર કરી નહી ગણે; અગર કોઇ બદમીજાજનો તુંદીથી બોલ મારે તેની સામે તેજી સાથે જવાબ નહી દેતાં ભલમણસાઇથી બોલે; જેવારે કંઇ કામ નહી હોય તેવારે મોજ ભોગવવામાં મશગુલ નહી થતાં હરેક કામની કોશેશ કરે અથવા નસીહતની વાત સાંભળવામાં વખ્ત ગુજારે; જે કામમાં આખેર પસ્તાવા જેવું હોય તે કામમાં હાથ નહી ઘાલે; દીલસોજીથી હાજતમંદોની મુરાદ બર લાવે અને તેઓનું દુખ ટાળે; પોતાનાં માથાં ઉપર ગમે તે વાતનો બોજો આવી પડે તે ભોગવતાં નાસીપાસ નહી થાય; પાદશાહની આગળ તથા પોતાના દોસ્તોની આગળ પ્યાર મેળવે; ગુમરાહી છોડી રાસ્ત માર્ગે ચાલી ખોદાની બંદગી કરે; તેવા શખ્સને દીનદાર અને યજદાંપરસ્ત જાણવો. તેવો શખ્સ યજદાંની મરજી મુજબની બંદગી કરી શકે.

અહીં ફિર્દુસી પાદશાહ મોહમદ ગઝનવીને ઓજરખાહીથી કેહે છે કે—"અએ પાદશાહ! નોશીરવાનની મીસાલે તુંબી દાદગર થાય તો તારૂં નામબી જાવેદાન સુધી યાદગાર રહી જાય!"

રૂમ ઉપર સવારી અને ફતેહ.

રૂમથી નોશીરવાનને ખબર મળી કે ત્યાંનો પાદશાહ કએસર મરણ પામ્યો છે, જેણે પોતાના દીકરાને તખ્ત હવાલે કીધું છે.[1] આ

ઓમાંથી માણસે ગમે તે એખ્તિયાર કરવી; પણ ખોદાતાલા પોતે તો નેકીનેજ પસંદ કરનારો છે. ફિર્દુસીનું સમજાવવું આબાદ એમજ છે.

૧ આ નવો કએસર જસ્ટીન નામનો હતો. તે માજી કએસર જસ્ટીન્યનનો બેટો નહિ પણ ભત્રિજો હતો. દશ વરસ સુધી તેણે મુગે મહોડે પણ ભારી બળાપા સાથ ઈરાનના પાદશાહને

વાત સાંભળી નોશીરવાન ઘણો દલગીર થયો,* અને એક એલચીને નીચલી મતલબનું નામુ લખી આપી રૂમ મોકલ્યો. પ્રથમ પાદશાહનાં મરણ બાબેની દલગીરી જણાવી લખ્યું કેઃ—"બાપનાં મરણ પછી ખોદા તારો નેગેહબાન અને મેહેરબાન હોજો, અને તું જીવતો રેહેજો. આપણ પાદશાહો–શું કએસર કે શું ખાકાન—નેબી વખ્ત આવે તેવારે સર્વેને મરવું છે. કએસરનું રાજ તુંને મલ્યું તેની તુંને મુબારકબાદી હોજો અને કએસરનાં રવાનનો મદદગાર ઈસા હોજો. તું રૂમનો પાદશાહ થયો છે માટે ઘોડાસ્વાર, હથીયાર, ખજાનો અને લશ્કર જેબી તુંને જોઈયે તે મારી પાસેથી મંગાવજે."

એલચીએ રૂમી પાદશાહને નામું આપી સંદેશો પોંહોંચાડયો. તેમાં પોતાના કરતાં નોશીરવાનની ચહડતે દરજ્જેની પદવીના સમાચાર વાંચી જવાન રૂમી પાદશાહનો મીજાજ જતો રહ્યો, જેથી તેણે એલચીને ઘટે તેવી રીતે આવકાર નહી આપતાં દુર બેસાડયો, અને નામાને માન નહી આપ્યું. એક અઠવાડીયું વીતા પછી નામાનો જવાબ અપમાન ભરેલો લખી ઇરાની એલચીને નાલાયક ખેલાત આપીને વળી મુખ જુબાનીથી કહ્યું કે "ખાકાન અને અહેતલના પાદશાહ કરતાં હું કમતર નથી, અને નોશીરવાનનો તાબેદાર પણ નથી. અગર તારો પાદશાહ મોટો છે તોપણ તેને લાયક ન હતું કે મને નાઘલો લખે."

એલચીએ આવીને નોશીરવાનને પેગામ પોંહોંચાડયો, જે વાંચીને તે નામદાર ઘણો ખફા થઈને બોલ્યો કે "જે દોસ્તથી દુશ્મનને નહી પીછાણે તે આવી રીતના જવાબ લખતાં વીચાર કયાંથી કરી શકે કે પાછલથી બદલો શી રીતે વાળવો પડશે? હવે માલુમ પડી ચુકું કે તે રૂમી આપણો દોસ્ત નથી પણ દુશ્મન છે, માટે પાક યજદાનના, ખુરશેદ, માહ અને આદર ગોશસ્પના સોગંદ લઇને કહુંછું કે જ્યારે રૂમી મારા કરતાં મોટો છે એવો દાવો કરે છે તો રૂમને બાળીને તારાજ નહી કરી નાખું તો હું કોબાદનો તોખમનો નહીં."

---

*ખંડણી આપ્યા કીધી, પણ પછી તુર્કી ખાન દીસાબુલના વારસને ઉસકેરી ઇરાન ઉપર ચઢાઈ લઈજવા માંગી. આ વખ્તે ઈરાને અરબસ્તાનના દક્ષિણ ભાગમાં છેક ઇમન સુધી પોતાની સલતનત વધારી દીધી હતી તેથીબી જસ્ટીનને ભારી અદેખાઇ ઉત્પન થઇ હતી, કેમકે ત્યાં આગળ રૂમીઓની સત્તા ચાલતી હતી. રૂમની એ સત્તા નોશીરવાનના હાથમાં ગઇ તે વેળા માજી કએસર જસ્ટીન્યન જીવતો હતો. પણ તેને ઇરાનના આવેળાના કાબુનો પુરતો અનુભવ હોવાથી તેણે નોશીરવાન સાથની ૫૦) વરસની સુલેહ તોડવાની હિમત કીધી નહિ. પણ તે હિમત તેના વારેસ જસ્ટીને કીધી. તેણે ખંડણી બંધ કીધી, ઈરાની એલચીને અપમાન આપ્યું, અને આર્મીન્યન બલવાખોરોને ઈરાન સામે ઉસ્કેરી આપ્યા. આ વેળા નોશીરવાનની ઉમર ૮૦ વરસની હતી; પણ પાદશાહની આ જૈફીનો લાભ લેવાની જસ્ટીનની ગણત્રી ભૂલ ભરેલી હતી. તે લડવા આવ્યો પણ નોશીરવાનને એક નરે શીર માફક લશ્કર લઇ પોતાની સામે આવેલો જોઈ તે પાછલ હઠયો. તેણે એક વરસની મેહતલ માંગી ને ૪૫૦૦૦ સોનાના સિક્કાનો દંડ ભર્યો, અને ત્યાર બાદ બીજી ત્રણ વરસની મેહેતલ માટે બીજા ૩૦૦૦૦ સિક્કા આપ્યા. એ મુદતને દરમયાન રૂમીઓએ ઈરાનને સજા કરવા માટે ૧॥ લાખ ફ઼ોજ સરહદ ઉપર રાખી હતી; પણ તે વડે તેઓ જ્યારે કાંઇ પણ બજાવી શકયા નહિ ત્યારે નોશીરવાન પોતાની જૈફી છતાં બળવાખોર ઈરાની આર્મીન્યનોને સજા કરવા દોડી ગયો, અને તેમને તાબે કરીને પછી તેમને ઉસ્કેરનારા રૂમી-આર્મીન્યનોને સજા કીધી. આ વખ્તે રૂમીઓ સાથની ત્રણ વરસની સુલેહની મુદત પુરી થયલી હોવાથી બંને હરીફો વચે લડાઇ ચાલી. આ જંગમાં રૂમી સરદારોએ કેટલીક ફતેહ મેળવ્યા છતાં નોશીરવાને દેખાવ દીધો નહિ; પણ તેનું કારણ એ જણાયું છે કે પાદશાહ ૮૭ વરસની મોટી જૈફીને લીધે ઇસવી ૫૭૯ માં મદાઇનના મેહેલમાં મરણ પામ્યાથી તે છેલી લડાઈમાં દેખાયો ન હતો; તોપણ તેના સરદારોએ રૂમીઓને આગળ વધતા અટકાવી નસાડયા હતા. આ વેળા રૂમી કએસર જસ્ટીન નહિ પણ ટેબીર્યસ હતો.

પછી ૩ લાખ ફોજ લઈ નોશીરવાને રૂમ ઉપર સવારી કીધી, અને હલબ શેહેરને ઘેરો ઘાલી સકીલા નામનો કીલ્લો હાથ કરી લીધો. તે વાતની રૂમી કએસરને ખબર થવાથી આમુરીએથી હલબ આગળ લશ્કર લાવીને ઇરાનીઓ સાથે ભારી લડાઈ બે અઠવાડીયાં સુધી ચલાવી, તેમાં રૂમીનું ઘણું લશ્કર તીરથી માર્યું ગયું અને ત્રીસ હજાર કેદ પકડાયું. આવું જોઇને બાતરૂનનાં લસ્કરે મારી માગી તેને છોડી દીધું. રૂમી પાદશાહે રાતોરાત ખાઇ ખોધી પાણીથી ભરપુર કરી ઇરાની લસ્કરને નીકળી જવાનો માર્ગ તદન બંધ કરી લીધો, જેથી ઇરાનનું લશ્કર તથા પાદશાહ પોતે ભારી ગભરાટમાં પડયા. બીજા હાથપર સીપાહીઓને મુસારો આપતાં ખજાણામાં ત્રણ લાખ દીરમની ખોટ માલુમ પડી, તેથી પાદશાહે હુકમ કીધો કે માજંદરાનના ખજાણામાંથી એકશો ઉંટ ભરીને ખજાણો મંગાવે. તેવારે બુજર્ચ મેહેરે જવાબ દીધો કે દુર દેશથી ખજાણો લાવે તેટલાં લશ્કરને ઘણું મુશ્કેલ પડે, માટે આપણા સોદાગરો અને ખેડુતો જેઓ માલદાર હોય તેઓ પાસેથી કરજ કઢાવવું.

આ વાત પાદશાહે કબુલ કીધાથી અમલદારોને બુજર્ચ મેહેરે કરજ લેવા મોકલ્યા, જે આપવાને ઘણા સોદાગરો કબુલ થયા, પણ એક મોચીએ અમલદારને પુછ્યું કે "તમોને કેટલાએક દીરમ જોઇયે છે?" જવાબ મલ્યો કે "૪૦ લાખ દીરમ જોઇયે છે." મોચીએ તરાજુ મંગાવીને તે તોલી આપ્યા, અને તે બોલ્યો કે "બુજર્ચ મેહેરને એવું કેહેજો કે આ દીરમના બદલામાં મારો એક પુરો નાધલો બાળક છે તેને એલમ હુનર શીખવીને પાદશાહથી છુપી રીતે મને ખુશી કરે."

અમલદારોએ સઘળી હકીકત બુજર્ચ મેહેરને જાહેર કીધાથી તેણે નોશીરવાનને અરજ કીધી કે "તારી અદલ દાદથી મોચી જેવાબી તવંગર થઇ ગયા છે. મગર મોચી માંગેલા દીરમ આપીને એવી ખાહેશ રાખે છે કે "તેના દીકરાને એલમ હુનર શીખવીને તેની દસ્તગીરી કરે."

નોશીરવાને જવાબ દીધો કે "તારી અકલ ગુમ થઇ છે કે શું? મારો દીકરો તખ્ત ઉપર બેસે ને મોચીનો છોકરો નવીસંદો થઇ તેને અકલ આપે તેનો તે આધીન થાય, એ કેમ બને? તે બાળક કોઇ ખાનદાનવાળો હતે તો તેમ કરતે; માટે મોચીનાં ખજાણાનાં જે ઉંટો ભરાઇને આવેલાં છે તે પાછાં મોકલી દેવાં." તેમ કીધાથી મોચી ઘણો દલગીર થયો.

શીખામણથી કામ ઉલટું કેમ ?

બીજે દીવસે રૂમના ૪૦) ફીલસુફો દરએક પોતાની સાથે વધાવા સારૂ ૩૦) હજાર દીનાર લઇ નોશીરવાનની આગળ આવી ઘણુ કાલાવાલા કરી પોતાના અજ્ઞાન પાદશાહના નાલાયક વીચારનો ધીક્કાર કરી કેહેવા લાગા કે " અમો સઘળા તારા તાબેદાર અને તુંને ખંડણી આપનારા છઇયે. અગર અમારા નાદાન પાદશાહે દાનેશમંદોની મશવરત લીધા વીના અપમાન ભરેલા સખુનો વાપરેલા છે તે ઉપરથી તું જેવા દાના પાદશાહે દીલમાં કીનો નહી રાખતાં રૂમનેબી ઇરાન જેવુંજ સમજીને જે મીસાલે ચીનના ખાકાનને અને હીંદના રાજાને આશરો આપતો આવ્યો છે તેમ, જુદાઇ નહી રાખતાં, રૂમનેબી આગળા ધારા મુજબ આશરો આપતાં રેહેવું. હમે રૂમની ખંડણીબી આગળા શીરસ્તા મુજબ તમારે હવાલે કરી નવા બંદોબસ્ત લખી આપીશું અને અત્રે લશકર લઇ આવતાં તુંને જે ખમવું પડેલું છે તેના બદલામાં ૧૦) ગાયના ચામડાંમાં દીનાર ભરીને આપીયે છઇયે તે કબુલ કરવું."

નોશીરવાને તેઓને બુજર્ચમેહેર પાસે કબુલ કરવા મોકલ્યા. તેણે ઉપલાં નજરાણાં કરતાં એક હજાર જરેદોજી રેશમી તાકા સીપાહીઓને ખલાત આપવાને માટે વધારે લેવાનો ઠેરાવ કરી એક સરદારને નજરાણું લેવડાવી આવવા રૂમમાં રાખ્યો, અને પછી નોશીરવાન મદાએન આવી પાછો તખ્તે બેઠો.

ફેસલ ૮—શાહજાદો હોરમજદ.

શાહાજાદાની ખબરદારીની પરીક્ષા.

જેવારે નોશીરવાનની ૭૪ વરસની ઉંમર થઈ તેવારે તેને મોતનો વીચાર ગાલેબ થયો,[1] તેથી તેણે પોતાના ૬) દીકરાઓ મધે વડો દીકરો હોરમજદ હતો તેને તખ્તનો વારેસ ઠેરવીને બુજર્ચમેહેરને ફરમાવ્યું કે "દાનેશમંદોની અનજુમન બોલાવીને હોરમજદને તપાસી જોવો કે તેનામાં પાદશાહી કરવાનું જ્ઞાન છે કે નથી?"

બુજર્ચમેહેરે સભા મેળવીને અવલ હોરમજદને પુછ્યું કે "તું જાણે છે કે તનમાં પાક જાન શું કીધાથી રોશન રેહે છે, કે જેથી માણસ આબરૂ પામે?"

જવાબ દીધો કે "અકલથી માણસ આબરૂ અને મોટી બુજોર્ગી પામે છે, હારેમનના હાથ બાંધી લઇ પોતાના તનનો બચાવ કરી શકે છે, તથા સંતોષી અને સખી બને છે."

સવાલ—કેવી રીતની નેકી કીધાથી માણસ બુલંદ મરતબે પોંહોંચે છે?

જવાબ—અવલ નેકીના ફાયદા અને બદીના ગેરફાયદાને પીછાણે, કોઇને અજાર નહી દીએ, ઇનસાફને માર્ગે ચાલવાથી ખુશી થાય, તે શખ્સ બુલંદ મરતબે પોહોચે.

બુજર્ચમેહેરે કહ્યું કે "જેટલા મેં તુંને સવાલ કીધા તે દરએકનો જવાબ તુંએ સરસ દીધેલો છે, માટે ખોદા તારો રેહેનુમાઇ કરનાર હોજો, અને તારી અકલ રોશન અને એકબાલ દોસ્તદાર હોજો! હવે હું તુંને જે સવાલો કરવાના છે તે કરૂંછું તે દરેએકનો જવાબ ઇનસાફની રીતે બરાબર દેજે, કે જેથી તારી અકલ વજન પામે, ને તારી મુરાદ હોય તે બર આવે, કાંયજે સવાલ જે છે તે તાળું છે અને જવાબ જે છે તે તેની કુંચી છે. જવાબથી નેક યા બદ જે હોય તે માલુમ પડી આવે છે."

પછી તેણે નીચે મુજબ સવાલો પુછ્યા તેના હોરમજદે ઘટતા જવાબો દીધાઃ—

સવાલ—આપની આગળ બુજોર્ગી ભરેલો ફરજંદ તે કોણ?

જવાબ—જે નેકી અને અદલ ઇનસાફને માર્ગે ચાલે તે.

સવાલ—બક્ષીશ કરવાને લાયક માણસ કોણ?

જવાબ—જે બુજોર્ગનો માઠાં ભાયગે મુફલેસીનો દીવસ આવેલો હોય અને જેને લાચારીને લીધે નાલાયક માણસ પાસે સવાલ કરવા જવું પડે તેને બક્ષીશ કરવી લાયક છે.

સવાલ—નેકી કીધા છતાંબી પશેમાન કોણને થવું પડે?

જવાબ—જે નાસીપાસ માણસ સાથે નેકી કરે તેને.

સવાલ—ફેતના ફેસાદ ભાગી ડરીને કીએ દેશથી નાસી જઇ આરામથી રહીયે?

જવાબ—જે દેશમાં પાદશાહ જાલેમ હોય તે દેશથી નાસી જવું જોઇયે.

સવાલ—આ જમાનંમાં કોણથી સુખી રેહેવાય?

જવાબ—જેના ભાઇ અને દોસ્ત સાચા હોય તેથી.

સવાલ—કયા જમાનાને વખાણવો જોઇયે?

જવાબ—જે જમાનામાં બુરાં કામો નહી થાય તેને.

સવાલ—દોસ્તદારોમાં તાલેમંદ દોસ્ત કોણ?

જવાબ—તારો નબલો વખ્ત જાળવી મદદ કરે તે.

સવાલ—દુનીયામાં ઘણા દોસ્ત કોણના હોય?

જવાબ—ઘણી નમનતાઇ અને સખાવતવાળો હોય તેના.

સવાલ—ઘણા દુશ્મન કોણના હોય?

[1] નોશીરવાન લગભગ નેવું વરસ સુધી જીવવા પામ્યા હતો, અને ત્યાં સુધી તે લડાઈમાં ઝીપલાવતો હતો, ત્યારે ૭૪ વરસનો થતાંજ તે મોતનો વિચાર કરે એમ લાગતું નથી.

જવાબ—બદ મીજાજવાળાના, કે જેનું બો-લવું શેખી અને કપટ ભરેલું હોય છે.

સવાલ—સર્વેથી નુકસાનકારક શું ચીજ છે?

જવાબ—લોભ.

સવાલ—નહી આજાર દેનારને આજાર પોહોંચાડે તે શું ચીજ છે?

જવાબ—બદકાર માણસોની સોહબત.

સવાલ—ખરૂં બોલનારો શાક્ષી કેમ ઓળખાય?

જવાબ—અજમાયશ કીધાથી.

સવાલ—એવી ફરતી શું ચીજ છે કે જેના પગ પકડવા જઇયે તો માથું હાથમાં આવે?

જવાબ—નાદાન દોસ્તની લતરી જુબાન.

સવાલ—સીતમગાર, વગર શરમનો, અને લાચાર તે કોણ?

જવાબ—જે આડે માર્ગે ચાલે તે સીતમ-ગાર; જે જુઠું બોલે તે શરમ વગરનો; અને જેને ખરે માર્ગે ચાલતાં આવડતું નહી હોય તે લાચાર.

સવાલ—કોણના બોલવાથી ખરાબી નીપજે?

જવાબ—બેકાર બેઠેલા ચુગલીયાના બોલ-વાથી હુશીયાર માણસોબી ઠગાય, જેથી પાછલથી ખરાબી નીપજે.

સવાલ—બોલીને પાછલથી પશેમાન થાય તે કોણ?

જવાબ—જુઠું બોલનાર.

શાહજાદા હોરમજદને પુછેલા ઉપલા સઘળા સવાલોના તેણે મનપસંદ જવાબો આપ્યા તેથી પાદશાહ નોશીરવાન, કે જે પોતે સભામાં હાજર હતો, તેણે ખુશી થઇને હોરમજદની અકલ ઉપર આફરીન કીધી.

બાપની બેટાને નસીહત.

નોશીરવાને હોરમજદને નામે હોદનામુ કીધું તે મધે નસીહતભરેલા આ મુજબના કલામો લખ્યા હતા કે—"અરે દીકરા આ દુનીઆ દુખભરેલી અને બેવફા છે. તે મધે ગમે તેટલા દીવસો તું ખુશહાલી ભરેલા ગુજારશે તોપણ એક દીવસે મરવા વીના છુટકો નથી. જે મીસાલે દુનીયાની પાદશાહી આજે હું તુંને સોંપી જાઉંછું તેજ મીસાલે કોઇ એક દીવસે બીજાને હાથ તુંનેબી સોંપી આપવી પડશે. કોબાદે ૮૦ વરસની ઉમરે મારા ભાઇઓ મધેથી મને પસંદ કરી પાદશાહી આપી હતી, તેમ ૭૪ વરસની ઉમરે મારા ૬ દીકરા મધેથી હું તુંને પસંદ કરીને પાદશાહી આપુંછું. મારાં મરણ પછી મારી ખુબી થાય તેટલા સારૂં દુનીઆનું કામ દીનની ખુબી પ્રમાણે મેં ચ-લાવેલું છે, માટે ઉમેદ રાખુંછું કે તું પણ તે-વીજ રીતે ચલાવશે. જો તું ઇનસાફથી મા-ણસોને સુખી રાખશે તો તું પણ સુખી રેહેશે. નેકી કરશે તો તેને બદલ બેહસ્ત પામશે. પાદ-શાહને તેજી તુંદી ભરેલો મીજાજ નહી રાખવો જોઇયે, માટે ધીરો અને બરદાસ્ત ભરેલો મીજાજ રાખજે. દુનીયાનો સંભાલ રાખનારો અકલમંદ પાદશાહ હમેશાં આબરૂદાર હોય છે. જુઠું બોલવાની આદત ના રાખતો. જો તેમ રાખેતો જાણજે કે કમબખ્તીનો વખ્ત આવે છે. દીલને અને મગજને શેતાબી (યાને આ-કળા મીજાજ)થી દુર રાખજે, કારણકે શેતા-બી કીધાથી અકલનું કુવત નબળું પડી જાય છે. નેક માણસોની સોહબત પકડી નેકી કર-વાની કોશેશ કરજે. દાનાઓની મશવરત પ્ર-માણે કામ કરજે. બદી કરશે તો બેશક બદી-નોજ બદલો પામશે. પાક ખોરાક લેજે અને પાક લેબાસ પેહેરજે. તું ચાહે કે ખોદા તારો નેઘેબાન થાય ત્યારે તો ખોદાને પસંદ પડતાં કામ કરી ખોદા પાસે પનાહ માંગજે. ઇનસાફ-થી દુનીયાને આબાદ રાખશે તો તારો ખ-જાનોબી આબાદ રેહેશે, અને તું ભાયગશાળી કેહેવાશે. નેક માણસો નસીહત કરે તેમ ચા-લજે. તેઓના બોલવાને અપમાન ના આપતો. દાનેશમંદોને ખુશી સાથે નજદીક રાખજે. દુ-શ્મનોને દુર રાખજે. દરેક કામની દાનાઓ સાથે મશવરત કરજે કે પાદશાહીનાં કામમાં દીલને દુખ નહી પેદા થાય. જો દાનેશમંદોની મશવરતથી કામ કરશે તો તારા ખજાના, ત-ખ્ત અને કોલાહનો સંભાળ થશે. જે કોઈ મુફલેસો હોય અથવા બુજોર્ગ ખાનદાનવાળા

હોય તેઓને નબળી હાલતેજ રેહેવા દેવાને બદલે ખજાનાનો લાભ આપજે. પણ જેઓ કમીના નાલાયક હોય તેઓને દુર રાખજે, અને નોકરીમાંબી પસંદ કરતો માં. દુરવેશોને જે ગમ હોય તે તુંનેજ છે, એમ સમજીને તેઓને ખુશી રાખજે. મુફલેસોને અને પરહેજગારોને ખજાનાનો લાભ આપ્યા વીના રેહેતો માં. અગર દુસ્મન દોસ્ત થવાની કાકલુદી કરે તો પાછી દોસ્તી કરવાને ખારી જમીનમાં વનસપતી ઉગાડવા સરખું સમજજે.

"આ મારી નસીહત પ્રમાણે કામ કરશે તો હમેશાં તારી પાદશાહી સલામત રેહેશે. ખોદા તારો નેઘેબાન, અકલ તારૂં તખ્ત, અને એકબાલ તારૂં તાજ હોજો. જેવારે હું મરણ પામું તેવારે મારી લાશને મેળવા સારૂં વસ્તીથી દુર જ્યાં કરગસ (ખલીલ) પક્ષીબી નહી આવી શકે તેવી જગા ઉપર દશ કમંદનાં જેટલી બુલંદ એક ઇમારત (દુખમું) બંધાવજે—તેની ઉપર મારા સરદારો તથા લશ્કરના સીપાહોની તસ્વીર ચીતરાવજે. મારાં પેટમાંની લોહી જેવી ચીજો સુકવી નાખી તે મધે કાફુર અને કસ્તુરી ભરી, માથાં ઉપર કસ્તુરીનું તાજ મેલી, બદન ઉપર તમામ કાફુર લગાડી કેયાની પાદશાહોની રસમ મુજબ ચીનાઇ રેશમી તથા જરદોજી પાંચ કપડાંથી ઢાંકી લેજે, અને તખ્ત આગળ સુનાની તાશ, જામ અને ધુપદાનુ; ગોલાબ, શરાબ અને કેસરથી ભરેલી જામ વીશ; કસ્તુરી, કાફુર અને અંબરની જામ બસો, મારા જમણા તથા ડાબા હાથ આગળ દીનનાં ફરમાન મુજબ રાખજે. મારી લાશને તખ્ત ઉપર મેળી દરવાજો બંધ કરજે. પછી તે ઇમારત (દુખમા)માં આવીને મને કોઇ જોય નહી તેટલા સારૂં એવું કરજે કે કોઇને તે જગા ઉપર જવાને માર્ગ નહી મળી શકે. મારા ફરજંદો તથા કુટુંબીઓ, જેઓને મારાં મરણથી ગમ પેદા થાય તેઓએ બે મહીના સોગ પાળવો જોઇયે; એવી રીતે પાદશાહોનાં મરણ પાછલ ચાલવાનો ધારો છે. પરહેજગારો સાથે સર્વેને લાયક છે કે આમારાં હેદ નામાંને માન આપીને હોરમજદનાં ફરમાન પ્રમાણે અમલ કરે."

એક ભયંકાર સ્વપ્નો.

હેદનામું લખ્યા પછી એક વરસ નોશીરવાન જીવ્યો.[1] તેટલી મુદતમાં એક રાતે ખાબમાં એવું દીઠું કે રાતને વખ્તે હજાજ (અરબસ્તાનનું એક શેહેર)થી એક આફતાબે નીકળી આવી નોશીરવાનના બુલંદ મેહલની ૪૦ સીડી છે તે ઉપરથી નીચે ઉતરી સઘળી દુનીયામાં પોતાની રોશનીનો ફેલાવો કરી મેળ્યો, પણ નોશીરવાનનો એવાન તો અંધારામાંજ રહી ગયો.

ખાબથી અર્ધી રાતે પાદશાહ બેદાર થયો, પણ આ વાતનો ભેદ કોઇને જાહેર કીધો નહી. પછી બામદાદે બુજર્ચ મેહેરને બોલાવી ખાબની હકીકતથી તેને વાકેફ કીધો, ત્યારે તેણે જવાબ દીધો કે "આજથી ૪૦) વરસ ગુજરી જવા પછી અરબસ્તાનથી એક શખ્સ[2] બાહેર પડશે, ખોટી અને અધુરી દીન છોડી દઇને રાસ્તીની દીન અખ્તીયાર કરશે, જરતોસ્તી દીનને ખરાબ કરશે, મુસાની અને ઇસાની દીનને રાખશે નહી, આગળી દીનોને પાયમાલ કરી નાખશે, ત્રણ પૈયાના તખ્તા ઉપર ઉંચે ઉભો રહીને લોકોને નસીહત કરશે, અને જેવારે તે મરણ પામશે તેવારે પોતાના બોલેલા કલામો[3]નો ખજાનો મેળી જશે, તેથી જેહાનના તમામ લોકો ખુશહાલી ભોગવશે. પછી તારી નસલના એક પાદશાહના વખ્તમાં હજાજથી લશ્કર ઇરાન ઉપર ચહડી

૧ એહદનામું કયારે લખ્યું તે જણાતું નથી. અગરજો હોરમજદને પોતાનાં તખ્તનો વારેસ ઠરાવ્યા પછી તરતજ તે કીધું હોય, અને ત્યારબાદ એક વરસમાં નોશીરવાન મરણ પામ્યો એમ જો ફિર્દુસીનું કહેવું હોય તો તેની એ ગણત્રી રૂમી તવારીખ નવેશોની ગણત્રીથી જુદી પડે છે. તેમના જણાવ્યા મુજબતો એ પાદશાહ મરણ વખ્તે ૯૦ ની ભરતીમાં હતો.

૨ હજરત મોહમદ.

૩ હદીસ.

આવશે. જોકે તેઓ પાસે લડાઇનો પુરતો સામાનબી નહી હશે તોપણ પાદશાહને તખ્ત પરથી ઉઠાડી મેળી ખરાબ કરશે, પેહેલવાનોને મારી દુનીયાને નાપાક કરશે, 'જશને સદેહ'-ની રસમ ભાગી પડશે, તમામ આતશખાના ખરાબ કરશે, પેહલવાનોનું એકબાલ ઉધું વળી જવાથી કોઇ આતશની અને આફતાબ-ની સ્તુતી નહી કરશે. એ ભેદની વાત જા-માસ્પેબી ગુસ્તાસ્પને કહેલી હતી, જેથી તે દીલગીર થયો હતો."

આ પુરતો ખુલાસો નોશીરવાન બુજર્ચ-મેહેરથી સાંભળીને તે ઘણો દીલગીર થયો. આખો દીવસ ગમમાં ગુજારી રાતે પણ તે વીચારમાં તેને નીંદ નહી આવી; મગર ત્રણજ પેહેર રાત ગુજરેલી હતી તે વખ્તે એક ભયં-કાર અવાજ એવો થયો કે જાણે દુનીયા ઉંધી વળી જાય. પછી પાદશાહના અએવાનનો એક બરૂજ તુટી પડયો, તે જોઇ નોશીરવાનનો જીવ ગભરાયો. તેજ વેળા બુજર્ચમેહેરને બોલાવી કારણ પુછતાં તેણે જવાબ દીધો કે "ગઈ રાતે ખોવાબમાં જે આફતાબને તુંએ દીઠો હતો તેનો આ અવાજ છે, અને તારા અએવાનનો બરૂજ તુટી પડયો તેનું કારણ એ જે તે પુરૂષે પોતાની માતાને પેટે હમણા જન્મ લીધો છે તેની ખબર આપે છે, અને હવે તુંને એવી ખબર મળશે કે આતશ આ-જર ગોશસ્પનું કામ ખરાબ થયું છે."

તેટલામાં તો સવારે આવી જાહેર કીધું કે આતશ આજર ગોશસ્પ સર્દ થઈ ગયા છે! આ વાત સાંભળી નોશીરવાન ઘણો દીલગીર થઇને હાય અફસોસ કરવા લાગો, તેવારે બુજર્ચમેહેરે તેને કહ્યું કે "આ વાતથી તું જલદી ગમ શા વાસ્તે ખાય છે? તે વખ્ત તો ઘણો દુર છે. તારા જમાના પછી દુનીયાનું ભલું યા બુરૂં થાશે તે તું કાંહાં જોવાનો છે?"

આ વાત પછી થોડાજ દીવસ જીવીને નોશીરવાન મરણ પામ્યો, તેવાર પછી એક મહીને બુજર્ચમેહેર પણ મરણ પામ્યો, મગર દુનીયામાં તેઓનાં નેક નામ અને ભલાં કામ તો યાદગાર રહી ગયાં છે.

ભાગ ૯

હોરમજદ.[1]

—:o:—

ફસલ ૧—વજીરોનાં ખુન.

શરૂઆતની શીયાણપટ.

ફીર્દુસી કેહે છે કે હેરાત શેહેરના માખ નામના એક પીરમર્દને મેં હોરમજદની પાદશાહી બાબે પુછયું ત્યારે તેણે મને આ મુજબ નો જવાબ દીધો:—

તખ્ત લેતી વેળા નવા પાદશાહે ભાષણ કરતાં કહ્યું કે—"તખ્તની નામદારી વધારવા સારૂં હું સારાં માણુસોની આબરૂ વધારીશ અને મારા બાપની પખે દુનીયાને તાબેદારીમાં રાખીશ. ગુનેહગારોને ભયભરેલાં દીલ સાથે, અને વગર વાંકે જુલમ તલે કચડાયલા લોકને આસાની સાથે રાખીશ. સબુરી, દાદ અને ઇનસાફ અકલનો થામ છે. નેકી કે બદી છુપી રેહેતી નથી. મારા બુજોર્ગો દાદ ઇનસાફ, બુજોર્ગી અને પેહેલવાની કરી ગયા છે, તે મીસાલે દરેક મલુકમાં મારૂં ફરમાન થયલું છે. જે યજદાનનો પાદશાહ હોય તેના જમાનામાં પરહેજગારો સુખી હોય. પાદશાહની પુંજી સખાવત છે, કે જેથી દુનીઆનાં લોક આશરો પામે છે. દુરવેશોની ઉપર મેહેરબાની અને તવંગરોના માલની પાસબાની હું કરૂં છું. તમો સરદારોને જે નેક ખાહેશ હોય તે મારી પાસે માંગજો. જે વાતનો તમોને બોક હોય તે દુર કરવાને હું શક્તીવાન છું. બક્ષવું, બક્ષાવવું, અને ઇનસાફ મારી પાસે છે, તેથીજ બીજા પાદશાહો ઉપર હું બુજોર્ગી ભોગવું છું. તમો પણ દીલમાં કીનો કપટ હોય તે છોડી દઇને મારી ઉપર મેહેરબાની રાખજો. જે ખોદાનો ખોફ રાખીને ચાલશે તે બદી તરફ જોનાર નથી, માટે તમો ખોદાની ખુશનુદી મુજબ ચાલજો. જે અકલમંદ હશે તે કદી નાસીપાસ થનાર નથી. લોકો સાથે નેકી કરો તો તેનો બદલો લેવાની આશા રાખવી નહીં. ખુશામંદ કરનારને પાસે બેસાડવો નહી. તે જુઠો, મોંહોંડું રાખવા સારૂં બોલશે. દાદગર પાદશાહ હોય તેને તમારી ખોટી મતલબ સારૂં બુરૂં ના બોલતા. પાદશાહનો તમારી ઉપર ઉપકાર હોવા છતાં તેનું બુરૂં નહી ચાહવું જોઇએ. જે મારી નસીહત નહી માનશે તે ખુબી નહી પામેશે. પાદશાહની સાથે તમે વાજબી રીતે ચાલો એ તો લાયકજ છે, પણ તેથી તમો ઉલટું ચાલો તે નાલાયક કામ છે. નેકી કરતાં દુખ પોંહોંચે તે ભલું, પણ બેદાદી કરી ખજાનો મેળવી ખુશી થાવું બુરૂં કામ છે. સીતેર તાજદારોની પાદશાહી મેળવો પણ આખરે

[1] આ પાદશાહ ઈસ્વી ૫૭૯ ના શિયાળાની આખરીએ તખ્તનો ધણી થયો હતો, પણ તે ત્યાર પછી તરતજ તા૦ ૨૧ મી માર્ચને દિને શરૂ થયલાં નવાં વરસમાં તખ્તનશીન થયો હતો, કે જે તેના અમલનું બીજું વરસ સિક્કાઓ મુજબ ગણાયું છે.

પાદશાહ હોરમજદે કેટલાં વરસ રાજ્ય કીધું તે બાબે તવારીખનવેશોમાં મતફેર છે. ફિર્દુસી મુજબ ૧૨ વરસ; મસઉદી મુજબ ૧૧ વરસ ૪ મહિના; સિન્સેલસ મુજબ ૧૫ વરસ; હમઝા મુજબ ૧૨ વરસ. આ સઘળો ફર્ક સિક્કાઓને આધારે તથા પાદશાહના અમલને દરમયાન પાડોશી મુલકોમાં બનેલા બનાવોને આધારે દૂર થાય છે, અને સિદ્ધ થાયછે કે હોરમજદે ૧૧ વરસ ને એક મહિનો રાજ્ય ચલાવ્યું હતું; તો જોકે તેના સિક્કાઓ ઉપરનો છેલો અંક ૧૩ છે. એનું કારણ એ કે ૧૧ પુરાં વરસની આગમજના અને પછવાડેના દિવસો ઉપર ૧ લો અને ૧૩ મો સિક્કો પડયો હતો.

દુશ્મનને આપી જાવું છે, માટે દુરવેશોની અને પરહેજગારોની બરદાસ કરવી સજાવાર છે. અગર કોઇ પાદશાહ ખજાનાનાં બળથી સરકશી કરશે તો લડાઇ કરી તેનાં સરને ઉડાવી નાખીશ, કે જેથી તે મારી સરસાઇ નહી કરી શકે. ભેદમાં અથવા ખોલી રીતે મારે જે તમો સરદારોને કેહેવું હતું તે હું કહી ચુકો છું. તમારી ઉપર ખોદાની મેહેર હોજો." આ વખ્તે હોરમજદની બુજોર્ગી પાદશાહ થવાને લાયકની હતી.

વજીરો ઊપર ખફગી.

આ પછી કેટલીક મુદતે પાદશાહ હોરમજદનાં દીલમાં બદ વીચાર ગાલેબ થવાથી દીનનો માર્ગ વટીક છોડી દઇને જે વજીરો પોતાના બાપના વખ્તમાં ઘણા બુજોર્ગ હતા, તેઓને તેણે વગર તકસીરે મોતની શીક્ષા કીધી. તેઓ મધે બે શખ્સો બુઢા અને એક જવાન હતો. તેઓનાં નામ એજદગોશસ્પ, બરજો મેહેર, અને માહઆજર હતાં. તેઓથી તે પોતાના જાનનો ખોફ રાખતો હતો, તેથી તેણે વગર તકસીરે એજદગોશસ્પને બંદીખાને મોકલ્યો. તે મધે એક તીરના જખમના જેટલું તેને દુખ ખમવું પડતું હતું. એક દીવસ ગુજરી ગયો તોપણ નહી તેને ખાવાનું કે નહી તેને ઓઢવાનું મલ્યું. નહી તેની આગળ એક ચાકર મળે, કે નહી કોઇ તેની દયા કરે. તેવારે તેણે વડો દસ્તુર જરતોસ્ત નામનો પાકબાજ અને પોતાનો દોસ્ત હતો, જે તેને બંદીખાને નાખવાથી દલગીર રેહેતો હતો, તેની ઉપર એક રૂકો લખી જણાવ્યું કે "મારી આગળ એક ચાકરનોબી ગુજર નથી અને મને ખાવાની ભુખ લાગે છે, પણ ખોરાક નહી મળવાથી તનદોરસ્તીનો બીગાડ થાય છે, માટે મેહેરબાની કરી મારે સારૂં કંઇ સારૂં ખાવાનું મોકળ."

જરતોસ્તનું દીલ રૂકો વાંચવાથી વધારે ગભરાટમાં પડયું, તેથી તેણે જવાબ લખ્યો કે "બંદીખાનાથી તું ગભરાના, તારા જાનની ખોવારી થશે નહી, પણ હું જો તારી પાસ કંઇ ચીજ મોકળીશ, અને તે વાત જાલેમ પાદશાહ જાણશે કે જરથોસ્તે બંદીખાનામાં કંઇ ચીજ મોકળી, તો મારા જાનનેબી દમડી બરાબર ગણશે નહી, તેથી મને મોકળતાં ડર લાગેછે." તોપણ જરતોસ્તે એજદગોશસ્પની મરીયાદા રાખવા પોતાના જાનને જોખમમાં નાખી ખાવાનું મોકલી પોતે પાછલથી ઘોડેસ્વાર થઇ બંદીખાનામાં તેને જઇ મલ્યો. તેને જોઇ દરબાન અટકાવી શકયો નહી. તેઓએ પાદશાહની બદ ચાલ બાબે કેટલીક ગોફતેગો કર્યા પછી બર્સમ લઇ બાજ ધરી ખાણું ખાધું. પછી એજદગોશસ્પે કેટલીક ખાનગી વાતો જરતોસ્તને સમજાવી અને તેની જોડે પાદશાહ હોરમજદને કેહેવાડી મોકલ્યું કે "મને ઇજા દેતા તારે વીચાર કરવો જોઇયે કે નોશીરવાનની સાથે મેં નેકીથી જમાનો ગુજારેલો છે; તુંને મેં ગોદમાં પાળેલો છે, તેના બદલામાં મને બંદીખાને નાખ્યો છે અને હવે પછીથી મારા જાનનો કસદ કરનાર છે, માટે રસ્તાખેજને રોજે યજદાનની હજુર તારા જુલમ બાબેની હું ફરીયાદ કરીશ."

જરતોશ્તને જેહર દીધું.

જરતોસ્તે હોરમજદની આગળ આ વાત કહી સમજાવી, પણ તેપર ધ્યાન નહી આપતાં હોરમજદે એજદગોશસ્પને કતલ કીધો. પછી જરતોસ્તને પોતાનેબી મારવાની ગોઠવણ કરીને બાવરચીને હુકમ કીધો, જેથી છુપી રીતે તેણે ખાણાંમાં ઝેર ભેળ્યું. જેવો જરતોશ્ત પાદશાહની હજુર ગયો તેવું તેને ઘટતું માન આપી તખ્ત આગળ બેસાડયો. પછી ફરમાવ્યું કે "આજે તું જતો ના, મેં એક નવી જાતનું ખાણું મેળવેલું છે." જ્યારે ખાણું આવ્યું ને જમવા બેઠા તે વખ્તે જરતોસ્તનો ચેહેરો ઝાંખ મારી ગયો. તેણે સમજી લીધું કે પાદશાહનું આ નોતરૂં શક ભરેલુંછે. આ ખાનું તો મારા જાનનો અંત લાવનારૂં છે. પાદશાહ ચોતરફથી ખાનું ખાવા લાગો. પેલી ઝેરી ખાનાવાળી રકાબી લાવી

મેળી તે જોઇને જરતોસ્તની પુરી ખાતરી થઇ કે આ વાસણમાં ઝેર છે. હોરમજદે જરતોસ્તનો દેખાવ શક ભરેલો જોઇ મુગે મોહોડે પોતાને હાથે પેલી રકાબીમાંથી ગુડતું હાડકું લઇ તેમાનું ગદુદ કાહાડી જેમ પાદશાહો પોતાને હાથે લુકમો લઇને પોતાના વાહાલા ઉમરાઓને ખવડાવે, જેથી ખાનારને મોટું માન મળે, તેવા દેખાવથી હોરમજદે જરતોસ્તને ફરમાવ્યું કે "તારૂં મોહોડું ખોલીને આ મજેહદાર લુકમો ખાઇ જા કે હવે પછીથી તુંને એવું ખાતું ખાવા ગમ્યા કરશે!"

જરતોસ્તે જવાબ દીધો કે "ખોદા તુંને અને તારાં તાજને સલામત રાખે, પણ તારા જાનના અને સરના સોગંદ આપીને કહુંછું કે તનદોરસ્તી વધારવાને અર્થે આ (ઝેરી) લુકમો ખાવાનો મને હુકમ ના આપ."

હોરમજદે ખોરશેદ, માહ, અને પાદશાહ (નોશીરવાન)નાં પાક રવાનના સોગંદ લઇને કહ્યું કે "હું એવી આરજુથી મારે હાથે તુંને લુકમો આપુછું કે તું મારૂં બદ નહી ચાહે."

તેવારે જરતોસ્તનો શક દુર થવાથી "પાદશાહના હુકમને તાબે છુ" એમ બોલીને પેલો લુકમો ખાધો, જેથી તેને પેટમાં દુખવા લાગું. તેવોજ તે પોતાને ઘેર જઇ કપડું બીછાવી દર્દ થવાથી બુમ પાડતો સુઇ ગયો, પણ ઝેરની વાત કોઇને જણાવી નહીં; મગર પાવઝેર મંગાવી ઇલાજ કરી જોયો, પણ કંઇ વળ્યું નહીં, તેવારે તે ખોદાની તરફ હોરમજદને નામે ફરીયાદ પોકારવા લાગ્યો. તેવામાં હોરમજદે એક શખ્સને છુપો ખબર કાહાડવા મોકલ્યો કે જરતોસ્તને ઝેર કારગર લાગું છે કે નહીં. તે શખ્સને જોતાંજ જરતોસ્ત પામી ગયો કે હોરમજદે એ શખ્સને જોવા મોકલેલો છે, જેથી જરતોસ્તે તેને કહ્યું કે "હોરમજદને જઇને ખબર આપ કે આજથી તારી કમબખ્તીનો દીવસ પ્રકાશવા લાગો છે. તારાં બદ કામને બદલે દુનીઆમાં તું આંખે આંધળો અને લાચાર થઇ પડશે. દુસ્મનો તારી ઉપર ફતેહ પામશે, જેથી તારા જીવને ખેજાલત ભોગવવી પડશે. હવે પછી દુનીયામાં તું ઘણા દાહાડા રેહેશે નહીં. તારી પુઠે બદનામી રહી જશે. બેચેનીથી તુંને દાહાડા કાપવા પડશે. બદીનો બદલો ખોદાની તરફથી તુંને મળ્યા વીના રેહેનાર નથી."

સીમાબુર્જીનને તાણો.

પેલા શખ્સે હોરમજદને તે પેગામ પોંહોંચાડવાથી પાદશાહ ઘણો પસ્તાવા લાગો. જરતોસ્તનાં મરણથી તમામ દાનેશમંદો તથા આલમના લોકનાં દીલ ગજબથી ઉલટપાલટ થવા લાગ્યાં. પણ લાચાર, શું કરે? ખુનરેજ પાદશાહે આટલીબધી ચેતવણી છતાંબી પોતાની બદ ચાલ છોડી નહી, પણ તેણે વધુ ખુનરેજી કરવા સારૂંજ કમર બાંધી. તેણે રાતે બેહરામ આજર મેહાન નામે વજીરને બોલાવીને કહ્યું કે "જો તું મારેથી નેકી ચાહાતો હોય તો હું કેહું તેમ કરજે. ઇરાની સરદારોની સાથે તું મારાં તખ્ત આગળ આવી બેસે તેવારે હું તુંને પુછું કે તારો દોસ્ત સીમાબુર્જીન નેક છે કે બદ? તેવારે તું જવાબ દેજે કે હોરમજદનાં તોખમનો છે."

બેહરામે તેમ કેહેવાને કબુલ કીધું. પછી પાદશાહ તખ્તપર બેઠો ને સઘળા સરદારો આવી અનજુમનમાં હાજર થયા, તેવારે હોરમજદે બેહરામને પુછયું કે "સીમા બુર્જીન તખ્તનો બદખાહ છે કે નેક? બુજોર્ગી આપવાને લાયક છે કે રંજ ભોગવવાને?"

બેહરામે જવાબ દીધો કે "બદકાર છે. ઇરાનની ખરાબી એણે કાધેલી છે."

સીમાબુર્જીન બોલ્યો કે "તું મારો પુરાણો દોસ્ત હોવા છતાં શા માટે જુઠી સાહેદી આપીને હારેમનનો આશના થાય છે? શું બદ કામ મેં કીધાં છે?"

બેહરામે જવાબ દીધો કે "દુનીયામાં બદીનાં તોખમ જે તુંએ રોપેલાં છે તેનાં ફલ હવે તુને ચાખવાં પડશે; તે એ કે નોશીરવાને તુંને, મને, એજદ ગોશસ્પને અને બરજો મેહરને પોતાની હજુરમાં બોલાવીને પુછયું

હતું કે 'પાદશાહી કરવાને લાયક મારો વડો દીકરો છે કે નાધલો? કોણનાં માથાં ઉપર તાજ મેળું?' તેવારે હમે સઘળાઓએ ઉઠી ઉભા થઇને જવાબ દીધો હતો કે 'હોરમજદ પોતાની માતાના જેવી સુરતનો ખાકાનની બુનીયાદનો છે, તે પાદશાહીને લાયક નથી, અને તેને કોઇ પસંદ કરતું નથી.' તેવારે તુંએ જવાબ દીધો હતો કે 'હોરમજદ પાદશાહીને લાયકનોજ છે,' તેથી પાદશાહે તેને પાદશાહી આપી. હવે તેનો બદલો હાલ તુંને મળે છે; તેથી હું શાહેદી આપીને કહું છું કે સીમા બુર્ઝીન બદકાર છે."

નોશીરવાનનો એક પુરાણો પત્ર.

આ બેહરામનું વાજબી બોલવું સાંભળીને હોરમજદે બેહરામ અને સીમાબુર્ઝીન એ બધેને કેદખાનામાં મોકલ્યા. ત્રીજે દીવસે રાતે ચોરોનાં કેદખાનામાં સીમાબુર્ઝીનને મારી નાખ્યો, તે વાત સાંભળીને બેહરામે કેદખાનામાંથી હોરમજદ ઉપર સંદેશો મોકલ્યો કે "નોશીરવાનના વખ્તમાં તારી મદદ કીધામાં મેં કસુર રાખેલી નથી. તારા ભેદોની વાતો છુપાવી દેવામાંબી કોશેશ કીધેલી હતી, માટે મને બોલાવે તો એક નસીહતની વાત તુંને કહીશ, કે જેથી તુંને ફાયદો થશે." હોરમજદના હુકમથી બેહરામે આવી જાહેર કીધું કે "નોશીરવાનના ગંજખાનામાં એક કાળા રંગની પેટી છે, તેની અંદર એક નલી છે, તે મધે નોશીરવાનને હાથનું રેશમી સફેદ કપડાં ઉપર લખેલું એક પત્ર છે. તે પેટીના કુલફ ઉપર નોશીરવાનની મોહોર કીધેલી છે. તે કાગળ મંગાવીને વાંચી જોવું."

તે મંગાવી હોરમજદે વાંચ્યું તો તે પત્રમાં એવું લખેલું હતું કે "હોરમજદ ૧૨ વરસ સુધી પાદશાહી કરશે. પછીથી દુનીયામાં ફેતનો ઉઠશે. ચારે ગમથી દુશમનો ચહડી આવશે. એક બુરો દુશમન તેને તખ્ત ઉપરથી ઉઠાડી મેળી બંધે આંખે આંધળો કરશે, પછી તેને મારી નાખશે."

બાપના હાથનું લખેલું આ પત્ર હોરમજદ વાંચી દર પામ્યો ખરો, પણ પત્રને ફાડી નાખી બંધે આંખોમાં ખુન લાવી તેણે બેહેરામને કહ્યું કે "અરે જફાકાર! આ પત્રની મતલબ ઉપરથી તો મારૂં માથું કાપી નાખવાને તું દરસ્ત ધારે છે."

બેહરામે જવાબ દીધો કે "અરે ખાકાનની બુન્યાદના![1] નોશીરવાને તારાં માથાં ઉપર ઈરાનનું તાજ મેળ્યું ખરૂં, પણ તું કેકોબાદની ઓલાદનો નથી, તેથી ખુનરેજી કીધા વીનાં તું ખુશી થવાનો નથી."

હોરમજદે જવાબ દીધો કે "તારૂં ફાવે તેવારે મારૂં માથું લીધા વીના તું રેહે નહી." એવું બહાનું કાહાડી બેહરામને કેદખાનામાં મોકળી તેનો જીવ લીધો; તેવું જોઇ હોરમજદની આગળ વજીરો અથવા દાનેશમંદ મોબેદો કોઇ આવી ઉભા રેહવા લાગા નહી.

પસ્તાવો અને દાદ.

વજીરોને મારવા પછીથી હોરમજદની જીંદગાનીના દીવસો નાખુશી અને પસ્તાવામાં ગુજરતા હતા, એટલુંજ નહી પણ નોશીરવાનનું લખેલું પત્ર વાંચવાથીબી તેનું દીલ ભયભરેલું રેહેતું હતું. એથી તે વરસમાં ટુકી રાતના બે મહીના અસ્તખરમાં રેહેતો, તો ત્રણ મહીના એસફેહાનમાં ગુજારતો હતો. થંડીની રૂતુમાં મદાયનમાં આવી રેહેતો અને બહારની રૂતુ અરવંદ નદીના કીનારા ઉપરનાં મેદાનમાં કાહાડતો. રાતે ત્રણ પોહોર બંદગીમાં ગુજારતો.

વજીરોની ખુનરેજી કીધા પછીથી તેણે જોલમગારીનું કામ તદન છોડી દીધું[2] અને

---

૧ હોરમજદ તુર્કી ખાકાનની બેટીને પેટનો હોવાથી તે સાધારણ રીતે "તુર્કજાદ"ને નામે ઓળખાઈ ગયો છે.

૨ શરૂઆતમાં હોરમજદ દાદખાહ પાદશાહ હતો, પણ પાછલથી બદખાહ અને બીદાદ થયો હતો. ફિર્દુસીએ તેના વજીરોની કતલનું બયાન આપી તેના જુલ્માતની હદ આણી છે; પણ રૂમી અને યુનાની લખનારાઓ મુજબ તેણે રૈયતોમાં

વળી દાદ દેવાને ઢંઢેરો ફેરવ્યો કે જો કોઇનો ઘોડો કોઈની ખેતીમાં જઈ નુકસાન કરશે, જેથી ખેડુતને દુખ લાગશે, તો તે ઘોડાના કાન અને દુમ કાપી નાખવામાં આવશે. અગર કોઇ ચોર કોઇના બાગમાંથી મેવો ચોરી જશે તો તેને સુલીએ લટકાવવામાં આવશે, ઇત્યાદી. વળી વરસમાં બે મહીના હોરમજદ દેશાવરોમાં ફરવા નીકળતો, કે જેથી દેશાવરો મધેની દાદ બેદાદીની ખબર મળે.

પોતાના વડા દીકરા ખુસરો પરવીજ ઉપર બચપણથીજ હોરમજદ ઘણી મમતા રાખતો હતો, તેવું છતાં એક દીવસે ખુસરોનો ઘોડો તબેલામાંથી નાહાસીને કોઈ ખેડુતનાં ખેતરમાં દાખલ થયો. તેનો ચરવેદાર પુઠેથી દોડતો ખેતરમાં આવી લાગો, તેને ખેડુતે પુછ્યું કે "એ કોણનો ઘોડો છે ! એના કાન અને દુમની આશા મેળવી પડશે."

ચરવેદારે કહ્યું કે "એ તો શાહજાદા ખુસરો પરવીજનો છે."

ખેડુતે હોરમજદની આગળ ફરીયાદ કીધાથી હુકમ આપવા મુજબ ખેડુતે ઘોડાના કાન અને દુમ કાપી નાખ્યાં, અને તેનું નુકસાન એક દીરમ થયલું હોય તો એકશો દીરમને હીસાબે ખુસરો પાસેથી અપાવ્યું. પોતાની આવી બેહોરમતી નહી કરવા સારૂ ખુસરોએ પેશતર વજીરોની મારફતે પાદશાહના કાલાવાલા કરી ભલામણ ચલાવી હતી, પણ કંઇ વળ્યું નહી.

એક દીવસ પાદશાહ શીકારે નીકળ્યો, ત્યારે માર્ગમાં ચાલતાં એક લશ્કરી અમલદારને કોઇનાં દરાખનાં ઝાડ ઉપર તમામ કાચી દરાખના ઝુમખા નજર આવ્યા. તેણે પોતાના ચાકર પાંસે કેટલાએક તોડી મંગાવ્યા. બાગબાને આવી તકાદો કીધો કે કીમત આપ્યા વીના નુકસાન કીધું છે માટે હોરમજદની આગળ ફરીયાદ કરૂંછું. અમલદારે પોતાના જાનના ખોફથી જલદી પોતાની કમર ઉપરથી કીમતી મોતીનો કમરબંધ છોડીને આપી દીધો. તે જોઇને બાગબાન બોલ્યો કે "તુંએ કંઇ દરાખ વેચાતી લીધી નથી કે તેના બદલામાં કમરબંધ આપી ચોરીનું તોહમત છુપાવી છટકી જવા માંગે છે. અગર એ વાત પાદશાહ જાણે તો તારો જાન લીએ એટલામાટેજ હું આ કમરબંધ લઇ રાજી થાઉંછું."

ફસલ ૨—તુરાનની ચઢાઇ અને શીકસ્ત.

હોરમજદ લડાઈ, સખાવત અને ઇનસાફનાં કામમાં વખણાયલો હતો. પણ હવે તેની પાદશાહીનાં દશ વરસ પુરાં થયાં તેવારે આસપાસના દરેક મુલક તરફથી દુશ્મનો ચઢી આવવા લાગ્યા.

શાવેહશાહ[1] નામે સરદાર તુરાનથી ચાર લાખ લશ્કર સાથે બારશો હાથી લઇને ઇરાન પર ચહડાઇ કરવા હેરાતને માર્ગે મર્વ તરફ આવ્યો, અને હોરમજદ ઉપર નામું લખ્યું કે લશ્કરની તૈયારી કરે. બીજા હાથ ઉપર રૂમનો પાદશાહ એક લાખ લશ્કર લાવીને નોશીરવાને તેનાં જે શેહેરો છીણવી લીધાં હતાં તેનો દાવો કરવા લાગો.[2] બીજા જુદા જુદા પાદશાહો ફરાત નદીના કીનારા ઉપર

અને લશકરીઓમાં ભારી કતલ ચલાવી હતી, અને ઘણા ઘણા નિર્દોષ માણસોના જાન લીધા હતા.

૧ આ તુર્ક ખાન દીસાબુલ સાથ શી સગાઇ ધરાવતો હતો તે જણાયું નથી. કેટલાકો મુજબ તેને રૂમીઓએ ઉસ્કેર્યો હતો, અને બલ્ખ અને હેરાત કબજે કરી ખોરાસાન ઉપર ઉતરી પડવા માંગતો હતો. પણ આગળ ચાલતાં જોવામાં આવે છે તેમ પાદશાહ હોરમજદે આ વખ્તે બહુજ દૂરઅંદેશીથી પોતાની બાજી સંભાળીને સર્વે દુશ્મનોને દફે કરવામાં ફતેહ મેળવી હતી.

૨ આ વખ્ત રૂમી કએસર ટૈબીરીઅસ હતો. તેણે હોરમજદની બેદાદીની વાતો સાંભળીને નોશીરવાને જીતી લીધેલો દારાનો રૂમી કિલ્લો પાછો મેળવવાની તદબીર રચી, અને તેના બદલામાં કેટલીક

પોતાની ખંડણીનો છુટકારો કરવાને અર્થે આવી લાગા.[1] આથી મલુકોની બહુ ખરાબી થવા લાગી. એ વાતની હોરમજદને ખબર થવાથી પોતાની આગળ કોઇ દાનેશમંદ વજીર નહી હોવાને લીધે પોતાના બાપનાં વખ્તના વજીરોને પોતે મારી નાખેલા તે બાબે ઘણો પસ્તાવો કરવા લાગો. ઇરાનીઓને બોલાવી મશવરત પુછતાં, તેઓ ઠપકો દઇ બોલ્યા કે "તુંએ દીનનો માર્ગ છોડી દઇ દાનેશમંદ વજીરો હતા તેઓને તો મારી નાખ્યા; હવે વીચાર કર કે આપણા મલુકનો બચાવ કરવાનો ઉપાય કોણથી કરી શકાય?"

અંતે હોરમજદના મોબેદે (વજીરે) મસલત આપવા મુજબ રૂમનાં જે શેહેરો નોશીરવાને જીતી લીધાં હતાં તે પાછાં આપવાં પડયાં.[2] તે લઇ રૂમી પાછો ફરી જતો રહ્યો, તેવારેજ ખુરરાદ નામના ઇરાની સરદારને ખજર વગેરેનાં લસ્કરને મારી પાછાં નહસાડવાને બની આવ્યું. તે જોઇને અરબના સરદારો, અબાસ તથા ઉમરબી પોતાનું લસ્કર લઇને પાછા ગયા.

આ રીતે શત્રુઓની નાહાસ ભાગ પછી હોરમજદે મોબેદ તથા ખુરરાદની સાથે વીચાર કીધો કે "હવે તો અકલ ગુમ થાય તેવી શાવેહશાહની લડાઇ બાકી રહેલી છે તેનું કેમ કરીયે?" તેવારે મેહરાન સતાદ પીરના દીકરા નસ્તુહના અરજ કરવાથી હોરમજદે તે પીર એકાંતમાં બેસી જંદ અવસ્તા લઇ બંદગી કરતો હતો તાંહાંથી તેને ઉચકી મંગાવી તેને પુછવાથી મેહરાન સતાદ બોલ્યો કે "તારી માતાને તુરાનના પાદશાહની પાંચ દીકરીઓમાંથી પસંદ કરી નોશીરવાનને વાસ્તે હું લઇ આવ્યો, તેવારે તારા મમાવા તુરાનના પાદશાહ ખાકાને જે નજુમી પાસે લગન જોવડાવેલાં હતાં, તેઓએ એવુંબી કહેલું હતું કે એ દીકરીને પેટે એક દીકરો પેદા થશે તે ઇરાનનો મોટો પાદશાહ થશે, પણ તુરાનથીજ એક પાદશાહ મોટું લસ્કર લઈ તેની ઉપર ચહડી આવી ઇરાનને ખરાબ કરવા માંગશે; મગર તેને તાબેનો એક ઇરાની સરદાર પેહલવાનોની ઓલાદનો ચોબીનના એલકાબનો થોડું લસ્કર લાવી ઇરાનની કુમક કરી તુરાનવાળા પાદશાહને શીકસ્ત આપી ફતેહ મેળવશે. તે સરદાર ચોબીનના એલકાબનો કોણ છે તેની છુપી રીતે શોધ કરવી જોઇયે." એટલું નજુમીનું જણાવેલું જાહેર કરી તેજ વખ્તે મેહરાન સતાદ પીર મરણ પામ્યો, તે જોઇ હોરમજદ બોલ્યો કે "હું ખોદાના શુકરાના કરૂંછું કે આપણને ચેતવણી આપી રહ્યા પછીજ આ પીરમર્દ બેહસ્તનશીન થયો."

બેહરામ ચોબીન.

હોરમજદે શોધ કીધી કે ચોબીન એલકાબનો સરદાર તે કોણ હશે? તેવારે ફરૂખજાદ નામના તબેલાના દરગાએ જાહેર કીધું કે જેને બરદે અને અર્દબીલની તુંએ હાકમી

લાલચો દેખાડી પણ હોરમજદ જુલ્મી છતાં બહાદુર હતો. તેણે આ માંગણી બળતવારીથી ના પાડી, જે ઉપરથી લડાઈ જાગી. પાદશાહે તખ્ત લીધા પછી તરતજ યાને ઇસ્વી ૫૭૯ ના ઉનાળામાંજ રૂમીઓએ ઇરાન ઉપર ચઢાઈ આણીને મારફાડ ચલાવી. દશ વરસો સુધી આ જંગ ચાલુ રહી, પણ તેનું કશું પરિણામ આવ્યું નહિ.

૧ આ બીજા પાદશાહોની વિગત આ મુજબની મળે છેઃ—અરબસ્તાનના ખંડિયા રાજાઓ ખંડણી ભરવાને બદલે બળવો કરી ઇરાનની સામે થયા, તથા યુફ્રેટિસ નદી પસાર કરીને મેસોપેટિયાના ઇરાની મુલકમાં ફરી વળ્યા; ખજર લોકો ઇરાની આરમિન્યા અને આજરબાઈજાન ઉપર ચઢાઈ લાવ્યા; અને એજ વખ્તે શેહનશાહ ટૅબીરેસે ૮૦ હજારથી એક લાખ માણસોનું લસ્કર આપી મૅારિસ નામે સરદારને ઇરાન ઉપર મોકલ્યો.

૨ અહીં આપણા શાયરે જબરું ગોથું ખાધેલું દીસે છે. રૂમીઓના નોશીરવાને જીતી લીધેલાં શેહેરો હોરમજદે તેમને આપી દઇને કાસળ પટાવવાની વાત ખરી નથી. તેઓ સાથ પાદશાહે ૧૦ વરસો સુધી લડત ચલાવી હતી એમ રૂમી લખનારાઓ પોતે આપણને જણાવી જાય છે, જેમાં બંને પક્ષોની અવારનવાર હારજીત થવા પછી શેવટે રૂમીઓએ અબાસનો કિલ્લો હાથ કીધો હતો. આ લડાઇને દરમયાનજ શાવેશાહ લડવા આવ્યો હતો, અને પોતાની મદદ માટેજ રૂમીઓએ તેને ઉસ્કેરેલો હોવો જોઈયે.

આપેલી છે તે સરદારનું નામ બેહરામ ચૌબીન[1] છે. હોરમજદે તેને બોલાવી લશ્કરની સરદારી આપી, ત્યારે બેહરામે બધાં ઈરાની લશ્કરમાંથી બાર હજાર ચુનંદા સવારો ચાલીશ વરસની ઉમરના ચુંટી કાહાડયા. આ ઉપરથી હોરમજદે બેહરામને કહ્યું કે "શાવેહ પાદશાહનાં બેશુમાર લશ્કરની સામણે માત્ર બાર હજાર સવાર શું લડી શકશે?"

બેહરામે જવાબ દીધો કે "આપણું એકબાલ રોશન હોય તો થોડાં લશ્કરથીબી ફતેહ પામીયે. તું જાણતો નથી કે કેકાઉસને ઘણાં લશ્કરની દરમયાન હામાવરાનમાં કેદ કીધો હતો, તેને બાર હજાર ચુનંદા સવાર લઇ જઇને રૂસ્તમ છોડવી લાવ્યો હતો. તેજ પ્રમાણે ગોદર્જ કેશવાદ બાર હજાર સવારની મદદથી સીયાવક્ષનો કીનો લેવા તુરાન ગયો હતો. વળી અસ્ફંદીયાર બાર હજાર લશ્કર સાથે કારસાજી કરીને અરજાસ્પની ખરાબી કરી આવ્યો હતો. નકામું લશ્કર વધારે રાખીયે તે તો લડાઇને પીઠ દઇને ઉલટું કામ ખરાબ કરે. વળી તું પુછેછે કે જવાન સવારો રાખવાને બદલે ચાલીશ વરસની ઉમરના કાં રાખ્યા? તેનો જવાબ એ છે જે ચાલીશ વરસની ઉમરના સવારો લઢાઇની અજમાયશ કીધેલા હોય છે, જેઓ પોતાની આબરૂનો બચાવ કરવા માટે જીવની દરકાર નહી રાખે અને લડાઇમાં પીઠ નહી દેખાડે."

પછી બેહરામે પોતાના લડાઇના હુનરો મેદાનમાં ઘોડો ઝોંકાવીને પાદશાહને કરી બતાવ્યા, જે જોઇ ખુશી થઇને અઝદાહ પેકર નામનો રૂસ્તમનો ઝુંડો હતો તે હોરમજદે બેહરામને હવાલે કીધો.

હવે બેહરામ લશ્કર સહીત મદાયનથી શાવેહશાહ સાથે લડવા મેહરસન નામના સીપીયાને સાથે લઇ રવાના થયો, અને હોરમજદે તેની પુઠે એક છુપ્યો જાસુસ મોકલ્યો—એવી મતલબથી કે દરેક વાત હોય તે લખી જણાવે. હોરમજદને વડા વજીરે કહ્યું કે "બેહરામના તેજી ભરેલા બોલવા ઉપરથી એવો શક જાય છે કે શાવેહને દફે કરી રખેને તારેથીબી માથું ફેરવીને સામાણે થાય."

હોરમજદે જવાબ દીધો કે "અરે બદ વીચારવાળા, પાવઝેરની સાથે ઝેર તું ભેળે છે. જો બેહરામ શાવેહશાહની ઉપર ફતેહ મેળવે તો મારી પાદશાહી તેને આપી દેવાને હું રાજી છું!"

માર્ગમાં ચાલતાં એક શખ્સ પોતાનાં માથાં ઉપર એક ટોપલામાં કેટલાંએક માથાં મેળી લઇ જતો હતો. બેહરામે દુરથી તેને જોઇને ઘોડો મારી ભાલાની નોક વડે તેમાંનું એક માથું ઉઠાવી લઇ લશ્કરને શુભ ફાલ તરીકે બતાવીને કહ્યું કે "શાવેહશાહનું માથું એ પ્રમાણે ભાલાથી ઉઠાવી લઇ તેનાં લશ્કરને પરાગંદે કરીશું." પેલા જાસુસે મદાઇન જઇ આ ફાલની વાત પાદશાહને કહી, તેથી ડર ખાઇને પાદશાહે બેહરામને પેગામ મોકળી જણાવ્યું કે "કંઇ છુપી વાત કેહેવી છે તેથી પાછો આવી મને મળી જા." બેહરામે જવાબ દીધો કે "માર્ગમાંથી પાછું ફરવું શુભ કામ નથી, પણ હું લડાઈમાં ફતેહ મેળવીને પાછો આવીશ."

આગળ ચાલતાં એક શખ્સ દાલાંમાં ઘાસ ભરી વેચવા આવેલો તે એક સવારે ખરીદ કરી કીમત આપી નહી, તેથી તેણે જઇને બેહરામની આગળ ફરીયાદ કીધી. બેહરામે તે સવારને કતલ કીધો કે ફરીને કોઇ તેવું કામ નહી કરે. એમ કરતાં બેહરામ દામગાનમાં જઇ લાગો.

---

૧ ગિબન મુજબ પુરાતન ઇરાનનાં ૭ નામીચાં ખાનદાનોમાંના રએ શેહેરવાળાં નામચીન ખાનદાનથી બેહરામ ચોબીન ઉતરી આવેલો હતો. નોશીરવાનના વખ્તમાં દારાનો રૂમી કિલ્લો હાથ કરતી વેળા તેણે પોતાની બહાદુરી દેખાડી આપી હતી. આથી તે પાદશાહનો તેમજ હોરમજદનો એટલો માનિતો થઈ પડયો હતો કે તેને લશ્કરની સરદારી, મીડિયાની હાકમી અને મેહેલનો કારોબાર સોંપવામાં આવ્યો હતો. તે બળમાં તેમજ કદમાં રાક્ષસ જેવો હતો.

એક દગો.

પેલી તરફથી પાદશાહ હોરમજદે દગો કરી ખુરરાદ બુર્જીનને કેટલોક હદીયો આપી શાવેહશાહની નજદીક મોકલ્યો, અને ખુરાદે બેહરામને તે બાબે ચેતવણી આપવાથી બેહરામ લશ્કર લઈ હેરાતની નદીના કીનારા ઉપર છાવણી નાખી પડયો, તેની આગમજ ખુરાદે શાવેહશાહની મુલાકાત લઇ દોસ્તીનો પેગામ પોહોંચાડયો હતો, જેથી બેહરામને હેરાત જતાં સવલ પડેલું હતું. બેહરામના આવવાની શાવેહને ખબર થવાથી ખુરરાદને બોલાવી પુછ્યું કે "તું દગો કરી દોસ્તીની વાત કરેછે અને નદી પરતો પાર્સી લશ્કર લાવી મેળે છે."

ખુરરાદે જવાબ દીધો કે "તારાં ઘણાં લશ્કરની સાથે હમારાં થોડાં લશ્કરનું કંઇ વળવાનું નથી તે સબબથી તો હું દોસ્તીનો પેગામ લાવ્યો છું અને હમારૂં લશ્કર તો હાલમાં સોદાગર હોય તેમ રેહેશે."

શાવેહને ભરોસો આવ્યો, તોપણ તે બોલ્યો કે "તમારાં લશ્કરના સરદાર પાસે એક દાનેશમંદને મોકળી ખબર મંગાવું છું" ખુરરાદ તેમ કરવાની હા પાડી છુપી રીતે લશ્કરમાં નાહાસી આવ્યો. શાવેહશાહે પોતાના દીકરા પગપુરને બેહરામ પાસે મોકળીને પુછાવ્યું કે "તમે અત્રે શા કારણ થકી આવેલા છો? તમારા પાદશાહથી જુદા પડી નાહસી આવેલા છો કે કેમ?"

બેહરામે જવાબ દીધો કે "તારૂં લશ્કર ઈરાન ઉપર ચહડી આવે છે તેથી તારી સાથે લડાઇ કરવા હોરમજદે હમોને મોકળેલા છે." આ વાત સાંભળી તેમ પગપુરે શાવેહની આગળ આવી જાહેર કીધાથી તેણે ખુરાદને પકડી મંગાવવાનો હુકમ કીધો, પણ તે તો આગળથી નાહાસી ગયલો હતો. એથી શાવેહશાહ ભારે વીચારમાં પડયો. અંતે લડાઇની તૈયારી થઇ.

બીજો દગો.

શાવેહશાહે બેહરામને કેહેવાડયું કે "તું જો હમારી સાથે મળતો થાય તો મારી એક દીકરી સાથે તારાં લગન કરી આપું, તેની સાથે વળી જોઇતો ખજાનો આપું, અને આપણે સાથે મળી લડાઇ કરી ઇરાન જીતી લઇયે તેવારે પાદશાહને મારીને ઇરાનની પાદશાહીબી તુંને આપું. પછી આપણે રૂમ ઉપર ચહડાઇ કરીયે અને રૂમનો મુલુકબી તારે હવાલે કરૂં."

બેહરામે જવાબ દીધો કે "આ તારૂં બેહુદું બોલવું એવું છે કે જેમ એક દુરવેશને ગામ બાહેર કાહડી મેળે ત્યારે તે પરગામ જઇ બોલતો ફરે કે તે ગામનો હું વડો હતો, તેમ તું પાદશાહને મારી ઇરાન લેવા નીકળ્યો છે, પણ એક બે દીવસમાં મારા ભાલાથી તારૂં માથું કાપી ઉઠાવી પાદશાહ પાસે મોકળું છું. બીજું—તું તારી દીકરી મને આપવા કેહે છે તેનું જાણવું એ જે હું તારો મુલુક જીતી લઇશ તેવારે તારી દીકરી તમામ માલ ખજાનો પોતાની મેળે ઇરાનમાં લાવશે." એવી કેટલીક ગોફતેગો થયા પછી લડાઇની તૈયારી કીધી.

લશકરી ગોઠવણ.

બેહરામે ખવાબમાં એવું દીઠું કે ઇરાનીઓની હાર થઇ અને શાવેહશાહની જીત થઇ; તેથી તેણે દલગીર થઇને ખુરરાદ બુર્જીનને પુછ્યું. તેણે જવાબ દીધો કે "શાવેહનો જોર ભારી છે, માટે સલાહ કરવી જોઇયે." બેહરામે જવાબ દીધો કે "પાણીમાં જાલ નાખી માછલી પકડવાનો તારો પેશો છે, તેથી તલવાર ગુરૂજની વાત તું શું જાણે?" પછી લશકરની ગોઠવણ કરી એજદ ગોશસ્પની સરદારી નીચે ત્રણ હજાર સવાર જમણી બાજુએ અને કંદા ગોશસ્પની સરદારી નીચે તેટલાજ સવાર ડાબી બોરદુએ રાખ્યા, અને લશકરની પીઠ ઉપર ઇલાનસીનેની સરદારી નીચે ત્રણ હજાર સવાર રાખ્યા, અને હરોલમાં હમદાન ગોશસ્પની સરદારી નીચે બાકીના ત્રણ હજાર સવાર રાખ્યા. બેહરામે હુકમ કીધો કે "જે કોઇ લડાઇમાં પીઠ દેખાડશે તેને કતલ કરીશ."

હોરમજદના મુનશીએ આવી બેહરામને

ખબર કીધી કે તુરાનના લશકરનો મેં શુમાર કીધો તો તેની ગણત્રી થઇ શકતી નથી. બેહરામે તેને ઠપકો આપ્યો કે "તુને કોણે લશકર ગણવાનો હુકમ આપેલો હતો?" ત્યારે તેણે જઇ ખુરરાદ બુર્જીનને કહ્યું કે "બેહરામ દેવની ચાલ ચલાવે છે. શાવેહનાં ભારે લશકર સાથે લડવા કરતાં જોઇયે તેવી રીતે સુલેહ કરવી બેહતર છે." પછી આ બંધે શખ્સો લશકર છોડી નાહસી ગયા.

લડાઇ અને ફતેહ.

હવે બેહરામ ચોબીને લડાઇ શરૂ કીધી. શાવેહની તરફથી તેના માણસોએ જાદુઈ ચલાવવી શરૂ કીધી, જેમાં તેઓ હવા ઉપર આતશ દેખાડવા લાગા. એક સવાર ઘોડા ઉપર બેસી બંધે હાથમાં અઝદાહ પકડી ઘોડો ફટકાવવા લાગો. તેનાં તથા ઘોડાનાં બદનમાંથી આતશના શોલા નીકળતા હતા. પછી એક લાલ વાદળ હવા ઉપર ચહડી આવ્યું, તેમાંથી લસ્કરીઓ ઉપર જાણે તીરનો વરસાદ વરસતો હોય તેમ દેખાવા લાગું. ત્યારે બેહરામે પોકાર મારી લસ્કરને ચેતવણી આપી કે "આ જાદુઇના ખેલ ઉપર તમારે નજર નહી રાખવી અને એકદમ લડાઈ ચલાવવી." સવારોએ જાદુઇનો ખોફ છોડી લડાઇ ચલાવી,[1] તે જોઈને શાવેહશાહ બોલ્યો કે "જાદુઈ તો ચાલી શકતી નથી, પણ બેહરામ આગળ વધતો આવે છે." જેથી તેણે એક હુમલો કરીને બેહરામનીજ તરફ કતલ ચલાવી. આથી તેનાં લસ્કરે નાસવા માંડયું, જે જોઇ બેહરામે હુમલો કરી ભાલાથી દુસ્મનના ત્રણ સવારોને બેજાન કીધા, તથા બીજી બોરદુના કેટલાકને કતલ કીધા, તોપણ તેના હાથમાંથી અઝદાહ પેકર ઝુંડો વટીક જતો રહ્યો. ત્યારે તેણે લસ્કરને હુકમ દીધો કે તમોને માર્ગ મળે તો નાહાસી જવું. તેટલામાં શાવેહના હુકમથી હાથીઓને ઉસ્કેરી ઇરાનીઓ ઉપર ચહડાવી લાવ્યા, તે જોઇ બેહરામે હુકમ કીધો કે તીરનો મારો હાથીઓની સુંઢ ઉપર ચલાવવો. તેમ કીધાથી ઘણા હાથીઓ સુંઢ વીનાના થઇને પાછા હટી ગયા અને પોતાનાંજ લસ્કરનો ઘાણ વાળી મેલ્યો. આથી શાવેહનાં લસ્કરે પીઠ દીધી, તે જોઇ આ તુરાની પાદશાહ હાથી ઉપરથી ઉતરી ઘોડેસ્વાર થઇ નાહાસવા લાગો, જેનો દુંબાલો પકડી બેહરામે તીર મારી તેને બેજાન કીધો, અને તેનું માથું કાપી પોતાનાં લસ્કરમાં લઇ ગયો, તોપણ તેનો કોઇ કુટુંબી આગળ આવ્યો નહી. તુરાનીઓ મરતાં જે બચી ગયા તેઓ મેદાનમાં હથીયારો નાખી જતા રહેલા હતા. શાવેહનું અને તેના દીકરા ફગફુરનું માથું તથા જે કોઇ બંધવા હતા તેઓને તથા લુટનો ખજાનો મલ્યો તે સર્વે બેહરામે હોરમજદની પાસે મદાયનમાં મોકળી દીધું. તે ખજાનામાંથી ત્રીજો હીસ્સો આતશકદહેમાં મોકળી, બાકીનો ગરીબોને તથા સીપાહીઓને વેંહેંચી દીધો.

હોરમજદે બેહરામનાં નામાના જવાબમાં અહેતલથી તે જીહુન નદી સુધીનાં મુલુકનું ફરમાન લખી મોકળ્યું, તથા એક તખ્ત તે સાથે સુનાનો પગનો જોડો તથા પાદશાહી ખેલાત બેહરામને સારૂ મોકળીને ભલામણ કીધી કે શાવેહનો દીકરો પરમુદે છે તે સાથે લડાઈ કરવી.

પરમુદેનું તાબે થવું.

શાવેહના પરમુદે નામના બેટા ઉપર ચહડાઇ કરવા બેહરામ ચોબીને લસ્કરની ગોઠવણ કરી અને બુધવારને દીવસે કુચ કરી, પણ તેને જોશીઓએ અટકાવ્યાથી એક બાગમાં રાતે રેહેવું પડયું. તે વાત જાણી પરમુદેએ રાતોવાઇ શબેખુન કરવાની મતલબથી છ હજાર લસ્કર એકઠું કરી બાગને ઘેરો ઘાલ્યો. બેહરામને ખબર પડી તેવોજ એજદ ગુશસ્પ

[1] ઇરાનીઓ અસલથીજ જાદુઇ જેવી ચીજનો વેહેમ નહિ રાખી તેને ધિકારનારા હતા. ઉપલા ચમત્કારો કંઈજ નહિ પણ આતશબાજીના જેવા રંગ બે રંગીન બાણો અને તેમને મળતું જ બીજું હોવું જોઇયે, કે જે કિસમની ચીજોથી ઇરાનીઓ બેખબર હતા.

અને ઇલાનસીનેની સાથે બાગની દેવાલને ખાતર પાડી લશ્કર સાથે એકાએક બાહેર નીકળી આવીને પરમુદેનાં લશ્કરનો ઘાણ વાળી મેલ્યો. પરમુદે નાહાસવા લાગો, તેની પુઠે બામદાદ થતાં સુધી કતલ ચાલી, ત્યારે પરમુદેએ સુલેહનો પેગામ મોકળી કેહેવાડયું કે "હોરમજદ ઉપર નામું લખુંછું, અને તે જેમ કેહેશે તેમ કરવાને હું કબુલ છું." ત્યારે બેહરામ કતલ બંધ કરીને છાવણીમાં આવ્યો. જે જગા પર મુરદાંના ઢગલા પડેલા હતા તે જગા "બેહરામે–તલ"ને નામે ઓળખાય છે.

બેહરામે હોરમજદ ઉપરનાં નામામાં લખ્યું કે "પરમુદે મારીનું ફરમાન માંગે છે તે લખી મોકળવું જોઇયે."

હોરમજદે મારીનું નામું લખી મોકળ્યું, તેમાં લખ્યું કે "પરમુદે તાબે થયો છે તેને માટે આ સાથ ખલાત મોકળુંછું તે આપીને મદાયનમાં મારી પાસે મોકળી દેજો." બેહરામ ફરમાન પોહોચાડયાથી પરમુદેએ કીલ્લામાં જે કંઇ ખજાનો હતો તે બેહરામને હવાલે કીધો અને પોતાનાં લશ્કર સાથે કીલ્લામાંથી બાહેર નીકળી ઇરાન જતી વખ્તે બેહરામની મુલાકાત વટીક નહી લીધી, તેથી તે સપેહસાલારને ખેજાલત લાગી. તેને આ રીતે ગુસ્સો લાગવાથી પરમુદેને ઇરાન જતો અટકાવી પગે ચાલતો પોતાની આગળ ઘસડી મંગાવ્યો અને પુછ્યું કે "તમારાં તુરાનમાં એવીજ મુરખાઇભરેલી ચાલ છે કે મને મળ્યા વગર તું આગળ ચાલી ગયો ?"

પરમુદેએ જવાબ દીધો કે "હું પાદશાહ હતો. હવે મારી માંગવાથી મને હલકે દરજ્જેનો થવું પડયું છે તે કબુલ રાખીને હું પાદશાહના હુકમ મુજબ ઇરાન જાઉં છું. મારૂં તખ્ત તાજ સર્વે તારે હવાલે કીધું છે. હવે તારી સાથ મને કંઇ કામ રહેલું નથી; તેવું છતાં મારી બેહોરમતી હાલમાં જે તુંએ કીધી છે તે બદ કામ કીધું છે."

બેહરામની નાદાની.

આ જવાબ સાંભળતાંજ બેહરામે ગુસ્સામાં આવી એક ચાબુક પરમુદેનાં બદન ઉપર મારી બેડી ઠોકીને બંદીખાને નાખ્યો, તે જોઇને ખુરરાદ બુર્જીન અને બીજો એક હોદેદાર બેહરામને કેહેવા લાગા કે "તારી અકલ ગુમ થઈ છે. તુંએ આ કામ જબુન કીધું છે."

બેહરામને તેઓની નસીહતે અસર કીધાથી પરમુદેના બંદ ખલાસ કીધા, અને પોતાના કીધેલા ગુનાહનો પસ્તાવો ખાઈ તેની પાસે ગયો તથા દીલાસો આપીને કહ્યું કે "તારાં દીલમાં કીનો રાખી હોરમજદની આગળ મારી બદગોઇ કરશે તેથી તું આબરૂ નથી પામવાનો."

પરમુદે બોલ્યો કે "મને તો મારા બદ સીતારાની બદગોઇ કરવી જોઇયે, તે તો હું ખોદાની આગળ કરી ચુકો છું. મારા સીતારાએ મને કેદ કીધો છે એમ હું સમજું છું, ત્યારે તારી બદગોઈ કરવાનું કારણ નથી. મગર તારો પાદશાહ આ વાતથી 'અણજાણો રહી જાય તો તેને પાદશાહીને લાયકનો નહી જાણવો જોઇયે."

બેહરામે દલગીર થઇને કહ્યું કે "આવું તારે બોલવું ન જોઇયે." એવી કેટલીક તકરાર થવા પછી બેહરામે અમલદારોને કહ્યું કે પરમુદેની સાથે જેવી મેં ચાલ ચલાવેલી છે તે સુખેથી હોરમજદ ઉપર લખી વાળવી. પછી જે કાંઇ તુરાનના આવાજે નામના કીલ્લામાં અફ્રાસીયાબના વખ્તનો અને અરજાસ્પનો ખજાનો હતો તે સઘળો ઉંટો ઉપર લાધીને લશકર સાથે હોરમજદની પાસે મદાયન મોકળી દીધો.[૧]

---

૧ આ ખજાનાની ગણત્રી ફિર્દુસીએ આપી નથી, પણ તેણે એટલુંજ જણાવ્યું છે કે આ ખજાનો તુરાનથી ઈરાન લઇ જતાં ૧૫૦૦૦ મજુરો લાગ્યા હતા. પણ મિરખુંદ અને બીજાઓ મુજબ આ ખજાનો એટલો બધો હતો કે તે લઇ જવા માટે ૨ા લાખ ઊંટોની જરૂર પડી હતી!

ફ્સલ ૩—પાદશાહ અને પેહલવાન વચે ઝગડો.

પરમુદેની ખફ્ગી.

તુરાનનો પાદશાહ પરમુદે હોરમજદની હજુરમાં આવી લાગો તેને એ ઇરાની પાદશાહે તખ્ત પાસે બેસાડયો. જે કાંઈ ખજાનો બેહરામે આવાજે નામના કીલ્લામાંથી નીકળેલો મોકળ્યો હતો તેને દરબારમાં લાવતાં પંદર હજાર મજુર લાગા હતા. પરમુદેની સાથે કોલકરાર કરી ઇરાનને તાબે રેહવાના સોગંદ આપ્યા, અને કેટલોક ખજાનો અને ખલાત બક્ષીને તેને પાછો તુરાન રવાના કીધો.

જ્યારે તે બેહરામની તરફ આવ્યો ત્યારે તેને ઘટે તેવું માન આપી ઘાસ કાઠીની જોગવાઈ રાખી ત્રણ મંજલ સુધી બેહરામ તેને એસ્તેકબાલ ગયો, અને વળી ત્રણ મંજલ પાછો પરમુદેને મેળવા પણ ગયો. પણ પરમુદેએ તેની તરફ એક દાહાડેબી જોયું નહી. તેણે જે મેહમાનદારીનો સામાન મોકળેલો તે વટીક લીધો નહી. છેલ્લે દીવસે પરમુદેએ એક સીપાહીને મોકળીને કેહેવાડયું કે બેહરામ પાછો પોતાને મુકામે જાય. આવું જોઇને બેહરામ પશેમાન થઈ બલ્ખમાં પાછો ફર્યો અને ત્યાં કેટલાક દીવસ દલગીરીમાં ગુજાર્યા.

પાદશાહની ઇતરાજી.

પેલી તરફથી એજદ ગોશસ્પના કેહેવાથી હોરમજદે જાણ્યું કે કીલ્લામાંનાં ખજાનામાંથી એક જોડ કાનમાં પેહેરવાની બાલીની અને એક જોડ મોતીનાં મોજાંની જે સીયાવક્ષના વખ્તની મેલેલી હતી, તે બેહરામે રાખી છે, અને પરમુદેની ઘણી બેહોરમતી કીધી છે. આ ખબરથી હોરમજદની બેહરામ ઉપર ભારે ઇતરાજી થઈ.[1] તેણે બેહરામ ઉપર નામામાં લખ્યું કે—"તું એ ઘણુંજ નાલાયક કામ કીધું છે, માટે તારે સારૂં જેવો ઘટે તેવો ખલાત મોકળું છું. તે એ જે એક સુરવાલ, એક ઓઢણી, એક પેરહન અને એક રૂ કાંતવાનો રેંટીયો. ખાકાનને તેં બંદીખાને નાખી અપમાન કીધું તેથી તેં હીચકારાપણું બતાવેલું છે; માટે આ ખેલાત મોકળ્યો છે, અને હવે પછી તુંને તખ્ત ઉપરથી બરતરફ કરવાની ગોઠવણ કરૂંછું, તે જાણજે."

આ હકીકત વાંચીને બેહરામ દરબારમાં સભા મેળવીને બોલ્યો કે "પાદશાહની તરફથી માહાભારત ફતેહ મેળવ્યાના બદલામાં દુશ્મનોની ઉસ્કેરણીથી હોરમજદે મારે સારૂં આ બુઢીયા ઓરતનો લેબાસ અને રેંટીયો કાંતવાનો અને કાળો રૂ મોકળ્યો છે, તેને માન આપીને મેં કબુલ કરી આજે પેહર્યો છે." સઘળા સરદારો હોરમજદની બદગોઈ કરી બોલ્યા કે "હવે હમે હોરમજદને પાદશાહીનું માન આપવાને દરૂસ્ત ધારતા નથી."

એક નવાઈ જેવો બનાવ.

એક અડવાડીયું ગુજારી બેહરામ શીકાર કરવા ગયો અને જંગલમાં એક ગોરખરની પુઠે ચાલ્યો. એક સાંકડો માર્ગ મળ્યો તેમાં દાખલ થઇ જોતાં એક સુંદર બાગ માલુમ પડયો, ત્યાંસુધી પેલું ગોરખર અગાડી ચાલતું હતું. તે બાગમાં એક ખુબીભરેલો મેહેલ હતો. પોતાનો ઘોડો એજદ ગોશસ્પને સોંપી બેહરામ પાઉં પ્યાદો મેહલમાં દાખલ થયો. તેટલાંમાં ઇલાનસીને આવી લાગો, જેને એજદ ગોશસ્પે મેહલમાં મોકળીને કહ્યું કે બેહરામ અંદર ગયલો છે તેની ખબર લાવે.

ઇલાનગોશસ્પ અંદર જઇને જુવે છે તો એક પાદશાહી તખ્તની ઉપર એક તાજદાર

[1] બેહરામ ચોબીન ઉપરની પાદશાહની ઇતરાજીનો વધારે મોટો અને ખાસ સબબ આ નહિ પણ બીજોજ હતો. નોશીરવાનના વખ્તમાં લેજિકાના વાંધામાં પડેલા મુલકની પટાવટ હજી થઇ ન હતી, અને રૂમીઓ સાથની ૧૦ વરસની ચાલતી લડાઈનું હજુ શેવટ આવ્યું ન હતું, માટે તુર્કીઓને પુરેપુરા ફતેહ કર્યા પછી બેહરામને એરેકસિસ નદી ઉપર રૂમીઓ સામે લડવા જવાનો હુકમ થયો. ઉપલી ફતેહોથી બેહરામ છકી ગયો હતો માટે તેણે આ લડાઇમાં બેદરકારી વાપરી, અને તેથી તેની હાર થઇ. આ શિકસ્તને લીધેજ બેહરામ ઉપર પાદશાહ ખિજાયો હતો.

ખુબસુરત સ્ત્રી બેઠેલી હતી. આસપાસ ખુબસુરતી ભરેલી દાસીઓ ચાકરીમાં ઉભેલી હતી. તખ્તની નીચે બેહરામ બેઠેલો હતો. પેલી ઓરતે બેલાનસીનને જોઈને પોતાની દાસી પાસે બેહરામને નામે કેહેવાડયું કે "બાહેર જઇ તારા સોહોબતીની સાથે બેસ; પાછલથી બેહરામ આવે છે એવું કહી તેમને ધીરજ આપ." પછી પેલી મેજબાન ઓરતના હુકમથી ખાનું તૈયાર કરી બાગનો દરવાજો ખોલી પેલા સોહોબતીઓને ઘોડાસુધાં અંદર બોલાવ્યા. અને એક બુજોર્ગે આવી બરસમ લઈ બાજ ધરી તેમને ખાના ઉપર બેસાડી જમાડયા અને પાછા બાહેર કાહાડયા.

પેલી સ્ત્રીના હકમાં જતી વખ્તે બેહરામે દુઆ કીધી, તેવારે તે બોલી કે "બેહરામ, તને મુબારક છે, ઇરાન અને તુરાનની પાદશાહી તારે નસીબની છે. જા, ખંજર લઇને ફતેહ કર."

બેહરામ બાગમાંથી બાહેર નીકળ્યો કે પાછું પેલું ગોરખર અગાડી ચાલતું માલુમ પડયું. તેની પુઠે બેહરામ પોતાના સોહોબતીઓને પાછલ રાખી ચાલવા લાગો. શીકારની જગા આગળ પાછા આવ્યા ત્યાંસુધી પેલું ગોરખર હાજર હતું. જ્યારે બેહરામ શેહેરમાં દાખલ થયો ત્યારે ખુરરાદ બુર્જીને બેહરામને પુછયું કે "શીકારની જગાપરથી આપણે અચરત પામીયે તેવું જોયું છે, તેવું કોઇએ જોયલું તો નહીજ પણ સાંભળેલુંબી નહી હશે. તે શું હશે?" બેહરામે કંઈ જવાબ દીધો નહી, પણ તે વાતની ચર્ચા કરવાનીબી મનાઈ કીધી.

ભેદ ભરેલો હદીયો.

બીજે દીવસે બેહરામે મજલસ આરાસ્તે કરીને પાદશાહી દમામ પ્રમાણે તખ્ત ઉપર બેસી કુલાહ માથા ઉપર મેળી, તે જોઇને ખુરરાદ બુર્જીન અને એક બીજો સરદાર મનસુબો કરીને હોરમજદની ખાતરદારી રાખવા સારૂં બલ્ખથી નાહાસી ગયા. બેહરામને ખબર થતાંજ માર્ગમાંથી તેઓને પકડી મંગાવી બેડી ઠોકી, પણ પાછલથી તેઓને બક્ષીશ કરી બહાલ કીધા. તોપણુ કોઇ નહી જાણે તેમ ખુરરાદ બુર્જીને તો નાસીને હોરમજદની આગળ જઇ બધી વાત કહી દીધી, તેવારે હોરમજદને મેહરાન સતાદ પીરથી સાંભળેલી અગમચેતીની વાત યાદ આવી, તેથી તેણે મોબેદોને બોલાવી ખુરદાદને ફરમાવ્યાથી તેણે તેઓની આગળ ગોરખરની પુઠે બેહરામ ચાલીને બાગમાં ગયો હતો અને ત્યાં એક તાજદાર ઓરતે બેહરામને મુબારકબાદીના વચનો કહેલા હતા તે સઘળી બીના કહી સંભળાવી. તેના જવાબમાં મોબેદ (વજીર) બોલ્યો કે "જે ગોરખરની પુઠે બેહરામ ચાલી ગયો તે છુપો દેવ હતો, કે જે ગોરખરની સુરતે આવી બેહરામને ફરેબ દઇ લઇ ગયો હતો; અને બાગના મેહલમાં જે ઓરત તખ્ત ઉપર બેઠેલી હતી, તે સઘળું જાદુઇથી દેખાડેલું હતું, કે જે કીધાથી બેહરામનું દીલ લાલચમાં પડે. એમ કરવાનું બાહાનું દેવને એટલા ઉપરથી મળ્યું હતું કે તેં તેને વાસ્તે બુઢીયા ઓરતનો લેબાસ મોકળીને તેનું અપમાન કીધું હતું, તે ઉપરથી બેહરામને ઉસ્કેરી બદી કરવાને આ જાદુઇ ચલાવેલી હતી. હવે તો બલ્ખથી બેહરામને તારી નજદીક બોલાવી લેવા સીવાય બીજો ઈલાજ કંઇ નથી."

આ વાતથી હોરમજદ દલગીર થવા લાગો, એટલામાં થોડાજ દીવસ વચમાં ગુજર્યા એટલે બેહરામના સવારો એક પેટીમાં ખંજરો અને તલવારો ભરી લાવીને બેહરામનો હદીયો છે એમ કહી હોરમજદની નજદીક મેળી. તે પેટી ખોલીને જુવે છે તો તેની અંદર લડાઇ કરવાનાં લોહોડાંનાં હથીયારો હતાં. પાદશાહે તે સઘળાં ભાંગી કકડા કરી પાછાં પેટીમાં ભર્યાં, અને સાથે મીટી ભરી પેટી બંધ કરી બેહરામ પાસે ખલાત તરીકે મોકળી દીધી. તે વાત જાહેર થવાથી લશ્કરમાં ચર્ચા થવા લાગી કે હોરમજદે બુઢીયા ઓરતનો લેબાસ મોકળવાના બદલામાં તો બેહરામે લડાઇ કરવાનો ભેદ હથીયાર મોકળીને બતાવ્યો છે. તેવું છતાં હથીયાર ભાંગી મીટી નાખીને વળી બેહરામને

ઉશ્કેરે છે, માટે હોરમજદને આપણે પાદશાહ કરી મનકાવવો નહી જોઇયે. મીટી મોકળી છે તેની ફાલ તો એવી લાગે છે કે આપણી દરધાની જમીન ઉપર બેહરામનો ઘોડો ફરવા સારૂં મીટી મોકળીને નોતરૂં કીધું છે. અગર બેહરામબી તેવોજ વીચાર રાખીને આવે તો તેને દેવાનો જાણવો.

બેહેરામની છુપી ગોઠવણ.

આ રીતનો જવાબ સાંભળી બેહરામ ચોબીને બલ્ખમાં દરબાર ભરીને પોતાના સરદારો સાથે મશવરત કરી, અને હોરમજદની ઉપર ચહડી જવાની ગોઠવણ કરી રાખી, અને તુરાનના પાદશાહ પરમુદે ઉપર એક નામુ લખી જણાવ્યું કે "અગાડી મેં તારી સાથે જે ચાલ ચલાવેલી હતી તે બાબે મને પસ્તાવું પડે છે, માટે માફ કરજે. હવેથી તારો દરજ્જો જાળવી રાખીને તારા મલુકને હરકત થવા નહી દઇશ. અગર હું પાદશાહ થઇશ તોપણ તારા નાના ભાઇ બરાબર સેવા બજાવીશ, માટે મેહરબાની કરી આગળો કીનો ભુલી જઇને મારા વીચારને મળતો રેહેજે." પરમુદે નામાને માન આપી કબુલ કરી કેટલોક હદીયો બેહરામ પાસે મોકળીને ખુશી થયો. પછી બેહરામે ખુરાસાન, નીશાપુર, મર્વ અને હેરાત, એ શેહેરોની નેઘેબાનીનું કામ એક પેહલવાનને હવાલે કરીને, દે મહીનાના ખુરદાદ રોજે રએ શેહેરમાં આવ્યો. પણ તેની વાહાલી બેહને હોરમજદની સાથે લડાઇ કરવાને દરૂસ્ત ધાર્યું નહી તેથી પોતાના ભાઇ બેહરામને શીખામણ દઇ એ કામથી મના કીધો. તેવારે બેહરામે એક જુદોજ માર્ગ પકડયો.

તેણે શરાફો સાથે ગોઠવણ કરીને ખુસરો પરવીજને નામે સીક્કા પડાવ્યા. પછી એલચીની સાથે નામું લખી હોરમજદ પાસે મદાયન મોકળ્યું, તેમાં લખ્યું કે "પરમુદે સાથે લડાઇ કરી પાછલથી તેની સાથે સુલેહ કીધી, અને તેનો ખજાનો જે મળ્યો તે તારી પાસે મોકળી દીધો. તેમ છતાં તુંએ મને કમજોર હીચકારો જાણીને મારે માટે વીધવાનો લેબાસ અને ચરખો ભેટ મોકલ્યો. હવે પછીથી સ્વપ્નામાંબી તું એવો ખયાલ નહી કરે કે હું કમજોર છું, તેટલા સારૂં ખુસરોને નામના સીક્કા તારી તરફ મોકળું છું, અને ઇરાનનાં પાદશાહી તખ્ત ઉપર તેને બેસાડી ખીજમતમાં કમર બાધું છું. તેની ઉમર નાની છે તોપણ તે વફાદાર છે, તારા જેવો બેવફા નથી; માટે શાહનશાહી કરવા લાયકનો તેને હું કબુલ કરૂંછું. અગર ખુસરો કબુલ નહી કરશે તો સાસાની તોખમની જડ ઉખેડી નાખીશ."

શાહજાદો ખુસરો.

એલચીએ આ નામું હોરમજદને આપ્યું, જે વાંચીને પાદશાહ સંતાપમાં પડયો. પછી આઇન ગોશસ્પને બોલાવી કહ્યું કે "ખુસરો લાયકનો થયલો છે. કદાચ મારા હુકમથી માથું ઉંચકીને ચાલે તેવારે કેમ કરવું?"

તેણે જવાબ દીધો કે "કેદખાનામાં રાખવો." પણ તે વાત હોરમજદને દરૂસ્ત લાગી નહી, તેથી તેને કતલ કરવાની ગોઠવણ કરી એક ખુનીને તૈયાર કીધો. આ વાત છુપી રીતે કોઇએ ખુસરોને જઇને જાહેર કીધી, જેથી તે શાહજાદો પોતાના થોડા સવારોને લઈ છુપી રીતે પોતાના જાનનો ખોફ રાખીને આજર આબાદગાનમાં નાહસી ગયો. તે વાતની ખબર મળવાથી કેટલાક સરદારો તેહકીક કરવા પોત પોતાના દેશોથી ખુસરોને આવી મળ્યા. જેવા કે—બાદાન તથા પીરોજ આજર આબાદગાનનાજ સત્તાવાળા; ગોરગાનનો અસ્તાએ; અમાનનો બંજસ્ત; કેરમાનનો પીરોજ; શીરાજના સામ અને અસ્પંદીયાર. આ સર્વે સરદારોએ સઘળી હકીકતોથી વાકેફ થઈ, ખુસરોને હીમત આપીને કહ્યું કે "પાદશાહીને લાયક તું છે, માટે ઇરાનથી ત્રણ લાખ ફોજ તારી ઉપર ચહડી આવે તેને મારી હટાવવાની હમે કુદરત રાખીયે છીયે."

ખુસરોએ જવાબ દીધો કે "તમારી ખુશી હોય તો તમો સઘળા સરદારો આ વાત કબુલ

કરવા સારૂં આજર ગોશસ્પની દરઘામાં આવીને સોગંદ ખાશો તો હું નચીંત થઇશ." તે પ્રમાણે તેઓએ સોગંદ લઈ ખુસરોને તાબે થવાને કબુલ કીધું.

પાદશાહનો ગભરાટ.

ખુસરોના નાહસી જવાની હોરમજદને ખબર પડી તેજ વેળા તેણે ગુસ્તહમ અને બંદુ નામના તે શાહજાદાના બંધે મામા હતા તેઓને વગર વાંકે બેડી ઠોકી કેદ કીધા. હવે હોરમજદે ગભરાઇને આઇન ગુશસ્પને કહ્યું કે "બેહરામને જેર કરવાના શું ઉપાય લેવા જોઇયે ?"

આઇન ગુશસ્પે જવાબ દીધો કે "મારી સાથે તો તે છુપ્યો કીનો રાખે છે માટે તુંને ગમે તો મને બાંધીને તેની પાસે મોકળી આપ."

હોરમજદ બોલ્યો કે "તું લશ્કરનો સરદાર થઈ બેહરામ પાસે જઇને તેને સમજાવી જો; અગરજો તે એક ભાગ મલુકનો લઇને સુલેહ કરવા માંગે તો કબુલ કરજે. તે સારૂં પેહેલાં એક એલચીને મોકળીને સંદેશો મંગાવી પછી નજરમાં આવે તેમ કરજે."

આઇન ગુશસ્પે કબુલ કરી પોતાનો એક સગો કેદમાં પડેલો હતો અને જે બેહરામનાં કામથી વાકેફ હતો તેને કેદમાંથી છોડવી પોતાની સાથે લઇ કુચ કરી હમદાન શેહેર જેમાં નજુમીઓ સારા રેહેતા હતા ત્યાં જઇ પુગો. એક પીરમર્દના કેહેવાથી એક અગમ નીગમ જાણનાર સ્ત્રી હતી તેને બોલાવી આઇન ગોશસ્પે પોતાનું ભવીષ પુછ્યું. તેવારે પેલો સગો જેને કેદખાનામાંથી ખલાસ કરી પોતાની સાથે લાવેલો હતો તેની તરફ નેધાહ કરીને પેલી સ્ત્રી હલુસે બોલી કે "આ તારા સગાનેજ હાથે તારૂં મરણ નીપજશે."

તરતવેળા આઇન ગુશસ્પ અખાડા કરી ગયો, અને પછી પાદશાહ હોરમજદ ઉપર નામું લખી તેમાં જણાવ્યું કે "આ સગાને હાથે મારૂં મરણ નીપજશે એવું જાણકાર સ્ત્રી કેહેછે, એટલુંજ નહી પણ એની બદ ખસલતને લીધે તુંએ કેદ કીધેલો હતો અને મેં છોડવ્યો તે મારી ભુલ માફ કરી આ નામું લાવનાર સગાને કતલ કરજે."

આ નામુ લઇને સગો હોરમજદની તરફ રવાને થઇ માર્ગમાં નામું ઉખેડી વાંચે છે તો તેમાં તેને પોતાનેજ કતલ કરવાની બીના જોઇ. તેણે પાછો ફરી એકાએક આઇન ગોશસ્પની આગળ જઈ શમશેરથી તેનું માથું કાપી લીધું અને લશ્કરને પોતાને તાબે લઇ બેહરામ ચોબીનની પાસે જઇ કહ્યું કે "આ તારા દુશ્મન આઈન ગુશસ્પનું માથું કાપી તેનું લશ્કર લઇને તારે તાબે થયો છું. એજ લશ્કર સાથે આઇન ગોશસ્પ તારી સાથે લડવા આવતો હતો."

બેહરામે જવાબ દીધો કે "એ ધણીને તો હોરમજદે મારી જોડે સુલેહથી મારૂં ભલું થાય એવું કામ ચલાવા સારૂં મોકળેલો હતો, માટે તેનાં ખુનના બદલામાં તનેજ કતલ કરવો જોઇયે."

એવું કહીને બેહરામે તેને ફાંસી દીધો, અને તેની સાથનાં હોરમજદનાં લશ્કરને હુકમ કીધો કે તમારે ગમે તાંહાં જવું. તે મધેથી એક ભાગ બેહરામને તાબે રહ્યો, એક ભાગ ખુસરો પરવીજની તરફ ગયો, અને એક ભાગ પાછો ફરીને હોરમજદની પાસે મદાયન ગયો. જેમ ગોવાલીયા વીનાનાં ઢોર સુહુનાં, તેમ થયું.

કરેગા સો પાવેગા.

આઇન ગોશસ્પના કતલ થવાની અને લશ્કરના પરાગંદે થવાની ખબર હોરમજદને મળવાથી નીરાશ થઇને દરબાર બંધ કરી તે ભારે ગભરાટમાં પડયો. તે જોઇ સરદારો જે તેને લાગતાવળગતા હતા તેઓબી ગુચવાડામાં પડયા કે હવે તેનો દીવસ બરગસ્તે થયો છે. આ તક જોઇને જે જે સરદારોની ઉપર તેણે જુલમ ગુજારેલો હતો તેઓનાં દીલ ઉસ્કેરાયાં. ગુસ્તેહમ અને બંદુ પોતાના બંદ તોડી તથા બીજા બંધવાઓનાબી બંદ ખલાસ કરી દરબારમાં ઘુસી ગયા, અને વજીરોને કતલ કીધા

હતાં તેનો કીનો લેવાને બદલે હોરમજદને બંધે આંખોમાં દાગ દઇને આંધળો કીધો અને જે ખજાનો હતો તે તારાજ કરી નાખ્યો. પછી ગુસ્તહમે આજર આબાદગાનમાં જઇ ખુસરો પરવીઝને તખ્ત ઉપર બેસાડયો.

એ પછી જ્યારે બંને બાપ દીકરા ભેગા મળ્યા ત્યારે પોતાના બાપ હોરમજદની સાથે દલગીરીની વાતો કરતાં ખુસરો બોલ્યો કે "તુંએ મને જાન લઇ નાહાસી જવાની ફરજ નહીં પાડી હતે તો આજે કોઇબી તારી આંગળીને એક સોયબી ભોકી નહીં શકતે. આજે હું એક ચોકીદારની માફક તારી પાસબાની સારૂં આવેલો છું. મને તાજતખ્ત કંઇ જોઇતું નથી. મારૂં માથું કાપી તારી આગળ મેળું છું."

હોરમજદે જવાબ દીધો કે "જે બનવાની હતી તે હવે તો બની ચુકી છે. હવે તો હું ત્રણ ચીજની આરજુ રાખુંછું તે અદા કરજે. પેહલું એ જે દરરોજ બામદાદે મને મળી જવું; બીજું એ કે એક દાનેશમંદ વજીર કે જે જુની લડાઇનો અનુભવી હોય અને પાદશાહોની હકીકતનું દફતર રાખતો હોય તેને મારી પાસે મોકળજે, કે તેના વાંચવાથી મારાં દુ:ખનો વખ્ત કપાઈ જાય; ત્રીજું એ જે તારા બંધે મામા ગુસ્તેહમ અને બંદુ જે મારા દુશ્મનો છે તેઓને મારો કીનો લેવા બંધે આંખે આંધળા કરજે."

ખુસરોએ જવાબ દીધો કે "પેહલા બંધે સવાલ હું કબુલ રાખીને દરરોજ નવા નવા શખ્સોને તારી પાસે મોકળી આપીશ કે જેથી તારૂં દુ:ખ દુર થશે; મગર ગુસ્તેહમ અને બંદુના ઉપર હવડાં હાથ ઉઠાવું છું તો મને પાદશાહી કરવાની આશા છોડવી પડેછે, કારણ કે બેહરામ ચોબીનનાં લશ્કરનો બોક ઘણો રાખવો પડેછે, માટે જ્યારે વખ્ત આવશે ત્યારે એ કામ કરવાને ચુકીશ નહી."

પાદશાહ હોરમજદની બીદાદી અને ગેરઈનસાફનાં પરીણામ દાખલ તેને અપંગ કીધા પછી અને તેનાજ પેહલવાન બેહરામ ચોબીને તેની સામે સરકશીની કમર બાંધ્યા પછી શું બન્યું તેનું હવે બેયાન કરૂં છું.

બાબ ૧૦.

ખુસરો પર્વીજ.

—:o:—

ફસલ ૧—નવા પાદશાહની નાસભાગ.

ખુસરોની હાર.

બેહરામ ચોબીનને ખબર થઇ કે હોરમજદને આંધળો કરી ખુસરોને[1] તખ્તપર બેસાડયો છે. એ વાત બેહરામને ગમી નહી, તેથી તેણે લસ્કરની ગોઠવણ કરીને ધુમધામ કરતાં નેહરવાનમાં આવી પડાવ નાખ્યો. ખુસરોને આ વાત માલુમ થવાથી તે ગુસ્તેહમ, બંદુ, તથા ગર્દુ, અને શાપુર અંદમાન નામના અરમાની સરદારોની સાથે મશવરત કરી પોતાનું લસ્કર બેહરામની મુકાબેલ લઇ જઇ ઉભો. બેહરામની સાથે ઇલાનસીને, આજર ગુશસ્પ, અને તુરાની ત્રણ સરદારો હતા, અને ખુસરોની સાથે ગુસ્તેહમ, બંદુ અને ખુરદાદ બુર્જીન મળી ત્રણ સરદારો હતા. બેહરામનું લસ્કર ૬૦૦૦ થી વધારે નહી હતું. નેહરવાનના પુલ આગળ લડાઇ થતાં, ખુસરો અને બેહરામે શેવટે હાથો હાથ લડાઇ ચલાવી, પણ આખરે ખુસરો પીઠ દઇને નાહસી પાછો મદાયનમાં આવી હોરમજદને મળ્યો,[2] અને કેહેવા લાગ્યો કે "નકામી ભારી લડાઇ કીધી, પણ મારૂં કંઇ વળ્યું નહી ત્યારે બધું લસ્કર બેહરામને મળી ગયું. મારૂં કંઇ ફાવ્યું નહી તેથી પાછુ નાહાસી આવવાની ફરજ પડી છે. હવે તો આરબનું લસ્કર લાવી લડવા ધારૂં છું."

હોરમજદે જવાબ દીધો કે "આ વખ્તે અરબ કુમક કરશે નહી અને તારી પાસે

[1] પાદશાહ હોરમજદને તા૰ ૨૨ મી માર્ચ ૫૯૦ પછી થોડાજ માસમાં વજીરોએ પદભ્રષ્ટ કીધા બાદ તેના બેટા ખુસરો પરવીજનો અમલ ૩૮ વરસ ચાલ્યો હતો, કેમકે તે પોતે તા૰ ૨૪ મી ફેબ્રુઆરી ૬૨૪ માં કેદ પકડાઈ થોડાજ દિવસમાં પોતાના ખૂની બેટા કોબાદના હાથ ઉપર જાનથી ગયો હતો. બીજા બનાવો તેમજ ખુસરોના સિક્કાઓ ઉપરથી પણ આ મુદત નકી થાય છે. ૩૯ માં વરસનો સિક્કો પણ પડેલો મળી આવ્યો છે, પણ પાદશાહનાં મરણની બેખબરીમાં દૂરના પ્રાંત ખાતે તે પડેલો હોવો જોઇયે; અથવા ફિર્દુસી લખે છે તેમ પહેલાં વરસનો સિક્કો બેહરામ ચોબીને ખુસરોનાં નામથી પડાવ્યો હતો તે સાથે સિક્કામાં ૩૯ મું વરસ ગણાયું હશે. પાદશાહ મદાઇન પાયતખ્ત ખાતે મરણ પામ્યો હતો, અને ૩૯ મો સિક્કો મોર્ટમાન મુજબ મૈબૂદ શેહેરની ટંકશાળમાં પડયો હતો, કે જે ખોરાસાન અને કિર્માનની વચે એકલવાયું આવેલું હતું.

[2] આ શિકસ્ત આગમજ ખુસરોને બેહરામ ચોબીન સાથ નામાં વેહેવાર ચાલ્યો હતો. ખુસરોએ બેહરામને પોતાના પક્ષમાં લેવા માટે હદિયો મોકળાવી લલચાવ્યો હતો, પણ બેહરામે તેને પાદશાહ દાખલ કબૂલ રાખવાની ના પાડી તેની ભેટ નહિ સ્વિકારતાં તેને પોતાને તાબે થવા ફરમાવ્યું હતું. ખુસરોનાં બીજાં દોસ્તીભરેલાં નામાંથી પણ કાંઈ વળ્યું નહિ ત્યારે હોલવાન શેહેર (જેને ફિર્દુસી નેહેરવાનને નામે ઓળખે છે) ત્યાં છ દિવસ સુધી નાની લડાઈઓ ચાલવાબાદ ૭ મે દિવસે ખુસરોની શિકસ્ત થઈ અને તેને નાસવું પડયું.

આ બનાવ ખુસરોના અમલનાં પહેલાંજ વરસ ૫૯૦ માં બન્યો, અને તેના રૂમ તરફ નાઠા પછી ઇરાનમાં બેહરામ ચોબીનનો અમલ ચાલુ થયો. પણ એ અમલ એક વરસથી વધારેનો ન હતો, કેમકે બેહરામ ૬ ઠા દાખલનાં તેના સિક્કા માત્ર એકજ વરસના મળેછે. બીજાં વરસ આગમજ તો તેનું મરણ નિપજે છે. તેના અમલને દરમયાન સુરજે મેષ રાસીના બરૂજમાં દાખલ થવાનો હિંગામ બન્યોજ ન હતો.

ખજાનો નથી, માટે રૂમ જઇને કયસરને મારે નામે ખબર કર. તે તુંને લશ્કરની સાથે ખજાનાની બી મદદ કરશે."

મામા ભાણેજ.

ખુસરોએ રૂમ જવાનો ઠરાવ કીધો અને ગુસ્તેહમ તથા બંદુને સાથે લઇ ચાલવા માંડયું. માર્ગમાં ખબર મળી કે બેહરામ ચોબીન લશ્કર લઇ આવી લાગ્યો છે. ખુસરોએ જલદી ચાલવાને તાકીદ કીધી, તેવું છતાં ગુસ્તેહમ અને બંદુ બંધે (મામા) ધીમે ચાલવા લાગ્યા. ખુસરોએ તેઓને ઠપકો દઇને કહ્યું કે "દુશ્મન પછવાડે આવી લાગ્યો તોપણ તમો ધીમે ચાલો છો તેનું કારણ શું છે?"

બંદુએ જવાબ દીધો કે "તે તો હજુર દુર છે, પણ તારા દોસ્તોમાં એવી ચરચા ફેલાઇ છે કે આપણે રૂમ જઇશું ને બેહરામ હોરમજદને પાછો તખ્તપર બેસાડીને પાદશાહીની લગામ પોતાના હાથમાં લઇ રૂમના પાદશાહ ઉપર લખી મોકલશે કે ખુસરો નાહાસીને રૂમમાં આવેલો છે તેને કેદ કરી મોકળી દેવો, ત્યારે તે તેમ કર્યા વીના રેહેશે નહી."

ખુસરોએ જવાબ દીધો કે "મારે સીર જે બનવાનું હશે તે બની રેહેશે." એમ કહીને તે રૂમ જતો રહ્યો.

બંદુની તાલમેલ—ખુસરોનો બચાવ.

આ તક લઇને ગુસ્તેહમ અને બંદુએ હોરમજદની આગળ જઇ તેને તીર મારી તેનો જાન લીધો અને બંધે જણુ ખુસરોને પાછા જઇ મળ્યા, પણ હોરમજદને મારવાની વાતના અખાડા કરી ગયા. રૂમ જતાં માર્ગમાં "ખોદાનું ઘર" નામની એક ધર્મશાળા હતી, જેમાં પાદરીઓ રેહેતા હતા, તેમાં વીસામો લેવા ખુસરો દાખલ થયો, અને પાદરી પાસે કાંઇ ખાવાનું માંગ્યું. તેણે હલકું પણ ચોખું ખાવાનું લાવી આપ્યું, તે બરસમ હાથમાં લઇ બાજ ધરીને ત્રણે જણાઓએ ખાધું;[1] પછી બંદુના ખોળા ઉપર માથું મેળીને ખુસરો સુતો, તેવામાં પાદરીએ આવી ખબર આપી કે એક ભારી લશ્કર આવી લાગું છે.

ખુસરોએ જોયું કે હવે બચવું મુશ્કેલ છે, તેથી તેણે બંદુને કહ્યું કે "હવે કેમ કરવું?"

બંદુએ ખુસરોનું તાજ અને તેનાં બદન ઉપરનો પાદશાહી લેબાસ પોતે પેહેરી લીધો અને ખુસરોને પોતાના રેસાલા સાથે જેમ બને તેમ જલદી નાહાસી જવાનો માર્ગ બતલાવી પોતે ઝરૂખા ઉપર આવી ઉભો. નીચે બેહરામ ચોબીનનો સરદાર બેહરામ સીયાવક્ષ નામનો જે ખુસરોને પકડવા આવી લાગ્યો હતો તેને બંદુએ પોતેજ ખુસરો હોય તેમ દેખાવ દીધો, જેથી દુશ્મનોએ જાણ્યું કે ખુસરો સપડાયો છે. એજ વખ્તે બંદુએ પાછો પોતાનો પોશાક પેહેરી નીચે ઉતરી દુશ્મનના સરદાર બેહરામ સીયાવક્ષની આગળ આવી અરજ કીધી કે "ખુસરોએ મને ઝરૂખા ઉપરથી એવું કેહવા મોકળ્યો છે કે કઠણ મુસાફરી કરી આવતાં મને ઘણી થાક લાગેલી છે, માટે કાલે આવીને હું તમારે તાબે થઇશ." આ કબુલાત બહાલ રાખી, ત્યારે બીજે દીવસે બંદુએ આવીને પાછી અરજ કીધી કે "ખુસરો કેહે છે કે રાતે ઉદાસીથી નીંદ નહી આવી તેથી બંદગીમાંજ રાત ગુજારી છે, માટે આજનો દીવસ આરામમાં ગુજારવાની રજા આપો તો કાલે આવીને શરણુ થયા વીના રહીશ નહી."

બેહરામ સીયાવક્ષે વીચાર કીધો કે હવે ખુસરોથી છટકી જવાય તેવો તો માર્ગ નથી. આજેબી તેની માગણી બાહાલ નહી રાખીશ અને જરૂખા ઉપર જઇને પકડી લેઇશ ત્યારે તો તે જીવપર આવેલો થોડા માણસો સાથેબી સામણો થઇ લડાઇ કરશે, જેમાં તે માર્યો જશે તો બેહરામ ચોબીન મને ભારે ઠપકો દેશે. માટે આજે પણ આરામ પામવાની રજા આપવી."

તેમ બહાલ થયાથી ત્રીજે દીવસે બંદુએ

---

[1] આજે જુદદીનને હાથ પકાવેલુંજ નહિ પણ ઉપાડીને આણેલું ખાણું પણ સાધારણ જરતોસ્તીઓ રવા ગણતા નથી, તેમને આ દાખલા ઉપરથી ઘણું શિખવાનું છે.

જઇને દુશ્મનને ખબર આપી કે "રાતે આગનો ધુમાડો થયો તે વખ્તે હું નહી જાણું તેમ ખુસરો તો રૂમને માર્ગે નીકળી ગયલો જણાય છે, માટે હવે તો તમે તેની પુઠે રૂમ જઇને પકડી લાવો. અગર મને જાનની માફી આપતા હોવ તો બેહરામ ચોબીનની આગળ જઈ જે વાત હું જાણું છું તેનો ખુલાસો કરીશ, નહી તો મને ગમે તેવી સજા તે કરશે."

બેહરામ સીયાવક્ષે બંદુને સાથે કેદી કરી લઇને મદાયનમાં ચોબીનની આગળ લઇ જઇ સઘળો હેવાલ જાહેર કીધો. બેહરામે બંદુને ધમકીથી પુછ્યું કે "તુંએ ફરેબભરેલી વાત મારા અમલદારોને સમજાવી ખુસરોને નહસાડી મેલ્યો છે કે નહી તેનો વાજબી જવાબ દે."

બંદુ બોલ્યો કે "મારા પાદશાહનો બચાવ થાય તેવી તદબીર મારે કરવી જોઇયે. તેમ મેં કીધી તે કાંઈ પાપ કીધેલું નહી કેહેવાય."

ચોબીને જવાબ દીધો કે "ખરી વાત છે. મારેથી તુંને કતલ કરી નહી શકાય. પણ મારીબી ખરી વાત યાદ રાખજે કે તું ખુસરોનેજ હાથે કતલ થશે." એમ બોલીને બંદુને કેદ કીધો.

તખ્ત કોણને આપવું ?

બેહરામ ચોબીને મદાયનમાં દરબાર ભરીને ઇરાની સરદારોને કુર્સીઓ આપી બેસાડયા અને પોતે તખ્તની આગળ ઉભો રહીને બુલંદ આવાજે બોલ્યો કે "ઝોહાક જેવો દુનીયામાં બદકાર બીજો કોઇ નહી કે જેણે પાદશાહી લેવા સારૂ પોતાના બાપને કતલ કીધો. તેવુંજ કામ હાલમાં ખુસરો પરવીજે કીધું છે. તે પોતાના બાપને મારી રૂમ ગયો છે, તે આવે ત્યાંસુધી તમો સરદારો વીચાર કરી કેયાની તોખમના કોઇ દાનેશમંદને તખ્ત ઉપર બેસાડો તો ખોદાતાલાના સોગંદ લઇને હું કહુંછું કે મારેથી બને તેવી મદદ કરીને તેની સેવા બજા લાવીશ."

શેહેરાન ફેરાજ નામનો બુઢો સરદાર ઉઠી બોલ્યો કે "શાવેહશાહના જેવો જોરાવર દુનીયામાં કોઈ નહી હોય. ચાર લાખ ફોજ લઇ ઈરાન ઉપર આવ્યો હતો તેને એકજ તીરથી તેં મારી નાખી તેનાં લશ્કરને પરાગંદા કીધું. માટે તારેથી વધારે લાયકીવાળો કોણ હોય કે તેને તખ્તપર બેસાડીયે ?"

ખુરાસાનના સરદારે ઉભો થઇ કહ્યું કે "અવસ્તા વ જંદમાં જરતોસ્તે ફરમાવેલું છે કે કોઇ ખોદાના માર્ગથી ઉલટો ચાલ્યો હોય તો એક વરસ સુધી તેને નસીહત દઇને ઠેકાણે લાવવો. જો તેમ કરતાંબી નહી સમજે ત્યારે તેને કતલ કરવો."

પછી ફરૂખજાદ બોલ્યો કે "ઇનસાફ અને દાદ પ્રમાણે કામ કરવું જોઇયે."

ખજરવાન બીન ખુસરોએ બેહરામને કહ્યું કે "જો તારે વાજબી કામ કરવું હોય તો એક શાહાન સવાર મોકળી ખુસરો પાસે ઓજરખાહી કરી માફી મંગાવ, કારણ કે વગર તકસીરે તેને દુર દેશ ભટકવું પડેછે. તે જીવે છે ત્યાંસુધી તખ્તઉપર બેસવું તુંને લાયક નથી. અગર ખુસરોનો ડર તારાં દીલમાં હોય તો પાર્સના અને મદાયનના મુલકોમાંથી નીકળી જઇને આસાની સાથે ખુરાસાનમાં જઇને રેહે કે જેથી તારી સરદારી જળવાશે. તેમબી નહી તો એક બીજું નામું ખુસરો ઉપર લખી એવી રીતની માફી માંગ કે તે મદાયનમાં આવી તારી સાથે એકમળતો થઇ તખ્ત ઉપર બેસે."

પછી જાદ ફરૂખ બોલ્યો કે "ખોરાસાનના સરદારનાં મતને મળતો થઇ વધારે હું બોલું છું કે જેવારથી ખોદાએ દુનીયા પેદા કીધી તેવારથી એમ થતુંજ આવેલું છે. ઝોહાકે જુલમ કીધો તેને ફરેદુને માર્યો, અફ્રાસીયાબે નોજરને માર્યો, અફ્રાસીયાબને કેખુસરોએ કતલ કીધો, પછી સેકંદરે ઇરાન તારાજ કરવાની સાથે દારાને માર્યો, જેથી ઇરાનીઓ હેરાન થઈ ગયા. છેલે ખુશનવાજે ગીરદસ પાડવાથી ઇરાનની જાહોજલાલી ઉંધી વળી ગઈ હતી. તે પ્રમાણે વળી હાલ જમાને ખુસરો નાહાસી જવાથી દુશ્મનના હાથમાં લશ્કર જઈ લાગું છે."

જાદ ફ્રરોખના આં કલામ સાંભળવાથી બેહરામ ચોબીનનો ચેહેરો ફીકો મારી ગયો. તેવારે સંબાજ બોલી ઉઠયો કે "કોઇ કેયાની તોખમનો તખ્તપર બેસે તેના કરતાં બેહરામ બેસે તો સારૂં, કાંય જે તે લડવામાં, ઇનસાફ્માં અને ભાયગમાં લાયકીવાળો છે."

બેહરામ તખ્તનશીન થાયછે.

તકરાર કરતાં અમીરો બે ભાગમાં વેહેંચાઇ ગયા: એક બેહરામની તરફ્ બોલનારો અને બીજો ખુસરોની તરફ્દારી કરનારો. આખરે તેઓ તલવાર ઉઠાવવા લાગા; બેહરામે તેમ કરતાં તેઓને અટકાવ્યા, અને ડાહાપણથી એક મેહજર બનાવી તેમાં લખ્યું કે "બેહરામ ચોબીન તખ્ત ઉપર બેસે છે, જેઓ રાજી હોય તે મેહજર ઉપર સહી કરે." અમીરોનો મોટો ભાગ સહી કીધામાં શામેલ થયો.

બીજે દીવસે બેહરામ તખ્ત ઉપર બેસીને બોલ્યો કે "હવે પછી હજારો વરસ સુધી મારી ઓલાદના પાદશાહી કરશે. જે અમીરો મારે તાબે થયલા છે તે સીવાય બીજાઓએ ત્રણ દીવસ પછી અત્રે રેહવું નહી." આથી કેટલાક જે ખુસરોને માનનારા હતા તેઓ રૂમ નીકળી ગયા.

ફ્સલ ૨—બેહરામ ચોબીનની પાદશાહી.

એક બેવફા ઓરત.

પેલી તરફ્ બેહરામ સીયાવક્ષની ચોકી તળે બેહરામ ચોબીનના હુકમથી બંદુ બંદીખાને પડેલો હતો. ૭૦ દીવસ થયા ત્યાંસુધી બંદુએ બેહરામ સીયાવક્ષને સમજાવ્યા કીધો કે "પાદશાહ પીરોજની સાથે ખુશનવાજે ગમે તેવી બદ ચાલ ચલાવી પણ આખરતો નાહાસભાગ કરતાંબી કોબાદે પાદશાહી લીધી હતી, તેમ બે મહીનામાં ખુસરો પરવીજ રૂમથી આવીને પોતાની પાદશાહી લીધા વીના રેહવાનો નથી, અને ચોબીનના હાથમાં પાદશાહી તકી રેહેવાની નથી."

તેવારે બેહરામ સીયાવક્ષે કહ્યું કે "ખુસરો પાસે મારા જાનની માફી માંગીને તું મારી હીમાયત સોગંદ લઇને કરે તો તુંને છોડી મેળું."

બંદુએ કબુલ કરીને જંદ અવસ્તાનું દફ્તર હાથમાં લીધું, અને તે તખ્તના અને આજર ગોશસ્પના સોગંદ લઇને બોલ્યો કે "ખુસરો આવી તખ્ત ઉપર બીરાજે તેવારે ઇજા નહી દેતાં તારી સરદારીને માટે નીશાન અને વીંટી અપાવી સરફ્રાજ કરાવીશ."

આ ઉપરથી બેહરામ સીયાવક્ષે બંદુના બંધ ખલાસ કરીને કહ્યું કે "આજે ચોબીન દડીદાવ રમવા જશે, તેવારે મેં પાંચ દોસ્તોને સમજાવેલું છે તે બેહરામને કતલ કરશે." પછી પોતે બખ્તર પેહરી તેની ઉપર કબા ઘાલી તૈયાર થયો. આ ભેદની વાત તેની એક નાપાક ઓરત, જે ચોબીનની સાથે અંદરખાનેથી દોસ્તી રાખનારી હતી, તેને ખબર થવાથી છુપી રીતે ચોબીનને ચેતવણી આપી કે "મારા ભરથાર બેહરામે આજે છુપું બખ્તર પેહેરેલું છે માટે હુશીયારી રાખજે." ચોબીને ચેતીને દડીનાં મેદાનમાં જે શખ્સ ઘોડો દોડાવતો આવે તેની પીઠ ઉપર શાબાશી આપવાને બાહાને પોતાનો હાથ લગાડી જોવાનો રાબેતો રાખ્યો. જેવો બેહરામ સીયાવક્ષ ઘોડો મારતો આવી લાગો કે તેની પીઠ ઉપરબી હાથ લગાડયો અને બખ્તર પેહેરેલું જોઇને ગુસ્સાથી પુછયું કે "દડીનાં મેદાનમાં બખ્તર પેહેરવાનો રવૈયો નથી, તેવું છતાં શા કારણ સારૂં તું બખ્તર પેહેરી આવ્યો છે?" એમ બોલીને તેણે તલવારથી તેને બેજાન કીધો.

એ વાત આશકારા થવાથી બંદુ બેહરામ શીયાવક્ષના જે દોસ્તો પોતાની સાથે છુપા મળી ગયલા હતા તેઓને લઈ નીકળી નાઠો,

અને હમદાનમાં જઇ આરામ પામ્યો. હવે મેદાનમાંથી એવાનમાં આવીને ચોબીને માહેરૂને કહ્યું કે "બંદુ કેદીની ચોકી તું કરજે." તેણે જવાબ દીધો કે "બંદુ તો બેહરામને કતલ કીધાની વાત સાંભળતાંજ પવનની મીસાલે નીકળી નાઠો છે." ચોબીન બોલ્યો કે "બંદુ-એજ બેહરામને ફરેબ દઈને ગરદન મરાવ્યો છે. મેં ભુલ કીધી કે પ્રથમ બંદુનેજ કતલ નહી કીધો."

ખુસરો ભવીષ સાંભળેછે.

હવે પેલી તરફથી ખુસરો રૂમની નજદીક જઇ પુગો. માર્ગમાં એક દેવલમાંથી એક જાનકાર પાદરીએ આવીને ખુસરોને કહ્યું કે "તારા એક નોકરની બદીને લીધે બાપનું તખ્ત છોડી તુંને અત્રે આવવું પડેલું છે."

એવી ગેબી વાતના તેણે કેટલાક અસર-કારક દાખલા આપ્યાથી ખુસરો અચરત થયો. તોપણ અજમાયશ કરવા બોલ્યો કે "હું એક સવાર છું, અને ઇરાનના પાદશાહનું નામું રૂમના પાદશાહ પાસે લઇ જાઉંછું."

પાદરીએ જવાબ દીધો કે "તું પોતે પાદ-શાહજ છે. ખોદા તારી મદદ કરશે; રૂમનો પાદશાહ તુંને લશ્કર આપશે; પછી પોતાની દીકરી સાથે તારાં લગન કરશે; પાછો તારાં તખ્તપર તું જઇને બેસશે; તારો દુસ્મન દુર દેશ જાતો રેહેશે અને ત્યાં તે તારા હુકમથી કતલ થશે."

ખુસરોએ પુછયું કે "કેટલી મુદત પછી એ બનાવ બનશે?"

પાદરી બોલ્યો કે "એક વરસ અને પંદર દીવસ પછી તુંને પાદશાહી મળશે."

ખુસરોએ પુછયું કે "મારાં માણસોમાંથી કોણ મારી ગમખારી કરીને દુઃખમાં મારી સાથે શામેલ થશે?"

જવાબ દીધો કે "બસ્તામ નામનો તારો મામો છે તે; પણ તે શખ્સથી જેમ સુખ તેમ પાછલથી દુઃખબી તારી ઉપર નીપજશે, જેથી સંભાળમાં રેહેજે."

ખુસરોએ ગુસ્તેહમને કહ્યું કે "તારૂં નામ તારી માયે બસતામ[1] રાખેલું જણાયું છે." તેમ તેણે કબુલ કીધું. પાદરી કેહેવા લાગો કે "પાછલથી બસ્તામ (મામો)બી તારા હુકમથી કતલ થશે. પછી તારી પાદશાહી સારા પાયા ઉપર ચાલશે."

તલેસમાતી પુતલું

પાદરીથી રૂખસત લઇને ખુસરોએ એક બાગમાં ઉતારો લીધો, જ્યાં રૂમના પાદશાહનો સવાર નામું લઇને આવી લાગો.[2] તેમાં લખેલું હતું કે "તમામ રૂમ તારી બુજેર્ગી આગળ નાંધેલું છે. આપણુને જુદાઈ નથી. જે જોઇયે તે મંગાવજે." ખુસરોએ નામાનો જવાબ લખી આપી ગુસ્તેહમ, અંદીઆન, અને શાપુરને કયસર પાસે મોકળી બેહરામ ચોબીન-ને તખ્ત ઉપરથી ઉઠાડી પોતાનું તખ્ત લેવાને લશ્કરની મદદ માંગી.

કેટલાક કોલકરાર કરી ઇરાની સરદારોનું ગ્નાન કેટલું છે તે તપાસવા રૂમના પાદશાહે

૧ પેહલવીમાં એ નામ 'વિસ્તખ્મ' લખ્યુંછે.

૨ કએસર તરફથી નામુ આવે તે આગમજ તો અનેક હરકતો નડી. પ્રથમ એક રૂમી હાકમ પ્રોબસે ખુસરોને માન ભરેલો આવકારદઇ, તેના આવવાનું કારણ પોતાના પ્રાંતોના વડા રૂમી સરદાર ઉપર ખોલાસાવાર લખી વાળ્યું, જેણે તે સર્વે બિનાથી કૉન્સ્ટાન્ટીનોપલ ખાતે પોતાના શેહેનશાહને વાકેફ કરતી વેળા ખુસરો તરફનું નામુ પણ રવાના કીધું. આ વેળા મૉરિસ નામનો કએસર હતો, કે જેને માજી કએસર ટેબીરીઅસે પાદશાહ હોરમજદ સામે લડવા મોકલ્યો હતો. ખુસરોને મદદ આપવા બાબે કએસરની દરબાર એકમત નહિ થઇ, તોપણ મૉરિસે ખુસરોને પોતાનાં પાયતખ્ત ખાતે આવવાની ફરજ પાડયા વિનાજ લશકરની મદદ આપી. આ વેળા ખુસરો હાયરાપોલિસ નામે શેહેર ખાતે હતો, અને ત્યાં-થીજ તે રૂમી મદદ લઇ ઇરાન પાછો ફર્યો હતો. મૉરિસે તથા તેની રાણીએ ખુસરોને માટે કેટ-લોક ખજાનો તથા હદિયા મોકલ્યા હતા. વળી કએસરે રૂમીઓના હાથ ઉપર કેદ પકડાયલા ઇરાનીઓને ખુસરો તરફથી લડાઇમાં ઉતરવા માટે છોડી મુકયા હતા.

એક તલેસમાત કરી બતલાવ્યો. તે એવો કે એક ખુબસુર્ત ઓરત તખ્ત ઉપર બેસીને નવધાર આંસુ પાડીને રડે છે તેનો આસપાસ નોકરો તથા દાસીઓ ઉભી રહેલી છે. રૂમના પાદશાહે ગુસ્તેહમને બોલાવી, પેલી રડતી ઓરતને દેખડાવીને કહ્યું કે "આ મારી જવાન દીકરી છે. મારા એક જવાન સગાની સાથે ઈસાની દીન પ્રમાણે પરણાવેલી હતી. તે સગો મરણ પામ્યો છે તેની જુદાઇના ગમથી રડયા કરે છે. એને ઘણીબી શીખામણ દેઉંછું પણ માનતી નથી. માટે તું સમજાવ કે રડતી બંધ થાય અને તારી સાથે વાત કરે, કે જેથી મારો જીવ આરામ પામે."

ગુસ્તેહમે તેણીને સમજાવી કે મરવું સર્વેને એક વખ્ત હોય છે, તેનો ગમ ખાધાથી કંઈ વળતું નથી. પેલી ઓરત તો એક હાથે જે આંસુ આવતાં તે આંખ આગળથી ફેંકી દેવા સીવાય કંઇબી બીજી હીલચાલ કરતી જણાઈ નહી. ત્યારે ગુસ્તેહમે પાદશાહને જવાબ દીધો કે "એ ઓરત તો કંઈજ શીખામણ માનતી નથી." ત્યારે પાદશાહે બાલુને મોકલ્યો, તે પણ જેમ ગુસ્તેહમે જવાબ દીધો તેમ આવીને બોલ્યો. પછી ખુરરાદ બુર્જેનને મોકલ્યો. તેણે પેલી ઓરતને સઘળી ગમથી તપાસી જોઇ સવાલ કીધો, પણ તે ઓરત કંઇજ બોલી નહી, તેથી ખુરરાદે વીચાર કીધો કે "એ ઓરત ગમની બેહોશીમાં જવાબ દઇ શકતી નહી હોય ત્યારેતો હાથે કરીને આંસુ ફેંકી દેવાનુંબી નહી બની શકે. એટલુંજ નહી પણ એકની એક જગાપર આંસુ ફેંકી દેવા સીવાય તેનાં બદનના બીજા ભાગોની કશીબી હીલચાલ નજર આવતી નથી. માટે આ કાલબુદની અંદર જો જીવ હતે તો જેમ એક હાથની હીલચાલ છે તેમ બધાં બદનનીબી હોતે. જેમ એકને એકજ હાથે આંસુ ફેંકી દે છે તેમ વળી બીજે હાથેબી ફેંકી દેતે; માટે એ ઓરત ફીલસુફી તલેસમાતથી ગોઠવેલી માલુમ પડે છે; કારણ કે તેણીની દાસીઓ ઉભી રહેલી છે તેઓમાંબી લાંબો વખ્ત સુધી જોતાં હીલચાલ થતી જણાતી નથી."

ખુસરોને રૂમી મદદ.

ખુરરાદે પાદશાહને કહ્યું કે "જોકે ગુસ્તેહમ અને બાલુ આ તલેસમથી ઠગાયલા છે ખરા, પણ એ તલેસમ રૂમીઓએ ઇરાનીઓની હુશીયારી જોવાને ઉભું કીધેલું માલુમ પડે છે."

ત્યારે પાદશાહે જવાબ દીધો કે "વજીરાતનાં કામમાં તારા જેવા ખબરદાર પુરૂષો હોવા જોઇયે." પછી પાદશાહે ખુરરાદ બુર્જેનને હવા ઉપર લટકતો એક ઘોડસ્વાર દેખાડીને પુછ્યું કે "એ શું છે?

તેણે જવાબ દીધો કે "એ તો લોઢાંનો ઘોડેસ્વાર છે, જે લોહચુંબકના પથરના આધારથી હવા ઉપર લટકી રહેલો છે." પછી ખુરરાદે હીંદુના તથા ઇસાના ધર્મ વીષે, અને ગૈયોમરસની દીન વીષે કેટલોએક ખુલાસો કરી રૂમના પાદશાહને નસીહત કીધી. શેવટે પાદશાહે એક લાખ ફોજ ખુસરોની કુમકે નીઆતુશ[1] નામના પોતાના શાહજાદાની સરદારી નીચે રવાના કીધી, અને ખુસરોની સાથે તેની બેહન મરીયમની શાદી કરવા બાએ ત્રણ કરોડ રૂમી સીક્કાના અવેજ જેટલો અસ્બાબ પણ નીઆતુશને આપી મોકલ્યો. પાદશાહ આ લસ્કર સાથ ત્રણ મંજલ સુધી મુકવા આવ્યો હતો.

હવે ખુસરો રૂમનું લસ્કર પોતાની કુમકે લઇને ઇરાન તરફ પાછો ફર્યો અને આજર આબાદગાનમાં આવ્યો.

તખ્ત માટે મોટી લડાઇ.

બેહરામ ચોબીનને ખબર થઇ કે ખુસરો રૂમનું લસ્કર કુમકે લઇ આજર આબાદગાનમાં આવ્યો છે, ત્યારે તેણે કાગજો લખી ખુસરોના સરદારોને પોતાની તરફ ખેંચી

---

૧ રૂમીઓએ લશ્કરની સંખ્યા આપી નથી. તબરી મુજબ ૭૦૦૦૦ માણસોની ફોજ હતી. કએસરે સીર્યા અને આર્મીન્યા ખાતેથી આ ફોજ ભેગી કરીને તેની સરદારી નરસી નામે એક ઇરાની સરદારને આપી હતી, એમ રૂમીઓ લખી જાય છે.

લેવાને ઘણીબી લાલચ દેખડાવી અને ઘણીબી પેરવી કરી જોઇ, પણ કંઇ વળ્યું નહી. અંતે તે લશ્કર સાથે આજર આબાદગાનમાં ગયો અને ત્યાં ખુસરોની સાથે લડાઇ કીધી, જેમાં રૂમનું લશ્કર માર ખાઈ ઘણું મરણ પામ્યું. તેઓની લાશના જગે જગ ઉપર ઢગળા વાળેલા તે જગા "ચીદ ખુસરો" ને નામે ઓળખાય છે. ખુસરોએ હુકમ કીધો કે "રૂમનું લશ્કર હવે લડાઇમાં ઉતારવું નહી, પણ ઇરાની લશ્કરથી લડાઇ ચલાવવી." તે પ્રમાણે બીજી વારની લડાઇ જારી કીધી, ત્યારે બેહરામ ચોબીન હાથી ઉપર એકલોજ બેઠેલો હતો. ઈરાનીઓએ તીરનો વરસાદ વરસાવ્યો જેથી હાથીની સુંઢ નકામી થઇ ગઈ, તેવોજ બેહરામ નીચે ઉતર્યો અને પાઉં-પ્યાદો એકલો તલવાર લઇને પ્યાદાઓમાં દાખલ થયો અને ઘણા પ્યાદાઓના કટકા કરી પાછો ઘોડા ઉપર સવાર થઇ પોતાની સફમાં ગયો. પછી ખુસરોએ પોતાના ૧૪ સરદારોની સાથે બેહરામ ઉપર હુમલો કીધો, પણ બેહરામ ચોબીનનો કાબુ ફાવ્યાથી સઘળા નાહાસી ગયા અને ખુસરોએ એક ગાર જેને માથે પાહાડ આવેલો હતો ત્યાંથી નીકળી જવા માગ્યું, પણ તે માર્ગ ઘેરીને ચોબીન નજદીક આવી ખુસરોને ધમકી આપવા લાગ્યો કે "હવે તારી આખરી આવી છે."

ખુસરો ઘોડા ઉપરથી ઉતરીને પાહાડ ઉપર ચહડવાનાં ફાંફાં મારે છે, પણ ચહડી શકાતું નહી, ત્યારે જાનની આશા છોડીને ખોદાને યાદ કરે છે, તેવામાં નીલા પોશાકવાળો એક સવાર આવીને ખુસરોનો હાથ પકડી દુશ્મનના હાથમાંથી બચાવી લાવી ઠેકાણે પાડે છે. તે વખ્તે ખુસરોએ તેને પુછ્યું કે "તું કોણ અને તારૂં નામ શું છે?"

સવારે જવાબ દીધો કે "મારૂં નામ સરોશ છે. હું ફરેસ્તો છું. તું પરહેજગારીથી રેહેજે, તને પાદશાહી મળશે."

આ દેખાવ જોતાં બેહરામ ચોબીન થરથર ધ્રુજવા લાગો.

ચોબીનની નાહાસભાગ.

ત્રીજે દીવસે પાછી લડાઇ શરૂ કીધી, જે દરમયાન બેહરામે ખુસરોના કમરબંદ મધે એક તીર માર્યો તે કારગર લાગો નહી. ખુસરોએ પોતાનો ભાલો બેહરામના કમરબંદ ઉપર માર્યો, પણ બખ્તર પેહેરેલું તેથી કારગર લાગો નહી, ને ભાલાનો પેકાન ભાગી ગયો. ત્યાર પછી ખુસરોએ તલવારનો જખમ બેહરામનાં માથાં ઉપર માર્યો, જેથી તેની લોહોડાંની કોલાહ તુટી ગઇ ને બેહરામે પીઠ દઇ નાહાસવા માંડયું. તેની પુઠે ઇરાની અને રૂમી લશ્કરે ભારી કતલ ચલાવી, જેમાં બેહરામનું ઘણું લશ્કર મારયું ગયું. તે જોઈ ખુસરોના મામા બંદુએ તેની પરવાનગી લઇને કતલ ચલાવવાનો અટકાવ કીધો. બેહરામનું લશ્કર સઘળું તંબુ ડેરા છોડી જીવ લઇ નાહાસી ગયું, તોપણ તેણે બે હજાર ઉંટો મંગાવી મેદાનમાંથી પોતાનાં લશ્કરનો બધો અસબાબ ભરી લીધો, અને પછીજ પોતે નાહાસી ગયો. ખુસરોએ નસ્તુદ નામના સરદારને ત્રણ હજાર સવાર આપી બેહરામની પાછલ મોકલ્યો.[1]

---

૧ રૂમીઓએ આપેલી વિગતોથી અહીં આપણ જુદુંજ વાંચિયે છિયે. તેઓ મુજબ લડાઇમાં ખુસરોની ફતેહ પેહલાંથીજ થતી રહી હતી. મદાઇનમાં બંદ ઉઠયું, ત્યાંનું તેમજ ઈરાની આર્મીન્યાનું લશ્કર ખુસરોને મળી ગયું, અને શેવટે મદાઈનનો ખજાનો તથા મેહલ પણ તેમના હકદાર પાદશાહના હાથમાં આવ્યાં. પાયતખ્ત મદાઈન હાથ થયા પછી પાદશાહ અને પેહલવાન વચે બે મોટી લડાઇઓ ચાલી, જેમાંની પહેલી બાગ્રોસ પર્વતની તળેટી આગળ ચાલી, જેમાં બેહરામે પર્વતના ઓથામાં જઇ આશ્રો લઇ ઈરાનીઓને હંફાવ્યા. ઈરાનીઓ તેને પકડવા, નસાડવા યા હરાવવામાં ફાવી શકયા નહિ, એટલુંજ નહિ પણ તેઓ બેહરામના હાથ ઉપર આજેજ થયા. બીજી લડાઇ કન્જાક અથવા શીજ શેહેર આગળ થઈ, કે જયાં બેહરામે બાગ્રોસ વટાવી પડાવ નાખ્યો હતો. આ લડાઈ વેળા બેહરામની ફોજમાં મોટો વધારો થયો હતો, તોપણ તેમાં તેની હાર નકી થઇ. તેની એક બાજુની ફોજે

ચોબીન નાહાસભાગ કરતો જંગલને આડે રસ્તે નીકળી ગયો, અને એક ગામમાં એક બુઢી વીધવાને ઘર જઇ કંઇ ખાવા પીવાનું માંગ્યું બુઢીએ એક ફાટેલી સાદરી બીછાવી આપીને જવની રોટી એક ચાલણીમાં લાવી મેળી. એલાન સીનેએ બેહરામને બરસમ આપી. બેહરામ થાકનો મારેલો હતો તેથી વેહેલા વીપતે બાજ ધરી રોટી ખાધી, અને બુઢીને બાજમાં કહ્યું કે "શરાબ હોય તો લાવ." પેલીએ એક સુકાઇ ગયલાં દોધીનું માથું ભાંજી તેની જામ બનાવી, અને તેમાં શરાબ રેડી આપ્યો. બેહરામે કહ્યું કે "એથી સારી જામ હોય તો લાવ." પેલી સ્ત્રીએ સારી જામમાં શરાબ લાવી આપ્યો તે પીધો અને ખુશી થયો. પછી પેલીને પુછવા લાગો કે "અરે માય! દુનીયાનાં કામની તુંને કંઇબી ખબર છે?"

બુઢીએ જવાબ દીધો કે "ઘણા લોક બોલે છે કે બેહરામ ચોબીન ખુસરો સાથે લડવા ગયો તે માર ખાઇ લશ્કરને પડતું મેળી એકલો નાહાસી ગયો છે."

બેહરામે પુછ્યું કે "ખુસરો સાથે લડાઇ કરવાનું જે કામ બેહરામે કીધું છે તે ડાહપણ ભરેલું છે કે નહી?"

બુઢીએ જવાબ દીધો કે "તું કંઇજ જાણતો નથી. દાનેશમંદો તો બેહરામ ચોબીનની અકલને હસી નાખે છે, અને તેને પેહેલવાનમાં નથી ગણતા; કારણ કે તેણે હોરમજદ પાદશાહના બેટાની સાંમે લડાઈ ઉઠાવી છે."

બેહરામે જવાબ દીધો કે "તે લડાઇ ઉઠાવનાર શખ્સ હુંજ છું, કે જે હવડાં તારી પાસેથી સુકી રોટી અને સુકાં દોધીની જામમાં શરાબ લઇને ખાતો પીતો બેઠેલો છું."

એક રાત ગુજારી બીજે દીવસે બેહરામે ચાલવા માંડયું. માર્ગમાં બાંબુનું જંગલ આવ્યું ત્યાં તેને ખબર મળી કે નસ્તુદ ત્રણ હજાર સવાર લઇ તેની પુઠે આવે છે, જેથી તેણે જંગલમાં લશ્કરને દાખલ થવા દઇને આસપાસથી સળગાવી મેળાવ્યું તેમાં કેટલુંક લશ્કર બળી મુવું, પણ કેટલુંક સલામત નીકળ્યું. બેહરામે આ તદબીરથી નસ્તુદને પકડી હાથ પગ બાંધી કેદ કીધો; પણ જ્યારે તેણે માંફી માંગી ત્યારે બેહરામે તેને છોડી મેળીને કહ્યું કે "હાલમાં જે હકીકત તારા ઉપર ગુજરી છે તે જઇને ખુસરોને ખુલાસો કરી સમજાવજે." પછી બેહરામ તુરાન તરફ નીકળી ગયો.

ફસલ ૩—પાદશાહ અને પેહલવાન.

ખ્રીસ્તી પોશાક બાબે ખતરો.

હવે ખુસરો બેહરામનાં લશ્કરની છાવણી તારાજ કરી લડાઇથી આસાયશ પામ્યો, અને પછી લડાઇનો હેવાલ રૂમના પાદશાહ ઉપર લખી મોકલ્યો. કએસરે આ ફતેહ માટે શોકર ગુજારી કરી કેટલાક હદીયા સાથે તમામ ઝવેરાતનો એક કુરસ (ઇસાને સુલી દીધેલી તેનો આકાર) અને ભારી કીમતી કપડાં, જેને ઇસાને સુલી દીધો હતો તેની મુર્તીના નકશાથી શોભાયમાન કીધેલાં હતાં તે, ચાર ફીલસુફોની સાથે ખુસરો પાસે મોકળી આપ્યાં, તે જોઇ લઇને ખુસરો પોતાના વજીરને કેહેવા લાગો કે "જો આપણ જરતોસ્તી ઇસાની મુર્તીના કપડાં પેહરીયે તો ઇસાના ધર્મ પાળનારામાં ખપીયે. અગર નથી પેહેરતા તો રૂમનો પાદશાહ દીલગીર થાય છે. અગર પેહેરીયે છીયે તો આપણા સરદારો એવું ગુમાન

માર ખાધાથી બીજી ફોજના ૬૦૦૦ માણસો ખુસરોને જઇ મલ્યાં. પોતાની શિકસ્ત પુરી જોઈને બેહરામ ૪૦૦૦ માણસો સાથ નાસી ગયો, પણ તેમાં બચાં છોકરાં અને સર્વ અસબાબ ખુસરોના હાથમાં આવ્યાં. જે સરદાર બેહરામની પુઠે ગયો તે કેટલાક લખનારાઓ મુજબ ગુસ્તેહમ (ખુસરોનો મામો) હતો, જેને ૧૦૦૦૦ માણસની ફોજ આપી પાદશાહે દોડાવ્યો હતો, પણ તે નિષ્ફળ થઇ પાછો ફર્યો હતો.

લઇ જશે કે ખુસરોએ પોતાની મતલબને લીધે ઇસાઇ ધર્મ પકડેલો છે."

વજીરે જવાબ દીધો કે "અએ પાદશાહ! જુદી દીનવાળાના જેવો લેબાશ બદલવાથી અને રૂમના ઇસાઈ ધર્મ પાળનારા પાદશાહ સાથે સંબંધ રાખવાથી તારી જરતોસ્તી દીનને કંઈ હરકત લાગતી નથી."

તેવારે ખુસરોએ રૂમના પાદશાહનો પોશાક અને તાજ પેહેર્યા ને તે દેખાવ જોઇને સરદારો બોલવા લાગા કે "રૂમના પાદશાહનો લેબાશ બદલ્યો છે તો ખુસરો છુપી રીતે ઇસાઈ ધર્મ પાળતો હશે." આ ઉપરથી બીજે દીવસે ખુસરો દરબાર ભરીને પોતાના કેયાની પોશાક અને તાજ સાથે તખ્ત ઉપર બેઠો.

રૂમી શાહજાદા ઉપર હુમલો.

પછી ખાતું ખાવા ગયો તે વખ્તે પાછો રૂમી લેબાસ બદલીને નીયાતુશ તથા બીજા રૂમી ફીલસુફો જોડે ખાના ઉપર બેઠો. બંદુએ દોડી જઈ ખુસરોના હાથમાં બરસમ આપી.[1] તેણે મોટી બાજ ધરી તે જોઇને નીયાતુશે રોટી ફેંકી દીધી, અને ખાનાથી અતરંગ રહ્યો અને ગુસ્સો કરીને બોલ્યો કે—"કુરૂસ હોવા છતાં બાજ ધરીને ખાતું ખાવું એ તો રૂમી પાદશાહના ઇસા ઉપર તું સીતમ ગુજારતો હોય તેવું થાય છે."

આ વાત સાંભળતાંજ બંદુએ કુરૂસની પુંજા કરનાર નીયાતુશનાં મોહોડાં ઉપર તમાચો માર્યો, તે જોઈ ખુસરોને ઘણું નરસું લાગું, તેથી ગુસ્તેહમને (બંદુના ભાઇને) કહ્યું કે "બંદુએ ખોટું કામ કીધું કે નીયાતુશને અપમાન કીધું."

નીયાતુશ ઉઠી ગયો, અને હથીયાર બીડી પોતાનાં લડાયક લશ્કરને સાથે લીધું, અને ખુસરોના મેહેલ આગળ ઉભો રહી એક સવારને તેની કને મોકળી સંદેશો પોહોંચાડયો કે "બંદુને હમારે હવાલે કરો, નહી તો અમે બંદુને પકડી લઇ જઇશું, જેથી અનજુમનમાં ભારી ગોંધાટ થશે."

ખુસરોએ જવાબ દીધો કે—"હમારા નીયાગાનોની દીન પ્રમાણે બાજ ધરી ખાતું નહી ખાઇયે ત્યારે શું ઇસાના ધર્મ પ્રમાણે ખાઇને ખ્રીસ્તી ધર્મ પાળીયે?" આ વેળા મરીયમે (ખુસરોની ઓરતે) ખુસરોને કેહેવાડયું કે "બંદુને મારી પાસે મોકળી આપ, હું રૂમીઓને સમજાવી સમાધાણ કરી, સલામતી સાથે પાછો મોકળીશ." ખુસરોએ દશ સવારો સાથે બંદુને નીયાતુશની પાસે મોકલ્યો, તે વખ્તે મરીયમબી હાજર હતી. તેણીએ નીયાતુશને (પોતાના બાપીકા ભાઇને) શીખામણ દઈ કહ્યું કે "તું જાણતો નથી, પણ તારા અને મારા બાપ રૂમના પાદશાહે કહેલું હતું કે ખુસરો ઇરાન જઈ પોતાની દીનને છોડનાર નથી, માટે તેની સાથે કીધેલી મદદ અને ખેશાવંદીમાં હરકત નહી કરતો હોય અને બાપની મરજીથી ઉલટો નહી ચાલતો હોય તો બંદુને આબરૂ ઇજત સાથે ખુસરો પાસે પાછો મોકળી આપ."

બંદુને માફી.

નીયાતુશ ઉપર મરીયમની શીખામણે અસર કીધાથી જેવો બંદુને દીઠો તેવો ઉઠી તાજીમ આપી સરપાવ ભેટ કરી પોતાની સાથે ખુસરોની આગળ લઈ ગયો. તેવારે ખુસરો બોલ્યો કે "બંદુના ખરાબ સ્વભાવને લીધે તુંને લાયક ન હતું કે રૂમના પાદશાહની સાથે મને વેર પડાવે. બંદુની ઉપર તો મારો કીનો છે, કે જેણે મારા બાપને મારી નાખ્યો હતો, પણ તે હું ભુલી જાઉં છું, તેમ તારેખી દરગુજર કરવી."

નીયાતુશે ખુસરો આગળ માફ્ માંગી કહ્યું કે "અમો રૂમીઓથી શરાબની મસ્તીમાં નાદાનીથી જો બેઅદબી થઈ હોય તો તે

---

[1] બર્સમ લઇ બાજ ધરી જમવાથીજ ખરો જરતોસ્તી સિદ્ધ થતો હોય એવું કંઈ આ ઉપરથી જણાય છે. તોપણ આ ઠેકાણે કએસરનો શાહજાદો પણ સુફરા ઉપર હાજર છે. તે ઉપરથી એટલુંબી સિદ્ધ થાય છે કે બાજ ધરવા છતાં પાદશાહો યા ઇરાનીઓ જુદદીનો જોડે એકઠું ભોજન લઈ શકતા હતા.

માંડી વાળી તમારી દીનના કાયદા મુજબ ચાલવું દાનાઈ ભરેલું કામ છે.”

ખુસરોએ રૂમનાં લશ્કરને અને તેના સરદાર નીયાતુશને ઇનામ અને ખેલાત આપી રૂમ વીદાય કીધાં, અને પોતાના તાબામાંનાં રૂમનાં શેહેરો, જે કોબાદે, નોશીરવાને, અને હોરમજદે જીતી લીધેલાં હતાં તે પાછાં રૂમના સ્વાધીનમાં ફરમાન લખીને આપી દીધાં.[1] પછી આદર ગુશસ્પની દરધામાં પાઉંપેયાદે જઈને બે અઠવાડીયાં સુધી જંદ અવસ્તાની કેતાબો લઈ બંદગી ગુજારી,[2] અને દસ્તુરો અને મોબેદોને આપવા ઘટે તેમ અશોદાદ આપીને તથા આતશની દરધામાં ભારે હદીયો આપી દુરવેશોને સખાવત કરી[3] શોરસાન નામનાં નોશીરવાનનાં વસાવેલાં શેહેરમાં આવી એક નવો મેહેલ બાંધી તે મધે તખ્ત ઉપર બેઠો. પછી પોતાના સરદારોની દરબાર ભરી મુલુકોની હાકમીનાં ફરમાનો લખી આપી વીદાય કીધા, તેમાં ગુસ્તેહમને ખુરાસાન, બરજો મેહેરને દારાબ ગર્દ, રામગુર્જીનને અસ્તેખર, અંદીયાનને કેરમાન, બાલુને ચાચ અને એ વીના બીજાઓને બીજાં વેંહેંચી આપ્યાં.

* * *

ફીર્દુસીનો ગમ.

[ખુસરો પરવીજ અને બેહરામ ચોબીનનું ઉપલું દાસ્તાન લખી રહ્યા પછી આપણા શાયર ફીર્દુસી તુસી ઉપર એક મોટો દુઃખ ભરેલો ગજબ ગુજર્યો, જે બાબે તે આ મુજબનો ટુક ઇશારો કરે છે:—

“મારી ૬૫ વરસની ઉમર ગુજરી. હવે ખજાનાની દરકાર નહી રાખતાં મારો દીકરો જે ૩૭ વરસની ઉમરે દુનીયાની મુરાદ મેળવ્યા વગર મરણ પામ્યો છે તેનાં ગજબનાક દુઃખ બાબે મારા જીવને દેલાસો દેવો જોઇયે છે. મારો મરવાનો વખ્ત હતો તેને બદલે મને રંજમાં નાખી અરે દીકરા તું કાંય જતો રહ્યો? શું તુંને જવાનોની સંગત મળી માટે મને પીરીના વખ્તમાં ઢીલમાં રાખી તુંએ શીતાબી કીધી છે? હવે કોઇ દીવસે મારે પણ આવીને તુંને મળવું છે. ખોદા તારાં રવાનને રોશનીમાં રાખે અને તારો જે ગુનાહ હોય તે માફ કરે.”]

* * *

તુરાનમાં બેહરામને આવકાર.

જ્યારે બેહરામ ચોબીન તુરાન જઇ પુગો તેવારે તુરાનના પાદશાહે[4] દશ હજાર સવાર

---

૧ આ જીતેલાં રૂમી શેહરો કયાં કયાં, તે ફિર્દુસી જણાવતો નથી, પણ રૂમીઓના જણાવ્યા મુજબ ઇરાની આર્મિન્યાનો આખો પ્રાંત, પૂર્વ મેસોપોટેમ્યાનો ઇરાની મુલ્ક, તે માહેલાં દારા અને માર્ટીરોપોલિસ શેહરો સુધાં રૂમીઓને આપી દેવાં પડયાં હતાં. જો આ બિના ખરી હોય તો મેસોપોટેમ્યા અને આર્મિન્યાના ઈરાની મુલકો કાંઇ રૂમીઓ કનેથી જીતી લીધેલા ન હતા, માટે એ પ્રાંતો તો નાણાં અને લશ્કરની મદદનાં દામ દાખલ ખુસરોને આપવા પડેલા હોવાં જોઇયે. માર્ટીરોપોલિસ અને દારા રૂમી શેહેરો હતાં ખરાં, અને તે પાદશાહ નોશીરવાને જીતી લીધાં હતાં, માટે તે તો જવાન પાદશાહને ઇનામ દાખલ આપી દેવાં પડયાં હશે. આપણો શાયર એજ શેહેરો બાબે ઇશારો કરતો જણાય છે.

૨ ખુસરો ઉપર ખ્રિસ્ટી હોવાનું આળ મુકાય છે તે કેટલું ખોટું છે તે આ બિના ઉપરથી જણાય છે. પારસીઓ આગળા વખ્તથીજ આતશની દરગાહમાં પરવરદેગારની પરસ્તેશ માટે જતા હતા તે બાબે ફિર્દુસી ઉપરથી છેક અર્દશીર બાબેગાનથી તે ખુસરો પર્વીજ સુધીના અનેક પાદશાહોના સંબંધમાં આપણ વાંચી ચુકયા છિયે. અવસ્તા વ જંદની કેતાબો તે જમાનામાં લખાતી હશે તે પણ આ ઈશારા ઉપરથી માલુમ પડેછે.

૩ આતશની દરગાહમાં બંદગી માટે જનાર સખી જરતોસ્તી ત્યાંના દસ્તુરો અને મોબેદોને અશોદાદને નામે જે કાંઈ આપેછે તે રૈવેયો કાંઇ આજ કાલનો નથી, એમ આ ઉપરથી જણાય છે. હજરત જરતોસ્તના અને ત્યાર પછીના તુરતના જમાનાઓમાં સિક્કાનું ચલણ ન હતું તે વેળા આશોદાદ દાખલ ગાયઢોર અપાતાં હતાં, એમ અવસ્તાવાણી ઉપરથી જાહેર થાય છે.

૪ આ પાદશાહ કોઇજ નહિ પણ પેલોજ ખાકાન પરમુદે હતો, કે જેની બેહરામે ઘણી બેઈજતી કીધી હતી.

અને પોતાના બે શાહજાદાઓને એસ્તેકબાલ મોકલ્યા, અને તે આવી પુગ્યો ત્યારે પોતે તખ્ત ઉપરથી ઉભો થઇ તેના હાથ પકડી મુલાકાત લીધી, અને પોતાની પાસે તખ્ત ઉપર બેસાડયો. કેટલીક ખેરઆફીયત પુછી બેહરામે ખાકાન (તુરાનના પાદશાહ) ને કહ્યું કે "ખુસરોની બદીથી કોઇ અજાણ્યું નથી. જો તે નીરભયપણે પાદશાહી કરશે તો દુનીયાનાં લોકોને દુ:ખ ભોગવવું પડશે. માટે આ વખ્તે તું મારી દસ્તગીરી કરશે તો તારા હકમાંબી સારૂં થશે. મારી દોસ્તી કરતાં તુંને હરકત પોંહોંચતી હોય તો અત્રેથી હું હીંદુસ્તાન જઇને મદદ મેળવું."

ખાકાને જવાબ દીધો કે "તારે કોઇ બીજાની મદદ લેવાની ગરજ નથી. હું તુંને મારાં ફરજંદ કરતાં વધારે હેતથી રાખું છું, માટે મારાં લશ્કરની તુંને જોઇયે તેટલી કુમક આપી તારી ઇચ્છા બર લાવું છું."

ખાકાન પાસે ખંડણી લેનાર તુરકી.

એમ બોલીને ખાકાને ખોદાના સોગંદ લીધા, અને કેટલાક દીવસ તેની મદારત કરીને મેહેમાન તરીકે સવારી શેકારીમાં પોતાની સાથે રાખ્યો. એવું બન્યું કે મકાતુરે નામનો એક સરદાર દર બામદાદ જેમ હલકાં માણસની આગળ આવે તેમ ખાકાનની પાસે આવીને એક હજાર દીનાર લઇ જ્યા કરતો હતો. તે જોઇ એક દીવસે બેહરામે ખાકાનને પુછયું કે "દર રોજ હજાર દીરમ આ તુરકી તારી પાસેથી લઇ જાય છે તેનું કારણ શું છે? આ એકલાને આટલી મોટી બક્ષીશ આપતાંજ એક ભંડાર ભરેલો ફોકટમાં જાય."

ખાકાને જવાબ દીધો કે "હમારામાં એવો ધારો છે કે જે લશ્કરી સરદાર જોરાવર હોય તે વધારે માંગે તે પણ આપીને તેને રાજી રાખવો જોઇયે; તેમ નહી કરીયે ને તે નાખુશ થાય તો લશ્કરનાં બળથી હમોને રોશનીમાંથી અંધારાંમાં લાવી મેલે."

બેહરામ બોલ્યો કે "જો તારામાં હુશીયારી હોય તો તારાથી ઉતરતે દરજ્જેના અમલદારને આટલી બધી સતા આપીને તેને આધીન નહી થાય. માટે તુંને લાજમ નથી કે તેનાં દબાણમાં રેહે. તું જો હુકમ આપે તો એ ધણીના દબાણ તજેથી તુંને મોકળો કરૂં."

ખાકાને કહયું કે "જો એમ બને તો વાંધો પટી જાય."

ત્યારે બેહરામ બોલ્યો કે "બામદાદે તે શખ્સ આવે ત્યારે તેની સાંમે તારે હસવું બોલવું નહી, અગર કંઇ પુછે તેનો જવાબ દેવો પડે તો ધમકીથી દેવો."

તે પ્રમાણે બીજે દીવસે મકાતુર આવ્યો ત્યારે ખાકાને તેની તરફ નેધા કીધી નહી, અને તેનું બોલેલું સાંભળવાપર ધ્યાન આપ્યું નહી. ત્યારે તે તુર્કી બોલ્યો કે "આજે ખાકાનની મારા ઉપર ઇતરાજી હોય એવું લાગેછે. તેનું કારણ એ જે આ પાર્સી પોતાના ત્રીશ મદદગારોની સાથે આવેલો છે તે મારૂં બુરૂં ચાહાવાને વાસ્તે તારાં લશ્કરને બેદીલ કરશે."

બેહરામે જવાબ દીધો કે "તું બોલીને ધમકી ના આપ; જો ખાકાન મારી મશવરત પ્રમાણે ચાલશે તેવારે તો દર બામદાદ હજાર દીનાર જે તું લઇને ખજાનો ખાલી કરે છે તેમ નહી થવા દઇશ. અગર તું લશ્કરનો સરદાર થઇને વાઘનો શીકાર કરવા માંગતો હોય તો મેદાનમાં આવ."

આ વાત સાંભળી મકાતુરે એક તીર હાથમાં લઇ બેહરામને બતાવ્યો. બેહરામે પોતાનો તીર લડવાની નિશાની તરીકે મકાતુરના હાથમાં આપ્યો.[1] બીજે દીવસે મેદાનમાં બધે પેહલવાનોએ તીરની લડાઇ કીધી, જેમાં મકાતુર મરણ પામ્યો, અને ખાકાને બેહરામને શાબાશી આપી.

---

૧ તે જમાનામાં લડવૈયાઓ વચે પોતપોતાની આબરૂનો જવાબ લેવાની આવી રીત હશે. આજની પિસ્ટોલબાજી યા શમ્શેરબાજીની "ડુએલ"ને એ રીતે તે જમાનાની તીરબાજીનું સુધરેલું સ્વરૂપ ગણી શકાશે.

બેહરામને તુરાનની પાદશાહીનું ફરમાન.

તુરાનના મુલુકમાં ફાડી ખાનારાં જનાવરો ઘણાં હોય છે. એક દીવસે ખાકાનની દીકરી જંગલમાં શીકાર સારૂ નીકળી હતી તેવામાં પાહાડ ઉપરથી "શીર કપપી" નામનો એક અઝદાહ નીચે ઉતરી આવીને ખાકાનની દીકરીને ગળી ગયો, જેથી તેનાં માબાપ ઘણા દલગીર રેહતાં હતાં. ખાકાનની ઓરતે બેહરામને ભલામણ કીધા ઉપરથી જે જંગલમાં પેલો અઝદાહ હતો ત્યાં જઇ બેહરામે તેને ઘણીએક મુસીબતથી બેજાન કીધો, જેથી તુરાનીઓ અચરતી પામ્યા. ખાકાને બેહરામને પોતાની દીકરી આપી દામાદ બનાવ્યો, અને તુરાની રીત પ્રમાણે ફરમાન લખી આપીને પોતાની પાદશાહી બેહરામને બક્ષી દીધી, પણ તે એવી શરતે કે બેહરામ તુરાનમાંજ રહીને પાદશાહી કરે. તુરાનીઓ બોલવા લાગા કે "બેહરામને પાદશાહી આપી છે તે પણ ઘટતું કીધું છે, કેમકે હવે ઇરાનથી તુરાનને ધાસ્તીમાં રેહેવું પડશે." પણ પાછલથી સઘળા તુરાની બેહરામને માનવા લાગા અને હવે બેહરામ મોજમજાહ અને શીકાર કરવામાં ગુટેલો રેહેવા લાગો.

જ્યારે તુરાનમાં આ રીતના બનાવો બનતા હતા ત્યારે પેલી તરફથી ઇરાનમાં ખુસરોને ખબર મળી કે તુરાનના ખાકાને (પરમુદેએ) બેહરામને દામાદ કરીને પોતાની પાદશાહી સેપોરદ કીધી છે. આથી તેણે તેના ઉપર એક નામું મોકલ્યું, જેમાં લખ્યું કે "બેહરામની તુંએ દસ્તગીરી કીધી છે, પણ તુંને માથાં ઉપર ચાબુકનો ફટકો મારનાર એજ બેહરામ હતો તે વાત તું ભુલી ગયલો હોય તો તુંને ખબર આપું છું, કે એ દગલબાજ અત્રેથી નાહાસી આવેલો છે, તેને બાંધીને મોકલી દેજે, નહી તો ઇરાનનું લશ્કર આવીને તુરાનને તારાજ કરી નાખશે." ખાકાને જવાબ લખ્યો કે "જેની હમે દસ્તગીરી કીધેલી છે તેનેજ તું માંગેછે, અને સાથે ગરૂરીનાં વચન વાપરે છે, પણ તેમ કદી બને નહી."

મકાતુરેનો કીનો—બેહરામનું ખુન.

પછી ખાકાને બેહરામ સાથે લશ્કરની ગોઠવણ કરી ચીનોએ અને જંગોએ નામના બે તુરાની સરદારોના હાથમાં લશ્કરની લગામ આપી. હવે બેહરામે પોતેજ ઇરાન ઉપર સવારી કીધી, જેની ખબર મળવાથી ખુસરોએ ગભરાઇને ખુરરાદ બુર્ઝીનને કેટલોક હદીઓ આપી ખાકાન પાસે મોકલ્યો અને તેનું દીલ પોતાની તરફ ખેંચી લેવાના ઉપાય કરી જોયા, પણ જ્યારે કંઇ વળ્યું નહી ત્યારે ખુરરાદે વગ ચલાવીને ખાકાનની ઓરતને સમજાવી પણ તેથીબી તે નીરાશ થયો. મકાતુરે નામના જે સરદારને બેહરામે મારી નાખેલો તેનો કોઇ સગો કલુન નામનો કંગાળ હાલતમાં હતો, તેને ખુરરાદે દ્રવ્ય આપી લલચાવીને પોતાનો ભેદુ કીધો અને પછી બેહરામનું કાટલું કાહાડવા સારૂ છુપી મસલત કીધી.

કલુને ખાકાનની ઓરતને જણાવ્યું કે "તારી દીકરી (બેહરામની ઓરત) બીમાર છે, તેનાં દુઃખનો ઇલાજ એક તબીબ કરી જાણે છે." તેણીએ જવાબ દીધો કે "તે તબીબને લાવે" કલુન ખુરરાદને તબીબનું નામ આપી લઇ ગયો. તેણે બેહરામની ઓરતની દવાઇ મધે દાડમનું શરબત અને કાશનીનો ઉપયોગ કરી સાત દીવસમાં તેને તનદોરસ્ત કીધી. તેના બદલામાં બારે ઈનામ દાખલ ખલાત લાવી ખુરરાદને આપવા માંડયો, તે તેણે નહી લેતાં એવો સવાલ કીધો કે "મારો સગો તારા જમાઈ બેહરામનાં કેદખાનામાં પડેલો છે, તેની ખલાસી કરવા સારૂ તારો બાપ નહી જાણે તેમ તેની મોહોર લઇને બેહરામને નામના સરનામાં ઉપર છાપી આપ, કે જે લઇને હું બેહરામ મર્વમાં લશ્કર લઇ ગયલો છે તેને હવાલે કરૂં તો સગો કેદખાનેથી છુટે."

ખાકાનની ઓરતે એ પ્રમાણે મોહર દાબી આપી તે પત્ર લઇને કલુન મર્વમાં ગયો, જ્યાં બેહરામની છાવણી હતી. ત્યાં જઇને

દરબાનને કાગજ દેખાડી અરજ કીધી કે "મારે રૂબરૂ વાત કરવી એમ બેહરામની ઓરતે કહેલું છે માટે હજુરમાં જવાની પરવાનગી જોઇયે."

તે દીવસે બેહરામ રોજ હતો તે બેહરામને લેખે અશુભ હોવાને લીધે હમેશાં બેહરામ રોજે બેહરામ કંઇબી કામ હાથમાં નહી પકડતો, બલકે એકાંત બેસી રેહેતો તેમ બેઠેલો હતો, તેવામાં દરબાને અગતનું કામ હશે એવું જાણી બેહરામને ખબર પોંહોંચાડી, અને પછી પરવાનગી લઇ કલુનને તેની નજદીક મોકળ્યો. બેહરામે નામું માંગ્યું ત્યારે કલુન બોલ્યો કે કાનમાં માત્ર સંદેશોજ કેહેવાનો છે. તે કેહેવા જવાનું ડોલ દેખાડીને કલુને બેહરામનાં પેટમાં છરી ભોકી દીધી. તરતજ માણસોએ દોડી આવી કલુનને મારી નાખ્યો, તે વખ્તે કલુનની ઉમર એકશો વરસની હતી. તેના સગા મકાતુરને બેહરામે મારી નાખેલો તેનો કીનો લેવા માટે, તથા ખુરરાદે તેના બચાંને વરતાલવાની આશા દેખડાવેલી હતી તે લાલચને લીધે, આ રીતે તેણે દગો કીધો હતો.

પેહલવાનનું શેવટ.

બેહરામની બેહને પોતાની ગોદમાં તેનું માથું મેળી રદન કરતાં કહ્યું કે "મેં તુંને શીખામણ દીધેલી હતી કે સાસાની પાદશાહો કદાચ મરી ગયલા હોય તો તેનાં કુટુંબની એક છોકરીનેબી પાદશાહી મળ્યા વગર નહી રેહે અને તમામ મુલુકોના સરદારો તેની તાબેદારી કરવાને કમર બાંધે."

બેહરામે જવાબ દીધો કે "જમશેદ પાદશાહ જેવો તો કોઇ મોટો નહી, તેને તથા કેકાઉસ વગેરે નામદારોનેબી હારેમને ગુમરાહ કીધેલા હતા, તેમ મને પણ ગુમરાહ કીધો છે. મારાં નસીબમાં ખોદાતાલાએ જેમ સરજેલું હશે તેમ થઇ ચુકું." પછી બેહરામે ઈલાન સીનેને બોલાવી પોતાનો ઓધો સોંપીને કહ્યું કે "જેમ મારી બેહન સલાહ આપે તેમ તેની સાથે મળતો થઇને ચાલજે. હવે તમોએ ખુસરોની આગળ જવું અને કેહેવું કે બેહરામ તારેથી ખુશી થઇને મરણ પામ્યો છે, માટે તું પણ તે વાતથી ખુશી થજે. પછી ખુસરો તમોને આશરો આપે તો તેના હુકમ પ્રમાણે ચાલજો, અને મારૂં દુખ્મુખી ઇરાનમાં કરજો. મારો મેહલ જે તુરાનમાં છે તેને પાયમાલ કરી નાંખજો." એવું બોલીને બેહરામ પોતાની બેહનના ખોળા ઉપર માથું મેળીને મરણ પામ્યો.

ખાકાનને એ વાતની ખબર મળવાથી તેણે કલુનનાં કુટુંબને તારાજ કીધું, અને તેના બે દીકરાને આતશમાં બાળી નાખ્યા. ખાકાને પોતાની દીકરી જે બેહરામને આપેલી હતી તેને ઘસડી લાવી બેહોરમત કરી તેનો ખજાનો લુટી લીધો. ખુરરાદ બુર્જીને આ દગો કીધેલો તેની શોધ કરતાં તે નાહાસીને ખુસરોની આગળ નીકળી ગયલો માલુમ પડયો.

આ વાતની ખબર ખુસરોને ખુરદાદ બુર્જીને આવીને જાહેર કીધી, જેથી તેની કારસાજી પસંદ કરીને ખુસરોએ તેને પગથી તે માથાં સુધી દટાઇ જાય તેટલો ખજાનો બક્ષેશ કીધો.

બેહરામની બેહન ઉપર ખાકાનનો ડોળો.

ખાકાને પોતાના ભાઇ સાથે નામું લખી આપી બેહરામ ચોબીનની બેહન કરદીહા પાસે મોકળ્યું. તેમાં જણાવ્યું કે "તું મર્વથી તુરાન આવીને મારી સાથે બેશી કરે તો ચોબીનનો કીનો લેવા આપણે બંધેનું લશ્કર લઇને ઇરાન ઉપર ચહડી જઇયે."

તેણીએ જવાબ લખ્યો કે "હમો સઘળાં બેહરામનો સોગ પાળીયે છીયે, તેથી ચાર મહીના સુધી શાદીની વાત થાય નહી. પછી પોતાના સરદારો એલાન સીને અને એજદગુશસ્પની સાથે વીચાર કરીને તેણીએ ૧૧૬૦ લડાયક સવાર પોતાની સાથે લીધા, અને ૩૦૦૦ ઉંટ ઉપર તમામ ખજાનો અને અસબાબ લાધીને ઇરાન તરફ નીકળી જવાની ગોઠવણ કીધી,

એ વાતની ખબર ખાકાનને થવાથી તબરેક નામના સરદારને લશ્કર આપી બેહરામની બેહન કરદીહાની પુઠે મોકલ્યો; અને કહ્યું કે "જો કરદીહા તાબે થઇને આવે તો તેની લાયકી પ્રમાણે આબરૂ સાથે લાવજે, નહી તો લડાઇ કરી તેને મારી નાખીને મર્વમાંજ તેનું દોખસું બનાવજે." તબરકે મર્વમાં આવી લશ્કરની સફ બાંધી. બીજી તરફ કરદીહાનાં લશ્કરની સફ ઉભેલી હતી, તેવામાં તબરક ઘોડો ઝોંકાવતો કરદીહા જે પેહેલવાની મર્દનો લેબાસ બદલી ગુરૂજ હાથમાં લઇને ઘોડેસ્વાર હતી ત્યાં આવીને પુછેછે કે "કરદીહા કાંહાં છે?" કરદીહા બોલી કે "તે તો હું પોતેજ છું!" તબરકે કહ્યું કે "ખાકાને તુંને બોલાવા મને મોકલ્યો છે, ખેશી કરવાની તારી ખુશી ન હોય તો કંઇ હરકત નથી, પણ તું આવે તો ચોબીનનો કીનો ઇરાનીઓ ઉપર લેવાને ખાકાનની ખુશી છે. જો તું તેમબી નહી આવશે તો હમે તુંને છોડનાર નથી."

કરદીહા બોલી કે "તું એકલો મારી એકલીની સાથે તીરની લડાઈ કર. જો હું હારૂં તો ખાકાનની સાથે ખેશી કરૂં. તું પેહલવાન છે અને હું ઓરત છું." તબરકે કબુલ કીધાથી બંધે ઘોડા ઉપર બેસી લડાઇ ચલાવતાં કરદીહાએ તબરકની કમરમાં નેજાનો એક જખમ કરી તેને મારી નાખ્યો, અને તેનાં લશ્કરમાં કતલ ચલાવી તેને એ ફરસંગ સુધી મારી હટાવ્યું. પછી કરદીહાએ પોતાનો બીજો ભાઇ જે કરદુ નામનો ખુસરોની આગળ હતો તેના ઉપર લખી જણાવ્યું કે "આપણા ભાઇ બેહરામને દગાથી મારી નાખ્યો છે, જેથી હું ઇરાન આવવાની તૈયારીમાં હતી તેટલાં તો ખાકાને લશ્કર મોકલ્યું, તે સાથે લડાઇ કરી પાછું હટાવ્યું છે; તોપણ તે ફરીને મારી પીઠે વધારે લશ્કર મોકળશે તે વાતની ધાસ્તીમાં છું, માટે તું ખુસરો સાથે બંદોબસ્ત કરી જવાબ લખે ત્યાં સુધી વાટ જોઉં છું."

મામાઓ ઉપર ધાડ.

ખુસરોના જીવને ચોબીનની જે ધાસ્તી હતી તે તેની મરણથી મટી ગઇ, તેથી હવે નીર્ભય થઇને વજીરને કેહેવા લાગો કે "મારા બાપનું ખુન કરનાર બંદુ (મામો) હરઘડી મારી આગળ ફરે છે તેને જોઇ મારૂં લોહી ઉછળી આવ્યા કરે છે." પછી તેણે ખાનુ ખાઇ પુષ્કળ શરાબ પીને બંદુને કેદ કીધો અને તેના બંધે હાથ અને પગ કાપી નાખીને તેને મારી નાખ્યો. પાદશાહનો બીજો મામો જે ગુસ્તેહમ નામનો હતો અને જેને ખુરાસાનની હાકમી ઉપર મોકલ્યો હતો, તેના ઉપર નામું લખી આપી ખુસરોએ એલચી મોકલ્યો કે નામું વાંચી તુરત આવી પોંહોંચે. નામુ વાંચી ગુસ્તેહમે જાણ્યું કે મારા ભાઈ બંદુના જેવા મારા હાલ થવાનો વખ્ત નજદીક આવી લાગ્યો છે, જેથી તેણે ખુરાસાની લશ્કર લઇ સારી તથા આમેલને માર્ગે જે પાદશાહી લશ્કર સામે આવ્યું તેને શીકસત આપીને પોતાને તાબે કરી લીધું, અને મર્વમાં જઇ કરદીહા (ચોબીનની બેહન) ની મુલાકાત લીધી. તેણે તેણીને ખુસરોની બેવફાઇ વીષે જણાવ્યું કે "બંદુને કતલ કીધો અને મારી ખરાબી કરવાના હેતુથી મને બોલાવ્યો છે, જેથી હું લશ્કર લઇ તારી સાથે એકમળતો થવા આવ્યો છું, અને તુંનેબી ચેતવણી આપું છું કે જો તું ખુસરોથી વફાદારીની ઉમેદ રાખશે તો ફોકટ છે." ઇલાન સીને સાથે વીચાર કરી ચોબીનની બેહેન કરદીહાએ ગુસ્તેહમની સાથે લગન કીધાં, અને તેઓ બંધે પુરતી જાહોજલાલી સાથે આરામથી રહ્યાં. પછી ધીમે ધીમે ખુસરોનું બેદીલ લશ્કર ગુસ્તેહમને આવી મળતું ગયું.

પાદશાહના કાવાદાવા.

ખુસરોએ જાણ્યું કે તમામ અનજુમન ગુસ્તેહમની તરફ આમેલ શેહેરમાં જઇ ભરાયલું છે, અને જે લશ્કર મોકલ્યું છે તે પણ માર ખાઇને પાછું આવ્યું છે, માટે હવે તેનો ઇલાજ શું કરવો જોઇયે? એવા વીચારમાં તે હતો તે વેળા તેણે બેહરામ ચોબીનના ભાઇ કરદુએને કહ્યું કે "તારી બેહન કરદીહા (જે-

ણીએ ગુસ્તેહમની સાથે લગન કીધાં છે) તેની ઉપર એક પત્રમાં એવું લખી મોકળી કે તું જો ગુસ્તેહમને મારી નાખીને લશ્કર સાથે મારી પાસે આવે તો મારી બક્ષવાની સાથે તું જેમ કેહેશે તે પ્રમાણે તારા સરદારોનેબી હાકમી આપીશ; પણ તે એવી શરતથી કે તું મારી બાનુ થાય." કરદુએ જવાબ દીધો કે "એ વાત ત્યારે બને કે જ્યારે તું તારી મોહોર સાથે નામુ લખે, અને તે મધે ઉપલા કોલકરાર બાબે સોગંદ લે તો તારૂં નામુ આપીને એ કામ પાર ઉતારવા સારૂં મારી ઓરતને મારી બેહન કરદીહા પાસે મોકળું." ખુસરોએ સોગંદ લઈ નામું લખી આપ્યું, તેની સાથે કરદુએ (ચોબીનના ભાઇએ) બી પોતે નામુ લખી આપી પોતાની ઓરતને નારવાનનાં મેદાનમાં જ્યાં કરદીહાનાં લશ્કરની છાવણી હતી ત્યાં રવાના કીધી. તે જઇને કરદીહા સાથે મળી અને તેણીને સઘળી હકીકતથી વાકેફ કરી નામાં આપ્યાં.

એક નાપાક ઓરત.

ગુસ્તેહમની ગેરહાજરીમાં કરદીહાએ પોતાને લગતા પાંચ સરદારોને નામાની વાતથી વાકેફ કીધા. રાતને વખ્તે ગુસ્તેહમ ભારે ખોઆબમાં સુતેલો હતો તે વખ્તે પેલા પાંચો શખ્સોએ જઈ એકદમ તે બાપડાને મારી નાખ્યો![1] બામદાદ થઈ ત્યારે સરદારોને બોલાવી પેલી નાપાક કરદીહાએ રૂમી લેબાસ બદલીને ખુસરો તથા પોતાના ભાઇ કરદુએનાં નામાં વાંચી સંભળાવ્યાં, અને તેઓનાં મત લઇને ખુસરોના નોત્રાંને તાબે થઇ, ઇરાન જઇને તેણે ખુસરોની મુલાકાત લીધી અને પાદશાહે તેણીને મેહલમાં રાખી.

કરદીહા બાબે શીરીનનુ મત.

એક દીવસે પેહલવાની લેબાસમાં કરદીહાએ મેદાનમાં ઘોડો ઝુકાવી ખુસરોને પોતાના પેહલવાની એલમ હુનર કરી બતાવ્યા, તે વખ્તે ખુસરોની ૧૨૦૦) ઓરતો હાજર હતી, તે મધેથી શીરીને ખુસરોને કહ્યું કે "એ પેહલવાન ઓરતની તું આશનાઈ ના કર. પોતાના ભાઇ ચોબીનનો કીનો કોઇ દીવસે યાદ આવશે ત્યારે તેમાંથી તારી હલાકી થશે."

ખુસરોએ જવાબ દીધો કે "એ ઓરતથી બેવફાઇ થાય નહી. તું એની સાથે દોસ્તી રાખજે." પછી ખુસરોએ તેની બેશુમાર શરાબ પીવાની પેહેલવાની જોઇને આફરીન કીધી, અને પોતાની ઓરતોની નેઘેબાનીનું ઉપરીપણું કરદીહાને હવાલે કીધું.

રએ શેહેરની ખરાબી.

એક રાતે શરાબની મજલસમાં ખુસરોએ

---

૧ આપણા શાયર મુજબ ખુસરો પોતાનાં રાજ્યમાં બરાબર પગભર થયો ત્યાર પછી તેણે પોતાના મામા ગુસ્તેહમને ખોરાસાનની પાદશાહી આપી હતી. સિક્કાઓને આધારે એવું જણાય છે કે આ મામાએ ખુસરોના અમલનાં પહેલાંજ વરસમાં પોતાના ખોરાસાન (પાર્થીયા)ના પ્રાંત ખાતે બળવો ઉઠાવી ત્યાં "વિસ્તખમ પીરૂજી" એવા લેખ સાથે પોતાને નામના સિક્કા ચલાવ્યા હતા. આ સિક્કા એક બે નહિ પણ છ વરસના મળી આવ્યા છે, જે ઉપરથી જણાય છે કે ગુસ્તેહમનો બળવો આખાં પાંચ વરસો સુધી ચાલુ રહ્યો હશે. આ બળવાની શરૂઆત તા૦ ૨૨ મી માર્ચ ૫૯૩ ની આગમજ અથવા ૫૯૨ માં થયલી હોવી જોઈયે, અને ૫૯૮ ના વસંતની આગમજ આર્મીન્યન લખનારાઓ મુજબ પાદશાહ હોરમજદનું ખૂન કરનારા ખુસરોના બંને મામાઓ બંદુ અને બસ્તામ પાર્થીયા ખાતે નાસી ગયા હતા અને ત્યાં તેઓએ પોતાના રાજવંશી ભાણેજ સામે ફેસાદ બરપા કીધો હતો. અમુ નામે એકસિર્યન તવારીખનવેશ મુજબ ખુસરોએ પોતાના મામા બસ્તામ ઉપર ૫૯૬ ઇસ્વીની આગમજ રએમાં ફતેહ મેળવી હતી. તે આગમજ ખુસરોએ તેની સામે લડવા મોકળેલાં લશ્કરોને તેણે અનેક મરતબે શિકસ્ત આપી, અને કુશાનના બે તાતારી રાજાઓને જીતી લઇ પોતાની સત્તા વધારી મેળી. ઉપલા પરદેશી લખનારાઓ મુજબ ઉપલા રાજાઓમાંના એકે બસ્તામનો જીવ લઈ ૫૯૭ માં બળવો બેસાડી દીધો હતો.

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે બેહરામ ચોબીન સાથનું ખુસરોનું જંગ ૫૯૨ નાં વરસમાં પુરૂં થઈ ચુકેલું હોવું જોઇયે.

એક જામ દીઠી જેના કીનારા ઉપર બેહરામ ચોબીનનું નામ કોતરેલું હતું. તે જોઇને ચોબીનની રાજધાણી રએ શેહેર હતું તે ખુસરોને યાદ આવ્યાથી વજીરને હુકમ આપ્યો કે "લશ્કર અને હાથીઓની દોડધામથી રએને તારાજ કરી નાખે."

વજીરે જવાબ દીધો કે "એ નામીચાં શેહરને પાયેમાલ કરવું ગુનાહનું કામ છે."

ખુસરો બોલ્યો કે "કોઇ બદકાર જાલીમ હાકમ શોધી કાહાડી તે શેહરમાં મોકળવો જોઇયે કે ત્યાંના રહેવાસીઓ ઉપર ભારે સીતમ ગુજારે."

ત્યારે એક નાપાકને શોધી પાદશાહની હજુર ઉભો કીધો. ખુસરોએ પુછ્યું કે "તારાં બુરાં કામો તે કેવાં છે?"

જવાબ દીધો કે "પેહેલાં તો હું વચન પાળતો નથી, અને જેને મારી સાથે કામ પડે છે તેનાં તનને અને જાનને બાળીને ખાક કરૂં છું. જુઠું બોલવાનું તો મારૂં મુખ્ય કામ છે, રાસ્ત માર્ગે ચાલતાં તો મને આવડતું જ નથી. સખીની અને ઇનસાફીની તો ધુળધાણી કરી નાખું છું."

ખુસરોએ જવાબ દીધો કે "તારા સીવાય કોઇ બીજાના નસીબમાં એવાં કામ હરગેજ ના હોતાં!"

પછી રએની હાકમીનું ફરમાન તેને નામે લખી આપી મોકલ્યો. તેણે રએમાં જઇને પ્રથમ તો લોકોનાં ઘરની પાણી ઉતરવાની મોરીઓ બંધ કરાવીને ખોદી નખાવી. પછી શેહેરમાં જઈ ત્યાંથી બીલડીઓને કતલ કરી નખાવી, જેથી ઘર ધણીઓને દુખ પેદા થયું. વરસાદ વરસવાથી મોરીઓ બંધ હોવાને લીધે ધાબાંઓ ઉપર પાણી ઘેરાઇને ઘરમાં પેશી ખરાબી થવા લાગી. તેઓને દાદ દેનારા કોઇ નહી મળે. કોઈનાં ઘરમાંથી એક દીરમ બી મળી આવે તો પેલો હાકમ લીધા વીના છોડે નહી. આવા આવા અતીશે જુલમથી ઘરબાર છોડી લોકો પરગામ જઇ વસ્યાં.

એક બીલાડીની ફરીયાદ.

આ વાતની કરદીહાને ખબર થઇ કે તેણીના ભાઇ બેહરામનું આબાદ કીધેલું રએ શેહેર હતું તે ખુસરોએ તારાજ કરાવ્યું છે, જેથી પોતાના ભાઇ કરદુએ સાથે મશવરત કરીને કરદીહાએ એક બીલાડી મંગાવી, તેના કાનમાં જડાવના હલકા પેહરાવ્યા, તેનાં નખ લાલાના જેવાં લાલ રંગ્યા, અને શરાબ પીધેલી જેવી આંખની ખુમારી સાથે એક ઘરેણાથી શણગારેલા ઘોડા ઉપર એક છોકરાની સાથે બેસાડીને તે બીલાડીને ખુસરોની આગળ બાગમાં મોકળી. તે દેખાવ જોઇને પાદશાહ તથા સરદારો હસવા લાગા. કરદીહાબી ત્યાં હાજર હતી તેની તરફ નજર કરીને ખુસરો બોલ્યો કે "આવું દેખડાવવાની તારી મતલબ શું છે?"

કરદીહાએ જવાબ દીધો કે "રએની હાકમી મને હવાલે કર અને પેલા જુલમગાર હાકમને પાછો બોલાવ. તે ચંડાલે ત્યાંનાં લોકોની મોરીઓ બંધ કરાવી અને બીલાડીઓનો તો તે કટો દુસ્મન થઇ લાગો છે, જેથી આ બીલાડી ફરીયાદ લાવી છે!" આ ઉપરથી ખુસરોએ રએની હાકમી કરદીહાને આપી.

ફસલ ૪—ખુસરોનાં ખુબીવંતાં કામો.

પાદશાહની નવી રાજનીતી.

હવેથી ખુસરો પસંદ પડતાં કામ કરવા લાગો. તેણે પોતાની પાદશાહી હેઠલના મલુકોને ચાર ભાગમાં વેહેંચી નાખ્યાઃ—બાર હજાર સવાર રૂમનાં લશ્કરને ઇરાન તરફ ઉતરવાનો અટકાવ કરવા સારૂં રૂમમાં રાખ્યા, તથા બાર હજાર સવાર જાબુલીસ્તાનની સંભાળ સારૂં તથા બાર હજાર સવાર ઉગમણુ દીશા તરફની સંભાળ સારૂં, અને બાર હજાર સવાર ખુરા-

સાંનના મલુકમાં રાખ્યા કે અહેતલથી તુરાની લશ્કરની ધાસ્તી નહી રેહે. મગર એ ચારો તરફનાં લશ્કરના સરદારો ખુસરોના હુકમ પ્રમાણે ચાલે એવો ઠેરાવ કીધો.

જે ખજાનો પોતાના બાપ પાદશાહ હોરમજદનો હતો તે તેના રવાનની ખુશનુદીને નામે દુરવેશો તથા ગરીબોને વેંહેચી આપ્યો અને બંદુ તથા ગુસ્તેહમ (બધે મામા), જે એઓએ હોરમજદને કતલ કરવા માટે તેમના પણ જીવ લેવામાં આવ્યા હતા, તેઓનાં સગાંવાહાલાંઓને પકડી મંગાવી ગરદન માર્યાં.

પછી ખુસરોએ પોતે દરેક રાત દીવસમાં શું શું કામ કરવામાં રોકાયલું રેહેવું જોઇયે તેનાબી ચાર ભાગ કીધા. તે મધે પેહલા ભાગના વખ્તમાં વજીર સાથે બેસીને દુનીયાનાં કામકાજની તથા લશ્કરી ખાતાંની મશવરેત કરતો; બીજા ભાગના વખ્તમાં રામશગરો તથા શાદીરામશનીની વાતોમાં ગમત કરતો ને તે વખ્તે દુખભરેલી વાતો પર ધ્યાન આપતો નહી; ત્રીજા ભાગનો વખ્ત ખોદાતાલાની નીયાએશ અને બંદગીમાં ગુજારતો; અને ચોથા ભાગના વખ્તના બે વીભાગ કીધેલા હતા, તેમાં પેહલા ભાગમાં નજુમીઓ સાથે બેસી અસમાનના સીતારાની ચાલ બાબે વાતચીત કરતો, તથા બીજા વીભાગમાં પોતાનાં જનાનખાનાંમાં એશઆરામ કરતો.

એજ રીતે વળી એક મહીનાના ચાર હફ્તા મુકરર કીધેલા હતા, તેમાં પેહલે હફ્તે તાલીમબાજોને સાથે રાખી મેદાનમાં દડીદાવ તથા તીરઅંદાજીની કસરત કરતો; બીજે હફ્તે જંગલોમાં તથા પાહાડો ઉપર શીકાર કરવા જતો; ત્રીજો હફ્તો બે કામના શૅગલમાં રોકતો—પેહલાં શતરંજ તથા નર્દની બાજી ખેલતો, પછી દાના ઉસ્તાદને સાથે બેસાડી લખવાનો તથા વાંચવાનો અભ્યાસ કરતો; ચોથો અને છેલો હફ્તો મલુકોના આવેલા એલચીઓને હજુરમાં બોલાવી તેઓનાં લાવેલાં નામાનો જવાબ લખાવી તેઓને લાયકનો સરપાવ આપી વીદા કરવાના કામમાં મશગુલ થતો.

ભવીષના પાદશાહનો જનમ.

ખુસરોની પાદશાહીનાં છઠાં વરસમાં રૂમના પાદશાહની દીકરી મરીયમને પેટે એક દીકરાએ જનમ લીધો. તે વખ્તની રીત પ્રમાણે ખુસરોએ બાળકના કાનમાં કહીને તેનું કોબાદ નામ રાખ્યું અને જાહેરીમાં શીરોય કરી નામ પાડયું. સીતારેશનાસોને બોલાવી શીરોએનો સેતારો જોવાડયો, તે તપાસી નજુમીઓએ જવાબ દીધો કે "શીરોયથી દુનીયાનાં કામમાં નુકસાની પેદા થશે અને લશ્કર તેને માન આપશે નહી."

આ ફાલ જોઇને ખુસરો ઘણો દલગીર થયો. એક હફ્તા સુધી એવાનમાં ભરાઇ રહ્યો, અને કોઇની મુલાકાત લીધી નહી, તેવારે સરદારોની એલતેમાસથી વડા મોબેદે જઇને સમજાવ્યું કે "દુનીયામાં જે બનાવ બનવાનો હોય—શું શાદીનો કે શું ગમીનો—તેની વીરૂધ જતાં અટકાવ થઇ શકતો નથી. ગમનો બનાવ સેતારાની ચાલ પ્રમાણે જે હશે તે તો બનવાનોજ, ત્યારે દાનેશમંદ આદમીને લાજમ નથી કે તે બાબે ગમ ખાવો જોઇયે. પણ ખોદાની યાદમાં મશગુલ રહીને પોતાનો વખ્ત હરદમ ખુશાલીમાં ગુજારવો જોઇયે."

ત્યારે ખુસરો એવાનમાંથી બાહેર નીકળ્યો અને સીતારેશનાસે લખી આપેલી શીરોએની જન્મ પત્રી મોહોરબંધ જામદાર ખાનામાં રખાવી. પછી ખેશી થઇને ખુસરોએ રૂમના પાદશાહ ઉપર મુબારકબાદીનું એક પત્ર લખી મોકલ્યું કે "તારી શાહજાદી મરીયમને પેટે એક દીકરાએ જન્મ લીધો છે, જેનું નામ (કોબાદ) શીરોય કરી રાખેલું છે તે તુંને મુબારક હોજો."

રૂમી કએસરનું નામું.

આ ખુશ ખબરથી રૂમી પાદશાહે ઉમદા હદીયો તૈયાર કરી એક ખાનગી નામના સરદારને નામનો જવાબ લખી આપી ખુસરો પાસે મોકલ્યો; તેમાં લખ્યું કે "હમારી ઇસા પેગમબરની સુળી ઇરાનના સ્વાધીનમાં છે તે હમોને નવાજેશ કરો તો રૂમીઓ ઉપર મોટું

હેસાન કીધેલું હમે સમજીને તમારા હકમાં રાતદીન દુવા માંગીશું. આ હમારી એલતેમાસ આગળ તો કંઇ વજનદાર નથી, મગર દુનીયામાં સુળી મળ્યાથી હમારી દીનની રોશનીમાં વધારો થઇ પડશે અને રવીવારને દીવસે ખોદાની બંદગી કરતી વખ્તે દીલગીરી બતલાવનારાઓ સુળીને ખુશબોઇથી ધ્રુપીને સેજદો કરશે. તેમ થવાથી તમારી ખરેખરી દોસ્તી રૂમી સાથે છે તેમ બોલવામા વાંધો રેહેશે નહી, અને ફ્રેદુનના વખ્તથી આપણા બંને રાજમાં કીનાકપટ અને ખુનરેજીનો હીંગામ આજ સુધી જારી રહેલો છે તે હવેથી તદન દુર થઇ જશે."

ઇસાની સુળીની કાહાણી.

આ નામું વાંચી ખાનગીને ખુસરોએ તેની લાયકી પ્રમાણે એક મહીનો સુધી પોતાની સાથે રાખ્યો. પછી ખુરરાદ બુર્ઝીન પાસે નામાના જવાબમા લખાવ્યું કે—"મારી ઉપર મુસ્કેલ વખ્ત આવી પુગો તેવારે તુંએ મારો બાપ થઇનિ મને કીમતી મદદ કીધી છે, તેની સાથે દીકરી આપીને ખેશી કીધાથી ખોદાતાલાએ મને ફરજંદ આપ્યું છે, તેથી તારો ઉપકાર માનું છું. બીજું, તુંએ પાકીજે દીન અને રવીવારની ક્રીયા બાબે લખ્યું તે જાણ્યું છે; મગર હમારે તો જુની દીનની સરીયતે ચાલતાં શરમાવું નહી જોઇયે, કારણ કે દુનીયામાં હુશંગની દીન કરતાં બાલાતર બીજી દીન કોઇજ નથી. તેમાં ઇનસાફ, નેકી, મરીયાદા, અને દયા એ સઘળું હોય છે, અને તેમાંથી આસમાનની ચાલનું જ્ઞાન પણ મળે છે. વળી યજદાનની હસ્તી અને તેની એગાનગી અને તેનો કોઇ શરીક અથવા ફરજંદ નથી એવા બુલંદ વીચાર જે દીલમાં સમાતા નથી તેની દલીલ પણ એ દીનમાંથી મળી શકે છે, તે ઉપર હું તો ભરોસો રાખનાર છું.[1]

"તમે ઇસાની સુલી બાબે માંગણી કીધી છે તે વીશે તો એવું કેહેવાયલું છે કે ઇસા ખોદાનો દીકરો હતો, તેને દુશ્મનોએ સુલી દીધો તેવારે તે હસી ખુશી થઇને પોતાના બાપ (ખોદા)ને જઇ મળ્યો. તેની સુળીનું નકામું લાકડું જે અર્દશીર બાબકાને ઇરાનમાં લાવી મેળેલું છે, તે મંગાવાને દીલગીરી જણાવોછો તે વાતથી તો લોકો તમારી હસી કરશે. વળી મારે સારૂં મોબેદો એવું ગુમાન ધરાવતા હતા કે તારી દીકરી મરીયમની સાથે પરણવાની મતલબથી હુંબી ઇસાઇ ધર્મ પાળતો હતો; તેમ છતાં સુલીનું લાકડું હમણાં જે હું તારી પાસે મોકલું તો મોબેદો મારી બદગોઇ કીધા વગર રેહેશે નહી. માટે એ સીવાય બીજી જે તારી ખાહેશ હોય તેની તું એલતેમાસ કરે તો તે અદા કરવાને હાજર છું.

"બીજું, તેં જે કીમતી હદીયો મોકલ્યો છે તે શીરોએને નામે ખજાનામાં દાખલ કીધો છે, પણ શીરોએથી હમેશાં મારૂં દીલ ફીકરમાં ગીરફતાર છે, કારણ કે તે મોટો થશે એટલે તેને હાથે ઇરાન અને રૂમની ખરાબી થનાર છે. મરીયમને વીશે વળી તને જણાવું છું કે તે મારી દીન પ્રમાણે ચાલવા ઉપર ધ્યાન આપતી નથી અને ઇસાઇ ધર્મ પાળેછે."

પછી પેલા ખાનગી નામના રૂમી એલચીને આ નામું સપુરદ કરીને તેને બેશુમાર હદીયો આપી રૂમ મોકલ્યો.

ખુબસુર્ત શીરીન.

ખુસરો શાહજાદો હતો ત્યારથીજ શીરીનના ઉપર લોભાયલો હતો. પણ હોરમજદના કતલ થવા બાદ તેને બેહરામ સાથની લડાઇમાં લાંબા દીવસ સુધી મશગુલ રેહવું પડેલું હતું, જેથી તેણીની જુદાઇનોબી ગમ ખાવો પડેલો હતો. હવે નચીંત થવા પછી એક દીન શીકાર કરવા જતાં માર્ગમાં શીરીન પોતાના ઝરૂખા ઉપર ઉભેલી જણાઇ. તેણીએ ખુસ-

[1] જુની દીનને ફિર્દુસી હમેશાં જરતોશ્તી દીનને બદલે કોઇ વાર કયોમર્સની અને કોઈ વાર હુશંગની દીનને નામે ઓળખાવી જાય છે. તેનો સબબ જણાતો નથી. આ જુની દીનમાં જે કાંઈ ખુબીછે તે બાબે આપણા શાયરે આ ઠેકાણે ટુકમાં વર્ણન આપ્યું છે તે તદન ખરૂં અને જરતોસ્તી મજહબ બાબેની તેની ખબરદારી સાબેત કરનારૂં છે.

રોને કહ્યું કે "આગળના કોલકરાર તું ભુલી ગયો છે."

ખુસરોએ ૪૦ માણસોને સાથે આપી શીરીનને પોતાના મેહલમાં મોકળી દીધી. શીકારધાથી કેટલેક દીવસે શેહેરમાં આવ્યો ત્યારે સરદારો તથા મોબેદો શીરીનના આવ્યાથી નારાજી થઇને દરબારમાં ગયા નહી. ખુસરોએ કાલાવાલા કરી બોલાવ્યા, ત્યારે જઇને પોતપોતાની પદવી પ્રમાણે બેઠા ખરા, પણ કોઇ કાંઇ બોલ્યા નહી. પછી એક મોબેદ ઉભો થઇ બોલ્યો કે—"અએ પાદશાહ! બદ ખાનદાનથી નેકી કોઇ મેળવતું નથી, પણ બદીજ ભોગવવી પડે છે. અફ્રાસીયાબે અગ્રેરસને કતલ કીધો; વળી સેકંદરે દારાને માર્યો; દારાના બાપ દારાબે ફીલકુસની બેટી સાથે લગન કીધાં તે બેટી બદ બુનીયાદ હોવાથી તેને પેટે સેકંદરનો જનમ થયો, તે તો દારાનો ભાઇ કેહવાય, પણ માતાની બદીએ અસર કીધાથી સેકંદરે બદ કામ કીધું હતું. જોકે સેકંદર ફીલકુસને બાપ કરી બોલતો હતો, મગર દારાબને તોખમનો હતો. માટે અએ ખુસરો! બદ માદરને પેટે શીરીન પેદા થયલી છે, તેથી તું નેકી નહી પામશે. શીરીનના કરતાં વધારે બુજોર્ગ તોખમની ખુબસુર્ત ઓરતો શું તુંને નથી મળવાની?"

આવા મોબેદનાં સવાલનો જવાબ ખુસરોએ તરત દીધો નહી, પણ ફરી એક દીવસે દરબાર ભરીને એક સુનાની સુંદર તસ્ત મંગાવી તેને લોહીથી ભરપુર કરી સરદારોની આગળ મેળી અને પુછ્યું કે "તસ્તની અંદર શું છે?"

તેઓ બોલ્યા કે "નાપાક લોહી છે."

પેલું લોહી ધોલી નાંખ્યું, અને તસ્તને પાછી સાફ કીધી. પછી તેજ તસ્તમાં શરાબ રેડી તેને ભરપુર કીધી. ત્યારબાદ તેને ગોલાબ કસ્તુરીથી ખુશબોદાર કરી સભા આગળ મેળી, અને પુછ્યું કે "આ તસ્તમાં શું છે અને તે કેવો છે?"

સરદારોએ જવાબ દીધો કે—"તસ્તમાં પાકીજેહ શરાબ છે."

ત્યારે ખુસરો બોલ્યો કે "શીરીન ઇરાનીઓની નજર આગળ પલીદી ભરેલી તસ્ત હતી, મગર હવેથી મારા એવાનમાં આવ્યાથી તેજ તસ્ત ખુશબોઇ ભરેલી પાકીજેહ થશે, એવું હું જાણું છું." હવે મોબેદોએ રજા આપવાથી પાદશાહે શીરીનને મેહેલમાં રાખી.

ખુસરોની મેહેરબાની મરીયમ ઉપર દીન ઉપર દીન વધતી ચાલેલી જોઇ શીરીનને અદેખાઇ પેદા થઇ, તેથી શીરીને ઝેર દઇને મરીયમને મારી નાખી; પણ તે વાતથી સર્વે અંજાણ્યાં હતાં. ખુસરો હવે શીરીન ઉપર મમતા વધારતો ગયો.

શાહજાદો શીરોય.

મરીયમનો કારોબાર બધો શીરીનને હવાલે કીધો ત્યારે શીરોયની ઉમર ૧૬ વરસની હતી. તેને એક મોબેદ કેળવણી આપતો હતો, તેણે એક દાહાડે શીરોયને જોયો ત્યારે તે "કલીલે" નું દફતર આગળ રાખી વરૂનો સુકાઇ ગયલો પંજો ડાબા હાથમાં પકડીને બેઠેલો હતો. એક ભેંશનાં જેવાં બદનને ગાયનું જેવું માથું હતું, તેવા આકારની મુર્તીની ઉપર તે પેલો વરૂનો પંજો અફાળતો હતો. તેવી હાલતમાં શીરોએને જોઇને મોબેદે સઘળી બીના ખુસરોને જાહેર કરી કહ્યું કે "આ છોકરાની જનમપત્રીબી મારેજ હાથે થયલી ખજાનામાં છે; તેજ પ્રમાણેની રમત રમતો જણાય છે."

ખુસરોએ શીરોએને કેદ કીધો. તેના (શીરોએના) લાગતાવળગતા ત્રણ હજાર માણસો હતાં. ૪૦ માણસોની નેથેબાનીમાં શીરોએને નજર કેદ રાખ્યો. તેને સઘળી વાતે ખાવાપીવાની અને એશઆરામની છુટ આપેલી હતી, તેથી તે પોતાની બેહનને સાથે રાખતો હતો.

જોહાકના જમાનાનું પ્રખ્યાત તખ્ત.

જોહાકના વખ્તનું એક તખ્ત હતું તેને ફરેદુને જહીન બુર્ઝીન નામના કારીગરની મારફતે ઝવેરાતથી આરાસ્તા કીધું હતું. જહીનની

ઉતમ કારીગરીના બદલામાં ફ્રેદુને ત્રીશ હજાર દેરમ ઇનામ આપવા સાથે સારી અને આમેલ નામનાં બે શેહરોની હાકમીનું ફ્રમાન લખી આપ્યું હતું. તે તખ્ત અને ગાવની મુર્તીનો એક ગુરૂજ અને સાતે આસમાનના સીતારાની ઝવેરાતથી બનાવેલી મુર્તીઓ, એવી ત્રણ ચીજ મેળીને ફ્રેદુન મરણ પામ્યો. પછી મીનોચેહર, કેખુસરો, લોહોરાસ્પ અને ગુસ્તાસ્પના વખ્ત સુધી પેલાં તખ્તને સુધારતા ગયા. ગુસ્તાસ્પના વખ્તમાં જામાસ્પ હકીમે તે તખ્તના ઉપર નવો સુધારો એવો કીધો કે માહતાબના આસમાનથી તે શનીશ્વરના નવમા આસમાન સુધીની મુર્તીઓનો ચીતાર તેમાં દાખલ કીધો. જ્યારે સેકંદરનો દોર ચાલ્યો ત્યારે તેણે તે તખ્તને ભાંજી ફ્રોડીને નકામું કરી મેલ્યું. અર્દશીર બાબકાને તેને પાછું સુધારવામાં કોશેશ કીધી, પણ તેની અસલીયાતની ગોઠવણ શી રીતે હતી તે હાથ લાગી નહી.

તખ્તે ખુસરો.

શેવટે ખુસરો પરવીજે એ તખ્તની હકીકત સાંભળી ત્યારે તેણે તેને નવું બનાવવા સારૂં તપાસ કીધી. જામાસ્પ હકીમે તે તખ્તને જે રીતે આરાસ્તા કીધેલું હતું તે બાબતના લખેલા લેખ મોબેદોને હાથ લાગવાથી ખુસરો પરવીજની આગળ તે તેઓએ લાવી મેલ્યા, જે જોઇને તે ઘણો ખુશી થયો, અને પછી તખ્તનું કામ ચાલુ કીધું. એ કામ મધે ૧૧૨૦ ઉસ્તાદો હતા. દરેક ઉસ્તાદની સાથે ૩૦ લેખે શાગેર્દો હતા, જેઓ રૂમી, બગદાદી અને પાર્સી જ્ઞાતના હતા. જ્યારે તખ્તને નવેસરથી બનાવીને ઉભું કીધું ત્યારે તેની બુલંદી ૧૦૦ (રસ) ગજની, અને લંબાઇ ૧૨૦ ગજની, તથા પોહોળાઇ ૭૦ ગજની હતી. એક મહીનાના ૩૦ રોજ મધેના દરેક રોજે બામદાદે જુદી જાતનો ફ્રશ તેમાં બીછાવેલો રેહેતો. એ પરવીજનાં તખ્તના દશ ભાગ કીધેલા હતા. એક લાખ અને ચાલીશ હજાર સુનામાં મઢેલા પીરોજાથી ચીતારો કાહાડેલા હતા અને તે ઉપર રૂપાંની મેખો કામે લગાડેલી હતી, કે જે દરેકનો વજન ૬૬ મીસકાલનો હતો. જ્યારે આફ્તાબ મેશના બુરૂજમાં આવે ત્યારે તે તખ્તની સનમુખ બાગ અને તખ્તની પાછલ મેદાન નજર આવતું, અને જ્યારે આફ્તાબ સીંહના બુરૂજમાં આવે ત્યારે તખ્તની સનમુખ મેદાન અને તખ્તની પાછલ બાગ નજર આવતો. વળી જ્યારે તીર મહીનાના જશનનો અને મેવાનો હીંગામ આવે ત્યારે તખ્તની સનમુખ મેવાનાં ઝાડ અને બાગ નજર આવતાં. થંડીનો અને ઝાકળનો આસેબ તખ્ત પર બેસનારાને નડતો નહી હતો. તે તખ્તની દરમયાન ૧૨) રાસી બુરૂજ અને ૭) સેતારાનો નમુનો બતલાવેલો હતો. દરેક બુરૂજમાં ચંદ્રમાહ (ઇત્યાદી સેતારા)નું દાખલ થવું જોનારાને માલુમ પડતું હતું, અને કેટલી રાત ગુજરી છે અને કેટલો દીવસ ચહડયો છે તે સર્વે દેખાઇ આવતું હતું.

એ તખ્તનું કામ સુનાં રૂપાં અને તમામ ઝવેરાતથી બનાવેલું હતું. તે પર કેટલો ખરચ લાગો હશે તેની ગણત્રી થઇ શકતી નહી હતી. એ તખ્તમાં વળી બીજાં ત્રણ (નાધલાં) તખ્તો હતાં, તેમાં એકનું નામ "મેપસાર" યાને ભેંસનાં માથાંની શીકલનું, તેમાં રૈયત લોકની બેઠક હતી. બીજું "લાજવર્દ" નામનું, તેમાં લશ્કરી લોકની બેઠક હતી. ત્રીજું "પીરોજા" નામનું, તેમાં ઉમરા લોકો બેસતા હતા. એક ફ્રસ તમામ ઝવેરાતને સુના સાથે ગુંઠીને તેમાં આસમાનનો નકશો બનાવી સુરજ અને સાત સીતારાનો ચીતાર જાહેર કીધેલો હતો; તેમજ વળી હફ્તે એકલીમનો નકશો બનાવીને ૪૭ પાદશાહો ચીતારેલા હતા. તે ફ્રસ ૫૭ ગજ લાંબો હતો, અને તેને તુર્કસ્તાનમાં બનાવતાં ૭ વરસે તૈયાર કરી ઇરાનમાં લાવ્યા હતા. ફ્રવદીન મહીનો ને હોરમજદ રોજે ખુસરોએ તે ફ્રસ બીછાવી મજલસ કીધી હતી.

બારબદ ગવૈયાની વાત.

ખુસરો પરવીજની પાદશાહીનું ૨૮ મું વરસ હતું, તેવારે તેની ખીજમતમાં સરકશ નામનો

નામીચો ગવૈયો હતો, પણ બારબદ નામના વધારે સારૂં ગાનારને લોકોએ ઉશ્કેર્યો કે ખુસરો જો તારૂં ગાયન સાંભળશે તો સરકશના કરતાં વધારે તુંને ચાહશે. બારબદ દરબારમાં ગયો તે વાતની સરકશને ખબર મળવાથી તેણે દરબાનને કહ્યું કે બારબદને દરબારમાં જવાને દખલ ના આપતો. આ રીતે બારબદને ખુસરોની આગળ જવા નહી દીધાથી નીરાશ થઇને તેણે ખુસરોના બાગબાનને જઈ અરજ કીધી કે જેવારે પાદશાહ બાગમાં આવે તેવારે મેહરબાની કરી મને બાગમાં છુપાઇ રેહેવા દેજે.

બાગબાને તેમ કરવાને કબુલ કીધા પછી નોરોજને દીવસે ખુસરો બાગમાં ગયો તેવારે બારબદ નીલો પોશાક પેહેરી, નીલા રંગનું પોતાનું વજંત્ર સાથે રાખી, એક સરવનું નીલું ઝાડ જે ખુસરોની બેસવાની જગાની નજદીકમાં હતું તે ઉપર ચહડી બેઠો. તેવારે રાતનો વખ્ત હતો.

સાકી શરાબની જામ ખુસરોના હાથમાં આપે છે તેવામાં બારબદે પોતાનું વજંત્ર વગાડીને "દાદ આફ્રીદ" નામનું ગાયન શરૂ કીધું, જે અચબુચ સાંભળી સઘળા મજલસીઓ અચરત થવા લાગા. ખુસરોએ હુકમ કીધો કે બાગમાં શોધ કરી જે શખ્સે ગાયન ગાયું છે તેને પકડી લાવે. આ વખ્તે બારબદ ખામોશ થઈ બેસી રહેલો હતો. શોધ કરનારાઓએ જાહેર કીધું કે કોઇ બાગમાં તો મળતું નથી.

જેવારે ફરીને સાકી ખુસરોને શરાબની જામ આપે છે તેવારે બારબદે "પેકાર ગર્દ" નામનું બીજું ગાયન ગાવા માંડયું. તે સાંભળી ખુસરોએ શરાબ નોશ કરીને હુકમ કીધો કે ચીરાગો રોશન કરીને બધે બાગમાં શોધ કરી ગાનારને પકડી લાવો. તેમ કીધાથીબી ગાનાર હાથ લાગો નહી તેવારે ખુસરોએ ત્રીજી શરાબની જામ ઉઠાવી, તે જોઇને બારબદે "શબ્જ દર" નામનું ગાયન ઉઠાવ્યું, તે સાંભળીને પાદશાહ ૧૦૦ મણ શરાબની જામ નોશ કરી હોય તેમ બોલ્યો કે "આ ગાનારો ફરેશ્તો તો નહીજ હોય, પણ દેવબી નહીજ હોવો જોઇયે, કારણકે દેવ પાસે ગાવા વગાડવાનો હુનર નથી હોતો; માટે હવે સારી પેઠે શોધ કરી જે કોઈ આ ગાનારને મારી આગળ લઇ આવશે, તેનું મોહોડું તમામ ઝવેરાતથી ભરપુર કરી આપીશ."

આ ખાતરી ભરેલો વચન સાંભળી બારબદે તુરત પેલાં સરવનાં ઝાડ ઉપરથી નીચે ઉતરી પડીને ખુસરોની હજુર આવી ખાકમાં માથું નાખ્યું. ખુસરોએ પુછ્યું કે "તું કોણ છે?" બારબદે પોતાનો હેવાલ જાહેર કરતાં, સરકશની ઉશ્કેરણીથી દરબાને તેને હજુરમાં આવવા નહી દીધેલો તે સર્વે બયાન કીધું. તે સાંભળી ખુસરોએ સરકશને ઠપકો આપી કહ્યું કે "બારબદનાં ગાયન અને વજંત્રથી તુંને અદેખાઇ આવી માટે તેને દરબારમાં દખલ નહી આપ્યો; મગર બારબદના મધુર ગાયનની આગળ તારૂં ગાયન તો બેળીયા જેવું કડવું છે."

એ પછી ખુસરો બારબદ જીવ્યો ત્યાંસુધી તેનું ગાયન સાંભળતો; અને બધા ગાનારાને માથે તેણે બારબદને સરદારી આપી.

મદાઇનનો નવો મેહેલ.

નેવું વરસની ઉમરના એક પાર્સીના બતલાવ્યા ઉપરથી નવા મદાયન શેહેર વીશે તથા તે મધેના ખુસરોના મેહેલ વીશે બયાન કરૂં છું. દેશે દેશથી ખુસરોએ ઈમારત બાંધનારા ઉસ્તાદ કારીગરોને બોલાવી તે મધેના સર્વેથી સરસ ૩૦ ઉસ્તાદોને પસંદ કીધા, તેમાં ૨૦ રૂમી અને ૧૦ પાર્સી હતા. રૂમીઓ મધે એક ઉસ્તાદ નજુમીબી હતો, જેને ખુસરોએ કહ્યું કે "મારૂં ફરજંદ ત્રીસ વરસ સુધી જેમાં આશાયસ સાથે રેહે, તેને તાપ અથવા વરસાદ અને પવનનો આસેબ નહી લાગે, તેવો એક અએવાન બનાવી આપ." ઉસ્તાદે અએવાનની ભરત કરી પાયો નાખ્યો અને કેટલીક દેવાર બુલંદી ઉપર ચહડાવીને ખુસરોને કહ્યું કે "(૪૦) દીવસ રહીને પાછું કામ ચલાવવામાં આવશે." ખુસરોએ જવાબ દીધો કે "એટલી

બધી ઢીલ નહી થાય. ખરચ જે જોઇયે તે આપું છું તે લઇ કામ ચલાવ." ઉસ્તાદે વીચાર કીધો કે કાચું કામ કરાવ્યાથી ઇમારતને નુકસાન લાગશે ત્યારે પાદશાહ મને બદનામી આપવાની સાથે દંડી મારશે; તેથી તેણે છટકી જવાનો વીચાર કરી ત્રીશ હજાર દીરમ માંગ્યા, અને કામ ચલાવવાની હા પાડી. પછી એકાએક રાતને વખ્તે નાહાસી ગયો, તે શોધેલો હાથ લાગો નહી. ખુસરોએ બધા રૂમી કારીગરોને કેદ કીધા, અને પાછું કામ ચલાવવા સારૂં હવાજ તરફથી કારીગરોને બોલાવી મંગાવ્યા, પણ તેઓ તે કામમાં હાથ ઘાલી શકયા નહી.

ચાર વરસ નીકળી ગયાં એટલે પેલો રૂમી ઉસ્તાદ જણાઈ આવ્યો તેને ખુસરોએ પકડી મંગાવીને નાહાસી જવાનું કારણ પુછયું. તે બોલ્યો કે ઇમારતની બુલદી વધારે રાખવાનું તુંએ પસંદ કીધું, પણ તેમ રાખવાથી તો ધાસ્તી ભરેલું કામ થાય; તોપણ તુંએ માન્યું નહી તેથી હું નાહાસી ગયો હતો. હવે કેટલોક સુધારો કરવાની જરૂર છે તે જો તું કબુલ કરે તો ઉસ્તવાર પાયા ઉપર અએવાન બાંધી આપું."

ખુસરોએ તે વાત કબુલ કીધાથી ઇમારતનું કામ ચાલુ કીધું, અને પેલા રૂમી કારીગરોને કેદ કીધા હતા તેઓને ઇનામ આપી છોડી દીધા. એ પછી ૭) વરસે મદાયનવાળા મેહેલનું કામ[1] પુરૂં થયું હતું. આ પાદશાહી એવાનમાં નોરોજને દીવસે પાદશાહ તખ્તપર બેસતો, તેની આગળ વડો દસ્તુર બેસતો, જેની નીચે સરદારો બેસતા, તેમની નીચે બાજારના લોક બેસતા, અને તેમની નીચે દુરવેશો બેસતા. એ રીતે મજલસ આરાસ્તા થવા પછી એક શખ્સ શીખામણના વચનો કહી સંભળાવતો. એ દીને બંધવાઓને છોડી દઈ પાદશાહ દુરવેશોને સખાવત કરતો હતો.

પાદશાહ ખુસરોના ખજાના.

ખુસરો પરવીજના જેવી જાહોજલાલી તથા દોલત ખજાનો અગાડી કોઈ પાદશાહો ધરાવતા નહી હતા એવું તવારીખ લખનારા બોલેછે. તુર્કસ્તાન, હીંદુસ્તાન, રૂમ વગેરે તમામ સરજમીનના તથા ટાપુઓના પાદશાહો તેને ખંડણી આપતા હતા. પેહલો તેનો ખજાનો "ગંજે અરૂસ" નામનો, બીજો "ગંજે બેજરા" નામનો, ત્રીજો "ગંજે બારબદ" નામનો, ચોથો "ગંજે શાદવર્દ" નામનો, પાંચમો "ગંજે બાદ આવોર્દ"[2] નામનો, છઠો ખજાનો "દીબેએ ખુસરવી" નામનો, સાતમો "ગંજે અફ્રાસીયાબ" નામનો, અને આઠમો "ગંજે સોખ્તે" નામનો હતો. બારબદ અને સરકશના ઉપરીપણાં નીચે બાર હજાર રામશગરો હતા. વળી તેના બારશો જંગી પેહેલવાનો હતા. ખુસરોના તબેલામાં ખાસા ૪૯૦૦૦) ઘોડા હતા, અને ૧૦૦૦૦ ખચર તથા બોજો ઉઠાવનારા ૧૨૦૦૦) ખચર, અને લડાએક સવારો તો હજારો હજાર (એક લાખ) હતા.

---

૧ ફિર્દુસી જેને મદાઇનનો મેહેલ કહે છે તે દસ્તગર્દ શેહેર ખાતેનો હોવો જોઇયે. એ જગા પોતાનાં મુખ્ય પાયતખ્ત તરીકે ખુસરોએ પસંદ કરીને ત્યાં નવો મેહલ બંધાવ્યો હતો. આ ઉપરાંત મશીતા અને કેન્જાકા ખાતે પણ તેણે નવા મેહલો બંધાવ્યા હતા. તેમજ વળી તાકે બોસ્તાન ઉપર રમતગમત વગેરેના ચિતારો કોતરાવ્યા હતા.

૨ આ ખજાનાનું નામ નીચલાં કારણ ઉપરથી મળેલું લાગે છે. જ્યારે પાદશાહ રૂમી કએસરનાં પાયતખ્ત સુધી ધુજારો લઈ ગયો ત્યારે શેહેનશાહ હિરેકલિયસે કાન્સ્ટાન્ટીનોપલ છોડીને કાર્થેજ ખાતે નાસી જવાનો કસ્દ કીધો, અને તે માટે આગમજથી કેટલોક ખજાનો વહાણોમાં રવાના કરી દીધો હતો. હવે એતેફાક એવો બન્યો કે આ બારકસોને તુફાન લાગ્યું અને ખજાનાનું બારકસ ઇરાનના પાદશાહના હાથમાં આવી ચઢયું. આ ઉપરથી "પવને આણેલો" એવું આ ખજાનાને નામ મળ્યું હતું.

ફસલ ૫—પરવીજની પડતી.

પાદશાહના એક દગાથી ઇરાનનો બચાવ.

ખુશરો પરવીજે અદલ દાદથી જેવી જાહોજલાલી મેળવેલી હતી તેવીજ પાછલા દીવસોમાં બેદાદી કીધાથી તેની પડતી દીશાના અંધારાંમાં તે ગોથાં ખાવા લાગો. લોકો ઉપર જુલમ ગુજારી દોલત એકઠી કરવામાં તે મશગુલ થયો. સરદારો અને રૈયતોનો તેના ઉપરથી વીશ્વાસ ઉઠી ગયો. ફરોખજાદ નામે સરદાર એકલો ખુસરોની આગળ રહેલો. પાછલથી તેનેબી ખુસરોની માઠી ચાલની વીરૂધ્ધ છુપી રીતે ચાલવાની ફરજ પડી, તેથી કેરાજ નામના રૂમની હદમાં રાખેલાં ખુસરોનાં લશ્કરના સરદારે ફરોખજાદ સાથે છુપો સંદેશો ચલાવી રૂમના પાદશાહને ઇરાન ઉપર ચહડાઇ કરવાને ઉશ્કેર્યો અને તેને મદદ આપવાને કબુલ કીધું. આ વાતની યાને કેરાજની નીમકહરામીની ખબર ખુસરોને થવાથી તેણે દાગો કરી કેરાજને નામે એક પત્ર લખ્યો, તેમાં એવું લખ્યું કે "તુંએ રૂમના પાદશાહને ગેરફતાર કરવાની તદબીર શોધી કાહાડીને લખેલું છે તે ઘણી સારી તદબીર છે, માટે તારા હાથ નીચેનાં આપણાં ઇરાની લશ્કરને રૂમીની મદદે લાવતો હોય તેવા ફરેબથી રૂમી પાદશાહની સાથે અત્રે આવવાની કોશેશ કરજે. તેવું જોઇ હમો ત્રણ લાખ લશ્કર લઇ સામણે આવી લાગીશું, એટલે રૂમી વચે ઘેરાઇ જશે તેને કેદ પકડી લઇશું."

આ નામુ એક હુશીયાર એલચીને એવું સમજાવીને આપ્યું કે કેરાજની તરફ જતાં ભુલો પડયો હોય તેવા હેતુથી રૂમનાં લશ્કરમાં દાખલ થજે. તુંને પકડીને પુછે તો ઘણી ખરી આનાકાની કરીને જવાબ દેજે કે "ખુસરોનું નામું કેરાજને પોહોંચાડવા જતાં અત્રે ભુલો પડયો છું."

એલચી રૂમ જઇ પુગો, રૂમીના લશ્કરમાં પકડાયો, અને તેની ઝડતી લેતાં એક પત્ર મળ્યું. તે વાંચવાથી રૂમના પાદશાહે પોતાના લશ્કરને જાહેર કીધું કે "ખુસરો ત્રણ લાખ લશ્કર લઇને નીકળી આવે છે, અને કેરાજ આપણને ફરેબ દઇને ઇરાન લઇ જઇ ખુસરોને હાથ કેદ પકડાવાની વેતરણ કરે છે એવું આ કાગજથી માલુમ પડે છે; માટે આપણે પાછા ફરીને રૂમ જઇએ તો સારૂં." લશ્કરે કબુલ કીધાથી કએસરે રૂમ જઇને કેરાજ ઉપર ઠપકો લખ્યો કે તુંએ હમોને ફરેબ દીધો. કેરાજે ઘણીબી રીતે લખીને પોતાની સચાઇનો ખુલાસો કીધો પણ રૂમીઓએ તે માન્યું નહી.[1]

૧ ઘણી નવાઇની વાત છે કે ખુસરો પર્વીજના ૩૬ વરસોના લાંબા અમલને દરમયાન તેને રૂમીઓ સાથ ભારી લડાઇઓ ચલાવવી પડી હતી તે છતાં આપણો શાયર તે બાબે કશો હેવાલ આપતો નથી યા ઇશારો પણ કરતો નથી. રૂમીઓ સાથનું ખુસરોનું જંગ ૨૬ વરસો સુધી ચાલુ રહ્યું હતું, અને તેનાં મરણ પછીજ તે બંધ પડયું હતું. એવું જણાય છે કે પોતાના સસરા મૉરિસ શેહનશાહની હયાતી સુધી યાને ખુસરોના અમલનાં પેહેલાં ૧૧ વરસો સુધી ઈરાન અને રૂમ વચ્ચે દોસ્તી ચાલુ રહી હતી. મૉરિસના લાંબા અમલથી કંટાળીને રૂમીઓએ તેની સામે બળવો ઉઠાવી તેને તથા તેનાં બાળકોને જબે કીધાં, તેથી ખુસરોનો મિજાજ ગયો અને તેણે નવા કએસર ફોકસ સામે લડાઈ ઉઠાવી (ઈસ્વી ૬૦૩). આ લડાઈમાં શરૂઆતથીજ ખુસરોની ફતેહ થતી ચાલી. તેણે પોતાના સસરાને આપી દીધેલાં શેહેરો અને પ્રાંતો પાછાં જીતી લીધાં. તેણે દારાનો મજબૂત રૂમી કિલ્લો હાથ કીધો, અને સીરીઆ, કેપેડોશ્યા અને પેલેસ્ટાઈનમાં અનેક ફતેહો મેળવી. જેરૂસલેમ તાબે થયા બાદ ત્યાં યહુદીઓએ ક્રીસ્ટીઓની જબરી ખૂનરેજી ચલાવી. જે પછી ખુસરોએ આખો એશિયા મૈનરનો રૂમી મુલ્ક હાથ કરીને ઈસ્વી ૬૧૬ માં મિસર ખાતે લશ્કર મોકળાવ્યું અને તે દેશ પણ રૂમીઓ કનેથી લઈ મુકયો. જેરૂસલેમ ખાતેથી ખુસરોને જે લૂટ મળી તેમાં હજરત ઇસાને સૂળી

બે બળવાખોર સરદારો.

બીજા હાથ ઉપર ખુસરોએ રૂમીના ધસારાથી અને કેરાજની છુપી દુશ્મનીથી નીરાંત થઇ કેરાજ ઉપર નામું લખ્યું કે અત્રેનાં રૂમમાં રાખેલાં લશ્કરને મારી સામણે ઉશ્કેરવાને બદલે એકદમ અત્રે મોકલી દેવું જોઇયે. આ નામું વાંચી કેરાજે ૧૨૦૦૦) લશ્કર, જે તેની સરદારી નીચે હતું, તેને લઇ ખુરેહ અર્દશીરમાં જઇ છાવણી નાખી, ત્યારે ખુસરોએ ફરોખજાદને મોકલી લશ્કરને દપકો દીધો કે "તમે રૂમના પાદશાહ સાથે મળી ગયા હતા, તેમાં તમે નીમકહરામી કીધેલી છે." ફરોખજાદે આમ લશ્કરને જાહેર રીતે દપકો આપ્યો, પણ અંદરખાનેથી તે કેરાજ સાથે એકદીલ હતો તેથી લશ્કરને દેલાસો આપી કહ્યું કે "તમારે પાદશાહનો કંઇ ડર રાખવો નહી, હું (ફરોખજાદ) અને મારો ભાઇ રૂસ્તમબી ખુસરોથી કંટાળી તેની સામણે થનાર છીયે, માટે તમે ખુસરોની આગળ આવી તેને અને મનેબી ગાળો દેજો." એવું લશ્કરને કહીને ફરોખજાદ પાછો ખુસ-

દેવાનો કરૂસ પણ હતો. ફિર્દુસી આપણને જણાવી જાય છે કે એ કરૂસ પાછો મેળવવાની માંગણી મૉરિસે કરી હતી. પણ ખરી વાત તો એ છે કે મૉરિસના વખતમાં યા તે આગમજ એ કરૂસ ખુસરોના હાથમાં આવ્યોજ ન હતો.

એક તરફથી આફ્રિકામાં છેક ઇથિયોપિયા સુધી ઈરાનનો વાવટો ફરતો થયો ત્યારે બીજી તરફથી ખુસરોએ રૂમી પાયતખ્ત સુધી લશ્કર લંબાવ્યું. અને કૉન્સ્ટાન્ટીનોપલ શેહરવાળી અર્ધી મૈલની ખાડીની આ પારે આવેલાં ચેલ્સીડન શેહેરને ઘેરો નાખ્યો. જો આ કિલ્લો હાથ આવત તો પાયતખ્ત પણ એક સપાટામાં તાબે થાત. પણ તેમ થાય તે આગમજ નવો ઠરેલો કએસર હિરેકિલયસ ઈરાની સરદાર શાહનને મળવા આવ્યો, અને ભારી અરજગુજારીથી સુલેહ ચાહી. પાદશાહ ખુસરોએ જો આ સુલેહ કબૂલ રાખી હોત તો તેમાં ખચીત ઇરાનને મોટા મોટા લાભો થાત; પણ પાદશાહે પોતાની ફતેહોથી ફુલી જઈ રૂમીઓ સાથ સુલેહ કરવાની ના પાડી, અને ચેલ્સીડન તાબે કીધું. પણ માઠાં ભાગ્યે ઈરાનીઓ કને દરિયાઈ કાફલો નહિ હોવાથી રૂમી પાયતખ્ત અર્ધા મૈલપર હોવા છતાં તેઓ ત્યાં લશ્કર રવાના કરી શકયા નહિ. એ પછીનાં ત્રણ વરસોમાં ઇરાને રૂમીઓના બીજાબી મુલુકો તાબે કરી લીધા. એ પછી ૧૧ વરસો સુધી આ સર્વ જીતાયલા રૂમી મુલુકો ઇરાનના તાબામાં રહ્યા હતા. એ મુદતને દરમયાન રૂમી કએસર પાયતખ્ત છોડીને નાસી જવા તૈયાર થયો, પણ તે આગમજ પાસો ફ્લટાઈ ગયો. તે ખુસરોને દર સાલ મોટી રકમની ખંડણી આપવાને કબૂલ થયો, અને કોલકરાર કીધા કે ૧૦૦ સોનાના અને ૧૦૦૦ રૂપાંના સિક્કા, ૧૦૦૦ રેશમી સાયા, ૧૦૦૦ તેજ ચાલના ઘોડા અને ૧૦૦૦ બાંદીઓ રૂમે ઇરાનને આપ્યા જવું. આથી બંને વચ્ચે સુલેહ થઈ અને એ સુલેહની તક લઈ રૂમીઓએ પોતાનાં બળમાં જબરો વધારો કરી દીધો ત્યારે ઈરાનીઓ છેલી ફતેહ પછી નચીંત રહ્યા. હિરેકિલયસે હવે ૬૨૨ નાં સાલથી ઇરાનીઓ સાથ છેટતી શોધી લડાઈ ચલાવી. આગળ લડાઇઓમાં જેમ રૂમીઓની હાર પર હાર ચાલુ રહી હતી, તેમ આ નવી લડાઇઓમાં તેમની જીત પર જીત થવા લાગી. જેવી ખરાબીઓ ખ્રિસ્તીઓ અને તેમનાં દેવળોની ઈરાનીઓએ કીધી યા થવા દીધી હતી, તેવીજ ખરાબીઓ ઈરાનીઓની અને તેમના આતશ કદેહોની હવે થવા માંડી. પોતાના તાબે થયલા મુલુકો પાછા જીતી લઇને કએસર હવે ખુદ ઇરાન ઉપર ઉતરી પડયો અને પાયતખ્ત ઉપર ધુજારો લાવ્યો. આ ગભરાટ કાંઈ થોડો ન હતો. પણ એના બદલામાં ખુસરોએ રૂમી પાયતખ્ત કૉન્સ્ટાન્ટીનોપલ ઉપર ધુજારો લઇ જવાની બાજી રચી. પણ એમાં જ્યારે ઈરાનીઓ નિષ્ફળ થયા ત્યારે રૂમીઓએ દસ્તગર્દનો કિલ્લો જીતી લૂટ ચલાવી. દસ્તગર્દ આ વેળા ખુસરોનું માનિતું શેહેર હતું અને સઘળો ખજાનો ત્યાંજ હતો. ખુસરો મેહેલ છોડીને નાઠો, અને હિરેકિલયસ મેહેલ ફના કરીને પાછો ફર્યો (ઇસ્વી ૬૨૮).

દસ્તગર્દથી મદાઇન અને ત્યાંથી સિલ્યુશિયા ખાતે ખુસરો નાસી ગયો, અને પોતાની જબરદસ્ત શિકસ્ત જોઇને તે પોતાના સરદારો ઉપર જબરો રૂઠયો. આથી તેઓએ કએસરની નવેસરથી ચઢાઈ આણવાનો પ્રપંચ રચ્યો. ફિર્દુસીએ જે ચઢાઈ બાબે આ નોટવાળા ફકરામાં ઈશારો કીધો છે તે આ નવી ચઢાઇ માટેનોજ છે.

રોની આગળ જઇ બોલ્યો કે "લશ્કરી લોકોનાં દીલ ઉસ્કેરાયલાં છે." પાદશાહે ફરોખજાદને એવું કહી પાછો મોકલ્યો કે "તેઓનાં દીલ જે ઉસ્કેરાયલાં છે તે કેરાજની નીમકહરામીથી છે, માટે તેઓને કેહે કે કેરાજને પકડીને મોકળી દેશો તો તમારો છુટકો થશે, નહી તો સઘળાં બીરમાયલાં લશ્કરને હું કતલ કરીશ."

ખુસરોની નાસભાગ—શીરોય.

ફરોખજાદે આ પેગામ લશ્કરને પોંહોંચાડવાને બદલે પોતેજ લશ્કર સાથે મળી ગયો, જેથી પાદશાહને બલવાખોર લશ્કર સાથે લડાઇ કરવી પડી, જેમાં તેની હાર થઈ. આ ઉપરથી તુખાર નામના સરદારે શીરોયને કેદમાં રાખેલો હતો તેને લાવી હવે ખુસરોની જગા ઉપર તખ્તે બેસાડયો. ખુસરો આ બનાવ જોઈ મેહલમાંથી એકાએક શીરીનને સાથે લઇ બાગમાં ભરાઇ ગયો. શીરોય મેહલમાં ત્રણશો સીપાહીઓ સાથે જઇને જુએછે તો ખુસરો ત્યાં ન હતો, જેથી તેણે મેહલને તારાજ કીધો.

બીજે દીવસે ખુસરો બાગમાં ભુખો થવાથી બાગબાનને પોતાના કમરબંધમાંથી ઝવેરાતનો એક ઝુમખો તોડી કાહાડી આપી ગોસ્ત અને રોટી ખરીદ કરવા શેહરમાં આડે માર્ગે મોકલ્યો. બાગબાને રોટીવાળાને પેલું ઝવેરાત આપ્યું તે લઇ બાગબાનની સાથે રોટીવાળો એક ઝવેરીને ત્યાં કીમત કરવા ગયો. ઝવેરીએ કીમતી ઝવેરાત જોઇ શીરોયને જાહેર કીધું. શીરોએ બાગબાનને ધમકીથી પુછયું કે "આ ઉમદા જીનસ કાંહાંથી લાવ્યો?" તેણે જાહેર કીધું કે "બાગમાં કોઈ સવાર રાતનો આવી રહેલો છે તેણે ગોસ્ત રોટી ખરીદવાને મોકલ્યો છે."

શીરોએ જાણ્યું કે તે ખુસરો છે, માટે ૩૦૦) સવાર આપીને ફરોખજાદને ખુસરોને પકડવા બાગમાં મોકલ્યો. ફરોખજાદે ખુસરોની આગળ જઇને કહ્યું કે "તમામ લશ્કર તારો દુશ્મન થયલું છે, માટે બેહતર એજ છે કે તું મારી સાથે તાબે થઇને શીરોયની પાસે આવે તો કંઇબી તારી ઉપર દયા કરવામાં આવશે."

ખુસરોએ જવાબ દીધો કે "હું તાબે થાઉંછું, પણ મારી કમ્બખ્તીનો વખ્ત આવી પુગેલો જણાય છે, કાંયજે મને સૈતારેશનાસે કહેલું હતું કે બે પાહાડની દરમયાન મારૂં મોત આવશે, અને એક દુરના પરદેશીને હાથ મારો જાન જશે. તેમાં એક પાહાડ સુનાનો અને બીજો રૂપાંનો. આસમાનબી સુનાનું હશે, મગર જમીન લોહડાંની હશે, તેવી જગા ઉપર મારૂં મોત આવશે. હવે તેવી નીશાન હવડાં મને માલુમ પડેછે; યાને હવડાં જે લોહેડાંનાં બખ્તર ઉપર હું બેઠેલો છું તે લોહોડાંને જમીન સમજવી અને મારી સુનાની ઢાલ જે ઝાડને લટકાવેલી છે, અને જે મારા માથાં ઉપર દેખાય છે, તેને સુનાનું આસમાન સમજવું, અને મારી બંધે બાજુએ આ બે ખજાનાના ઢગલા છે તેને સુના રૂપાંના બંધે પાહાડ સમજુછું." પછી એક હાથી ઉપર ખુસરોને બેસાડીને બાગમાંથી બાહેર લઇ જતી વખ્તે પોતાનો ખજાનો જોઇ ખુસરો બોલ્યો કે "અરે મારા હાથથી મેળવેલા ખજાના! જ્યારે તું મારા હાથમાં નથી રેહેતો તેવારે તો મારા દુશ્મનના હાથમાંબી તારે રેહેવું ન જોઇયે." શીરોએ હુકમ કીધો કે ખુસરોને કલીનોશની સરદારી નીચે જે ૧૦૦૦ સવાર છે તેની સંભાળમાં વગર ઇજા દેવે આરામમાં મદાયન લઇ જઇને રાખવો.[1]

આ પછી શીરોય ગાદીએ બેઠો,[2] તેવારે આદર મહીનો ને દેપદીન રોજ હતો, અને ખુસરોની પાદશાહીનું ૩૯ મું વરસ હતું.

---

૧ આ વખ્તે ખુસરો સિલ્યુશિયા શેહેર ખાતે હતો કે જે મદાઇનની ઉતરે ટૈગ્રિસ નદીની ઉગમણે આવેલું હતું. અંહીથી પાદશાહને મદાઇન ખાતે લઈ જવામાં આવેલો લાગે છે, તો જોકે ફિર્દુસી એવું કશું જણાવતો નથી.

૨ આપણે ઉપર જોયું તેમ શીરૂય રૂમી કએસરની બેટી મરિયમને પેટનો શાહજાદો હતો, જેણીને પાર કરીને શીરીન નામની નાજનીન ખુસરોનો પ્યાર ખેંચી લઇ બેઠી હતી. રૂમી લખનારાઓ મુજબ ખુસરોની મતલબ પોતાનું તખ્ત શિરૂયને બદલે શીરીનને પેટના એક બેટા મર્દાસ અથવા મર્દાનશાહને આપવાની હતી, પણ તેમ કરવા દેવાને ઇરાની સરદારો નારાજ હતા, અને તેથીજ તેઓને ખુસરો સાથ ખટપટ થઇ હતી અને તેઓએ શીરૂયને કેદમાંથી છોડવી તખ્ત ઉપર લાવી બેસાડયો હતો.

બાબ ૧૧.

નબળા પાદશાહોનો છેલો તબક્કો.

——:o:——

ફસલ ૧--પાદશાહ શીરોય.

દીકરાની બાપને સરજનશ.

શીરોએ[1] બાપનાં તખ્તપર બેસીને ખુરરાદ ખુરજીન અને આસ્તા ગુશસ્પ નામના બે વજીરોને ખુસરો પાસે મદાયન ખાતે મોકળીને કેહેવાડયું કે—"તારી પાદશાહી મને સ્વાધીન કીધી છે તેમાં મારો કાંઇ ગુનાહ નથી, પણ તારોજ છે. જે બાપનું ખુન કરે તે દીકરો પાકજાદ નહી હોય. બીજું એ જે લોકોને રંજમાં નાખીને તુંએ ગંજ એકઠો કીધો છે. ત્રીજું એ જે ઇરાની સરદારો તારા જુલમને લીધે પોતાનાં બચાં છોકરાંને મેળી દઇ, કોઇએ તુરાનમાં તો કોઇએ રૂમમાં જઇ આશરો લીધો છે. રૂમના પાદશાહે તને મદદ આપી ઇરાનનું તખ્ત અપાવ્યું; વળી તે સાથે પોતાની દીકરી આપીને કેટલોક હદીઓ મોકળ્યો, તેના એ માહાભારત હેસાનને તુંએ ભુલી જઈને તેણે માંગેલી ઇસાના સુલી દેવાનાં લાકડાં જેવી નજીવી ચીજ આપીનેબી તેં શરમ નહી રાખી. વળી તારા પોતાના બે મામા, જેઓની કીમતી મેહનતથી તુંને પાદશાહી મળી, તેઓને તેં કતલ કીધા. એવી રીતના તારા ગુનાહના બદલાને બાહાને મને પાદશાહી આપી છે. હું ખોદાના સોગંદ ખાઇને બોલુંછું કે મારી મતલબ તને ખરાબ કરીને પાદશાહી લેવાની નહી હતી, માટે તું ઇરાનના સરદારોની આગળ ખોદા પાસેથી તારા કીધેલા ગુનાહની પશેમાની કરીને માફી માંગ, કે અલબતે તેઓ દરગુજર કરી તને દુ:ખ નહી દેશે. વળી એવીબી જાલેમી તારેથી થઈ હતી કે તારા ૧૬ દીકરાઓને તેં વગર વાંકે આજસુધી બંદીખાને નાખેલા હતા."[2]

આ કલામો શીરોયથી સાંભળીને બંધે વજીરો મદાયન જઇ પુગા, અને કલીનોશની મારફતે ખુસરોની મુલાકાત લેવા ગયા. તે વખ્તે એ પદભ્રષ્ટ પાદશાહ જડાવથી મઢેલી ગાદી (મસનદ) ઉપર સુતેલો હતો તે ઉઠયો. તેના હાથમાં "બીહી" જાતનું એક પોશાએલું ફલ પકડેલું હતું, તે મસનદ ઉપરથી છટકીને જમીન ઉપર પડી ગયું. તુરત આસ્તા ગુશસ્પે દોડી જઇ તેને ઉઠાવી લઇ સાફ કરી પોતાને માથે ચ્હડાવી મસનદ ઉપર લઇ જઇ મેલ્યું, તે જોઇને ખુસરોને બદ ફાલ માલુમ પડી, જેથી

---

૧ આ પાદશાહે આઠ મહિના અમલ ચલાવ્યો હતો, તોપણ તેનાં નામના બે વરસના સિક્કા પડેલા છે. એનું કારણ એ કે ખુસરો પર્વીજ તા૦ ૨૪ મી ફેબ્રુઆરી ૬૨૮ ને દિને પદભ્રષ્ટ થયો ત્યાર પછી તા૦ ૨૧ મી માર્ચ સુધીના દિવસો શીરૂયના અમલનાં પહેલાં વરસ દાખલ ગણાયાથી તે વરસનો તેનો પહેલો સિક્કો પડયો, અને ત્યાર બાદ નવાં વરસ પછી તેણે સાત મહિના પાદશાહી કીધી તે તેના અમલનું બીજું વરસ હોવાથી એ વરસનો પણ સિક્કો પડયો હતો. તેના એજ છેલાં વરસના સિક્કા આજે સલામત છે.

તા૦ ૨૪ મી ફેબ્રુઆરીથી અકટોબરની આખરી સુધી આ પાદશાહનો અમલ ચાલ્યો તે આઠ મહિના ટકયો. આ વખ્તથી ઇરાનમાં અફડાતફડી ચાલી હતી.

૨ કહેછે કે આ શાહાજાદાઓને હિંદુસ્તાન મોકળાવી દીધા હતા અને તેઓના વંશમાં ચીતપાવણ બ્રાહ્મણો જાણીતા છે. મરાઠાઓના શૂરા સરદાર શિવાજીને માટે પણ કહેછે કે તે ઇરાનીઓની ઓલાદનો હતો અને તેનો દેખાવ ઇરાની જેવો હતો. પણ એ સઘળી કથાઓમાં ખાતરી પુર્વક સચાઈ જણાતી નથી. ફિર્દુસી મુજબ તો એ શાહજાદાઓ ઇરાનમાંજ હતા.

આસમાન તરફ મોહોડું કરી બોલ્યો કે "અરે ખોદા! તું જેને તોડી પાડે તેને કોણ ઉઠાડી ઉભો કરી શકે? મારાં કુટુંબનું એકબાલ અંધારામાં ગયું છે. તે હવે ઉજાળાંમાં આવવાની નીશાની માલુમ પડતી નથી." પછી પેલા ખુરરાદ બુર્ઝીન અને આસ્તા ગુશસ્પને કહ્યું કે "મારાં કુટુંબમાંથી હવે પાદશાહી જતી રેહેશે, અને નાલાયક નીચ માણસો તાજના ધણી થશે."

પદભ્રષ્ટ પાદશાહનો[1] પેગામ.

પછી બંધે વજીરોએ શીરોયનો પેગામ ઉપર લખ્યા પ્રમાણે વીગતે વાંચી સંભળાવ્યો. તે સાંભળીને ખુસરોએ શીરોયનાં નામાનો આ રીતે જવાબ લખ્યો:—"હવે મારો વખ્ત નજદીક આવી પુગોછે અને મારૂં ધ્યાન ખોદા તરફ ખેંચાયલું છે. તુંએ જે લખ્યુંછે તે દાનેશમંદો પસંદ કરે તેવું નથી, તોપણ દરેક બાબતનો હું જવાબ આપું છું:—ખજાનો મેળવવાને મેં જે રંજ ખેંચી છે તેનો ખુલાસો કરૂં તો તારી ખાતરી થાય કે, કેવી રંજ ખેંચીને એ ગંજ મેળવેલો છે. મારા બાપ હોરમજદને કતલ કરવાનું તોહમત તું મારે માથે મેળે છે, તે ખોટી વાત છે. દુશ્મનના શીખવ્યાથી બાપે મારા જાનનો કસ્દ કીધો તે વાતની મને ખબર થઇ તેવોજ જાન બંચાવવા હું નાહાસી ગયો હતો. હોરમજદનાં મરણની જેવી મને ખબર થઈ તેવો હું ઇરાનમાં આવી લાગો, તેવામાં ગુનેહગાર ચોબીને મારો પીછો પકડયો, જેથી મને રૂમ નાહાસી જવાની ફરજ પડી હતી. સઘળી ઇજા દફે થયા પછી હું તખ્ત પર બેઠો. જ્યારે ઇરાન અને તુરાન મારે સ્વાધીન લીધું, અને હું નચીંત થયો તેવારે મારા બંધે મામા ગુસ્તેહમ અને બંદુએ (જેઓએ મારા જાનનો બચાવ કરવા ઉપરાંત પોતાના જાનો વટીક ફીદા કીધેલા હતા તેઓ) એ મારા બાપને કતલ કીધેલો હતો તેથી તે બંધેને મેં મારી નખાવ્યા. બીજું તુને અને તારા ભાઇઓને મેં નજર કેદ રાખેલા હતા, તે બાબે તું લખે છે તેનું જાણવું એ જે સેતારેશનાસે મને કહેલું હતું કે તારેથી મને દુઃખ ભોગવવું પડશે, તેથી ખાસા મેહલમાં સઘળી વાતની છુટ આપીને તમોને મેં રાખેલા હતા. તે કાંઇ બંદીખાનું નહી હતું તેમાં પણ મેં ભુલ કીધી હતી. જે આસમાને નીમેલું તે તો બનવાનુંજ. હું પણ નહી રેહેવાનો, કેમકે મારી અગાડી નામદાર પાદશાહો થઈ ગયા છે તેમાં નોશીરવાન જેવોબી નહી રહ્યો. હવે પછીના પાદશાહોમાં દીકરો બાપને મારશે એવો વખ્ત નજદીક આવેલો છે."

બાપનો જાન લેવાની તદબીર.

આ નામુ બંધે વજીરોએ શીરોયને જાહેર કીધાથી તે ગભરાટમાં પડયો. તેણે પોતાના સરદારો સાથે વીચાર કીધો કે ખુસરો કદાચ ખજાનાથી કુવતમંદ છે તો હવે એને જીવતો રાખવો ધાસ્તી ભરેલું છે. તેણે એક બાવરચીને મોકળી ખુસરોનાં ભોજણમાં[1] ઝેર નખાવ્યું; પણ તે તો ફક્ત શીરીનનેજ હાથે પકાવેલું ખાનું ખાતો હતો તેથી કંઇ વળ્યું નહી. બારબદ નામે ખુસરોના ગવૈયાએ જોયું કે કોઇબી દીવસે ખુસરોને કતલ કરવા વીના શીરોય આરામ પામવાનો નથી. તેને ઘણો ક્રોધ ચહડયો તેથી ખુસરોની આગળ દીલગીરી ઉપજાવનારો એક રાગ ગાઇને પોતાનાં બંધે આંગળાં કાપી નાખ્યાં અને પોતાનું વજંત્ર અને જે કાંઈ સાજ હતો તે આતશમાં બાળી નાખ્યો. એ રાગમાં એવુંબી કહેલું હતું કે—"તુંએ તે ખોદા પાસેથી દીકરો માંગી લીધો કે મોટો થઇને તારી

---

૧. શીરોય પોતાના પાદશાહ બાપ સાથ બહુજ ઘાતકીપણે વર્ત્યો હતો તે રૂમીઓના આપેલા આ દાખલા ઉપરથી સિદ્ધ થાય છે. તેણે તેને ઝવેરાતવાળા મેહલમાં કેદ કીધો, અને ખાવા માટે દર રોજ રોટી અને પાણી આપતો. આથી ખુસરોએ જ્યારે ભુખે મરવાની ફરિયાદ કરતો ત્યારે તેનો આ ઘાતકી બેટો અપમાન સાથ કહેવાડતો કે અગરજો રોટીથી તારૂં પેટ ભરાતું ન હોય તો તારો ખજાનો ખાઇને ભુખ ભાંજ!

મદદ કરે, પણ દીકરાએ તો મોટો થઇને તુંને બંદીખાને નાખ્યો ! સાસાની ઓલાદનો ભારે લશ્કર રાખનારો નામદાર તુંજ (છેલો પાદશાહ), છે, તારી પછી ઇરાન વેરાન થવાનું અને બદકાર લોકોનો દોર ચાલવાનો."

ખુન માટે ઉતાવળ—ખુની.

પેલી તરફથી ખુસરોના દુશ્મનોએ વીચાર કીધો કે કોઇ દીવસેબી શીરોય ખુસરો સાથે મળી જશે તેમાં આપણી ખુવારી થવાની. તેથી તેઓએ શીરોયને ધમકી આપીને કહ્યું કે હવે ખુસરોને જીવતો રાખશે તો હમોને મારવાનો તારો ઇરાદો છે એમ હમે સમજીશું.[1] આથી શીરોયનાં દીલમાં વેહેમ ગાલેબ થયો, જેથી તેણે મેહેર હોરમજદ નામના એક મુફ્લેસ ભીખારીને રસ્તે જતો બોલાવીને ફરોખજાદની મારફતે તેને જમાડયો, અને એક ખંજર તેના હાથમાં આપીને ખુસરોનો જાન લેવા ઝરૂખા ઉપર મોકલ્યો. તેની આગમજ પાદશાહને કતલ કરવા જવાની કોઇબી શખ્સે હીમત ચલાવેલી નહી હતી. જેવારે તે પાપીને ખુસરોએ જોઇને નામ પુછ્યું કે "તું કોણ છે?" ત્યારે તેણે જવાબ દીધો કે "મારૂં નામ મહેર હોરમજદ કરીને છે. આ શેહરનોજ ગરીબ મીસ્કીન રેહેવાસી છું."

એક મહાન નરનું કંગાલ મોત.

તેના હાથમાં ખંજર જોઈને ખુસરો સમજ્યો કે આજે એક કમીનાને હાથે મરવાનો વખ્ત આવી પુગો છે; જેથી તેણે એક દાસી ઉભેલી હતી તેની પાસે એક સુનાની તસ્ત, કસ્તુરી, અબીર અને એક પાક કપડું મંગાવી ગોસલ કીધું, અને બરસમ હાથમાં લઇ બાજ ધરી બાજમાં ભણતો ભણતો ચાદર ઓઢીને સુઈ ગયો. એવી મતલબથી કે પેલા જલ્લાદનું મોહોડું નહી જોવાય. તેવી હાલત જોઈ મેહર હોરમજદે ઝરૂખાનું બારણું બંધ કરી ચાદર ઉંચકી ખંજરથી ખુસરોનું જીગર ચીરી નાખ્યું ![2]

આ બેગુનાહ શાહનશાહનાં ખુનની ખબર જેવી બાહેર પડી તેજ વખ્તે ખુસરોના જે ૧૫ શાહજાદાઓને નજર કેદ રાખેલા હતા તે મહેલમાં પહેલાં તો દોડી જઇને દુશ્મન વજીરોએ તેઓને કતલ કીધા. આ બનાવ જોઇને શીરોય રડયા કીધો, પણ કાંઇ બોલી શકયો નહી. પણ પાછલથી ૨૦ ચોકીદારોને મોકળીને હુકમ કીધો કે "પાદશાહી કુટુંબ કબીલાનાં લોકોને હવે પછી કોઇ આજાર પોંહોંચાડે નહી."

ફીર્દુસી શિખામણ દેછે કે પાદશાહી કરવામાં દુનીયાની મોજમજાહ ભોગવવાની હમેશાં ઉમેદ રાખવી તે ગોયા નેતરનાં ઝાડ ઉપરથી ફલ ખાવાની ઉમેદ રાખવા બરાબર છે. ગમે તેવી ખોદાએ આપણને દોલતે દુનીયાની શકતી આપેલી હોય તોપણ આપણે નાતવાન છીયે એવો વીચાર રાખવો જોઇયે. ખોદાએ આપ્યું હોય તો ખાવું ખવાડવું તેજ સાથે લઈ જવા સરખું છે; કશી પાંતીનો ગમ ખાઇ દીલગીર રેહવું તે તો પોતાને હાથે પોતાને દુખ દેવા જેવું છે.

આ રીતે ખુસરો પરવીજની તથા તેના મુલુકની આખેરી આવી.

શીરીનની સતાવણી.

ખુસરોનાં મરણને ૫૩ દીવસ થયલા હતા તેવારે શીરોએ શીરીન ઉપર પેગામ મોકલાવ્યો કે "અએ જાદુ ભરેલી ! અગરજો તું આબરૂ ચાહતી હોય તો મારા મેહલમાં આવ."

---

૧. ખુસરોએ કેદ કરેલા સરદારો છુટા થઈને હવે એ કેદી પાદશાહને ચાહે તેવાં અપમાનો આપવા લાગ્યા, જેમાં એ નવા પાદશાહની શામેલગીરી હતી. શીરૂય એટલો બધો ખૂનપર ચઢયો કે તેણે શીરીનની તોખમના શાહજાદા મર્દાસને અને ખુસરોના બીજા ફર્જંદોને એ પાદશાહની આંખ આગલ કતલ કરાવ્યાં, એમ રૂમીઓ લખી ગયા છે.

૨ કેદ પડયા પછી પાંચમે દિને યાને તા૦ ૨૮ મી ફેબ્રુઆરીને દિને આ ખૂન થયું હતું. રૂમી લખનારાઓ ફિર્દુસીથી જુદોજ હેવાલ આપે છે કે આ દુખી પાદશાહને તેના નાલાયક ફર્જંદે તીરોથી વીંધાવીને તેનો જાન લીધો હતો.

તેણીએ જવાબ દીધો કે "જે દીકરો બાપનું ખુન કરે તે ગુનેહગારને તો હું દુરથીબી નથી જોવાની."

શીરોએ સવાલ કીધો કે "મારી ઓરત થઇ રેહેશે તેમાં તારી બુઝોર્ગી છે. ગમે તેમ હોય, પણ તેમ થવા વીના તારો છુટકો નથી."

શીરીને વીચાર કરી એક ઝેરનું પડીકું સાથે છુપાવી રાખ્યું, અને શીરોયને જણાવ્યું કે "હું આવવાને ખુશી છું પણ મને લેવા એક અનજુમન મોકળવું જોઇયે."

શીરોએ ૫૦ દાનેશમંદોને મોકળ્યા, તેમની સાથે શીરીને આવીને બાગમાં મુકામ કીધો, અને પોતાનો તમામ ખજાનો ખુસરોનાં રવાનની ખુશનુદી સારૂં આતશબેહરામમાં તથા સવાબનાં કામમાં આપી દીધો.

શીરોયનું બીજું નોતરૂં આવ્યું ત્યારે શીરીને વાયદો એવો કીધો કે "ખુસરોનાં દુખમામાં જઇ તેનાં રવાનને સેજદો કરવાની રજા આપ."

શીરોએ દુખમામાં જવાની રજા આપી તેવારે શીરીન પેલાં અનજુમન સાથે દુખમામાં ગઇ, કાળું કફન પેહરી ઝેરનું પડીકું ફાકીને ખુસરોની લાશને ઉઠાવી[1] તેની પીઠની નીચે પોતાની આંખો રાખી મરણ પામી. આ જોઇ સર્વે અનજુમને શીરીનની પાકદામાનના ઉપર આફરીન કીધી. એ વીશે શીરોયને ખબર થવાથી ગમ ખાઇને કેટલાક દીવસ બીમાર થયો.

એ પછી શીરીનને સારૂં બીજું દુખમું બનાવીને તેને અવલમંજલ પોંહોંચાડી. ખુસરોનાં તોખમથી શીરીનને પેટે ચાર દીકરા જનમ્યા હતા તેઓનાં નામઃ—નસ્તુર, શેહેરીયાર, ફરૂદ અને મરદાનશાહ. એ ચાર શાહજાદાઓ બચપણમાંજ મરણ પામેલા હતા.[2]

ફસલ ૨—શાહાનશાહાતની આખરીની શરૂઆત.

પાદશાહ અર્દશીર

શીરોએ સાત મહીના બદનામીથી નકામી જેવી પાદશાહી કીધી. તેનેબી જેહેર દઈને મારી નાખ્યો,[3] પછી તેના ૭ વરસની ઉમરના અર્દશીર[4] નામના બાળક

---

૧ દરેક પાદશાહને જુદાં જુદાં દોખ્મા બનતાં હતા, તે વાત ખરી છે. પણ ખુસરોનાં મરણ પછી તેની લાશને ખવાડી દેવામાં આવી હોય એમ લાગતું નથી. નોશીરવાનની લાશનેબી પેટમાંનો ખલીચો કહાડી નાખી સલામત રાખેલી શાયર જણાવે છે.

૨ મર્દાનશાહ શેવટ સુધી જીવતો હતો, અને તેને તખ્ત આપવાનો પાદશાહનો ઇરાદો હતો, તથા તેને શીરૂએ ખુસરોની આંખ આગળ/ કતલ કરાવ્યો હતો. (જુઓ સફે ૧૯૫ ની નોટ ૧.)

૩ ખ્રિસ્ટી લખનારાઓ મુજબ કોબાદ મરકીથી મરણ પામ્યો હતો, અને આરબ લખનારાઓ મુજબ એ વેળા ઇરાનનો ત્રીજો ભાગ મરકીનો ભોગ થઈ પડયો હતો. ખરેખર કોબાદનો અમલ ફિર્દુસી લખે છે તેમ "નકામો" જ હતો. તેણે રૂમી કએસર હિરેકલિયસ જોડે સુલેહ કરી સઘળાં જીતાયલાં રૂમી પ્રગણાંઓ તેને આપી દેવા કબુલ કીધું હતું; પણ તે તરફના હાકમ શેહેરાન કેરાજ અથવા સરબરજે શેવટ સુધી તેમ કીધું ન હતું. ઈસાને કતલ કીધો હતો તે સુળી ખુસરો પર્વીજ જેરૂસલેમ ફતેહ કરી ત્યાંથી લાવ્યો હતો તે જ્યારે તેણે પાછી આપી ન હતી ત્યારે કોબાદે તે હિરેકલિયસને અર્ધે બોલે હવાલે કરી દીધી હતી, જે લઇને એ ધર્મી કએસર પોતે જાતે જેરૂસલેમની પવિત્ર જીયારતે જઇ ત્યાં એ સુળી પાછી આરાસ્તા કરી આવ્યો હતો.

૪ આ પાદશાહ ૬૨૮ ના નવેમ્બર માસમાં તખ્ત ઉપર આવ્યો ત્યારથી તે યજદેજર્દ શેહેરિયાર તા૦ ૧૬ મી જુન ૬૩૨ ને દિને તખ્તનશીન થયો ત્યાર સુધીના ૪૩॥ મહિનાઓમાં ઈરાનનાં તખ્ત ઉપર અનેક દાવાદારો આવી ગયાછે, જેઓ બાબે તવારીખનવેશો કશી જીવ જેવી હકીકત આપી જતા નથી. પાદશાહ અર્દશીર તખ્તે આવ્યો ત્યારે માત્ર ૭ વરસનો બાળક હતો. તેણે ૭ મહિના અમલ ચલાવ્યો, તોપણ તેનાં બે વરસ ગણાયાં છે, અને બે વરસના સિક્કા પડયા છે. નવેમ્બરથી તા૦ ૨૧મી માર્ચ સુધીનું પહેલું વરસ, અને ત્યાર પછી તેનાં મરણ સુધીનું બીજું વરસ. તેનું મરણ ૬૨૯ ના મે માસમાં નિપજ્યું હતું.

દીકરાને પીરોજ ખુસરો નામના સરદારે તખ્ત પર બેસાડયો. એ વાત રૂમની હદ પર રાખેલાં લશ્કરના સરદાર કેરાજને પસંદ પડી નહી તેથી તેણે પીરોજ ખુસરો ઉપર નામું લખી જણાવ્યું કે "છુપી રીતે અર્દશીરને કતલ કરજે."

બીજી ગમથી ઇરાનનાં અનજુમન ઉપર પેગામ મોકળી તેણે જાહેર કીધું કે "ખુસરો પરવીજે કહ્યું હતું કે શીરોય તખ્ત પર બેસશે ત્યારે દુર દેશના હલકા આદમી આવી ઇરાનનું તખ્ત છીણવી લેશે અને સાસાનીઓની પાદશાહીનો અંત આવશે એવું તેને સેતારેશનાસોએ ફરમાવ્યું હતું, માટે તમોએ શીરોયને પાદશાહી આપીને પછી તેને ઝેર દઇ મારી નાખ્યો એ તો ઠીક થયું, પણ વળી અર્દશીરને તખ્ત પર બેસાડયો છે તે ખોટું કામ કીધું છે. સાસાની પાદશાહીનો અંત આવ્યો છે, માટે અર્દશીરને તખ્ત પરથી ઉઠાડી મેળજો. તેનાથી પાદશાહી થવાની નથી. તેમ જો તમો નહી કરશો તો હું રૂમથી ભારે લશ્કર લાવી ઇરાનની ખરાબી કરીશ."

આ વાત ઇરાનીઓએ માની નહી, તે જોઇને પીરોજ ખુસરો ગભરાટમાં પડયો, જેથી તેણે એક રાતે અર્દશીર સાથે ખાનું ખાઇ શરાબ લીધો અને ગાનારાં તથા સરદારો પોતાને મુકામે ગયા તે તક લઇને તે બાળક પાદશાહના બંધે હોઠ મજબુત પકડી રાખી ગુંગળાવીને તેને મારી નાંખ્યો. અર્દશીરે ૬ માસ રાજ કીધું હતું.

શેહરાન કેરાજ.

શેહેરાન કેરાજ[1] નામના પાદશાહી ખાનદાનના એક સરદારને હવે તુરતવેળા તખ્તનશીન કરીને પીરોજ ખુસરોએ કેરાજ ઉપર રૂમ નામુ લખી જણાવ્યું કે તારા હુકમ મુજબ અર્દશીરને મારી નાખ્યો છે. આ વાત સાંભળીને લશ્કર લઇ કેરાજે ઇરાનમાં આવી, મદાયનમાં દરબાર ભરી ભાષણ કીધું કે—"ખુસરોની ઓલાદમાં કોઇ એવું નથી કે દુશ્મનોના હાદેસાથી ઇરાનનો બચાવ કરી શકે. શેહેરાન કેરાજની ૬૦ વરસની ઉમર છે; પણ એની પાસે ખજાનો નથી; માટે હવેથી ઇરાનની પાદશાહીનો કારોબાર અને દેશનો બચાવ મારા વગર કોઇ બીજો કરી શકે તેવું નથી એમ તમે જાણોછો, માટે હવેથી હું અને મારી પછીથી મારી ઓલાદ ઇરાનની પાદશાહી ભોગવશે. એ બાબે કોઇ વીરૂધ જતા હોય તો મેદાનમાં નીકળે."

કોઇબી સરદાર વાંધો લેવાને બાહેર પડયો નહી, મગર કેરાજના પોતાના બે દીકરાઓએ એકેક પછી ઉઠી ઉભા થઇ કેરાજને કહ્યું કે "પાદશાહોને તખ્ત ઉપરથી ઉઠાડી મુકવાની બુજોર્ગી લશ્કરનાં બળથી ખોદાતાલાએ તુંને બક્ષેલી છે તે બસ છે. તું પાદશાહી લેશે ખરો પણ તે ઘણા દીવસ ટકવાની નથી. વળી કોઇ સાસાનને તોખમનો નીકળી આવશે અને પાદશાહી અખ્તીયાર કરશે ત્યારે તારાથી

---

૧ સરબરઝ નામે ઈરાની સરદાર રૂમી સરહદ ઉપરના ઇરાની પ્રાંતોનો બહાદુર હાકમ હતો, જેને પાદશાહ શીરૂએ રૂમીઓનાં જીતેલાં સર્વ પ્રગણાં આપી દઇ તેઓ સાથ કરેલી સુલેહના કોલ કરાર મુતલક પસંદ ન હતા. પણ અર્દશીર પાદશાહનાં ખૂનની ખબર મળતાંજ તે રૂમી સરહદ ઉપરથી દોડયો આવ્યો અને પોતે પાદશાહ થઇ નવું વંશ ઇરાનમાં સ્થાપવા માંગ્યું, તખ્તના લોભને ખાતર તેણે રૂમી સરહદ પરના સર્વ પ્રગણાંઓ ખાતેથી ઇરાની લશ્કર કહાડી લઇ જઇ તેના બદલામાં રૂમી લશ્કરની મદદ માંગી, જે રૂમી કએસરે આપવાને કબૂલ કીધું. બંને વચ્ચે વળી એવીબી સમજુતી થઇ કે કેરાજની બેટીની શાદી કએસરના બેટા થિયોડોશ્યસ સાથ કરવી, તથા કેરાજની નબીરીની શાદી તખ્તના વારેસ કોન્સ્ટેન્ટાઇન કેડે કરવી. આ સર્વ ગોઠવણો બંને પક્ષો વચ્ચે નકી થયા પછી કેરાજ ઇરાન ઉપર ચઢી આવ્યો, પણ તે આગમજ તો ઇરાની વજીરોએ તખ્ત ઉપર શેહેરાન કેરાજને બેસાડેલો હોવાથી કેરાજ (સરબરજ) લશ્કરી બળની જાસ્તી વાપરીને પોતે તખ્તનશીન થયો.

પાદશાહી કરવાને બદલે અત્રે રહી શકાશે તો નહીજ, પણ લાચારી સાથે દુઃખ દર્દનો ભોગ થવું પડશે." આ કલામ કેરાજના વડા દીકરા એ કહી સંભલાવ્યા, પણ તેણે તે ઉપર ધ્યાન આપ્યું નહી ત્યારે નાધલો દીકરો બાપની મતલબ જાળવીને બોલ્યો તેથી કેરાજે ઇરાનનું પાયતખ્ત પોતાને હાથ કીધું અને પોતાને નામે પાદશાહી ચલાવવા લાગો.

કેરાજ.

એ વેળા શેહેરાન કેરાજની પાદશાહીને ૫૦ દીવસ થયલા હતા. એક હફતામાં તો અર્દેશીરનો ખજાનો કેરાજે ખાલી કરી મેલ્યો, અને ખાવા પીવામાં તથા એશઆરામમાં વખ્ત ગુજારવા લાગો, અને બેદાદી તથા ખુનરેજીમાં આંચકો ખાધો નહી. ૮૦ મર્દ અગાડી અને ૮૦ મર્દ પછાડી તેની પુઠે ફરીયાદ કરતા તેનો જવાબ દેવાને બદલે બાગમાં એશરત કરવાની ગોઠવણ કરવામાં મશગુલ થતો. આથી લસ્કરી અને શેહેરી લોકોનાં દીલ કચવાઈ ગયાં. સરદારોએ વીચાર કીધો કે જાંહાં સુધી કેરાજને મારી નાખવામાં નહી આવે તાંહાં સુધી ઇરાનમાં સુધારો થવાનો નથી. તે બાબે પેલો (માજી પાદશાહ) શેહેરાન કેરાજ, જે નબળી હાલતમાં ભુખે મરવા જેવો થઇ ગયલો હતો, તેણે કહ્યું કે "તમો મારી બરદાસ્ત કરવાને કબુલ કરો તો કેરાજનો અંત લાવવાની કોશેશ કરૂ." ઇરાનીઓ તેનાં મતને મળતા થયા, તેવારે તેણે પીરોજ ખુસરો જે કેરાજનો વજીર થયલો હતો તેની સાથે છુપી મશવરત કીધી, અને એક દીવસે શીકાર કરવા જતાં શેહેરાને કેરાજે પાદશાહ કેરાજ ઉપર કેટલાક તીર ફેંકયા, જેથી આમણસામણ એક નાધલી જેવી લડાઇ ચાલી, મગર તેમાં કેરાજ માર્યો ગયો.[1]

પુરાનદોખ્ત.

ઇરાનીઓએ હવે ખુસરો પરવીજની દીકરી પુરાન દોખ્ત[2] નામની જે ઘણું ભણેલી હતી તેને રાણી કીધી. તેણીએ પીરોજ ખુસરો, જેણે શીરોએ અને અર્દેશીરને કેરાજના ફુલ-બ્યાથી મારી નાખ્યા હતા, તેને એક હરામી ઘોડા ઉપર બેસાડી, સાથે કેટલાંક માણસો આપી ઘોડાને ખેડવતાં પીરોજ ટુટી પડે તો પાછો બેસાડી ઘોડાને ખેડવી તોડી પાડી મારી નખાવ્યો. તેણીએ ખુબી ભરેલી રીતે ૬ મહીના રાજ ચલાવ્યું, પછી એક હફતો માંદગી ભોગવીને મરણ પામી, તેવારે ઇરાનીઓએ તેની બેહન

આજરમીદોખ્ત[3]

નામની ઘણી ખુબસુર્ત અને રાજઅધીકાર ચલાવવાને સારી માહીતગારી ધરાવતી હતી તેણીને તખ્તની વારેસ ઠેરવી. પણ તેણીબી ચાર માસ રાજ ભોગવી ગુજરી ગઇ, અને તખ્ત ખાલી પડયું તેથી ફરોખજાદ નામના

---

૧. કેરાજના મરણ બાબે મતફેર છે. બીજા લખનારાઓ મુજબ પાદશાહી સિપાહીઓએ મેહેલ આગલજ તેની સામે તલવાર ખેંચી તેનો જાન લીધો હતો, અને તેના પગમાં દોરી બાંધી તેને મેદાઇનના મહોલ્લાઓમાં ઘસડતા લઇ જઇ પોકારવા લાગ્યા કે "પાદશાહી ખાનદાન વિના જે કોઇ તખ્ત પચાવી બેસે તેના આવા હાલ થાય!"

કેરાજનો અમલ એટલો ટુંક હતો કે તેના એક વરસનાબી સિક્કા મળતા નથી. ફિર્દુસી તેના પછી પુરાનદોખ્તને તખ્તનશીન થયલી જાહેર કરે છે, પણ તે આગમજ ખુસરો (કસ્રા) નામે પાદશાહ થયો, જે માજી પાદશાહ શીરૂયનો બીજો બેટો હતો. તેનો અમલબી બહુ ટુકો (માત્ર ૬ માસનો) હતો.

૨. આ પાદશાહજાદીએ ૬૩૦ ના વસંતમાં તખ્ત લીધું અને એજ વરસની આખરી સુધી અમલ ચલાવ્યો હતો. તેણીનાં પહેલાંજ વરસનો સિકકો મળે છે, તે પરથીબી એ બિનાને ટેકો મળે છે.

૩ બીજા લખનારાઓ મુજબ આ પાદશાહબાનુ આગમજ શેહનન્દેહ નામે શાહજાદો તખ્તનશીન થયો હતો, કે જે તેણીનો પિત્રાઈ હતો, અને જેણે માજી રાણીને તખ્ત ઉપરથી ઉઠાડી મુકેલી પણ કહે છે.

પાદશાહી કુટુંબના એક શખ્સને જેહરમથી લાવી તખ્ત ઉપર બેસાડયો.[1]

ફરરોખજાદ.

આ પાદશાહની દાસીને સીહે ચશમ નામના એક ગુલામે દ્રવ્ય આપવાની લાલચ દેખાડી એવું કહ્યું કે ફરરોખજાદને ઝેર દઈ મારી નાખવો. પણ વફાદાર દાસીએ તેમ ન કરતાં ફરરોખજાદને ચેતવણી આપી, જેથી પાદશાહે ગુલામને કેદ કીધો, પણ બીજાઓની ભલામણથી તેના બંદ ખલાસ કીધા. એક રોજે ગોલામે શરાબમાં ઝેર ભેલી ફરરોખજાદને આપ્યો, જેથી તે મરણ પામ્યો. તેણે એક મહીનો પાદશાહી ભોગવી હતી.[2]

---

૧ બીજાઓ મુજબ એ આગમજ ખોરદાદ ખુસરો અને ત્યાર પછી ફીરોજ નામના ધણીઓ તખ્તનશીન થયા હતા. તેઓ વળી આ ફરોખજાદને ફરોખજાદ-ખુસરોને નામે ઓલખાવી જાય છે, અને જણાવે છે કે ફરોખજાદ નામનો ખોરાસાનનો હાકમ હતો તે રાણી આજરમીદોખ્ત ઉપર મોહિત થઇ તેણીનાં એવાનમાં ઘુસવાથી તેણીએ તેને કતલ કરાવ્યો હતો; અને એ કામના કીનામાં તેના બેટા રૂસ્તમ ઇબ્ન ફરોખજાદે આ રાણીનો જીવ લીધો હતો.

૨ ફિર્દુસી જણાવતો નથી, પણ આ પછી હોરમજદ નામનો નવો પાદશાહ તખ્ત ઉપર આવ્યો હતો, જેના બે વરસના સિક્કા પણ મળે છે. ૬૩૧ ના ઑગસ્ટથી ૬૩૨ ના જુન માસની તા૦ ૧ લી સુધી તેનો અમલ ચાલેલો જણાય છે. જોકે આ મુદત માત્ર ૧૧ માસની થાય છે, તોપણ વચમાં તા૦ ૨૧ મી માર્ચ આવેલી હોવાથી તેનાં બે વરસ ગણાયાં છે, અને તેથી તેના બે વરસના સિક્કા મળી આવ્યા છે.

ભાગ ૧૨
યજદેજર્દ શેહરીયાર.

—:o:—

ફસલ ૧—આરબોનો હલ્લો.
શાયરની કીમતી શીખામણ.

અસપંદાદાદ મહીનો ને અરશીસંગ રોજે યજદેજર્દ[1] તખ્તનશીન થયો. જમાનાની ગેરદેશથી તેના ઉપર વીપત આવી પડી તેવારે તે બોલ્યો કે "મારી માતાએ મને જનમ નહી આપ્યો હતે તો આસમાન તરફથી આવું દુઃખ મારી ઉપર આજે આવી નહી પડતે. જોકે સદા કોઇ સુખી રહી શકતું નથી, તેમ દુખીબી રેહતું નથી. બારીકીથી જોતાં દુનીયામાં જે કાંઈ બનાવ બને છે તે આસમાનની ચાલથી બને છે. ઘણું લશ્કર રાખવા છતાંબી પાદશાહીનો સંભાળ રાખી શકાતો નથી, તેનુંબી કારણ એજ છે. ત્યારે બેહતર એજ છે કે દુનીયાનાં દુખને છોડી દઇ ખાણાપીણા અને એશઆરામમાં વખ્ત ગુજારવો. અગર આસમાન તારો ઘોડો થઇને તારી મુરાદ મુજબ ચાલશે તોપણ અંતે તેનો ભોગ થઇ ખાકમાં એક દીવસે તુંને સુઇ જવું પડશે; માટે આસમાનનો ભરોસો ના રાખ. અગર તું હાથી અથવા વાઘની ઉપર ગાલેબ થશે અથવા માર્યો જશે, તો તે પણ તારા સેતારાની ચાલથીજ થશે. ફરેદુન કરતાં તું મોટો નથી; ખુસરો પરવીજના જેવો તું તાજદાર નથી; જમશીદના જેવો તું દેવને કેદમાં રાખનાર નથી; કેકાઉસના જેવો ખોદાની ઉપર દીલ બાંધેલું રાખનારબી તું નથી: હવે તું જોકે તેઓની ઉપર આસમાનથી કેવી મુસીબતો ગુજરેલી છે! તેમ તારી ઉપરબી ગુજરે તો દુરઅંદેશો કરી તે જોયા કર. તખ્ત, ખજાનો અને એકબાલ કોઇનુંબી સદાકાલ રહેલું નથી, તેમ તારૂંબી નહી રેહેવાનું. મગર નેકનામી રહી જવાની, માટે નેકી કરવાની કોશેશ કર."

અમલની આખરીની આગાહી.

યજદેજર્દની પાદશાહીને ૧૬ મું સાલ[2] ગુજરેલું હતું, એટલામાં ઉમર ખલીફાએ સાદ બીન વક્કાસ નામે આરબ સરદારને લશ્કર આપીને પાદશાહ સામે લડાઈ કરવા મોકલ્યો. તેવારે આરબોનું એકબાલ ઇરાનીઓનાં એકબાલ ઉપર ચહડી બેઠેલું હતું, તેજ પ્રમાણે સાસાનીઓનાં એકબાલનો દીવસ

---

૧ આ પાદશાહની ખુસરો પર્વેજ સાથની બેશાવંદી બાબે મતફેર છે. આરબ ગ્રંથકારો મુજબ તે ખુસરોનો નબીરો હતો અને તેના બાપનું નામ શેહેરિયાર હતું; પણ કેટલાક રૂમી લખનારાઓ મુજબ તે ખુસરોનો પોતાનોજ બેટો હતો. યજદેજર્દ ખુસરોની રાણી શીરીનના બે બેટાઓમાંના એક શેહેરિયારનો બેટો હતો એમ થિયોફેનિસ નામે રૂમી લખનાર જણાવી જાય છે. તેના આ સખુન ઉપર ઇતબાર મુકવાનું કારણ એ છે કે દસ્તગર્દના મેહેલમાંથી ખુસરો શીરીન જોડે નાઠો ત્યારે તેમની જોડેજ નાસનારાઓમાંનો એક આ લખનાર પોતે હતો. તે શેહેરિયારને સેલિયારસને નામે ઓળખાવી જાય છે. ફિર્દુસી પોતેબી શીરીનના એક બેટા દાખલ શેહેરિયારનું નામ આપી જાય છે. તે ઇસ્તખ્રના જુના મેહેલમાં લાડમાં ઉછરતો ૧૫ વરસનો બાળક હતો, એટલામાંજ તેને તખ્ત ઉપર લાવી બેસાડયો હતો.

૨ ૧૬ મું વરસ યજદેજર્દની પાદશાહીનું નહિ પણ તેની પોતાની ઉમરનું હોવું જોઇયે; કેમકે પાદશાહીનાં ૧૬ માં વરસ આગમજતો અનેક લડાઇઓ થઈ ચુકયા પછી પાદશાહ નાસભાગ કરતો થઈ ચુકયો હતો.

અંધારાંમાં આવેલો હતો. બદને નેક અને નેકને બદ, બેહસ્તને દોજખ અને દોજખને બેહસ્ત કરીને સમજનારાઓનો દોર શરૂ થયો હતો. યજદાંપરસ્ત લોકો ઉપરથી જુદીજ વળાણ લઇને આસમાને પોતાની મેહરબાનગીનું ચક્ર ફેરવી નાખ્યું હતું. હોનારતની આગળ લાચાર થઇને યજદેજર્દે રૂસ્તમ હોરમજદ જે નજુમના હુનરમાં ઘણો હુશીયાર હતો, તેની સરદારી નીચે લશ્કરનો જમાવ કરી હડી વરસ સુધી કાદસીમાં લડાઇ ચલાવી.[1]

રૂસ્તમને સેતારાની ચાલ ઉપરથી એવું માલુમ પડયું કે આ લડાઇનું શેવટ ઇરાનીઓના લાભમાં ઉતરવાનું નથી, તેથી તેણે પોતાના ભાઇ ઉપર નામામાં લખ્યું કે "આ જમાનામાં મારા જેવો ગુનેહગાર કોઇ નહી હશે, કાંયજે હારેમનની સાથે લડાઇ કરતાં મને ગીરફતાર થવું પડશે. સેતારાની વર્તણુક ઉપર જોતાં ઇરાનની પાદશાહીનો બુરૂજ ખાલી નજર આવે છે. રવી ઇરાન ઉપર જંગ ચલાવવાની ઉસ્કેરણી કરેછે. શુકર અને મંગલ ખરાબ નીશાન બતલાવે છે. બુધ અને શનશ્ચર મીથુનના બુરૂજમાં ફસેલા છે. આ ઉપરથી ઇરાનીઓના હાલ ઉપર રડવા વગર રેહેવાતું નથી, અને સાસાનીઓની જાહોજલાલી અને તેમનાં તાજ તખ્ત ઉપર અફસોસ કરતાં જીગર બળી જાય છે. હવે આરબો ઇરાનીઓને એવી શીકસ્ત આપશે કે ચારશો વરસ પછીબી કોઇ સાસાની તોખમનો ઇરાન જીતી શકશે નહી. હાલ આરબનો એલચી મારી પાસે આવેલો હતો તે એવી ભલામણ કરતો હતો કે 'કાદસીથી જેઓબાર નદી સુધીનો મુલુક પાદશાહ પાસે રેહેવા દેવો, તે મધેના અર્ધે ભાગની જમીન આરબોએ પોતાને કબજે લેવી, બાકીનો તમામ ઇરાનનો મુલુક પાદશાહના હુકમ નીચે રેહેશે, મગર આરબોને પાદશાહે દર સાલ ખંડણી (જજીયો) આપતી કરવી. આરબો વેપારને કાજે ઇરાનમાં છુટથી આવજા કરશે.'

પણ આ લડાઇમાં જે સરદારો મારી સાથે છે,—જેવાકે ગુલબોએ તબરી, અરમની સરદાર, માહુએ સુરાન, અને માજંદરાની સરદારો,— તેઓ આ બંદોબસ્ત કબુલ કરતા નથી અને એવું કેહે છે કે લડાઈ કરીને આપણે ફતેહ મેળવશું. પણ આસમાનની ચાલ જે ઇરાનની વીરૂધ છે તેનો ભેદ કોઇ સમજતા નથી; માટે આ નામું વાંચીને સરદારો સાથે મશવરત કરી લશ્કર જમા કર અને આજરઆબાદગાનમાં દોડી આવ; જાબુલસ્તાનમાં ઇરાની ઘોડસ્વારો છે તેમના ગુનાહની દરગુજર કરી સાથે લેતો આવ; અને આપણી માતાને આ સઘળી વાતો સમજાવીને કેહેજે કે હવે પછીથી મારૂં મોંહોડું જોઇ શકવાની નથી તે બાબે મારી બદ ખબર તુંને મળે તેવારે ગમ અથવા સોગ પાળતી માં, પણ ખોદાની બંદગી કરજે.

"અરે ભાઇ, મારાં મરણ પછી પાદશાહની

---

[1] કાદસીની લડાઈ ઇસ્વી ૬૩૬ માં થઈ, પણ તે આગમજતો આરબો સાથ ઇરાનીઓને ઘણી લડાઇઓ થઈ ચુકી હતી. ૬૩૪ માં અબુ ઓબીદાહે સિર્યાના રૂમી પ્રાંતો જીતી લેવા માંડયા, ત્યારે બીજી તરફથી ઇરાનના ઇરાક પ્રાંત ઉપર આરબો ચહડાઈ લાવ્યા. તેમનો સરદાર ખાલેદ ઇબ્ન-વાલેદ હતો, જેણે કેટલાંક શેહેરો જીતી લીધાં. એ પછી આરબોનું નવું લશ્કર ખુદ ઇરાન ઉપર દરોડો લાવ્યું, અને કેટલીક મારફાડ પછી યુફ્રે-ટિસ નદીમાં બોટોનો પુલ નખાવી પેલે પાર ઉતર્યું. ઉતરતાંજ ઈરાની લશ્કર સાથ જબરી લડાઇ ચાલી, જે "પુલની લડાઇ"ને નામે ઓળખાય છે (ઈસ્વી ૬૩૪). ઇરાની લશ્કરની સરદારી રૂસ્તમ ઇબ્ન ફરરોખજાદ (ફિર્દુસી મુજબ રૂસ્તમ બિન હોર-મજદ)ના હાથમાં હતી, જેની બહાદુરીથી અબુ-ઓબીદાહ અને બીજા ઘણા આરબ સરદારો માર્યા ગયા, અને ઈરાનીઓની ફતેહ થઈ.

બીજે વરસે આરબો પાછા આવ્યા, અને હીરા ખાતે લડાઈ ચાલી તેમાં પ્રથમ ઈરાનીઓ અને શેવટે આરબો જીત્યા. એ પછી ઈરાનીઓએ એક જબરૂં લશ્કર તૈયાર કરેલું સાંભળીને સાઅદ ઇબ્ન અબુ વક્કાસ લડવા આવ્યો, અને કાદસિયા શેહેર આગળ પડાવ નાખ્યો.

ફિર્દુસી ૨॥ વરસો સુધી કાદસીની લડાઇ ચાલેલી જણાવે છે તે આરબો સાથ ઉપર જણાવેલી પહેલી લડાઇઓનો એ મુદતમાં સમાસ કરીનેજ લખે છે.

મુશ્કેલી વધી પડશે, તેવારે પાદશાહનાં નામ ઉપર તારો જાન કુરબાન કરીને લડાઇ કરજે; કાંયજે એ પાદશાહ પછીથી આ સાસાનીઓની પાદશાહીનો અંત આવવાનો છે. જો પાદશાહના જાનની ખરાબી થાય તો તેની આગળ તલવારથી તારૂં માથું કાપી મરણ પામજે. તમામ મુલક અરબોને હાથ જશે, દાદ ઈનસાફ ઉઠી જશે, એકને મારી લુટી લઈ બીજો સુખ ભોગવશે, વચન તોડવા જુઠું બોલવું સારૂં કામ કેહેવાશે, નેક ખાનદાનનો નાશ થશે, દીકરાનો દુશ્મન બાપ થશે અને બાપનો દુશ્મન દીકરો થશે. સારાં ખાનદાનને કોઈ જોશેબી નહી. મુર્ખા લોકો હકુમત કરશે, દુનીયામાંથી વફાદારી ઉઠી જશે, જફા અને જુલમનો દોર ચાલશે. બેહરામ ગુરનો જમાનો શાદી રામશની ભરેલો ગુજરી ગયો, તેમ ગાજીઓના દોરમાં ગમ, રંજ અને બેદાદીનો પોકાર સાંભળવામાં આવશે. જશન, શાદી અને નામદારી મેળવવાને બદલે મકર, દગલબાજી અને ફરેબ કરી લોકોને ફાંસામાં લાવવાની કોશેશ થશે. કોઇને નુકસાન કરી પોતાનો ફાયદો મેળવવાનાં કામને દીનનું ફરમાન કરી સમજશે. થંડીની રૂતુ પછીથી બહારનો હીંગામ મળવાનો નહી. શાદી રામશનીના વખ્તમાં શરાબ કોઇ પીવાનું નહીં. વધારે દોલત મળવા છતાં ખોરાક પોશાકમાં કુસ્કીની રોટી અને પશમનો પોશાક પેહરશે. એ પ્રમાણે વખ્ત ગુજરતો જશે તેમ તેમ સારૂં ખાનારા તથા સારા પોશાક પેહરનારા ભલા લોકોને ધીકારતા જશે. તેમનો માલ લુટી લેવા તેઓનાં ખુન કરશે, કે જેથી તેઓના બુરા જમાનાની રોનક વધે.

"મારૂં દીલ ગમથી ભરાઇ ગયું છે, અને વધારે દુઃખ એટલા સારૂં લાગે છે કે મારી પેહલવાની તથા સરદારીના વખ્તમાંજ શા માટે સાસાની તબકકાના પાદશાહી દબદબાની સમાપ્તી થાય છે, અને આસમાન આ વખ્તમાંજ શા માટે રૂઠયો છે? મને સેતારા વર્તવાની ખબર નહી હતે તો ભલું કે આ બદ ખબર જાણ્યાથી હું દીલગીર નહી થતે. હું કાંસાના પાહાડ ઉપર નેજો મારતો તો તેના ટુકડે ટુકડા કરતો. આજે અરબનાં નાગાં બદન ઉપર નેજો મારૂંછું તેબી કારગર લાગતો નથી. હવે જે સરદારો કાદસીની લડાઇમાં મારા મદદગારો છે તેઓ કેહેછે કે દુસ્મનોનાં ખુનથી જીહુન નદીમાં પુર આવે તેવી લડાઇ મારીશું. હવે તે વાત હું માનતો નથી, કારણ કે આસમાનના ભેદની તે સરદારોને ખબર નથી. જ્યારે સાસાનની ઓલાદનો સેતારો સીધો નથી ત્યારે લડાઇ કીધાથી પણ લાભ ન થી. અરે ભાઇ, તું તનદોરસ્ત હોજો! હારેમનના ગલબાનો વખ્ત નજદીક આવ્યો છે. કાદસી મારાં દુખમાની જગા થશે, મારૂં કફન મારૂં બખ્તર અને મારી કુલાહ મારૂં ખુન થઇ પડશે."

આરબો જોગું નામું.

આ નામું બંધ કરી રૂસ્તમે પોતાના ભાઇ તરફ રવાના કીધું, અને બીજું નામું સાઅદબીન વકકાસ ઉપર મોકલ્યું, તેમાં લખ્યું કે "તું કોણ છે, તારો પાદશાહ કોણ અને તમારો ધર્મ શું છે? તમો અથવા તમારૂં લસ્કર બધું નાગાં બદનનું, તમારૂં તખ્ત નહી, તમારી પાસે હાથી નહી, લશ્કરનો અસ્બાબ નહી, ને તમો કોણ બુજોર્ગ પાદશાહ સાથે લડાઇ કરવા આવ્યા છો? તમે એક રોટીથી ધરાઓ અને એક રોટી વીના ભુખા રેહો તેવી હાલતમાં છો. હમારા પાદશાહ પાસે એટલો ખજાનો છે કે તમો દરેક આરબને સરેરાસ બક્ષેશ કરે તોપણ ખાલી નહી થાય. ઉંટનું દુધ અને સુસવાટનું ગોસ્ત ખાનારા આરબ લોક ઇરાન જેવા રસાલ મુલકની ખાહેશ રાખતા હોય તો આસમાન ઉપર હજારો લેઆનત હોજો! તમારામાં અકલ હતે તો આવું ખોટું બેશરમી ભરેલું કામ નહી ઉઠાવતે. કેયાની તખ્ત તાજ છીણવી લેવાનો માર્ગ તમોને કોણે બતલાવ્યો છે અને તેનું કારણ શું છે તેની હકીકત સમજાવવા સારૂં તમારી તરફથી એક દાનેશમંદ પુરૂષને હમારી પાસે મોકળવો, એટલે હમો

પાદશાહની હજુર સવારની સાથે સંદેશો મોકળીને તમારી જે મતલબ હોય તે પુરી પાડવામાં કોશેશ કરીયે. પણ તમો નોશીરવાનના નબીરા બાપેદાદે પાદશાહી ભોગવતા આવેલા યજદેજર્દ બીન શેહેરીયાર પાદશાહ સાથે લડાઇ કરીને આખરે પશેમાન ના થતા."

આ નામું પીરોજ શાપુરને આપીને સાઅદબીન વકકાસની છાવણીમાં મોકલ્યું.

સાઅદની માંગણી.

સાઆદે તે વાંચી જવાબ લખ્યો કે—"ખોદાના ખરા પેગામ્બર હાશમી તોખમના મોહમદની દીન જો યજદેજર્દ કબુલ રાખે તો બંધે જેહાનનું સુખ પામે, અને પોતાની પાદશાહીનું તાજ અને તખ્ત હમેશાં ભોગવ્યા કરે, અને તેના ગુનાહની માફી ચાહાનાર મોહમદ (પેગામ્બર) થશે અને મરણ પછી તે (યજદેજર્દ) બેહસ્તમાં જશે."

સાઆદનું આ નામું સાઆબે મગીરે નામનો આરબ રૂસ્તમને પોંહોંચાડવા ગયો. તેની આગમજ એક ઇરાનીએ રૂસ્તમને ખબર આપી કે સાઆબે મગીરે નામનો એક બુઢો આરબ પાઉં પ્યાદો હથીયાર વગર, સોજાં કપડાં વગર, એક બારીક તલવાર ખાંધ ઉપર મેળાને આવે છે. રૂસ્તમ પાદશાહી દમામ પ્રમાણે ગાલીચા બીછાવી, મજલસ તૈયાર કરી, પોતે મસનદ ઉપર બેઠો. તેની હજુરમાં ૧૬૦ અમલદારો પોતાના લસ્કરી સીપાહીઓ સાથે હાજર થઈ બેઠેલા હતા. જેવો સાઆબે કચેરીમાં આવ્યો તેવો ગાલીચા ઉપર પગ મુકવાને બદલે જમીન ઉપર ચાલી જાણે ગભરાતો હોય તેમ નમી જમીન ઉપર કોઇને સલામ અકરામ કીધા વગર બેસી ગયો—રૂસ્તમ તરફ તથા બીજા સરદારો તરફ જોયું વટીક નહીં.

ત્યારે રૂસ્તમ બોલ્યો કે "ગભરા ના, અને ધીરજ રાખી ખુશીથી બેસ."

સાઆબેએ જવાબ દીધો કે "અરે નેકનામ ! તું જો હમારી દીન કબુલ કરે તો હું તુંને 'અલેકુમ સલામ' કરૂં !"

આ સખુન સાંભળીને રૂસ્તમનો મીજાજ અતીશે જતો રહ્યો, પણ ધીરજથી નામું વાંચીને સાઆબેને કહ્યું કે "સાઆદ બીન વકાસને તું જઇને કેહેજે કે તું જો તાજદાર હતે તો તારી સાથે હમનબર્દ થવાને અથવા મજલસ કરવાને મને હરકત નહી હતી. મારૂં તખ્ત લેવાની તું ખાહેશ કરે છે, પણ મારા એકબાલના તેજાની નોક તુંએ જોયલી નથી; પણ અનુભવવાળા સારી પેઠે જાણે છે કે ઇરાનની જાહોજલાલી કેવી છે. જોકે હું કહી નથી શકતો કે બદ સેતારાની ચાલથી હવે પછી કેવો આફતનો વખત આવશે, તોપણ હમારી જુની દીન છોડીને અમો નવી દીન કબુલ કરવાના નથી, માટે સાઆદને જઇને તું એવું કેહેજે કે તારી બેહુદી માગણી કબુલ કરવા કરતાં તો હમારૂં નામ જાળવી રાખવા સારૂં લડાઇમાં મરી જઇયે તે ભલું."

ફસલ ૨—યજદેજર્દની શીકસ્ત, નાસભાગ અને ખુન.

કાદસીની લડાઇ.

કાદસીમાં સાઆદ બીન વકાસનાં લશ્કર સાથે રૂસ્તમ હોરમજદને ત્રણ દીવસ સુધી ભારે જંગ ચાલી, જેમાં ઇરાની લશ્કર સંકટમાં આવી પડયું. પાણી વગર પેયાસથી જાનવર તથા માણસો મરવા લાગાં. સાઆદ અને રૂસ્તમ બંધે તનહા એકબીજા સાથે લડવા ઉતર્યાં. રૂસ્તમે સાઆદના ઘોડાનાં માથાં ઉપર તલવારના જખમ કીધાથી ઘોડો અશકત થયો, તેવોજ સાઆદ નીચે ઉતરી પડયો. રૂસ્તમે તેનાં માથાં ઉપર જખમ કીધો, પણ ઘણી ધુળ ઉડવાને લીધે તે અણદીઠ થઇ છટકી ગયો. રૂસ્તમ ઘોડા ઉપરથી નીચે ઉતરી સાઆદ-

નું માથું બદનથી છુટું પાડવાનો ઇરાદો કરે છે, પણ ધુળ ઉડવાથી તેને કંઇ દીસ્યું નહી; તેવામાં પાછલથી સાઆદે દોડી આવી રૂસ્તમને તલવારનો એક સખ્ત જખમ માથાં ઉપર કીધો, જેથી તે લોહીમાં ગર્ક થઇ ગયો. પછી બીજો જખમ માથાંપરથી ગરદન સુધીનો કીધો, જેથી તે ઇરાની સરદાર મરણ પામ્યો.[1]

આ વાતની ખબર ઇરાનીઓને નહી હતી, પણ તેઓ પોતાના સરદારને શોધવા નીકળ્યા ત્યારે મેદાનની ખાકમાંથી તેની લાશને શોધી કાહાડી. માર ખાતાં તથા પાણીની પેયાસથી મરતાં ઇરાની લસ્કરે નાહાસવા માંડયું. આરબો તેમની પુઠે ધસી આવ્યા. ફ્રરોખજાદ બીન હોરમજદ (રૂસ્તમનો ભાઇ) ને આ વાતની ખબર થવાથી તેણે અરવંદ રોદથી કરખમાં આવી અરબો ઉપર હુમલો કીધો, પણ કંઇ વલ્યું નહી. ત્યારે ફ્રરોખજાદે બગદાદમાં આવી યજદેજર્દ સાથે મશવરત કરી

---

૧ કાદસિયાની લડાઈ બપોરે શરૂ થઈ, જે વેળા ઈરાની લસ્કરને ૧૩ ભાગમાં વેહેંચી નાખી, તેનો સરદાર રૂસ્તમ ફ્રરોખજાદ તેના મધ્ય ભાગમાં ૭૨૦૦૦ માણસો તથા ૧૯ હાથીઓ સાથ જઈ ઉભો. આખાં લશ્કરમાં ૩૦ હાથીઓ હતા, અને દરેક ઉપર વીશ લડવૈયાઓ સ્વાર થયલા હતા. મીરખુંદ મુજબ એકંદર લશ્કર ૧૨૦૦૦૦ માણસોનું હતું. શરૂઆતમાં ઉપલા હાથીઓએ ઇરાની ફ્રોજની ફતેહ કરી આપી. આરબોના ઘોડા હાથી જોઇને ગભરાયા અને નાઠા. સવારો ઉતરી પડયા, પણ તેથીબી કાંઈ વલ્યું નહિ. અંતે ઘોડેસ્વારો શિકસ્ત ખાઈ નાસી ગયા. પેદલ લશ્કરેબી પ્રથમ ઇરાનીઓના હાથ ઉપર માર ખાધો; પણ શેવટે આરબોએ તલવાર હાથમાં લઈ ઈરાનીઓની પાંખો ઉપર હલ્લો લઈ જઈ તેમને માર આપ્યો. રૂસ્તમ આ જોઈ તેઓ સામે દોડયો અને તેમને પાછા નસાડયા. પાછી લડાઈ ચાલી તે વેળા આરબોએ હાથીઓના હોદાનાં દોરડાં કાપી નાખ્યાં, જેથી તે ઉપરના લડવૈયાઓ તુટી પડયા, અને હાથીઓ તરફનો ગભરાટ નહિ સરખો થઈ ગયો. આ રીતે કાદસિયાની લડાઇનો પહેલો હફતો રાત પડવે આખર થયો. બપોરથી રાત સુધીનાં આ જંગને "રોજે અર્માસ" (આખર થયલો દિવસ) એવું નામ મળ્યું છે.

કાદસિયાનું જંગ ચાર દિવસો સુધી ચાલુ રહ્યું હતું, જેમાંના બીજાની લડાઇને "એગ્વાસ" (વિલાપનો દિવસ-કાંએકે એ દિને કતલ થયલા આરબ સિપાહીઓને ભેગા કરી તેમને દફનાવવાનું કામ ચાલ્યું હતું), અને ત્રીજાની લડાઇને "એગ્માજ"નાં નામો મળ્યાં છે. આ ત્રીજા વરસની લડાઈ આખો દિવસ અને રાત ચાલ્યા જોડે છેક ચોથા દિવસે બપોરની નિમાજના વખ્ત સુધી તે બંધ પડી ન હતી. આ લડાઇઓમાં બંને પક્ષોની અવાર નવાર ફતેહ અને હાર થઈ હતી. પણ ચોથા દિવસના બપોર પછી શરૂ થયલી લડાઇમાં ઇરાનીઓની પુરેપુરી હાર થઈ. આથમણ બાજુએથી પવન ફુકવા માંડયો, અને તેની જોડે ઉડી આવેલી બારીક રેતીઓથી લશ્કર આંધળું બની ગયું. મધ બપોરે અંધકાર ફરી વળ્યો. બંને બાજુવાળાઓએ લડાઈ બંધ પાડી, પણ તુફાનની તક લઈ આરબોએ લૂટ ચલાવવા માંડી, અને એજ લૂટને દરમયાન સરદાર રૂસ્તમ ફ્રરોખજાદ માર્યો ગયો. આ રીતે પોતાની હાલત બતંગ જોઈને સરદાર વિનાનું ઇરાની લશ્કર નાઠું, પણ ૧૦૦૧૦ ઈરાની ચુનંદાઓ નાઠા નહિ. તેઓ શત્રુઓ સામે લડયા, અને તેમના ૬૦૦૦ માણસોને કાપી નાખીને પોતે જીવ આપ્યો ત્યાં સુધી જંગ મેદાનમાં ખડા ઉભા રહ્યા.

જંગનું આ રીતે શેવટ આવ્યું; પણ આપણા શાયરે જણાવ્યું છે તે રૂસ્તમ ફ્રરોખજાદ આરબ સરદાર સાઅદ વક્કાસની જોડે લડતાં માર્યો ગયો ન હતો; કેમકે સાઅદના પગને દર્દ હોવાથી તેનાથી તો ઘોડા ઉપર પણ બેસાતું ન હતું. તે તો આ જંગ દરમયાન લડવા ઉતર્યોજ ન હતો, પણ પોતાના ઝરૂખા ઉપરથી સઘળો તમાશો જોતો હતો. ફિર્દુસી જે ધૂળ ઉડવાનો ઇશારો કરે છે તે ઉપર જણાવેલું બારીક રેતીનું તુફાન હતું.

આ નાશકારક લડાઇમાં બેશુમાર ઇરાનીઓ માર્યા ગયા ઉપરાંત પુષ્કળ ખજાનો આરબોને હાથ ગયો, અને તેની જોડે "દરફ્શે કાવાની" નામનો ગાવ્યાની ઝુંડો પણ તેઓ લૂટી લઈ જવામાં ફતેહ પામ્યા હતા. છેક પાદશાહ ફ્રેદુનના વખ્તનો આ ઝુંડો હતો, જે આ કમ્બખ્ત લડાઇની આખરી સુધી કાયમ રહેલો મનાય છે. તેને વખ્તે વખ્ત ઝવેરાતોથી શણગારવામાં આવ્યો હતો. તેની લંબાઈ ૧૮ ફીટની અને પહોળાઇ ૧૨ ફીટની હતી. તે ઉપર રૂ ૩૦૦૦૦૦ ની કીમતનું ઝવેરાત મઢી લીધેલું હતું.

કહ્યું કે નારવનનાં મેદાન તરફ અત્રેથી નીકળી જવું જોઇયે, કે જ્યાં આપણને ઘણું લશ્કર મેળવવાને બની આવશે. લશ્કરે એવો વીચાર જણાવ્યો કે આમેલ અને સારી તરફ જવું જોઇયે. પછી નકી એવો ઠરાવ થયો કે ખુરાસાન તરફ નીકળી જવું, જ્યાં તુરાનીઓની મદદ મળશે, અને તુરાની પાદશાહ સાથે યજદેજરદ ખેશી કરશે.

પછી માહુએ સુરી (મર્વના હાકમ) અને તુસના હાકમ ઉપર યજદેજર્દે નામાં લખ્યાં, જેમાં એવુંબી લખ્યું કે "નોશીરવાને ખોઆબમાં જોયલું હતું કે અરબસ્તાનમાં એક શખ્સ પેદા થશે તે ઇરાન ઉપર ચહડાઇ કરી શીકસ્ત આપશે અને આતશખાના ખરાબ કરશે, તે વાત ખરી ઠરી છે."

મર્વના હાકમનાં કાવત્રાં.

પછીથી યજદેજર્દ તુસ શેહેર તરફ ગયો તેને એસ્તેકબાલ લેવા માહુએ સુરી મર્વથી આવી લાગો, જેને ફરરોખજાદ હોરમજદે કહ્યું કે "આ યજદેજર્દ પાદશાહ કેયાની ઓલાદનો છે, તેને હું તને સોંપી આપીને રએ તરફ જાઉંછું, માટે એને કંઇ હરકત થવા દેતો માં. મને મારો ભરોસો નથી કે પાછો આવી પાદશાહનાં તાજને સેજ્હો કરીશ, કારણ કે મારો ભાઇ રૂસ્તમ જેવો પેહલવાનબી એક કાગડાને હાથે મારો ગયો છે, જેથી ઇરાનીઓનું એકબાલ ઉંધું વળ્યું છે."

ફરરોખજાદ રએ તરપ ગયો અને યજદેજર્દ મર્વમાં લાંબી મુદત સુધી રહ્યો.[1] માહુએ

---

૧ યજદેજર્દ મર્વ આવે તે આગમજ તો અનેક નવી લડાઇઓ અને ઘણા જાણવાજોગ બનાવો બની ગયા હતા.

કાદસિયાની લડાઈ પછી પાદશાહે આરબોની હીલચાલ તપાસવા માટે છુપા જાસુસો મુક્યા. રૂસ્તમ ફરરોખજાદનું આવી બને તે આગમજ પાદશાહે તુખારજાન નામે સરદારને લશ્કર આપી રૂસ્તમની મદદે મોકલ્યો હતો, તે લશ્કરને કાદસિયાથી નાસી આવેલા સિપાહીઓ મળ્યા. આ નવી ફોજે આરબો સાથ દેરેકાઅબ ખાતે લડાઇ ચલાવી, પણ તેમાં ઇરાનીઓની હાર થઇ. એક બીજી લડાઇ હરાર ખાતે થઈ, તેનું શેવટબી એવુંજ આવ્યું.

આ ફતેહો પછી આરબ સરદાર સાઅદ વક્કાસ ઇરાનનાં પાયતખ્ત મદાઇન ઉપર ચહડાઇ લાવ્યો, જે ઉપરથી યજદેજર્દ જલુલા ખાતે ગયો. મદાઇન આગળ ઇસ્વી ૬૩૭ માં લડાઇ થઇ, તેમાંબી ઇરાનીઓજ હાર્યા, અને આરબોને મોટી લુટ મળી. એ પછી હોલવાન આગળ લડાઈ થઇ, અને તેમાં શિકસ્ત મળ્યા પછીજ યજદેજર્દ શેહેરે શેહેર રખડતો થયો. પ્રથમ તે રએ ગયો, જે દરમયાન આરબો સાથ અહવાજ અથવા ખુજીસ્તાનના પાર્સી હાકમ હોરમજાનને અનેક લડાઇઓ ચાલી, જેમાં શેવટે દગાથી તેની હાર થઈ, અને તેના તાબે થવાથી તેને મદીને મોકળી દેવામાં આવ્યો.

સાઅદ વક્કાસની ૬૪૧ માં બદલી થઇ, અને નવો આરબ સરદાર આગળ વધી આવે તે આગમજ તેને નેહાવંદ નામે ગામ આગળ લડાઇમાં રોકવા માટે પાદશાહે ઉગમણુ તરફના હાકમો ઉપર નામાંઓ લખીને લશ્કર ભેગું કીધું. આ લશ્કરની સરદારી ફીરૂજાન નામે લડવૈયાને મળી, જેની કુનેહ ભરેલી કારઅંદાજીથી આરબો બીધા. તોપણ તેઓ ફરેબથી જીત્યા. પોતાનો ખલીફો મરણ પામવાના સમાચાર મળવાથી નેહાવંદથી પાછા ફરતા હોય એવો તેઓએ ઢોંગ કીધો, અને તેમને નાસતા જોઈ ઇરાનીઓએ પોતાની બચાવ ભરેલી જગા છોડીને તેમની પુઠ પકડી. બે દિવસ સુધી પુઠ પકડવા દઈ આરબોએ તેમને છેક બાહેર આવવા દીધા, અને પછી તેઓની સામે થઇ ત્રીજે દિને લડાઇ ચલાવી. ત્રણ દિવસો સુધી જબરદસ્ત લડાઈ ચાલી, જેમાં આરબ સરદાર નોઅમાન માર્યો ગયો, તોપણ જીતતો દુશ્મનોનીજ થઈ. (ઇસ્વી ૬૪૨).

આ ફતેહ પછી આરબો રએ તરફ ધસ્યા, કે જ્યાં પાદશાહ યજદેજર્દે આશ્રો લીધો હતો; અને અહીંથીજ પાદશાહની નાસભાગ શરૂ થઇ. તેણે ખોરાસાનની રાહ પકડી, અને ત્યાંથી તુસ શેહેર જવા માંડ્યું. પણ તુસના હાકમે પોતાનો કિલ્લો બિસ્માર હાલતમાં છે એવું જણાવ્યાથી પાદશાહ મર્વ તરફ નિકળી ગયો. મર્વમાં તેણે એક આતશખાનું બંધાવ્યું, તથા આરબોને હાથ જે હાકમો હજુ લડવાના હતા તેઓ ઉપર નામાં લખી તેમને લડવા માટે તૈયાર કીધો.

ફિર્દુસી પાદશાહને જે મર્વ શેહેરમાં શેવટે આવીને વસેલો જણાવે છે તે નાનું મર્વ કે જે મરૂચકને નામે ઓળખાય છે તે હતું.

સુરીએ જોયું કે મારા આશરા વગર યજદે-જર્દનું રેહેવાનું ઠેકાણું નથી, જેથી તખ્તનો ધણી થવા સારૂં તેણે પોતાની દયાનત બગાડીને બીમારીને બાહાને ઘણા દીવસ સુધી તે પાદશાહની આગળ ગયો નહી.

સમરકંદના બેજન નામના પાદશાહ ઉપર માહુએ સુરીએ નામું લખ્યું કે "યજદેજર્દ લશ્કર વગર મર્વમાં મારા આશરાં નીચે છે, માટે જો તારા બુજર્ગોનું વેર લેવું હોય તો અત્રે લશ્કર લઈને આવ; તેનું તાજ અને તખ્ત તુંને મળશે." આ નામું વાંચીને બેજને વજીર સાથે વીચાર કીધો કે "આપણે માહુની કુમકે જઇશું તો એવું કેહેવાશે કે તે નીમકહરામની કુમક કીધી; નહીંતો વળી એવું બી કેહેવાશે કે આપણ તુરાનીઓને લડવાની શક્તી નહી હોવાને લીધે માહુની મદદ લીધી. આ બંધે વાતથી યજદેજર્દની નજરમાં બદનામ અને શરમીંદગી ભરેલા માલુમ પડીશું; માટે શું ઉપાય લઇયે ?"

વજીરે જવાબ દીધો કે "જો માહુનું બોલવું ખરૂંજ હોય તો આપણ લડીશું; અગર દગલબાજી ભરેલું હોય તો પાદશાહની તરફ રહીને માહુની સામે લડીશું; નહી ફાવશે તો પાછા આવતા રહીશું." એવો મનસુબો કરીને દશ હજાર લશ્કર લઈ બેજન એક હફતામાં મર્વમાં આવી પુગો.

પાદશાહની બહાદુરી.

માહુએ એક સવારની મારફતે પાદશાહને આ વાતની ખબર આપવાથી યજદેજર્દે બખ્તર પેહરી બેજનની સામણે બહાદુરીથી લડાઇ ચલાવી, અને પોતાને હાથે કેટલાકનાં માથાં કાપી નાખ્યાં. હવે માહુનો દગો માલુમ પડી આવ્યો. તેણે પોતાનાં લશ્કરને યજદેજર્દની કુમકથી વીખેરી નાખ્યું. જેવારે યજદેજર્દની પીઠ પર કોઇ રહ્યું નહી તેવારે તેણે જેમ બન્યું તેમ જલદી એકલોજ નાહસવા માંડયું, અને અંધારી રાતે એક ખુસરો નામના કંગાલ આટો પીસનારના કારખાનામાં ઘોડા ઉપરથી ઉતરીને વીસામો લીધો. બામદાદે દલનાર જુવે છે તો એક પેહલવાન જેવો સવાર પાદશાહી તાજ માથાં ઉપર પેહરીને આફતાબના જેવા ચેહરા સાથ ખાકમાં બેઠેલો છે.

દલનારે પુછયું કે "તું કોણ છે ? આ દલવાની કાદવ કચરાની ખરાબ જગા ઉપર કાંય બેઠેલો છે ?"

પાદશાહે જવાબ દીધો કે "હું એક ઇરાની સવાર છું. તુરાની લશ્કરમાંથી નાહસીને અત્રે આરામ પામેલો છું."

દલનારે શરમાઇને જવાબ દીધો કે "હું એક ગરીબ આદમી છું. તું માગેતો જવની રોટલી અને ભાજી લાવી આપું."

પાદશાહે કહ્યું કે "જે હોય તે લઇ આવ. પણ તેની સાથે બાજ ધરવાની બરસમબી લાવજે."

તેણે ભાજી રોટલી લાવી મેળી, અને દરે મેહેરમાં એક બુજર્ગ પાસે બરસમ લેવા જતો હતો તે વેળા માહુના સવારો પાદશાહની શોધ કરતા આવી લાગા. તેઓ મધેથી એકે દલનારને પુછયું કે "કાંહાં જાય છે ?"

તેણે જવાબ દીધો કે "મારી દલવાની જગા ઉપર એક લશ્કરી સવાર માથાં ઉપર તાજ સુધાં ભારે કીમતી પોશાકવાળો આવીને ઉતરેલો છે, તેની આગળ ભાજી ને રોટલી મેળી છે, પણ બાજ ધરવા બરસમ માંગે છે તે લેવા આવ્યો છું."

પેલા સવારે દલનારને સાથે લઇ જઇને માહુને ખબર કીધી, તેવારે માહુ બોલ્યો કે "તે શખ્સ યજદેજર્દ પાદશાહ છે, માટે તેનું માથું કાપી નાખ; નહીતો તારૂંજ માથું કાપી લઇશ."

તેનાં ખુન બાબે રીકઝીક.

આ હુકમ સાંભળીને તમામ અનજુમન રડાકુટ કરવા લાગું, તેમાંથી રાદ નામનો મોબેદ બોલ્યો કે "અરે વીચાર વગરના માહુ! શું તારી આંખ હારેમને આંધળી કરી મેળી છે કે પાદશાહી અને પેગામબરીનાં જે બે મોતી અંગોઠીમાં જડેલાં છે તે મધેથી એકને

તું ભાંજી નાંખે છે, અથવા તારા જાનને અને અક્કલને પાયમાલ કરવાનો હુકમ આપે છે? જો તું એ હુકમ બજાવશે તો હવે પછી તારી જીંદગાની ખરાબ થવાની સાથે તારૂં રવાન દોજખ ભોગવશે."

પછી શેહેરાન નામના સરદારે ઉઠીને કહ્યું કે "તુરાની તોખમના પાદશાહની તું એ મદદ લીધી તોપણ તેણે ઇરાનના પાદશાહની ખુનરેજી કરવાનો ઇરાદોબી નહી કીધો, તો જોકે તે દુશ્મન હતો, અને તું પાદશાહનો ગોલામ હોવા છતાં આવી દલેરી કરતાં શરમાતો નથી? જો તું પાદશાહનું ખુન કરશે તો કેયામત સુધી તારીપર લેયાનત પડશે."

પછી મેહેરનોશ નામનો સરદાર ઉઠીને બોલ્યો કે—"અરે બદ બુનીયાદના માહુ! તું ફાડી ખાનારાં હેવાનના કરતાંબી બુરો છે. પાદશાહનું તાજ લેવા સારૂં તું આ ખુન કરવા નીકળ્યો છે, પણ ઇરાની તાજ લેવા સારૂં પાદશાહોનાં ખુન કરનારાઓના આખરે કેવા હાલ થયલા છે તે શું તું જાણતો નથી? જમશીદને મારી જહાકે પાદશાહી લીધી, તો ફરેદુને તેનો કીનો લીધો હતો. તુરે ઇરાનની પાદશાહી લેવા સારૂં એરચને કતલ કીધાથી તેને કેવું દુખ ભોગવીને મીનોચેહરને હાથે કતલ થવાની ફરજ પડી હતી? ત્રીજું, કરસેવજના સમજાવ્યાથી સીયાવક્ષને જબે કીધો તેના બદલામાં તેના બેટા કેખુસરોએ અફરાસીયાબને ખંજરથી કાપી નાખ્યો હતો. ચોથું, અરજાસ્પે લોહોરાસ્પને કતલ કીધો, તેનો બદલો અરજાસ્પ પાસેથી અસ્પંદીયારે કેવી રીતે લીધો હતો? પાંચમું, હોરમજદ (બીન નોશીરવાન)નો કીનો બંદુ અને ગુસ્તેહમ પાસેથી ખુસરો પરવીજે છોડી દીધો નહી હતો. તું જો આ બદ ખેયાલ છોડી દેશે નહી તો તારી ખરાબીબી જલદીથી થયા વીના રેહેશે નહી. માટે પાદશાહનું ખુન કરવાને બદલે લસ્કર જમા કરી પાદશાહની આગળ જઇ માફી માંગીને તેના તરફથી ઇરાનના તાજના જે દુશ્મનો છે તેમને શીકસ્ત આપવાની કોશેશ કર, કે જેથી બંને જેહાનમાં નેકી પામે. બેહરામ ચોબીન ત્રણ લાખ ફોજ એકઠી કરી ઇરાનની સામણે લડયો હતો તેનાં પરીણામ તેના હકમાં કેવાં ખરાબ નીપજ્યાં હતાં? વળી ફરામીન તખ્ત ઉપર ચહડી બેઠો હતો તેનું શેવટે કેવી રીતે મરણ નીપજ્યું હતું? માટે ખોદાનો ખોફ રાખીને કામ કર કે જેથી તારી રૂસવાઇ નહી થાય. આ બદ કામ કરવામાં તુંને જેઓ ઉત્તેજન આપતા હોય તેઓને તારા દુશ્મન સમજજે, અને આ બદ હુકમ નહી આપવા સારૂં તુંને જેઓ કડવા સખુનો વાપરે તેમને તારા દોસ્ત જાણજે."

મેહેરનોશની આ શીખામણ સાંભળીને માહુએ જવાબ દીધો કે "પાદશાહનું ખુન કરવાનું કામ મેં જે માથે લીધું છે તે વાત દુનીયામાં આશકારા થઇ ચુકી છે, અને હવે જો હું આજે તેને જીવતો મેલું તો કાલે સઘળું લશ્કર પાદશાહને તાબે થઇ જાય, ત્યારે મારો હાલ કેવો થાય?"

મોબેદે જવાબ દીધો કે "તારા ગુનાહની માફી બાબે બંદોબસ્ત કરીને પછી ખોલાસો કરીયે."

તેવારે માહુનો દીકરો બોલ્યો કે "અરે બાપ! તું તો પાદશાહનો દુશ્મન થઇ ચુકો છે, અને પાદશાહ તારા કબજામાં આવ્યો છે તે છટકી જશે તો દુનીયામાં તારૂં ઠેકાણું નહી રેહેશે."

આ વાત સાંભળીને દલનાર ઉપર ગુસ્સો કરી માહુ બોલ્યો કે "જોઇયે તેટલા સવાર સાથે લઇ યજદેજર્દને કતલ કર!"

તેની પુઠે પછી તેણે કેટલાક સવારોને એવું કહીને મોકલ્યા કે "તાજ, વીટી, મોહોર, અને પોશાક કતલ કીધાથી લોહીએ ખરાબ નહી થાય તેમ તેનાં મુવેલાં બદન ઉપરથી ઉતારી લાવજો."

અંતે ખુન!

હવે ખુસરો આટો દલનાર રડતો રડતો ચાંદણી રાતના યજદેજર્દની નજદીક જઇ

બોલ્યો કે "અરે દાવરે દાદગાર! આ નાલાયક કામ કરવાની માહુએ મને ફરજ પાડી છે તે કીધાની આગમજ પાદશાહ પાસે મને માફ કરાવજે."

પછી કાનમાં લાગીને કંઇ હલુસેની વાત પાદશાહને કેહેવા જતો હોય તેમ યજદેજર્દની આગળ જઇને તે ચંડાળે તેનાં પેટમાં છરી ભોકી દીધી, જેથી તે તુરત મરણ પામ્યો; પેલી ભાજી અને જવની રોટલીબી ખાઇ શક્યો નહી. પછી નાપાક માહુના સવારો આવી તેનાં બદનનો તમામ પોશાક, તાજ, ગળેબંદ, મોહોર, વીટી, એ સર્વ કાહાડી લઇ તેની લાશને ખાકમાં પડતી મેળી માહુની આગળ ગયા, અને બોલ્યા કે "ઇરાનનાં તખ્તની, પાદશાહની, જાહોજલાલીની અને લડાઇની આખરી આવી!"[૬]

તે વખ્તે જે સરદારો હાજર હતા તે ઉઠીને માહુના ઉપર લેઆનત નાખી બોલવા લાગા કે "માહુનાં તનના હાલબી એજ માફક લોહીમાં ગર્ક થયલા હોજો!"

પછી માહુએ હુકમ કીધો કે "યજદેજર્દની લાશને પાણીમાં ફેંકી દે." તે પ્રમાણે દલનારે પોતાના ઘરમાંથી બરહને તન લાશને નદીમાં ફેંકી દીધી, જ્યાં કોઇ વખ્ત તેનું માથું પાણીમાં અને બદનનો ભાગ પાણી ઉપર દેખાતો, તેથી પક્ષીઓ તેને જીવતો જાણી દુર રેહેતાં.

શેવટનો આરામગાહ!

બામદાદે એ શખ્સો નદી ઉપર આવી લાગા તેઓએ પાદશાહને નદીમાં નાખેલો જોઇને જે લોકો પાદશાહની લાશને શોધવા કતલની જગા ઉપર એકઠા થયલા હતા તેઓને ખબર કીધી. તાહાંથી ઘણાએક સોગ પાલનારા નેક મર્દો અને ખ્રીસ્તી પાદરીઓ શોર પોકાર કરતા નદી ઉપર ગયા. પાદરી અને ચાર સોગ પાળનારાઓ નદીમાં ઉતરીને લાશને બાહેર ખેંચી લાવ્યા, અને બોલ્યા કે "ઇસા પેગમ્બરની અગાડીના જમાનામાંથી એવું કોઇએ સાંભળેલું અથવા દીઠેલું નહી હતું કે પાળેલો ગોલામ પોતાના પાદશાહની સાથે આવી રીતની બદી કરે; માટે માહુના ઉપર હમેશાં લેઆનત નાખવી સજાવાર છે. અફસોસ છે કે અર્દેશીરની બુનીયાદના યજદેજર્દ પાદશાહને જીગર ચીરીને પાણીમાં ફેંકી દીધો! કોઇ આગાહીવાળો નહી મળે કે આ અફસોસ ભરેલી વાત નોશીરવાનને જઇને કહી સમજાવે કે તારા નબીરાને બેગુનાહ કતલ કીધો છે!"

પછી તેઓએ બાગમાં દુખમું બનાવ્યું અને પાદરીએ લાશમાં ગરમ દવાઓ ભરી તેને દુખમે ચહડાવી.

એ ખબર માહુને આવીને કોઇએ જાહેર કીધી કે "મર્વમાં જે રૂમી ઇસાઇ પાદરી અને પરહેજગારો હતા તેઓએ યજદેજર્દની માતમ ગુજારી કરીને નદીમાંથી તેની લાશને બાહેર કાહડી બાગમાં એક બુલંદ દુખમું બનાવી તે મધે ચહડાવી છે." પલીદ માહુએ હુકમ કીધો કે "જે શખ્સોએ દુખમુ બનાવેલું હોય અને યજદેજર્દનાં મરણ વીશે દીલસોજીથી સોગ પાળ્યો હોય તેમને કતલ કરવા!"

ફસલ ૩—કરણી તેવી પાર ઉતરણી.

પસ્તાવો.

દુનીયામાં શોધ કીધાથી બુજોર્ગોની ઓલાદમાંથી તખ્ત પર બેસાડવાને લાયક કોઇ મળી નહી આવ્યાથી માહુ યજદેજર્દનું તાજ, મોહોર અને અંગોઠી પોતાના અમલદારોને બતલાવીને બોલ્યો કે "હવે મારો પસ્તાવાનો દીવસ આવ્યો છે, કાંયજે મારી

૬ યજદેજર્દનું ખૂન તા૦ ૨૩ મી ઑગસ્ટ ૬૫૧ ને દિને થયું હતું.

પાસે ખજાનો તો મળે નહી, તે સાથે મારી નામદારી અને નેક બુનીયાદ પણ નથી. હું મોહોર અને અંગોઠી બતલાવું છું તે ઉપર ભરોસો રાખી લસ્કરી લોક મને પાદશાહી લેવા દેવાના નથી; બલકે મારૂં માથું કાપી નાખશે. અગરચે યજદેજર્દના કુટુંબીઓ વીખરાઇ ગયલા છે તોપણ ઇરાનીઓ મારા દુશ્મન થઇ લાગેલા છે. સારી રાત મને નીંદ આવતી નથી, કે શું સમજીને મેં પાદશાહનું માથું કાપી નખાવ્યું ?"

નવો દગો.

વજીરે જવાબ દીધો કે " જે બનવાનું તે તો બની ચુકું. હવે તો સરદારોની એક સભા આરાસ્તા કરીને તેઓને સમજાવવું જોઇયે કે 'આ તાજ અને વીટી પાદશાહે એવું કહીને મને આપેલી છે કે બેજનનું તુરાની લસ્કર ચહડી આવેલું છે તેની લડાઇમાં કોણુની હાર અને કોણુની જીત થશે તે કંઇ જણાતું નથી, માટે આ તાજ અને વીટી તારી પાસે રાખ; કદાચ મારૂં મરણુ નીપજે તો તને કામ લાગે; કારણુ કે મારી એક દીકરી જે અરબના જુલમથી કોઇ જગાએ છુપાઇ રહેલી છે તે સીવાય બીજું કોઇ મારૂં વારેસ નથી, તેથી તું તખ્તનશીન થજે, અને તાજ અને વીટી દુસ્મનને એવું કહી બતલાવજે કે યજદેજર્દે મને વારસા તરીકેનો દાખલો બતલાવવા આપેલી છે, આ ઇલાજ કરીને તારૂં કામ સંભાળજે. જુઠું છે કે સાચું છે તે કોઇ સમજી શકવાનું નથી."

વજીરની આ દગાઇની વાત પસંદ કરીને માહુએ લસ્કરી સરદારોની દરબાર ભરી તાજ અને વીટીની સાક્ષી આપી પોતે તખ્ત પર બેસવાનો દાવો કીધો. લસ્કરે જવાબ દીધો કે " એ દાવો તદન ખોટો છે. તારૂં (માહુનું) માથું કાપી નાખવું રવા છે."

એક પેહેલવાન બોલ્યો કે " તે તો તમો લસ્કરે કાપવું સજાવાર છે."

આ સઘળું સાંભળવા છતાં માહુ તખ્ત ઉપર બેઠો. કહણાઇથી ખુરાસાન તેના હાથમાં આવ્યું. નાલાયક માણસોને મોટાં કામ સોંપ્યાં. લાયકાતવાળાને રઝડાવી માર્યા. રાસ્તી ઉઠી જઇ નારાસ્ત રીતે કામ ચાલવા લાગું. બલ્ખ અને હેરાત પોતાના દીકરાને હવાલે કીધાં. બોખારા તરફ લસ્કર રવાના કરીને સમરકંદ જે બેજનનું પાયતખ્ત હતું તે ઉપર દાવો કીધો કે યજદેજર્દ પાદશાહનો કીનો બેજન પાસેથી લેઉંછું.'

આ ખબર બેજનને થવાથી પુછ્યું કે " પાદશાહની મોહોર માહુને કોણે આપી ?" જવાબ મળ્યો કે " તારૂં લસ્કર પાદશાહને શીકસ્ત આપી પાછું ફર્યું તેવારે પાદશાહ એકલો પડી દલનારનાં ઘરમાં જઇ ભરાયો. તેને માહુએ કતલ કરાવી મોહોર, તાજ, અને વીટી તેનાં બદન ઉપરથી ખેંચી મંગાવેલું હતું. મગર તને માહુએ લસ્કર સાથે બોલાવ્યો હતો તેવારે તખ્ત, તાજ અને વીટી તનેજ આપવાને કબુલ કીધેલું હતું, માટે માહુની પાદશાહી તને લેવી લાયક છે."

આ સાંભળીને બેજન ઘણો દીલગીર થઇ બોલ્યો કે પોતાના પાદશાહનું ખુન માહુએજ કીધું છે; માટે તેનો કીનો લેવા લસ્કર લઇ તેણે બોખારામાં આવી ખબર કાહાડી કે યજદેજરદનાં કોઇ ફરજંદો છે ?" જવાબ મળ્યો કે પાદશાહનો કોઇ ભાઇ છેજ નહી. મગર દીકરો દીકરી કોઇબી નહી મળે કે તેને લાવી મદદ આપી માહુની ઉપર ફતેહમંદ કરયે. બરસામ વજીર બોલ્યો કે " પાદશાહનાં શેહેરો તાજીઓ (અરબો) એ કબજ કીધેલાં છે તે મધે પાદશાહને કે પાદશાહનાં કુટુંબને કોઇને રેહેવા દીધેલાં નથી."

તુરાની પાદશાહ ઇરાની પાદશાહનો કીનો લે છે.

બેજને માહુની બરાબર સફ બાંધી, તેવોજ માહુ રસ્તો છોડી નાહાસવા લાગો, તેની પુઠે બરસામ વજીરે દુંબાલો કરી રોદખાનાની રેતીનાં મેદાનમાંથી માહુને પકડી તે બેજનની આગળ આણ્યો, અને તેનો અસ્બાબ લુટી લીધો.

બેજને માહુને કહ્યું કે "અરે બદબુનીયાદના! તારા જેવો ગુલામ કોઇબી પાદશાહનો ના હોતો. નોશીરવાનની ઓલાદના નામદાર પાદશાહ યજદેજર્દ દાદગરને તુંએ શા કારણથી મારી નાખ્યો?" માહુએ જવાબ દીધો કે "તું મને બુરો કેહે છે તેવારે મારેથી બુરાં કામ થવાં જોઇયે, અને બુરાં કામને બદલે મને ગરદન મારવો જોઇયે."

બેજને જવાબ દીધો કે "તેમજ કરૂં છું અને કીનાથી મારૂં દીલ સાફ કરૂં છું."

પછી માહુના બંધે હાથ, પગ અને નાક, કાન કાપી નાખી, ઘોડા પર બેસાડી, તેને શેહેરમાં તથા લશ્કરમાં ફેરવ્યો. તેની સાથે ઢંઢેરો પીટાવીને એવું બોલાવ્યું કે "જે કોઇ પોતાના સરદારના જાનની ખુવારી કરશે તેનો હાલ આ નાપાક માહુએ સુરીના જેવો થશે."

જેવારે માહુ મરણ પામ્યો તેવારે તેનો વજીર ફેરાજ નામનો હતો તેણે માહુના વડા દીકરાને તખ્ત અપાવવા સારૂં દાવો કીધો, પણ બીજા લોકો તેની સામા થયા. થોડોવાર લડાઇ ચાલી તેમાં ફેરાજ માર્યો ગયો, માહુના ત્રણ દીકરા લશ્કરમાં હતા તેમને પકડી લાવી માહુની લાશની સાથે આતશમાં નાખીને બેજને બાળી નખાવ્યા! એ પછી માહુની ઓલાદમાં કોઇ રહ્યું નહી: તેના કુટુંબમાં જો કોઇ રહેલું હોય તો તે આ શીક્ષા જોઇ નાહાસી ગયલું હતું.

બુજોર્ગો માહુના ખાનદાન ઉપર લેયાનત નાખે છે, અને જેઓ લેયાનત નથી નાખતા તેઓનાં ઉપરબી નાખે છે.

બેજનની આખરી એવી રીતે આવી કે પ્રથમ તો તે દેવાનો થઇ ગયો. દેવાનાપણામાંજ તે પોતાને હાથે પોતાનો જીવ લઇ મરણ પામ્યો.

શાયર ફીર્દોસી કેહે છે કે દુનીયામાં બુરાં કામ કરનારને બુરાઇનોજ બદલો મળે છે. હવેથી જમાનો જુદીજ રીતે ચાલશે.

જેવારે હું શાહાનામાંની તારીખ લખવાનાં કામમાં લાગો તેવારે સેતારાની ચાલથી તેમાં ઘણી હરકતો પડવા લાગી હતી, પણ અલી દીલમી અને હોસીન કતીબી જેવા અપક્ષપાત ગૃહસ્થોથી મારાં સઘળી રીતનાં કામમાં પુરતી મદદ મલી હતી. છેલો કીસ્સો યજદેજર્દ શેહેરીયારનો અસ્પંદાદ મહીનો ને અશીશંગ રોજ સને ૪૦૦ હીજરીને દીને પુરો કીધો, તે સાથે ૬૦૦૦૦) સાઠ હજાર બેતનું શાહનામું તમામ થયું. તે વખ્તે મારી ઉપર ૭૧ વરસની હતી. શાહનામું બનાવવામાં ગંજની ઉમેદમાં ૩૫) વરસ સુધી મેં રંજ ભોગવી તે મારી મેહેનત બરબાદ ગઇ. હવે મારી ઉમર ૮૦ વરસની લગભગ આવી લાગી છે તેથી નાઉમેદ થયલો છું. મેહેમુદશાહનું તન દુરસ્ત અને દીલ ખુશ હોજો! તે સાહેબની મેં એટલી બધી સીફત કીધેલી છે કે જે દુનીયામાં પાયદાર રહી જશે અને બુજોર્ગો મારી પણ એવીજ વખાણ કરશે કે **ફીર્દોસીનું નામ હમેશાં યાદગાર હોજો, કે** જેણે મહેમુદશાહનાં દીલની મુરાદ મુજબ શાહનામું બનાવ્યું છે!"[1]

---

[1] આ ભવીષવાણી આજ ૯૦૦ વરસ થયાં ખરી પડતી આવી છે, અને હજુ પણ તે ખરી પડતી રેહેશે.

વધારાઓ.

૧

પારસીઓનો છેલો પાદશાહ

યજ્દેજર્દ શેહરીયાર.

——:o:——

[નામાકીત ફીર્દુસીએ યજ્દેજર્દનું જે વર્ણન શાહનામામાં આપ્યું છે તે કરતાં ઘણું લંબાણ અને વધારે જાણવાજોગ બયાન "રોજેતસ સફા"માં નામીચા તવારીખનવેશ મીર્ખુંદે આપેલું છે. આ વીષય ઘણો જાણવાજોગ તથા વાંચવાલાયક હોવાથી તે વર્ણન પણ આ ઠેકાણે મેં ઉતારી લીધું છે.]

ફસલ ૧—આરબો ઇરાન જીતવા આવેછે.

શરૂઆત કેમ થઇ.

પારસીઓને જેવારે અબુ બકર ખલીફાનાં મરણની ખબર થઇ તેવારે, મોસીના બીન હારેસ અલ શીબાની નામનો સરદાર, કે જે અબુ બકરના હુકમથી ઇરાનના એરાકે આરબ નામના પ્રાંતમાં ગલબો કર્યા કરતો હતો, તેની ઉપર લશ્કર મોકળવાની તેઓએ ગોઠવણ કીધી. તે દીવસોમાં મોસીનાએ ખાબમાં એવું દીઠું કે જાણે એક શખ્સે મોસીનાના હાથમાં વાવટો આપીને કહ્યું કે "પારસીની પાદશાહીની હવે આખરી આવી છે, માટે ઉમર ખતાબ પાસે મદીનામાં જઇને દીનના દુશ્મનોને કતલ કરવા સારૂ લશ્કરની મદદ માંગી લાવ."

બીદાર થઇને મોસીના લશ્કરી અમલદારોની સલાહ લઇ મદીના તરફ ચાલતાં માર્ગમાં ભુલો પડયો, તેવારે જબરાઇલે (સરોશે) તેને એવી બશારત આપી કે ઇસ્લામના વાવટાની ચહડતી દશા થશે અને ગબરોની પડતી થશે. પછી તેને માર્ગ મળવાથી મદીને જઇ તેણે ઉમર ખલીફાને અરજ કીધી કે "અબુ બકરે પારસીઓની મુકાએલ કતલ ચલાવવા મને મોકળેલો હતો, જ્યાં મેં કેટલુંક કામ કીધેલું છે, અને દુશ્મનોને શીક્ષા દીધેલી છે. પણ હાલે અબુબકર મરણ પામવાથી પારસીઓ લશ્કર જમા કરતા માલુમ પડે છે, માટે ખલીફાએ (ઉમરે) ઇસલામી લશ્કરની મદદ કરવી જોઇયે, કે જેથી હમો ઇરાનનું તખ્ત છીણવી લઇયે."

ઉમરે લશ્કર આપવાને કબુલ કરીને પુછયું કે—"એરાકે અરબનો હેવાલ તું જાણે છે કે શી રીતે છે?"

મોસીનાએ જવાબ દીધો કે "ત્યાંની જમીન ફલવંત અને બરકત ભરેલી છે. માલ, દોલત અને ચોપગાં જાનવર પુશકળ અને આદમી ખુબસુરત હોય છે. ખાક સુનાને તોલની અને સુનું કમાર્ગે ઉડાવી દેવાને લીધે ખાક બરાબર ગણાય છે."

ફરી પુછયું કે "ત્યાંનાં આદમી કેવા બાંધાનાં હોય છે,"

જવાબ દીધો કે મજબુત બાંધાનાં અને ઉંચા કદનાં હોય છે, પણ હૈડાં મેલાં અને હીચકારાં હોય છે."

પછી ઉમર ખલીફ઼ા મસજીદમાં જઇ મીમ્બર ઉપર ઉભો રહીને બોલ્યો કે "અરે મુસલમાનો, આપણા પેગમ્બરને ખોદાતાલાએ ફ઼રમાવેલું હતું કે ઇરાનની અને રૂમની વેલાયતો તારી દીનના લોકો જીતી લેશે અને એ બંધે મુલુકોનો ખજાનો તેઓના હાથમાં આવશે. તે વખ્ત હવે આવી લાગો છે માટે હીંમત પકડીને તમારાં વતનને છોડી દઇને સાસાનની ઓલાદના મુલુકો તરફ઼ રવાના થાઓ, કાંયજે મુસાફ઼રીની મેહેનત લીધા વગર લુટની દોલત મળતી નથી અને કમબખ્તીની ઇજા ભોગવ્યા વીના નેક બખ્તી હાંસલ થતી નથી."

પણ ઇરાનની જાહોજલાલી અને બેશુમાર લશ્કરના દબદબાની વાતથી અરબો અજાણ્યા નહી હતા, તેથી ઉમર ખલીફ઼ાની ઉશ્કેરણીનું ભાષણ સાંભળી તેઓ ચુપકીદા બેસી રહ્યા. કોઇએ જવાબ દીધો નહી, પણ ભારે અંદેશામાં પડયા. ત્યાર પછી અબુ ઓબીદા બીન મસઉદે ઉમર ખલીફ઼ાને અરજ કીધી કે "મારાં કુટુંબના રસાલા સાથે આ લડાઇમાં ઉતરવાને હું કમર બાંધું છું." તેની પુઠે સલીન બીન કીસ ઇનસારી અને બીજા અમલદારોબી કબુલ થયા.

પછી અમરૂ બીન ખરમ અને મોસીનાં બીન હારેસ, જેઓની નેમણુક ઇરાન ઉપર ચહડાઇ કરવા બાબેની અબુ બકરના વખ્તથી થયલી હતી, તેઓનુંબી ઉપરીપણું અબુ ઓબીદા બીન મસઉદને સોંપ્યું, અને ઉમર બોલ્યો કે—"સીન (સલીન) બીન મસઉદની પદવી અબુ ઓબીદાના કરતાં મોટી છે, મગર સલીન ઉતાવલો ઘણો છે તેથી લશ્કરની સરદારી અબુ ઓબીદાને આપી છે, તોપણ સલીનની સારી સલાહ લીધા વીના અબુ ઓબીદા કંઇ કામ કરશે નહી."

મુસલમાન થયલો પારસી સરદાર

હવે અબુ ઓબીદા ઉમરનો હુકમ લઇને એરાકે અરબ મધે આવી લાગો. જ્યાં ખુરાસાન અને એરાકનાં લશ્કરના સરદાર રૂસ્તમ બીન ફ઼રરોખજાદે જાબાન નામના સરદારને બે હજાર લશ્કર આપીને ઇરાનની હદનો સંભાળ રાખવા રાખેલો હતો, તેની સાથે લડાઇ ચાલી. આસમ કુફ઼ીની રવાયતમાં લખેલું છે કે અવલ જેણે પોતાની બરાબર લડવાને લડાઇનાં મેદાનમાં ઉતરીને હમનબર્દ માગ્યો તે જાબાન હતો. ચાર હજાર માહાજરીન લોકો એક એક પછી તેની (જાબાનની) લડાઇમાં ઉતરીને કતલ થયા. તે જોઇને અબુ ઓબીદાએ સલીન બીન કીસને કહ્યું કે "ઇનસાર લોકો ગભરાઇ ગયલા છે. તેઓથી કંઈ વળવાનું નથી." ત્યારે સલીને તેઓને નરસું નહી લાગે તેમ તારીફ઼ કરીને કહ્યું કે "તમારામાં કોઇ એવો નહી મળે કે જાબાનની બરાબર લડાઇમાં ઉતરીને તેનું સેવટ લાવે?" અંતે મંજર બીન ફ઼જા નામનો ઇનસારી જાબાનની સાથે લડવા ઉતર્યો.

મંજર ભાલાના આશરાથી જાબાનને ઘોડા ઉપરથી નીચે તોડી પાડીને તેની છાતી ઉપર ચહડી બેસી ડોકું કાપવાનો ઇરાદો કરે છે, તેવામાં જાબાન મુસલમાની કલમો ભણીને બોલ્યો કે "મને તું કતલ નહી કરે તો એક બાંદી અને એક ગુલામ એવાં ખુબસુરત તુંને આપું કે તારા કોઇબી દોસ્ત પાંસે તેવાં નહી હશે." ત્યારે મંજરે જાબાનને સલામત પોતાનાં લશ્કરમાં મોકલ્યો, તે જોઇ રબીહેના કબીલાએ મંજરને ઠપકો આપી કહ્યું કે "તું જેને કેદ પકડી લાવ્યો છે તે તો આ પ્રાંતનો હાકમ અને એજ લશ્કરનો સરદાર જાબાન છે, તેને એક લોંડી અને ગુલામને બદલે તુંએ જીવતો રાખ્યો, પણ જો તું એકશો ગુલામ અને એકશો લોંડી માંગતે તો તેબી તે આપતે." મંજરે જવાબ દીધો કે "મેં તેને કોલ આપ્યો છે તે હવે તોડી નહી શકાય." જાબાને કબુલાતથી બમણા યાને બે ગુલામ અને બે લોંડી અને બે હજાર દીરમ મંજરને હવાલે કીધા, અને મુસલમાનોની સફ઼માં બુલંદ દરજ્જો પામ્યો.

આસમ કુફીની રેવાયતથી એવું માલુમ પડે છે કે આ લડાઇ યજદેજર્દ શેહેરીયારના વખ્તમાં થઇ હતી, પણ મસ્તકજીના તરજુમા મધે એવું લખે છે કે જાબાનની લડાઇથી ફારેગ થઇને મુસલમાનનું લસ્કર હઇરે તરફ ચાલ્યું કે ઇરાનના મુલક લેવાની ગોઠવણ કરે. તે વખ્તે ઇરાનમાં એવો અંધેર કારોબાર ચાલતો હતો કે આજે એકને પાદશાહી આપતા તો કાલે તેને ઉઠાડી મેળતા. તે પ્રમાણે યજદેજર્દની પાદશાહી થઇ ત્યાં સુધી ચાલ્યું, તેમાં ઇરાનની ઘણી ખરાબી થઇ.

હવે "રોજેતસ સફા"નો લખનાર કેહે છે કે આસમ કુફીનું ઉપર લખેલું મત ભરોસો રાખવા સરખું નથી, કાંયજે બાજે માતેબર કેતાબોમાં લખેલું છે કે યજદેજર્દને તખ્ત પર બેસવાની આગમજ ખુસરો પરવીજની દીકરી પુરાનદોખ્ત રાણીના વખ્તમાં જાબાનને ઇસ્લામી ધર્મમાં વટલવાની ફરજ પડી હતી, અને પુલની લડાઇ ચાલી તેમાં અબુ ઓબીદા કતલ થયો હતો.

બીજા પારસી સરદારની હાર.

જાબાન કેદ પકડાઇ મુસલમાન થયો તે ખબર પાર્સી લસ્કરના સપેહસાલાર રૂસ્તમ બીન ફરરોખજાદને થઇ, ત્યારે તેણે જાલીનુશ નામના સરદારને કેટલુંએક લસ્કર આપી જાબાનની ખાલી પડેલી જગા ઉપર મુસલમાનો સામે લડવા મોકળ્યો, અને રૂસ્તમ પોતે ફાર્સ, ખુજસ્તાન અને ખુરાસાનનું લસ્કર એકઠું કરી લઇ મદાયનમાં આવી વીસામો લેવા અને ફતેહ કોણની થાય છે તેની વાટ જોવા બેઠો.

અબુ ઓબીદાને જાલીનુશના આવવાની ખબર પડી તેવીજ તેની સાથે લડાઇ ચલાવતાં જાલીનુશની હાર થઇ, તેથી તે પાછો ફરી મદાયનમાં જતો રહ્યો, ત્યારે રૂસ્તમ ફરરોખજાદે સરદારો સાથે મશવરત કરી બેહમન જાદુ નામના સરદારને કેટલુંક લસ્કર આપી જાલીનુશની કુમકે મોકલ્યો કે જો જાલીનુશ માર્યો જાય તો તેની જગા બેહમન લીએ.

ગમે તેમ હોય, પણ હવે સાસાની લસ્કર કુચ કરી ફરાત (યુફ્રેટીસ) નદીને કીનારે જઇ પડયું, ત્યારે અબુ ઓબીદાએ ફરાત નદી ઉપર પુલ બાંધવાનો હુકમ કીધો કે સેહેલાઇથી લસ્કર નદી ઓલંગી જઇ ઇરાનીઓની ઉપર હુમલો કરે. પણ સલીન બીન કીસે તેમ કરવાની ના પાડી ત્યારે તેનું નહી માનતાં પુલ બાંધી ઇસલામી લસ્કરને પસાર કીધું તે જોઇ પારસીઓએ પોતાનો ગાવીયાની ઝુંડો ઉડાવી લસ્કરની ગોઠવણ કીધી.

દરફશે ગાવાની.

એ ગાવીયાની ઝુંડા વીશે ગનીહે તવારીખમાં એવું લખે છે કે તે લંબાઇમાં બાર ગજ અને પોહોળાઇમાં નવ ગજનો હતો. બંધે લસ્કરની સફની દરમયાન પ્રથમ સલીન બીન કીસે ઘોડો ઝોંકાવ્યો. દરેક હમનબર્દને કતલ કરી પોતેબી ઘણો જખમી અને નાતવાન થઇ પોતાનાં લસ્કરમાં જતો રહ્યો, ત્યારે પારસીઓની એક ટોળકી આવી લાગી તેની સાથે સફેદ હાથી હતો તે ઉપર શેહેરીયાર નામે એક સરદાર અને બીજાઓ બેઠેલા હતા. તે હાથીએ મેદાનમાં ઘણાએક મુસલમાનોને પોતાની સુંઢથી ચીડી અને કેટલાએકને પગ નીચે કચડીને મારી નાખ્યા, અને ચોતરફ ચીચીયારી મારીને ધસારો કરતો રહ્યો, જેથી મુસલમાનોના હોંશ ઉડી ગયલા હતા.

એક હાથી સાથ જંગ.

અબુ ઓબીદાએ તેઓને પુછ્યું કે "હાથીનાં બદનના કયા ભાગને કતલ કીધાથી તેનું મરણ નીપજે ?" તેઓએ જવાબ દીધો કે "સુંઢને કતલ કીધાથી તેનું મરણ નીપજે છે." તેવારે સલીન બીન કીસે નસીહત કરી અબુ ઓબીદાને જણાવ્યું કે "હાથીને મારવાની હીમત ચલાવવાને બદલે કોઈ બીજી બેરદુ ઉપર હુમલો કર." અબુ ઓબીદાએ જવાબ દીધો કે "પેગમ્બરની કબર ઉપર

અને તેના યારોનાં નામ ઉપર કુરબાન થવું સલામતી ભરેલું છે." એમ બોલી અબુ ઓબીદાએ ઘોડા ઉપરથી નીચે ઉતરીને હાથી ઉપર હુમલો કીધો અને જે રસીથી હાથી ઉપર હોડાને બાંધેલો હતો તે તલવારથી કાપી નાખ્યો, જેથી જેઓ હાથી ઉપર બેઠેલા હતા તે હોડા સુધાં ઉંધે માથે જમીન ઉપર તુટી પડયા. તેમ છતાં હાથી સુંઢ લાંબી કરી અબુ ઓબીદાને પકડવા દોડયો, તેવામાં તેણે તલવારના એક જખમથી હાથીની સુંઢ કાપી નાખી. પછી તે પાછો ફરી નાસવા જતો હતો, પણ ઠોકર લાગવાથી તુટી પડયો અને હાથી પણ તેનાં બદન ઉપર તુટી પડવાથી અબુ ઓબીદા કચડાઇને મરણ પામ્યો.

ફસલ ૨—આરબો ઇરાન જીતવા માંડે છે.

એક સાચો સ્વપ્નો.

નકલ મશહુર છે કે પુલની લડાઇ થઇ તેની આગલી રાતે અબુ ઓબીદાની ઓરતે ખ્વાબમાં એવું દીઠું કે—"આસમાન ઉપરથી એક ભરેલું વાસણ લઇને કોઇ શખ્સ નીચે ઉતરી આવ્યો ત્યારે અબુ ઓબીદાએ અને તેના સોહબતીઓ જેઓને તે ઓળખતી હતી તેઓએ પેલાં વાસણમાંથી એક એક પછી શરાબ પીધો." પેલીએ બીદાર થઇને પોતાના ખાવીંદ અબુ ઓબીદાને આ ખ્વાબની વાત કહી, ત્યારે તે ફાળ જોઇને બોલ્યો કે—"હમે જેટલા શખ્સોએ પેલાં વાસણમાંથી એક એક પછી શરાબ પીધેલો છે તેઓ આ લડાઇમાં એક એક પછી કતલ થઇશું." એજ મુવાફેક અબુ ઓબીદાએ તમામ લશ્કરને જાહેર કીધું કે મારા કતલ થવા બાદ ફલાનાને, ત્યાર પછી ફલાનાને એક એક પછી (જેટલા સરદારો શરાબ પીવામાં શામેલ હતા તેટલાનાં નામ લીધાં હતાં તેઓ) સઘળા કતલ થાય ત્યારે શેવટે મોસીના બીન હારેસને લશ્કરની સરદારી આપજો.

અબુ ઓબીદાનું હાથીની નીચે કચડાઇને મરણ થવા બાદ બીજા સરદારોબી જ્યારે મુસલમાનોને લડવાની તાકત નહી રહી ત્યારે તેઓ પીઠ દઇ નાહાસવા લાગા, જેથી મોસીનાએ અરવે બીન જીદને પુલના કીનારા આગળ ઉભો રાખ્યો કે મુસલમાનોને નાહાસી જતાં દુશ્મનો ઇજા નહી દે; અને મોસીનાએ પણ મરદાનગી કરી પારસીઓની આડે આવી પોતાનાં લશ્કરને પુલ ઉપરથી પસાર કરવાનાં કામમાં પુરતી કોશેશ કીધી.

પુલની લડાઇ.

પણ ઘણાએક રવાયતવાળા એમ લખી જાય છે કે જેવારે ઇસલામનું લશ્કર હાર ખાઇ પુલ ઉપર નાહાસી આવવા લાગું તેવારે એક મુસલમાન અમલદારે એવો વીચાર કીધો કે પુલને ભાંગી નાખીયે તો ઇસલામી લશ્કરને નદી ઓળંગીને નાહાસી જવાનો અટકાવ થાય, અને તે પાર્સીઓની સાથે કતલ ચલાવે. એવી મતલબથી પુલ ખરાબ કરી નાખ્યો, અને પાર્સીઓએ દુંબાલો કરવાથી નાહાસી આવેલાં લશ્કરને પુલનો રસ્તો નહી મળવાથી ફરાત નદીમાં તુટી પડી દુબી મરવાની ફરજ પડી.

કેટલાક રવાયતવાળા એમબી બોલે છે કે જેવારે મોસીના બીન હારેસ લશ્કરનો સરદાર થયો, તેવારે બાકી બચેલું લશ્કર લઇને તે એટલો તો લડયો કે તેનું બધું લશ્કર પરાગંદા થઇ ગયું. તે લડાઇને દીવસે ઇસ્લામી ચાર હજાર લશ્કર જખમી થઇને તથા ફરાતમાં ડુબીને મરણ પામ્યું, તેવારે મોસીનાએ થોડાં લશ્કર સાથે નદી ઓળંગીને સાઆલએ નામની જગા ઉપર આવીને લડાઇનો હેવાલ અરવે બીન જીદની સાથે ઉમર ખલીફા ઉપર મદીનામાં લખી મોકલ્યો, તે વાંચી ઉમર ખલીફો બુમ પાડીને રડયો, અને અરવેને કહ્યું કે "જલદી પાછો જઇને મોસીનાને ખબર કર કે મારી તરફની કુમક આવી પુગે ત્યાં સુધી તારે મુકામમાંજ બેસી રેહેવું."

પછી ઉમરે અરબોનાં નામબનામ જુદા જુદા રેસાલાઓમાંથી એક મોટું લસ્કર જમા કરી તેની સરદારી જરીર બીન અબ્દુલ્લાને સોંપી રવાના કીધો, જેણે એરાક જઇ પોહોંચતાં મોસીના બીન હારેસ સાથે મશવરત કરી હેરા નામની જગા ઉપર લસ્કરની છાવણી નાખી અને એરાકે અરબની આસપાસ લુંટફાંટ કરવાનો હુકમ કીધો.

મેહરાનની બહાદુરી.

એ ખબર મદાયનમાં પુરાન દોખ્તને થવાથી રૂસ્તમ ફરરોખજાદ સાથે વીચાર કરી મેહેરાન બીન માહારૂએ નામના સરદારના હાથ નીચે બાર હજાર લસ્કર આપી તેને જરીર બીન અબદુલ્લા સાથે લડાઈ કરવા મોકળ્યો. બંધે લસ્કરની તલવાર અને ખંજરથી લડાઈ ચાલતાં પારસીઓના ધસારાથી ઇસ્લામી લસ્કરે પીઠ દઇ નાહાસવા માંડયું, તે જોઇ મોસીનાએ બુમ પાડી લસ્કરને દીલાસો આપી લડવાને ઉસ્કેર્યું. મેહેરાન બીન માહરૂએ (પારસીનાં લસ્કરનો સરદાર) તીર અને તલવારની કવાયદમાં સર્વેથી સરસ હતો તે પોતેજ લડાઈમાં કતલ ચલાવતો હતો.

ગનીહે તવારીખ લખનારના બોલવા મુજબ મંજર બીન હસાને નેજાના જખમથી તેને (મેહેરાનને) ઘોડા ઉપરથી નીચે તોડી પાડયો, અને જરીરે તેનું ડોકું કાપી લીધું. પણ અબુ હનીફિના કેહેવા મુજબ તો મોસીનાએ તેમ કીધું હતું. ઇરાનીઓએ મેહેરાનને મારી નાખેલો જોઇને જીતવાની આશા છોડી દીધી અને નાહાસવા માંડયું, તેવારે અબદુલ્લા બીન સલીમ અને અરવે બીન જીદ એ બંધેનાં લસ્કરોએ ઈરાનીઓની પુઠ પકડીને કેટલાએકને કતલ કીધા અને કેટલાએકને કેદ પકડયા. બાકીના કેટલાએક નાહાસીને મદાયનમાં ગયા, તેવાર મુસલમાનોએ એરાકે અરબને તારાજ કરવા તથા લૂટવામાં કંઈ બાકી રાખ્યું નહી.

બગદાદનાં બાજારની લુટ.

બાજે ઇરાનીઓના સંબંધનાં લોકે મોસીનાને જાહેર કીધું કે હમારી વેલાયતમાં બગદાદ નામનું ગામ છે તેમાં મહીનામાં એક દીવસે મોટું બાજાર ભરાય છે, તેમાં બીજી વેલાયતોમાંથી સોદાગરો આવીને મોટા મેળાવડો કરે છે અને માલનું વેચાણ સાટાણુ થાય છે. અગર તમારૂં લસ્કર તે બાજારને લુટી લાવે તો લાંબી મુદત સુધી તવંગરી ભોગવે. આ બાતમી મળ્યા પછી મોસીનાએ જેવારે અંબારનો કીલ્લો હાથ કીધો તેવારે કીલ્લેદાર શરણ થવાથી તેને તથા તેનાં લોકને મારી બક્ષી અને કીલ્લેદારને પુછ્યું કે "બગદાદનું બાજાર લુટવાની મારી ખુશી છે માટે એ વાત તારે કબુલ કરવી; તેમાં એકતો એ જે હમારૂં લસ્કર બાજાર લુટવા જાય તેઓને તારે ભોમીયા આપવા; બીજી વાત એ જે ફરાત નદી ઉપર તારે પુલ બંધાવી આપવો કે હમોબી લસ્કરની મદદ કરવા જઇ શકીયે." કીલ્લેદારે તે પ્રમાણે અમલ કીધાથી બાજારને દીવસે અચીંતું લસ્કર જઇને બાજારની લુટ કીધી, તેમાં ફાર્સના, હવાજના, અને ખુજીસ્તાન વગેરેના ભારી સોદાગરોની તમામ માલમતા લુટાઇ ગઇ. તે માલનો શુમાર ગણી શકાય નહી એટલો હતો.

લુટાયલા સોદાગરોએ મદાયન જઇને ખુસરો પરવીજની દીકરી તે વખ્તે રાણી હતી તેણીની આગળ ફરીઆદ કીધી. તેજ વેળા બીજી તરફથી એવી ખબર મળેલી કે ઇરાનીઓનો કેટલોક માલ ઇરાનથી દેશાવરો ખાતે રવાના કીધેલો તે ઊમર ખલીફાની ઉસ્કેરણીથી મવૈયદ બીન કોત્બે તથા ઓત્બે બીન ગજવાને માર્ગમાંથી લુટીલઈ પોતપોતાને કબજે કીધો હતો. તેજ પ્રમાણે અરબોના ગલબાથી ઇરાની બીજા સોદાગરોને ઘણી નુકસાની ખમવી પડી હતી તેથી ખુસરો પરવીજની દીકરી આજરમીદોખ્ત રાણીએ રૂસ્તમ બીન ફરરોખજાદ (જેને અબુ હનીફ પોતાની તવારીખમાં રૂસ્તમ બીન હોરમજદ કરીને લખે છે) તેને અરબોની સામે કમર બાંધવાનો હુકમ કીધો. તે વાત રૂસ્તમને કંટાળા ભરેલી લાગવાથી પારસી ઉમરાઓને ખલવતમાં બોલા-

વીને કહ્યું કે "આપણા મુલુકમાં ખરાબીએ જે માર્ગ પકડયો છે તેનું કારણ આપણે માથે ઓરત રાજ ચલાવનારી છે તેને લીધે છે. કહ્યું છે કે 'જે ઘરમાં મુર્ગાની જગા ઉપર મુર્ગી બેસીને બાંગ પુકારે તે ઘરમાં સારા સગણુ કાંહાંથી હોય?'"

યજદેજર્દ તખ્તનશીન કેમ થયો?

રૂસ્તમના આ સખુનને એકમળતા થઇને બુજોર્ગ પારસીઓએ પરવીજની ઓલાદના કોઈ પુરૂષ હોય તેની શોધ કરી તખ્તપર બેસાડવાનો ઠેરાવ કીધો. ત્યારે શોધ કરતાં તેઓને માલુમ પડયું કે અસ્તેખર મધે યજદેજર્દ નામનો ધણી કંગાળ હાલતમાં પરવીજનો એક નબીરો છે. ઇરાનીઓએ તેને (યજદેજર્દને) લાવીને નોશીરવાને આદેલનાં તખ્ત ઉપર બેસાડયો.

જ્યારે યજદેજર્દ શેહરીયારને નામે પાદશાહીનું ફરમાન મુકરર થયું ત્યારે તેણે લશ્કર એકઠું કરવા સારૂં પ્રાંતોમાં ફરમાનો લખી મોકલાવ્યાં, અને થોડીએક મુદતમાં મદાયનમાં એટલુંતો લશ્કર એકઠું કીધું કે જેનો જમાવ થવાથી પાહાડ અને જંગલો આજેજ થઈ ગયાં તમામ લશ્કરની સરદારી રૂસ્તમ ફરરોખજાદને આપી. જુના વખ્તનો ખજાનો ખોલી દરેકને મરતબા મુજબ આપીને ખુશહાલ કીધો અને એરાકના પ્રાંતોમાં ફરમાનો લખ્યાં કે જે કોઈ આરબ દીઠામાં આવે તેને કતલ કરવો. તે પ્રમાણે દસ્તદરાજી કીધાથી અને કતલ ચલાવ્યાથી ઇરાનીઓનું બળ વધી પડેલું જણાવા લાગું, અને આરબો જરા કમજોર થયલા માલુમ પડયા. આથી જરીર અને મોસીનાએ કાસદ જોડે એહવાલ લખી મદીનામાં ઉમર ખલીફાને જાહેર કીધું.

ખલીફાની ગોઠવણો.

કાસદો આવ્યા ત્યારે ખલીફાએ મક્કે જવાની મુસાફરીનો ઇરાદો કીધો હતો, તેથી જરીર અને મોસીના ઉપર પત્રો લખી જણાવ્યું કે "તમારો પત્ર પુગો ને લખેલી બીના જાણી. ખોદાનું ચાહવું છે તો હજ્જની સફરથી પાછો આવીને મકદુર મુજબ જેઓ ઇરાનની લડાઇમાં મશગુલ છે તેઓને બનતી મદદ આપવાની કોશેશ કીધામાં આવશે." પછી ઉમર મક્કે ગયો, અને હજથી ફારેગ થઈ મદીનામાં પાછો આવ્યો. જે કામદારો લડાઇની અજમાશ કીધેલા હતા તેઓ સાથે કેટલીક ગોફ્તેગો કરી તેણે સાઆદ બીન અબુ વક્કાસ નામના સરદારને લશ્કરનું ઉપરીપણું આપી કેટલીક નસીહત કીધી, તેમાં એવુંબી ફરમાવ્યું કે કાદસીયેમાં લશ્કરની છાવણી કરવી.

કેહે છે કે ૪૦૦૦ થી ૬૦૦૦ સુધી લશ્કર લઇને સાઆદ કાદસીયેમાં જાઇ પુગો. ઉમરના લખવાથી અબુ મુસા અશેઅરી, જેને બીજી હકુમત ઉપર મોકલેલો હતો, તેણે મગીરત બીન સાઆબેને ૧૦૦૦ સવાર આપી સાઆદની કુમકે મોકળ્યો. તેજ પ્રમાણે ૧૦૦૦ સવાર આપીને કીસ બીન હબીરેનેબી મોકળ્યો. હાસમ બીન ઓત્બે બીન અબુ વકાસ, અસાસ બીન કીસ, અને માલીક અસ્તર, એ સઘળાઓબી કીસની સાથે હતા.

આરબોનું ડેપ્યુટેશન.

કેહેછે કે સાઆદ કાદસીયે જાઇ પુગો તેની આગમજ મોસીના બીન હારેસ મરણ પામેલો હતો, માટે તેની સલમી નામની ઓરત સાથે સાઅદે નેકા કીધા. કેહેછે કે સાઆદની કાદસીયામાં આવવાની યજદેજર્દ પાદશાહને ખબર થઈ તેવારે તેણે એક એલચી મોકળી સાઆદને એલતેમાસ કીધી કે "તમારી તરફથી સારા માણસોની એક ટોળકીને અમારી પાસે મોકળો તો અમારે જે કંઈ વાતચીત કરવી છે તે તેઓ સાથે કરીયે." એ વાત કબુલ કરીને સાઆદે નોમાન બીન મકરાન, હંતલત બીન રબ્બ અલ તમીમ, ફરાસી બીન હસાન અદી બીન અસેહલ, અતારદ બીન હોજાબ, સાઆસ નીન કીસ, આસગ બીન અમરૂ, મગીરે બીન શીબે, અમરૂ બીન માઅદી કરબ, અને એ વીનાએ બીજા ઘણાઓને મદાયન

મોકલ્યા, જેઓ યજદેજર્દના એવાનમાં હાજર થયા, જ્યાં તેઓને મજલસમાં દાખલ કરી બેસાડયા. મોટી પદવીના અરબોએ ઇમનનાં કપડાંના ઝભા પેહેરેલા, અને કોરડા હાથમાં ધરેલા, અને ઉંચી જાતના જોડા પગમાં પેહેરેલા હતા, તે જોઇને યજદેજર્દે મગીરે બીન શાબએ, કે જેને તરજુમો સમજાવવા સારૂં સાઆદે નેમેલો હતો, તેને પુછ્યું કે "તમારા પોશાકનું નામ શું?"

મગીરેએ જવાબ દીધો કે—"બોર્દ" (એટલે ઇમની પોશાક). પણ "બોર્દ"નો અર્થ "લઇ ગયો" કરીનેબી થાય છે, તેમ સમજી યજદેજર્દ બોલ્યો કે—"શું, જેહાનને લઈ ગયો?" આ ફાલ અથવા ભવીષવાણી સાંભળી ઇરાની અકાબરો જે મજલસમાં બેઠેલો હતા તેઓ ઘણા દીલગીર થયા.[1]

ચાબુકને સારૂં યજદે જર્દે પુછ્યું કે "તમારા હાથમાં શું છે?"

મગીરે બોલ્યો કે "સૂત" (યાને ચાબુક) પણ "સૂત"નો અર્થ બાળવાનોબી થાય છે, તેમ સમજી યજદેજર્દ બોલ્યો કે—"શું ફાર્સને બાળી નાખ્યું?"

જવાબ કે "ખોદા બાળી નાખે!"

વળી બીજી કેતાબમાં લખેલુ છે કે યજદેજર્દે "નાલીન" (જોડા) સારૂં પુછ્યું કે "એનું નામ શું છે?"

મગીરે બોલ્યો કે "ફાર્સીમાં 'નાલે' કરી કેહે છે."

યજદેજર્દે જવાબ દીધો કે "શું મારા મુલુકમાં 'નાલે' (યાને શોર પુકાર) ઉઠેલો છે?"

પાદશાહનું ભાષણ.

પોતાની દરબારમાં આરબોનાં ડેપ્યુટેશનને ભેગું થયા પછી યજદેજર્દ બોલ્યો કે "અએ આરબના સરદારો! ખોદાતાલાએ મને પોતાની મેહેરબાનગીથી સરફરાજ કરીને આલમનાં માથાં ઉપર સરદારી આપેલી છે, અને ચોખુંટ પૃથ્વીના સરદારોએ મારાં ફરમાનની નીચે પોતાનાં સર નમાવેલાં છે, અને મારા હુકમને તાબે છે. તમો આરબો તમામ ન્યાત કરતાં અમારી આગળ ઘણાજ ખોવાર, ઘણાજ કંગાળ, અને ઘણાજ જબુન હતા. તમોમાંથી થોડાએક વેપારને અર્થે, પણ ઘણાએક ભટકતા અથવા કંગાળ હાલતને લીધે, ભીખ માગતા અથવા દુકાળ અને કમરોજીનાં કારણ સારૂં, અમારા મુલુકમાં આવજા કરતા હતા. તે પ્રમાણે જંગલમાં બેસી સુસવાટના ખોરાકથી ગુજરાણ કરનારા તમો આરબો અમારા મુલુકમાં આવી અહીંનું લેજતદાર ખાનું ખાવા, મીઠું પાણી પીવા, અને સારો પોશાક પેહેરવા લાગા. પછી પોતાના મુલુકમાં પાછા જઈ બીજા આરબોને ઉસ્કેરી હાલમાં એક મોટું ટોળું એકઠું કરી હમારી વેલાયતમાં પાછા આવી એવો ઇરાદો રાખો છો કે નવી દીનનું બીછાણું બીછાવી જે કાંઇ મુલુક અને નેયામત ખોદાતાલાએ અમોને બક્ષેલી છે તે ઉપર હાથ લંબાવવો. મગર તમો અરબોના એ વીચાર પેલાં કોહોલાંના વીચારની મીસાલે છે; યાને એક કોહોલું કોઇ ધણીના બાગમાં પેશી દરાખ ખાઇને ખુશી થયું. બાગબાન જાણી જોઇ અખાડા કરી પોતાનાં દીલમાં બોલવા લાગો કે 'એ બાગમાં બેશુમાર દરાખ અને મેવો છે તેમાંથી એક કોહોલું તે કેટલુંક નુકસાન કરશે?' પણ તે કોહોલું તો બાહેર નીકળી જાય બીજાં કોહોલાઓને પોતે ખાધેલી દરાખ વીષે ચેતવણી આપીને ઉસ્કેરી પોતાની સાથે બાગમાં લાવ્યું અને ઘણું નુકસાન કરવા લાગું. બાગબાને આવી રીતે નુકસાન થતું જોઈને બાગમાં આવજા કરવાના માર્ગ હતા તે બંધ કરી લીધા અને સઘળાં કોહોલાંને મારી નાખ્યાં. હવે હું તમો આરબો કરતાં વધારે બદ, વધારે બેઅદબ, અને સંખ્યામાં ઓછા કોઈ બીજી કોમવાળાને નથી જાણુતો. જો હું ચાહું તો જેમ બાગબાને

૧ આ અને નીચલા સવાલ જવાબોમાં લખનારે માત્ર બોલોના થતા બે અર્થ ઉપરથી પોતાના હમદીનો રાજી થાય એવી રમુજ માત્ર કીધી છે, જે ગંભીર લક્ષ દેવા જોગ નથીજ.

કોહોલાંને શીક્ષા પોંહોંચાડી તેમ હવડાં તમોને પોંહોંચાડી શકું. પણુ મારે તેમ કરવું નથી, કાંયજે હું જાણું છું જે તમોને ભુખમરાની સખ્તીને લીધે તથા ફકીરી અને અપવાસની બલાને લીધે અત્રે ઉતરી પડ્વાની ફરજ પડી છે. હવે તમોને ફાયદાભરેલું કામ એ છે કે હું તમોને મેહેરબાનગીની રાહે જેટલો જોઈયે તેટલો ઘઉં અને ખજુર આપું છું અને મારે માથેથી સેદકો ઉતારીને નાગાં બદનના આરબોને પેહરવાને પોશાક આપી ખુશહાલ કરૂં છું, તે લઇને તમોએ તમારે દેશ નીકળી જવું. જો તમારા લોક આ વાત કબુલ નહી કરશે તો મારા કેહેરની અસર તેઓ ઉપર એવી લાગુ પડશે કે તમારામાંથી એકબી આદમી જાનની સલામતી સાથે ઇરાનથી અરબસ્તાન નહી જઇ શકશે.”

એક આરબ સરદારનો જવાબ.

જ્યારે યજદેજર્દે પોતાનું ભાષણ ખતમ કીધું ત્યારે ખોદાના સોગંદ લઇને મગીરે બીન શઇબે બોલી ઉઠયો કે “આરબ લોકની કંગાળ હાલત અને ટુંક પુંજી એવે દરજ્જે આવી લાગી હતી કે તેઓને સુસવાટનું ગોસ્ત ખાવું પડતું હતું, અને નાદારીને લીધે પોતાની દીકરીઓને જીવતી દફન કરવી પડતી હતી, એવી મતલબથી કે તેઓને પરણાવવાના ખર્ચની આફતમાંથી ખલાસી પામે. વળી બાજે આરબ તો મોરદારને ખાઇ અને તેનું લોહી પીને દીવસ ગુજારતા હતા, અને પોતાના કાકાનો અથવા મામાનો દીકરોબી હાથમાં આવે તો તેનો માલ છીણવી લેવા સારૂ તેને કતલ કરવાની વટીક હીમત ચલાવતા અને એવી રીતને તેઓ પસંદ પડતી સમજતા. પાદશાહના સાંભળવામાં આવ્યું છે તેવોજ ખરાબ અમારો ખોરાક હતો અને અમારો લેબાસ ઉંટના અને બકરાંના બાલનોજ હતો. અમો હલાલ તે શું અને હરામ તે શું તે કંઇ સમજતા નહી હતા. ખરૂં તે શું અને ખોટું તે શું, તે પણ અમો જાણતા નહી હતા. અમો અરબોનો અહેવાલ ઉપર કહ્યા પ્રમાણેનોજ હતો, પણ જેવારે ખોદાતાલાએ ઉંચા ખાનદાનમાંથી પેગામ્બર મુકરર કરી કેતાબ સુધાં અમારી તરફ જાહેર કીધો, તેવારે બાજે નાલાયક માણસોએ પેગામ્બરની વાતને ખોટી માની, પણ થોડાંએક આદમીએ સાચી માની. આ બંધે ફીરકા લાંબી મુદત સુધી તલવાર અને ખંજર લઇને વાત કરવા લાગા હતા. આખરે સાચો ફીરકો જુદા દુશ્મનો ઉપર ગાલેબ થયો તેવારે જે લોક સચાઇની બુજોર્ગી નહી કબુલ રાખતા હતા તેઓ પણ તાબેદારી કરવા લાગા, યાને પેગામ્બરની દીન ઉપર ઇમાન લાવ્યા. પેગામ્બરનું ફરમાન એવી રીતે લખાયલું છે કે જે કોઇ દીનનો દુશ્મન હોય, યાને દીન કેબુલ નહી કરે, તો તેની સાથે અમારે લડવું સજાવાર છે. વળી પેગામ્બરે પોતાની મોજેજા ભરેલી જુબાનથી એવું ફરમાવેલું છે કે જે કોઇ અમારામાંથી દીનને સારૂં લડતાં દુશ્મનને હાથે કતલ થાય તો તેની જગા બેહેસ્તમાં થાય છે. અગર કોઇ દીનની લડાઇમાં ફતેહ મેળવે તો તે ખજાના અને મલુકનો માલેક થાય છે. હવે અમો તમોને અમારા પેગામ્બરની દીનને માર્ગે ચાલવા સારૂં નોતરૂં મેળીયે છીયે, તે જો તમો કબુલ કરશો તો તમારી રજા લીધા વીના તમારી વેલાયતમાં કોઇબી આરબ પગલું નહી મેળી શકશે, અને જકાત સીવાયે બીજુ કંઇ લીધામાં આવશે નહી. અગર દીન કબુલ નહી રાખશો તો તમોને જજીયો (કર) આપવો લાજમ થશે. તેમબી નહી સમજતા હશો તો લડાઇની તૈયારીમાં રેહેવું પડશે.”

પાદશાહનો ખોફ.

હાસમ કુફીના તરજુમામાં લખેલું કે મગીરેએ યજદેજર્દને સવાલ કીધો કે “જો તમે ઇમાન કબુલ નહી કરો અને જકાતબી નહીજ આપો તેવારે તો તમોને જજીયો આપતી વખ્તે તમોને ‘સાગેર’ એટલે (નાધલા) થવું પડશે.”

યજદેજર્દે "સાગેર"નો અર્થ પુછયો ત્યારે મગીરાએ જવાબ દીધો કે—"જે વખ્તે તમો જજીયો આપશો તેવારે તમોને (બંધવાની પેઠે પગે ઉભું રેહેવું પડશે અને તમારા માથાં ઉપર હાથમાં ચાબુક પકડીને માણસો ઉભાં રેહેશે."

આ વાત સાંભળીને યજદેજર્દ ઘણો ખફા થઇ ગયો અને બોલ્યો કે "મને એવું ગુમાન કદીબી નહી હતું કે મારી જીંદગીમાં તમારા આવા નબળા સખુનો હું સાંભળીશ. મારો વીચાર એવો હતો કે તમારા હાલ ઉપર નવાજેશ અને હેસાન કરૂં, પણ હમણા મારી રૂબરૂ આવા નબલા સખુનો બોલોછો તેવારે તમારે સારૂં ખાક સીવાય મારી પાસે બીજું કંઈ નથી."

એમ બોલીને એક ગુલામ પાસે ખાક ભરીને એક ટોપલી મંગાવી, જે લાવી મજલસમાં મેલી તેવારે યજદેજર્દે કહ્યું કે "તમારો જે સરદાર હોય તેનાં માથાં ઉપર આ ખાક મેલો અને તેને કેહેજો કે હાલ હું લશ્કર મોકલું છું. તે તુંને અને તારા યારોને મારી નાંખીને કાદસીયાના ખંડકમાં દફન કરશે."

આસમ બીન અમરૂ અલ તમીમીએ પેલી ખાકની ટોપલી ઉઠાવી લીધી, પછી સઘળા આરબો યજદેજર્દની હજુરમાંથી ઉઠીને પોતાનાં લશ્કરમાં જતા રહ્યા, અને જે કંઈ તેની સાથે સવાલ જવાબ થયલા તે હકીકત સાઆદને કહી સમજાવી.

આરબ લખાણોમાં હેર ફેર.

ગનીએ અને મુખ્તેસરની તારીખમાં એવું લખેલું છે કે ઉપલા સવાલ જવાબ જે યજદેજર્દની સાથે થયા તે મગીરેની સાથે નહી પણ નોઅમન બીન મંજરની સાથે થયા હતા.

મસ્તકજીના તરજુમામાં અને અબુ હનીફે દીનોરીની તવારીખમાં તો એ સવાલ જવાબ મગીરે બીન સાઆબેને રૂસ્તમ ફરરોખજાદની સાથે થયલા લખેલું છે.

બાજે તારીખ લખનારા ઉપલી બંને હકાયતો ઉપર ભરોસો રાખતા નથી.

અબુ હનીફે દીનોરી, બલકે સઘળા તવારીખ નવેશો એવું લખી ગયલા છે કે યજદેજર્દ જેવારે મસલત આપતાં નીરાશ થયો તેવારે રૂસ્તમ ફરરોખજાદને ૧૨૦૦૦૦ નેજા અને ખંજરવાળાં લશ્કરનો ઉપરી કરીને મુસલમાનો સાથે લડવા મોકલ્યો.

અબુ હનીફેની તારીખમાં લખેલું છે કે જે વારે રૂસ્તમ દેરાઓરમાં જઈ પુગો તેવારે તે ગામમાં છાવણી કરી હતી. સાઅદ બીન વક્કાસે તલેહ બીન ખવીદને કેટલાક દેલાવર સરદારો સાથે ખબર કાહાડવા મોકલ્યો પણ રૂસ્તમનાં લશ્કરની સંખ્યા જોઇને પેલા દેલાવરોએ તલેહને કહ્યું કે "અમો તો અત્રેથીજ પાછા ફરીયે છીયે. તુંબી પાછો ચાલ."

તલેહ બોલ્યો કે "હું તો ઇરાનના લશ્કરની ખબર કાહાડવા જાઉં છું."

તેઓ બોલ્યા કે "તું ઇરાની સાથે બાથ લીધા વીના રેહેશે નહી એવું અમારૂં ગુમાન છે."

તલેહ બોલ્યો કે "તમારેથી તાબ ખમાતો નથી માટે જાંહાં ગમે તાંહાં જતા રેહો."

તેઓ જતા રહ્યા અને રાતે તલેહ ઇરાનીનાં લશ્કરમાં ફરતો ફરતો એક જાગા ઉપર જઇ પુગો, જાંહાં પોતાનો ઘોડો બાંધીને એક ઇરાની પેહેલવાને ખ્વાબ કીધેલો હતો, કે જે એક હજાર દેલાવર મર્દોને એકલો મારી શકે એવી તેની વખાણ થયલી હતી. તે તક જોઇને તલેહે પોતાના ઘોડા ઉપરથી ઉતરી પેહેલવાનનો ઘોડો છોડી પોતાના ઘોડા જોડે બાંધીને સવાર થઇ રૂસ્તમનાં લશ્કરમાંથી નીકળી આવ્યો. બામદાદે પેહલવાન પોતાનો ઘોડો ગુમ થયલો જોઇને બીજા ઘોડા ઉપર સવાર થઇ પોતાના ઘોડાની શોધ કરવા નીકલ્યો તેવો તલેહેની આગળ આવ્યો. તલેહે તલવારથી પેહલવાનને કતલ કીધો. પછી એકેક પછી બે સવારો જે પેહલવાનની સાથે આવેલા તેઓનેબી કતલ કીધા અને ત્રીજા એક શખ્સને પકડી પોતાનાં લશ્કરમાં લઇ ગયો.

કેહે છે કે રૂસ્તમ ફરરોખજાદ ઘણો હુશીયાર નજુમીમી હતો, અને તે જાણતો હતો કે ઇરાનીઓની પાદશાહી આરબોને હાથ જવાની વકી છે,[1] તેથી તે લડાઇનાં કામમાં ઘણી ઢીલ કરતો હતો. તેણે ચાર મહીનાની મુદત દેરાઓરમાં આવતાં ગુજારી, પણ અંતે લાચારીએ લડાઈમાં ઉતરવાની તેને ફરજ પડી.

ફસલ ૩—શરૂઆતની લડાઇઓ.

લડાઇની શરૂઆત.

જે દીવસોમાં આરબ અને અજમ (ઇરાની)ની લડાઇ ચાલતી હતી તે દીવસોમાં સાઆદ બીન વક્કાસ પગનું દર્દ હોવાને લીધે અશકત હતો, તેથી તેણે અમરૂ બીન મેએદી કરબને લસ્કરનો ઇંતેજામ રાખવાને હુકમ આપ્યો અને પોતે પગના આરજાના સબબથી કાદસીયાના મેહેલના ઝરૂખા ઉપર બચાં છોકરાં સાથે બેસીને મુસલમાનોની ફતેહમંદીની ઇંતેજારી રાખતો હતો. તે દીવસોમાં અબુ અલ મેહજન શરાબ પીવાના વાંકને લીધે સાઅદના ઝરૂખા ઉપર કેદ પડેલો હતો.

રૂસ્તમ ફરરોખજાદે ઇરાનનાં લસ્કરના ૧૩ ભાગ કરી દરએક ભાગને એક પછી એક સફ બાંધીને ઉભો રાખેલો હતો. મુસલમાનોની ત્રણ સફથી વધારે નહી હતી. બંધે તરફથી તીરની લડાઇ જારી થઇ, કેમકે તલવારની મનાઇ હતી. કેહેછે કે તેત્રીશ હાથી લડાઇના અસ્બાબ સાથે રૂસ્તમનાં લસ્કરમાં હતા. દરેક હાથી ઉપર વીશ લડાએક મર્દો બેઠેલા હતા. હાથીઓ લડાઇમાં છુટા ત્યારે મરનાર મોસીનાની ઓરત સોલમી (જેણીએ સાઅદ વક્કાસની સાથે નેકા કીધા હતા), જે સાઅદની સાથે ઝરૂખાપર બેસીને લડાઇનો તમાશો જોતી હતી, તે બોલી કે "આજે મોસીનાનું કામ હતું." આથી સાઅદને ગેરત લાગી, જેથી પેલીને તમાચો માર્યો. હાથીઓના ધસારાથી તે લડાઇમાં ઘણા મુસલમાનો હાથીઓના પગ તલે કચડાઇ મુવા. એક સફેદ હાથીથી મુસલમાનોને ઘણું આફત ખમવું પડયું. તે સફેદ હાથી શાપુર જુલ્કતાફના વખ્તથી ઇરાનના પાદશાહોના હાથીખાનામાં હતો.

"રોજેતસ સફા"નો લખનાર બોલેછે કે સેકંદર નામા મધે નેજામીએ કહેલું છે કે ઇરાનમાં હાથી લાંબો વખ્ત સુધી જીવતો નથી, પણ આ સફેદ હાથી તો ૨૫૦ હડીશો વરસ લગી જીવેલો હતો. તે હીસાએ તો હીંદુસ્તાનમાં ૧૦૦૦ વરસ સુધી જીવવો જોઇયે, નહી તો નેજામીનો કોલ વાંધા ભરેલો ગણાય.

ઇરાનીઓની જીત.

જેવારે બંધે લસ્કરની લડાઇ પુર જોરમાં તીરકમાનથી ચાલી ત્યારે પારસીઓએ તીરનો વરસાદ વરસાવી મુસલમાનોને ઘણા જખમી કીધા અને કેદ પકડયા. તેવારે કીસ બીન હબીરેએ ખાલદ બીન ગરફત જે લસ્કરનો સરદાર હતો તેની સાથે એકમળતો થઇને પારસીઓ ઉપર હુમલો કીધો. પણ જીદ બીન અબદુલ્લા, જેના હાથમાં ઇસ્લામી ઝુંડો હતો, તે કતલ થયો. તેની જગા ઉપર તેના ભાઇ એરતાએ ઝુંડો ઉઠાવ્યો. તેને પણ કતલ થયલો જોઇને આસમ બીન અમરૂ તથા અમરૂ બીન માઆદી કરબ, જરીરી બીન અબ્દુલ્લા અને બીજાઓ એકઠા થઇ પારસીઓ ઉપર હુમલો કરી તેઓની ડાબી અને જમણી લસ્કરી સફાતને વીખેરી નાંખીને છેક મથક સુધી જઇ પોંહોંચ્યા. તેવારે રૂસ્તમ ફરરોખજાદ પોતાની પેહલવાનીના જોશમાં આવી ઘોડા ઉપરથી નીચે ઉતરી પડી પોતાના નામીચા સરદારોને સાથે લઇ અરબનાં લસ્કર ઉપર તુટી પડયો અને તેઓના આગે-

[1] આ બિનાને ફિર્દુસી ઉપરથી ટેકો મળે છે. જુઓ અગાડી, સફે ૨૦૧-૨૦૨.

વાનોને શીકસ્ત આપી, જેથી અરબોનાં કામમાં થોડી ઘણી ખલલ પડી.

એક કેદીની જવાંમર્દી.

તે વખ્તે અબુ મોહજન, કે જેને સાઅદે શરાબ પીવાના વાંક સારૂં કેદમાં રાખેલો હતો, તેણે અબ્રમ વલદે સાઅદને અરજ કીધી કે "મારા પગમાંથી બેડી તોડી સાઅદનો અબલક ઘોડો અને હથીયાર મને આપો તો દુશ્મનોને એવો હાથ બતલાવું કે કેયામત લગણ કેહવત રહી જશે: "ખોદાના કસમ ખાઇને કહું છું કે જો હું જીવતો ફતેહ કરીનેબી પાછો આવીશ તોપણ પાછી બેડી પેહેરીને આગળી ગુનેહગારીનો બદલો ભોગવીશ."

અબરમે તેના બોલવા ઉપર ભરોસો રાખીને બંદ ખલાસ કરી સાઅદનો ઘોડો અને તેનાં હથીયાર આપ્યાં. મોહજને સવાર થઇ દુશ્મનોની ફોજમાં ઘુસી ડાબાજમણી બાજુ ઘોડો ઝુંકાવી કેટલાએકને કતલ કીધા. પણ મુસલમાનનાં લશ્કરમાંથી તેને કોઇએબી ઓળખ્યો નહી, કાંયજે તેણે માથે બુરખો બાંધેલો હતો.

સાઆદે ઝરૂખા ઉપરથી મોહજનની લડવાની કલા જોઇને પુછયું કે "આ સવાર કોણ લડે છે?"

જવાબ દીધો કે "ખબર નથી."

સાઆદ બોલ્યો કે "જે ઘોડા ઉપર તે બેઠેલો છે તે તો મારા અબલક ઘોડા જેવો લાગે છે, અને તેણે જે બખ્તર પેહેરેલું છે તેબી મારા જેવું છે. તેની હીલચાલ જોતાં અબુ અલ મોહેજનના જેવી નજર આવે છે. જો અબુ અલ મોહજન આ મેહલ(કીલ્લા)માં કેદ પડેલો નહી હતે તો હું કહી શકતે કે તે શખ્સ અબુ અલ મોહજન છે."

સાંજ પડતાં અબુ અલ મોહજને મેહલમાં આવી પાછી બેડી પગમાં ઘાલી જેમ કેદી હતો તેમ કેદખાને બેઠો.

હવે સાઅદની ઓરતે સાઅદને પુછયું કે "આજની લડાઇના શા સમાચાર મળ્યા?"

સાઅદે જવાબ દીધો કે "લગભગ મુસલમાનોની હાર થયલી હતી, પણ ખોદાતાલાએ એક અબલક સવારને મોકલ્યો. હું નથી જાણતો કે તે સવાર જીન અથવા માણસ જાત હતો. તેણે મુસલમાનોને તકવીઅત આપી."

ઓરત બોલી કે "તે તો મોહજન જે આપણા હાથ નીચે કેદી હતો તે છુપી રીતે લડાઇમાં જઇ આવ્યો."

સાઆદે અબુ અલ મોહજનની આગળ જાઇ પુછયું અને વાત સાબેત થવાથી સાઅદે તેના બંદ ખલાસ કરી હુકમ આપ્યો કે "હવે પછીથી તને ગમે તેટલો શરાબ લેવાની છુટ છે."

તેણે જવાબ દીધો કે "હવે પછી હું કદીબી શરાબ લેનાર નથી."

નકલ છે કે જ્યારે અબુ અલ મોહજન કેદી હતો ત્યારે નકારાં અને કરનાએના આવાજ સાંભળીને લોંડીને પુછયું કે "એસ્લામનાં લશ્કરની કેવી હાલત છે?"

જવાબ દીધો કે "નબલી છે." ત્યારે તે તેજ લોંડીની મારફતે સાઅદની ઓરત પાસેથી છુપી રીતે સાઅદનો ઘોડો અને હથીયાર માંગી લઇ લડાઇમાં ઉતર્યો હતો.

"રોજે અર્માસ"ની લડાઇ.

કેહે છે કે લડાઇને દીવસે ગાલેબ બીન અબ્દુલ્લાએ મેદાનમાં ઉતરી હમનબર્દ માંગ્યો, તેવારે દરબંદનો પાદશાહ હોરમજદ નામનો માથાં ઉપર તાજ મેળીને ઉતર્યો. ગાલેબે તેને કેદ પકડયો અને સાઅદને હવાલે કીધો.

આસમ બીન અમરૂના હાથમાં રૂસ્તમના ખોરાક અને હલવાનું એક ઉંટ પકડાયું તે સાઅદ પાસે મોકલી દીધું અને તે તેણે સીપાહી લોકને વેંહેંચી આપ્યું.

અમરૂ બીન માઅદી બીન કરબને પારસીના એક ઉમરાએ તીર માર્યો જેથી તેની કમાન તુટી ગઇ. અમરૂએ તેને ઘોડા પરથી નીચે ફેંકી દીધો, જેથી તે મરણ પામ્યો. અમરૂએ તેનો લેબાશ પોતે બદલ્યો અને લશ્કરમાં ગયો. તે દીવસે હાથીઓ ડાબી જમણી બાજુએ દોડ ધામ કરીને ફરતા હતા તેથી મુસલમાનોના

ઘોડા ભડકતા અને નાહાસી જવાને ખુશી થતા હતા. આથી આસમ બીન ઉમરે ઇમામીઓના રસાલાની સાથે મળીને હાથી ઉપર બાંધેલા હોદાનાં દોરડાં કાપી નાખ્યાં, જેથી તે ઉપર બેઠેલા સરદારો નીચે તુટી પડયા, તેઓને કતલ કીધા. એ રોજને ઇસ્લામીઓ "રોજે અર્માસ" કરી બોલે છે. એ દીવસે પાનશો મુસલમાનો કતલ થયલા હતા. બીજે દીવસે તેઓને દફન કીધાં તે રોજને "રોજે અગવાસ" કરીને બોલે છે.

આરબોને મલેલી મદદ.

આગળ કેહેવા મુજબ કેટલીક શક ભરેલી તવારીખોમાં લખેલું છે કે શામની જે ફોજ ઇસ્લામીઓની મદદે આવી તેની તફસીલ એ જે—સાઅદ વક્કાસને મદદ કરવા સારૂં ઉમર ખલીફાએ અબુ અબીદા બીન જરાહ ઉપર લખી મોકલેલું હતું તેથી તેણે રબીએ મીસર, હજાજ, ઇમન વગેરેથી ફોજની ભરતી કરી સાઅદ તરફ કાદસીયામાં રવાના કીધી હતી. તેની સરદારી હાસમ બીન અતબતે બીન અબુ વક્કાસને હવાલે કીધી હતી, અને તેને ફરમાવેલું હતું કે નામીચા આરબો જેવા કે કાકાય બીન અમરૂ તથા કીસ બીન હબીરક બીન અબ્દુલ ગુસ અલમોરાદી તથા હારેસ બીન અમરૂ અલ એલજી તથા જીનસ બીન અબાસ, તેની (હાસમ બીન અતબતેની) સાથે એકમળતા થઇને કમર બાંધે.

ત્યારે હાસમ પાસે ૬૦૦૦, (કોઇ કેહે છે કે ૧૦૦૦૦) ફોજ જમા થયલી હતી. તેઓ કુચ કરીને કાદસીયામાં સાઅદની કુમકે જઇ પુગા. તેજ વેળા કાકાયએ મેદાનમાં ઉતરી લડવા માટે હમનબર્દ માંગ્યો, ત્યારે જુલ હાજબ અને બેહેમને જાદુ નામના બે પારસીઓ તૈયાર થયા, જે બંધેને તેણે એકેક પછી કતલ કીધા. ત્યાર પછી કાકાયની સામણે બીજા બે પારસીઓ ઉભા રહ્યા, જેમાંના એકનું નામ પીરોજ અને બીજાનું બંદવાન કરીને હતું. કાકાયએ પીરોજને અને હારસ બીન તૈયેબાને બંદવાનને કતલ કીધા. કેહે છે કે તે દીવસે કાકાયએ ત્રીશ વખ્ત હુમલા કીધા તેમાં દરેક હુમલે એકકા પાર્સીને કતલ કીધો. છેલ્લે હુમલે બુજર્ચ મેહેર હમદાનીને કતલ કીધો; પણ ગનીહે તારીખમાં તો એવું લખેલું છે કે છેલ્લે હુમલે તો સેજીસ્તાનના પાદશાહ શેહેરીયારને કતલ કીધો હતો.

"રોજે અગમાસ" ની લડાઇ.

મજકુર રોજે અગવાસને દીને ૧૦૦૦ મુસલમાન અને ૧૦૦૦૦ ઇરાની લશ્કર કતલ થયું હતું. એ રાત આસાયશમાં ગુજારી ત્રીજે દીવસે બામદાદે લડાઇની પાછી તૈયારી કીધી. એ દીનને "રોજે અગમાસ" કરી કેહે છે.

હરદો તરફથી ખંજર અને શમશેરની લડાઇ શરૂ થઇ. પાર્સીઓના હાથીઓ દરેક બાજુ ઉપર હુમલો કરતા હતા, જેથી મુસલમાનોને પરાગંદે થવાની ફરજ પડતી હતી. સાઅદે કાકાય અને તેના ભાઇ ઉપર પેગામ મોકલ્યો કે "સફેદ હાથી કેજે સઘળાં કરતાં મોટો છે તેનું તુફાન દફે કરવાની લાગ રાખવી." એ ઉપરથી તે બંધે ભાઇઓએ તીરના જખમથી તે હાથીને બંધે આંખોથી આંધળો કીધો. એક ત્રીજા શખ્સે બીજા હાથીને તીર અને નેજાથી ઘાયલ કીધો. આ બંધે જખમી હાથીઓ પાછા ફરીને નાહાસવા લાગા તેના ગભરાટથી ઇરાનીઓની ફોજ પુર જોશમાં આવી. બંધે તરફથી એવી સખ્ત લડાઇ ચાલી કે એકે બીજાનું માથું કાપ્યા વીના હાથ પાછો ખેંચ્યો નહી.

રૂસ્તમ ફરરોખજાદ ઉપર આફત.

આ ચોથે દીવસની રાતની લડાઇને (અરબો) "લેલતલ હરીર" કરીને કેહે છે. ચોથા દીવસની લડાઇ બાબે મુખ્તેસર મંતેજમ બીન જોજી લખી જાય છે કે એ દીવસની રાતની લડાઇ જે બીજા દીવસની બપોરની નમાજના વખ્ત સુધી ચાલી, તે સાઅદનો હુકમ લીધા વગર અરબોએ ચલાવેલી હતી. જોકે બામ-

દાદને વખ્તે તો કાકાયએ મોકુફ રાખી થોડો વાર આસાયશ લેવાને ભલામણ કીધી હતી, પણ કીસ બીન હબીરેહ વગેરેએ જાહેર કીધું હતું કે પારસીઓ જાન ખોવા ભાગી ઘણો ડર રાખે છે તે તક જવા દેવી નહી. એમ બોલીને બામદાદથી બપોર સુધી લડાઇ જારી રાખી હતી. પછી બંધે લશ્કરે આસાયશ લીધી હતી.

તેજ અરસામાં યાને બપોરે સખ્ત પવન ફુકવા લાગો અને ગોબારથી હવા ઢંકાઇ ગઇ. જે રાવટીમાં રૂસ્તમે તખ્ત ઉપર આરામ કીધેલો તે રાવટી પવનના જોરથી ઉડી ગઇ, જેથી આફતાબના તાપની ગરમી સહણ ન થવાથી તખ્ત પરથી ઉઠીને ખજાનાથી ભરેલા એક ઉંટના છાયા નીચે રૂસ્તમે આશરો લીધો હતો. આ તક લઇને કાકાય બીન અમરૂ લશ્કર લઇને રૂસ્તમનાં તખ્ત તરફ દોડી પોંહોંચ્યો. આરબો મધેથી હેલાલ બીન અલકમ્મે નામના આરબે જે ઉંટના છાયા નીચે રૂસ્તમ બેઠેલો હતો તે ઉંટ ઉપરના ખજાનાનો બોજો બાંધેલાં દોરડાં તલવારથી કાપી નાંખ્યાં જેથી રૂસ્તમની પીઠ ઉપર ખજાનો તુટી પડયો. ત્યારે કમરના દુખે અને જાનના ખોફથી તેણે નજદીક નદી હતી તે મધે નખાવી દીધું. તે જોઇને અલકમ્મે પામી ગયો કે જે શખ્સનાં માથાં ઉપર ભારી કીમતનું તાજ અને કમર ઉપર જડાવનો પટો બાંધેલો છે, અને જેના બદન ઉપર સુનેરી બખ્તર પેહરેલું છે તે સુધાં નદીમાં પડયો તે કોણ છે, તેથી ઘોડા પરથી ઉતરી રૂસ્તમનો પગ પકડી તેને બાહેર ખેંચી કાહાડયો. પછી તેનું ડોકું કાપી લઇ ભાલા ઉપડ ઉઠાવી રૂસ્તમનાં તખ્ત ઉપર ઉભો રહીને બુલંદ આવાજે બોલ્યો કે—"ખોદાની મેહેરબાનીથી મેં રૂસ્તમને કતલ કીધો છે."

ફસલ ૪—કાદસીયા અને જલુલાની લડાઇઓ.

રૂસ્તમની હલાકી બાબે જુદા જુદા હેવાલો.

સઘળા તવારીખ લખનારાઓનો એવો એતેકાદ છે કે રૂસ્તમને હેલાલ બીન અલકુમ્માએ માર્યો, પણ અબુ હનીફે દીનોરી લખી જાય છે કે બાજે લખનારાઓનાં મત મુજબ રૂસ્તમે કાદસીની નદીમાં ડુબીને પોતાના ખોદાને પોતાનો જાન હવાલે કીધો હતો.

મસ્તકજીના તરજુમામાં એવું લખેલું છે કે હેલાલ બીન અલકુમ્માએ રૂસ્તમને લડાઇમાં જોઇ તેની તરફ જતો હતો, તેવામાં રૂસ્તમે તેને તીર માર્યો, જે હેલાલના રેકાબને લાગો, પણ હેલાલે એક જખમથી રૂસ્તમને હલાક કીધો અને તેનો અસ્બાબ જે કંઇ હતો તે સાઅદ પાસે મોકળી દીધો. તે મધેનું એક તાજ એક લાખ દીનારની કીમતનું હતું.

બીજી રવાયતોમાં લખેલું છે કે નાહાસી જતા ઇરાનીઓની પુઠે જોહેરત્ત બીન જુએ લાગેલો હતો, તેને જાલીનુસની સાથે લડાઇ થઇ તેમાં જાલીનુસ કતલ થયો. તેનો કીમતી અસ્બાબ સીતેર હજાર દીરમની કીમતનો હતો, તે પણ સાઅદે જોહરતને હવાલે કીધો અને ફરમાવ્યું કે જે કોઇ દુશ્મનને મારશે તેનો જે અસ્બાબ હશે તે મારનારનો થશે. કેહે છે કે એ લડાઇ મધે જુરરાર બીન ખતાબને એ ઢાલ જડાવથી મઢેલી હાથ લાગી હતી તે બંધે બે લાખ બે હજાર દીરમની હતી, પણ તેણે ત્રીશ હજાર દીરમ બદલે અજાણમાં વેચી હતી.

મસ્તકજીમાં લખેલું છે કે રૂસ્તમ અને જાલીનુસ એ બંધેની કતલ પછી ઇરાની લશ્કર નાહાસવા લાગું, તેની પુઠે ઇસ્લામી લશ્કરે દુંબાલો કીધો, તે વખ્તે કેદ પકડાયલા અને કતલ થયલા મળીને એક લાખ ઇરાની

સીપાહીઓની ગણત્રી થઇ હતી અને મુસલમાનો તો માત્ર ત્રણ હજાર કતલ થયલા હતા![1] કેહેછે કે એટલો બધો અસ્બાબ અને નગદી મુસલમાનોના હાથમાં આવ્યાં કે જેનો શુમાર કાહડી શકાયો નહી.

વળી કેહેછે કે પારસી લસ્કરના નાહાસી જવા પછી એક અરબને દીઠો તે એવું પુછતો હતો કે એવો કોણ છે કે સુનું લઇને તેને બદલે રૂપું આપી શકે? વળી એ ખલી ભરાય તેટલો કાફુર (કપુર) અરબોના હાથમાં આવ્યો તેને તેઓએ નીમક જાણ્યું. માલુમ પડયું કે એ તો કાફુર છે, તોપણ તેઓએ નીમક લઇને તેને બદલે કાફુર આપ્યો હતો!

તુખારજાનની લડાઇ.

ચોકસ જાણવામાં આવેલું છે કે લડાઇની વેળાએ યજદેજર્દે એવી ગોઠવણ કીધેલી હતી કે પોતાના મેહેલથી તે ઇરાની લસ્કરની તથા અરબનાં લસ્કરની છાવણી સુધી હારબંદ પોતાના જાસુસો ઉભા રેહે, એવી મતલબથી કે લસ્કરમાં જે બનાવ બને તે એકબીજાને ખબર થયાથી તુરત પાદશાહને વાકેફ કરે. જેવારે પારસીના અકાબરો આ લડાઇમાં કતલ થયા અને કેદ પકડાયા ત્યારે એ રીતે તે ખબર તુરત યજદેજર્દને મળી હતી.

અબુ હનીફ્ કહી ગયો છે કે રૂસ્તમના કતલ થવાની તથા ઇરાની લસ્કરના પરાગંદે થવાની આગમજ યજદેજર્દે તુખારજાન નામે સરદારને કેટલુંક લસ્કર આપીને રૂસ્તમની મદદે મોકલ્યો હતો. જેવારે તે દેરેકાઆબા નામની જગાપર જઇ લાગો તેવારે તેને લડામાંથી નાહાસી આવેલા લોકોએ પાર્સીઓની હાર ખાવાની વાત કહી. તુખારજાને તેઓને દીલાસો આપી પોતાની પાસે રાખ્યાં. પાછલથી જેબી નાહાસી આવતા ગયા તેઓને રાખી પાછું લસ્કર જમા કરી તે મુસલમાનો સાથે લડવા ઉભો. મેદાનમાં ઉતરીને જ્યારે તેણે હમનબર્દ ગાંગ્યો તેવારે નહીર બીન સલીમ નામે મુસલમાન પોતાંની સફમાંથી તુખારજાનની મુકાબેલ આવી ઉભો. બંધે દેલાવરોએ ઘોડા પરથી નીચે ઉતરીને એકેકના કમરબંદ પકડીને કુસ્તી રમતાં તુખારજાને જહીરને જમીન ઉપર પટકીને તેની છાતી ઉપર ચહડી બેસી ખંજર ખેંચ્યું. પણ તેવામાં તુખારજાનની આંગળી એકાએક જહીરના મોહોડાંમાં આવી ગઇ, જે તેણે એવાં તો જોરથી કરડી કે જેનાં દર્દથી તુખારજાન બેતાબ થઇ ગયો, એટલે જરીરે નીચેથી ઉઠી ઉભો થઇ તુખારના હાથમાંથી ખંજર લઇ તુખારનેજ કતલ કીધો. તેનો કીમતી અસ્બાબ અને ઘોડો સાઅદ વક્રાસની આગળ લઇ ગયો, તે એવી રીતે કે તેનો લેબાસ જે ઇરાની હતો તે પોતે પેહર્યો અને તેના ઘોડા ઉપર પોતે બેસીને ગયો તે જોઇને સાઆદે શાબાશી આપી.

કીસ બીન જહીરે ઇરાનીઓની જમણી સફાત ઉપર હુમલો કરી જલુસ નામે પારસીનો મોટો સરદાર હતો તેને માર્યો, જેથી મુસલમાનોએ ગલબો કરી ખરાબી કરવામાં બાકી રાખી નહી. ઇરાનીઓએ નાહાસીને મદાયનમાં જાઇ વીસામો લીધો અને એ રીતે અરબોની ફતેહ થઇ.

પાયતખ્ત તરફ કુચ—શત્રુઓની લુટ.

કાદસીયાની લડાઇમાં પારસીઓની ખોવારી થવાથી યજદેજર્દે મદાયનમાંથી જે કાંઇ નગદી અને જીનસ લેવાઇ તે લઇને નેહાવંદ તરફ મોકળી દીધી, અને મદાયન છોડી પોતે જલોલા તરફ રવાના થયો. આ વાતની ખબર

---

[1] અફસોસ કે આ લડાઇઓના હેવાલોને માટે આપણને એકલા મુસલમાન લખનારાઓનેજ આ ધારે રહેવું પડે છે. આ ગણત્રી માત્ર દેશાભિમાની નાલ્યાં સિવાય વધારે કશી અગત્ય ધરાવી શકશે નહિ. જેમ હખામનીઓની લડાઇઓના યુનાની લખનારાઓ અને જેમ ખુસરો પર્વીજ સુધીના સાસાનીઓની લડાઇઓના રૂમી લખનારાઓ આપણને ખોટા કે શહરાવેલા હેવાલો આપી પોતાનું દેશાભિમાન દેખાડી ગયા છે, તેમજ યજદેજર્દ શેહેરિયાર સાથની લડાઇઓનો હેવાલ આરબ લખનારાઓએ આપી પોતાની બડાઇ અને પત્રાજ સિવાય બીજું કશું વધારે કીધેલું જણાતું નથી.

સાઅદ વક્કાસને થવાથી હુકમ કીધા પ્રમાણે તમામ લશ્કર દજલા નદીને કીનારે જાઇ નદી ઓળંગી જવાની જોસ્તેજો કરવા લાગું, પણ ઇરાનીઓએ પાર ઉતારવાના વાહાણો હાથ કરી લીધાં હતાં, એવી નેમથી કે મુસલમાનનું લશ્કર ઉતરી નહી શકે. ત્યારે બાજે શખ્સો જેઓએ પેગામ્બરની સોહોબત વાપરેલી હતી તેઓએ કહ્યું કે ખોદાનું નામ લઇને નદીમાં ઘોડા ઝુકાવશું તો પાર મળશે. પછી એક સવાર ઉતર્યો તેની પુઠે બધું લશ્કર પાર ઉતર્યું. જોકે એ તરફ ઉંડાં પાણી અને તુફાની મોજા હતા તોપણ ઘોડાના સીનાના બંદ લગીબી પાણી લાગાં નહી હતા. એક સવાર પાછળથી આવ્યો તે કેહેવા લાગો કે પારસીઓ આવી બુમ પાડીને બોલતા હતા કે અરબનું લશ્કર શી રીતે નદી ઓળંગી ગયું ? તે લોકો કંઈ દેવો હતા કે શું ? તે વખ્તે ખુરજાદ (રૂસ્તમ ફરરોખજાદ ભાઇ, જેને યજદેજર્દે પોતાની તરફથી નવાબ કરીને મદાયનનો સંભાળ કરવા રાખેલો હતો તે) લશ્કર લાવી મુસલમાનોની સામણે સફ બાંધીને લડવા ઉભો, જેમાં મુસલમાનો ગાલેબ થયા અને પારસીનું લશ્કર નાહસવા લાગું. ખુરજાદે મદાયનમાં જાઇ આશરો લીધો ખરો, પણ તેણે જાણ્યું કે આખર નાહાસવા વગર છુટકો નથી તેથી મદાયનના પુર્વ દીશાના દરવાજાને મારગે રાતોવાઇ પોતાના કબીલાને લઇ જલોલામાં નાહાસી ગયો.

આ વાત સાંભળીને સાઅદે ગયાજ બીન ગનમ અલ ગજાઇને પારસીનું લશ્કર જે નાહાસી જતું હતું તેની પુઠે મોકલ્યો, અને પોતે સાસાની તોખમનાં પાયતખ્ત મદાયનમાં ગયો. તે શેહેરના જરનેગાર મેહેલો અને સર્વે તરેહની રચના જોઇ અજાયબ થઇ નોશીરવાન અને ખુસરોના એવાનમાં દાખલ થયો અને ખોદાના શુકરાના કરી ફતેહમંદીની આઠ રકાત નમાજ ગુજારી.

રવાયતમાં લખેછે કે મદાયન મધેથી એટલો તો અસ્બાબ અને માલમતા મુસલમાનોના હાથમાં આવ્યો કે તેમાંનો સેંકડે દશમો ભાગબી તેઓના ખયાલમાં નહી હતો. ઘણાએક તવારીખવાળા લખી ગયા છે કે કાદસીયા અને મદાયનમાંથી મુસલમાનોના હાથમાં જથાબંધ કાફુર આવ્યો હતો તેને તેઓ નીમક સમજ્યા હતા.

ફતુદે સેફ મધે લખેલું છે કે મદાયનની સઘળી લુટમાં નોશીરવાનના ખજાનામાંથી એક જરબફતનો ફરશ મળી આવ્યો હતો. તે લંબાઇ પોહલાઇમાં બરાબર ૬૦) ગજ હતો. તે ઉપર કારીગરીથી ઝવેરાતનાં ફુલ અને રેહાનની સુરતની ગોઠવણ બનાવ્યામાં આવેલી હતી. થંડી રૂતુમાં પાદશાહ શરાબની મજલસ તે ગાલીચા ઉપર કરતા હતા. સાઅદે તેને મદીનામાં ઉમર ખલીફા પાસે મોકળી દીધો, જેણે તેના હાથની હયેલી જેટલા કટકા કરી મહાજરીન અને અંસારીઓને વેંહેંચી આપ્યા. તેમાંનો એક કટકો હજરત આલીના હાથમાં આવ્યો, તેણે તે કટકાને વીશ હજાર દીરમ યા દીનાર બદલે વેચી નાખ્યો.

હવે સાઅદને મદાયનમાં ખબર મળી કે યજદેજર્દ બાજે લશ્કરને જલોલામાં રાખીને પોતે હોલવાન તરફ નીકળી ગયો છે.

જલોલાનું જંગ.

જેવારે યજદેજર્દ હોલવાન તરફ રવાના થયો તેવારે મેહરાન બીન બેહરામ રાજીને જલોલામાં રાખીને હુકમ કીધો કે આજર આબાદગાન, શીરવાન, આમલ અને પાહાડો ઉપરથી લશ્કર મંગાવે. મેહરાને લશ્કર મંગાવીને છાવણીની આસપાસ એક ઉંડી ખાહી ખોદાવીને તે મધે લોહોડાંના કાંટા અથવા ગોખરૂ નખાવ્યાં. આ ખબર સાઅદને મળવાથી પોતાના ભત્રીજા હાસમને મેહરાનની મુકાબેલ લડવા મોકલ્યો, જે મદાયનથી કુચ કરી ગયો. તેણે લશ્કરની સરદારી કાકાય બીન તમ્મીમને આપી હતી. જમણી બાજુએ આએદ બીન માલેક અને ડાબી બાજુએ અમર બીન માલેક પેશવા હતા.

અબુ હનીફે દીનોરી લખી ગયો છે કે રૂસ્તમ

ફરરોખજાદનો ભાઇ ખુરઝાદ જે યજદેજર્દના હોલવાન તરફ નીકળી ગયા બાદ એક મોટું લસ્કર લઇને જલોલામાં પડેલો હતો, તેણે કાસદ મોકળી પાદશાહ પાસેથી લસ્કરની મદદ માંગી. તે વેળા સાઅદે અમરૂ બીન માલેકને ખુરઝાદ સાથે લડવા મોકળ્યો. તેણે જલોલામાં જાઇ પેલો ખંડક જે પારસીઓએ ખોદેલો હતો તે જગાપર છાવણી કીધી. મુસલમાનોએ જોયું કે દીનપર દીન એરાકે અજમથી ફોજ આવીને ખુરઝાદની ફોજમાં વધારો કરતી જાય છે, તેથી જેમ બને તેમ જલદીથી લડાઇ કરવી જોઇયે. તે બાબે અમરૂ બીન માલેકે ઉમર ખલીફાને લખી જણાવ્યું તેવારે તેણે કીમ બીન હબીરેહની સરદારી નીચે ૧૪૦૦ સવાર અને ૮૦૦ પેદલ લસ્કરની મદદ મોકળી. આ મદદ પછી બંને બાજુએ સફ બાંધીને આરબોએ લડાઈ જારી કીધી. જમણી બાજુએ હજર બીન અદીને અને ડાબી બાજુએ જબીર બીન જુરઅયાને રાખી તમામ સવારોને અમરૂ બીન માઅદી કરબના હુકમ પ્રમાણે ચાલવા ફરમાવ્યું, અને તમામ પેદલને તલેહ બીન ખવી અશદીના હુકમ નીચે સેપોરદ કીધું. પ્રથમ તીર કમાનની લડાઇ ચાલી, જે તમામ પુરા થયા ત્યારે ભાલાથી લડયા. ભાલાની નોકો તુટી ગઇ ત્યારે તલવાર અને ગોરોજનું કામ ચાલ્યું. સાંજ પડયાની આગમજ ઇરાનીઓએ નાહાસવા માંડયું. એ વેળા ઘણાક કતલ થયા, ત્યારે બેશુમાર માલમતા લુટમાં મળી.

એવી નકલ છે કે બારેજત બીન સલતને ઇરાનીઓના ડેરામાંથી લુટમાં ઉંટની મુર્તી મળી, જે સુનાની બનાવેલી હતી અને તેમાં ઝવેરાત મઢેલું હતું. તેની નીચે એક સુનાની બનાવેલી આદમીની મુર્તી બી હતી, તેને લઇને બારેજતે લુટના માલના અધીકારીને હવાલે કીધી, જેણે બીજા માલ સાથે મદીને ઉમર ખલીફા પાસે તે મોકલી દીધી. યજદેજર્દને જલોલામાં તેનું લસ્કર હાડમાર થયું તેની ખબર થવાથી તે રએ તરફ નીકળી ગયો. આવાં લડાયક ભારી લસ્કર છતાં, આવા બેશુમાર હાથીઓ છતાં, તેને કંઇ ફાયદો થયો નહી. આ વખ્તે ઉમર ખલીફાએ સાઅદ વકાસ ઉપર લખી મોકલ્યું કે હવડાંતો તું એરાકે અરબ જે જીતી લીધું છે તેટલુંજ કબજ કરીને સંતોષ રાખ, પણ અરબનાં લસ્કરને રજા આપતો ના, કાંયજે પાછલથી હોલવાનમાં જવું પડશે. સાઆદનું લસ્કર અંબાર ગામમાં છાવણી નાખી રેહતું હતું, ત્યાંની હવા ખરાબ હોવાને લીધે લસ્કરમાં તાપનો રોગ ફેલાયલો હતો, તેથી ઉમર ખલીફાનો હુકમ મંગાવીને સાઅદે લસ્કરને કુફા નામનાં ગામમાં રાખ્યું. કેહે છે કે જલોલાની ફતેહ હીજરી સાલ ૧૬ માં થઈ હતી.

ફસલ ૫—જંગે નેહાવંદ.

પાદશાહની લશ્કર માટે તજવીજ.

જલોલાની લડાઇ પછી યજદેજર્દને કોઇબી મકાનમાં રેહેવાની તાકાત નહી રેહેવાથી પોતાના ખાસ વજીરો વગેરેને સાથે લઇ નાહસભાગ કરતો રએમાં આવી ઘણી મુદત સુધી આરામ સાથે રહ્યો. તે અરસામાં અબુ મુસા અસએરીએ ઉમર ખલીફાની ઇશારતથી ખુજીસ્તાન ઉપર લસ્કર લઇ જઇ તે મુલક હાથ કરી લીધો, અને ત્યાંનો હાકમ હોરમજદ નામનો જે હવાજમાં તખ્તનશીન હતો તેને કેદ પકડીને મદીને મોકલી દીધો. આ ખબર સાંભળીને યજદેજર્દે જાણ્યું કે તમામ ઇરાનના મુલકો ઉપર અરબો દસ્તદરાજી કરશે, તેથી તેણે એસ્ફેહાન, કુમ, કાશાન, તબ્રસ્તાન, કુમસ, દામઘાન અને તે વીનાએ બીજાં પોતાનાં શેહેરોના હાકમો ઉપરનાં નામામાં લખી મોકલ્યું કે "દુશ્મનોએ સાસાનના મુલકો ઉપર હાથ લંબાવીને બાપદાદાનાં પાયતખ્ત ઉપરથી મને ઉઠાડી મેલ્યો છે, અને હજી સુધી

મારો મુલુકો કબ્જ કરી લેવાની પેરવી કરે છે, માટે તમો અફાબ્રોની આઇન ફરજ છે કે તેઓને દફે કરવા સારૂં નેહાવંદમાં ફીરોજાનની સરદારી નીચે લશ્કરનો જમાવ થાય છે ત્યાં તમારાં લશ્કરોનીબી ભરતી કરવી, કે ખોદાતાલાની મદદથી દુશ્મનોને પાછા હટાવીયે."

યજદેજર્દનાં આ ફરમાનને માન સાથે કબુલ કરી તમામ અફાબર હાકમોએ નેહાવંદમાં પોતપોતાનાં લશ્કરને મોકળી આપ્યાં, જેથી ટુંક મુદતમાં ૧૫૦૦૦૦ (એક લાખ ને પચાશ હજાર) સવારો અને લશ્કરો તૈયાર થયાં.

આરબોની ગોઠવણ.

સાઅદ વકાસને બરતરફ કીધા પછી તેની જગા ઉપર ઉમાર યાસર નામે સરદાર નેમાયલો હતો, તેણે ઉમર ખલીફાને લખી મોકલ્યું કે ઇરાનીઓની ભારી ફોજ જમા થયલી છે. આ નામું લઇને જે કાસદ મદીને ગયો તેને ઉમરે પુછ્યું કે "તારૂં નામ શું છે?" જવાબ દીધો કે "મારૂં નામ કરીબ બીન ઝફર (યાને ફતેહ નજદીક) છે." આ નામના અર્થની ફાલનો લાભ લઇને ઉમર ખલીફો મસ્જીદમાં જાઈ મીમ્બર ઉપર ઉભો રહી બોલ્યો કે "અરે અરબ લોકો! તમોએ ઇસ્લામી દીન કબુલ કીધાથી ખોદાતાલાએ તમોને દીનના દુશ્મનોના મુલુક ઉપર ફતેહમંદી બક્ષી છે; મગર હાલે ઉમાર યાસરના લખવાથી જણાય છે કે ઇરાનીઓ ભારી લશ્કર જમા કરીને મુસલમાનોની ઉપર કતલ ચલાવવાને ઉભા થયા છે, અને એવી ઉમેદ રાખે છે કે કુફા તથા બસરાને હાથ કરી મક્કા તરફ ઉતરી પડે. માટે એ વીશે તમારી સલાહ શું છે? અને તેઓને દફે કરનારા તમારામાં કોણ છે?"

તેવારે અરબોના કુટુંબોમાંથી તલેહ બીન અબ્દુલ્લા બોલ્યો કે "લડાઇમાં જવાને હું હાજર છું."

પછી ઉસ્માને પોતાનો વીચાર જણાવતાં ઉમર ખલીફાને કહ્યું કે—"ઇમનનું અને શામના મુલુકનું બધું લશ્કર લઇને તને પોતાને જાતે નેહાવંદની લડાઇમાં તો જવું જોઇયે છે."

પણ આ વાત ઉમરને ગમી નહી, તેવારે તેણે હજરત અલીનો વીચાર પુછ્યો. તેણે જવાબ દીધો કે "અગર શામના રેહેનારા તમામ શામને છોડી બાહેર પડે તો રૂમીઓને શામમાં પેસી જવાની તક મળે. તેજ પ્રમાણે જો ઇમનના લોક ઇમનને ખાલી મેળી નીકળી આવે તો હબસીઓને તે ઉપર તરાપ મારવાને બની આવે. તેટલુંજ નહી પણ તું પોતે (ઉમર) બી નેહાવંદમાં જાય તો ઇરાનીઓ અરબના મુલુક ઉપર દોડી આવી તમારૂં જે લશ્કર ઇરાન ઉપર ચહડેલું છે તેની ધાસ્તી છોડી દેવાને શકતીવાન થાય, માટે બેહતર એ છે કે ઇમનનાં લશ્કરના બે ભાગ ઇમનમાં રાખવા, તેમજ શામ વગેરે મુલુકોમાંબી કરવું; અને ત્રીજા ભાગ જેટલું લશ્કર દુશ્મનોને દફે કરવા નેહાવંદ મોકળવું અને તેની સરદારી નોઅમાન બીન મકરૂનને આપવી. આપણું લશ્કર જીતે તો બેહતર છે, અગર હાર ખાય તો અત્રેથી (મદીનેથી) લશ્કર મોકળવાની ગોઠવણ કરવાને તારેથી બની શકે."

અલીની આ મશવરત ઉપર ખલીફાને તથા અબાસ વગેરેને પસંદ પડવાથી ખલીફાએ નોઅમાન બીન મકરૂનને સરદારીનું ફરમાન લખી આપી નસીહત કીધી કે "નેહાવંદમાંથી જે લુટ હાથમાં આવે તે સરખે ભાગે વેંહેંચી આપજે. કદાચ આપણાં લશ્કરની પડતી દશા થાય યાને તું હારે તો તારૂં મોહોડું મને દેખડાવતો માં. અગર તું દુશ્મનોને હાથે કતલ થાય તો તારી જગા પર હદીકે અલમ ઈમાની અમીર થાય; અગર તેબી કતલ થાય તો તે જગા જરીરને મળે; જરીર કતલ થાય તો જરીરત બીન મગીરે બીન શઆબે લશ્કરનો અમીર થાય; તે પછી અસઆસ બીન કીસ અમીર થાય." પછી નોઅમાન બીન મકરૂનને હુકમ કીધો કે અમરૂ બીન મુઆદી કરબ અને તલેહે બીન ખવીદ એ બંધેને

આ મુસાફરીમાં શામેલ રાખવા, અને તલેહે લડાઇ કરવી તે એ બંધેની મશવરતથી કરવી.

એક બેઅદબ એલચી.

હવે નોઅમાન ૩૦૦૦૦ લશ્કર સહીત નેહાવંદ જાઇ પુગો, અને ઇરાની લશ્કરથી અરધા ફરસંગની વેગળાઇએ પોતાની છાવણી નાખી. બે મહીના ગુજરવા બાદ ફીરોજાને મુસલમાનનાં લશ્કરમાંથી મશવરત કરવા સારૂં એક દાના માણસને બોલાવ્યો,/ જે ઉપરથી નોઅમાનના હુકમથી મગીરે બીન શઆબે હાજર થયો. તે વખ્તે ફીરોજાન સુનાનાં તખ્ત ઉપર માથે તાજ મેળી બેઠેલો હતો. તેની આગળ ઉમરાઓ હારબંધ ઉભેલા હતા. તેને જોઇને મગીર બોલ્યો કે "જાંહાં સુધી તમારા મજબુત કીલ્લા, તાજ અને તખ્ત લેશે નહી તાંહાં સુધી અમારા યારો પાછા ફરવાના નથી." એમ બોલી કુદકો મારીને ફીરોજાનની પાસે તખ્ત ઉપર ચહડી બેઠો ! આવી હરકત કરવાની મગીરેની મતલબ ધર્મનું ઝનુન બતલાવવાની હતી. ફીરોજાનના નોકરોનો મીજાજ આવી બેઅદબી જોઇને જતો રહ્યો, જેથી તેઓએ મગીરેને ઇજા દેવા સારૂં હાથ ઉઠાવ્યો, પણ મગીરે બોલ્યો કે "હું તમારી રીત નથી જાણતો, માટે/ મને મારો માં; કાંયજે પાદશાહોની એવી રીત નથી જે એલચીને ઇજા પોંહોંચાડે."

ફીરોજાને તેમ કરતાં નોકરોને મના કીધા અને મગીરેને કહ્યું કે "દુનીયામાં કોઇબી કોમ અરબની કોમ કરતાં વધારે અભાગણી અને વધારે ભુખરી નહી હશે. હવે તું તારા સોહોબતીઓને એવું કેહે કે તમારા જાનની સલામતી સાથે તમોએ અત્રેથી બાહેર નીકળી જાવું; અગરજો ખોરાક અને વસ્ત્ર લેવા આવેલા છો તો તમોને જોઇયે તેટલો ખોરાક અને પોશાક આપીશું. તે સાથે તમારૂં ગુજરાણ ચાલે તેટલી જમીન પણ આપીશું."

મગીરે બોલ્યો કે "અમો ફકીર હતા, મગર ખોદાતાલાએ પોતાની અને તેના રસુલની ફરમાંબરદારી અમે કીધી તેની બરકતથી અમોને તવાંગર બનાવેલા છે; અમો કંગાલ અને ખોવાર હતા, પણ ઇસ્લામી દીન કબુલ કીધાના સબબથી અમોને પોતાના પ્યારા અને જોરાવર બનાવ્યા છે. તેમ થવાનું કારણ એ છે કે તમારા પાદશાહે (ખુસરો પરવીજે) ખોદાના રસુલના નામાના ટુકડા કરી નાખ્યા હતા, તેથી તેનાં ખાનદાનની દોલત અને મુલ્કે જુદોજ માર્ગ પકડયો છે. હવે તમો દીન કબુલ કરો; તેમ નહી તો જજીઓ આપનો કરો; નહી તો ખંડકમાંથી બાહેર નીકળી લડાઇ કરો; પછી ખોદા કરે તે ખરૂં."

આ વાત સાંભળી ફીરોજાન સરદારોની તરફ મોહોડું કરીને બોલ્યો કે "જે હક વાજબી બોલવાનું તે આ આરબ બોલ્યો છે." પછી ફીરોજાને મગીરેને જવાબ દીધો કે "તું પાછો જા. હું બુધવારને દીન લડાઇ કરીશ."

તે મુજબ બુધ અને બ્રસ્પત વારે સખ્ત લડાઇ ચાલી. શુકરવારની લડાઇમાં નોઅમાન બીન મકરન કતલ થયો, તેવું છતાં આરબો અજમ (ઇરાન) ઉપર ગાલેબ થયા હતા.

આરબોનો દાવપેચ અને ઈરાનીઓની ભુલ.

અબુ હનીફે દીનોરી, જેના કોલ ઉપર સર્વેને ભરૂસો છે, તે એવું લખી જાય છે, કે જ્યારે નોઅમાન બીન મકરને નેહાવંદની ત્રણ ફરસંગ દુર જાઇને છાવણી કીધી ત્યારે ઇરાની લશ્કરે મરદાનશાહ બીન હોરમજદની કુમકથી ઇસ્લામી લશ્કરની નજદીક આવીને પોતાની છાવણી કીધી, અને આસપાસ ઉંડો ખંડક (ચર) ખોદીને લાંબી મુદત સુધી બંધે લશ્કર પડી રહેલું હતું; કારણ કે પારસી લશ્કર ખંડક છોડીને બાહેર નીકળતુંજ નહી હતું કે લડાઇનું શેવટ આવે. એ વાતથી નોઅમાન બીન મકરન ફીકરમંદ રેહતો હતો, તેથી તેણે ઉમર બીન માઅદી કરબ તથા તલેહે બીન ખવીદની સાથે મશવરત કીધી કે ઇરાની લશ્કરમાં દીનપરદીન વ-

ધારો થતો જાય છે, તેઓને મદદ મળતી જાય છે, તેવું છતાં ખંડક છોડી બાહેર નીકળતા નથી. વળી તેઓની તો પોતાની વેલાયત છે, જેથી આસાયશ અને ફરાગતથી બેઠેલા છે; અને આપણેતો આપણી વેલાયતથી દુર પડેલા છીએ. હવે આપણે શું તદબીર કરીયે?"

અમરૂએ જવાબ દીધો કે "હું એવું ધારૂં છું કે આપણે એવી રીતે અફવા ઉરાડીયે કે ઉમર ખલીફો ગુજરી ગયો. જ્યારે એ ખબર આલમમાં જાહેર થાય અને ઇરાનીઓના કાન ઉપર પડે ત્યારે આપણે ઉઠીને આપણે મુલક જતા રહેતા હોઇએ તેમ કુચ કરીયે. તે વાતથી ઇરાનીઓ વાકેફ થઇને આપણાં લશ્કરની પુઠે દુંબાલો કરવા ખંડક છોડીને બાહેર નીકળી આવશે એટલે આપણને તેઓની ઉપર કતલ ચલાવવાને બની આવશે. કદાચ એવો ફરેબ કામે લગાડવાથી આપણી ફતેહ થશે."

નોઅમાને અમરૂનો વીચાર પસંદ કરીને તે પ્રમાણે કામ કીધું, અને એવી અફવા ઉડાવી કે "ઉમર ખલીફો મરણ પામ્યો છે, તે વાત સાંભળીને અરબનું લશ્કર પોતાને દેશ જતું રેહેશે." આ ઉપર ભરોસો રાખી ઇરાનીઓએ ખુશી થતા ખંડકમાંથી બાહેર નીકળી આવી આરબોની પુઠે દુંબાલો કીધો તે કરવા દીધો. હવે આરબોની ખાતરી થઈ કે ઇરાનીઓથી પાછા ફરીને પોતાના ખંડકના આશરાની જગામાં જઇ શકાય તેવું નથી, તે વખ્તે પાછા ફરી ઇરાનીઓ સાથે લડાઈ ચલાવી. ઇરાનીઓ પોતાના જાનથી ડરીને લડતા હતા અને આરબોને જાનનો ડર નહી હતો; કાંયકે તેઓ એવું સમજતા હતા કે દીનને સારૂ લડતાં જાન જશે તો વધારે સારૂં કે હમેશનું બેહસ્ત મળશે. આ લડાઇની રાત કેયામતના દીવસની ધાસ્તીની યાદ દેવાડતી હતી.

નેહાવંદનું જંગ.

બુધવારને દીવસે બંધે લશ્કરે તૈયારી કીધી. બ્રસ્પતવારે આખો દાહાડો ઘણી સખ્ત લડાઈ ચાલી અને બીસીયાર ખુનરેજી થઈ. શુકરવારને દીવસે નોઅમાન બીન મકરૂન સફેદ પોશાક પેહેરી, સફેદ ઘોડા ઉપર બેસી, લશ્કરની સફાતની ગોઠવણ કરવામાં મશગુલ હતો, તે લેહેજામાં તેને પેગામ્બરે એવી આગાહી આપી કે આ વખ્તેજ કતલ ચલાવવી જોઇએ; જેથી તેણે લશ્કરને હુકમ કીધો કે "હું પેહેલી તકબીર ભણું ત્યારે તમે કમર બાંધીને ઘોડા ઉપર જીન બાંધજો, બીજી વખ્ત ભણું ત્યારે તમે ભાલાને દુશ્મનોની છાતીની મુકાબેલ પકડજો અને તલવાર નાગી રાખજો, અને ત્રીજી વખ્ત ભણું ત્યારે તમે લડાઈ શરૂ કરજો."

વળી મસ્તકજીમાં લખેલુ છે કે લડાઇને દીવસે નોઅમાને લશ્કરમાં જાહેર કીધું કે "ગેબી આલમથી મને ખબર મળી છે કે આજે હું કતલ થઈશ અને પેગામ્બરની આગળ જઇશ, અને હદીકે લશ્કરનો સરદાર થશે તે પછી જરીર બીન અબદુલ્લા, અને પછી મગીરે બીન રાઆબે સરદાર થશે."

આરબ સરદારનું કતલ થવું.

કેહેછે કે નોઅમાને ત્રીજી તકબીર પુરી કીધી કે લડાઇ શરૂ થઇ. તેજ વેળા એક તીર તેને કારગર લાગો, જેથી તે કતલ થયો. તેના ભાઇ સવીદ બીન મકરૂને તેને છાવણીમાં લાવી નાખીને તેનો પોશાક અને તેની તલવાર પોતે પેહેરી લઈ, તેનાજ ઘોડા ઉપર પોતે સવાર થઇ, લશ્કરમાં પાછો આવ્યો. મુસલમાનો સવીદની શીકલ તથા તેનાં બદનનો બાંધો નોઅમાનના જેવોજ જોઇને એકીન લાવ્યા કે નોઅમાન જીવતોજ છે. સવીદની આ તદબીરથી લશ્કરમાં કંઇ ખલલ થઇ નહી. તે દીવસે પારસીનાં લશ્કરમાંથી કોઇ નોશજાન નામનો હાથી ઉપર સવાર થઇ મેદાનમાં આવ્યો. અમરૂ તેના હાથીની સુંઢ કાપી નાખવાનો એરાદો કરી આગળ વધ્યો, ત્યારે નોશજાને કેટલાક તીર ફેંકી અમરૂને જખમી કીધો, તોપણ અમરૂએ તલવારના જખમથી હાથીની સુંઢ કાપી નાખી, જેથી હાથી જમીન ઉપર પડયો એટલે નોશજાનને અમરૂના સોહો-

બતીઓએ કતલ કીધો. અમરૂ માઅદી કરબે પોતાના દોસ્તોને કહ્યું કે "હું આજે કતલ થઇશ, પણ આપણી એ ટોળકીમાંથી એક ટોળકી ફતેહ મેળવશે. પછી પોતાના દોસ્તોની સાથે મેદાનમાં ઘોડો ઝોકાવ્યો. અમરૂનો ઘોડો તુટી પડયાથી અમરૂ છુટો પડયો. તેનો ઘોડો નાહાસી ગયો. પારસીઓએ તેને આસપાસથી ઘેરી લીધો અને તીરનો મારો ચલાવ્યો. અમરૂ તલવારથી લડતો હતો. તેની એક તલવાર ભાગી ગઇ ત્યારે બીજી તલવારથી લડતાં તેથી નકામી થઇ. બેહરામ નામના પારસીએ તલવારથી અમરૂને કતલ કીધો, પણ મુસલમાનોએ ભારે કતલ ચલાવ્યાથી પારસીઓને આખેરે નાહાસવું પડયું. કેહે છે કે ૮૦૦૦૦ હેંશી હજાર પાર્સી તે દીવસે કતલ થયા.

ફીરોજાન ૪૦૦૦ ચાર હજાર લસ્કર લઇને પાહાડ ઉપર ચહડી ગયો. તેની પુઠે કાકાય બીન અમરૂએ ૧૦૦૦ એક હજાર સવાર લઈ જઇને તેને અને તેનાં સગાંવાહાલાંને કતલ કીધાં અને બેશુમાર લુટ હાથ કીધી. લડાઇથી ફારેગ થઇને સાબેત બીન અમરૂએ દરેક સવારને ૬૦૦૦ દેરમ અને દરેક પેયાદાને ૨૦૦૦ બે હજાર દીરમને ફાલે વેહેંચી આપ્યું.

તોખારજાનની એક કથા.

રેવાયતમાં લખેલું છે કે પારસીઓનો અકાબર તોખારજાન નામનો ખુસરો પરવીજની આગળ સારી આબરૂ ધરાવતો હતો. તેની ઓરત ઘણીજ ખુબસુરત હતી, જે ખુસરોના મેહેલમાં આવજા કરતી હતી. ખુસરો તેની સાથે મળભેટ કરતો હતો. તોખારજાનને એ વાત માલુમ પડવાથી તેણે તેણીથી જુદાઈ પકડી હતી. ખુસરોએ તે વાત જાણીને તોખારજાનને કહ્યું કે "મારા સાંભળવામાં આવ્યું છે કે તારી પાસે મીઠાં પાણીનો એક સુંદર ચસ્મો છે, તેવું છતાં તું તેનું પાણી પીતો નથી, તેનું કારણ શું છે?"

તોખારજાને જવાબ દીધો કે "અએ પાદશાહ! તે ચસ્માનું પાણી હું પીતો હતો, પણ એક દીવસે તે ચસ્માની આસપાસ વાઘનાં પગલાં દીઠાથી મને ભારે ખોફ લાગો. તેવાર પછીથી તે ચસ્માની આગળ હું જતો નથી."

પરવીજે તેનો કાબેલીયત ભરેલો જવાબ સાંભળી અચરત થઇને પોતાની ઓરતોનુ તમામ ઝવેરાત અને લેબાસ જેની ગણત્રી ત્રણ હજારની હતી તે તોખારજાનની ઓરતને આપી દીધું, અને ઝવેરથી મઢેલું એક સુનાનું તાજ તોખારજાનને હવાલે કીધું હતું.

આ તોખારજાન જેવારે કાદસીયાની લડાઇમાં કતલ થયો તેવારે તેની ઓલાદ અથવા ખેશીઓ જેઓ પેલાં તાજ અને લેબાસનાં માલેક થયાં હતાં તેઓએ તે કીમતી પુજીને નેહાવંદનાં એક ગામમાં એક ચોકસ ઠેકાણે દફન કીધી હતી. તે માલેકોબી નેહાવંદની લડાઇમાં કતલ થયા. તેવારે પછી સાહબ બીન કરેઅની હજુર એક ગામડીયા પારસીએ અરજ કીધી કે "મને અને મારાં કુટુંબને જાનની માફી મળે તો તેના બદલામાં હું તમોને એક દાટેલા ખજાનાનો માર્ગ બતલાવું." તેમ સાહબે કબુલ કીધાથી પેલું તાજ અને ઝવેરનો લેબાસ વગેરે જે હતું તે બતલાવી આપ્યું. સાહબે તે સઘળું મદીનામાં ઉમર ખલીફા પાસે મોકળી દીધું. ઉમરે તેને સાહબેનેજ હાથ ફુરૂ મોકળીને અમરૂ મખજુમીને ૨૦૦૦૦૦) બે લાખ દીરમ બદલે વેચીને તે નાણું લસ્કરને વેંહેંચી આપ્યું.

પાદશાહની નાસભાગ.

યજદેજર્દને રએ મધે ખબર મળી કે નેહાવંદની લડાઇમાં પારસીઓ હાડમાર થયા અને ફીરોજાનબી કતલ થયો, જેથી ઘણો નાસીપાસ થઇ તેણે ખુરાસાનનો રસ્તો પકડયો. તબ્રસ્તાનના હાકમે પોતાની તરફની ભેટ મોકળી પોતાના દેશમાં ઉતરવાનું કાલાવાલા કરીને નોતરૂં દીધું. પણ પાદશાહે અખાડા કરી નીમરોજમાં જઇ લાંબી મુદત સુધી સજસ્તાનમાં દાહડા કાહાડી તુસમાં રેહેવાની મરજી કીધી. પણ તાંહાંના હાકમે નજરાણું આપી ભાગી ગયલા કીલ્લાની મરામત કરવા મેહેતલ માંગી, તેથી યજદેજર્દ

નાઉમેરાદ થઇ મર્વમાં જઇ રહ્યો, તથા લાંબી મુદત પછી મર્વમાંજ માર્યો ગયો.

ઉમર ખલીફાના વખ્તમાં નીચે લખેલાં ઇરાની વગેરે શેહેરો ફતેહ કીધાં હતાં:—દમસ્ક, ફેહેલ, બઆલબક, હમસ, હલબ, કજવીન, ઇરમોગ, ઇલબાર, કેયાસરે (રૂમ), મીસર, સેકંદરીએ, હીરે, મદાયન, નેહાવંદ, દીનોર, એસ્ફેહાન, રએ, તબ્રસ્તાન, હવાજ, ખોજસ્તાન, કેરમાન, મકરાન, અસ્તેખર.

ખલીફાનું ખુન

ઉમર ખલીફાનાં મરણ વીષે તવારીખમાં એવું લખેલું છે કે મગીરે બીન શઆબેનો ફીરોજ નામનો ગોલામ, જેને અબુ અલ વલુ કરીનેબી કેહેતા હતા. તે અનસારી ધર્મ પાળતો હતો. કોઇ કેહે છે કે તે આતશ પરસ્ત હતો. તેણે ઉમર ખલીફાને અરજ કીધી કે "મારો ધણી (મગીરે) દરરોજ મારી પાસેથી ગેરવાજબી નાણું લે છે, જેથી મને ઘણી મુશકત કરવી પડે છે, માટે મેહરબાની કરીને હુકમ કર કે તેમાં તે કંઇ ઓછું કરે."

ઉમરે પુછ્યું કે "તું શું ધંધો કરે છે?"

જવાબ દીધો કે "સુતાર અને લોહાડનું કામ કરૂં છું."

ઉમરે કહ્યું કે "આવા હુનરો છતાં મગીરે જે તારી પાસે લે છે તે ગેરવાજબી નથી." પછી પુછ્યું કે "અરે અબુ અલ વલુ, મેં સાંભળ્યું છે કે તું પવન ચક્રી બનાવી જાણે છે. અગર એક મારે સારૂં બનાવી આપે તો બેતુલમાલનો આટો તેમાં સારો દળાશે."

ફીરોજે ગુસ્સાથી જવાબ દીધો કે "તારે સારૂં એવી પવનચક્રી બનાવું કે જેની વાત પુર્વથી તે પશ્ચીમ સુધી થાય."

ઉમર બોલ્યો કે "આ ગોલામ મને કતલ કરવાનો વાયદો દેછે!"

હવે અબુ અલ વલુએ ઉમરને કતલ કરવાની હીમત ચલાવી. એક દીવસે ખલીફો બામદાદની નેમાજ મસ્જીદમાં ગુજારતો હતો તે વેળા હાથમાં ખંજર લઈ મેહરાબ તરફ દોડી જઇને અબુ અલ વલુએ (ફીરોજે) ૬ જખમ ઉમરનાં બદન ઉપર કીધા, તે મધે ડુટી ઉપરનો જખમ કારગર લાગો હતો. તેને ઉઠાવી ઘરમાં લાવ્યા. બોલાવ્યાથી હારસ બીન કલદેહ તબીબે આવીને ઉમરને દુધ પાઇ તપાસી જોયો. પેલું દુધ લોહી સાથે ભેળાઇને ડુંટીવાળા જખમને રસ્તે બાહેર નીકળી આવ્યું તે જોઇને તબીબે ઉમરને કહ્યું કે "અરે ઓ ખલીફા! જે વસીયતનામું કરવું હોય તે કર; કારણ કે તારૂં જીવવાનું મુશકેલ છે."

ઉમર બોલ્યો કે "હું ખોદાનાં શુકરાના કરૂંછું કે હું કુફરને હાથ કતલ થયો છું."

જખમ બાદ ત્રણ દીવસે ઉમર ગુજરી ગયો. તેને હજરત મહમદની કબરની પાસે દફન કીધો હતો.

સને ૩૦ હીજરીમાં ઇસ્તેખર (પાર્સ)નાં લોકોએ ઇસ્લામી દીનની તાબેદારી કીધી હતી, પણ પાછળથી યજદેજર્દનાં લશ્કર સાથે એક મળતા થઇ સામણે થવાની ગોઠવણ કીધેલી, તે વાત નવા ખલીફા ઉસમાનને થવાથી આબીઆસ અને અબદુલ્લા બીન આમરને તેઓનો બળવો દફે કરવા સારૂં નેમ્યા હતા. બાજે લખનારા કહેછે કે તેઓને ઉસમાન નહી પણ સાઅદ બીન આસે નેમ્યા હતા. તેઓએ ફાર્સમાં જઈ યજદેજર્દ સાથે લડાઇ કરી અને તેના ઉપર ગાલેબ થયા હતા. તેવાર પછીજ યજદેજર્દે ખુરાસાનનો માર્ગ પકડયો હતો.

પાદશાહનાં શેવટ બાબે.

તુસ શેહેરના પરાસી હાકમની ઉસ્કેરણીથી અબદુલ્લા બીન આમરે તબસ શેહેર હાથ કીધું હતું. જે પછી તે નીશાપોર તરફ રવાના થયો. તે ઐયામમાં યજદેજર્દ શેહેરીયાર મર્વમાં કતલ થયો. તેની બીના એમ છે કે મર્વના હાકમ માહુએ સુરીએ નીમકહરામી કરી તુરાનના પાદશાહ બેજન ઉપર પત્ર લખી મોકલ્યું, તેમાં તેને મર્વ આવવાની ભલામણ કીધી. માહુ તુરાનના ખાકાનનો દામાદ હતો તેથી તેણે આવવાની ઇચ્છા બતાવી, અને જીહુન ઓળંગી તે મર્વમાં આ-

બ્યો. રાતનો વખ્ત હોવા છતાંબી માહુએ દ-રવાજા ખોલી તેને શેહેરમાં લીધો. આ વાત સાંભળી તેવોજ યજદેજર્દે એકલો પાઉં પ્યાદો ચાલીને એ ફ્રરસંગની વેગળાઇએ એક આટો દળનાર પાસે આશરો માંગ્યો કે "મને એક રાત સુવા દેવો." તેણે ચાર દીરમ માંગ્યા, પણ યજદેજર્દે પોતાની તલવારનો કમરબંધ કે જેની કીમત મુલકના જકાત જેટલી થાય તે આપી દીધો. જ્યારે પાદશાહે ખ્વાબ કીધો ત્યારે દળનાર નાપાકે તેનો કીમતી પોશાક લે-વાની લાલચથી યજદેજર્દને કતલ કરી તેની લાશને નદીમાં નાખી દીધી. બામદાદ થઈ ત્યારે મર્વ શેહેરનાં લશ્કરી અને દેશી લોકો ખાકાન-ની સામણે થયાં, જેથી તે બુખારા તરફ નીકળી ગયો. પછી શોધ કરતાં યજદેજર્દની લાશ પાણીમાંથી મળી અને લેબાશ દળનાર-નાં ઘરમાંથી હાથ લાગો. દળનારને એજાબ-થી કતલ કીધો, પણ માહુ પોતાના જાનના ખોફથી નાહસી ગયો, તોપણ તુરત તેને નીમકહરામીનો બદલો મળ્યો. મુસાફરીમાં તે મરણ પામ્યો. બાજે બોલે છે કે યજદેજર્દ સને ૩૧ હીજરીમાં કતલ થયો. માહુએ તેની લાશને એસ્તેખર લઈ જઈ તેના વડવાના દુખ-માંમાં મેળી હતી.

*   *   *   *

[વાંચનાર ! અહીં "રોજેતસ સફા"માંનો હેવાલ બંધ થાય છે. તેમાં તે જેમ આપ્યો છે તેમજ બનતાંસુધી ઉતારી લીધો છે, તો જો કે ટીકા કરવા જોગ તેમાં ઘણું છે. ફકત મહમદીયાન લખનારાઓ પારસીઓના સાસાની તબકકાના છેલ્લા પાદશાહ વીષે કેવા વીચારો અને બયાનો આપી ગયા છે તે તેમની અસલ હાલતમાં જાણી લેવા માટેજ મેં આ હેવાલ ઉપજાવી કાહાડેલો હોવાથી તે ઉપર ટીકા કરવાની જરૂર જોઇ નથી.]

૨
શાહ દારા.

——:o:——

[આપણા પુરાતન વતન ઇરાનમાં પારસીઓની બે પાદશાહાત થઈ ગઇ છે. જે બંધેની તવારીખનાં જુદાં જુદાં દફતરો અમે બાહેર પાડેલાં છે. આમાંની પેહેલી પાદશાહાતની આખરી જે સબબોથી આવી હતી તેનેજ મળતા સબબોથી અને લગભગ તેજ રીતે બીજી શાહાનુશાહાતનું પણ શેવટ આવેલું હતું. આ પેહેલી પારસી પાદશાહાતનો છેલો પાદશાહ દારા હતો, જેને યુનાની તવારીખનવેશો "દારાયશ કોડોમાનસ" ને નામે ઓળખી તથા ઓળખાવી ગયા છે. એ પાદશાહની બીના અમારી બનાવેલી "તવારીખે હખામનીયાન" યુનાનીઓને આધારે વીગતવાર આપેલી છે; પણ આપણા ઉગમણુ તરફના મહમદીયાન કેતાબમાં તવારીખનવેશોએ પણ પોતાની જાણ મુજબ એ પાદશાહની અને તેની સાથે લડનાર પાદશાહ સેકંદરની કેટલીક જાણવા જોગ હકીકત આપી છે, જેથી આજના ઇંગ્રેજી ભણેલા વાચનારાંઓ ઘણે ભાગે અજાણા છે. એટલા માટે શાહ દારાની આ છેલા લખનારાઓએ આપેલી હકીકત નીચે લખું છું, જેમાં પ્રથમ નામાંકીત ફીર્દુસી એ આપેલો હેવાલ બયાન કરૂં છું.]

*　　*　　*　　*

ફસલ ૧—દારા અને સેકંદર વચે લડાઈ.

રૂમી ફીલ્કુસ.

શાહ દારા[1] પોતાના બાપ દારાબનાં[2] તખ્ત ઉપર બેઠો હતો. આ છેલા પાદશાહના વખ્તમાં મકદુન્યા[3] નામે રૂમી પ્રાંતમાં ફીલકુસ[4] નામે રાજા રાજ ચલાવતો હતો, અને તે ઇરાનના પાદશાહને દર સાલ ખંડણી[5] આપતો હતો. એક વખ્ત આ રૂમી રાજા ઉપર બે વરસની ખંડણી ચહડી ગઇ, જે ઉપરથી દારાબ પાદશાહે એક જમીનદાર, જે રૂમી જુબાન જાણતો હતો તેને પેગામ આપી ફીલ્કુસ રૂમી પાસે મોકલ્યો અને એલતેમાસ કીધી કે ગયાં વરસની તેમજ ચાલતાં વરસની ખંડણી ભરી દેવી. ફીલ્કુસે આ માંગણી કબુલ નહી કરતાં લશ્કર એકઠું કરી દારાબનાં લશ્કર સાથ ત્રણ દીવસ લડાઇ ચલાવી, પણ ચોથે દીવસે પુઠ દઇ નાહાસી ગયો. તેનું એક ભાગ લશ્કર માર્યું ગયું અને બે ભાગ નાહાસીને તેનાં અમુરીઆ નામે શેહેરમાં ભરાઇ ગયું. આ ઉપરથી દારાબનાં લશ્કરે અમુરીઆને ઘેરો ઘાલ્યો, તેથી આજેજ થઇને ફીલ્કુસે સુલેહના પેગામ મોકલ્યા, જે સાથે

૧ રૂમીઓ એને "દારાયસ કોડોમાનસ"ને નામે ઓળખાવી ગયા છે, જે તખ્તે આવ્યા આગમજ આર્મિનિયાનો હાકેમ હતો. તે ઇસ્વી પૂર્વે ૩૩૬ માં તખ્તનશીન થયો હતો.

૨ રૂમીઓ મુજબ દારાયસ ઓકસ. યુનાની તવારીખ નવેશો મુજબ દારા કાંઈ દારાબનો બેટો હતો નહિ.

૩ મેસીડોનિયા.

૪ ફિલિપ અથવા ફિલિપિકસ. આ પાદશાહ પોતાના બાળક ભત્રિજા અમિન્ટાસને પડતો નાખી પોતે તખ્તે ચઢી બેઠો હતો.

૫ યુનાની લખનારાઓએ આ બિના છુપાવી છે. તોપણ તેઓએ એટલું તો કબૂલ કીધું છે કે ઇરાનનો પાદશાહ મોટું લશ્કર લઈ યુનાન જીતવા આવે છે એવી બૂમ ફિલિપે ઉરાડીને સઘળાં યુનાની રાજ્યોની મદદ મેળવવાની યુકિત રચી હતી, કેમકે દારાબ તેને સજા કરવા ચઢાઈ લાવતો હતો એવી તેને ખબર મળી હતી. એથન્સમાં ડિમૉસ્થનિસ નામે નામીચા વકતાએ આ લડાઇમાં ભાગ લેવાની સલાહ નહિ આપવાથી એથીન્યનો અળગાજ રહ્યા હતા.

એ પેટી ભરીને ઝવેરાત તેમજ કેટલીક ભારી કીમતની ચીજો હતી. દારાએ અનજુમન મેળવીને વીચાર કીધો, જેમાં સુલેહની વાત પસંદ આવ્યાથી સુલેહના કોલકરાર કીધા. તેમાં એવું ઠર્યું કે ફીલ્કુસની દીકરી નાહીદ નામની હતી તેની સાથે દારાબ લગન કરે, અને ફીલકુસે દર સાલ મેહેર મહીનામાં ખંડણી તરીકે એક લાખ સુનાનાં ઇડાં આપવાં કે જેમાનું દરએક વજનમાં ચાલીશ મીસ્કાલનું હોય. તે સાથે બીજાં ઝવેરાતનો ઠરાવ કરી ઇરાની લશ્કર પાછું ઇરાન ગયું.[1]

રાણી નાહીદ.

ફીલ્કુસની બેટીને પોતાની રાણી બનાવ્યા પછી એક રાત્રે નાહીદનાં મોહોડાંમાંથી બદબોઇ નીકળતી દારાબને જણાયાથી તે ઘણોજ નાખુશ થયો. પછી એક તબીબે એસ્કંદર નામની રૂમમાં જડી બુટી છે તેનો માલેજો કીધાથી બદબોઇ તો દુર થઇ; તોપણ દારાબનું દીલ નાહીદથી નારાજી થયું અને તેણે તેણીને તેના બાપ પાસે રૂમ[1] મોકળી દીધી, જાંહાં નવ મહીના પુરા થવાથી તેણીએ એક બેટાનો જનમ આપ્યો, જેનું નામ ઇસ્કંદર—સેકંદર—રાખીને ફીલ્કુસે એવું જાહેર કીધું કે સેકંદર તેનો પોતાનોજ છોકરો છે. સેકંદર પુગતી ઉમરનો થવાથી કેયાનીઓની પેહલવાની તાલીમ લેવા લાગો અને ફીલ્કુસના ગુજરી જવા પછી તેની ગાદીનો વારેસ થયો.[2]

પાદશાહ દારાબે નાહીદનાં મોહોડાંમાંથી આવતી બદબોઇને લીધે તેને ફીલ્કુસ પાસે પાછી મોકળી દીધા પછી તેણે બીજી રાણી કીધી, તેને પેટે એક છોકરો જનમ પામ્યો તેનું નામ દારા રાખ્યું. તે સેકંદરનાં કરતાં એક વરસે નાધલો હતો. જ્યારે દારાબ મરણ પામ્યો ત્યારે અનજુમને દારાને પાદશાહ ઠેરવ્યો, જેને સર્વે લોકો કબુલ રાખી તેનો હુકમ બજા લાવવા લાગાં.[3]

સોનાના બેદાં.

સેકંદર પોતાના મમાવાનાં તખ્તપર બેઠો. તેનો દાના વજીર અરસ્તાતાલીસ થયો. એક દીવસે દાના એલચી સાથે દારાએ સેકંદર પાસે ખંડણી લેવા બાબત પેગામ મોકળ્યો, તે વાત સાંભળી સેકંદરે ગુસ્સામાં આવીને એલચીને જવાબ દીધો કે "દારાને જઇને કેહેજે કે ખંડણીનું તો હવે રંગરૂપ બદલાઇ ગયું છે. જમાનાએ જુદોજ માર્ગ પકડયો છે. જે મુર્ગી સુનાનાં બેદાં આપતી હતી તે તો મરણ પામેલી છે તેથી ખંડણીની રકમ ગુમ થઇ ગઇ છે."

આવા શબ્દ સાંભળી એલચી ધ્રુજતો હાંફતો પાછો ઇરાન ગયો અને પછી સેકંદરે પોતાના અમીર ઉમરાઓ અને લશ્કરની એક મોટી સભા બોલાવીને કહ્યું કે મારે દુનીયાની મુસાફરી કરી સારૂં નરસું જોવું જોઇયે છે, માટે લશ્કર તૈયાર કરવું. આ મુજબ પ્રથમ તેણે મીસર ઉપર ચહડાઇ કીધી, અને તાંહાંનો પાદશાહ સાત દીવસ સુધી બળતવારીથી

---

૧ ફારસી તવારીખનવેશોને મોઢે 'રૂમ' નામ બહુજ સાધારણ થઈ પડયું છે. અસલી રોમ, કૉન્સ્ટાન્ટીનોપલ અને યુનાનને પણ તેઓ એક સરખી રીતે રૂમ લખી જાય છે. આ ઠેકાણે મેસિડનને માટે તેઓએ એ નામ વાપર્યું છે.

૨ તખ્તે આવ્યો તે વેળા સેકંદરની ઉમર ૨૦ વરસની હતી. ફિલકુસનું પોસેન્યસ નામે એક યુનાનીએ ખૂન કીધું હતું, જેમાં તેની રાણીની શામેલગીરી કહેવાય છે.

૩ જુઓ ૨ જી નોટ. દારાબનું ખૂન બગ્વાસ નામે અમીરે કરીને તેના સર્વ શાહજાદાઓને કતલ કીધા હતા. એ અમીરની ધાનત પોતે તખ્તનો ધણી થવાની હોવાથી તેણે આરસ નામે એક જવાનને પોતાનાં પુતળાં દાખલ તખ્તનશીન કીધો, પણ બે વરસમાં તેણે તેનો તથા તેનાં બાળકોનો પણ જાન લીધો, અને પછીજ દારા તખ્ત ઉપર આવ્યો હતો, જેને માજી પાદશાહ દારાબ સાથ કશી અતલગની ખેશાવંદી ન હતી.

દારા સેકંદરની પાછલ નહિ પણ થોડાક માસ આગળ પાદશાહ થઇ ચુકયો હતો. તોપણ તેઓ બંને ઇ૦ પૂ૦ ૩૩૬ માં તખ્તનશીન થઇ ચુકેલા હતા.

લડયો;[1] પણ આખર શીકસ્ત ખાઇને તેણે ખંડણી આપવાની કબુલ કરી સુલેહ કીધી. ઘણું કીમતી નજરાણું આપ્યું, જે લઇને સેકંદર ઇરાન ઉપર ચહડી આવ્યો, તથા ફેરાત નદીને કાંઠે છાવણી કીધી. એ ખબર જેવી શાહ દારાને પડી તેવીજ તેણે લશ્કરની ગોઠવણ કીધી. એસ્તેખરે પાર્સથી એક એવું મોટું લશ્કર જમા કીધું કે જેનો શુમાર થઇ શકે નહી. તેણે સેકંદરની છાવણીથી બે ફરસંગને છેટે પોતાનાં લશ્કરની છાવણી કીધી.

ઇરાની દરબારમાં સેકંદર.

આ ઉપરથી સેકંદરે ગભરાઇને સુલેહ કરવાના વીચારે પોતાના અમીર ઉમરાઓની એક સભા બોલાવીને તેમાં એવો ઠરાવ કીધો કે "મારે જાતે કાસદને લેબાસે દારાની છાવણીમાં જઈ જોવું જોઇયે છે કે તેનું લશ્કર વધારે છે કે ઓછું." આથી દશ મર્દો તરજુમો સમજાવનારા તથા ફકત દશ સવાર સાથે લઇને તે દારાની છાવણીમાં રૂમી એલચી તરીકે દાખલ થયો અને હજુરમાં જઈ તાજીમ બજાવી. શાહ દારાએ એલચીઓની જગા ઉપર તેને લાયક માન સાથે બેસાડયો. સેકંદર જેવો બેઠો તેવોજ ઉઠીને તેણે અરજ કીધી કે "સેકંદરે મારી પાસે એવું કેહવાડયું છે કે તમો પાદશાહ સાથે લડાઇનો મારો એરાદો નથી, અને ઘણા દીવસ હું ઈરાનમાં રેહેવા પણ નથી માંગતો. મારી મતલબ એજ છે કે દુનીયાની આસપાસ થોડી ઘણી મુસાફરી કરી જોવું. તું ઇરાનનો પાદશાહ છે, માટે તારી આગળ રાસ્તી અને નેકીથી હું કહુંછું કે અગર તું મારી પાસેથી ખંડણી માંગવા કરતો હોય તો તારો વીચાર દેવાના જેવો (નહી બને એવો) છે; અગરજો તું મારી સાથે ખંડણી સારૂં લડવા માંગતો હોય તો હું લડાઇ કરવા વીના ઇરાનથી પાછો રૂમ નહી ફરીશ, માટે લડાઇનો એક દીવસ મુકરર કર. તારૂં લશ્કર ઘણું છે, તોપણ હું લડવાને તૈયાર છું."

દારાએ તેની અકલ ઉપર નજર પોંહોંચાડી તથા તેના ભપકાદાર બોલવાનો તોલ કરી અને તેની દીલેરી તથા પાદશાહી દબદબાવાળો ચેહેરો જોઇને પુછયું કે "તારૂં નામ શું છે? કેયાની તોખમના જેવી બલકે મારા પોતાના જેવી તારી નીશાન માલુમ પડેછે! એલચીઓની રીતભાતને બદલે પાદશાહોના જેવી રીતભાત તારી જણાય છે, જેથી હું ધારૂંછું કે તું પોતેજ સેકંદર છે."

એલચીએ જવાબ દીધો કે "શું સુલેહની ગોઠવણ કરવા કે શું લડાઇનાં કારણસર, કોઇબી પાદશાહ એલચી થઇને પેગામ પોતે લઇ જાય, એ બનેજ નહી. શું સેકંદરની દરબારમાં દાનેશમંદ હકીમોની ખુટ છે કે તે જાતે એલચી બનીને પેગામ લઇ આવે? સેકંદરમાં એટલીબધી ઓછી અકલ નથી કે તે પોતાના બુજોર્ગોની રસમ છોડીને એવું કામ કરે. સેકંદરે પોતે મને જે પેગામ આપીને મોકલ્યો છે, તે પ્રમાણેનું પાદશાહની આગળ મેં તો બયાન કીધું છે."

સેકંદરનું પકડાઇ આવવું.

પછી દારાએ એલચીને લાયકની તેને રેહેવાની જગા આપીને ખાનું ખાવા બોલાવ્યો, અને ખાનાંથી ફારેગ થઇને શરાબની મજલસ કીધી. રામશગરે ગાનું શરૂ કીધું. હવે સેકંદર શરાબ પીને જામને એક કોરે છુપાવી રાખતો માલુમ પડવાથી તેને કારણ પુછવામાં આવ્યું, તેવારે તેણે જવાબ દીધો કે "આ જરારીન જામ પાદશાહ દારાને મુબારક છે! અગર તમારા ઇરાનમાં આવી રાહરસમ છે તો લેઓ, આ જામને લઇ જઇ પાદશાહના ખજાનામાં મુકી રાખો!"

૧. સેકંદર મિસર જાય તે આગમજ તો તેણે પ્રથમ સઘળો યુનાન દેશ તાબે કીધો હતો, ત્યારબાદ એ દેશની ઉત્તરેની પ્રજાઓને કબજામાં લઇને ઇરાન સાથ અનેક લડાઇઓ ચલાવી તેને નબળું કીધું હતું. આપણા શાયરે ઇરાનની એ લડાઇઓનું વર્ણન મિસરની ફતેહની આગમજ આપવાને બદલે પાછલ આપ્યું છે. મિસરની ફતેહ ખરેખર સહેલ હતી, અને તે ઇ૦ પૂ૦ ૩૩૨ માં થઇ હતી.

સેકંદરની આવી રીત જોઇને દારાને હસવું આવ્યું, અને તેણે હુકમ કીધાથી એક ઝવેરાતની જામ ભરી, યાકુતનું ઢાકણું તે ઉપર ઢાંકી, સેકંદરની આગળ લાવી મેળવું તેજ વખ્તે દારાનો એલચી, જે સેકંદર પાસે ખંડણી લેવા રૂમ જઇ આવેલો હતો અને સેકંદરને ઓળખતો હતો, તેણે સેકંદરને એલચીના વેશમાં જોઇને દારાને કાને લાગી ચેતાવ્યો કે એ એલચી ખુદ સેકંદરજ છે, અને તે ખરી રીતે તારાં લસ્કરનું અને ખજાનાનું માજનું જોવા આવેલો લાગે છે." આ ઉપરથી દારા સેકંદરને વધારે તાકીને જોવા લાગો, જેથી સેકંદર ચેતી ગયો કે તેને ખચીત ઓળખી કાહાડવામાં આવ્યો છે.

રાતને વખ્તે દરબાર ખલાસ થતાંજ પોતાના મુકામ ઉપર જઇને સેકંદર જેમ બને તેમ ઘોડા ઉપર સવાર થઈ, પોતાના સોહબતીઓને સાથે લઈ, અચબુચ જીવ લઇને નાઠો અને પોતાની છાવણીમાં દાખલ થયો. બીજી તરફથી દારા તેઓને પકડવા સારૂં તેઓને આપેલાં મકાનમાં ખબર કહાડી તેમને કેદ કરવાની તદબીર કરે છે, તેની આગમજ તેઓ તો નાહસી ગયલા જણાયા. એક હજાર સવારો પુઠે દોડાવ્યા, જેઓ અંધારી રાતે દુશ્મનોની છાવણી સુધી જઈ પાછા આવ્યા.[1]

પેહલી લડાઇ—દારાની હાર.

સેકંદરે બીજે દીવસે પોતાનાં લસ્કરને એકઠું કરી સમજાવ્યું કે "તમો ખુશી થવા વીના રેહેશો નહી કે આ ઝવેરાતની જામ જે દારાએ મને આપી છે તેથી મુરાદ એવી નીકળે છે કે દારાનો સઘળો ખજાનો આપણને મળશે અને આપણી ફતેહ થશે. બીજું એ જે દારાનું મોટું લસ્કર છે એમ આપણે સાંભળેલું હતું તેનો શુમાર જોતાં ઘણુંજ ઓછું માલુમ પડે છે, માટે સઘળાં લસ્કરે હથીયાર બાંધીને લડાઈ સારૂ તૈયારથઈ મેદાનમાં ઉતરવું."

બીજે દીને ફેરાત નદી ઓળંગીને દારાનું લસ્કર આવી લાગ્યું, અને બંને લસ્કરો વચે સાત દીવસ સુધી ખુનખાર લડાઈ ચાલી.[2] માહાં ભાયગે આઠમા દીવસની લડાઇમાં તુફાની પવન દારાનાં લસ્કરનાં મોહોડાં ઉપર અને સેકંદરનાં લસ્કરની પુઠપરથી ફુંકવા લાગો. ધુલના ઉડવાથી હવા ઝાંખી થઈ. દારાનાં લસ્કરનો વલ ફાવ્યો નહીં તેથી આજેજ થઇ પીઠ દઇને નાસભાગ કરતું તે પાછું ફર્યું. તેની પુઠે સેકંદરનાં લસ્કરે આવી શુમાર વગરની કતલ ચલાવી. તેની જોડે ત્રણ દીવસ લડાઇ ચાલવા પછી ચોથે દીવસે હાર ખાઇને દારાનું લસ્કર નાસી ગયું. દારાએ પોતાનાં જેહરમ નામનાં શેહરમાં જઇ આશરો લીધો. જે લુટ મળેલી તે લસ્કરને વાંટી આપી, તેથી સેકંદરનું લસ્કર તવંગર બની ગયું. દારાનું લસ્કર એટલું તો હેરાન અને સરગરદાન થયલું હતું કે કોઇ દીકરો બાપને શોધે તે નહી જીવતો મળી આવવાથી રડાકુટ કરતો જણાય, તો કોઇ બાપ દીકરાને શોધતાં કતલ થયલો જણાયાથી નીરાશ થતો માલુમ પડે.

જેહરમમાંથી દુશ્મનોના તાપથી શાહ દારાથી ટકી શકાયુંજ નહીં, તેથી પોતાનાં પાયતખ્ત શેહેર ઇસ્તખરમાં તે જઇ રહ્યો અને એક મોટી સભા મેળવીને પોતાના વજીર અમીરોની મસલહત લેતાં પુછયું કે "હવે કેમ કરવું? સેકંદર સાથે લડીને મરવું કે શી રીતે ચાલવું?"

તેઓએ જવાબ દીધો કે "આપણા બુજોર્ગો રૂમી પાસેથી ખંડણી લેતા હતા, રૂમ

---

૧ આ દરબારી મુલાકાત બાબે યુનાની લખનારાઓ કશું જણાવી જતા નથી.

૨ યુનાની તવારીખનવેશો મુજબ આ નદી ગ્રેનાઇકસ નામની હતી, કે જે છેક આથમણે મારમોરાના સમુદ્રમાં ખાલી થતું એક નાનું નાળું છે. તે કાંઇ ઇરાનીઓ પસાર કરીને લડવા ન હતા, પણ સેકંદરની ફોજે તે પસાર કરવા માંડી ત્યારે કાંઠે ઉભેલાં ઈરાની લશ્કરે સામે થઇ નદીમાં તેમજ બાહેર અનેક જબરી લડાઇઓ ચલાવી હતી, અને તે વેળા સેકંદરનો જાન બે મરતબે ભયમાં આવી પડયો હતો. આ લડાઈ સાત દીવસ ચાલેલી જણાતી નથી.

આપણી સેવા બજાવતું હતું, પણ હમણાં આપણો દીવસ અંધારામાં ગયલો છે. તાજ તથા તખ્ત સેકંદરના હાથમાં ગયલું છે. હવે પાસે શેહેરમાં પણ લોહીની નદી ચાલશે. બચ્ચાં છોકરાં, નાધલાં મોટાં, સર્વેને કેદ પકડવાની વકી છે; માટે દુશ્મન પોતાની મોરાદ હાંસલ કરીને ખુશી થાય, અને આપણે નીશફલતા સાથે જીવીને જોઇયે, તેના કરતાં લડાઇમાં કપાઇ મરીયે તેમાંજ નામદારી છે."

બીજી લડાઇ—બીજી હાર.[1]

આ પછી દારા અને સેકંદર વચ્ચે બીજી વારની જબરી લડાઇ ચાલી, જેમાં બંધે લશ્કરો આમનસામન લડતાં દારાની ફરી હાર થઇ. નાસભાગ કરતાં તેણે કેરમાન શેહેરમાં વીસામો લીધો. હીઆં તે એક મોટી અનજુમન મેળવીને બોલ્યો કે "મારી ઉપર આસમાની ગજબ થયો છે. આવી મુસીબત દુનીયામાં કોઇ પાદશાહે ભોગવેલી નહી હશે. બચ્ચાં છોકરાં સાથે ઇરાની લશ્કર દુશ્મનોની કેદમાં પડયું છે. કેટલુંક લશ્કર બચેલું છે, તેમાંથી ઘણુંખરૂં તો જખમી થયલું છે. પાદશાહી પાયતખ્ત રહ્યું નથી. ખજાનો લુટાઇ ગયો છે. હવે આપણે શું ઉપાય લઇયે?"

મજલસીઓએ ઉઠીને જવાબ દીધો કે "આપણું લશ્કર જે બાકી બચેલું છે તેમાં એવા ગુચવાડા છે કે બાપ આપણાં લશ્કરમાં છે તો તેના દીકરા દુશ્મનની કેદમાં છે, તેમજ દીકરા મોકળા છે તેમના બાપ કેદમાં છે. તેટલુંજ નહીં પણ મા, બેહેન, દીકરી, સર્વે કુટુંબ કેદમાં છે. તારો પોતાનો તમામ જનાનો કેદમાં છે. ખજાનો વટીક દુશ્મનોના હાથમાં છે, માટે હવે તો લાચારીથી ઉપાય એવી રીતે શોધવો જોઇયે કે જેમ કીધાથી બુજોર્ગોનું તાજ તખ્ત પારકાના હાથમાં કાયમ નહીં રેહે. તેટલા સારૂં તું સેકંદર ઉપર તાબેદારીની રીતે એક નામું લખી મોકળ; કાંયજે દાનેશમંદ માણસોની એવી રીત છે કે જ્યારે કશીબી તદબીર કામ નહી લાગે તેવારે દુશ્મનને તાબે થવું સજાવાર ગણે છે."

ફસલ ૨—ઇરાનનાં તખ્ત ઉપર સેકંદર.

શાહ દારાનું નામું.

ઉપલી સલાહ માનીને દારાએ આ મતલબનું નામું પોતાના ફતેહમંદ શત્રુ ઉપર લખ્યું:—

"ઓ સેકંદર, જે નેકીનાં અથવા બદીનાં કામો દુનીયામાં પેદા થાય છે તે સઘળાં આસમાનની ચાલથી પેદા થાય છે, જેનો ઇલાજ માણુસ જાતથી બની શકતો નથી. તારી સાથે મેં જે લડાઇ ચલાવવાની હીંમત કીધી તે પણ સુરજ અને ચંદ્રની ચાલથી મને કરવી પડેલી છે, જેથી જે જે દુઃખ મને ભોગવવાની સરજત હશે તે ભોગવવાં પડયાં છે. પણ હવેથી તું મારી સાથે મળી જઇ સુલેહના કોલકરાર કરે તો સારૂં. લડાઇ કરવાથી હું પશેમાન થયલો છું, માટે ગુસ્તાસ્પનો અને અસ્પંદીયારનો સઘળો ખજાનો તે સાથે કેખુસરૂનાં તાજો તખ્ત, અને મારો પોતાનો ખજાનો જે છે તે પણ તુંને હવાલે કરૂં, અને તારી સાથની સુ-

[1] બીજી લડાઇ આગમજ અનેક બનાવો બની ગયા હતા. સેકંદર એશિયામાઇનર (રૂમ શામ)ના મુલકમાં ફરી વળ્યો, કે જે ઇરાનને તાબે હતો, અને ત્યાં ફતેહો કરીને ઇરાન ઉપર ધસ્યો આવ્યો, જે ઉપરથી મેમ્નન નામે ઇરાની સરદારે સેકંદરનાં રાજ્ય મેસિડન ઉપર ચઢાઇ લઇ જવાની બાજી રચી, પણ તેટલાં તેનું મોત નિપજ્યું. દારાએ હવે પોતે લશ્કરની સરદારી લીધી અને તેથી તેની જોડે તેની રાણીઓ અને કબીલો પણ નિકળ્યો. ઇસસનાં મેદાનમાં મોટી લડાઇ ચાલી, જેમાં ઇરાની લશ્કરે ઘણી બહાદુરી દેખાડયા છતાં અંતે દારાની શિકસ્ત થઇ, તેની છાવણીની લુટ ચાલી અને ખજાના જોડે તેની માતા, રાણી અને શાહજાદી કેદ પકડાયાં. આ લડાઇ ઇ૦ પુ૦ ૩૩૩ ના નવેમ્બર માસમાં થઇ હતી.

લેહભરેલી દોસ્તીને થકી તું જે કામ સોંપે તે વગર વાંધો લેવે બજાવી આપું. તે કામ દીવસનું હોય કે રાતનું હોય તેની અડચણ નથી. મારાં બૈરાં છોકરાં અને પરદેનશીન જનાનો જે તારી પાસે કેદ તરીકે રહેલાં છે, તેઓને વગર કપટ રાખવે સહીસલામત મારી પાસે મોકળી દેશે તો અચરત થવા સરખું નથી. નેક ખસલતના પાદશાહો સામેવાળાના પરદેપોશ કેદી જનાનાની કશી પાંતીની હરકત થવા દેતા નથી. હમણા તુંએ ફતેહ મેળવી છે તો મારા નેક ખાનદાનના જનાના ઉપર નેકી વધારે કરે તો સારૂં. આ નામું વાંચીને તારા નેક વજીરોની સલાહ લઇ કામ કરજે, કે જ્યારે દારાએ અને ફીલકુસે એકબીજા સાથે લડાઇ ચલાવી અને તેમાં દારાએ પોતાની ચડતી દીશા બતલાવી આપી, તેવારે ખરો માર્ગ જોઇને ફીલકુસે પોતાનાં ડાહાપણથી દારાબના ગુસ્સાના આતશને સુમની મીસાલે નરમ પાડયો હતો, જેથી સુલેહના કોલકરાર કરી તેઓ પોતપોતાના મુલકમાં અમનથી જઇ રહેલા હતા. તે વાતને લાંબી મુદત થઇ નથી તેટલામાં જમાનો ફેરવાઇ ગયલો છે; અને તારી ફતેહમંદી થઇ છે તો તારે પણ કીનો દીલમાંથી કાહાડી નાખી આગલી રીત પ્રમાણે ચાલવું જોઇએ–એટલે જે સુલેહ કરવી જોઇએ."

સેકંદરનો જવાબ.

આ નામું શાહનસવારે કેરમાનથી કુચ કરી જઇને સેકંદરને હવાલે કીધું, તે વાંચી સેકંદરે દારાની દાનાઈ ઉપર આફરીન કીધી અને આ મતલબનો જવાબ લખ્યો કે "તારાં પરદેનશીન ફરજંદો અને કબીલા ઉપર કશી વાતનીબી હરકત જે કોઇ કરે તે પોતાનાં તખ્તને બદલે પોતાની કબરને જોશે. ઇરાનીઓને હવે હું દુઃખ દેનાર નથી, અને તેઓનો ખજાનો લુટી લઇ મેળું એમ પણ નહી થશે. જો તું આવીને ઇરાનમાં બીસજશે તો તારી તમામ પાદશાહી તુંને આપી દઇશ અને કદીકાલ તારા હુકમથી માથું ફેરવીશ નહી. તારી સલાહ વીના દરેક કામમાં એક બોલ પણ બોલીશ નહી."

સેકંદરે આવી રીતનો નામાનો જવાબ લખ્યો. તે જાણે બુજોર્ગીના બાગમાં ઝાડ રોપ્યું, જેનાં ફલ આસ્માનથી તે જમીન સુધી વખણાશે. આ નામાનો જવાબ શાહનસવાર લાવ્યો તે વાંચીને દારા દીલગીર થઇ દુનીયાનાં કામ વીષે અચરતીમાં પડયો અને બોલ્યો કે "હું આ રૂમીને તાબે થાઉં તેના કરતાં તો મરવું બેહતર છે!"[1]

દારા હીંદુ રાજાની મદદ માગેછે.

હવે જ્યારે દારાને દુર કે નજદીકનો કોઇ મદદગાર રહ્યો નહી ત્યારે તેણે ફુર નામે હીંદી રાજા ઉપર એક નામું લખ્યું, જેમાં જણાવ્યું કે "સીતારાની ચાલથી મારે માથે કેવી કેવી મુસીબતો ગુજરે છે તે તું જાણતો હશે. સેકંદરે રૂમથી લસ્કર લાવીને ઈરાનની આબાદાનીને વેરાણ કીધી છે, તે સાથે મારાં બૈરાં છોકરાં, તાજો તખ્ત, ખજાનો, લસ્કર કંઇ મારી પાસે રેહવા દીધેલું નથી. માટે તું હાલ લસ્કરની મદદ આપે તો સારૂં, કે જેથી સઘળું દુખ દુર થાય અને ખુશી વધે. તેના બદલામાં હું તુંને મારૂં ભારી કીમતનું ઝવેરાત મોકલું છું, જેથી તું સંતોષી થાશે; વલી એ સાથે જેહાનમાં તારી નામદારી વધશે."

ત્રીજી લડાઈ.

આ નામાંની વાત સેકંદરના સાંભળવામાં આવી કે દારા તો પાછી લડાઇ ઉઠાવાની ગોઠવણ કરે છે, જેથી અસ્તખરથી લસ્કર લઇને તેણે દારા ઉપર ચહડાઇ કીધી. માર્ગમાં લડાઇ ચાલતાં દારાનું લસ્કર થાકી ગયલું અને

---

૧ દારાએ એક બીજું નામું પણ સેકંદર ઉપર લખેલું યુનાનીઓ જણાવી જાય છે, જેનો તે મગરૂર ફતેહ કરનારે અહંકાર ભરેલો જવાબ આપ્યો હતો. એ પછી દારાની માતા સેકંદરની છાવણીમાં ગુજરી ગઇ, જે ઉપરથી પાદશાહે એક ત્રીજું નામું તેના ઉપર લખવાની ફરજ વિચારી, પણ તેથીબી કાંઇ વળ્યું ન હતું.

નાતવાન થયલું હોવાને લીધે લડી શક્યું નહી. તે વાઘ જેવું હતું પણ થાકી જવાથી બીલાડી જેવું થઇ ગયું. મોટા સરદારો હતા તેઓએ માફી માંગી અને પોતાની બુજ્રેર્ગીને બદલે બદનામીને તાબે થયા, જેથી દારા ઘણો કમજોર થઇને માત્ર ૬૦૦) સવારો સાથે નાસી ગયો.[1]

પાદશાહનું ખુન.

તેની સાથે તેના ખાસ બે વજીરો હતા, જેઓમાંના એકનું નામ માહીઆર અને બીજાનું નામ જાનુશયાર હતું. તેઓએ એક બીજા સાથે મળીને વીચાર કીધો કે "આપણો કમબખ્ત પાદશાહ દારા હવે પછી પાછો પોતાનાં ઈરાનનાં તખ્ત ઉપર બેસે તેમ લાગતું નથી, માટે એ પાદશાહને તલવારથી અથવા છુરીથી બેજાન કરીયે તો સેકંદર આપણને સાહેબી આપશે અને તાજદાર કરશે."

જેવારે રાતે શાહ દારા ખ્વાબમાં હતો તેવારે તે તકનો લાભ લઈ જાનુશયારે દારાના સીનામાં છરી મારી ઘાયલ કીધો. પછી સેકંદરની છાવણીમાં જઇ જાહેર કીધું કે "તારા દુશ્મનને અમે મારી નાખી કેયાનીઓની પાદશાહીનો અંત લાવ્યા છીયે."[1]

---

૧ સેકંદર સાથની દારાની આ ત્રીજી લડાઇ આગમજ દમાસ્કસના ઇરાની હાકમે દગો દેવાથી ત્યાંનો મોટો ખજાનો સેકંદરના હાથમાં ગયો, ફિનિસ્યાનાં બંદરો તેણે હાથ કીધાં, પણ ટાયર અને ગાઝાનાં લોકો સામે થઇ મજબુતીથી લડયાં તેઓ તરફ તેણે ઘણુએક ઘાતકીપણુ વાપરયું. એ પછીજ તે મિસર ફતેહ કરવા ઉતરી પડયો, અને ત્યાં નવું સિકંદરીયા શેહેર વસાવ્યું.

ત્યાંથી તે પાછો ફરે તે આગમજ દારાએ ત્રીજી મોટી લડાઇની તૈયારીઓ કરી રાખી, અને આબેલા નદીના કાંઠા ઉપર લશ્કર ઉભું રાખ્યું. અહીં રથોની, પેદલોની અને ઘોડસ્વારોની જબરી લડાઇ ચાલી. ખુદ દારા અને સેકંદર વચે પણ હાથોહાથની લડાઇ થઈ, અને તેમાં દારા માર્યો ગયો એવી ખોટી બુમ ઉડવાથી ડાબી બાજુનાં ઇરાની લશ્કરે નાસવા માંડયું. તોપણ જમણી પાંખનાં લશ્કરે તો લડાઇ ચાલુજ રાખી, અને પાર્મિન્યો નામના યુનાની સરદાર ઉપર જબરો ધુજારો કીધો. વળી ઇરાની ઘોડસ્વારોને પણ લડાઇમાં ફતેહ મળવાની ઉમેદ પેદા થઈ. પણ અંતે તે સઘળી ભ્રષ્ટ થઇ અને સેકંદર ઇરાનનો ધણી થઈ બેઠો. આ લડાઇ ઇ૦ પૂ૦ ૩૩૧ માં થઈ હતી. હાર પામીને દારા પાદશાહ મીડયા તરફ નાઠો.

૧ દારાનાં ખૂનની કહાણી ત્રાસદાયક છે. લડાઈમાંથી નાસીને તે મીડયા ખાતે ૭ માસ રહ્યો, પણ એ મુદતમાં પોતાની ઈછા મુજબ તે નવું લશ્કર ભેગું કરી શકયો નહિ. હવે સેકંદર તો પાયતખ્ત શેહેરો ફતેહ કરીને દારાની શોધમાં મીડયા તરફ આવે છે એવી ખબર મળવાથી પાદશાહ પોતાની કનેનાં ૩૭૦૦૦ માણસોની ફોજ સાથ સેકંદરની સામે થવાને તૈયાર થયો. પણ બેકત્રિયાના હાકમ બીસસે તેને તેમ કરવાથી વાળ્યો અને પોતાની જોડે બલ્ખ તરફ ઘસડી ગયો. આથી ઉપલી ફોજ ઘટતી ચાલી. દારાની દરબારમાં દગાખોરો ઉભા થયા, જેઓમાંનો એક ઉપલો બીસસ પોતે હતો. તેના બીજા બે મદદગારો હતા. આ ત્રણેનો એકસંપ એવો હતો કે અગરજો સેકંદર બલ્ખ તરફ ધસ્યો આવે તો દારાને કેદ પકડી જીવતો તેના હાથમાં આપી દઈ પોતે તેની મેહરબાનગી મેળવવી; પણ જો ફતેહ કરનાર પુઠે નહિ આવે તો પાદશાહનો જાન લઈ પોતે પાદશાહી બેખ્તિયાર કરવી.

આ દગાથી દારા બેખબર હતો, પણ હવે તેણે આગળ વધવાની ના પાડવાથી દગાખોરોએ અંતે થારા નામે ગામમાં પાદશાહને સોનાની બેડી પોઇ કેદ કીધો અને તેની આસપાસ લશ્કરી ચોકી મુકી. સેકંદર ઘણો નજદીક આવી પુગેલો હોવાથી તેઓએ પાદશાહને ઘોડસ્વાર થઇ નાસવાની અરજ કીધી, પણ દારાએ તેમ કરવાની સાફ ના પાડવાથી તેઓ તેને ઠાર કરી નાસી ગયા. સેકંદર આવી પુગ્યો ત્યારે દારા એકલો હતો, પણ ફિર્દુસી લખેછે તેમ જીવતો હતો નહી. દારા સામે દગો થવાની ખબર મળવાથી તે ઉતાવળી મંજલ કાપતો આવી પુગ્યો હતો. સેકંદરના એક સિપાહીએ દારાને પ્રથમ જોયો ત્યારે વગર ઓળખવે એક ઘાયલ સરદાર સમજીને માંગ્યા મુજબ પાણી આપ્યું, જે પીને તે મરણ પામ્યો કે સેકંદર આવી ચઢયો. આ બનાવ ઇ૦ પુ૦ ૩૩૦ ના જુલાઇ માસમાં બન્યો હતો.

સેકંદરની દીલસોજી.

આ ખબર જાનુશયારથી સાંભળીને સેકંદરે માહીઆરને પુછ્યું કે "દારા કાંહાં છે તે મને બતાવ."

બંને વજીરોએ સેકંદરને સાથે લઇ જઇ જખમી પડેલા દારાને બતલાવ્યો, જે લોહીથી તમામ ગર્કા થયલો હતો. સેકંદરે બંધે ખુનીઓને કેદમાં રાખીને દારાનું માથું ઉઠાવી પોતાની ગોદમાં લીધું. તપાસ કરતાં માલુમ પડયું કે તે દુખી શાહ હજુ જીવે છે, પણ તબીબનું કામ રહેલું નથી. પછી તેનું બખ્તર છોડીને દીલાસો આપતાં કહ્યું કે "તુંને સારૂં થશે, તારા દુશ્મનો ઉંધા પડશે; તું ઉઠીને જોળી (પાલણા) માં બેસ; વધારે કઉવત હોય તો ઘોડે સવાર થા."

પછી સેકંદર રડતાં રડતાં બોલ્યો કે "તું કેહેતો હીંદુ અથવા રૂમી તબીબને બોલાવું. તુંને આસાન થાય તો તારૂં તાજ તખ્ત તુંને સ્વાધીન કરીને હું જતો રહીશ. તારૂં ખુન કરનારા બંને વજીરોને સુળી ઉપર ચહડાવીશ. ગઇ કાલે મેં બુજોર્ગોથી એવુંબી સાંભળ્યું છે કે જેથી મારૂં દીલ લોહીથી ભરાઇ આવ્યું છે અને લબ સુકાઇ ગયા છે; કાંયજે આપણે બંને એકજ તોખમથી જન્મેલા છીએ, અને એક જામાં મધેના છીએ. માટે એકબીજાને વધારે ફાયદો કરવાને બદલે શા માટે ખુનરેજી કરીયે?"

મરતા ભાઇના વચનો.

દારાએ દુઆ દઇ જવાબ દીધો કે—"તું તારા ખુદાથી તારા નેક વચનનો બદલો હાંસલ કરજે. બીજુ એ જે તું મને ઇરાનની પાદશાહી પાછી આપવા કેહે છે પણ મારૂં તાજ અને તખ્ત તો ઊંધું વળી ગયું છે; તેને બદલે મરવાના તાબુતનાં તખ્તને નજદીક આવવાનો વખ્ત છે. હવે તું મને એમ કેહવાની હીંમત ના રાખતો કે હું નામદાર અજુમનનો સરદાર છું. શું બદી કે શું નેકી એ બંને ખોદાની તરફથીજ પેદા થાય છે, એમ તું સમજ. તું જીવે તાંહાં સુધી ઉપલી બંને વાત ઉપર સંતોષી રેહેજે. મારી પાદશાહી તથા દોલતથી કોઇને દુખ થયલું નથી. કેટલુંક લશ્કર, હથીયાર, ઘોડા, તખ્ત, કોલાહ, તે સાથે ફરજંદો, સગાંવાહાલાં, જાંહાં સુધી મારૂં એકબાલ રોશન હતું તાંહાં સુધી મારા સ્વાધીનમાં હતાં. હાલમાં મારૂં એકબાલ ફરી ગયું છે, તેથી મારા મેહેલ એવાન સર્વે વેરાન થયાં છે, અને હું પોતે ખુનીઓને હાથે ગીરફતાર થયો છું. આ મારી શીખામણ હુશીયારીથી સાંભળીને યાદ રાખજે."

સેકંદરે જવાબ દીધો કે "તારાં ફરમાનને હું દીલોજાનથી બજા લાવીશ."

ફરીથી દારાંએ પોતાની જુબાનને વધારે તેજી આપીને કહ્યું કે—"ખોદાનો ખોફ રાખજે, કે જેણે જમીન તથા જમાનો પેદા કીધો છે; જોરાવર તેમજ કમજોરને પેદા કીધાં છે. પરદેપોશ જે મારાં ફરજંદો કેદમાં છે તેઓનો સંભાળ રાખજે. પાક તનની મારી રોશનક નામની છોકરીને તારા આરામની જગા ઉપર રાખજે.[1] તેણીને ખરી શીખામણ દેતો રેહજે, પણ ખોટા તાણો ના મારતો; કાંયજે તે મારી પાદશાહીમાં લાડથી પરવરશ થયલી છે. તે તું જેવા પાદશાહનેજ લાયકની છે. જો તેણીને પેટે એક બેટો પેદા થાય તો અસ્પંદીયારનાં નામને જીવતું રાખે; જંદ અવસ્તા હાથમાં ધરી જરતોસ્તના આતશને રોશન રાખે; નોરોજ, જશને સદેહ, અને આતશ કદેહના મરતબાનો સંભાળ રાખે; તેમજ હોરમજદ રોજ, મેહેરગાન વગેરે જશનોને યાદ કરી ગુસ્તાસ્પની દીનની પેરવી કરે; અને લોહોરાસ્પની રાહરસમને તાજી રાખે."

દારાનું મરણ.

સેકંદરે જવાબ દીધો કે "અએ નેક દીલ પાદશાહ! તારી નેક શીખામણ પ્રમાણે તારાં

---

૧ આ શાહજાદીને પેટે એક બેટો અવતર્યો હતો, જેનુ નામ પણ સેકંદર રાખેલું હતું. સેકંદરનાં મરણ પછી તેનું ખુન થયું હતું.

ફરમાનો બજા લાવવા વીના હું ફરી પાછો નહી જઇશ."

આમ સાંભળતાં દારા સેકંદરનો હાથ પોતાનાં માથાં ઉપર મેળી સેકંદરના હકમાં દુઆ માંગીને બોલ્યો કે—"મારો મુલક તુંને સોંપીને હું ખાકમાં જાઉં છું અને મારો જાન પાક યજદાંને હવાલે કરૂં છું."

આમ બોલતાંજ તેનો પાક જાન તનમાંથી નીકળી બેહસ્તમાં ગયો, તે જોતાં તમામ અનજુમન જારજાર રડી માતમ કરવા લાગું. સેંકંદર પોતાનાં કપડાં કાહાડી નાખી પોતાનાં તાજ ઉપર ધુલ નાખી, પીઠ નમાવી, માથું નીચે નાખી માતમ કરવા લાગો. દારાની દીનના હુકમ મુજબ દુખમું તૈયાર કરાવી, તે શાહની લાશને ગોલાબથી ધોઇ, પાક કરી, રૂમી રેશમી કપડાં પેહેરાવી, કાપુરથી ઢાંકી મેળી; તેવાર પછી તેનું મોહડું કોઈ જોઈ શકયું નહી. દુખમાની અંદર એક સોનાનું તખ્ત ગોઠવી કસ્તુરીનું તાજ મેળી તૈયાર રાખ્યું. તેનાં તાબુતને ઉઠાવી લઇ ચાલ્યા તેવારે પાયદસ્તે જનારા સઘળા એક એકના હાથ પકડીને ચાલ્યા હતા. સેકંદર તાબુતની અગાડી ચાલતો હતો.[૧] પાદશાહોની રીત પ્રમાણે દારાને દોખમે ચહડાવ્યો.

નીમકહરામ વજીરોને સજા.

પાછા ફરતી વખ્તે બે સુળી તૈયાર કરી રાખેલી હતી, તે મધેની એક ઉપર પેલા ખુની વજીર જાનુશયારને અને બીજી ઉપર માહીયારને જીવતા લટકાવ્યા, અને તમામ લસ્કરીઓને હુકમ કીધો કે દરેક માણસે પોતાના હાથમાં પથરા લઇને પોતાના પાદશાહનું ખુન કરનારા દુશ્મનોને માર મારી, ઈજા દઇ, મારી નાખવો (યાને સંગસાર કરવો), કે હવે પછી કોઈ આવી કીસમની નીમકહરામી કરશે નહી. આવી રીતની સેકંદરની જાનફેસાની જોઇને તમામ ઇરાની પ્રજા એકમત થઇ તેના ઉપર આફ્રીન કરી એક આવાજે બોલી ઉઠી કે "આજથી સેકંદર આપણાં ઇરાન મુલુકનો પાદશાહ ઠર્યો છે."

એસફેહાનમાં કેટલાએક બુજોર્ગો સાથે દારાનાં બૈરાં છોકરાં રેહતાં હતાં, તેઓની ઉપર કેરમાનથી સેકંદરે એક એલચી સાથે ફરમાન મોકલ્યું, જેમાં લખેલું હતું કે "દારા પાદશાહનાં મરણથી દોસ્તો કે દુસ્મનો સર્વેનાં દીલ ગમગીન થયા વીના રહેલાં નથી. તેવો માઠો બનાવ બન્યો છે, પણ તમોએ જાણવું જોઇયે છે કે દારા મરણ પામ્યો તેની જગા ઉપર હું સેકંદર છું, જેને તમો દારાજ છે એમ સમજીને ખુશી થજો. તેની ભલાઇનું લંબાણ બયાન છે જે કહી શકતો નથી. આપણ સઘળાંને મોડે વેહેલે મરવુંજ છે, માટે હવે તમોએ તમારો અસબાબ ઉઠાવી લઇને એસ્તેખરમાં આવવું અને મારી સાથે મળવાથી ખુશી થવું. પેહેલાં જેમ તમારૂં ઇરાન હતું તેમજ હમણાંબી તમારૂંજ છે એમ સમજવું અને ખુશહાલીથી તનદોરસ્ત રેહેવું.

સરદારો જોગાં ફરમાનો.

પછી ઈરાનના નાધલા મોટા તમામ સરદારો તથા મુબદો ઉપર સેકંદરે ફરમાનો લખી મોકલ્યાં; તેમાં લખી જણાવ્યું કે "દાનાઈ અને ઇનસાફની આંખથી જોતાં દુનીયાની ઉલટપાલટ ચાલ ઉપર ભરૂસો રખાતો નથી. મારી ઇરાન વગેરે મુલકોની ઉપર ફતેહ થઈ છે તેની ખુશહાલીને વખ્તેજ માતમ અને ગમ મને પેદા થયો છે. હું ખોદાતાલાના સોગંદ લઇને લખું છું કે દારા પાદશાહને મારી ના-

૧ આ ત્રણ વાકયો ઉપરથી ત્રણ બિનાનો અગત્યનો ખોલાસો મળે છે. પેહેલો એ કે ફિર્દુસી જેને દોખમું કહે છે તે અસલ જમાનાનાં અસ્તોદાન જેવું હશે, કે જેવાં અસ્તોદાન હખામની ટોળાના કુરૂશ અને દારયવુશ પાદશાહો માટે બાંધેલાં આજેબી બિસ્માર હાલતમાં ઇરાનમાં છે. બીજો ખોલાસો એ થાય છે કે આજે પાર્સીઓમાં જેમ લાશની પુઠે જોડ વળગીને જાય છે તેમ તે જમાનામાં પણ જતા હતા. અને ત્રીજો એ કે આજે જેમ જુદદીનો પાર્સીઓ જોડે લાશની પુઠે ચાલી શકતા નથી તેમ સેકંદરથી ચાલી શકાયું નથી, અને તેથીજ તેને આગળ ચાલી જવું પડયું હશે.

ખવાની કોઇબી રીતે મેં કોશેશ કીધી નથી. તેને મારનારા કોઇ પરભાડા શખ્સો નહી પણ તેનો પોતાનોજ વજીર હતો; જેણે એ બદ કામ કીધું તેનો બદલો તે પામ્યો છે. મારૂં રોશન દીલ તો દારાના ગમથી અંધારૂં થઈ ગયું છે. હવે તો હું કોશેશ કરીને દારાએ જે વસીહત કીધું છે તે બજા લાવવા પર ધ્યાન આપું છું. જે કોઇ મારે આશરે રેહેશે તે પોતાની દોલત અને તાજો તખ્ત ભોગવશે; પોતાનાં એવાનમાં હશી ખુશીથી જેઓ રેહેવા માગતા હશે, તેઓ મારા કોલકરારથી માથું ફેરવશે નહી; અને જેઓ ઠેરવેલી ખંડણી આપશે તેઓને હું ખરાબ કરનાર નથી. મારો કોલ પાળીને દીરમ ઉપર મારે નામનો સીક્કો પડાવજો; સઘળા પાદશાહો દારાના કાયદા પ્રમાણે પોત પોતાની ગાદી ઉપર બેસી કામ ચલાવજો; અને પોત પોતાનાં શેહરના બચાવને વાસ્તે જાસુસો રાખી બાજારની સંભાળ સારૂં કોટવાલોને મારે નામે નેમી રાખજો કે ચોર લોકની ઇજાથી મોકળા રહીને બાજારી તથા સોદાગર લોક પોતાના માલનો નફો હાંસલ કરે. દરેક શેહર મધેથી હુશીઆર ખુબસુરત ગોલામ કે લોંડી' જે અમારી દીન પ્રમાણે વગર વાંધો લેવે ચાલી શકે, તેઓને અમારા મહેલમાં રેહેનારા જનાનાની ચાકરીમાં રાખવા સારૂં દર વરસે મોકલ્યા કરજો. તેઓ સારી રીતે ચાલશે તો દુ:ખી થશે નહી, પણ ગરીબ હશે તો તવંગર થાશે. તમારાં શેહેરોમાં જે સાફ દીલના સુફીઓ હોય, જેઓ ફકીરી હાલતને/ તવંગરી સમજતા હોય, તેઓનાં નામ દફતરમાં નોધી રાખી તેમની બરદાસ્ત કરજો. તમારા હાથ નીચેના અમલદારો કે જેઓ પોતાનાં કામમાં બરાબર નહી ચાલતાં લોકને ઇજા દેતા માલુમ પડે તો તે જુલમગારોની પીઠની ચામડી ઉખેડી નાખવાની સાથે તેઓની બેખ-બુનીયાદને તારાજ કરજો. અમે પણ છુપ્યા જાસુસોથી તેવા જાલેમોની ખબર રાખીશું અને તે બદકારોને જીવતા ફાંસી દઇશું. તમે ખરે માર્ગે ચાલતાં ગરીબ લોકને ઇનસાફ તથા બક્ષેશથી આસુદા રાખજો. જે કોઇ આ મારાં ફરમાનો મુજબ ચાલશે નહી તો પોતાનાં પાપનો બદલો પામ્યા વીના રેહેશે નહી.

સેકંદરનું તખ્તનશીન થવું.

આ ફરમાન પ્રસીદ્ધ થવાથી દુનીયાનાં લોકને આશરો મળ્યો. પછી ફેરમાનથી એસ્તેખરમાં આવી સેકંદર તખ્તે બેઠો, કેયાની તાજ સર ઉપર રાખી તે બોલ્યો કે "જેહાનનો ખોદા નેકી અને ફતેહમંદીનો સાહેબ છે. જેહાનના પાદશાહો તેથી ડરી તેનાં ફરમાન મુજબ નહી ચાલે તો તેઓથી વધારે ગુનેહગાર બીજા કોણ હોય? કોઇબી વખ્તે તેઓ પોતાનાં પાપના બદલામાં ગીરફતાર થયા વીના રેહેશે નહી. ખોદાતાલાએ મારી સનમુખ ફતેહનો દરવાજો ખુલ્લો મેલેલો છે, તેની બરકતથી હું ઇચ્છા રાખું છું કે જે કોઇ પોતાની ઉપર ગુજરેલા જુલમની ફરીયાદ લાવશે, તેઓ પહાડ ઉપર અથવા જંગલમાં અને દરીયામાં વસનારા હોઇને પોતાની ફરીયાદ અર્ધી રાતે ગુજારશે, તો અર્ધી રાતેબી તેઓને જવાબ દઇ દાદ દેવાને હું તૈયાર છું."

આ નેકીભરેલા સખુનો સાંભળી તમામ અનજુમન સેકંદરના હકમાં દોઆ દઇ બરખાસ્ત થઇ.

ફેસલ ૩—શાદીથી સેકંદરના દાવાની મજબુતી.

સેકંદર શાહજાદીની માંગણી કરેછે.

એ પછી સેકંદરે દારાની ઓરત દીલારાઇ ઉપર શાહજાદી રોશનક સાથે શાદી કરવા બાબે નામું લખ્યું કે "ખોદા તમોને નેકી બક્ષજો; અને તમારી ઉપર ગુજરેલી મુસીબતને બદલે હવે પછીથી તનદરોસ્તી અને સુખાકારી સાથે જીવજો! જેવારે તમારા ધણી

દારા પાદશાહનો દીવસ વાંકો આવી લાગો તેવારે એક ગુલામને હાથે કતલ થયા, જેઓનાં મરણની ક્રીયા તમારા આગળા પાદશાહોની રીત પ્રમાણે કરીને મરનારના ગમથી હું હવે ફારેગ થયો છું. અગાડી લડાઇના હીંગામમાં મેં ઘણીબી સુલેહ કરવા માંગી, પણ માઠો બનાવ બનવાનો હશે તેથી શાહ દારાએ કબુલ કીધું નહી. ખોદા તેને મીનો જેહાનમાં બેહસ્તની જગા આપો, અને તેના દુશ્મનને ભાલાની નોકનું ઝેર ચખાડો! ખોદા શાહેદ છે કે દારાએ પોતાની વસીહતમાં એવુંબી ફરમાવેલું છે કે તમારી દીકરી રોશનકને મારી સાથે પરણાવી આપે. માટે તમે રોશનકને ઇરાનના બુજોર્ગો સાથે, અને તેની ખીજમત બજાવનારી દાસીઓ સાથે, મારી પાસે મોકળી આપો, કે તેણીને જોવાથી મારી આંખ રોશન થાય. તેઓને અગાડીની માફક ઇસ્ફેહાનમાં રાખજો. બીજું દારાએ પોતાના અમલદારોને જે જે શેહેરોમાં નેમેલા હતા અને જેઓ હમણા પરાગંદા થઇ ગયલા છે, તેઓને પોત પોતાની જગા ઉપર પાછા કાયમ કરજો. તેમ નહી બને તો ઇરાનનો મુલક તમારોજ છે, તમોને ગમે તેમ ફેરબદલી કરજો, અને મને દારા કરીને માનજો, અને સલાહ સંપજથી મારા હુકમ મુજબ અમલ ચલાવજો."

રોશનક જોગો પત્ર.

વળી સેકંદરે રોશનક ઉપર પણ એક બીજો પત્ર લખ્યો, જેમાં લખ્યું કે "પાદશાહોના તોખમથી પરહેજગારોની સેફતનાં ફરજંદો પેદા થાય છે. દારા પાદશાહ તુંને મને સોંપી આપી નેકનામી લઈ ગયો છે, માટે તું મારા મેહેલમાં આવી રેહે, કે જેથી મારાં નસીબને તેમજ નામને રોશની મળે. તું બાનુઓની ઉપર સરદારી ભોગવશે તો મારાં તખ્તની ખુબીમાં વધારો થશે. તારી માદર ઉપર મેં એક નામું લખ્યું છે કે તે તુંને મારી પાસે મોકળી આપે; માટે એસ્ફેહાનના મુબદને અને જેણીએ તુંને દુધ અને મધ પાયલું હોય તેણીને સાથે લઈ હાથીના હોદા ઉપર અથવા પાલણામાં બેસીને મારા મેહેલમાં આવી સઘળાં જનાનખાનાંની તું સરદારી કર. આસમાન તારી મોરાદે પોંહોંચજો, અને તારૂં સઘળું દુ:ખ દુર થજો."

રાણી દીલારાયનો જવાબ.

દારાની રાણી દીલારાઇએ સેકંદરના પત્રનો આ મુજબ જવાબ લખ્યો હતો—"લડાઈ તથા સુલેહ જેબી બને છે તે આસમાનની મરજી મુજબ બને છે. શાહ દારાનો દબદબો જેવો જોઇયે તેવો જોઈને અમે તેનાં નામથી જુબાનને શીરીન રાખતાં હતાં. હમણાં દારા તખ્તને બદલે તાબુતનો ભોગ થઇ લાગો છે, અને તેની જીંદગીનો વખ્ત બદલાઇ ગયો છે. હવે તેનાં તખ્તને લાયક તું સીવાય બીજો કોણ પાદશાહ હોય? દારાને દુખમે ચહડાવ્યા વીષે તથા જાનુશયારને ખુનનો બદલો આપવા વીશે લખતાં દારા સાથે સુલેહના કોલ કરવાનું તમે પસંદ કીધું, પણ તેણે માન્યું નહી, તેથી તમે દીલગીરી જણાવો છો, તેનો જવાબ એ કે દારા જેવા શાહનશાહથી તમારા હુકમ નીચે કેમ રહી શકાય? ચાકરની ચાકરી ધણી કેમ કરી શકે? હવે દારા આફતાબ જેવો અસ્ત પામ્યો, તો તું સેકંદર માહતાબ જેવો પણ દારાની શાહનશાહીનાં તખ્ત ઉપર બેઠો છે તેથી તુંને અમે દારા કરીનેજ માનીયે છીયે; તારા હુકમને અમે દારાનોજ હુકમ સમજીને માન આપીશું, અને તારેથી સર ફેરવીશું નહી. બીજું, તમે રોશનકને વીષે જે લખ્યું છે જેથી અમે દીલોજાન સાથે ખુશી થયાં છીયે. રોશનક તમારી દાસી છે, અને અમો તમારા તાબેદાર છીયે. અમો અમારાં તમામ અનજુમન તથા અમીર ઉમરાઓ ઉપર તેમજ પેહેલવાનો ઉપર હુકમો લખી મોકલ્યા છે કે સેકંદરનાં જે ફરમાનો જાહેર થયાં છે તેને તમો એ દારાનાંજ ફરમાનો સમજીને અમલમાં લાવવાં. તેથી ઉલટા ચાલશો તો સજાને લાયક થશો."

એ રીતે રાણીએ રૂમી એલચીને જવાબ લખી આપી, ઇનામ સાથે વીદાય કીધો, જેણુ

નામું આપ્યું તે વાંચીને સેકંદર ખુશી થયો અને બોલ્યો કે "હું તખ્તનશીન થયો છું તે ગોયા દારા જીવતો થઇ બેઠો છે!"

શાહજાદી સાથ સેકંદરની શાદી.

રોશનક સાથ શાદી કરવા સારૂં સેકંદરે પોતાની મા નાહીદને રૂમનાં પાયતખ્ત અમુરીએથી બોલાવીને, શાદી કરવા સારૂ રોશનકને બોલાવી લાવવા એસ્ફેહાન મોકલી, ને સાથે હાંસરી, ચુરા, બાલી, તાજ, ૧૦૦ ખચર, બીછાણા વગેરે લાધેલાં તથા ૧૦ ખચર રૂમી જરી ભરેલાં રેશમી કપડાંથી લાધેલાં આપ્યાં. વળી વધાવા સારૂ ૩૦૦૦૦ ત્રીશ હજાર દીનાર રોકડ, ૩૦૦ રૂમી બાંદી, દરેકના હાથમાં સુનાની એકેકી જામ જેમ પાદશાહોની બાંદીઓના હાથમાં હોય છે તેમ આપી મોકલી, અને જોઇએ તેટલા નોકરો તથા ભોમીયા રસ્તાની નોકરી માટે આપ્યા. આ રીતે જોઇતું હતું તે લઇ નાહીદે રસ્તો પકડયો, અને ૧૦ ફીલસુફો તરજુમો સમજાવનારાઓને સાથે લઇ તેણી કુચ દર કુચ કરતી એસ્ફેહાનમાં આવી પુગી. તેને એસ્તેકબાલ લેવા સારૂ અમલદારો આવ્યા હતા. દીલારાઇ પોતે જાતે કેટલાએક બુજોર્ગોને લઇ અએવાનમાં આવી અને નાહીદને વધાવી અએવાનમાં દાખલ કીધી, અને મુલાકાતના ફાયદાની ખુશહાલી બંને જણીઓએ હાંસલ કરી. થોડા દીવસ પછી દીલારાઇએ એક અનજુમન ભેગું કરી તેમની સલાહ મુજબ ગોઠવણ કરીને કેટલોએક સામાન પલ્લાં તરીકે સાથે લીધો, અને એસ્તેખર જવાની તૈયારી કીધી. સામાનની વીગતઃ—ઉંટોની, એક હાર ચાલુ થઇ તેમાં સુનું, રૂપું, રંગ બેરંગી કાપડ, તાજી ઘોડા, જરરીન લગામ, હીંદી તલવાર, જરરીન મીયાન, લોહોડાંનાં બખ્તરો, સુનાના તથા બીજી જાતના ભારી ગુરજો, સીવેલાં કપડાં, વેતરેલાં મગર સીવ્યા વગરનાં કપડાં, કે જેવાં દુનીયામાં કોઇએ નજરે જોયલાંબી નહી હશે; અગર, અંબર, કસ્તુરી કે જે જોવાથી દુશ્મનને તાપ ચહડી આવે, ચાલીસ પાળખીઓમાં ખીદમત બજાવનારી લોંડીઓ. આ સર્વ જોડે એક પાળખીમાં નાજ સાથે શાહજાદી રોશનક બેઠી હતી, જેણીની સાથે ઘણાએક નોકરો હતા.

એવા દમામ સાથે રોશનકે અએવાનમાંથી બાહેર નીકળી રસ્તો લીધો. અર્ધા રસ્તા સુધી ઝવેરાતનો નેસાર કરતાં એસ્તેખરમાં દાખલ થયાં. એ શેહરને શાદીની ક્રીયા સારૂં સણગારીને રોનકદાર કરેલું હતું. જેવી રોશનક શેહેરમાં દાખલ થઈ તેવીજ તેણીને દીરમ, દીનાર અને કસ્તુરીથી વધાવી લીધી. જ્યારે મેહલમાં દાખલ થઇ ત્યારે સેકંદરે નજર તાંકીને તેણીને ઘણો વખ્ત સુધી જોઇ. તેણીનો ખુબસુરત ચેહરો જોઇને સેકંદર ઘણો ખુશી થયો. જેવારે નાહીદે રોશનકને સુનાનાં તખ્ત ઉપર પરણવા બેસાડી તે વખ્તે સેકંદરે રોશનક ઉપર પોતાની જાનફેશાની બતલાવી આપી. પછી ૮ દીવસ રહી સેકંદરે રોશનક સાથે સઘળી વાતથી મોજમજાહ, એશઆરામ ભોગવ્યાં. જેહાનના તમામ પેહલવાનોએ તથા પ્રજાએ તેના ઉપર આફ્રીન કરીને એટલી બધી વધાઇ નેસાર કીધી કે જેથી ઇરાનનાં ગરીબ લોક તવંગર બની ગયાં.

૩

સેકંદર.

——:o:——

ફસલ ૧—જવાનીના ઢંગરંગ.

[હવે સેકંદરની તવારીખ લખનાર યાને "સેકંદર નામું" રચનાર ફાર્સી શાયર નીજામીને આધારે એ નામીચા લડવૈયાની થોડીક હકીકત નીચે ઉતારું છું, જે ઘણી બાબતોમાં જાણવાજોગ અને વાંચવા લાયક ગણાશે; તો જોકે આ હકીકતમાં શાયરી સીવાય તવારીખના ખરા બનાવો ઝાઝા નથી.]

ફીલ્કુસ.

શાહનામુ લખનાર (ફીર્દુસી) એમ લખી ગયો છે કે રૂમના પાદશાહ મધે સારાં ભાયગનો ફીલકુસ નામનો એક પાદશાહ હતો. તેના હુકમને રૂમ અને રૂસના મુલકોનાં લોક માન આપતા હતા. યુનાન જમીનના મુકદુમીએ[1] નામનાં શેહેરમાં તેની રાજધાણી હતી. ફીસ અને ઇસહાક (પેગામબરો)ની ઓલાદથી તે ઉતરેલો હતો અને દુનીયાના પાદશાહોમાં નામીચો હતો. આથી ઇરાનના પાદશાહ દારાને અદેખાઇ પેદા થઇ, કાંયજે દારા ફીલકુસના કરતાં ઘણો મોટો પાદશાહ હતો, તેથી એલચીઓ મોકળી ખંડણી મંગાવી. ફીલકુસે ડાહાપણ ભરેલા વીચારથી એટલો બધો ખજાનો મોકળી આપ્યો કે જેથી દારાનાં દીલમાંથી અદેખાઇનો આતશ દુર થઇ ગયો. રૂમી પાદશાહે ખુશી થઇને ઉપલો હદીઓ મોકળી પોતાના મુલકનો બચાવ કીધો.

એક મા અને બચું.

સેકંદરના પેદા થવા વીષે રૂમના હુશીયાર લોકોથી એવું સાંભળવામાં આવેલું છે કે તે મુલકમાં એક પરહેજગાર સ્ત્રી નાચારીને લીધે પોતાના ખાવંદ અને પોતાનાં શેહેરથી જુદી પડી જંગલમાં બચું જણી ગમ ખાઇને મરી ગઇ તે વખ્તે એમ કેહેવા લાગી કે "હું નથી જાણતી કે કોણ તુંને પાળશે અથવા કોણ ફાડી ખાનારું તુંને ખાઇ જશે."

જ્યારે તે મરી ગઈ અને બચું લાચાર પડી રહ્યું, ત્યારે લાચારને પાળનાર ખોદાએ તેને ઠેકાણે પાડયું. પાદશાહ ફીલકુસ જંગલનો શીકાર કરતો તે મુવેલી સ્ત્રીની આગળ જઇ લાગો. જોય છે તો તેની ગોદમાં એક બચું જીવતું હતું, જે દુધ નહી મળવાને લીધે પોતાનું આગળું ચુસતું હતું. તેણે ચાકરોને ફરમાવી મરી ગયલી સ્ત્રીને ભુમીદા કરાવી, અને માર્ગની ખાકમાંથી તે બાળકને ઉઠાવી લીધો. તેને પાળીપોશીને નવાજ્યો અને પોતાનાં મરણ પછીથી પોતાનાં તખ્તનો વારેસ ઠેરવ્યો.[2]

સેકંદરનો જનમ.

ઇરાનના તારીખ જાણનારાઓ એવું કેહે છે કે એ છોકરો દારાને તોખમનો છે. એવી તારીખોને મેં તપાસી જોઇ, પણ તે મને વાજબી લાગી નહી. મને આ બીના વાજબી લાગી કે સેકંદર ફીલકુસનો છોકરો હતો. ફીલકુસની સાથે એક જવાન, ખુબસુર્ત, પરહેજગાર સ્ત્રી[3] પરણેલી હતી, જેના ઉપર પાદશાહ

---

૧ મેસિડન પાયતખ્ત.

૨ આ માત્ર કલ્પિત કહાણી છે. પોતાનાં લખાણના નાયકનો જન્મ હલકાં મુળમાંથી થયલો દેખાડવાને ઉગમણા લખનારાઓ કાંઇ અજાયબ હોંશ બતાવી ગયા છે.

૩ ફિલકુસની રાણીનું નામ ઓલિમ્પિયા હતું. તેણીને પેટે સેકંદરનો જન્મ થયા પછી, રાજાએ એક બીજી રાણી કીધી હતી, જેના તરફ અને જેના બેટા શાહજાદા તરફ સેકંદર અને તેની માતાને એટલો તિરસ્કાર હતો કે તેઓએ તેમના

એવો મેહરબાન હતો કે તેનાં નામ સીવાય તેને કાંઇ બીજું યાદ આવતું નહતું. તેણીએ એક છોકરાને જનમ આપ્યો. ફીલકુસે નજુમીઓને ફરમાવ્યું કે એનો સેતારો કેવો છે તેની શોધ કરે. નજુમીઓએ તારા મંડળનો હીસાબ કાહાડી કહ્યું કે "એનું નામ સેકંદર રાખો, કે જેના હાથમાં તમામ દુનીયાના મુલુકોની કુંચી આવશે."

આ નેક ફાલ સાંભળીને ફીલકુસ ઘણો ખુશી થયો અને ખોદાના શુકરાના કીધા, અને આ મુબારકબાદીથી તખ્ત ઉપર બેસીને ઘણો એક ખજાનો બક્ષીશ કીધો. જ્યારે તે બાળક પાલણાંમાંથી બાહેર નીકળીને ઘોડા ઉપર સવારી કરીને ફરવા લાગો અને દાઇ પાસથી તીર ને કમાન લઈ તેનો ઉપયોગ કરવા લાગો ત્યારે તે તેને ખુશી ભરેલું લાગતું હતું.

જેને લોભ લાલચ નહી હોય તેનો જમાનો ખુશીભરેલો ગુજરે; દુનીયામાં મધ્યમપણે ચાલે; વધારે તેમજ કમી ખર્ચ નહી કરે. એવી તરેહથી તું જીંદગી ગુજાર કે તુંને ફાયદો થાય અને બીજાને નુકસાન નહી થાય. તવારીખ લખનાર એવું લખી જાય છે કે જ્યારે યુનાનના પાદશાહ ફીલકુસે દુનીયાના મુલુકનો સુધારો કીધો ત્યારે પોતાના અકલમંદ ફરજંદથી ઘણી બુજોર્ગી પામ્યો, અને તે લાયક ફરજંદથી પનાહમાં રહ્યો. લાયક ફરજંદ કરતાં બાપને વધારે સારૂં બીજું કાંઇ નથી. તેને એલમ શીખવા બેસાડયો, કેમકે જે છોકરો અભણ હોય છે તેબી એલમ શીખ્યાથી હુશીયાર થાય છે. અરસ્તાતાલીસના[1] બાપ લકુમાજીસે[2] સેકંદરને શીખવવામાં ઘણી મેહેનત લીધી હતી, કે જેનું વર્ણન નહી થઇ શકે. પાદશાહી અદબ અને પાક હુનરો કે જેથી દીલમાં કુવત અને આંખમાં રોશની આવે, જે એલમ કે એ કામમાં લાવવા જોઇયે તે વીષે લકુમાજીસે વીચાર કીધો અને તે સેકંદરને શીખવ્યા. જેમ આસમાન સેતારાઓથી રોશની ભરેલો થાય છે તેમ સેકંદર બધા હુનર શીખ્યાથી પ્રવીણ થયો. જે છુપી વાતો તેની પાસે હતી તે તેણે તેને શીખવી. કોઇ છોકરાને તેના ઉસ્તાદે એવી રીતે શીખવ્યો નહી હશે. ઘણાંએક વરસવેર સેકંદર એલમ વીના બીજું કાંઇ શીખ્યો નહી હતો. ઉમદા વીચારથી તે બારીક ભેદ ખોલવામાં પ્રવીણ હતો.

જીવ લીધા હતા. ખુદ ફિલિપને માટે પણ કહેછે કે તેનાં ખુનમાં ઓલિમ્પિયા રાણીનો સીધો નહિ તો આડકતરો હાથ હતોજ.

1 એરિસ્ટૉટલ અથવા એરિસ્ટાટલિસ.

2 નાઇકોમેકસ.

ઉસ્તાદે લીધેલી કબુલત.

અરસ્તુ જે સેકંદરની સાથે એલમ શીખતો હતો તે સેકંદરની ખીદમત ઘણી બજાવતો હતો.[3] તે પોતાના બાપથી જે શીખતો તે સેકંદરને બતલાવતો હતો. ઉસ્તાદ લકુમાજીસે જાણ્યું કે સેકંદર એકબાલમંદ થશે, તેથી તે સેકંદરને તાલીમ આપવામાં ઘણી મેહનત લેતો હતો. એક મુબારક દીવસે લકુમાજીસે સેંકદરને એલમ હુનરથી કાબેલ કરીને ફીલકુસને સોપી આપતાં, સેકંદરની સાથે સોગંદ લઇ એવા કોલકરાર કીધા કે તું મકમ બળથી તારે દોલતખાને જવા પછીથી તારા (બાપના) દુશ્મનોને તાબે કરી લેશે, ફત્તે કેશવર જમીનનો તું શાહનશાહ થશે, બીજા સઘળા પાદશાહો પાસેથી ખંડણી લેશે, કુલ દુનીયાની પાદશાહી ભોગવશે, અને તે વખ્તે મારી ઉસ્તાદીનો હક જાળવીને મારા છોકરાને તારો મસલતીઓ યાને વજીર કરજે, કાંયજે માલ ખજાના કરતાં દાના વજીરની કદર વધારે હોય છે. તુંને દોલતની મદદ છે તો તેને એલમની કુમક છે. દોલતના બચાવ સારૂં હુનરમંદની ગરજ પડે છે. દોલત (મુલક)નો વધારો અને સુધારો હુનરમંદ વજીરની અકલથી થાય છે. જો તારા મરતબાને વધારી માહતાબના જેવો

3 એરિસ્ટૉટલ પોતેજ સેકંદરનો ઉસ્તાદ હતો; અને નિજામી લખે છે તેમ બંને એકસરખી ઉમરના હતા નહી, પણ તેઓ વચ્ચે બાપ દીકરા જેટલો ઉમરનો તફાવત હતો.

બુલંદ કરવા માંગતો હોય તો તે ઉપર ચહડવાની સીડી વજીરની નેક અકલ છે."

આ શીખામણ સાંભળીને સેકંદર લકુમાજીસ ઉસ્તાદનો હાથ પોતાના હાથમાં પકડી સોગંદ લઈને બોલ્યો કે "જો મને પાદશાહી મળે તો મારો વજીર અરસ્તુ થાય. એ વાતનો શાહેદ ખોદાતાલા છે. તેના ફરમાવ્યાથી સર ફેરવું નહીં, તેની મસલત લીધા વીના દરેક કામમાં કમર બાંધું નહીં, અને કોલકરાર પ્રમાણે ચાલું."

સેકંદરની સ્તુતી.

અંતે સેકંદરને ખોદાની બક્ષીશથી પાદશાહી મળી, તેવારથી તેણે લકુમાજીસ સાથના કોલકરાર પ્રમાણે વર્તવાનું જારી કીધું. તે કાંહાંસુધી કે સેકંદર શીકારધામાં કબાબ કરતો તે કામ પણ અરસ્તુની સલાહ લીધા વીના નહી કરતાં દરેક કામ અરસ્તુની બતલાવેલી તદબીરથી કરતો. તખ્તપર બેઠા પછી સેકંદર મુલુકો ઉપર અદલ ઇનસાફ ચલાવવા લાગો, જેથી તેના બાપનાં તાજ અને તખ્તને રોનક મળી. પોતાના બાપની જે કાંઇ રસમો તેણે જોયલી હતી તે મધેથી તેને જે સારૂં લાગું તે પ્રમાણે કામ ચલાવ્યું. આગળા કાનુનો પ્રમાણે અમલ કરવા લાગો. આગળા કોલકરાર પ્રમાણે દારાને ખંડણીમાં ખજાનો આપ્યો, અને ફીલકુસને તાબેના અમલદારોએ તેમાં કાંઇ વાંધો લીધો નહી, તો જોકે આ વખ્તે સેકંદરની ચહડતી દશા હતી અને તે એવો જોરાવર હતો કે ફાડી ખાનારા વાઘનો કાન ચમરેટતો યાને જોરાવર પાદશાહનેબી જેરદસ્ત કરતો. જ્યાં વાઘનો શેકાર કરતો ત્યાં ગોરખર અને સાબરનો કાંઇ હીસાબ નહી. પેહેલવાનીનાં કામમાં મોટો પેહલવાન હતો અને દાનાઓની મીજલસમાં વધારે દાના હતો. મુલકગીરીનો જ્યારે તેણે હીસાબ લીધો ત્યારે તમામ દુનીયાને પોતાને તાબેદાર દીઠી. જેમ તેણે દીલની હુશીયારી યાને અકલ હાંસેલ કીધી હતી તેમ બાજુનું કુવત પણ સંપાદન કીધું હતું. આ બંધે સાધન વીના પાદશાહી થઇ શકે નહીં. જવાનોની સાથે બેસીને તે શરાબ પીતો, તેમ અકલમંદ બુઢાઓની સાથે બેસીને ખેલવત પણ કરતો. એવું કામ નહી કરતો હતો કે તેમાં કોઇથી વાંધો લઇ શકાય. કોઇને દુખ દેવાનો તે વીચાર નહી રાખતો હતો. ઈનસાફની જગા ઊપરથી કદમ બાહેર નહીં ધરતો હતો. તમામ સરજમીનમાં તેનાં નામનો સીકકો ચાલ્યો હતો.

દાના વજીરની તારીફમાં

મીસરમાં અને હેબસમાં[1] તેના સારા ગુણની ખબર પોહોંચી. રોશન વીજલીની પેઠે તેના બંને હાથ ખુલ્લા હતા. એક હાથથી તલવાર મારતો અને બીજા હાથથી સખાવત કરતો. તરાજુ તેજ ભલું કે જેનાં બંધે માથાં બરાબર હોય. જાલેમોની ઉપર જુલમ કરતો અને ગૃહસ્થોની ઉપર મેહરબાનગી રાખતો. એવો આદેલ હતો કે તમામ મુલકનાં લોકો એવી દુઆ માંગતાં હતાં કે રૂમનો મુલક ખુશીભરેલો રહેજો! તેનાં રાજનો વજીર અરસ્તુ હતો. સારાં તેમજ માઠાં કામ સારૂં પાદશાહની સાથે ભેદ ખોલીને વાત કરતો હતો. એ દાના વજીરની તદબીરથી થોડા વખ્તમાં સેકંદર તમામ મુલકનો પાદશાહ થયો. જેવા પાદશાહ તેવા વજીર હોય ત્યારે દુનીયાને નહી કાંય જીતી લે? મુલકને આબાદ રાખનાર તમામ પાદશાહો વજીરોની અકલથી મોટો મરતબો ધરાવે છે. મેહમુદ (ગજનવી) પાદશાહ અને નોશીરવાને આદેલ, કે જેઓ તમામ પાદશાહોની ઉપર મોટાઇ ભોગવી ગયા છે, તેઓ વજીરોની નસીહત સાંભળતા હતા. આપણા પગથી ચાલી નહી શકાય તો બેહતર, પણ પાદશાહ તો તનદુરસ્ત હોજો! જો પાદશાહના પગને ઠોકર લાગે તો તમામ મુલકનાં માથાંને દુખ થાય. જો પાદશાહને કોઈની બદનજર લાગેતો મુલકમાં ફીતનો બરપા થાય. જેહાનનાં લોકો ઇનસાફ માંગનારા છે, અને પાદશાહ તેઓને ઇનસાફ આપનારો છે.

૧ એબિસિન્યા—હબસાન.

જંગી હબસીઓ સાથની જુંબેશ.

એક દીને સેકંદર એક નુરના ચશ્માની માફક તખ્ત ઉપર બેઠેલો હતો. તેવામાં દરબાને આવીને ખબર આપી કે મીસરના પાદશાહની તરફથી જુલમ પુકારતા કેટલાક લોકો મદદ માંગવા આવેલા છે. તેઓ કેહે છે કે અમારા દુશ્મનો એટલા બધા છે કે મેદાનમાં ચાલવાનો માર્ગ વટીક રહેલો નથી. તેઓ હબસી લોકો છે.[1] જેઓની ગીર્દીથી મેદાન ભરાઇ ગયું છે. તેઓ તમામ દાહાડી મુડાવેલા અને બદસુર્ત છે. તેઓની આંખમાં શરમ નથી અને નીર્દય છે. તેઓ માણસનો ભક્ષ કરનારા છે. તેઓની સામે લડવાની મીસરીઓને તાકાત નથી. જો આ વખ્તે તું પાદશાહ મદદ નહી કરે તો મીસર નારાજ થઇ જશે. એટલુંજ નહી પણ રૂમબી નહી રેહેશે. આવા લોકોની ગીર્દીથી અમો પરાગંદેહ થયલા છીયે, માટે એ કામમાં તું પાદશાહ જે હુકમ આપે તેને હમો તાબે છીયે.

લડાઇનું વર્ણન.

પાદશાહે જાણ્યું કે હબસીઓ લશ્કર લઇને ચહડી આવેલા છે. તેનાં ઘણાં લશ્કરની વાત સાંભળીને પાદશાહ ફીકરમંદ થયો, કેમકે ડાહ્યાં માણસોએ અલબત ફીકરમંદ થવું જોઇયે, સેકંદરે વજીર અરસ્તુને બોલાવી આ કામ સારૂં તેની સાથે મસલેહત કીધી, જેણે કહ્યું કે "ઉઠ હવે, તારાં ભવીષની અજમાયશ કર અને આવા અજદહાને મારવાની કોશેશ કર, કે જેથી મીસરનો મુલુક તારે તાબે થાય અને બીજા દુશ્મનો પણ તારા ફરમાનબરદાર થાય, તેથી તારા મદદગારો ફતેહમંદ થાય."

વજીરના આ વીચારથી સેકંદરે પોતાના પાયતખ્ત શેહેરથી ઝુંડો ઉઠાવીને લશ્કર બાહેર પાડયું. ભોમીયાના બતલાવ્યા મુજબ દરીયો પસાર કરીને ખુશ્કીમાં આવ્યા, અને મીસરમાં દાખલ થયા. શેહેરી અને લશ્કરી લોકો તેને ઇસ્તેકબાલ આવ્યા. પાદશાહે નીલ નદી પસાર કરીને ખુશકીને માર્ગે હબસીઓની સાથે લડાઇ ચલાવી. કાળા હબસીઓએ સેકંદરનું લશ્કર જોયાથી તેઓની આંખ આગળ દુનીયા અંધારી થઇ ગઇ. શરમ છોડી દઇને બંધે લશ્કર મુકાબેલ થઇ ગયું. જાનવરોની પોલાદની નાળથી જમીન ગોયા ધ્રુજવા લાગી. લશ્કરના પોકારથી જાણે આસમાન જમીનના ઉપર તુટી પડયું. કેયામતના જેવો પોકાર પડવા લાગો, જેના આવાજથી જંગલી જાનવરો ગભરાઇને નાસભાગ કરવા લાગાં. લડાઇની ધામધુમના પોકારો ઉઠયા, તેના આવાજથી દેવબી નાહાસી ગયા. જે જગાપર લડાઇની તૈયારી કીધી હતી તે જગા ઉપર માણસોની ગીર્દીથી ધુલ ઉડીને હવા દોજખના જેવી થઈ ગઇ. ત્યાં થંડું પાણી ઝેર સીવાયે નહી હતું, અને થંડી હવા સુરજની ગરમી સીવાયે ન હતી. મોટા અઝદાહોની તે જગા હતી, જ્યાં ઝેરી હવા સીવાયે બીજું કાંઇ ન હતું. વળી તે જગા ઉપર ફાડી ખાનારાંઓનાં રેહેઠાણ હતાં.

લોહી પીનારો પાદશાહ.

રાત ગુજરી અને બામદાદ થઇ. દુશ્મનને પીછાણનારા ચોકીદારો બાહેર પડયા, અને પાસબાની કરવા સારૂં કમર બાંધી. બંને લશ્કરો પોતાની ગોઠવણ કરવાનાં કામમાં લાગાં. બામદાદ થઇ અને સુરજ ઉગ્યો, જે બીના રૂમના પાદશાહે કેયાનીઓની રસમ મુજબ નોબત ઠોકીને આલમને જાહેર કીધી. રૂમીના

---

[1] મિસર અને એબિસીન્યા સેકંદરનાં મેસિડોન્યાનાં રાજ્યથી બહુ દુર હતાં. ત્યાં જવા માટે દરિયાઇ કાફલો તૈયાર હતો નહી. સેકંદરને દરિયામાં ઉતરવાનો પાધરો માર્ગ પણ હતો નહી. માટે આફ્રિકા ખાતેની સેકંદરની લડાઇઓનો વખ્ત આ ઠેકાણે બેજા દીસે છે. આગળ જણાવી ગયા તેમ ઇરાનીઓ સાથની બે મહાભારત લડાઇ પછીજ સેકંદરને આફ્રિકામાં લડાઈ લઈ જવાનું બની આવ્યું હતું, અને તેબી માત્ર મીસરમાંજ. સેકંદર હબસ–હબસાન જેવા કોઇબી મુલકમાં લડવા ગયો હોય એવું કોઇ પણ તવારીખ ઉપરથી જણાતું નથી–માત્ર નિઝામી એકલોજ એ બાબેનું વર્ણન આપે છે, કે જે તદન કલ્પિત હોવું જોઈયે.

અધી ભાષાના જાણનારા, કદાવર, બોલવામાં હીમતવાન, અકલમંદ, અને શમશેરબાજી અને તીરંદાજીમાં જબરદસ્ત, એવા કેટલાકોમાંથી એક તુતીઆનુશ નામનો મીઠી જબાનથી આદમીઓને વશ કરનારો, પાદશાહની પાસે બેસનારો, સેતારેશનાસ હતો. તેને સેકંદરે પોતાની પાસે બોલાવીને ફરમાવ્યું કે "વગર ડર ખાવે જલદીથી તું હબસીના પાદશાહની આગળ જા અને મારી તલવારનો ભય બતલાવ, કે જેથી તે કદાચ લડાઈ કરવાથી પાછો હટે." તુતીઆનુશે એ પ્રમાણે જઇ તે પાદશાહને ધમકી દેખાડી, અને સુચના કીધી કે સેકંદરની સાથે કીનો રાખવામાં મુબારકબાદી નથી.

પેલા જંગી પાદશાહે જ્યારે એ વાત સાંભળી ત્યારે ખુદ્દા સાંપની પેઠે ગુસ્સાથી ગુચવાવા લાગો. તેનું ભેજું ગરમીથી જોશમાં આવ્યું, કે જેથી તે ગાજતાં વાદળની પેઠે બુમ પાડવા લાગો. તેણે ફરમાવ્યું કે તુતીઆનુશને કતલ કરી મારી નાખે. જેમ ઘાસનાં તણખાંને કેરબો ખેંચી લઈ જાય તેમ જલ્લાદો તેને પકડી લઇ ગયા. તેનાં માથાંને સુનાની તસ્તની અંદર કાપ્યું, અને તેનાં નાજુક બદનને લોહીથી ગરકા કીધું. જ્યારે તે તસ્ત લોહીએ ભરાઇ ગઇ ત્યારે તે હબસી પાદશાહે શું કીધું? તેને પાણીની પેઠે તે પી ગયો, અને પછી પાણી નહી પીધું!

રૂમીઓની શીકસ્ત.

હવે તુતીઆનુશની સાથે જે શખ્સો ગયલા હતા તે રડતા રડતા સેકંદરની આગળ આવ્યા, અને કેહેવા લાગ્યા કે ખુની જંગી પાદશાહથી તુતીઆનુશ ઉપર આવો જુલમ થયો. તુતીઆનુશ કે જે સરવ અને શમશાદનાં ઝાડના રંગ જેવો હતો તેને વાસ્તે પાદશાહને ઘણોજ ગમ પેદા થયો. આવું બેગુનાહ ખુન થયાથી સેકંદરનું દીલ ઘણું ઉસ્કેરાઈ આવ્યું. તેમજ રૂમી લોકોના ચેહરાનો રંગ બદલાઇ ગયો. સેકંદર ધીરજથી બે દીવસ સુધી દીલગીરી ભોગવીને હુશીયાર થયો. તેણે લડાઇની તૈયારી કીધી. બંધે લસ્કરની સફ આમન સામન થઇ અને લડાઇમાં જંગીની જીત થઇ અને રૂમીઓ હાર્યો. જ્યારે દુસ્મનોની સામે લડવાની તેમની તાકત રહી નહી ત્યારે નાસવા સીવાયે બીજો ઉપાય દીઠો નહી. સેકંદરે અરસ્તુને બોલાવીને વીચાર કીધો કે "એક સીપાહીએબી તલવારનો જખમ ખાધા વીના બધાં લસ્કરે પીડ આપી છે, ત્યાં મારા જેવો એક સરદાર શું કરે? જ્યારે આપણું લસ્કર બેદીલ થયું છે ત્યારે આપણે હવે શું ઉપાય કરીયે કે જેથી જંગીઓ શેહ પામે? તું એવી સલાહ આપ કે આપણે આ ગુચવાડાથી ખલાસ થઇયે."

વજીરની નવાઇ જેવી તદબીર.

અરસ્તુએ જવાબ દીધો કે "ખોદા તારો મદદગાર હોજો! આ પથરના જેવાં દીલના લોકોની સાથે સુલેહ કરવા માંગીયે તો અકલમંદ માણસો આપણને અકલમંદ ગણે નહી. અગર લડાઈમાંથી આપણે નાહાસી જઇયે તો મુલુકને ધુળધાણી કરી નાખે. અગરજો તે આપણથી ડરતે તો તુતીઆનુશનું ખુન નહી કરતે. કોઈ પણ રાજા એલચીને મારે નહી, પણ જંગીએ આવી બેઅદબી કીધી. એમ કરવું દાના પાદશાહોની રીત નથી. વાસ્તે હવે આપણે એવો ઇલાજ કરવો જોઇયે કે આપણેબી માણસનો ભક્ષ કરનારા છઇયે, તેવા ફરેબથી દેખાવ દઈયે. માર્ગમાંથી કેટલાક હબસીઓને પકડી લાવીને તારાં પાયતખ્ત આગળ કેદ રાખવા અને તારે ગુસ્સાના દેખાવ સાથે મુગે મોહોડે બેસી રેહેવું. તે મધેથી એકનું માથું કપાવવું અને પકાવવાને વાસ્તે બબરચીખાનામાં મોકળવું અને છુપી રીતે તે માથાંને બદલે ગોસ્પંદના માથાંને પકાવવું પછી હબસીની જુબાનમાં બબરચીને કેહવું કે આ માથું પકાવીને સુફ્રાપર લાવે. બબરચી તેમ પકાવી લાવે તે પેલા કેદી જંગીઓ દેખતાં પુરતી ખુશીથી દાંતે તોડીને તે ગોસ્ત અને ભેજું ખાતાં બોલવું કે 'જંગીઓનાં ગોસ્ત અને ભેજામાં જેવી લેહજત છે તેવી કોઇએ નહી ચાખી હશે. જો મને અવલથીજ

એવી ખબર હતે કે જંગીઓ (હબસીઓ)નું ગોસ્ત ઘણુંજ મજેહદાર છે, તો હું રૂમી ગુલામ કેદીઓને પાળી પોશીને તેમનું ગોસ્ત ખાઉંછું તેને બદલે હબસીઓનુંજ મજેહદાર ગોસ્ત ખાયા કરતે.' હવે આ વાત જંગી પાદશાહ જાણે તો એમ વીચાર કરીને ડર પામે કે આપણુ હબસીઓ તો માત્ર આદમીનું લોહીજ પી જાઇયે છીયે, પણ સેકંદર તો આદમીનું ગોસ્ત અધકાચું પકાવેલું ખાઇ જાય છે, જેથી તે તો આપણુ ખુનખાર કરતાં વધારે બુરો ઘાતકી છે. આવી તદબીરથી જંગી દેહેશત ખાઇને કીનો તજીને સુલેહના કોલકરાર કરશે, કાંયજે લોહોડાં ઉપર લોહોડું મારવાથીજ લોહોડું નરમ થાય છે. જો આ યુકતી આપણે કામમાં લાવીયે તોજ માથે ચહડેલા દુસ્મનને જેર કરી શકીયે. વરૂની સાથે વરૂ અને જાહેલની સાથે જાહેલ જેવા થઇયે તેવારેજ કદાચ દુસ્મનને દફે કરી શકીયે."

આ તદબીર પાદશાહ સેકંદરે પસંદ કરીને હુકમ કીધો કે છુપી રીતે કેટલાક હબસી હાથમાં આવે તેમને કેદ પકડી લાવે. હુકમ મુજબ માણસોએ કેટલાક નીરપરાધી હબસીઓને પકડી લાવી ઉભા કીધા, અને અરસ્તુના બતલાવ્યા મુજબ સેકંદરના હુકમથી એક હબસીને કતલ કરી તેનું માથું ભાંજી બાવરચીએ એક બકરાનું માથું પકાવી લાવી સુફરા ઉપર મેલ્યું, તે વખ્તે બીજા કેદી હબસીઓને હાજર રાખેલા હતા. તેઓ દેખતાં સેકંદર ખાનું ખાતાં બોલ્યો કે "હબસીનાં ગોસ્ત તથા ભેજામાં જેવી લેહજત છે તેવી બીજા કોઇબી પ્રાણીમાં નથી." એમ બોલીને કેદી હબસીઓને છોડી મેલ્યા, એવા હેતુથી કે તેઓ જંગી પાદશાહની હજુરમાં જાઇને ખુલાસો કરે કે સેકંદર તો માણસનેબી ખાઈ જાય છે, જેથી હબસી ભય પામી સુલેહ કરે.

ખલાસ થયલા હબસીઓએ પોતાના જંગી પાદશાહની હજુરમાં જાઇ અરજ કીધી કે "માણસની સુરતનો, અને અજદાહના જેવી ખસલતનો સેકંદર, જેમ આપણ હબસી જાત બદામના મગજને કરડી ખાઇયે છીયે તેમ માણસનાં મગજને કરડી ખાય છે." આ વાત સાંભળીને હબસીઓ ઘણાજ ફીકરમાં પડયા. રાત ગુજરી બામદાદ પડતાં લશ્કરની ગોઠવણ કરીને લશ્કર લડવાને તૈયાર થયું.

આ લડાઇની શરાહગત શાયર નીજામીએ ઘણીજ લંબાણ કીધી છે. એ લડાઇમાં સેકંદરે ફતેહ મેળવી અને જંગી પાદશાહે ઘણું ભારે નજરાણું આપ્યું, જે લેઇ "સેરંદરીયે" નામનું શેહેર વસાવી, દરીયાને માર્ગે પોતાનાં પાયતખ્ત રૂમમાં આવી મોટું નામ મેળવ્યું; તોપણ ઇરાનના પાદશાહ દારાની ખંડણી આપવામાં ઢીલ કીધી નહી. જે ખજાનો જંગીઓ પાસેથી પોતે જીતી લાવ્યો હતો તેમાંથી લશ્કરને થોડો થોડો વેંહેંચી આપી બાકીનો સઘળો દારા પાસે તેની બાકી નીકળતી ખંડણીના બદલામાં મોકળી દીધો. તે પાદશાહે ખુશી થઇને તે લીધો ખરો, પણ સેકંદરની ચહડતી જોઇને અદેખાઇ લાગવાથી સુતેલા કીનાને સજાગરૂ કીધો, યાને નાલાયકીભરેલો જવાબ લખી એલચી સાથે મોકલ્યો, જે વાંચી સેકંદરનું દીલ ઉશ્કેરાયું.

ફસલ ૨—ઇરાન સાથનાં જંગનું મુળ.

સેકંદરની સરકશી.

સેકંદરે મીસરનો મુલક જીતી લીધાથી અને હબસીઓનો મુલક તારાજ કીધાથી પોતાની જાહોજલાલીમાં ઘણો વધારો કીધો. હવે તેને મુલુક જીતી લેવાનું કામ સેહલું માલુમ પડવાથી ખુરાસાનના મુલુક પાસેથી ખંડણી લેવાનો ઇરાદો કીધો.[૧] રૂમ અને શામ વગેરે

૧ શાયરની ભૂગોળ સંબંધી બેખબરીનો આ નવો પૂરાવો છે. મકદુનિયાનો પ્રાંત ઇરાનની શેહેન-

મુલુકોમાં તેની બરાબરીઓ કોઇ પાદશાહ હોય તેવું તેને લાગ્યું નહી, જેથી તે ઇરાનના પાદશાહ દારાને જે ખંડણી આપતો હતો તે હવેથી આપતી બંધ કીધી—બલકે અગાડી જે આપેલી તે પાછી લેવાનો વીચાર કીધો. તેની જવાનીના વખ્તથીજ તેને મુલુકગીરીનો શોખ હતો. ઈરાન જીતી લેવા સારૂં હમણા તેણે મજબુત કમર બાંધી, જેથી ઇરાનીઓની કંમર ઢીલી પડી ગઈ. એક સરખાં ઝાડોમાંથી જે ઝાડ ઘણું ઉંચું વધી જાય તેથી નીચે ઉગેલાં ઝાડોને નુકસાની પોંહોંચે.

ભવીશ માટે એક ફાલ.

એક સારે દીવસે સેકંદર શેકાર કરવાને નીકળ્યો. પાહાડ અને જંગલમાં શેકાર કરતો કરતો એક પાહાડની ખીણમાં જ્યાં ઘણાં શેકાર હતા ત્યાં જઇ લાગો. જોય છે તો બે હંસ એકબીજાની ચાંચ સાથે ચાંચ લગાડીને લડતાં હતાં. કધુ એક બીજાનું ભેજું ચાંચ વડે જખમી કરતું તો બીજું એકની પાંખને ચુંગાળ વડે તોડી પીખી નાખતું. તેઓની નજદીક સેકંદર ઘોડો ચલાવીને બંધેનો તમાશો જુવે છે. તે જાણીને બંધે હંસો નાહાસી ગયાં, જેથી સેકંદરને ઘણી તાજુબી લાગી કે આ પક્ષીઓમાં આવીબી દુસ્મની હોય છે! પછી એક હંસની નીશાન રાખી તેને પોતાનું નામ સેકંદર આપ્યું અને બીજા હંસનું દારા રાખ્યું, અને ફાલ જોવાનો ઠેરાવ કીધો કે આ બંધેની લડાઈમાં આખરે કોણ જીત મેળવે છે? બંને પક્ષીઓ પાછાં લડવા લાગાં તેમાં સેકંદરને નામનું હંસ ફતેહ પામ્યું, અને દારાને નામનું હાર ખાઇ નાહાસી ગયું. સેકંદરને નામનું પાહાડની ટોંચ ઉપર જાઇ ખુશ હાલતમાં ઉડે છે, તેવામાં એક ઓકાબે ઉડી આવીને તેનું માથું કરડી છુટું પાડયું. તે જોઇ સેકંદર ઘણો દીલગીર થવા લાગો. પણ આ ફાલનો ખુલાસો જોતાં સેકંદરને એવું માલુમ પડયું કે પ્રથમ તો સેકંદરની ફતેહમંદી દુનીયામાં જાહેર થશે, પણ પાછલથી તેની ઉમર વફાદારી કરશે નહી.

સરકશીની શરૂઆત.

તે જગા ઉપર પાહાડને લગતી એક ખીણ હતી, તે મધે એક ઇમારત હતી, તેમાં એક તાક હતી. તે તાકની અંદર જોઇને જે કોઈ પોતાની મુરાદ બાબે સવાલ કરે તેનો જવાબ તાકમાંથી પાછો મળે. તે જવાબ સવાલ કરનારની મુરાદ મુજબ મળે કે વીરૂધની મળે.[1] આ વાત સેકંદરે સાંભળીને એક હુશીયાર વજીરને હુકમ કીધો કે તાકમાં જાઇ મારાં (સેકંદરનાં) ભવીષ વીષે સવાલ કરી જવાબ લાવ.

વજીરે ત્યાં જઇ સવાલ કીધાથી તાકમાંથી એવો આવાજ નીકળ્યો કે "સેકંદર જેહાનનો પાદશાહ થશે, દારાની દોલત ઉપર ફતેહ મેળવશે, પછીથી ટુકી ઉમરમાંજ મરણ પામશે."

આ જવાબ સાંભળી મરવાનો ગમ નહીં ખાતાં, સેકંદર ઘણો ખુશી થઇને પોતાની શેકારધાની જગા છોડી ઘર આવ્યો અને મુલુકગીરીની મશવરત કરવા એક મજલસ બોલાવી એવો ઠેરાવ કીધો કે "આજે દુનીયામાં મારી (સેકંદરની) બરાબરી કરી શકે તેવો કોઇ પાદશાહ નથી; અને દારાને ખંડણી આપીયે છીયે તેમ હવે આપીયે તો ખરાબ લાગે. માટે ખંડણી તો નહીજ આપવી, પણ તેનો મુલુક જીતી લેતાં તેની જે દોલત હોય તે ખંડણીના બદલામાં ખેંચી લેવી. એ બાબે તમે દાના વજીરો મને શું સલાહ આપો છો?"

વજીરોની ચાપલુસી.

વજીરોએ દુઆ કરીને સેકંદરને જવાબ દીધો કે "દારાના મુલુક ઉપર પ્રથમ આપણે

શાહાતની આથમણે આવેલો છે, અને ખોરાસાન એ શેહેનશાતની ઉગમણે છે; ત્યારે સેકંદર આથમણેથી ઉગમણેના પ્રાંત પાસે ખંડણી દારાને જેર કીધા આગમજ શી રીતે લઈ શકે?

[1] ઇંગ્રેજીમાં જેને oracle કહે છે તેવી દેવવાણી કહેવાનો દાવો કરનારાં કોઈ દહેરાં અથવા મકાન વિષેનો આ ઈશારો હોવો જોઈવે. સેકંદરે એવાં દહેરાંઓ ખાતે માણસો મોકલી પોતાનું ભવીષ જાણવાની વાત જુનાની તવારીખમાં મશહુર છે.

ચહડી જાઇ હુમલો કરવો વાજબી નથી. જે-વારે દારા પોતાની ચહડેલી ખંડણી લેવા માંગે તેવારે આપવી નહી, અને જો તે લડવા આવે તો આપણું બળ લડાઇ કરીને દેખડાવી દેવું. તું વાઘ છે, દારા સાબર છે. દારાનું લોહી માંથે ચહડેલું હોય તો તારી તલવારનો જખમ ખાવા આવશે, કાંયજે એ મોજમજાહમાં ગુટેલો છે. તું દીનદાર છે, દારા કીનેવર છે. ફરેસ્તામાં અને હારેમનમાં તફાવત છે. તું તલવાર હાથમાં પકડનાર છે, તે (દારા) શરાબની જામ. તું દુશ્મનનું માથું કાપી તેનાં સર ઉપર બેસનાર છે, દારા માત્ર તખ્ત ઉપર બેસી જાણે છે. તું નેકીથી લશ્કરનો પ્યાર મેળવી શકે છે; તે બદ એટલા વાસ્તે છે કે તેના મુલુકનાં લશ્કરના સરદારો મધેથી કોઇબી સરદાર દારાના ઉપર રાજી નથી. કોઇ દીવસે તું જોશે કે દારાનાજ અંમલદારોથી દારાની અને તેના મુલુકની ખરાબી થશે અને તારી નવાજેશની રીતથી તારા અમલદારે તારૂં નામ સાતમા આસમાન સુધી પોંહો-ચાડશે. દુશ્મનીનાં વાજબી કારણ વીના તું કોઇ સાથે ખોટી લડાઇ કરશે તો આખર સ-ચાઇ દીપી નીકળશે અને ખોટાઇનો નાશ થશે. માટે કમર બાંધી અને તારાં એકબાલની રો-શની છે કે નથી તે તપાસી તખ્ત ઉપર બી-રાજમાન થા. તું એવો વીચાર હરગેજ દીલમાં ના રાખતો કે દોલત અને માલના જોરથી મુલક જીતી લેવાય છે. માણસોના ઉપર સરદારી કરનાર માણસે સરદારી કરવાને લાયકનાં કામ કરવાં જોઇયે છે. ખોદાનાં પેદા કીધેલાં માણસોમાં સઘળાં એકસરખાંજ હોય નહી, સઘળાંજ માણસો સરદારી ભોગવી શકતાં નથી, પણ જે માણસ બીજાં સઘળાં માણસોની ઉપર હેસાન અને બક્ષીશ કરે છે તેજ માણસ સરદારી ભોગવી શકે છે. વાઘ બીજાં જાનવરો ઉપર સરદારી કરે છે તેનું કારણ એજ છે કે વાઘ એક શેકાર કરી પોતે સેર થઇ ચાલી જાય છે, તેનું વધેલું બીજાં જાનવરોના ખો-રાકમાં કામ લાગે છે ! દુનીયાના મુલુકને જીતી લઇને બખીલો પોતાની દોલતના ભંડારને તાલાં કુંચીથી સંભાળમાં રાખે છે તેમ દુનીયાના મુલકને કબજામાં રાખવાથી દુનીયા ખુશી થતી નથી, પણ એક જાલેમના હાથમાંથી છીણવી લઇ બીજા આદેલના હાથમાં આપવાથી ખુશી થાય છે. મગર તારાં દીલમાં તો ઇનસાનને લાયકના સઘળા ગુણો સાથે સખાવતની પણ ઘટતી કદરદાની છે, અને તારા દુશ્મન (દારા)ના ખજાના ઉપર તો અજદાહ બેઠેલો છે (યાને દોલત છે પણ બક્ષવાની કદર નથી). દારા વાદળનો ગગડાટ છે અને સેકંદર વીજળી છે (યાને વીજળી પડે છે તેવારે ગગડાટ તદન નરમ પડી જાય છે). દારા પાસે ખજાનો ભરપુર છે તો તારી પાસે બક્ષવાની શકતી છે. તારા બાપનું બળ વાઘના જેટલું હતું, પણ લડાઇમાં તેની તલવાર ચાલતી નહી હતી. તું એવો વાઘને મારનાર છે કે તારી તલવારથી પથર સરખા દુશ્મનનુંબી ખુન રેડે છે. દેવ જેવા બુરા હબસીઓએ તારી સામે સરકશી કીધી, જેથી તારી તલવારે તેઓનાં માથાં તારા પગ નીચે નાખ્યાં, મોટા પાહાડના જેવી લશ્કરની રેલ તેઓને ધસડી નાખવા તુંએ ચલાવી ન હતે તો તેઓ કતરા કતરા મીસાલે વીખરી જઇને તાબે નહી થયલા હતે. જે મગરમચ્છ કે હાથીનેબી ધસડી લઈ જાય તે હરણનો ભય શા માટે રાખે? મોટા વાઘથી કંઇ ગોરખરનો શેકાર થતો નથી. તેમ કાળો નાગ કીડીઓનો ડર ખાઇ પાછો ફરતો નથી. ઓકાબ પક્ષી શેકારબાજી કરનાર છે તે મરઘાંની ભાગી બીહીતું નથી. દારા કરતાં તારૂં લડાઇનું બળ લડાઇના બાબમાં ઘણુંજ મોટું છે. તમામ આસમાનના સેતારા તારા મદદ-ગાર છે અને તમામ ખાકી બંદા તારા પગની ખાક જેવા છે. તારી જન્મપત્રી જોતાં એવું જણાય છે કે તમામ આલમને તું જીતી લેશે. દુશ્મન જખમી થશે તો તેને તારી પાસેથી મલમ લેવાની ગરજ પડશે (યાને તારી તાબે-દારી કરશે). તારી ફતેહમંદીની શુભ નીશાન ઘણી માલુમ પડી છે."

સેકંદરની આરસી.

રૂમના આગળા પાદશાહોની તવારીખ લખનાર એવું કહી ગયા છે કે જેહાનને સેકંદરે તલવારથી જીતી લીધી તેથી તેની તલવાર આર્સીની મુવાફક દુનીયામાં દેખાવ દેવા લાગી. મોહોડું જોવાની આર્સી સેકંદરના વખ્ત સુધી કોઇએ બનાવેલી નહી હતી તે સેકંદરે એવી તરકોબથી બનાવી કે પેહલાં સુના અને રૂપાંથી આર્સી બનાવી, તે મધે જોતાં પોતાનું મોહોડું બરાબર નજર આવ્યું નહી તેથી લોહોડાં વીના બાકીની તમામ ધાતુને ભેળીને તેની આર્સી બનાવી. તેમાંથી પણ બરાબર સુરત દેખાઇ નહી તેવારે સઘળી ધાતુમાં લોહોડું પણ દાખલ કરીને આર્સી બનાવી, તે મધે બરાબર સુરત દેખાઈ આવી. એ આર્સી રસામ નામના સેકંદરના ચીતારાના હાથથી બનાવેલી હતી. પ્રથમ સેકંદરે તે આર્સીમાં પોતાનું સુખ જોયું તે ભારે દબદબાભરેલું નજર આવ્યું, તે જોઇ પોતે ઘણોજ ખુશી થઇને આર્સીની પુઠ ઉપર બોસો દીધો. એ આર્સી બરાબર ગોલ આકારની બની તેવારેજ સુરત બરાબર દેખાવા લાગી હતી.

તવારીખનવીશ લખી જાય છે કે એક દીવસે સેકંદર પાદશાહ દુનીયાના તમામ હવસોથી ફારેગ થઇને ખુશી ખુરરમીની હાલતમાં પોતાના દાનેશમંદ હકીમોની તથા વજીરોની સાથે બેઠેલો હતો, અને તેઓ શરાબની જામો ભરી પીતા અને ખાલી થયલી ભરતા, અને તરેહવાર ગાના બજાનાથી મજલસ ખુશહાલીમાં હતી. શરાબનો દરેક કતરો પીતાં નજુમીઓ પાદશાહના હકમાં નેક દુઆ કરતા. રામશગરોના શરોદથી તથા શાકીના શરાબથી મજલસીઓ મથન થઇ ગયા હતા.

દારા તરફનો પેગામ.

બહારથી શોભાયમાન થયલા અર્દીબેહસ્ત મહીનાના કરતાંબી સરસ આરાસ્તા કીધેલી મજલસમાં ચઉદમી રાતના ચંદ્રની મીસાલે સેકંદર તખ્ત ઉપર બીરાજેલો હતો. તે વખ્ત દારા પાદશાહનો એક હુશીયાર અછો જુઆંદરાજ એલચી આવી લાગો, જેણે આદાબ બજાવી દારાની તરફથી દુઆ દઈ આગળી ખંડણી માંગી, અને સવાલ કીધો કે "તે ખંડણી હજુ સુધી કેમ અદા કીધી નથી? હમોએ શું તને નુકસાન કીધું છે કે તુંએ બેફરમાની કીધી? આગળા ધારાને ભુલી ના જા. જો તું સરકશી કરશે તો નુકસાની ભોગવવી પડશે."

આ વાત સાંભળવાથી સેકંદરનાં દીલના ગુસ્સાનો આતશ એવો તો સળગી ઉઠયો કે જેથી તેની જુબાન બળવા લાગી અને જવાબ દેવાની તાકત રહી નહી. સેકંદરના ગુસ્સાથી ભવાં ચહડેલાં જોઇને એલચીને પોતાના જાનનો ખોફ લાગો. હવે સેકંદર દારાને ઘણા નાલાયક સખુનો બોલવા લાગો, પણ પાછલથી ધીરજ ધરી ખામુશ રહ્યો.

શાયર કેહેછે કે જે શખ્સ મોહોડામાં આવે તેવું બેહુદું બોલે તે પોતાનોજ દુશ્મન હોય. ઇરાનની તવારીખ લખનાર પીર[1] એવું લખી જાય છે કે દારાને જે ખંડણી અપાતી હતી તે મધે કુદ્રતથી પેદા થયલાં બેદાંને આકારના સુનાનાં બેદાં હતાં; તે સાથે એક પાદશાહી નકશીદાર ફરશ પણ હતો.

સેકંદરનો ગુસ્સો.

એ મુજબની ખંડણીનો એલચીએ દાવો કીધો ત્યારે સેકંદરે ભપકાથી જવાબ દીધો કે "સુનાના બેદાં આપનારી જે મુર્ગી (યાને ફીલ્કુસ) હતી તે તો મરણ પામી છે અને હમણાનો વખ્ત આગળા વખ્ત કરતાં તદન બદલાઈ ગયલો છે. મુર્ગીની જગા ઉપર વાઘ (યાને સેકંદર) બેઠેલો છે, તેની ઉપર દાવો નહી કરી શકાય. તેમજ જે ફરશ ખંડણીમાં અપાતો હતો તે તો હવે આસમાને બદલી નાખ્યો છે. માટે દારાને ખબર કર કે જમાનો હમેશાં એકજ રીતે ચાલતો નથી. કશુ લડાઈ હોય

---

૧ આ ઇશારો મહાન ફિર્દુસી તુસી શાયર માટે છે.

છે તો કબુ સુલેહ થાય છે. હવે મારી સાંએ સરકશી ના કર. તારી ખુશી હોય તો લડાઇનાં મેદાનમાં આવ. હવે જો તુંને તારાં તખ્તને મારી તલવારથી સંભાળમાં રાખવું હોય તો તારે માર્ગે સંતોષ પકડીને બેસી રેહે, અને મને મારાં રૂમનાં ખુણામાં બેસી રેહેવા દે; પણ ખંડણી ના માંગ. મને એવી રીતે ઉસ્કેરણી ના કર કે જેથી તારી સાથે મને લડાઇમાં ઉતરવું પડે. જો ઉતરવાની ફરજ પાડશે તો શરમ અને મરવતને એક કોરે મેલી કીનાનો આતશ સળગશે. તું નથી જાણતો કે હબસીઓ સાથની લડાઇમાં હુંએ કેવી રીતે ખુનરેજી કરી ડોકાં ઉરાડી દીધાં હતાં? હવે તારેથી મારી પાસેથી ખંડણી લઇ શકાય તેવો દીવસ નથી. માટે તારો ખંડણી લેવાનો જે વીચાર છે તે તારાં આબાદી ભરેલાં ઈરાનના મુલકની ખરાબી કરનારો છે. તું તારી પાદશાહી ભોગવ અને મને કંટાળો નહી આપતાં મારે માર્ગે બેસી રેહેવા દે."

દડી, ચોગાન અને તલની દાબડી.

સેકંદરના ધમકી ભરેલા સખુનો સાંભળીને એલચી પોતાના કીધેલા સવાલો તો તદન ભુલી ગયો અને વીજળીની મીસાલે જેમ બને તેમ જલદી ગભરાટ ભરેલાં દીલ સાથે પાછો ફરી સેકંદરનો જવાબ દારાને કહી સંભળાવ્યો, જેથી દારા હાય મારી બોલ્યો કે "નાલાયક સેકંદરની મકદુર નથી કે દારાની બરાબરી કરી શકે. અફસોસ! આસમાનની ચાલ ઉપર હોજો કે તે જુલમથી સેકંદરને દારાની સાથે લડાઈ કરાવે છે. સેકંદર અગર કોહેકાફના જેતોખી હોય પણ તે મુજ દારાની સાથે લડાઈમાં બરાબરી કરી શકે નહી. મછર ઓકાબની આગળ કંઈ હીસાબમાં નથી, તેમજ પાણીનો કતરો દરીયાની અંદર કશી ગણતરીમાં નથી આવતો."

એમ બોલીને પાછો એલચીને તૈયાર કરી હદીયા તરીકે એક દડી અને ચોગાન તથા એક દાબડીમાં મુઠીભર તલ મેળી સેકંદર પાસે રૂમ મોકળ્યો.

એલચી રૂમમાં સેકંદરની હજુરમાં ગયો. તે વખ્તે તેનું દીલ જેમ આતશનાં ભડકાથી મુમ પીગળે તેવું હતું. પાદશાહને લાયક તાજીમ બજાવી ખોદાનું નામ લઇ સેકંદર પાસે રજા માગી કે "તું હુકમ કરે તો દારાનું આપેલું ફરમાન જાહેર કરૂં."

સેકંદરે જાણી લીધું કે ફરમાન કડવુ શબ્દોમાં વીરૂધ લખેલું હશે, તેથી નમનતાઇથી જાહેર કરવાની રજા માંગેછે. પછી તાણો મારીને એલચીને હુકમ આપ્યાથી તે બોલ્યો યાને હદીયા તરીકે મોકળેલી દડી અને ચોગાન વીષે ખુલાસો કીધો કે "તું અકલમાં નાધલું બચ્યું છે તે માટે તારે સારૂં દડી અને ચોગાન મોકળ્યું છે કે તે સાથે રમત કરે. અગર તુંને લડાઇની ખાહેશ હોય તો આ દાબડીમાં જેટલા તલ ગણતાં થાય તેથીબી વધારે મારૂં લશ્કર છે."

સેકંદરે દડી અને ચોગાન બાબે ફાલ જોનારથી ખુલાસો પુછતાં એવું માલુમ પડયું કે દડીનો આકાર ગોલ છે તેમજ દુનીયા (જમીન) નો આકારબી ગોલ છે, જે દારાએ મોકળી છે, અને ચોગાન (પાટયું) જે મોકળ્યું છે તે દડી બીજી જગા તરફ નીકળી જાય તો પાટીયાંની મદદથી તેને સેકંદર પોતાનીજ તરફ ખેંચી લે. આ ફાલથી સેકંદર ખુશી થયો. બીજી રીતે એમ ખુલાસો કીધો કે—મજકુર દડી (જમીન) બીજી બાજુ નીકળી જાઈ શકે નહી, કાંયજે દારાએ ફરાખ ચોગાન સેકંદરને હવાલે કીધેલો છે. તલની દાબડી ખોલી જમીન ઉપર તલ વેરી નાખી મુર્ગોને લાવી એક લેહજામાં ખવાડી મુકયા, જેની મુરાદ એ કે સેકંદરનું લશ્કર દારાનાં લશ્કરને હલાક કરશે. પછી એક રાઇની નાધળી દાબડી ભરી બંધ કરીને એલચીને આપી. મુરાદ એ કે "તલમાં કાંઈ તેજી નથી, પણ રાઈમાં તેજી અને ગરમી હોય છે, તેમ દારાનાં કરતાં સેકંદરનું લશ્કર વધારે જોરાવર છે."

એલચીએ પાછો દારાની હજુરમાં આવીને ઉપલો જવાબ આપવાથી દારાએ પોતાનાં

લશ્કરની ગોઠવણ કીધી. ચીન (તાતાર), ખ્વારેજમ,* ગજની અને ગોરથી ફોજો બોલાવી, જે સઘળી મળીને ૯૦૦૦૦૦) નવ લાખ હતી, એવું બક્ષીની ગણતરી ઉપરથી જણાયાથી અકલમંદની અકલ હેરાન થઈ. હવે આ લશ્કરે રૂમનો રસ્તો લીધો.

ફ્સલ ૩—લડાઇ આગમજની સખુનદરાજી.

દારાની કુચ—સેકંદરની મશવરત.

દારાએ જ્યારે લશ્કર અરમન તરફ ચલાવ્યું ત્યારે જાણે કેયામતના દીવસના જેવી ગડબડ થઈ લાગી. સેકંદરને એટલી બધી ખબર નહી હતી કે દારા પોતાનાં લશ્કરમાં કેયામત ઉભી કરશે. એકાએક જાસુસે આવી સેકંદરને ખબર આપી કે "દારા પોતાની છાવણીમાં રાતદીન શરાબબાજીથી મસ્ત થઇને ગફ્લતમાં પડી રેહેતો જણાય છે. માટે એકદમ તેનાં લશ્કરમાં શબે ખુન કરીયે તો અલબત આપણા મુલુકમાંથી તે નાહાસી જશે."[1]

સેકંદરે હશીને જવાબ દીધો કે "આફ્તાબના નીકળવા વીના દુનીયામાં અજવાળું નથી થતું. દુશ્મનને ગફ્લતમાં જાણીજોઇને શબે ખુન કરવું એ કામ ચોર અથવા રાહજનોનું છે."

બીજા જાસુસે જાહેર કીધું કે "દારા પાસે એટલુબધું લશ્કર છે કે જેની ગણતરી થાઈ શકતી નથી."

સેકંદરે જવાબ દીધો કે "એક સીપાહી તલવારથી ૧૦૦ ગાવને કતલ કરી શકે છે. એક ગુસ્સામાં આવેલું વરૂ ગમે તેટલાં બકરાં હોય તેની બાગી ડરતું નથી." સેકંદરનો આ જવાબ તમામ લશ્કરે પસંદ કીધો. પછી તેણે મીસર, અફ્રંજે, રૂમ અને રૂસના મુલુકોમાંથી લશ્કર બોલાવી એકઠું કીધું. તેનો શુમાર કાહાડીને બક્ષીએ જણાવ્યું કે ૬૦૦૦૦૦) છ લાખ સવારો છે.

તમામ લશ્કર તૈયાર કરીને સેકંદરે લડાઇનો વીચાર કરવા સારૂં એક સભા બોલાવી કે જ્યાં શરાબ અને ગાણું કંઈ નહી હતું. પાદશાહે રૂમના લશ્કરી સરદારોને પુછ્યું કે "આપણી ઉપર મુસ્કેલ કામ આવી લાગું છે, માટે દારા સાથે લડાઇ કરીયે કે સુલેહના પેગામ મોકળી દીજીયે, તે બાબે તમારા જે વીચાર હોય તે જણાવો. જો આપણે દારા સામે લડાઇ નહી કરીયે તો હીચકારામાં ખપીયે. અગર લડાઈ કરી ફતેહ મેળવી તેનું તાજ છીણવી લઇયે તો તેબી બેદાદી અને જાલેમી કેહેવાશે, કાંયજે તે મોટો પાદશાહ છે અને તેનો મુલુક વારસામાં મળેલો હક વાજબી છે, માટે આપણા મુલુકને નુકસાની નહી લાગે અને તેની નેયામતનો હક આપણે સર છે તે જાળવેલો રખાય, એવા વીચાર કરવા જોઇયે છે. અગર કેયાની તોખમના દારાને રૂમમાંથી હાંકી મેળું તો કેયાની સાથે સરકશી કીધેલી કેહવાય, અને કેયાની સાથે સરકશી અને રેહજની કરવી મને (સેકંદરને) મુનાસબ નથી. ત્યારે હવે કેમ કરવું?"

સરદારોએ દુઆ કરી જવાબ દીધો કે "તારી અકલ સર્વેના કરતાં વધારે રોશન છે. તું જેમ હુકમ આપે તેમ કરવાને અમે તાબેદાર છીયે. જે તું પાદશાહે ઠેરાવ કીધો છે તે તમામ સરદારોએબી પસંદ કીધો છે; તે એ જે દારા રૂમ ઉપર ધસી આવ્યો છે માટે તુંને તેની મુકાબેલ લડાઇ કીધા વીના ચાલે નહી. તું નવાં સરવનાં ઝાડ જેવો છે; દારા જુનાં નેતરનાં ઝાડ જેવો છે. નેતરનાં ઝાડથી સરવની ઉપરી થવાઇ શકાય નહી. જુના બાગને નવો બનાવવાનો હમણાં વખ્ત આવેલો છે. ઇરાનની જુની સલતનતને નવે નામે સમારવાની જ-

---

૧ શાયર આ જગા ઉપર સેકંદરનાં રાજ્યને આર્મીન્યાના અર્મન દેશ દાખલ ઠોકી બેસાડતો લાગે છે. પેહેલી કે છેલી સઘળી લડાઇ અહીંજ થતી જણાય છે અને એજ પ્રાંતને સેકંદર પોતાનો મુલુક ગણીને તેમાંથી દારાને નસાડવા માંગે છે.

રૂર છે, માટે લડાઇતો કરવી જોઇએ. દારા જુલમગાર છે, તેથી તેની રૈયત સર ફેરવીને તારી તરફ મળી જાશે. દારાના ખાનગી દુશ્મન ઘણા છે, માટે હવે તે પાદશાહથી ડરવું નહી જોઇએ. દારાની જુલમી રીતને દુર કરવી, અને જેઓને દારાથી દુખ ખમવું પડેલું હોય તે ઇનસાફથી દુર કરવું જોઇયે. દારાથી રૈયત કંટાળી ગયલી છે માટે તુંએ દલેરી બતલાવવા હીમત રાખવી જોઇયે. હવે દારાનો અંત આવશે એવું દીસે છે, માટે સવારીની તૈયારી કર. જ્યાં તારો પગ ત્યાં અમારાં માથાં છે. તું ફરમાવશે તે માર્ગે અમે ચાલવામાં પછાત પડીશું નહી. કોણની મકદુર એવી હોય કે તારા હુકમની વીરૂધ દમ મારી શકે? મગર કેયાની તખ્તની આબરૂ બચાવવા સારૂ પેહેલાં આપણે ખુનરેજીની લડાઇ ચલાવવી ન જોઇએ."

સેકંદરે સરદારોના ઉપલા વીચાર સાથ એકમળતા થઈ એક શુભ દીવસે લડાઇમાં જવાની તૈયારી કીધી. તેનું લશ્કર જે ઘણું મોટું હતું, તે મધે એક અજદાહપેકર ઝુંડો હતો, તે ફરેદુનનાં ગાવીઆની ઝુંડા કરતાંબી સરસ હતો. તે અજદાહપેકર વાવટો ઘણેજ દુરથી લશ્કરીઓને નજર આવતો હતો. સેકંદર લશ્કર સાથે અજદાહની માફક આ ઝુંડો લઇ લડાઇ તરફ ચાલ્યો.

ઇરાને લડવું કે નહીં?

સેકંદરની આવવાની વાત સાંભળીને દારાએ અકાબરોની એક છુપી અનજુમન બોલાવીને મશવરત કીધી કે સેકંદરને શી રીતે હરાવવો જોઇએ? આ સવાલનો જવાબ કોઇએ દીધો નહી, પણ સર્વે ખામુશી પકડી બેશી રહ્યા. તેવારે જંગે શાવરાન નામે અગાડી એક ઇરાની પહેલવાન થઇ ગયલો હતો તેની ઓલાદનો ૫રેઓર્જ નામનો શખ્સ અનજુમનમાં હાજર હતો, જે આગલી તવારીખની ઘણી વાતો જાણતો હતો, તે ઉઠીને દારાના હકમાં દુઆ દઇ બોલ્યો કે—"અમારા બાપદાદાથી એવું સાંભળેલું છે કે જેવારે કેખુસરો પાદશાહ (દુનીઆ તર્ક કરી) ગોફામાં ગયો તે વખ્ત તેણે જામમાં જોઇને કહ્યું કે 'હવે પછી લાંબી મુદતે જેવારે આસમાન ઉપરથી ઘણા સેતારા જમીન ઉપર ખરી પડશે તેવારે કોઇ રૂમથી લશ્કર લાવી ઇરાનમાંનાં આતશકદેહોને આતશથીજ બાળી નાખશે. તમામ ઇરાનનો મુલક પોતાને તાબે કરી કેયાની પાદશાહોનાં પાયતખ્ત ઉપર બેસશે, પણ લાંબી મુદત પાદશાહી ભોગવ્યા વીના મરી જશે.' મબાદા એ રૂમી પાદશાહ સેકંદર કેખુસરોએ જામમાં જોઇને નીશાન બતલાવી હતી તે જતો નહી હોય? જો તેજ હોય તો, ઓ ખોદાતાલા, તેને ઇરાનમાં આરામ પામવા ના દેતો! જેમ મુફ્લેસ રોટલી મેળવવા સારૂં રંજ ખેંચે છે, તેમ સેકંદરથી દારાના ગંજને તુકસાની ભોગવવા ના દેતો! માટે અએ પાદશાહ! જેમ સળગેલા આતશને પાણીથી થંડો કરીએ છીએ તેમ તેને થંડો રાખવા સારૂં એલચીને એવો પેગામ આપીને સેકંદર પાસે મોકળ કે તારાં રૂમનો એક મુલક તારા હાથમાં રાખી શુકરાના કર; દારા જેવા પાદશાહની સાંબે સરકશી ના કર. તે એલચી એવી રીતે ભપકાથી તેમજ નરમીથી તેને સમજાવે, પણ એવું નહી સમજાવે કે જેથી સેકંદરના ગુસ્સાનો આતશ ઉશ્કેરાય અને તે એકદમ લડાઇમાં ઉતરી પડે. છેક નરમાસથી પણ વાત નહી કરે, કે જેથી દુશ્મન જોર પકડે. જો વાઘ નબળો પડેલો છે એવું હરામી ખચરને માલુમ થાય તો તે વાઘનું ભેજું ખેંચી કાહાડે. મુલકના સંભાળ રાખવાના કાયદા છે તે પ્રમાણે અમલ કીધાથી દુનીયાની પાદશાહીનો વાવટો કાયમ રેહ છે. તે કાયદામાં લડાઇ કરવાને બદલે બનતાંસુધી સુલેહ કરવાને લખેલું છે. જવ સુનું તોલવાનાં કામમાં આવે છે, પણ વખ્તે તે સુનાની કીંમત બરાબર થાય છે. ઘણા ફાડીખાનારા બીહામણા વાઘો વખ્તે એક કાંટાની નોકથી હલાક થાય છે. તું વીંછુની સાથે કીનો રાખતો હોય તો તે નાધલો છે એમ વીચાર કરવો ડાહાપણનું કામ નથી. દંખવાળાં નાધલાં મછરથી પણ ખોફ રાખવો જોઇયે છે, કે જેણે નીમરૂદ

પાદશાહને મારી નાખેલો હતો. દુશ્મન ગમે તેવો નબળો હોય તોપણ તેને જીતી લેવાની હીમત પકડી લડાઇને બદલે સુલેહ કરવી બેહતર છે. એક તદન ભુખમરાવાળો માણસ જાનનો ભય નહીં રાખતાં વાઘની સાથે બેસી તેનાં મોહોડાંમાંથી લુકમો ખાવાની હીંમત ચલાવે ખરો, પણ તે લુકમો ખાય કે વાઘનોજ શેકાર પોતે થાય. જેવારે આપણે પેટનો છોકરો મોટો થાય તેવારે શરમ એક કોરે મેલીને વારસાનો દાવો કરી શકે છે, તો નાતરેની બૈરી કોઇ બીજા ધણીને પેટનો છોકરો પોતાની સાથે લેતી આવેલી હોય તે છોકરો વારસાનો દાવો કરે તેની નવાઇ શાની? સેકંદર પારકા દેશનો બેગાનો છે ખરો, પણ આપણી સામે લડવા આવે, અને તેની સાથે આપણું લશ્કર અથવા રૈયત મળી જાય, તેવારે તેનો ઇલાજ રેહે નહીં; માટે સુલેહ કરવી જોઇયે. જેવારે નકામું ઝાડ સરવના માનીતાં ઝાડ કરતાં લાંબુ વધી જાય તેવારે સરવનાં ઝાડને દાબી નાખે છે. માટે અએ પાદશાહ બુજ્રેર્ગોની નસીહત ઉપર ધ્યાન આપી ચાલવું જોઇયે છે, અને આપણને સુલેહ કરવી જોઇયે છે, નહીતો આવતા વખ્તમાં બુજ્રેર્ગોની શીખામણ યાદ આવ્યાથી પસ્તાવો ખાવો પડશે"

શાહ દારાનો ખોફ.

દારા ફ્રેબર્જે પીરની સઘળી નસીહત સાંભળીને ડર્યો ખરો, પણ સુલેહ કરવી પોતાની જાહોજલાલીને અનુસરતુ લાગું નહી, તેથી ગુસ્સામાં આવી ભવાં ચહડાવી બોલ્યો કે "મારામાં એટલી બધી નબળાઇ યાને નરમી તુંએ શું જોઇ છે કે સેકંદરથી મને ડરાવે છે? રૂમીઓની મરદાનગીથી મને સતાવે છે તે ગોયા આતશના શોલાને મીનથી બંધ કરવા સરખું છે. શું તું વેહેતા પવનને ઘાસના તણખાંથી અટકાવવા માંગે છે, અને નેતરથી તેજ તલવારને ડરાવે છે? હંસની સામે ઓકાબ લડવા નીકળે તે હસવા સરખી વાત છે. સેકંદરની સાથે લડાઇમાં ઉતરતાં મને એટલા વાસ્તે હલકું લાગે છે કે તેના જેવી પદવીના તો મારા લશ્કરના ઘણાએક અમલદારો છે. કોઇને એવી ખબર નહી હતી કે આ નાધલો છોકરો વડાઓની સામે આવી દુશ્મની કરશે અને પેહેલીજ મુલાકાતે ઝેરનું પ્યાલું આગળ ધરી બેશરમીથી મારા દબદબાને ઝાંખ લગાડશે. સેકંદર સાથે સુલેહ કરવી તે એક હલકા માણસની આગળ મોટા આબરૂદાર માણસે કાલાવાલા કરવા સરખું છે. અગર મગરમછ સાંપનાં જેહેરમાં ગર્ક થઇ જાય, પણ પોતાને લાગેલું જેહેર ઉતરાવા સારૂં દેડકાની ખુશામદ કરવા નહીં જાશે. આ કમજોર પાદશાહ ગોરખરનાં જેટલું બળ રાખવા છતાં મને વાઘની માફક ડોળ બતાવે છે, પણ હુશીયાર કેવારે થશે કે જેવારે વાઘ તેનાં તનના કવાબ કરી ખાશે. મુર્ગીનાં બેદાં સખ્ત અને ભારી હોય છે, પણ તે લોહારના હથોડા જેવાં નહીં હોય. રૂમીમાં એટલી બધી જોરાવરી નહી હોય કે દરીયા ઓળંગી પોતાના વહાણ ઇરાનમાં લાવી જમશેદનાં તખ્ત ઉપર દાવો કરે, કે જે ખુરશેદનાં જેવું છે. ઇરાનને તારાજ કરવા ઝુંડો ઉઠાવે, અને કેખુસરોનું તખ્ત અને જમશેદની જામ ઉઠાવી લઇ જાય, એ મુશ્કેલ વાત છે. મારે કેયાનીઓનો દબદબો જાળવી રાખવા વગર એકદમ આગળ નહી ચાલવું જોઇયે, અને સુલેહ નહી કરવી જોઇયે. નબળો કોહોલો શેકારી કુતરાનું જેવું બળ દેખડાવે તેથી વાઘને કંઇ ડર ખાવાનું નથી, બલકે વાઘનાં ખાધેલાંમાંથી કોહોલાં કુતરાં પેટ ભરે છે. અરે ફ્રેબર્જ, તું સારીપખે જાણે છે કે એક રૂમી છોકરાથી હું આજેજ થવાનો નથી. કેયાની તખ્ત પર કમર બાંધી હું તાજ પેહેરી બેસનાર છું. કોણની તાકત કે મારા બાપદાદાનાં તખ્ત ઉપર હુમલો કરે? કેયાનીઓની કોલાહ કેયાનીઓનેજ જેબ દે–રૂમીઓને નહી. હું તો સેકંદરને બસ ગુલામોના હાથમાં આપું, અને ગોવાલીયાઓની લાકડીથી તેનું માથું ભાંજી નખાવું. જે વાઘ કુતરાથી હારે તેની ઉપર બુઢો ગધેડો લાત મારે. જે ઓકાબ કે મછરથી નાસે અને તુટી પડે, તેને ઉડવા દેવું

નહી જોઇયે. જે ચીત્તા બુઢી કોહેલીની ભાગી બીહે તેનું ભેજું ચીતભ્રમના રોગથી બળી જજો! હવે તું જોશે કે કાલે તેનાં માથાંને હું ઘોડાઓના પગ તળે સોંપી આપું છું. જેને માથે મુકરર કીધેલી ખંડણી ચાલતી આવતી હોય તે અદા કરવામાં જબુન લાગવાનું નથી. મુફલેસ માલદાર છું એવું દોલ દેખાડે, તો લંગડું માણસપી પગે ચાલવાનો ફાંકો રાખે, કે જે બનવા સરખું નથી. કૈયાની તોખમના બેહમનની ઓલાદનો હું છું અને અરપનદીયારની ઓલાદથી હું યાદગાર છું. આગળા ધારા પ્રમાણે જો સેકંદર ખંડણી આપે તો હું તેને કંઇ હરકત કરનાર નથી. અગર મારી સાથે લડાઇ કરવા ઉતરશે તો પોતીકાં માથાંને મારા પગની નીચે જોશે. તે સવાલ પુછશે તો, દરીયાની મીસાલે કડવો જવાબ દઇશ અને જમીન પરથી ઉઠાવીને દરીયામાં ફેંકી દઇશ. સેકંદર વાદલનો અવતાર લઇને આફતાબ જેવા દારાને છુપાવવા માંગે તો તેની આબરૂ ઇજતનાં પાણીને જમીન ઉપર રેડી દેઉં, કે ફરી હરકત નહી કરે. લડાઇ કરનાર મુર્ખ હોય તો મોમીઆઇથી તેનાં હાડકાં સાંધવાને બદલે ભાંજી નાખવાં ભલાં. ગધેડાને જરની જીન કરતાં કોથલો લાધવો ભલો, કે પોતાના ધણીનો માલ સેહેલાઇથી ખેંચી લઇ જાય. આ શેકારને મેંજ મોટાઇ આપેલી છે અને એની ગરદનમાં પણ હુંજ ફાંસો નાખીશ."

પાદશાહ લડવા માંગેછે.

સેકંદર સામે લડવાની જૈફ ફરેબર્જે સલાહ નહી આપવાથી પાદશાહ દારા હવે ભર દરબારમાં તેના ઉપર છેડાઈ પડયો. તે નામદાર બોલ્યો કે—"ઓ ધસાઇ ગયલાં ભેજાંના બુઢા ફરેબર્જ! પાદશાહોનાં કામમાં બેઅદબી ભરેલા સખુનો બોલવાથી પાછો ફર. ખંડણી માફ કરીને સુલેહ કરવા સારૂં તું જે ડાહાપણ બતલાવે છે તે ગોયા પાહાડના ઉપર ફાંસો નાખવા સરખી, અને મેદાનમાં ચેરાગ રાખવા સરખી, અને આસમાનને દુનીયાનું કામ ચલાવવાની શીખામણ દેવા સરખી તારી વાત છે. સર્વને પોતાની પદવી પ્રમાણે બોલવાને હક છે તેની બાહેર જાઇને તું વાત કરશે નહી. ઘડપણના સબબથી તારી અકલ અને મનશકતી દુર થઇ ગયલી છે. બુઢાપાના વખ્તમાં તો બે ચીજ એખ્તીયાર કરવી જોઇયે છે. એક તો ખોદાની બંદગી અને બીજી સતુદાન (દુખમા) ની પાસબાની. દુનીયાનું કામ જવાનોને લાયકનું છે. જુનાં લડાઇનાં હથીયારો કામમાં આવે નહી, તેમ બુઢા માણસથી સવારી કે શેકાર થઇ શકે નહી. લડાયક સીપાહી તો જવાન હોવા જોઈયે. જ્યારે લડાઇ ચાલે અને કોઇની હાર થવાનાં કારણ જણાય ત્યારેજ તે ધણી સુલેહના પેગામ મોકળે; તેવી હાલમાં સલાહ આપવાનો વખ્ત નથી. જો મુર્ગો રાતે વખ્ત ચુકીને વાશે તો બામદાદે તેને કતલ કરવામાં આવે છે, કે જેથી મુસાફરો ભુલાવામાં પડી મધરાતે મુસાફરી કરતાં લુટારાને હાથે ખરાબ થાય નહી; માટે અરે ફરાબર્જે પીર! તારી નાલાયક શીખામણથી તારી જબાન બંધ કર. આવી રીતની તારી બોલતી જબાન કરતાં તો મુગાં પ્રાણી ભલાં."

ફરાબર્જની બીજી શીખામણ.

દારા પાદશાહે એવી રીતના કઠણ શબ્દોમાં ઠપકો આપી ઘણા તાણા માર્યા, જે સાંભળી ફરેબર્જે ઘણોજ પશેમાન થઇને માફ માંગવા લાગો. જ્યારે ફરેબર્જે હકીમે જાણી લીધું કે તેની શીખામણ પાદશાહ દારાને મનગમતી લાગી નથી, જેથી તેનો મીજાજ ઘણો ગરમ થઇ ગયલો છે, ત્યારે તેને નરમ પાડવાને અર્થે તે ઉલટી રીતે વખાણ લઇને બોલ્યો કે—"આ જમાનામાં તું દારા પાદશાહ આશકાર થયલો છે. તારી સામે લડાઈ ચલાવી શકે તેટલી બધી સેકંદરની મકદુર નથી. તારાં માથાંની પાદશાહી કોલાહ આસમાને પોતાને હાથે બનાવેલી છે, અને તારા એકબાલની ચેરાગ સેતારાએ રોશન કીધેલી છે. એક છટના કકડાનો બુલંદ પાહાડની આગળ કંઇ હીસાબ નથી. દાધીનો વેજો ગમે તેટલો લાંબો વધી

જાય, તોપણ ચીનારનાં બુલંદ ઝાડની બરાબર લાંબી મુદત ટકી શકતો નથી. આફતાબ (દારા) ની આગળ આગીયો કીડો (સેકંદર) કંઇ ગણતરીમાં નથી. લડાઇની વખ્તે લંગડો કોહોલો (સેકંદર) ચીત્તા (દારા)ની સામે ઉભો રેહી શકે નહી. પણ અએ દારા ! ગુસ્સાથી ભવાં ચહડાવેલાં છે તે મોકળાં કર, અને ધીરજ અને નરમીથી કામ કર. મુમબતી વધારે ગરમીથી બળે નહી તો પોતાને અને પરવાનાંને બાળીને ખાક કરે નહી. આતશના તંદુરમાં રોટલી ભુજાઇને તૈયાર થાય તેવારેજ ખાવાનો વખ્ત આવે છે. સબર કરી ધીરજ રાખ. તું જેહાનનો દારા પાદશાહ છે. સેકંદરનો તારી આગળ કંઈ હીસાબ નથી.”

દારાનું ઠઠરાવનારૂં નામું

ફરેબર્જે હકીમે એવી રીતે દારાને ઘણી વાત સમજાવી, પણ તેવી પસંદ કરવા સરખી શીખામણે દારાના ગુસ્સા ભરેલાં ભેજાંમાં અસર કીધી નહી. પછી તેણે એક નવીસંદા (મેહતા) ને બોલાવી સેકંદર તરફ નામુ લખાવ્યું, જે મધે કેટલાક કઠણ શબ્દ લખેલા હતા, જે લઇને એલચી સેકંદર પાસે ગયો. શરૂઆતમાં પાક ખોદાતાલાની સ્તુતી કરીને પછી આ નામામાં એવી મતલબનું લખ્યું હતું કે—“ઓ કાચી અકલના છોકરા ! લડાઇનો અનુભવ ધરાવનાર વાઘ જેવા હું દારાની સામે બરાબર લડાઇ ચલાવવામાં તારો મદદગાર કોણ છે ? તારૂં લશ્કર કેટલું અને તેનો સરદાર કોણ છે તે બતાવ ? તું વીંછુ જેટલો હોવા છતાં સાંપના જેવો દેખાવ દે છે, તોપણ અજદાહની સાથે લડાઇ કરવી મુશકેલ છે. તું સાંપના જેવો દમામ છોડી દે, નહીતો અજદાહ જેવી આ મારી તલવાર તેજ છે. તે વડે એવી તુંને શીકસ્ત આપીશ કે જેથી તું કતલ થશે અથવા નાસી જશે. રોશન આતશના, તથા જંદ અવસ્તના, તથા રોશન ખુરશેદના, તથા બુલંદ આસમાનના સોગંદ લઇને, તથા યજદાન અને જરતોસ્ત કે જેઓનો દુસ્મન નાપાક હેરમન છે, તેઓના સોગંદ ખાઇને કહું છું કે રૂમને તથા રૂમીઓને આતશ સળગાવીને બાળી નાખી તે મધેની કંઇબી નીશાની બાકી રાખીશ નહી. વળી હું રૂમમાં એવું ભારી લશ્કર ચહડાવી લઈ જઈશ કે જેની ગીર્દથી ખુરશેદની રોશનીબી દેખાશે નહી. તું કતલ નહી થાય તેની અગાડી ખંડણી આપે તો સારૂં. ઓ સેકંદર, તુંને આ વખ્તે લાજમ છે કે મારી ચાકરીમાં કમર બાંધે. તીર કમાનને ભાંગી તોડી નાખ, બખ્તરને લપેટી મુક, અને રેશમી સાદું બખ્તર પેહેર. જો તું નહી તાબે થશે તો તુંને એવી સજા કરીશ કે જેથી તું જાણશે કે કેવી નબળી હાલતમાં તું ફસેલો છે. મારા ગુસ્સાનો તું ડર રાખ—સસલાંના જેવા મારા ખવાસનો ભરોસો નહી કરશે, કાંયજે કામ પડતી વખ્તે હુશીયાર થતાં ઢીલ નહી થવાની. તું જોઈ લે કે આફતાબે કરકનો બુરજ કે જે ચંદ્રમાનું અસલી ઘર છે તે ઘેરી લીધેલું છે, તે મીસાલે હું તુંને અને રૂમને ઘેરી લઇશ; માટે બેહતર એજ છે કે તું બોવાર અને ગીરફતાર થાય તેની આગમજ મારે તાબે થા, અને મારો જે ખંડણીનો હક તારી ઉપર અગાડીથી લાગુ પડેલો છે તે આપીને મારા કીનાના આતશને નરમ પાડ. અસલી કેયાની ખાનદાનમાં રખણો ના નાખ, અને પોતાની દલેરી ના બતલાવ. મછર થઇને હાથીના પગ નીચે આવવાની હીમત ના કર. ખોદાતાલાએ તુંને જે રૂમનો મુલક આપેલો છે તે ઉપર સુકરાના કરીને ખુશી સાથે રેહે. તુંને લોહોડાંનો પંજો મળ્યો છે તે લઇને વાઘની સામે લડવા નો આવ. કાગડો હંસની ચાલ ચાલવા ગયો તેથી પોતાની ચાલ ભુલી ગયો, તેમ તારો રૂમનો મુલુક લઇને બેસી રેહે, નહી તો ઇરાન જીતી લેતાં રૂમ ખોઈ આવશે.

“હું નથી જાણતો કે કેખુસરોનું તાજ આપણે બંધેમાંથી કોણને માથે નવે નામે રોનક આપે છે. તું આસમાન ઉપર ધુલ નાખે છે, પણ તે ધુલ તો પાછી નીચે આવીને તારીજ આંખ અને માથાં ઉપર પડશે. હું પોતે માથું

છું અને બીજા સરદારો હાથ પગ છે, તેવો એક તુંબી છે. માથાંને ઇજા થશે તેથી હાથ પગનો બચાવ થતો નથી. હું શાહનશાહ તમામ મુલકનો છું. બીજા સરદારોની માફક તું પણ મારો ખંડણી આપનાર છે. મને ઇજા દેશે તેથી તુંને ઇજા થયા વીના રેહેશે નહી. પોતાનાં પેટ ઉપર મુકી ના માર. તારી જવાનીની ગરૂરીથી તારી ગરદન ઉંચી ચહડી ગઇ છે, જે મારી તલવારથી કપાઈ જવાનો વખ્ત આવ્યો છે. મારી વીરૂધમાં જે સરદારો ચાલેલા તેઓ હારેલા છે, તેમ તું પણ શીકસ્ત પામશે. ઇરાનના પાદશાહોમાં કાઉસનું તખ્ત અને જમશેદનું તાજ મને મળેલું છે, અને વળી અસ્પંદીયારની ઓલાદનો કાંસાનાં જેવી સખ્ત પીઠનો હું છું. બુઢું વરૂ વરસાદના પડવાથી ડરતું નથી, કાંયકે તેની પીઠ ઉપર કુદરતથી તેના બાળની ધાભળી ઓઢાડેલી છે. કોઇને ખોદાએ નસીબવાળો કીધલો હોય તે કોઇથી છીણવી લેવાતો નથી. કોઇની પાદશાહીનું તાજતખ્ત ખરીદ કરી લેવાતું નથી. અસ્પંદીયાર ગુજરી ગયો તેના વારસામાં બેહમનને પાદશાહી મળી. બેહમન પાદશાહી છોડી ચાલ્યો તેની જગા ઉપર હું છું. મારી બેહમનના જેવી બાજુની કુવતને તેં પીછાણી હતે તો નાદાનીથી મારી સામે તું લડવા નીકળતે નહી.

"બાપદાદાથી ઉતરતો આવેલો હું મુલુકનો પાદશાહ છું તેની વીરૂધ જાઇ તું મારો ગુનેહગાર ના થા. હાલમાં પશેમાન થઇ પાછો ફર, કેમજે પાછલથી પશેમાની કીધામાં ફાયદો નથી. જવાનીની દલેરી છોડી દે, વાઘનાં મોહોડાંમાં પગ મુકવાની બેઅદબી છોડી દે, સખ્તી છોડીને નરમી રાખ, તારા મુલુક ઉપર સલામત રેહેવાનો હોય તો મારા મુલુક ઉપરથી મને દુર કરવાનો ખયાલ ના રાખ. જો એમ નહી કરશે તો તારા મુલુકને તારાજ કરી નાખીશ. અગર તું તાબે થઈ પાછો ફરશે તો તું માગે તેવો મુલક તુંને આપી દઇશ—અગર નહી તો એકબારગી તારૂં લશ્કર તને વળગી રેહેશે તોપણ હું તેને કચડી નાખીશ."

સેકંદરનો તીખો જવાબ.

દારાનું આ નામું વાંચવા પછી સેકંદરે પોતાના નવીસંદાને બોલાવી જવાબ લખવાનો હુકમ કીધો, કે જે "પાક ખોદાતાલાનાં નામથી" શરૂ કરી અને શરેસ્તા મુજબ તે સાહેબની તારીફ કરી તથા તેથીજ સર્વ મળે છે એમ જણાવી લખ્યું હતું કે—"અએ રોશન એકબાલના દારા! તુંબી તારી માનાં પેટમાંથી પાદશાહી સાથે લાવેલો નથી, પણ ખોદાતાલાએજ તુંને તે બક્ષેલી છે; માટે ખોદાની આપેલી પાદશાહી શુકરાના કરી ભોગવ. વધારે લોભ રાખી ખોદાનો ગુનેહગાર ના થા. જમશેદ પાદશાહની તવારીખ તુંએ નથી વાંચી કે તે નામદારને જુહાકે શી રીતે હલાક કીધો હતો? આસમાન અને જમીનના પેદા કરનાર ખોદાતાલા કે જેની કુદરતના કાયદા સમજવામાં માણસની અકલ ઠેકાણે રેહેતી નથી, તે સાહેબના સોગંદ ખાઇને લખુંછું કે અગર હું ઇરાનના મુલુક ઉપર ફતેહ મેળવું તો જરતોશ્તની દીનને ખરાબ કરૂં: આતશને તેમજ આતશકદેહને આતશથીજ બાળી નાખું; કારણ કે અમારા બુજોર્ગોની તેમ કરવાની રીત તથા રસમ છે; માટે અએ દારા! કસ્તુરીના ઉપર કચરો નાખવાથી તેની ખુશબોઇ છુપી રેહેવાની નથી. જેનું ખજુરનું ઝાડ ઘણું ઉંચું છે તેને કોઇથી નુકસાની લાગવાની નથી. જેના બાગમાં મથાલે ફુલ ઉગેલું તે કોઇના ચુની લીધા વીના પણ ખુશબોઇ આપે છે. બે વાઘ ભુખા હશે અને ગોસ્તની રાણ બંધેની વચે હશે તો જે જોરાવર હશે તે તે રાણ જીતી લઇ જાશે, અને કબાબ કરી ખાશે. બે મર્દો એકસરખા દેખાવમાં હોય છે, પણ બંધેની કુસ્તીમાં જે મર્દ ફતેહ પામશે તેજ મર્દાને મર્દ કેહેવાશે. લડાઇમાંથી હું કેવારે પાછો ફરીશ કે જ્યારે મારૂં માથું તુંને આપીશ અથવા તો તારૂં તાજ મારે માથે મેળીશ. તું એવું ધારેછે કે તારા જેવો મોટો જેહાનમાં કોઇ પાદશાહ નથી. એવું ગુમાન ના રાખ. દરેક મુસાફર પોતાની મંજલે પોહોંચી શકે

છે. મને તારી મોટાઇની ધમકી ના દેખાડ; મને પણ ધમકી દેખાડતાં અને ફરેબ રમતાં આવડે છે. મારોજ રૂમનો મુલક તું મને જાગીર તરીકે આપવા માંગેછે તે તો મારો પોતાનોજ છે. તારા ઇરાનના મુલુકમાંથી થોડો મને આપ અને સુલેહ કર. ભેંસને છાસ પાવી તે તો ભેંસનાં લોહીથીજ બનેલી છે, જેમાં ભેંસ ઉપર ઉપકાર શાનો?

"હવે પછી તું મને ફોકટની મોટાઇ ના બતલાવતો. તુંબી ખાકી બંદો છે, કંઈ દેવતા નથી. મોટાઈ અને દલેરી છોડી દઇને તાબેદારીની રીતે મારી આગળ આવ. અલમાસ (હીરો) સર્વેથી ઘણો સખ્ત છે, પણ કડી તેને વીંધી નાખે છે. જે શરાબનો શીશો તારા હાથમાં છે તે સેકંદર પથરથી ભાંગી નહી જાય તેનો સંભાળ રાખ. આલમના લોક તારા જુલમથી કંટાળી ગયલાં છે, તેઓજ તુંને દુખ નહી દે તે વાતનો સંભાળ રાખ. તારા મુલુકમાં એશઆરામ સાથે ખુશીમાં રેહે. યુનાન અથવા રૂમની દરકાર ના રાખ. મારા જેવા વાઘના શેકારની ચરબી ખાવાની આશા ના રાખ. કોઈ મારેથી કમજોર શેકાર શોધ. જે ઝાડની ડાલી ઉપથી મેવો લઇ નહી શકાય તેને લટકવું દરોસ્ત નથી. મારી પાસેથી ખંડણી લેવાનું કામ દરીયા ઉપર પુલ બાંધવા સરખું છે. ખંડણી લેવાની તું ગરૂરી રાખશે તો તારો મુલક તું ખોઈ બેસશે. બેહમનની મીસાલે તું દલેરી બતલાવશે તો અજદાહ તુંને ઇજા દેશે. દેવે તુંને ગુમરાહ કીધેલો લાગે છે કે અસ્પંદીયારની મીસાલે રૂસ્તમને તું કેદી કરવા નીકળ્યો છે. સુલેમાન પાદશાહે દેવની સાથે ખેયાલ રાખ્યો તેથી પોતાની અમુલ્ય અંગોસ્તરી ખોઇ દીધી હતી. માટે ખોટો ખયાલ છોડી દઇ પાછો તારે વતન જાતો રેહે. સીમુર્ગ કોઇના ફાંદામાં આવતો નથી. તું હબશીના જેવો માણસજાતનો ભક્ષ કરનારો નથી; બરબરીના જેવો માણસોને આજાર દેનારો નથી; પણ મેં તો હબસીને તથા બરબરીને ખુનખાર લડાઇ કરીને તાબે કીધા છે. તે વાત તું જાણે છે, માટે સુલેહના કોલકરાર કરીને પાછો ફર કે જેથી તારા કને માણુસો જે હોય તેઓનાં દીલ આજુરદા નહી થાય. પ્રથમ મેં તારી સાથે લડાઇ કરવાને કંમર બાંધેલી નથી, પણ તું પોતેજ અમોને મારવા શબે ખુન કરતો લસ્કર લઇને દોડી આવ્યો છે કે મારો જીતેલો તથા મારા બાપદાદાનો મુલક તાબે કરે. આથી મને લસ્કર એકઠું કરી તારી સામે કંમર બાંધી લડાઇ ચલાવવાની ફરજ પડી છે. તું હુશીયાર છે તો હું કંઇ ગાફેલ નથી. તારૂં એકબાલ રોશન છે તો મારૂં કાંઇ ઝાખું નથી. દુનીયા તારી મદદે છે, તો તલવાર મારી મદદે છે. તું તલવાર એંચશે તો હું બખ્તર પેહરીશ. તું સુલેહ કરશે તો હું કબુલ કરીશ. પોતાનાં તખ્ત ઉપર તું તકીયો ના કર. તખ્તને ઠેકાણે મોતનો તખ્તોબી છે. પાહાડનાં જેવાં તારાં મકમ લસ્કરનો ભરોસો ના કર. તું જુવે છે કે ધરતીકંપથી પાહાડનોબી નાશ થાય છે. જેવારે પાદશાહની આખેરી આવેલી હોય છે તેવારે સેહલાઇથી તેનો મુલુક દુસ્મનના હાથમાં જાય છે. જ્યારે બે પાદશાહો એકબીજા સાથે લડાઇ ચલાવે છે ત્યારે તેના આસેબથી દુનીયાને ઘણું દુખ પેદા થાય છે, તેથી લોક જીવ ઉપર આવી જાય છે.

"મારી તુંને એટલીજ દરખાસ્ત છે કે એક તરાજુમાં બે મનનો સમાસ થતો નથી. પથર ઉપર પાણી રેડીયે તે ઢળી જાય તેવો તું મારા પત્રનો જવાબ લખશે તો મારી પાહાડના જેવી મોટી આબરૂ પાણીમાં ડુબી જાશે. માટે સુલેહ કરવી કે લડાઇ કરવી, આ બેમાંથી એક વાત લખી મોકળજે, જે હું પણ કબુલ કરીશ".

જ્યારે આ નામું પાદશાહ આગળ આવ્યું ત્યારે દારા તે વાંચી ઘણોજ ગુસ્સામાં તપી આવ્યો, અને લડાઈ કરવાનો એકદમ ઉતાવળો પેગામ મોકળ્યો, અને ફરમાવ્યું કે જેમ બને તેમ જલદી લડાઇની તૈયારી કરે. સેકંદરે પણ લસ્કર આરાસ્તા કરી મોસલ શેહરમાં દારા સામે લડાઇ શરૂ કીધી.

ફસલ ૪—સેકંદરની ઇરાનમાં પાદશાહી.

જ્યારે રાત ગુજરી અને બામદાદ થઇ ત્યારે બંધે પાદશાહનું લસ્કર સામાસામી હાર બાંધીને ઉભું રહ્યું. માર્ગમાં લોહાડાંનાં ગોખ-રૂને આકારના નાનાં નાનાં કાટાવાળાં હથીયાર નાખ્યાં, કે જે દુસ્મનોને અજાણપણે પગમાં ભોકાય. દાંડીયા બુમ પાડવા લાગા, ચોકીદારો આજુબાજુ દોડધામ કરવા લાગા. લસ્કરની ઘણી ગીર્દીથી લસ્કરી સીપાહી બંધે બાજુનાં થાકી ગયા, પણ લડવાની પેહેલ બંધે બાજુથી કોઇએ કીધી નહી, એવા હેતુથી કે ખોદા કરેને સુલેહ થાય. પણ તેમાંનું કંઈ વળ્યું નહી; કારણ કે સેકંદરને જવાનીની ગરૂરી હતી અને દારાને પોતાની મોટાઇની સરકશી હતી, જેથી એકબીજાનાં દીલમાંથી માયા મોહોબત દુર થઈને લડાઇનો વખ્ત નજદીક આવી લાગો. કરનાય ફુકવા લાગી, સઘળાં લડાઈનાં વજંત્ર વાગવા લાગાં. લડાઈ જારી થઇ, તેના ગોંધાટથી કેયામતના દીવસના જેવો ફેતનો અને શોર થવા લાગો. જમીન ઉપરથી ઉડેલી ધુળે હવાને સખ્ત કરી નાખી, તેને લીધે સવારોની લગામ તેઓના હાથમાં રહી નહી. ધુળ આસમાન ઉપર ગયાથી આસમાન જમીન જેવો દેખાવા લાગો, અને તલવાર અને ખંજરના ચમકાટથી જમીન આસમાન જેવી દેખાવા લાગી. કતલ થયલાં માણસોનુ લોહી પાતાલ સુધી પોંહોંચ્યું, અને લડાઇનું ધુમાડું આસમાન સુધી ઉડયું.

દારાની દીલાવરી.

ઇરાનના પાદશાહે બામદાદને વખ્ત તમામ લસ્કર તૈયાર કીધું; અને જમણી દીશાએ પાહાડની મીસાલે ફોજને ઉભી રાખી. બીજી બાજુથી રૂમના સરદારે લસ્કર ઉભું કીધું. લડાઈ ચાલુ થઇ. લડાઇનો આતશ એટલો બધો સળગી ઉઠયો કે જેથી ઘોડાની નાલમાંથી પણ દોડાદોડી કરતા આતશની ચીનગારી નીકળવા લાગી. તે જોઇ દારા પાદશાહ દુસ્મનને હલાક કરવા સારૂં કાળા અજદાહની મીસાલે ગુસ્સામાં આવ્યો, અને એવી રીતે લડયો કે દુસ્મનોનાં માથાં પોતાના પગ નીચે દાબવાં વીના રહ્યો નહી. જેનાં તન ઉપર હુમલો કીધો અને જેનાં માથાં ઉપર તલવાર ચલાવી તેને મારવા વીના થાક લીધી નહી. આ લડાઇમાં દારાએ એક હજાર રૂમીને કતલ કીધા.

બીજી બાજુથી સેકંદરે પણ દારાનાં લસ્કર-ની ઘણી ખરાબી કીધેલી જોઇને દારાએ પોતાનાં લસ્કરને હુકમ આપ્યો કે જે ઓર્દુએ સેકંદર પોતે જાતે બંધે હાથમાં એકેકી તલવાર લઇને લડે છે, તે ઓર્દુએ એકદમ હુમલો કરવો. એ પ્રમાણે કીધાથી સામાસામી ઘણી કતલ ચાલી, જેમાં સેકંદરની બાજુમાં બખ્તર ચીડી જખમ લાગો. તે જાણવાજોગ નહી હતો, મગર તેથી સેકંદરનું દીલ નબલું પડી ગયું હતું; તોપણ સામેવાળાને તેણે તલવારથી મારી નાખી તેનું માથું છુટું પાડયું હતું.

હવે દારાની દીલાવરીથી સેકંદર ડરવા લાગો, અને દારાની લડાઇમાંથી નાસી જવાનો તેણે એરાદો કરી પોતાનાં લસ્કરને સાહુચેત રાખ્યું. પણ પોતે ફાલ જોઈ તેમાં દારાની ઉપર ફતેહ થશે એવું માલમ પડવાથી પાછી લડાઈ શરૂ કીધી. તેમાં પણ દારાની ફતેહ અને સેકંદરની હાર થઈ. તોપણ તેણે પોતાનાં લસ્કરમાં લુટ ફાટ કરવા દારાને ફાવવા દીધો નહી.

પાદશાહનાં ખુનની ગોઠવણ.

બીજે દીવસે પાછી લડાઈ ચાલુ થઈ. તે દીંગામમાં દારાના બે વજીરો જેઓ દેખાવમાં માનીતા અને વીશ્વાસુ હતા, પણ છુપી રીતે દગલબાજ હતા, તેઓ દારાથી કોઇ રીતે જીવ ઉપર આવી ગયલા હતા. તેઓ આ તકનો લાભ લઈ પોતાનો કીનો લેવાને અર્થે દારાને મારી નાખવાનો વીચાર કરી સેકંદરની આગળ ગયા, અને મારી માગીને કહ્યું કે—"દારાની આગળ ખાસ વજીરોમાં અમો બંધેથી કોઇ મોટા નથી, પણ દારાની બીદાદીને લીધે અમે જાનથીબી કંટાળી ગયલા છીયે, તેથી તેનું

ખુન કરવા સારૂં અમો કમર બાંધીયે છીએ. આવતી કાલે અમે તેને મારી નાખીને તેના અમલથી મુલુકને મોકળો કરીશું, માટે આજની એક રાત તું તારૂં લડાઇનું મથક સંભાળી રાખજે. આવતી કાલે તું જોશે કે તારો દુશ્મન હલાક થશે અને તારાં હાર ખાધેલાં લશ્કરને લડાઈ કરવાની દરકાર રેહેશેજ નહી, અને તું ખુશીથી તારા ખજાનાની કુંચી અમારા બંધેના હાથમાં આપી દેશે. અમો બંધેને તું તવંગર કરશે. અમારૂં જે કામ હશે તે તું ફતેહ-મંદીથી સુનાનાં જેવું બનાવી આપશે."

સેકંદરે તેઓની માંગણી કબુલ કરીને સોગંદ લીધા,[૧] પણ તેને ભરોસો આવ્યો નહી કે આ બંધે બેઇમાની કરી પોતાના પાદશાહને મારી ગુનેહગાર થશે. તોપણ પોતાની મતલબને ટેકો આપવા તેણે એમ વીચાર કીધો કે હરેક શેહરના સસલાંને તેજ શેહેરનો જાણીતો કુતરો પકડી શકે છે.

બંધે નીમકહરામ વજીરોની ખાતરી થઇ કે સેકંદર પોતાનો વચન પાળશે, જેથી દારાની નીમકહરામી કરીને તેને મારવાનો નકી ઠેરાવ કીધો. રાતને વખ્તે બંધે લશ્કરે કમર છોડી આરામ કીધો, અને બીજે દીવસે લડાઈ કરવાની ફીકરમાં પડયાં. જ્યારે રાત અંધારી થઈ ત્યારે બંધે લશ્કરના તલાઆએ (પોલીસે) રાતથી બામદાદ સુધી ચોકી કીધી.

બેઉ પાદશાહોનાં મનમાં સુલેહ કરવાના વીચાર જણાયલા હતા, તેથી દારાએ પોતાના પેલા ખાસ બંધે વજીરોને પુછ્યું કે "સુલેહ બેહતર કે જંગ?"

વજીરોએ જવાબ દીધો કે "કાલની લડાઇમાં એક રૂમી સીપાહીને પણ જીવતો રાખીશું નહી તેવો સમો છે, માટે લડાઇ ચલાવીશું." એવો ફરેબ તેઓએ દારાને દીધો, જેથી તેણે લડાઈની તૈયારી રાખી.

૧ નિઝામી સેકંદરની તમામ સ્તુતિ કરવામાં મશગુલ હોવા છતાં, આ તેના સંબંધી ઘણીજ નાલાયક વાત લખે છે, જેમાનવી મુશકેલ છે.

દારાનું ખુન.

બીજી બાજુએ સેકંદરે પોતાની નબળાઈ છતાં બંધે વજીરોના ભરોસાને તાબે થઈ પોતાનાં લશ્કરને કહી રાખ્યું કે કાલની લડાઇમાં દારાની જીત થાય કે મારી; એમાંથી એક મોટો પાદશાહ થશે. આ ઠેરાવ કરી બંધે લશ્કર ખ્વાબ લઇ બામદાદે ઉઠયાં. દારાએ જમણી બાજુ અને સેકંદરે ડાબી બાજુ લશ્કરની સફ બાંધી. ઘણી ખુનખાર લડાઇ થવા પછી નાસભાગ કરતાં બંધે બાજુનાં લશ્કર વીખરાઇ ગયાં. દારાએ જ્યાં વીસામો લીધો તે જગા ઉપર તેની હજુરમાં પેલા દગલબાજ વજીરો સીવાય બીજું કોઇ હાજર નહી હતું. તે તકનો લાભ લેઈ એક દગલબાજ વજીરે દારાનો પાંસલીમાં ખંજર મારી તેને મરવા તોલ જખમી કીધો.[૧] તેને ખાક તથા ખુનમાં પડતો મેળીને બંધે વજીરોએ સેકંદરની આગળ જાઇને કહ્યું કે "તારા દુશ્મન દારાને મારી તારી પાસે આવ્યા છીયે. તું આવીને જોઈ તારી ખાતરી કર અને તેનાં લોહી ઉપર તારા ઘોડાના પગ ચલાવ. જે અમે ધારેલું હતું તે કામ કરી બતલાવ્યું છે. હવે તુંએ જે કોલ કીધો છે તે બજા લાવ."

મરતા પાદશાહની ઓજરખાહી.

સેકંદરે જોઇ લીધું કે આ બંધે નીમકહરામો પોતાના શાહનશાહનાં ખુનનાબી પેયાસા છે, જેથી પોતાના કીધેલા કોલકરારથી તે ઘણો પશેમાન થયો. દારા જ્યાં જખમી પડેલો હતો તેની આગળ બંધે કરપીન વજીરો સેકંદરને લઇ ગયા. દારાને ખાક અને ખુનમાં લપેટાયલો જોઇને બંધે ખુની વજીરોને કેદ કીધા, અને પછી ઘોડા ઉપરથી નીચે ઉતરી ગમ ભરેલાં દીલ સાથે દારાની નજદીક જાઇને

૧ ત્રણ ત્રણ જબરી જંગોને નિઝામી એકજ લડાઇમાં સમાવી દે છે, જે ઉપરથી ડરે છે કે તેની મતલબ ખરી તવારીખ આપવાની નથી તેટલી અતિશયોક્તિથી પોતાના નાયકની બહાદુરીનાં બાંકાં ફુંકવાની વધારે છે.

તેણે તેનાં માથાંને પોતાના ખોળા ઉપર મેળ્યું, અને તે બોલ્યો કે "આ ખુન અને ખાકમાંથી ઉઠ."

દારાએ સેકંદરને નહી ઓળખતાં જવાબ દીધો કે "મને છોડી દે; મારા જાનના ચેરાગની રોશની ગુમ થઇ છે; આસમાને મારી પાંસળીને એવી રીતે વીંધી નાખી છે કે તે કલેજા સાથે મળી ગઇ છે. ઓ પેહેલવાન, તું કેજે મારી આગળ આવ્યો છે તે જો, મારૂં માથું ધડ ઉપરથી છુટું પાડવા માંગતો હોય તો તેમ ના કર, કાંયકે આસમાને મને તો મારીજ નાખેલો છે. શા માટે તું મારૂં માથું કાપવા હાથ લંબાવેછે? તારા હાથને સંભાળી રાખ; હું પોતે દારા પાદશાહ છું, તે વાત છુપી નથી. હવે તો મારાં મોહોડાં ઉપર કાળું કપડું ઓઢાડ, અને ખોદા મારી ઉપર રેહેમત કરે તેવી મારા હકમાં દુઆ માગ. હું જેહાનનો પાદશાહ છું. મને તું દુખ દેશે તો જેહાનને દુખ પેદા થશે. હવે મને ખુશ ખ્વાબ આવે છે. જમીન મારાં બદનને અને આસમાન મારા જાનને લઇ જાય છે. અગર મારે માથેનું તાજ તું લઇ જવા માગતો હોય તો એક પળ મને છોડી દે. હું મરણ પામું પછી લઇ જાજે. હું હવે જીંદગીની કંમર છોડી નાખું છું. ત્યાર પછી તુંને ગમે તો મારૂં તાજ લેજે, અને તુંને ગમે તો મારૂં માથું કાપી લઇ જાજે."

સેકંદર એક સાધુ.

આ હકીકત સાંભળીને સેકંદર રડતાં રડતાં બોલ્યો કે—"અરે તાજદાર પાદશાહ, હું સેકંદર તારો ચાકર છું. હું એવું નથી માગતો કે તારૂં માથું અને બદન ખાકમાં પડે. તું તારી પાદશાહી સાથે સલામત રેહે તો હું તારા નોકર તરીકે તાબેદારી કરીશ. અફસોસ છે કે તારાં મરણની વખ્તે મને તારી હજુરમાં આવવાનો બનાવ બન્યો છે. આવતી વખ્તે મારા ઘોડાનાં સુમ ફાટી ગયાં હોતે, અગર રસ્તો ભુલીને ઘોડો આડે માર્ગે ચાલી ગુમરાહ થઈ ગયો હતે, તો હું તારી આગળ આવી પોંહોંચી તારો મરતી વખ્તનો સંતાપ આજ કમનસીબ દીવસે નહી સાંભળતે. ખોદાના સોગંદ લઇને દુઆ માગુંછું કે ખોદા તુંને ફજલ કરો; પણ પથર શીશા ઉપર પડયો છે તેને સાંધવાનો ઇલાજ નથી. અફસોસ છે કે અસ્પંદીયારની ઓલાદમાં તું દારા પાદશાહ છેલોજ છે. મારૂં પણ મોત આવી લાગે તો સારૂં, કે હું પણ તારી ગોદમાં સુવું ! એમ જોરાવરી કીધાથી માંગેલું મોત આવતું નથી. મોત વીના કોઈ મરીને ગોરમાં સુતું નથી. દારાનાં માથાંના એક બાલની બરાબર એક લાખ કોલાહ આવી શકે નહી. આ જખમનો ઇલાજ હું જાણતે તો મારેથી બનતી કોશેશ કરી સારૂં કરતે. એવું ના હોજો કે દારા વીના દારાનું તખ્ત ખાલી રેહે. તારાં તાજ અને તખ્ત સારૂં હું નહી કાંય માતમ કરૂં ? કાંએ કે હવે તું તો મરણ પામે છે. આવો બાગ દુનીયામાં પેદા ના હોતો કે જેનો ધણી બાગનાં ફુલનાંજ કાંટાથી જખમી થઈ મરણ પામે ! જેહાનના ઉપર લેઆનત હોજો કે દારા જેવો પાદશાહ ગુજરી જાય અને તેને સારૂં કરવાનો ઈલાજ મારેથી બને નહી ! અએ દારા ! હવે તારો શું વીચાર છે? હવે તુંને ઉમેદ શું છે, અને ભય શાનો છે, તે મારી આગળ ખુલ્લું કરીને ફરમાવ. તું જે ફરમાવશે તે પ્રમાણે હું બાજેહમત બજા લાવીશ. તું જેમ કોલકરાર માંગતો હોય તેમ કરવાથી હું પછાત નહી પડીશ."

દારાની શેવટની વસીહત.

દારાએ સેકંદરનો આ સવાલ પોતાને મનગમતો જાણીને ખુશી થઈ આંખ ખોલી જવાબ દીધો કે "અરે સેકંદર ! મારાં તાજો તખ્તને લાયકનો મારો જીવ લબ ઉપર આવી રહેલો છે. જેમ એક ફુલ ભેજાં થવા લાગું હોય, તે મીસાલે તેવા વખ્તમાં તું મને શું પુછે છે ? જોકે પગથી તે માથાં સુધી ખુનના દરીયામાં હું ગર્ક થયલો છું, તોપણ પાણી વીના મારાં સીનામાં જલણ થાય છે. જેમ વીજળી પાણી ભરેલાં વાદલાંમાંથી દોડે છે, પણ તેની જુબાન તો સુકીજ છે. જે વાં-

સણને બનાવતી વખ્તેજ આધરૂં પડેલું હોય છે તેને મીણથી અથવા રેશમથી બંધ કરવા માંગીયે તે કેમ થાય ? દુનીયાના બે માર્ગ છે, એક આવવાનો અને બીજો જવાનો. જેઓ જીવે છે તેઓ બેચેણીમાં છે. જેઓ મરણ પામેલાં છે તેઓ પણ ઈંતેજારીમાં છે કે કેયામતને રોજે શું થવાનું છે? હમણા તું મારો હાલ જોઇને રાસ્તી ઈનસાફ મને આપ, કાંય જે કોઇ દીવસે તુંનેબી મરવાનું આવશે તેનો વીચાર કર. હવે હું મારૂં તખ્ત ખાલી કરૂં છું, માટે તું ખુશી સાથે શાહનશાહી ભોગવજે. મારાં મરણનો વખ્ત આવી પુગો છે, તે ઉપર જ્યારે માતમ કરવી જોઇયે ત્યારે તું મને પુછે છે કે મારી ખાહેશ શું છે? જો તે ખાહેશ તું બર લાવે તો તે ત્રણ છે. પેહેલી ખાહેશ એ છે કે જેઓએ બેગુનાહ મને માર્યો છે તે બાબે ઈનસાફ આપજે. બીજી ખાહેશ એ છે કે કેયાની તખ્ત ઉપર તું પાદશાહી ભોગવે તેવારે મારી પાદશાહી ઓલાદને દુખ નહી દે; દીલમાં કીનો રાખીને દુનીયામાંથી મારાં કુટુંબને બરબાદ નહી કરે. ત્રીજી ખાહેશ એ છે કે મારા હાથ નીચેનાં લોક અને મારા મેહેલમાં રેહેનારી ઓરતોની આબરૂનો સાંભળ રાખજે, પણ મારી દીકરી જે રોશનક નામની છે તેની સાથે તું શાદી કરજે, કાંયકે તે તારે લાયકની છે. રોશનકથી તારૂં દીલ રોશન થશે. તેથી માથું ફેરવતો ના. આફતાબ રોશની સાથેજ વખણાય છે."

ખુન પછીના બનાવો.

દારાની મરતી વખ્તે બતલાવેલી ત્રણે ખાહેશો સેકંદર કબુલ રાખીને ઉઠી ઉભો થાય છે તેટલાં તો ઈરાનનો પાદશાહ મરણ પામ્યો. કેયાની ઝાડનું ફુલ તુટી પડયું; અસ્પંદીયારની ઓલાદનો અંત આવ્યો; અને તેથી આસમાન અંધારાંમાં આવ્યો. દારાનું તન ખાકમાં ગયું અને જાન આસમાન ઉપર ગયો. સેકંદર તેનું મોહડું જોઇ રાતથી તે બામદાદ સુધી જાર જાર રડયા કીધો. બામદાદને વખ્તે સેકંદરે હુકમ કીધો કે જલદી દારાને કફન દઇ (સંજોગી) સુનાનાં પાળણ (ધેયાન) ઉપર મેળી પથરના દુખમાંમાં મેલે. દુખમે ચહડાવીને સેકંદરે પોતાનો ગમ છોડી રસ્તો પકડયો.

પછી તેણે દારાના ઈરાનના મુલકમાંના ઉમરાઓ અને અકાબરોને એમ લખીને બોલાવી મંગાવ્યા કે "હું તમોને કંઇબી રીતે હેરાન નહી કરીશ, પણ ખુશહાલ કરીશ." જેથી તેઓએ ખુશીથી હાજર થવાની આગમજ વીચાર કીધો કે 'સેકંદર પોતાના વચનનો સાચો છેજ માટે તે આપણને દુખ નહી દેશે.' સેકંદરે ખુશી થઈ તેઓને આવકાર આપ્યો અને દરેક ઉમરા અથવા લશ્કરી સરદારને દારાના વખ્તમાં જે જાગીર મળતી હતી તેના કરતાં બેવડો મુસારો બાંધી આપવાના કોલકરાર કીધા. તે સીવાય દરેકની પદવી પ્રમાણે ખજાનો વાંટી આપ્યો, જેથી તેઓ સરફરાજ થઇ શુકરાના કરી સેકંદરના ઉપર દુઆ કરી કેહેવા લાગા કે "જમશેદનું પાયતખ્ત તારી બેસવાની જગા હોજો. તમામ પાદશાહોનાં સર તારા પગની નીચે હોજો. દારા ગયો તેની જગા ઉપર અમારો નવો પાદશાહ તુંજ છે. દારા શું પણ કેખુસરો અમારો તું છે, માટે અમે તારા હુકમને તાબે છીયે, અમારાં સર તારાં કદમની નીચે નાખેલાં છે. અમો કોઈબી સરકશી કરી બેફરમાન થઈશું નહી."

સેકંદરે જોઈ લીધું કે હફતેકેશવર જમીનના તમામ ઉમરા લોકો ખુશીથી આવી તાબેદાર થયલા છે, તેઓની હજુર પેલા બંધે ખુની વજીરોને કેદમાંથી પકડી મંગાવી સજા કરવી જોઇયે; માટે તે બંધેને હાજર કીધા અને તેઓને સેકંદરે પેહલાં દારાને મારવા બદલે ખજાનો આપવાની કબુલાત આપેલી હતી તે પ્રમાણે આપી દીધો, અને પોતાનો કોલ પાળ્યો. પછી તે બંધે ખુનીઓને સુળી ઉપર ચહડાવી મારી નાખ્યા, અને મનાદી કરી લશ્કરમાં જાહેર કીધું કે "જે પોતાના પાદશાહનું ખુન કરે તે પાપીનો આ ખુનીઓના

જેવો હાલ થશે, અને જે આવા પાપીના ઉપર દયા લાવી છોડી મેળશે તેને જાલેમ ખુની સમજવો."

આ ઢંઢેરો સાંભળી તમામ શેહેરનાં તથા લશ્કરનાં લોકો પાદશાહ સેકંદરના ઇનસાફ ઉપર આફ્રીન કરવા લાગાં; અને તેવાર પછી શેહેરી લોકોને વાસ્તે એક અને લશ્કરીઓને વાસ્તે એક એવાં જુદાં જુદાં બે દસ્તરખાનાં બીછાવી ખાનું ખાઇને સર્વ સરદારો છુટા પડયા. આવી ભારી મજલસ જોઇ સેકંદર વધારે ખુશી થયો, અને મુખ્ય સરદારોને કેટલીક સારી શીખામણ દીધા પછી જંગેશાવરાનની ઓલાદનો નબીરો ફ્રેબર્જ, કે જેણે સેકંદર સાથે સુલેહ કરવા સારૂં દારાને શીખામણ દીધી હતી, પણ દારાએ તેને ધીક્કારી ટપકો આપ્યો હતો, તેને બોલાવી મંગાવી દીલાસો દેઇ પુછયું કે "અએ પીર, જમાનાની વાત જાણનાર, તું જાણે છે કે દારાએ મારી સાથે દુશ્મની કીધી તેથી તે માર્યો ગયો છે, જેમાં મારો ગુનાહ નથી. તું દુનીયાનાં કામોના ભેદનો જાણનાર થઇને શા માટે દારાને સારી સલાહ આપી શકયો નહી? જવાનને જવાનીનો જોસ્સો માથે ચહડી આવ્યાથી તે અણઘટતી રીતે કામ કરે તેને પીરમર્દ સારી નસીહત કરીને અટકાવે નહી તો પીરમર્દ ગુનેહગાર થાય; તેમ તુંએ ભુલ કીધી છે."

ફ્રેબર્જ આ વાત સાંભળી બોલ્યો કે "અએ સેકંદર, મેં દારાને ઘણી ફાયદા ભરેલી નસીહત કીધેલી હતી, પણ તેના દીલમાં અસર થઇ નહી. દારાથી આવી રીતની ખામી થતે નહી તો તારા હાથમાં તેનું તખ્ત આવતે નહી. આસમાન કોઇને પાદશાહી આપવાનો હોય છે તેવારે બીજા પાદશાહને તેનો કેદી કરી આપે છે. તું જોય છે કે દારા જેવા પાદશાહની પાદશાહી તું સેકંદર જેવા નાઘલા પાદશાહને આપી દીધી છે! આસમાનની ચાલ એવી છે કે વેહેતી નદીને રેલના આસેબથી ભાંજી પડાવે છે, ને બીજા હાથ ઉપર નવી નદી પેદા કરી પાણીથી ભરપુર રાખે છે. હમણા તુંને ખજાનો જોઇયે તેટલો આપ્યો છે, જેથી તું મધન નહી થશે અને દુશ્મન જોવાની મુફલેસીથી ખુશી નહી થશે. હમણા તારી સખાવત છે, હકુમત છે, અને બેપરવાઇ છે. કશી વાતની તુંને ધાસ્તી નથી, માટે એશઆરામની સાથે રંગરાગમાં વખ્ત ગુજાર. સખાવતથીજ તારી મુરાદ હાંસલ થશે. જેવારે તું ઘરડો થશે તેવારે શું કરવું જોઇયે તેનો વીચાર કરવો પડશે. જોહાક અને જમશેદને ઘડપણમાંજ વીચાર કરવો જોઇતો હતો. તેમ તેઓએ નહી કીધું તેથી આસમાને તેઓ ઉપર ગજબ કીધો હતો. તેમ તારી ઉપર નહી ગુજરે. જેહાનનો પાદશાહ જૈફીને વખ્તેબી પાદશાહીનું કામ ચલાવતો હોય તે જોઇને તેના દુશ્મનો ખુશી થાય છે, કારણકે જૈફીને લીધે તે પાદશાહની અકલમાં ઘટાડો થવાને લીધે તે અણઘટતાં કામો કરે છે, જેને લીધે તેના વજીરો દુખી થઇને પોતાના પાદશાહને મારવાનો કસદ કરે છે, જેથી દુશ્મનનું જોર વધી પડે છે. દારા ઉપર તેમજ ગુજરેલું છે. કેખુસરો અને કેકોબાદે જૈફીના વખ્તમાં પાદશાહી ઉપર બીજા પોતાના વારેસને બેસાડી પોતે ગોશેનશીન થયલા હતા, અને પોતાની પાદશાહી તજી દીધી હતી; જેમ કીધાથી તેઓ દુશ્મનોની તલવારના જખમથી સલામત રહેલા હતા."

સેકંદર ફ્રેબર્જના આ નસીહત ભરેલા સખુનો સાંભળીને વખાણ કરી બોલ્યો કે "આ બુઢો નેક અને બદ કામ જે પાદશાહીને લાયકનાં છે તેથી પુરતો ખબરદાર છે; લડાઇના બાબમાં અજમાયશ કીધેલો છે." પછી તેણે તેને બીજી વાર પુછયું કે "લડાઇ કીધામાં ફતેહ મેળવવાના શું શું સાંધનો છે? વીખરી ગયલાં લશ્કરને શું તદબીર કીધાથી એકઠું કરી શકાય? અને થાકીને સુસ્ત થઇ ગયલું લશ્કર શું તજવીજ કીધાથી હીમત પકડે?"

ફ્રેબર્જે જવાબ દીધો કે "ફતેહમંદી તે લશ્કર મેળવી શકે કે જે મધે તું જેવો સમજુ પાદશાહ હોય, તેજ પોતાના લશ્કરને એક-

દીલી સાથે રાખે, અને થાકેલાં લસ્કરને હીમત આપે. આગળા જમાનાના લડાયક સરદારોથી એવું સાંભળેલું છે કે બદનના જોર કરતાં લડાઇમાં સીપાહીઓએ હીમત રાખીને લડવું બેહતર છે. લસ્કરમાં ડરામણું દીલ દેખાડવાને બદલે તુંદી અને દીલેરીનો ભપકો બતલાવવો જોઇયે. લડવાની તૈયારીને વખ્તે લસ્કરની મદદ માગવાની ઉમેદ નહી રાખવી, પણ પાદશાહે સબુરી પકડીને ખોદાની મદદ માંગવી, કે જેથી લસ્કર બરકરાર રેહેશે. જ્યારે તું ફતેહ મેળવે ત્યારે તુરત લડાઇ બંધ કરજે. દુસ્મનનાં નાસી જતાં લસ્કરની પુઠે દુંબાલો પકડવાને બદલે તેઓને નાસી જવાના માર્ગ ખુલ્લા મેળજે. કદાચ તારૂં લસ્કર શીકસ્ત પામે, જેથી તું નાઉમેદ થાય, તેવારે દીલોજાનથી લડવું જારી રાખજે. તેમ કરતાંબી તું હાર ખાશે તેવારે તારાં લસ્કરને કોઇ હીચકારૂં નહી કેહેશે. ફતેહની ઉમેદ રાખીનેજ 'લડાઇમાં ઉતરવું અને હીમત રાખીને લડવું. દુસ્મનનો ભય તદન નહી રાખવો. રૂસ્તમે ફરામર્જને એવી શીખામણ દીધી હતી કે 'લડાઇમાં તારા જાનનો ખોફ નહી રાખીને જો તું લડશે તો અલબરોજ પાહાડ જેવાંનેબી જીતી લેશે.' તેજ રીતે અસ્પંદીયારે બેહમનને કહેલું હતું કે 'જ્યાં સુધી તું તારા જાનને જોખમમાં નાખીને નહી લડશે ત્યાંસુધી તું લડાઇમાં જીતવાનો નથી.' દારાએ અને તેના સરદારોએ તેમ નહી અમલ કીધો તેથીજ અમારા પાદશાહે હાર ખાઇને જીવ ખોયો છે, અને પોતાનાજ વજીરોના ફરેબથી મુલુક પણ છોડી દીધો છે. બાજ જેવાં નાંધલાં પક્ષીએ હંસ જેવાં મોટાં પક્ષીને મારી નાંખ્યું છે."

ત્રીજી મરતબે સેકંદરે ફરાબર્જને સવાલ કીધો કે "અએ મેહરબાન પીરમર્દ, મેં એવું સાંભળ્યું છે કે રૂસ્તમ પેહલવાન એકલો જાતે લસ્કરમાં દોડધામ કરતો અને દુસ્મનોમાં તે વાઘની મીસાલે કુદીને મારો ચલાવતો તેવારે શત્રુઓ નાસી જતા હતા. આ વાતથી હું અચરતીમાં છું કે એક તેજ તલવારથી શી રીતે બધાં લસ્કરને નાહસવાની ફરજ પડે?"

ફરાબર્જે પીરે જવાબ દીધો કે "એ તો બોલવાની વાત છે, પણ ખરેખરી રૂસ્તમની લડાઈ એવી રીતની હતી કે લસ્કર મધેથી સરદારનેજ પેહલાં મારી નાખતો હતો, જે જોઇ ગભરાઇને બધું લસ્કર એકદમ નાસભાગમાં પડતું હતું. આ હીકમતથી દુસ્મન ઉપર તે ફતેહ પામતો હતો. બાકી એમ તો કદીબી નહી બને કે એકલો એક સવાર એક તલવારથી બધાં લસ્કરને મારી હટાવે."

[નીજામીએ એ ઉપરાંત સેકંદરની લડાઇઓ વગેરેનું બીજું ઘણું બયાન આપેલું છે, પણ તેને આપણી બાબત સાથ ઝાઝી નીસ્બત નથી.]

૪

શાહનામાની ઉત્પત્તી.

———:o:———

ફસલ ૧—ફીર્દુસીની આગમજની શોધખોળ.

શાહનામુ અને ફીર્દુસી.

યુરોપ અને એશીયાની સંખ્યાબંધ ભાષાઓમાં તરજુમો થયલું મહાકવી ફીર્દુસીનું શાહનામું પારસીઓને માટે તેમના ધર્મ પુસ્તકથીજ ઉતરતું વહાલું દફતર ગણાવું જોઇએ. એ નામીચા શાયરાન શાયરે આ જગપ્રસીધ ગ્રંથ રચીને પારસીઓના આગળા નામચીન પાદશાહોની એક જાવેદાન સુધીની યાદગારીનો ગોયા સ્તંભ ઉભો કીધો છે, કે જે પથર કે લોખંડના મીનારાઓ કરતાં પણ વધારે ઓસ્તવાર અને વધારે સંગીન છે. ફીર્દુસીએ શાહનામું બેતબાજીમાં રચીને પેશદાદ અને કેયાની અને સાસાની પાદશાહોનાં નામ અમર રાખ્યાં છે, પણ તેમ એજ શાહનામાથી એ મહાન શાયરનું નામ પણ અમર રહી ગયું છે તે ભુલી જવાશે નહી.

સાસાની પાદશાહોના વખ્તમાં "બાસ્તાન નામુ" એવો એક ગ્રંથ હૈયાત હતો. તે પેહલવી જબાનમાં હતો, જે ઉપરથી પાછલથી પાજંદ જબાનમાં તેનો તરજુમો થયો હતો. ફીર્દુસીએ અથાગ મેહેનત, જેહમત અને અકલમંદીથી તે ઉપરથી "**શાહનામું**" રચ્યું હતું. પણ તે આગમજ અસલી નામચીન પાદશાહોનાં દાસ્તાનો ભેગાં કરવા માટે સાસાની પાદશાહાત વેળા અને તે પછી ઘણીએક તજવીજો થઇ હતી, કેમકે મજકુર "બાસ્તાન નામા" ઉપર રાજ ગયા પછી ઘણાં ચુંથણાં પડયાં હતાં અને તેનીબી લુટ ચાલી હતી.

આગલા પાદશાહોનો શાહનામા માટે શોખ.

તવારીખંનવેશો એવી રવાએત કરી ગયા છે કે ઇરાનના આગલા પાદશાહોમાં ખસુસ કરીને નોશીરવાન આદેલને આગલા પાદશાહોના અહેવાલની તવારીખ હાંસેલ કરવાનો ઘણોજ શોક હતો, જેથી તે આસપાસના મલુકોમાં હમેશાં શોધ કરાવી, તે જગાના પાદશાહોની વાતો ચોકસ કરાવી તેના જુદા જુદા નસ્ક પોતાના કેતાબખાનામાં રાખતો હતો.

જ્યારે યઝદેજર્દ શેહરીઆરનો જમાનો આવ્યો ત્યારે તેણે પેલા જુદા જુદા નસ્ક જે સંગ્રહ થયલા હતા તે દાનેશવરે દેહકાન નામના મદાઇનના મોટા અકાબર વજીરને હવાલે કરી ફરમાવ્યું કે આ નસ્ક ઉપરથી ગૈઓમર્દથી તે ખુસરો પર્વીઝની પાદશાહીની આખેરી સુધીના અહેવાલની કેતાબ બનાવે. દાનેશવરે દેહકાને પેલા નસ્કોમાં, જે જે બાબતની ખુટ હતી તે દાનાઓ તથા મોબેદોથી તજવીજ કરી તેમાં દાખલ કરી પુરી તવારીખની કેતાબ બનાવી.

જ્યારે સાઅદ બીન વકાસ યઝદેજર્દ શેહરીઆરનો ખજાનો લુટી ઓમર બીન ખેતાબ (ખલીફા)ની પાસે મદીના ખાતે લઇ ગયો ત્યારે તેમાં આ મહાન કેતાબ પણ હતી. ઓમરે તરજુમો કરનારને હોકમ કીધો કે આ કેતાબની મતલબ જાહેર કરે. ત્યારે તેણે તે કેતાબની કેટલીક વાતો તથા પેશદાદી પાદશાહોના અદલના કાએદા વગેરે ઇરાનના પાદશાહોની જાહોજલાલી અને તેઓના વજીરોની નેક તદબીરનો ખોલાસો કીધો. તે સાંભળી ઓમરે ઘણો ખુશી થઈને તે કેતાબનો અરબી જુબાનમાં તરજુમો કરાવ્યો.

જ્યારે યઝદેજર્દના લુટેલા માલ ખજાનાના લસ્કરી સરદારોને ઓમરે વાટાં પાડી અપાવ્યાં ત્યારે બીજા લુટના માલ સાથે એ કેતાબબી હેબસના સરદારોનાં વાંટામાં આવી, અને

તેઓએ પોતાના હેબ્સના પાદશાહ પાસે બીજા હદીઆ સાથે એ કેતાબ ભેટ મોકલી. હેબસના પાદશાહે પોતાની જુબાનમાં તે કેતાબનો તરજુમો કરાવ્યો. તેથી તે પુરતી રીતે વાકેફ થયો. ત્યાર પછી ઘણું કરીને હેબ્સના મુલકમાં અને હીંદુસ્તાનમાં એ કેતાબ પ્રસીધ થઇ.

જ્યારે ખુરાસાનના પાદશાહ યાકુબ લીસને[1] એ વાતની ખબર મળી તેવારે તેણે એ કેતાબ મંગાવી અબુ મન્સુર અબ્દુલ રજાક બીન અબ્દુલ્લા ફરરૂખ નામનો ઇતબારી વજીર હતો તેને ફરમાવ્યું કે—"જેમ પેહેલવીમાં દાનેશવરે દેહેકાને જીકર લખેલી છે તેમ ફાર્સી જુબાનમાં તે કેતાબનો તરજુમો બનાવે, અને ખુસરો પર્વીજના વખ્તથી તે યજદેજર્દની આખેરી સુધીમાં જે નવા બનાવો બનેલા છે તે પણ તે મધે દાખલ કરે."

ત્યારે અબુ મન્સુર અબ્દુલ રજાકે પોતાના બાપના વકીલ નામે સઉદ બીન મન્સુરલ અમરીને એ કામ સોંપ્યું. તેણે પોતાની સાથે બીજા ૪ શખ્સોને લઇ હીજરી ૩૬૦નાં વરસમાં આ કેતાબ દરૂસ્ત કીધી, તેઓનાં નામ:—તાજ બીન ખુરાસાની (હરીનો રેહેનાર), યજદાં દાદ બીન શાપુર (સીસ્તાનનો), માહુએ બીન ખુરશેદ (નીશાપોરનો) અને સુલેમાન બીન નુરીન (તુસનો રેહનાર). ત્યાર પછી એ કેતાબની નકલો એરાકમાં ઉતારી લીધી હતી.

જ્યારે યાકુબ લીસનાં ખાનદાનની પાદશાહી સામાની તોખમના પાદશાહોને હાથ ગઇ ત્યારે તેઓનેબી એ કેતાબ વાંચવાની ઘણીજ ખાહેશ હતી તેથી તેઓએ એ કેતાબ બેતમાં લખવાને દકીકી નામના શાએરને હોકમ કીધો, પણ દકીકીએ એક બે હજાર બેત લખ્યાં તેટલામાં એકાએક તે પોતાના ગુલામને હાથ માર્યો ગયો, જેથી એ કામ જેમનું તેમ પડી રહેલું હતું.

પણ જ્યારે સામાની ટોળાની પાદશાહી મેહેમુદ સબક્તગીનને હાથ ગઇ, ત્યારે મેહેમુદ, કેજે પણ સામાની તોખમના પાદશાહોની રીત પ્રમાણે તમામ કામો કરતો હતો, અને ઘણોખરો પોતાનો વખ્ત હેકમતના એલમની તકરારના શોગલમાં રોકતો હતો, અને વળી ઇરાનના પાદશાહોની તવારીખ વાંચવાનો પુરો શોખીલો હતો, તેણે એવી ઇછા બતલાવી કે એ કેતાબ બેતમાં બનાવવા પાછલા સામાની પાદશાહોએ ખર્ચ કીધો હોય તે કરતાં વધારે કરી "બાસ્તાન નામા" ઉપરથી એક કેતાબ બેતમાં બનાવવી.

ખુર ફીરોજની કાહાણી.

વળી બીજા લખનારાઓ એ કેતાબ મેહમુદના હાથમાં આવવાનું કારણ એવું બતાવે છે કે, ફાર્સના શાહાજાદાઓમાંથી નોશીરવાનની એોલાદનો ખુર ફીરોજ નામે એક શખ્સ જમાનાંની ગેરદેશનો મારેલો પોતાનું ફાર્સ વતન છોડીને મેહમુદની રાજધાની ગજની શેહેરમાં આવ્યો. તેની કંગાળ હાલત બાબે નીચે લખેલાં બેત લખાયલાં છે:–

ચું સાયેહ તહી ગસ્તે અજ ખાસતે,
શુદેહ બદ્રે એશશ જે ગમ કાસતે.
ગરશ કુર્સે ખુર બીહેજાબ આમદી,
ચું દીદે દેહાનશ પુર આબ આમદી.

માએની—"જ્યારે તેની પુંજી પડછાયાની મીસાલે ખાલી થઇ ગઇ ત્યારે તેના એશ આરામના પુનેમનો ચાંદ ગમથી ઘટી ગયો. જ્યારે તે સુરજનો રોટલીના જેવો આકાર ખોલ્લી નજરે જોતો ત્યારે તેનું મોહડું (પસ્તાવાનાં) પાણીથી ભરાઇ જતું."

ખુર ફીરોજે વીચાર કીધો કે પોતાની ઉપર ગુજરતા જુલમનો અને મુફલેસીનો અહેવાલ મેહમુદને જાહેર કરે.

કે સુલતાં ચુ આં કીસ્સે અસગા કુનદ,
મગર દર્દે ફેક્રશ મદાવા કુનદ.

માએની—"પાદશાહ જો તે વાત સાંભળે તો તેની મુફલેસીનાં દુખનો ઇલાજ કરે."

---

૧ ઇરાનના સફારી ટોળાનો આ પેહેલો પાદશાહ હતો. પ્રથમ એક કંસારા ઉપરથી વધીને તે ઇરાનનો ધણી થયો હતો. એને માટે જુઓ "તારીખે શાહાને ઇરાન," દફ૦ ૨, સફે ૨૭૧.

તે કારણ સારૂં પાદશાહની દરબારની આસપાસ ભટકયા કરતાં માહતાબનાં નુરના જેવી સુરતના એક શખ્સને દીઠો, કેજે નેક ખસલતનો પાદશાહનો ઇમામ (પેહેલો વજીર) હતો. તેની આગલ પોતાની પરેસાન હાલત બાબે થોડીએક અરજ કીધી અને—

જફાહાએ ચર્ખે સીતમગાર ગોફત,
ગમે દૂરી અજ મરકનો યાર ગોફત;
હદીસે ગરીબી ઓ ફેકે નીઆજ,
એકાએક બનજદીકે ઉ ગોફત બાજ.

માએની—"સેતમગાર આસમાનથી પડતી જફાની તથા પોતાનાં વતનની અને કુટુંબથી દુરદરાજીના ગમની તથા પોતાની ગરીબી, મુફલેસી અને હાજતમંદીની દરેક વાત ઇમામને કહી સંભળાવી."

ત્યારે નેકનામ ઇમામે કોલ આપી કબુલે કીધું કે "કોઇ વખ્તે પાદશાહની હજુરમાં તારા હેવાલ બાબે અરજ કરીશ કે જેથી તારાં ઉધાં તાલેના પત્ર ઉપર જમાનો ફરીને શુભ એકબાલના સખુન લખે.''

તે ઉપરથી ખુરશીરોજ ખુરશીદે સારાં એઆન અને રંગીન એબારતથી પોતાના હેવાલના ખુલાસા સાથે એક અરજી લખી, એવી નેમથી કે ઇમામના વસીલાથી પાદશાહ મેહમુદની હજુર તે ગુજારે.

એક દીવસે તે પાદશાહની દરબારમાં ગયો, જ્યાં તેણે સાત તારાના જુમખાની મીસાલે સાત શાએરોને એકઠા થએલા દીઠા.

સવારાંને મજમારે નજમે દરી,
સલાતીને તખ્તે હોનર પર્વરી,
બમેદાં દર અફકંદ ગોયે સુખન,
બરએશાં નજારે કુનાં અંજમન.
દર અસ્નાએ ઇ હાલો ઇં દાવરી,
ગેરફતંદ તુમાર અજ ઓન્સરી,
ચું લોલો બ દરીઆઓ ગોહર બકાન,
ફેરસ્તાદ નજદીકે શાહે જેહાન.
બરાં નજમે ચું ચસ્મે સુલતાં ફેતાદ,
ચું દોર દાને દર ગૂશે ખુદ જાએ દાદ,
જબાંરા બતેહસીને ઉ બર કશુદ,
બ તશ્રીફે ખાસશ નવાજશ નમુદ.

માએની :—"ફારસી જુબાનની નજમનાં ઓહોલાં મેદાનમાં સવારો, હોનરમંદોનું પાલણ કરનારાં તખ્તના પાદશાહો, સખુનોની દડી મેદાનમાં ફેંકતા હતા, જે ઉપર નજર રાખીને મજલસીઓ જોતા હતા. એવી હાલત અને ઇનસાફની વેળાએ ઓન્સરી પાસેથી તેઓએ એક ખરીતો લીધો, જે મધેથી દરીઆનાં મોતી અને ખાણમાંનાં જવાહેરની મીસાલનાં ઓન્સરીનાં બેતો મેહમુદની આગલ મેલ્યાં. તે ઉપર જ્યારે પાદશાહની નજર પડી ત્યારે મોતીના દાણાની મીસાલે તેને પોતાના કાન મધે જગા આપી, અને તે બેતોની વખાણ કીધી અને ઓન્સરીને ખાસ સરપાવ સાથે નવાજ્યો."

પછી પાદશાહનો એવો હુકમ થયો કે એ કેતાબ નજમમાં (બેતમાં) ઓન્સરી બનાવે. આ વાત સાંભળતાં ખુર શીરોજનો ચેહેરો તાજુબીથી સુરજની મીસાલે તપવા લાગો. જ્યારે સઘળી વાતથી વાકેફ થયો ત્યારે વળી ફીકરના આતશથી બલવા લાગો કે—

"અરે આ કેવી કેતાબ હશે કે હજુ મેં તો તે વીશે બોલવાનો શોગલબી કીધેલો નથી, તેમ છતાં તે કેતાબની ગોઠવણ થાએ છે અને હજુ તો ઓન્સરીએ તે કેતાબ બનાવવાની ગોઠવણનો પાયોબી નથી નાખ્યો તેટલાંમાંજ આટલીબધી નવાજેશને તે લાયક થયો છે."

એ બાબે ખુરશીરોજે ઇમામને ખુલાસો પુછયો, તેનો ઇમામે જવાબ દીધો કે–"દરેક પાદશાહ કુદરતથીજ જુદી જુદી ચીજોના શોકીલા હોય છે. કોઇ પાદશાહને મજલસના અસબાબનો અને આપ લે કરવાનો, બીજાને લડાઇના કામની પુછપરછ કરવાનો અને લડાઇમાં ખરાબી કરવાનો શોક હોય છે, પણ આ કામેલ મેહેમુદ પાદશાહને તો (ઘણું કરીને) દાસ્તાનો અને કામેલ શાએરોનાં બેતો સીવાએ બીજી ખાહેશ નથી, જેથી તેની દરબારમાં જમાનાના ફાજેલ લોકો તથા દુનીયાના નાના

મોટા અકલમંદો સીતારાની મીસાલે એકઠા મળેલા છે.

હુનર નેજદે આં શાહે રોશન રવાન,
ખુરદ હમચું જાં દર તને નાતવાન.
હુનરમંદ દર અ્હેદે ઓ કામરાન,
કશદ રખ્શે એકબાલ દર જીરે રાન.

માએની—"આ રોશન રવાનના પાદશાહની આગલ હુનરનો દરજ્જો જેમ એક અશકત બદનમાં જીવ હોય તે મીસાલનો છે. હુનરમંદો તેના જમાનામાં મુરાદ પામે છે, અને પોતાના એકબાલનો ઘોડો પોતાની જાંગ નીચે ચલાવે છે."

વળી ઇમામ બોલ્યો કે—"હવડાં કેટલાક દીવસો થયા 'સેર અલ મલુક' નામે કેતાબ (પાદશાહોના અહેવાલની) સજસ્તાનથી લાવેલા હતા તે બાબે આદેલ પાદશાહે ફરમાવ્યું કે આ સેરૂલ મલુકની હકીકતનાં જવાહેરોને બેતોની લડીમાં લાવે. આજે તે બેતો બનાવી લાવવાની કબુલતનો દીવસ છે, તેથી શાયરો પોતપોતાનાં બેતો બનાવી લાવી દરબારમાં એકઠા મળે છે. તેઓ મધેથી ઓન્સરીનાં બેત પાદશાહને ઘણાં પસંદ પડયાં છે, જેથી એ કેતાબ બનાવવાનું કામ ઓન્સરીને સોંપ્યું છે."

ઇમામથી આ વાત સાંભળીને ખુર ફીરોજે એક થંડી આહ જીગરથી મારીને પોતાનો ગમ અને દીલગીરી જાહેર કીધી; ત્યારે ઇમામે પુછયું કે "તુંને દીલગીર થવાનુ કારણ શું છે?" ખુર ફીરોજે નીચે લખેલા બેતમાં જવાબ દીધોઃ—

"ગરમ ચર્ખ કર્દી હમી યાવરી,
શુદી અખ્તરે તાલેઅમ મુસ્તરી,
ને આસુદમી યકદમ અજ ખુર્દો ખાબ,
બદરગાહ આવર્દમી ઈં કેતાબ."

માએની—"અગર આસમાન મારી મદદ કરતે અને મારાં નસીબનો સેતારો બરેસ્પતી હતે તો હું ખાધાપીધાની અને ખુવાબની એક દમખી આસાએશ લીધા વીના તે કેતાબ દરગાહમાં લાવતે."

ત્યારે ઇમામ બોલ્યો કે "તારી કીધેલી અરજી મધે આ અહેવાલબી દાખલ કર કે જેથી પાદશાહ તુંને હજુરમાં બોલાવી મંગાવવાનો વીચાર કરે અને પાએતખ્ત આગલ તારો દરજ્જો વધારે."

"સેર અલ મલુક"ની જુસ્તેજુ.

ખુર ફીરોજે આ વાત સાંભળી પોતાની અરજીમાં તે દાખલ કરી. પછી ઇમામ મારફતે તે અરજી મળી તે વાંચીને પાદશાહને એ કેતાબ મેળવવાને ઘણી ખાહેશ હતી તેથી તે મંગાવવા વીશે ખુરફીરોજને પુછયું. તેણે જવાબ દીધો કે "મારે વતન જાઇને હું તે કેતાબ લઈ આવું એમ બનવું ઘણું મુશકેલ છે, મગર કાસદને નામુ લખી આપી મંગાવવાને બની શકશે." તેજ વખ્તે કાસદને નામું લખી આપી મોકલ્યો કે તેના કબીલાને નામુ પોહોચાડી કેતાબ આપે તે લઈ આવે.

"બેરૂં રફત કાસદ ચુ બર્કે જેહાં,
નેહાદે શબોરોજ સર દર જેહાં;
ચું સર સર શુદી દર નસીબો ફરાજ
શુદી દર દેલે શબ ચું દર સીને રાજ.

અર્થ—ઝુલતી વીજલીની મીસાલે કાસદ બાહેર નીકળ્યો, રાત અને દીન પોતાનું સર ઝુકાવતો ચાલ્યો. પવનની બાફક ઉંચે નીચે ચાલવા લાગો, જેમ છાતીમાં ભેદ હોય તેમ રાતનાં અંધારાંમાંબી તે ચાલવા લાગો.

જ્યારે તે ખુર ફીરોજને મુકામે પોંહોચ્યો ત્યારે નામું આપ્યું. તેઓએ કાસદને હદીઆ સાથે પેલી કેતાબ હવાલે કીધી. તેણે લાવી પાદશાહની હજુર મેળી. આ કારણને લીધે ખુર ફીરોજનો મરતબો પાદશાહ આગલ વધ્યો.

બીજી રવાએત એવી રીતે છે કે એ કેતાબની બાબતો એકઠી કરવા સારૂં મેહેમુદને લોભ ઘણો છે એવી ખબર તમામ મુલકમાં જાહેર થઇ તેવાંરે કેરમાનનો પાદશાહ જે મેહમુદની દોસ્તીનો ઘણો તલબગાર હતો અને હમેશાં તેને સારૂં હદીઓ મોકલ્યા કરતો હતો, તેણે તે ઐઆમમાં શાપુર જુલકતાફની ઓ-

લાદનો આજર બુર્ઝીન નામે એક શખ્સ કેરમાનમાં રેહેતો હતો અને જે હમેશાં ઇરાનના પાદશાહોની દાસ્તાનોનો સંગ્રહ કરતો હતો, તેને કેરમાનના પાદશાહે કેટલાંક પુસ્તકો સાથે લઇને મેહમુદ પાસે મોકલ્યો. મેહમુદે તેને ઘણો નવાજ્યો અને કેરમાનના પાદશાહ પાસે કીમતી હદીઓ મોકલ્યો. આ કારણથી બંધેની દોસ્તીનો ગાંઠ મજબુત થયો.

ત્રીજી રવાએત એમ છે કે મર્વ શેહેરમાં ગોઈ આજાદ નામે એક શખ્સ હતો તે જાલે શામ નરીમાનની ઓલાદનો હતો. તેની પાસે રૂસ્તમ, જાલ અને સામની કેટલીક દાસ્તાનો હતી, તે લઇને તે મેહમુદ પાસે ગયો. તેને મેહમુદે કેટલીક બખશીશ આપી હતી. એવી રીતે ઇરાનના આગલા પાદશાહોની તમામ તવારીખ સુલતાન મેહમુદે મેળવી હતી.

ફસલ ૨—ફીર્દુસી શાહનામુ બનાવવા માંગેછે.

શાયરનું બચપણ.

ગજનીના શાહ મેહમુદે જ્યારે એક તરફથી શાહનામાનું પુસ્તક રચાવવા માટે ગોઠવણો કરવા માંડી, ત્યારે બીજી તરફથી તેનો ખોદા પસંદ રચનાર પોતાની ગરીબ જીંદગી પોતાનાં ગરીબ ગામમાં ગુજારતો હતો. તે ખોરાસાનનાં તુસ શેહરમાં રેહેતો હતો. તેનો બાપ અહમદ એ શેહરના હાકમના બાગનો રખેવાળ હતો. તેનું પોતાનું નામ અબુ કાસમ હતું, પણ પાછલથી તે ફીર્દુસી તુસીને નામે જગ આશકાર થઈ ગયો છે.

ફીર્દુસીના જનમની એક રાત આગમજ તેના બાપ અહમદે એવો ખ્વાબ જોયો કે તેનાં ઘરને છેક મથાળે જઇ આ બાળક યાને ફીર્દુસી કેબલા (મક્કા શેહેર) તરફ મોહડું કરી એવો મોટો પોકાર મારે છે કે તેનો આવાજ ચો તરફ સંભળાય છે.

બીજે દીને સહવારે અહમદ પોતાનાં ગામના શેખ નજીબેદીન નામે ખ્વાબની તાસીર કેહનારને ઘેર ગયો અને પોતાના સ્વમાથી તેને વાકેફ કરી તેનો ભેદ પુછયો. પેલાએ જવાબ દીધો કે "તારો બેટો એક નામીચો શાયર થશે અને તેના સખુનો ચોખુંટ પૃથ્વીમાં ફેલાવો પામશે અને તેનાં બેતોને સઘળે ઠેકાણેનાં લોક કબુલ રાખશે."

બાળપણની મોટી ઉમેદ.

હવે જ્યારે ફીર્દુસી એલમ શીખવાને લાએક થયો ત્યારે ભાતભાતની વીદ્યા હાંસલ કરવામાં પોતાની બરાબરીઆઓ કરતાં વધારે સરસ નીકળ્યો. કેતાબો વાંચવાનો શોક વધારે રાખી પોતાનો વખ્ત તે કામમાંજ તે રોકતો હતો. તેનું ઘર એક નદીના કીનારા ઉપર હતું, કે જેનું પાણી તુસવાળી નદીમાંથીજ વેહેતું હતું. ફીર્દુસીને તે પાણી સાથે ગમત ઘણી હતી, પણ હરવખ્તે રેલતું પાણી બંધારાને તોડી નાખી ગામને નુકસાની પોંહોંચાડતું હતું, તેથી ફીર્દુસી ઘણો દીલગીર થતો હતો, અને દરરોજ એવી ઉમેદ રાખીને બોલતો કે "મારૂં નસીબ હોય ને મારેથી બની શકે તો આ બંધારો જે કચરા અને મટોડાંથી બાંધવામાં આવેછે તેને બદલે પથર અને ચુનાથી મજબુત બાધું, કે જેથી તેને રેલ નાબુદ કરી શકે નહી." એ કામની પોતાની ફરજ હોએ તેમ તે ધારતો હતો કે તેને ખોદાતાલા રોજી બક્ષે ને તેની પાસે તેટલી પુંજી થાએ તો તે પુલના કામમાં ખરચ કરે.

શાહનામું બનાવવાનો ઇરાદો.

એવું કેહેછે કે ફીર્દુસીને શાહનામાંનાં બેત બનાવવાની પુરતી ખાહેશ હતી, તેથી તે એવું ધારતો હતો કે એ કામ કરી શકું તો પુલ બાંધવાની મારી મુરાદ હાંસેલ થાએ. આથી તેણે શાહનામું બનાવવાનો એરાદો મુસ્તકીમ રાખેલો હતો. મગર ઇરાનના પાદશાહોની પુરતી તવારીખ તેની પાસે નહી હતી, જેથી મહમદ લશ્કરી નામના પોતાના એક દોસ્ત સાથે તેણે એક દીવસે એ કામ બાબે મશવરત કીધી.

તેણે તેને ઉલટ આપી, લલચાવી, ઘણું હેસાન બતલાવીને કહ્યું કે "એ બાબતની તવારીખ પુરેપુરી મારી પાસે મોજુદ છે. જો તારી ખાતરી હોએ તો એ કામમાં પુરતી કોશેશ કરવી જોઇએ."

પછી ફીર્દુસી વગર વાંધો લેવે તે કામ બનાવવામાં મશગુલ થયો, પણ મહમદ માસુક નામે તુસનો એક ઓલીઆ હતો તેની પાસે જઇ આ પોતાનાં કામની મરજી જણાવી. ઓલીઆએ દુઆ દઇને જવાબ દીધો કે "કમર બાંધ અને જુબાન ખોલ, તારી મોરાદ હાંસલ થશે." આ જવાબ સાંભલીને ફીર્દુસીની ખાતર જમા થઇ, કાંએકે તે જાણતો હતો કે એ ઓલીઆ જે કેહે છે તે બને છે, પછી તેણે ફરીદુન અને જુહાકની દાસ્તાન બેતમાં બનાવી, જે વાંચવાને સર્વે કોઇને રગબત થઇ. તે વખ્તે તુસનો હાકમ અબુ મન્સુર, કે જે મેહમુદને તાબેનો હતો, તેનેબી આ બેતો ઘણાં પસંદ પડયાં, જેથી તેણે ફીર્દુસીને નવાજયો અને ઉલટ બતલાવી. એટલામાં ખોદાના બનાવથી અબુ મન્સુર મરણ પામ્યો, જેથી ફીર્દુસીનાં કામમાં હરકત થઇ પડી.

દરબારી ઇજન.

પછી મેહમુદે અર્સલાન નામનો બીજો એક હાકમ તુસમાં મોકળ્યો. હવે તે વખ્તે મેહમુદનેબી ખબર મળેલી હતી કે તુસમાં ફીર્દુસી નામે શાએર શાહનામું બનાવે છે જેથી તેણે ફીર્દુસીને ગજની મોકળવા સારૂં અર્સલાન હાકમ ઉપર નામું લખી મોકળ્યું, જેણે ફીર્દુસીને બોલાવી નામાની હકીકત સમજાવી. પેહલાં તો ફીર્દુસીએ ગજની જવા સારૂં આનાકાની કીધી, પણ પાછલથી મહમદ માસુક ઓલીઆની વાત યાદ આવ્યાથી દીલમાં જે અંદેશો હતો તે દુર કરી હેરાત જાઇ પોહોચ્યો.

આ ખબર સરકારના દેવાન મુનશી બદીઓદીનને થવાથી તેણે ઓન્સરી અને રોદકીને કહ્યું કે "તમે શાહનામુ બનાવી શકો એવો ભરોસો મેહમુદને આવનાર નથી; ફીર્દુસી હેરાત સુધી આવી લાગો છે; તમે જો નીશફળ થશો તો વધારે નામોસી ભરેલો બનાવ થઇ પડશે."

ઓન્સરી અને રોદકીએ બદીઓદીન દેવાનને એવો જવાબ દીધો કે "તમે પાદશાહને જણાવતા ના કે હમે ફીર્દુસીને પાછો ફેરવ્યો છે. હમે એવી તદબીર કરીએ છીએ કે ફીર્દુસી નહી આવવા બાબે ઓજરખાહી કરીને જવાબ લખી મોકળશે."

શાયરોની અદેખાઈ.

એ પછી ઓનસરી અને રોદકીએ એક કાસદ કાહાડીને ફીર્દુસી ઉપર એવો સંદેશો કેહેવાડી મોકલ્યો કે "તારા હકમાં હમારો એતેકાદ કેવો દરજજા ધરાવે છે તે તું સમજે છે. તારૂં ભલું થાએ એવી તું આશા રાખે છે, અને તેવો વીચાર અગાડી થએલો હતો ખરો, પણ હમણાં તો એવું માલુમ પડે છે કે તારી મુબારક ખાતેરની પરેસાની અને વખ્તની નુકસાની વીના બીજું કાંઇ વલવાતું નથી. મુદત થઇ તુંજ પ્યારાને બોલાવવા બાબે પાદશાહનો હુકમ થયલો હતો, ત્યાર પછી આજસુધી મજલસમાં તારી યાદ અથવા જીકરબી થએલી નથી. હવડાં પેહેલા હુકમનો ખોલાસો કરી ચુકા છઈએ, તે ઉપર ભરોસો રાખી આખર તંકસીરવાર અને સરગરદાન નહી થવું પડે તેમ કરવું."

કાસદથી આ સંદેશો સાંભળી ફીર્દુસી ફીકરમાં પડયો, અને પાછો ફરવાનો ઇરાદો કીધો. પછી વીચાર કીધો કે આ વાત કોઇએ અદાવતથી કાહડેલી હશે, જેથી કેટલાક દીવસ અબુ બકર વરાકનાં ઘરમાં ભરાઈ રહ્યો. તેજ અરસામાં બદીઓદીન દેવાન (કે જે ફીર્દુસીને પાછો ફેરવવાની વાતમાં પેહેલાં શામેલ હતો) તેને ઓન્સરી સાથે અદાવત પેદા થઇ, તેથી બદીઓદીને ફીર્દુસી ઉપર સંદેશો મોકળ્યો કે ઓન્સરી અને રોદકીએ તારી ઉપર જે પેગામ મોકળેલો છે તે તદન ખોટો અને અદેખાઇ ભરેલો છે. માટે જો તું મારી વાત ઉપર ભરોસો રાખતો હોય તો જેમ બને તેમ જલદીથી ગજનીમાં આવ." ફીર્દુસીએ બદી-

ઓદીનને જવાબ લખી મોકલ્યો, તેમાં નીચે લખેલાં બેતો પણ હતાંઃ—

બગુશ અજ સરૂશમ બસી મોજદહાસ્ત,
દેલમ ગંજે ગૌહર, જબાન અજ્દહાસ્ત;
નેસંજદ બમીજાને મન ઓન્સરી,
ગીહા ચું કશદ પેશે ગુલ્બન સરી;
જે બીદાનેશી બાશદો કોદકી
કે રાયે ફજુની જનદ રોદકી.

માએની—સરોશે મને ઘણી ખુશ ખબર આપેલી છે. મારૂં દીલ જવાહીરનો ખજાનો છે અને મારી જીભ સર્પની મીસાલની છે. જેમ ઘાસ ગોલાબના છોડવા સાથે બરાબરી નહી કરી શકે, તેમ મારી શાયરીમાં ઓન્સરીનો સમાસ થાયજ નહી. રૂદકી બુજર્ગીની દમર મારે છે તે મુર્ખાઇ અને નાદાની છે.

પછી ફીર્દુસી હેરાત છોડી ગજની ખાતે જઇ પુગો.

બાજે લખનારા બોલે છે કે તુસના હાકમથી ફીર્દુસીને જુલમ ખમવો પડેલો તેની ફરીઆદ કરવા સારૂ તે ગજની ગયલો હતો.

દરબારના સાત શાયરો.

તે દીવસોમાં મેહમુદે ઈરાનના પાદશાહોની તવારીખ મધેથી ૭ દાસ્તાનો લખાવવાનો ઠેરાવ કીધેલો હતો. દરેક શાયરે એકેકું દાસ્તાન બેતમાં બનાવવા સારૂં સાત શાયરોને મુકરર કીધા હતા. તે મધેથી જે શાયરની બેત વધારે સારી હોય તેને તમામ શાહાનામું લખવાનો અખ્તીયાર આપવાનો નીશ્ચય કીધેલો હતો. તે શાયરોનાં નામઃ-

૧ ઓન્સરી, ૨ ફરરોખી, ૩ જીની, ૪ અસ્જુદી, ૫ મુનજનક, ૬ ખુરરમી, ૭ તરમદી.

ઓન્સરીને સોહોરાબનું દાસ્તાન સોંપેલું હતું. સઘળા સાતે શાયરો શાયરીનાં ફનમાં આસમાનના સેતારા જેવા હતા. તેઓ પાદશાહના ફરમાવ્યા મુજબ પોતપોતાનું કામ બજાવ્યામાં મશગુલ હતા. તે અરસામાં ફીર્દુસી ગજનીમાં આવી પોહોચ્યો, અને તેણે એક બાગના ખુણામાં ઉતારો લીધો, અને એક જણને પોતાના આવ્યાની ખબર આપવા શેહેરમાં મોકલ્યો. પછી એક ખોદાની નમાજ કરવા વજુ કરીને બેઠો.

એવો બેતેફાક બન્યો કે ગજનીના ત્રણ શાયરો ઓન્સરી, ફરરોખી, અને અસ્જુદી પોતપોતાના ખુબસુરત ગોલામો સાથે હરીફીથી વેગલા રહીને ત્યાં ખુશી કરવા આવ્યા હતા. તે બાગમાં નમાજથી ફારેગ થઇને થોડો વખ્ત તેમની આગલ જવાને ફીર્દુસીએ ઇરાદો કીધો. જેવો તે તેમની આગલ જાયછે તેટલામાં તેઓ પોતપોતામાં બોલ્યા કે "આ લુખો પરહેજગાર આપણા એશમાં ખલલ કરશે, માટે એને દુર કરીયે."

એકે કહ્યું, "બદમસ્તી કરીએ."

ઓન્સરીએ મના કરી કહ્યું કે, "સર્વે સાથે દીલેરી નહી કરીએ."

ત્રીજાએ કહ્યું કે, "આપણ દરેક જણ એકેકો મીસરો બોલીએ, તે મધેનો ચોથો મીસરો મુશ્કેલ કાફીઆનો એની પાસે બોલાવીએ. જો બોલે તો સાથે બેસાડીએ; નહી બોલે તો માફ મંગાવીએ."

ઓન્સરી બોલ્યો કે "એ વાત કાયદાસર છે."

ફીર્દુસી પોતાના હરીફોને માત કરેછે.

જેવો ફીર્દુસી તેમની નજદીક ગયો કે તેને ઇજત આપીને બેસાડયો, અને ઉપલો ઠેરાવ કહી સમજાવ્યો. ફીર્દુસીએ જવાબ દીધો કે "મારેથી બની શકશે તો તેમ, નહીતો શીક્ષાને લાયક થઇશ." પછી એક માશુકની તારીફમાં ચારે શાયરો એકેકો મીસરો બોલ્યા તે નીચે મુજબઃ—

૧ લો મીસરો ઓન્સરી બોલ્યોઃ—
ચું આરજે તો માહ નબાશદ રોશન.
૨ જો ફરરોખી બોલ્યોઃ—
માનંદ રોખત ગુલ નબુવદ દર ગુલશન.
૩ જો અસ્જુદી બોલ્યોઃ—
મેજ્ગાને તો ગુજર હમી કુનદ અજ જોશન.

આ પછી ત્રણે શાયરો પોતાના હરીફ સામે આંખ ઉઘાડી મશ્કરીમાં જોવા

લાગ્યા, કેમકે તેઓ એમ સમજતા હતા કે "શન" જેવો બોલ શેવટે આવે એવો એકે શબ્દ ભાષામાંથી હવે મળવાનો નથી, કેમકે એવા માત્ર ત્રણુજ શબ્દો છે, તો ફીર્દુસી ચોથો મીસરો કેમ પુરો કરશે. પણ આપણા શાયરે નીચલો મીસરો કહી તેમને શરમીંદા કીધા.

૪ થો મીસરો ફીર્દુસી તેજ વખ્તે આ મુજબ બોલ્યો:—

માનંદ સનાને ગીવ દર જંગે પશન.

માએની—

ઓન્સરી—તારા ચેહેરાની મીસાલનો રોશન તો માહતાબબી નહી હોએ.

ફરરોખી—તારા મુખડાની મીસાલનું તો બાગમાં ગોલાબનું ફુલબી નહી હોએ.

અસ્જુદી—તારી પાંપણ (નો તીર) તો બખ્તરમાંબી દાખલ થાય છે.

ફીર્દુસી—જે મીસાલે કે પશનની લડાઈમાં ગીવનો નેજો (બખ્તરમાં દાખલ થયો હતો).

પેલા પશેમાન થયલા શાયરોએ "ગીવ" અને "પશન" ની હકીકત પુછી. ફીર્દુસીએ ખુલાસો કરી જવાબ દીધો, જે ઉપરથી તેઓએ હવે તેની કાબેલીઅતને કબુલ રાખી અને દોસ્તી કીધી. એ પછી આ શાએરો તેની પરીક્ષા લેયા કરતા હતા, મગર ફીર્દુસી હાજર જવાબીનાં ફનમાં ઘણો ચાલાક હતો. આ બાબતમાં તેની એવી તારીફ થઇ છે કે—

ચુ ગસ્તી બર અસ્પે બદાહે સવાર
બર આવર્દી અઝ ખેલે ફેક્રત દમાર;
બરૂમેહ સુખન દર સફે અર્તેહાલ,
શેકસ્તી બ એક હમ્લે કલ્બે રજાલ.

માયેની—જેવારે તે હાજર જવાબીના ઘોડા ઉપર સવાર થતો તેવારે દાનાઇનાં લસ્કરીનાં ભેજાં બાહેર કાહાડતો. કુચ કરવાની સફ (હારબંદી) માં સખુનના નેજાથી એકજ હુમલામાં પેઆદાઓની સફને તોડી નાખતો.

ગજનીના શાએરોએ જ્યારે ફીર્દુસીની કાબેલીયત જોઈ ત્યારે અદેખાઇથી પોતાનો વગ ચલાવીને પાદશાહની મજલસમાં જવાના તેના રસ્તા દરબાનોની મારફતે બંધ કીધા.

આપણા શાયરનો એક નવો દોસ્ત.

પણ ખોદાનું કરવું એવું બન્યું કે પાદશાહ મેહમુદનો માહક નામે એક સોહબતી પેલા બાગમાં ફીર્દુસીને મળ્યો. થોડીએક વાતચીતમાં ફીર્દુસીને શાએર અને દાનેશમંદ દાખલ ઓલખી પોતાને ઘર મેહેમાન લઇ ગયો, અને તેનો તમામ અહેવાલ પુછયો કે તે કાંહાંથી આવ્યો, શા કારણુ સારૂં આવ્યો, ઇત્યાદી. ફીર્દુસીએ પોતાના તમામ અહેવાલનું બેઆન કીધું તેમાં પોતાની ઉપર જુલમ ગુજરેલો હતો તે, તથા શેહેરમાં આવવાનું કારણુ, તથા શાએરો સાથે જે ગોફ્તેગો થએલી અને તેઓએ તેને તાના મારેલા તે સઘળું સમજાવ્યું. ત્યારે માહકે તેને "સેર અલ મલુક" ("બાસ્તાન નામા") ની અને શાએરોની મજલસની તથા તેઓની બેત બનાવવા બાબેની હકીકત કહી.

આના જવાબમાં ફીર્દુસીએ ખુશી થઇને કહ્યું કે "મને પણ બેત બનાવવાની તબેહ છે માટે તુંને લાએક છે કે જોગવાઇ આવે ત્યારે એ કામ બાબે મારી તરફથી પાદશાહને અરજ કરવી."

માહકે કબુલ કરી બીજે દીવસે ફીર્દુસીને સાથે લઇ જાઇ એક જગા ઉપર બેસાડયો. સાત દીવસ સુધી હજુરમાં ગયો, પણ ફીર્દુસીના અહેવાલની અરજ કરવાની તેની તાકાત ચાલી નહી. માહક રાતે મેહમુદની દરગાહથી પોતાને ઘર આવતો, ને રાતથી બામદાદ સુધી ફીર્દુસી સાથે મોજમજાહ કરતો.

બેબસ્તંદ અઝ બેહરે અએશી તરબ,
ગેરેબાને અઝ રૂઝ દર જીલે શબ.

માએની—તેઓ મોજ જોકને કીજે દીવસના ગીરેબાનને રાતની દામાન ઉપર બાંધતા, યાને એવી ખુશહાલી કરતા કે રાતને દીવસ બનાવી મુકતા.

ફીર્દુસીએ માહકને એવી એલતેમાસ કીધી કે "સુરજના જેવા દીપતા પાદશાહની આગલ એક ઝરાની મીસાલના મુજને પોહોંચાડ કે

પાદશાહની જમીન ચુમવાની મદદથી મારી મોરાદ હાંસલ થાય."

ખુવદ જર્રે ખુલ કાસમો શાહ મેહર
પયે મેહર જર્રે રવદ તા સપેહર

માએની—ફીર્દુસી એક કીરણ છે અને પાદશાહ આફતાબ છે: આફતાબની પુઠે કીરણ આકાશ સુધી પોહોંચી શકે છે.

રૂસ્તમ અને સોહરાબનું દાસ્તાન.

માહકે જવાબ દીધો કે "આજ સેતારાઓની મીસાલે શાએરો પાદશાહની જનાબમાં એકઠા થએલા હતા અને 'સેર ઉલ મલુક' ઉપરથી દરેક શાએર પોતપોતાનું સોંપેલું દાસ્તાન બેતમાં લખી લાવેલો હતો. તેનું શેવટ એમ આવ્યું કે ઓન્સરીએ સોહરાબ અને રૂસ્તમનું દાસ્તાન બેતમાં લખેલું હતું. તે મધેનાં બે બેત પાદશાહને ઘણાં પસંદ લાગાં તેથી તમામ શાહનામું બેતમાં લખવાનો હોકમ ઓન્સરીને આપ્યો છે."

ફીર્દુસીએ પુછ્યું કે "તે બેત કયાં છે?"

માહકે જવાબ દીધો કે "જ્યારે રૂસ્તમ સોહરાબના ઉપર ગાલેબ થયો ત્યારે સોહરાબ એવું ધારતો હતો કે 'મે રૂસ્તમને માફી આપી હતી તેમ રૂસ્તમબી મને માફી આપશે,' પણ માફી નહી આપતાં રૂસ્તમે તો ખંજર ઉઠાવ્યું; ત્યારે (મરતી વખ્તે) સોહરાબ ખંજરની નીચે પડી બોલ્યો તેને લગતાં બેત આ મુજબનાં છે:—

"હરાંચે કે તેશ્ને શુદી તો બખુન,
એઆલુદી ઇં ખંજરે આબગુન;
જમાને બખૂને તો તેશ્ને શવદ
બરઅંદામે તો મુઇ દશ્ને શવદ."

માએની—તુંએ મારાં લોહીનો પેઆસો થઇને આ (જેહેરનાં) પાણીનું ખંજર મને માર્યું છે, (પણ) જ્યારે જમાનો તારાં ખુનનો પેઆસો થશે ત્યારે તારાં બદનનો દરેક બાલ તુંને ખંજર થઈને લાગશે."

હવે ફીર્દુસીએ માહક નહી જાણે તેમ ટુક વખ્તમાં રૂસ્તમ અને અસ્ફંદીઆરનું દાસતાન બેતમાં બનાવ્યું, તેની શરૂઆતનું આ બેત છે:—

કનુન ખોર્દ બાયદ મયે ખુશ ગવાર,
કે મય બુયે ખુશ આયદ અજ જુયે બાર.

માએની—હવે ખુશી ઉપજાવનારો શરાબ પીવો જોઇયે, કેમકે નદીમાંથી કસ્તુરીના શરાબ સરખી સુગંધ આવે છે.

એક રાતે ફીર્દુસીએ માહકને જણાવ્યું કે 'સેર ઉલ મલુક' ઉપરથી અગાડી મેં બેતો બનાવેલાં છે અને શાએરીની કારીગરીનો પાયો મજબુત બાંધેલો છે."

માહકે જવાબ દીધો કે "એમ કેમ બની શકે?"

ફીર્દુસી બોલ્યો કે "તે કેતાબમાનું એક દાસ્તાન મારી પાસે છે. તેના બેતના જવાહેરો ઓન્સરીનાં બેતો કરતાં વધારે કીમતનાં છે."

અરૂસી દરક્ષંદેહ ચું આફતાબ,
નેહાન લીક દર ચાદરે મુસ્કતાબ;
ચુ રૂહ અલ કુદસ પયકરશ અન્વરી
ને અજ આલમે ઓન્સરે ઓન્સરી;
દરક્ષાન જે જીરે નેકાબે મોરાદ,
ચુ આબે ખજર દરમયાને સવાદ.

માએની—(તે દાસ્તાન) આફતાબના જેવી રોશન એક કુમારી કન્યા છે, પણ કસ્તુરીની ચાદર નીચે છુપાવેલી છે; તેનો ચેહરો પવીત્ર આત્માના જેવો રોશન છે, પણ ઓન્સરીનાં (બેતો) જેવી આલમનાં તત્વની તે બનાવેલી નથી; જે મીસાલે આબે હયાત અંધારાંમાંથી રોશની આપે છે તેમ તે તો મોરાદના પરદામાંથી રોશની આપે છે.

અંતે પાદશાહી દરબારમાં.

ફીર્દુસીએ તે દાસ્તાન માહકનાં હાથમાં આપ્યું, જેણે તે મેહમુદની હજુર પોહોંચાડયું, અને તે વાંચવાથી પાદશાહ ખુશી થયો.

ચુ દર ગુશે સુલતાન સુખન જા ગીરફત
અલફ્વાર દર જાંશ નારી ગીરફત.

માએની—જેવારે તે દાસ્તાન પાદશાહે સાંભળ્યું તેવારે ઘાસની માફક તેના જીવમાં આતશ રોશન થયો.

પાદશાહે માહકને પુછ્યું કે "કોણ રોશન અકલનાની શાએરીના બુરજમાંથી આ પુણમ-

ના ચાંદે (દાસ્તાને) દેખાવ દીધો છે, અને શાએરીના આસમાનના આ રોશન સેતારાને આ દેશને રોશની આપવા કોણ લાવ્યું છે?"

માહકે જવાબ દીધો કે એક શખ્સ જોલમનો મારેલો પોતાનાં વતનથી પાદશાહની દરગાહમાં આવ્યો છે તે સાથે મને દોસ્તી જોડાએલી છે. જ્યારે આ શાહનામાની વાત નીકલી ત્યારે એ કેતાબની તો બેત બની ચુકેલી છે એવું કહીને રૂસ્તમ અને અસ્ફંદીઆરની કેતાબ તેણે મને આપી છે, જે મેં તું નામવર આગલ રજુ કીધીછે."

પાદશાહે હોકમ કીધો કે "તે શખ્સને હજુરમાં લાવી તજવીજ કરે કે જો એ કેતાબ તમામ બેતોમાં બનાવેલી હોય તો તે બનાવવા વીશે વખ્ત રોકવાની હાજત પડેજ નહી."

જ્યારે ફીર્દુસીને હજુરમાં હાજર કીધો, ત્યારે પાદશાહે એ કેતાબના બેતો બાબે ખુલાસો માગ્યો, ફીર્દુસીએ ઉભો થઈ દુઆ કરી બેઆન કીધું કે "હું તુસ શેહેરનો એક ગરીબ માણસ છેઉં. જમાના અને વતનનાં લોકનાં જોલમને લીધે તારા અદલનાં છાયા નીચે આવી આરામ પામેલો છેઉં. જ્યારે શાહનામાની વાતોથી વાકેફ થયો ત્યારે આ દાસ્તાન મેં બેતમાં બનાવ્યું છે."

પાદશાહ આ સાંભળી ખુશ થયો.

ફ્સલ ૩—શાહનામુ બનાવવા માટે ફીર્દુસી ઉપર ઉતરેલી પસંદગી.

તુસ શેહેરની ઉત્પતી.

સુલતાન મેહમુદે ઉપલી મુલાકાત વેળા ફીર્દુસીથી રાજી થઇને તેને તુસ શેહેરનો અને તાંહાંના લોકનો અહેવાલ પુછયો કે "તુસ શેહેર કોણે વસાવેલું?"

ફીર્દુસી બોલ્યો કે "નોજર બીન મીનોચેહરના બેટા તુસે વસાવેલું." પછી તેનાં કારણમાં તેણે જણાવ્યું કે "જ્યારે કેખુસરોએ અફ્રાસીઆબ સાથે લડાઇ કરવા તુસને મોકલ્યો ત્યારે તેને કહેલું હતું કે કેલાતને માર્ગે જવું નહી, કાંએકે મારો ભાઇ ફરૂદ નામનો પીરાનની બેટીનો બેટો તે માર્ગમાં છે. તે જવાન અને આકળા મીજાજનો છે, મબાદા તારી સાથે લડાઇ કરે." એ વીશે જેમ શાહનામા મધે હકીકત આપેલી છે તે મુજબ ફીર્દુસીએ સઘળું બેઆન કીધું. હવે તુસ જ્યારે તુરાનમાં જઇ પુગો ત્યારે કેખુસરોના ફરમાવ્યાથી ઉલટો ચાલીને કેલાતને રસ્તેજ ગયો, જ્યાં બંધે વચે લડાઇ ચાલતાં અંતે ફરૂદ માર્યો ગયો. આ કારણ સારૂ કેખુસરો તુસ ઉપર ખફા થયો અને બોલ્યો કે 'તુને મારા બાપ સીઆવશનો કીનો લેવા સારૂ મોકલેલો હતો ત્યારે તેં મારા ભાઇનેબી માર્યો.' હવે તુસ તુરાનથી પાછો ફર્યો ત્યારે કેખુસરોની આગળ જવાની તેની તાકત ચાલી નહી, તે સબબથી હાલમાં જ્યાં તુસ શેહેર છે તે જગા ઉપર તાએરાન નામનું એક ગામડું હતું ત્યાં મુકામ કીધો. તે ગામ નવું હતું, પણ ખોલ્લાં લડાઇનાં મેદાનો નહી હતાં જેથી તુસે પોતાને નામે એ શેહેર વસાવ્યું, અને એ રીતે તુસનું નામ યાદગાર રહ્યું છે."

આ વાત સાંભળીને મેહમુદે ઇરાનના પાદશાહોના અહેવાલ વીશેની ફીર્દુસીની ખબરદારીથી વાકેફ થઇને હુકમ કીધો, જેથી પેલા સાતે શાએરો હાજર થયા. ત્યારે મેહમુદે ફીર્દુસી તરફ ઇશારત કીધી કે "આ શખ્સ શાએર છે, અને બેત બનાવવાનો દાવો કરે છે, અને એણે આ રૂસ્તમ અને અસફંદીઆરનું દાસ્તાન બેતમાં બનાવેલું છે."

શાહનામાનું કામ ફીર્દુસીને મલ્યું.

બુજર્ગો અને શાએરો આ વાતથી ઘણા હેરતમંદ થયા. પછી મેહમુદે ફીર્દુસીને સીરપાવ આપ્યો. ઓન્સરી કે જે બીજા શાએરોમાં વડો હતો તે ફીર્દુસીનાં બેતની ખુબી જોઇને અને અગાડીબી તેની સાથે ઓલખાણ પડેલી હતી તે ઉપર નજર રાખી પોતાનાં

દીલમાં કાંપવા લાગો. તોપણ તે બોલ્યો કે આ જમાનામાં આવી બેત કોઇ બનાવી શકે નહી, ત્યારે એના કરતાં સરસ બનાવવાની તાકત તે કોણુની હોય ?"

ચે નજમસ્ત કજ નસ્ર બેહતર બુવદ,
ચે શયરસ્ત કજ શયરી અજહર બુવદ;
રવાં બર જબ્બાં હમચુ જાં દર બદન;
કે ગુયદ દરીં અસ્ર ચું ઉ સુખન.

માએની—આ નજમ (બેત) કેવી સુંદર છે, કે નસર (ઇબારત) કરતાંબી બેહતર છે! કેવી ઓતમ બેતો છે, કે બીજા કોઇની બેતો કરતાં બેહતર છે! બદનમાં જીવ છે તેમ તેની જબાનમાં સખુન (બેત) છે. આ જુગમાં તેના જેવા સખુનો (બેતો) કોણુથી કહી શકાય ?"

ઓન્સરી, કે જેનાં વજુદની દાબડી અકલ અને ઇનસાફનાં ભારી કીમતનાં જવાહેરથી ભરેલી હતી, તેણે વાજબી રીતે આજેજ થઇને ફીર્દુસીના હાથ ઉપર ચુમી લીધી, અને આ બેતો તેની સેફતમાં બોલ્યો:—

"સુખન ગરચે આમદ જે ચર્ખે બુલંદ,
તો બાજશ બરો બોર્દી અય હુશમંદ.
તો દાદી દરીં અર્સે દાદે સુખન,
કે બાદી સતુદેહ બહર અન્જમન.
નમુદેહ હોનર આં સુરત બીશુમાર,
બીમાનદ ચું નામત સોખન યાદગાર.
તો શેહનશહે મુલ્કે નજમે દરી,
બીબંદદ બપીશત કમર ઓન્સરી."

અર્થ—"જોકે સખુનો બુલંદ આસમાન ઉપરથી ઉતરેલા છે, તોપણ અએ હુશીયાર (ફીર્દુસી), તુંએ પાછા તેને આસમાન ઉપર ચહડાવી દીધા છે. આ અરસામાં તુંએ સખુનોને ઇનસાફ આપ્યો છે, કે જેને લીધે દરેક મોટી અનજુમનમાં તું વખણાએલો હોજે! તારાં તત્વોએ જાતે બેશુમાર હુનરો બતલાવ્યા છે તેથી તારાં નામ સાથે તારા સખુનો યાદગાર રેહેશે. શાએરીના મલુકનો તું શેહેનશાહ છે, જેથી તારી આગળ ઓન્સરી (ખીજમતમાં) કમર બાંધે છે.

બપીશશ સરાસર બપા ખાસતંદ,
જબાંરા બમદહુશ બીઆરાસતંદ;
પસ આંગાહ સુલતાને માલીક રકાબ
મોફ્રીવજ બદુ કર્દ નજમે કેતાબ.

અયાજ માશુકની તારીફમાં.

આ રીતે પોતાની જબાનને તારીફથી શણગારીને સઘળા શાએરો ઉભા થયા પછી મેહમુદશાહે શાહનામુ બેતમાં બનાવવાનું કામ ફીર્દુસીને સોંપ્યું. આ વખ્તે મેહમુદે અયાજ નામના પોતાના માનીતા દોસ્તના ચેહેરાની તારીફ બાબે બે બેત બનાવવાનો શાયરોને હુકમ કીધો. બધા શાએરોએ ઇશારત કરવાથી ફીર્દુસી તરત બોલ્યો કે:—

મસ્ત અસ્ત બુતા ચશ્મે તો વ તીર બદસ્ત,
બસ કસ જે તીરે ચશ્મે મસ્તે તો નજસ્ત;
ગર પુશદ આરેજત જર્રે ઓજરશ બેનેહ,
કજ તીર બીતર્સેદ હમે ખાસેઓ મસ્ત.

માએની—અએ માશુક, તારી આંખ મસ્ત છે, અને તારા હાથમાં તીર છે. ઘણા લોક તારી મસ્ત આંખના તીર (પાંપણુ) થી ઘાએલ થયલાછે. અગર તારા ચેહરાને તું બખ્તરથી ઢાંકે તો તેઓ ઉપર મેહરબાની કરવા સરખું છે, કારણ કે તારી મસ્ત (મતવાલી) આંખોના તીરથી સર્વે લોક બીહે છે."

શાહનામા માટેની તૈયારીઓ.

મેહમુદે આ બેતો સાંભળીને ખુશીથી ફરમાવ્યું કે "ખોદા તારૂં ભલું કરે,ઑ ફીર્દુસી! તુંએ મારી મજલસને બેહેસ્તના જેવી રોશન કીધી છે." પછી તેને ભાતભાતની નવાજેશથી સરફરાજ કીધો. જેનાં દીલની આર્સી જમાનાના જુલમથી કાટ ખાઇ ગએલી હતી તેને મેહમુદની નવાજીશની સેકલીગરીથી સાફ કીધી અને "સેરઉલ મલુક" ઉપરથી શાહનામું બેતમાં બનાવવાનું કામ તેને સોંપ્યું. મેહમુદ પાદશાહના મેહલની પડોશમાં રેહેવા સારૂં તેને મુકામ આપ્યો અને તેની એલતેમાસ મુજબ લડાઇનાં તમામ હથીઆરોની અને પેહલવાનો, તથા જાનવરો

જેવાં કે ઘોડા, હાથી, ઉંટ અને ચીતા વગેરેની તસ્વીરો ચીતારાઓ પાસે દેવાલની ચોતરફ ચીતરાવી. વળી ઇરાન અને તુરાનના પાદશાહો અને બુજર્ગોની તેમનાં લડાઇનાં હથીઆરો સહીત તસ્વીરો ચીતરાવી. એવી તે જગા ઉપર ફીર્દુસી શાહનામું બનાવાને મશગુલ થયો. તેની આગળ ખાસ અયાજ અને એક ગોલામ સીવાએ બીજા કોઇબી શખ્સને જવાની મનાઇ કીધી.

આ રીતની ગોઠવણ થયા બાદ ફીર્દુસી કેટલાંક બેતો બનાવીને પાદશાહની પસંદગીને માટે લઇ ગયો, જે વાંચીને મેહમુદ ઘણોજ ખુશ થયો. તેની હવે પુરેપુરી ખાતેરી થઇ કે આ મુશ્કેલ કામ બજાવવાને ફીર્દુસી પુરેપુરો લાયક છે, અને આખેર તેનાથીજ એ કામને ખરેખરો ઇનસાફ મળશે. વળી તે બોલતો કે "વારંવાર એવાં દાસ્તાનો મેં ઘણાં સાંભળ્યાં છે મગર ફીર્દુસીનાં બેત કોઇ જુદીજ રીતનાં છે, અને તેની એબારત લડાઈ, મજલસ વગેરે બાબતોમાં જુદીજ અસર બતાવે છે, અને તેના સખુનોથી હુશીઆરી, બુજર્ગી, દીલેરી, મુરવત, બહાદુરી, અએશ અને ખુશહાલી પેદા થાય છે, અને જેફીના, પસ્તાવાના, અને ગમગીનીના એયામોમાં સંતોશ અને ધીરજ આપે છે."

દર બેતની કીમત.

પછી પોતાના વજીર ખાજે હસને મેમંદીને હુકમ કીધો કે દરએક હજાર બેત જોઇ લઇને એક હજાર મીસ્કાલ સુનુ ફીર્દુસીને આપતું કરવું.[1] તે પ્રમાણે ફીર્દુસી એક હજાર બેત બનાવી લઈ જતો તેવારે મેમંદી એક હજાર મીસ્કાલ સુનું આપતો, પણ ફીર્દુસી તેમ લેવાને કબુલ કરતો નહી, કારણકે તુસ-

૧ એક હજાર મિસ્કાલ એટલે ૪૦૦ ટોલા. અઢી મિસ્કાલનો એક ટોલો. ફિર્દુસીએ ૬૦૦૦૦ બેત બનાવ્યાં હતાં, માટે એ હિસાબે ૨૪૦૦૦ ટોલા સોનું આખાં શાહનામાની કીમત ગણાય. આજે ૨૭ રૂપિયે એક ટોલો સોનુ મળે છે તે હિસાબે ગણતાં કુલે રૂ ૬૪૮૦૦૦ થાય.

નદીના પુલ ઉપર ખરચ કરવા સારૂં તેની નઇઅત સઘળું નાણું એકઠું લેવાની હતી.

શાયરની સીફતમાં.

ખાજે શાએરોએ ફીર્દુસીની સેફતમાં બેતો બનાવેલાં છે તે નીચે પ્રમાણે છે:—

૧—અન્વરી.

આફરીન બર રવાને ફીર્દુસી !
આં હમાયુન નેહાદો ફર્ખેદેહ;
ઉ ને ઉસ્તાદ બુદો મા શાગેર્દ,
ઉ ખુદાવંદ બુદો મા બંદેહ !

૨—ખાકાની.

શમે બજમે હુશમંદાનસ્ત દર દેજોરે ગમ
નોકતેએ કજ ખાતરે ફીર્દુસીએ તુસી બુવદ;
જાદગાને જમેએ પાકશ જુમ્લેગી હુરાં વશંદ
જાદે હુરાં વશ બુવદ ચું મર્દ ફીર્દુસી બુવદ.

૩—ઇમામી.

દર ખાબે શબ દોશીને મન બા શાએરા ગોફતમ
કેએ એકસરે માએનીએતાં બાલફજ બહમ દરસી
શાયર જે શોમા કે બેહતર શયરાન કે નેકોતર,
અજ તાએફેએ તાજી વજ અન્જમને ફીર્દુસી;
આવાજે બર આવર્દંદ એકરૂએ હમે ગોફતંદ,
ફીર્દુસી ઓ શેહનામે, શેહનામે ઓ ફીર્દુસી.

૪—ઇબ્ને ઇમન.

સીક્કે કંદર સખુન ફીર્દુસીએ તુસી નેશાન્દ,
ના નપેંદારી કે કસ અજ જમેએ ફર્સી નેશાન્દ;
અવ્વલ અજ બાલાએ કુર્સી બર જમીન
આમદ સુખન,
ઉ દેગર બારશ બખાલા બોર્દો બર કુર્સી નેશાન્દ.

માએની ૧—ફીર્દુસીનાં રવાન ઉપર આફરીન હોજો કે તે મુબારક જાતનો અને મુબારક હતો; તે ઉસ્તાદ હતો અને હમે શાગેર્દ હતા એમ નહી જાણવું, પણ તે સાહેબ હતો અને હમે ગોલામ હતા !

માએની ૨—ગમની અંધારી રાતમાં અકલમંદોની મજલસ શમેઇ છે; જે નુકતાઓ કે ફીર્દુસીની જુબાનમાંથી નીકલેલા છે તેની પાક તબેના બનાવેલાં બેતો તમામ પરીની

મીસાલનાં છે. ફીર્દુસી જેવો મર્દ હોય તે પરીજાદ હોય છે’

માએની ૩—ગઇ રાતે ખ્વાબમાં મેં શાએરોને કહ્યું કે તમારા બોલોની માએની એકસરખી એકમલતા થઇને તમે શીખેલા છો, માટે આરબી તથા ફાર્સી જબાનમાં તમારામાં ફાજેલ શાએર કોણ છે, અને બેહતર બેત કોણનાં છે? તેવારે સઘળા શાએરો એક આવાજે બોલ્યા કે "ફીર્દુસી અને શાહનામુ, શાહનામુ અને ફીર્દુસી (સીવાએ બીજો કોઇજ નહી)."

માએની ૪—ફીર્દુસી તુસીએ જે શાએરીનો સીકકો બેસાડયો છે તે બાબે તું એમ ના જાણતો કે તે પ્રમાણે ફાર્સી તાએફામાંથી કોઇ બીજાએ બેસાડેલો હોય. પ્રથમ આસમાનની કુર્સી ઉપરથી સખુન (શબ્દ) જમીન ઉપર આવેલો હતો તેને ફીર્દુસીએ પાછો લઇ જઇને આસમાનની કુર્સી ઉપર બેસાડયો છે.

વજીર સાથની દુશ્મની.

ફીર્દુસીની હુશીયારી અને કાબેલ્યતની ચોતરફ વખાણ થવા લાગી, અને આસપાસના ગામોમાં પણ તેનું નામ અને કામ જાહેર થયાથી ત્યાંના અમીર ઉમરાઓ અને હાકમો તથા વજીરો તેને માટે કીમતી ભેટ સોગાદ મોકલતા હતા, અને તેના બદલામાં ફીર્દુસી તેઓની તારીફમાં બેતો બનાવતો હતો. આ વાતની ખબર વજીર હસ્ને મેમંદીના કાન પર આવ્યાથી તે ઘણો ગુસ્સે થયો અને આપણા શાયરની ઘણી અદેખાઇ કરવા લાગો, તથા પાદશાહ મેહમુદ તેને જે કાંઇ બક્ષેશ આપવા ફરમાવે તેના અખાડા કરવા લાગો.

હસ્ને મેમંદીની ફીર્દુસી ઉપર ઇતરાજી હતી, તેનો સબબ એવીબી જણાવે છે કે મેહમુદના બીજા વજીરો અને અમીરો સાથે ફીર્દુસી દોસ્તી રાખતો તેમ તેઓની તારીફમાં બેત લખતો, પણ મેમંદી જોકે મોટો વજીર હતો તોપણ તે સાથે મળતી પાંત નહી રાખતો અને તેની તારીફ નહી લખતો. તે બાબતમાં બંધે વચે અદાવત પેદા થઇ, જે દરરોજ વધવા લાગી. તે અદાવતનું મુલ કારણ તો એજ હતું ફીર્દુસી શીયાહ અને મેમંદી નવાસબનો ધર્મ પાલતો હતો. ફીર્દુસીને તેના દોસ્તો શીખામણ દેતા અને મેમંદી સાથે દોસ્તી રાખવાને ભલામણ કરતા, પણ તે માનતો નહી અને એવું કેહેતો કે "ખોદાતાલાએ અસ્સલથીજ એવું ફરમાવેલું છે કે એ શાહનામું મારી કલમથીજ પુરૂં થશે. મને પાદશાહના માલની લાલચ નથી અને મેમંદીની જાહોજલાલીની અને તેની સાથે મલતી પાંત રારાખવાની હાજત નથી.

મન બંદેહ કજી મબાદીએ ફેત્રત નયુદેહઅમ,
માએલ બમાલ હરગીજો તામેએ બજાહ નીજ.
સુએ દરે વજીર ચરા મલતફત શવમ,
ચું ફારેગમ જે બારગેહે પાદશાહ નીજ?

માએની—મારા જન્મની શરૂઆતથીજ હું એવો નથી પેદા થયલો કે માલની અને મરતબાની કબુબી ખાહેશ રાખું. જેવારે હું પાદશાહની દરબારનીબી ગરજ નથી રાખતો તેવારે શા માટે વજીરના દરવાજાની દરકાર રાખું?"

ફીર્દુસી વારંવાર આ પ્રમાણે બોલતો કેઃ—

બદેલ હરકે બગજે અલી કર્દ જાઈ
જે માદર બુવદ અયબે આં તીરેહ રાઇ;
કે નાપાક જાદે બુવદ ખસ્મે શાહ,
અગર ચંદ બાશદ બ અયવાનો ગાહ.
જે મયમંદી આઈને મર્દી મજુઇ,
જે નામો નીશાનશ મકુન જોસ્તેજોઇ.
કલમ બર સરે ઉ એજન હમ ચુ મન
કે ગુમ બાદ નામશ બહર અન્જમન.

માએની—જેણે અલીને વીશે દેલમાં કીનો રાખેલો હોય તે ઉંધી અકલનો, માએને પેટે જનમ્યો ત્યારથીજ એબીયલ હોય; અગર તે નાપાકજાદો મેહેલ અને મરતબાવાલોબી હોય તોપણ પાદશાહનો દુશ્મન હોય. મેમંદીથી તું મર્દીની રીત ના ઢુંડતો; મેં જે મીસાલે તેનાં નામ ઉપર કલમ ખેંચેલી છે (છેકો મારેલો છે)

તેમ તું ખી ખેંચ, કે દરેક અનજુમનમાંથી તેનું નામ ગુમ હોજો.

છુપા ભેદુ લોકે આ વાત મેહેમંદીને જઇ પોંહોચાડી હતી, તેનો કીનો લેવાની મેહમંદી તક જોતો હતો. આખેર પોતે જે ચાહતો હતો તે કરી પણ શકયો. તે શું શું કરી શકયો તે તેની જગાએ બયાન કરવામાં આવશે.

પાદશાહની ખફગીના સબબો.

મેહમુદનું ફીર્દુસી ઉપર ખફા થવાનું બીજું કારણ આ મુજબનું મળે છે.

કેટલાએક અદેખા લોક ફીર્દુસીને ફીલસુફ, એતેજાલ, રવાફ્ઝ અને તે સીવાએ બીજી અએબની નીસબત આપીને તાનો મારતા હતા અને તેની આ બેતને વાસ્તે તેને અએતેજાલી કેહેતા હતાઃ—

બબીનન્દેગાં આફ્રીનન્દેહરા,
નબીની, મરંજાં દો બીનન્દેહરા.

માએની—આંખોથી તું ખોદાને નહી જોઇ શકે તો બંધે આંખોને (તેને જોવા સારૂ) રંજ ના આપ.

ઉપલા બેતની દલીલ તેઓએ એમ જણાવી કે “ખોદા જોઈ શકાતો નથી” એવો વીચાર અએતેજાલી મજહબવાલાનો છે. આ નીચલા બેત સારૂ તેઓ તેને ફીલસુફ ઠેરવતા હતાઃ—

નેગેહ કુન બરીં ગુંબદે તીજ ગર્દ,
કે દરમાં અજુ અસ્ત, અજુ નીજ દર્દ.
અજુ જાર ગર્દી, અજુ સરફરાજ,
અજુ દાં ફેજુની, અજુ હમ નીઆજ.

માએની—આ જલદી ફરતા ગુબદ (આસમાન) ઉપર નેધા કર કે જેથી દવાઈ પેદા થાય છે તેમ દર્દોબી પેદા થાય છે; તેથીજ તું મુફલેસ થશે અને તેથીજ તવંગરબી થશે; તારી જીયાદતી અને તારી હાજતમંદી પણ તેનાથીજ છે.

તેના દુસ્મનો ઉપલાં બેતની એવી દલીલ લાવ્યા કે દુનીયામાં જે સારૂં નરસું થાય છે તે આસમાનની તાસીરથી થાય છે, જેવું કે દર્દ, ઈલાજ, વધવું ઘટવું, એ વગેરે બીજું;

અને એતો ફીલસુફી ધર્મવાળાઓનો મત છે. વળી નીચલા બેત ઉપરથી શત્રુઓએ તેને દેહેરી પંથવાળો ઠરાવ્યોઃ—

નગસ્તે જમાને બફર્સાયદશ,
ન અજ રંજો તીમાર બોગજાયદશ;
ન અજ જુમ્બેશ આરામ ગીરદ હમી,
ને ચું મા તબાહી પીજીરદ હમી.

માએની—જમાનાના ફરવાથી તેનું ઘટવું થતું નથી, દુખ દર્દથી તેને આસેબ લાગતો નથી; તે કશુબી હીલચાલથી થંબ રેહેતો નથી, અને આપણી મીસાલે તે કાંઇ ખરાબી પામતો નથી.

ઉપલાં બેતોથી તેઓ એવી દલીલ લાવ્યા કે આસમાનની હીલચાલ અને ગ્રહોનો હેવાલ એજ રવેશે હંમેશાં ચાલે છે તે પ્રમાણે ચાલ્યા કરશે તેમાં કંઇ ફેરફાર થશે નહી. એ મજહબ તો “દેહરી” લોકનો છે, માટે ફીર્દુસીબી દેહરી ધર્મવાલો છે.

વળી નીચે લખેલી બેતો ઉપરથી ફીર્દુસીને રાફ્જી ઠેરવે છે. એવાં બેતો તો ઘણાંબી છેઃ—

અગર ચસ્મે ધરી બદીગર સરાઇ,
બનેજદે વલી ઓ નબી ગીર જાઇ;
અગર જીં બદ આયદ ગોનાહે મનસ્ત,
ચીની નસ્તોઈ રસ્મો રાહે મનસ્ત.
અબા દીગરાં મર મરા કાર નીસ્ત,
બદેશાં મરા રાહે ગોફતાર નીસ્ત.

માએની—અગર તું બેહસ્તની આશા રાખતો હોય તો વલી અને નબીની આગલ જગા પકડ (તાબે થા); તેમ કીધાથી તુંને ખરાબ લાગે તો તે ગુનાહ મારો છે, કાંએજે મારી તો રાહ રસમ એજ છે. બીજાની મને દરકાર નથી અને બીજાઓ તરફ જોવાનેબી મારો તરીકોજ નથી.

ઉપલાં બેતો ઉપરથી તેને રાફ્જી અથવા શીયાહ ધર્મનો ગણે છે. આ દલીલો ઉપરથી ખોલી રીતે દુસ્મનોએ પોતાની મતલબ પાર પાડવાનો એરાદો કીધેલો જણાય છે. એકજ શખ્સ ફીલસુફબી હોય, દેહેરીબી હોય, મો-

ઓતેજલીબી હોય, અને રાફજીબી હોય, એ વાત માનવાસરખી નથી. જે ફીલસુફ હોય તેને તો ઓમરની અને અલીની દોસ્તી અથવા દુશ્મની સાથે કંઇબી દરકાર નહી હોવી જોઇએ. જો તે અલીને બીજા ખલીફા ઉપર બુજોર્ગી આપતો હોય તો તે શખ્સ ફીલસુફ નહી હોવો જોઇએ. તે તો હાદેસાને (બનાવને) (ખોદાની) તકદીર સાથે નેસબત આપે છે, કંઇ આસમાન સાથે અને સેતારા સાથે નથી આપતો. પણ આવી રીતની ઉલટ-પાલટ મતલબ જે તેનાં બેતોમાંથી મલે છે તે જાહેર માએનીમાં એવી મતલબ રાખેલી છે ખરી, પણ બાતેન માએનીમાં તે ઉપર ભરોસો રખાય નહી, કારણ કે શાએરે કંઇ એવી મતલબનો એરાદો રાખી આ બેતો કહેલાં નથી. કોણ જાણે તેની મતલબ જુદીજ હોય, પણ દુશ્મનોએ એવીજ મતલબ ઉઠાવવાનો એરાદો રાખેલો હોય ત્યારે તો અલબતાં તેની (ફીર્દુસી) ઉપર ઇતરાજી થવા વીના રેહેજ નહી.

ફસલ ૪—શાએર ઉપરની પાદશાહી ખફગીનાં કારણો. અસલી ઇરાની પાદશાહોની સ્તુતી.

એક હાથ ઉપર પાદશાહ મેહમુદનું દીલ કેટલીક મુદતનું ફીર્દુસી ઉપરથી ઉતરી ગયલું હતું, જેથી તેનાં બેતો સાંભળવા વીશેબી તેની ખાહેશ કમ થઇ ગયલી હતી; તેમાં વળી ઉપર જણાવ્યા જેવાં બેતો સાંભળવાથી વધારો થયો; તેમ છતાં વળી નીચે લખેલાં બેતો જોયાથી નાજુબી વધી પડી. પેહેલાં તો આ ખફગીની ખબર ફીર્દુસીને પડેલી નહી હતી, પણ અયાજ સાથે તેને બાપ દીકરાના જેવો સંબંધ હતો તેથી તેણે તેને જણાવ્યું કે "હવે મારા હાથમાં તારા બચાવનો અખ્તીયાર રહેલો નથી." નીચલાં બેતોમાંથી પાદશાહની ખફગી એમ વધી કે ઇરાનના પાદશાહોના બાપદાદાની સેફતમાં ફીર્દુસી હદથી જીયાદા બોલ્યો છે, તેમાં કએખુસરો વીશે નીચલા બેતો હતાઃ—

"જેહાંદાર પુરે સીઆવશ મનમ,
જે તોખ્મે કેઆં શાહે રોઇન તનમ,
નબીરે જેહાંદાર કાઉસ કઈ,
દેલ અફરૂજ પુર દાનેશો નેક પઇ.
જે માદર હમ અજ તોખ્મે અફરાસીઆબ,
કે બા ખશ્મે ઉ ગુમ શુદી ખુર્દો ખાબ.
નબીરે ફરેદુન, પૂરે પશંગ,
કે બર પીલો શીરાં જેહાં કર્દી તંગ."

માએની—જેહાંદાર સીઆવશનો હું બેટો છું. તાંબાને તનના કેયાની પાદશાહની તોખમનો છું. શણગાર પામેલા, દાનાઇ ભરેલા, અને નેક તોખમના કેકાઉસનો હું નબીરો છેઉં. માતાની તરફથીબી અફરાસીઆબની તોખમનો છેઉં, કે જેના ગુસ્સાથી ઉંઘ અને ભુખ ગુમ થઈ જતી; જે અફરાસીસઆબ ફરીદુનનો નબીરો અને પશંગનો બેટો હતો, અને જેણે હાથી અને વાઘની ઉપર જેહાનને તંગ કીધી હતી.

વળી એજ પ્રમાણે અસફંદીઆર રૂસ્તમની આગળ પોતાની બડાઇ મારે છે તે બાબેનાં બેતો નીચે મુજબ છેઃ—

"નેજાદે મન અજ તોખ્મે ગુશ્તાસપસ્ત.
કે ગુસ્તાસ્પ અજ તોખ્મે લોહરાસપસ્ત.
કે લોહરાસ્પ બુદ પૂરે અર્વંદ શાહ,
કે ઉરા બુદી આં જમાં તાજો ગાહ.
બુદ અર્વંદ અજ તોખ્મએ કી પસીન,
કે કર્દી પસીન બર પીસર આફરીન.
પસીન બૂદ દર તોખ્મએ કેકોબાદ,
હુનરમંદ શાહે દેલશ પુર જે દાદ.
હમીદુન બુવદ તા ફરીદુન શાહ,
કે અસલે કેઆં બુદો જેબાએ ગાહ."

માએની—"મારી ઓલાદ ગોસ્તાસ્પના તોખમથી છે; ગોસ્તાસ્પ પોતે લોહારાસ્પનો બેટો છે; લોહોરાસ્પ અરવંદ શાહનો બેટો હ-

તો, કે જેની તે વખ્તે પાદશાહી હતી; અરવંદ કેપસીનની તોખમનો હતો; કેપસીને પોતાના બેટા ઉપર દુઆ કીધી હતી; કેપસીન કેકોબાદના તોખમથી હતો, કે જે જોરેમંદ પાદશાહ હતો અને જેનું દીલ ઇનસાફથી ભરેલું હતું. એ પ્રમાણે તેઓની નસલ ફરીદુન સુધી હતી. કેઆનીઓની બુન્યાદ તખ્તને સણગારનાર ફરીદુનથી હતી."

આવી બેતો શાહાનામામાં ઘણીજ છે, તેમ વળી બાજે જગા ઉપર કમઅસીલોની બદગોઇબી કીધેલી છે.

ખફગીનું બીજું કારણ.

વળી મેહમુદને ફીર્દૌસી ઉપર ખફા થવાનું કારણ એમબી હતું કે જ્યારે આપણો શાએર શાહનામું બનાવવાનાં કામમાં મશગુલ હતો ત્યારે જે દાસ્તાન બેતોમાં બનાવી તૈયાર કરતો તેની નકલો લોકો આસપાસના મુલકોમાં લઈ જતા હતા અને તે મુલકોના બુજર્ગોમાંથી જેઓ સખી હતા તેઓ ફીર્દૌસી પાસે મોટી બક્ષીશો મોકલતા હતા. પણ ફીર્દૌસી તો મેહમુદની બક્ષીશના વાએદા ઉપર ભરોસો રાખી બેઠો હતો, માટે તે બક્ષીશ એકઠી નહી કરતો હતો. તે મુજબ કોઈ શખ્સ ફીર્દૌસીની બણાવેલી રૂસ્તમ અને અસફંદીઆરની દાસ્તાન ફખરૂલ દવલા દેલમી[1] પાસે લઇ ગયો, જેણે તેને ૫૦૦) સુનાના દીનાર બક્ષ્યા અને ફીર્દૌસીને વાસ્તે ૧૦૦૦) દીનાર મોકલીને સંદેશો મોકલ્યો કે "જો તું મારી પાસે આવે તો એટલી બધી ઇજત સાથે તારો વજીફો મુકરર કરી આપું કે તેની ઉપર વધારે તું માગી નહી શકે."

આ વાત ગજનીમાં મેહમુદના કાન ઉપર આવી, કે જેથી તે ઘણોજ દલગીર થયો, કારણ કે એક તો મેહમુદને દેલમી પાદશાહ સાથે તે વખ્તે પુરતી અદાવત હતી, તેમ છતાં આ વાતે તેના ગુસ્સાને વધારે ઉશ્કેર્યો. વળી પેલા અદેખા વજીર હસને મેમંદીએ મેહમુદની આગળ ફીર્દૌસીને "રાફ્જી" છે એવી જે નેસબત બતાવી હતી તે વાત ખાતરપતીજ થઇ, કાંએકે ઘણાખરા દેલમી પાદશાહોબી "રાફ્જી" અને "મોએતેજલી" હતા.

રૂસ્તમ અને અશ્કબુસ.

વધારે અચરતી ભરેલી વાત ફીર્દૌસીએ રૂસ્તમને ખુવાબમાં જોયલો તે હતી. એક સમે એવું બન્યું કે મેહમુદની* મેહફલમાં ફીર્દૌસીનાં બેતો બાબે તકરાર ચાલતી હતી, તેમાં જેઓ ફીર્દૌસીની સાથે અદેખાઇ રાખતા હતા તેઓ એમ બોલતા કે ફીર્દૌસીના બેતોમાં "નોકતાં" અને "લતીફા" નથી, જેથી તે શાએરીના હુનરમાં તદન નબલો છે, પણ લોકને તેમાંની વાતની અસલીઅતને લીધે સાંભળવા ઉપર રગબત થાય છે; અને જેઓ ફીર્દૌસીના દોસ્તો હતા તેઓ બોલતા કે તેનાં બેતોની કીમત તેની શાએરીની ખુબીથીજ છે. એમ કરતાં તેમની તકરાર વધી પડી, તેનું શેવટ પાદશાહની હજુરમાં એવી રીતે લાવ્યા કે તેઓ જે દાસ્તાન મુકરર કરે તે દાસ્તાન તેજ દીવસે ફીર્દૌસી બેતમાં બનાવી તૈયાર કરે ને હજુરમાં લાવે, કે જે ઉપરથી તપાસવાને બની આવે કે અસલ દાસ્તાનમાં તે શું વધારેલું છે. પછી રૂસ્તમ અને અશ્કબુસનું દાસ્તાન બેતમાં બનાવવાને મુકરર કીધું. તે દાસ્તાન અસલ એટલુંજ છે કે કામુસ કશાનીએ અશ્કબુસને ઈરાનીઓ સામેની લડાઈમાં મોકલ્યો, તેની સામને ઇરાનીઓ તરફથી રહામ હમનબર્દ થયો, પણ અંતે હાર્યાથી રહામ નાહાસીને પાહડની કઢણમાં ભરાઇ ગયો. આ વાતથી તુસે ગુસ્સે થઇને ચાહાયું કે પોતે અશ્કબુસની સાથે હમનબર્દ થાય, ત્યારે રૂસ્તમે તુસને કહ્યું કે "તું લશ્કરને મેલી દઇ શી રીતે લડાઇમાં મશગુલ થશે? માટે તું તો લશ્કરને તેની જગા ઉપર સંભાળથી રાખ, અને હું તેની સાથે એકલો જાઉં છું." તે બાબે નીચે લખેલી બેતો છે:—

"તો કલ્બે સીપેહરા બ આઇન બીદાર,
કુનું મન પીઆદેહ કુનમ કારજાર."

---

[1] કેહછે કે આ પાદશાહ બેહરામ ગુરની ઓલાદનો હતો. જુઓ "નેગારીસ્તાન," વગેરે.

માએની—તું લશકરની સેફાતને કાયદા સર રાખ, હમણાં હું પાંઉ પેઆદોજ લડું છુ.

પછી રૂસ્તમ પાઉં પેયાદોજ અસ્કબુસની સામે લડવા ગયો અને એક તીર તેના ઘોડા ઉપર માર્યો તેથી ઘોડો પડયો, ત્યારે અસ્કબુસે એક તીર રૂસ્તમ ઉપર ફેંક્યો, તેને રદ કરી રૂસ્તમે એક તીર અસ્કબુસની છાતી ઉપર માર્યો, તેથી અસ્કબુસ મરણ પામ્યો.

હવે ફીર્દુસી તેજ દીવસે એ દાસ્તાન જેમ શાહનામામાં લખેલું છે તેમ એતમાં બનાવી હજુરમાં લાવ્યો. ખરેખર એ દાસ્તાનમાં શાએરીના હુનરો જેમ બતાવ્યા છે તેમ બતાવવાને કોઇબી શાએરની જહેન અને મકદુર નહીજ હોય. જાહેર છે કે તેવી શાએરીમાં આવાજાની બુર્જોર્ગી કેટલી છે તે જાણી મજલસના દાનાઓ તાજુબ થયા, અને ફીર્દુસી ઉપર દોઆ કીધી; તેમાં તીર મારવા બાબેની સીફતનાં નીચલાં એતો ઘણાજ વખણાયાં :—

"બીમાલીદ ચાચી કમાંરા બદસ્ત,
બચર્મે ગવજન અંદર આવંદ શસ્ત.
સેતું કર્દ ચપરા.વ ખુમ કર્દ રાસ્ત,
ખુરૂશ અજ ખુમે ચર્ખે ચાચી બેખાસ્ત.
ચું સુફાર્શ આમદ બ પેહનાએ ગુશ,
જે ચર્મે ગવજનાં બર આમદ ખુરૂશ.
ચું બોસીદ પેકાં સર અંગુસ્તે ઉ,
ગુજર કર્દ બર મોહરએ પુસ્તે ઉ.
કજા ગોફ્ત ગીરો કદર ગોફ્ત દેહ,
ફલક ગોફ્ત હસ્નત વ મેહ ગોફ્ત જેહ.
બીજદ તીર બર સીનેએ અસ્કબુસ,
ફલક આં જમાં દસ્તે ઉ દાદ બુસ.
કશાંની હમ અંદર જમાં જાં બીદાદ,
તો ગોફતી કે હર્ગીજ જે માદર નજાદ."

આએની—ચાચી કમાનને હાથમાં લઇ સાબરનાં ચામડાં (દોરી) માં અંગોઠો ભેળવ્યો, ડાબા હાથને સીધો અને જમણા હાથને વાંકો વાળ્યો જેથી ચાચી કમાને ગોલ આકાર પકડતાં આવાજો થયો. જ્યારે તીરનાં પીછ તેના (રૂસ્તમના) કાનનાં ચાપકાં આગલ આવ્યા ત્યારે સાબરનાં ચામડાંમાંથી આવાજ નીકળ્યો. જ્યારે તીરના પેકાને તેના અંગોઠાને ચુમી લીધી તેવોજ તીર ચામડાંનાં મોહોરામાંથી છુટી ગયો, તેવારે કજા બોલી કે જીવ લે, કુદરતનો હુકમ થયો કે જીવ આપ. ફરેશતાએ વખાણ કીધી, માહતાબે તાજુબી બતલાવી; અસ્કબુસની છાતીમાં તીર માર્યો ત્યારે આસમાને તેના (રૂસ્તમના) હાથને બોસ્સો દીધો, અને કશાની તતકાલ મરણ પામ્યો. તું કેહેશે કે તે પોતાની માદરને પેટે જન્મ પામેલો હતોજ નહી.

ફીર્દુસી અને રૂસ્તમ—એક સાચો સ્વપ્નો.

મેહમુદ વારેઘડીએ એમ બોલતો કે રૂસ્તમને કાબુલસ્તાન અને જાબુલસ્તાનથી જે દોલત મલી છે તેના કરતાં આ કેટલાક એતોની કીમત વધારે છે. એક દીવસે રૂસ્તમની જવાંમર્દી, દેલેરી અને મુલુકગીરીની તારીફની મજલેસમાં ઘણી વાતો થઇ. તેજ રાતે ફીર્દુસીએ રૂસ્તમને ખ્વાબમાં એવી રીતે જોયો કે તેનાં માથાં ઉપર લોહોડાંની તોપી હતી, તન ઉપર બખ્તર અને હાથમાં કમાન હતી. જેમ અસ્કબુસની લડાઈનાં દાસ્તાનમાં તેની સીફત કીધેલી છે તેમ હુબહુ દરામણા દબદબા સાથે મુકતાબાદના દરવાજા આગલ પાઉંપેઆદો આવતો જોઇને ફીર્દુસીએ તેની આગલ જઇને સલામ કીધી. રૂસ્તમે પાછી સલામથી તેને નવાજ્યો. પેહલાં તો તે હસી પડયો. પાછલથી રડીને બોલ્યો કે તારો હક અદા કરવા માગું છેઉં, પણ મારેથી બની શકતું નથી. તોપણ એક વખ્ત દુશ્મનની ગરદન ઉપરથી એક હાંસરી કાહાડીને ફલાણી જગા ઉપર નેજાએ કરી દાટેલી છે." પછી એક માટીના ટેકરા ઉપર તીર મારી તે જગાની નીશાની બતલાવીને બોલ્યો કે "તું જઇને તે ખોદી કાહાડ."

બામદાદે બીદાર થઇને ફીર્દુસી પોતાનાં દીલ સાથે વીચારવા લાગો કે એ વાત કોઇને

કહીશ તો મને દીવાનામાં ખપાવશે, જેથી તે કોઇનીબી આગલ બોલ્યો નહી, પણ તેનાં મનમાં એવો વીચાર આવ્યા કરતો હતો કે ઘણી વખ્તે ખાબની વાત સાચીબી ઠરે છે. આ વાતને મુદત ગુજરવા બાદ એક વખ્તે મેહમુદને મુકતાબાદ જવું થયું. સાથે ફીર્દુસીબી હતો, ત્યારે અયાજને ફીર્દુસીએ ખ્વાબની વાત જણાવીને કહ્યું કે "એ વાત કોઇને જાહેર ના કરતો કે જેથી મારી અકલ ઉપર કોઇ હલકું મત નહી આપે."

અયાજે જવાબ દીધો કે "તારૂં દીલ સાફ છે તેથી આ ખ્વાબ ખોદા તરફથી ઉતરેલો ખરો ઠરશે તેમાં શક નથી."

પછી મેહમુદે મુકતાબાદના દરવાજા આગલ મુકામ કીધો ત્યારે ફીર્દુસીએ પેલો ખ્વાબમાં જોયલો મીટીનો ઢગલો પોતાની આંખ આગળ જોયો. તેણે અયાજને તે બતલાવીને કહ્યું કે "પાદશાહને અરજ કર કે તમોને એ જગા ઉપર આવી મુકામ કરવાનો ઇતેફાક થયા કરે છે માટે હુકમ હોય તો એ જગા ઉપર તમારે નામે એક ઇમારત બાંધીયે."

આ મસલહેત મહેમુદને પસંદ પડી તેથી ઇમારત બાંધવાનું કામ અયાજે ચલાવ્યું. પેહલાં પેલો મીટીનો ઢગલો ખોદવાને શરૂ કીધો જેમાંથી કેટલીક સુનાની મોટી હાંસરીઓ મલી આવી તે લઇ જઇને મેહમુદની આગલ મુકી અને ફીર્દુસીના ખ્વાબની હકીકત જણાવી. મેહમુદને તે વાત ઉપર ભરોસો આવ્યો, જેથી તે હાંસરીઓ ફીર્દુસીનેજ આપી દેવાનો હુકમ કીધો. જોકે ફીર્દુસી મુફલેસ હતો તેવું છતાં તે હાંસરીમાંથી એક દીનાર ભારબી પોતે નહી લેતાં વાંટા પાડી સઘળા શાએરોને વેંહેંચી આપ્યું. તે વખ્તના હેસાન અને મરવતવાલા સાહેબોના હેવાલ મુજબ ખ્વાજે અલીનાં નીચે લખેલાં બેતો છે:—

"અએ રૂજગાર અજ ચે સબબ બીમર્વતંદ,
ઈ સરવરાંને દેહર બદોરે જમાને મા.
રૂસ્તમ કે દર નબર્દ બીગોફ્તી કે અજ શર્ફ
બેહરામ બુસે દાદ રૈકાઓ એનાને મા.
એક શબ બખાબ ગોફ્ત બ ફીર્દુસીએ અજીજ
દરબંદે હક ગુજાર્દને તોરત જાને મા.
આમાદેઓ નેહાદે ફલાં જો દફીનેએ,
અજ સઇએ ગોર્જો ખંજરે ગેતી સેતાને મા.
બરદાર જાં કે દસ્ત રસે મા દેગર નમાન્દ,
હરચંદ શર્મસાર બુવદ જો રવાને મા.
અજ મોર્દગાં હેકાએતે હેસાં ચનીં કુનંદ.
બી અલતેમાસે માદેહ ઓ બી એમ્તેહાને મા.
માલુમ મીશવદ કે દરીં દોરે દું નવાજ,
ઈં જેન્દગાં કમંદ અજાં મોર્દગાને મા.
સરગીને સાલ ખુર્દે અજાં ખાજેગાને અસર,
બેહતર જે રીશો સેબ્લતે ઇં ખાજેગાંને મા."

માએની—અરે જમાના, હમારા આ વખ્તના સરદારો શા કારણે બીમરવત છે? રૂસ્તમ લડાઇમાં બોલતો કે બેહરામ (મંગળ) સેતારો મારી લગામ અને રેકાબને બુસો દેતો હતો. તેણે એક રાતે પ્યારા ફીર્દુસીને ખ્વાબમાં કહ્યું કે તારો હક અદા કરવાના વીચારમાં મારો જાન હાજર છે. દુનીયાને જીતનારા મારા ગોર્જ અને ખંજરની કોશેશથી ફલાણી જગા ઉપર દાટેલો ખજાનો છે તે તું લે, કારણ કે હમારામાં બીજી શકતી રહેલી નથી તેથી હમારો જાન શરમીંદા છે. મુવેલાંઓનાં હેસાનની એ પ્રમાણે વાત કરે છે કે સેફત કરનારની એલતેમાસ વગર અને હમારી તપાસ કર્યા વગર તેઓ હેસાન કરે છે. માલુમ પડે છે કે હલકાંઓને નવાજેશ કરનારા આ જમાનાના જીવતાઓ હમારા મુવેલા સખીઓ કરતાંબી હલકા છે. તે જમાનાના સાહેબોની સુકાઇ ગયલી સરગીન આ હમારા જમાનાના સાહેબોની દાહાડી તથા મુછ કરતાંબી બહેતર છે.

પાદશાહ કબુલત તોડે છે.

ફીર્દુસીએ સાઠ હજાર બેતમાં શાહનામુ તમામ કરી અયાજને હાથે મેહમુદની પાસે મોકલ્યું તે જોઇને તેણે ઘણુંજ પસંદ કીધું, અને હસ્ને મેમંદીને હોકમ કીધો કે "એક હાથી ઉંચકી શકે તેટલું સોનું ફીર્દુસીને

આપે, કાંએજે જ્યારથી બેતનો હુનર જાહેરમાં આવેલો છે ત્યારથી આવી ખુબી ભરેલી બેતો કોઇબી શાએરે કહેલી નથી, અને કોઇબી ઝવેરીએ આવા વજનદાર કલામનાં મોતી આજ સુધી પીરોએલાં નથી.” તેનાં બેતોની ખુબીમાં નીચલાં બેતો છે:--

“ કી ગોએદ ચીની નજમે ચું દોર રવાન,
કે ગોએદ ચુ ફીર્દુસી અંદર જેહાન.
રસદ સીતે નોત્કશ બચર્ખે બુલંદ,
કે ગોફ્તરસ્ત નજમે ચીનીં અર્જમંદ.
જે અન્ફાસે ઓ બોએ જાં મીદેહદ,
જે તર્કીબશ આબે રવાં મીચકદ.
દરાં દમ કે તીગે જબાં બર કશીદ,
સફે જુમ્લએ શાએરાં બર દરીદ.
બમેદાને દાનેશ ચું આં પીલતન,
નદીદીમ નજમ આવરો તીગ જન.
બપીશમ ચું બેગશુદ ગંજે ગોહર,
દેહમ પીલવારશ કનુન સીમો જર.”

માએની—આવાં મોતીની મીસાલનાં જે બેતો ફીર્દુસીએ દુનીયાંમાં કહ્યાં છે તેવાં બીજો કોણ કહી શકે? જેનાં વખણાએલાં બેતોનો આવાજ બુલંદ આસમાન સુધી પોહોંચે છે, તેવાં સારાં બેત બીજા કોણ શાએરે કહેલાં છે? તેના બેતોની ખુશબોઇથી જાન ખીલે છે, અને તેનાં બેતોની ગોઠવણથી જાન તાજો થાય છે. જ્યારે તેણે જબાનની તલવાર ખેંચી ત્યારે તમામ શાએરોની સફ તેણે વીખેરી નાખી છે. દાનાઇનાં મેદાનમાં એ પીલતનના જેવો તલવાર મારનાર શાએર મેં દીઠોજ નથી. મારી આગલ તેણે ગોહરનો ખજાનો ખોલ્યો છે, જેથી હમણાં હું એને એક હાથી ઉઠાવી શકે તેટલો સોનાનો ખજાનો આપું છું.

પાદશાહના આ સુખુનોથી અદેખો પડીને બદખસલતના ખાજે હસ્ને મેમંદીએ જવાબ દીધો કે “હાથી ઉંચકે તેટલું સોનું પાદશાહના હેસાનના શુમારમાં તો એક મછરની પાંખ બરાબરબી વજન નહી પામે, અને પાદશાહની હીમતનું વજુદ એની બોહોલી ફરાખીમાંબી નહી સમાએ; મગર આપ સાહેબને રોશનં છે કે ઘણીજ ખુશાલી જે છે તે અતીશય ગમની મીસાલે હયાતીનો નાશ કરનારી છે. ખોદા ન કરે ને આ ભારી દોલત એને (ફીર્દુસીને) આપશો તો બેશક એ હલાક થશે.” વળી તે બોલ્યો કે:—

ચું બેગજસ્ત જ અંદાજે શાદી ઓ ગમ
રવાને તનોમંદ ગર્દદ દજ્મ

માએની—શું શાદી કે ગમી હદ કરતાં વધારે હોયતો તનદરોસ્ત જાનની ખરાબી થાય છે.

“ માટે પેલો ગામડીઓ (ફીર્દુસી) પોતાની હૈયાતીને ખરાબ કરશે. પાદશાહ એક ગામડીઆને સાઠ મીસ્કાલ સોનું આપે એ અફસોસ કરવા સરીખું છે. અગર મુજ બંદાની સલાહ માનો તો સાઠ હજાર મીસ્કાલ રૂપું બસ થશે.”

મેહમુદે જવાબ દીધો કે “તેની થોડી ખુશીની મજબુતી ઘણીજ ખુશહાલીથી નીપજતી ખરાબી કરતાં સરસ છે, અને તેનાં દીલનાં હાંસીઆ ઉપર કાએમીની રકમ બેસાડવા જેવુંજ છે.”

ત્યારે મેમંદીએ સાઠ હજાર મીસ્કાલ રૂપાંના સીકાની થેલીઓ ભરીને અયાજની સાથે ફીર્દુસી પાસે મોકલ્યા.

ફસલ ૫—ફીર્દુસી દુખી દીલે ગજની છોડી જાય છે.

વજીર મેમંદીની ગીબતનું પરીણામ.

જ્યારે વજીર મેમંદીએ સાઠ હજાર મીસકાલ રૂપાંના સીકા થેલીઓ ભરીને અયાજની સાથે ફીર્દુસી પાસે મોકલ્યા તે વખ્તે ફીર્દુસી હમામખાનામાં હતો. ત્યાંથી તે બાહેર આવ્યો તેને આયાજે સલામ કરી પેલી થેલી આગલ મેળી. તેને સોનાનાંજ સીકાની જાણી આપણો

શાએર ઘણોજ ખુશી થયો. પણ ખોલીને જોતાં તો તે રૂપાંના નીકળ્યાથી ઘણો દલગીર થયો, અને અયાજને કહ્યું કે "પાદશાહે કાંઇ રૂપાંનાં મીસ્કાલ આપવા નહી ફરમાવેલું હતું."

ત્યારે અયાજે મેહમુદને મેમંદી સાથે જે વાત થયલી તે અવલથી તે આખેર સુધીની બેઆન કરી કહી. ફીર્દુસીએ તે સાંભળીને વીશ હજાર મીસ્કાલ હમામખાણાવાલાને અને વીશ હજાર અયાજને આપ્યા, અને વીશ હજાર શરબતવાળાને આપી એક પ્યાલું શરબત પીધું. પછી અયાજને કહ્યું કે "મેહમુદને અરજ કર કે તેબી જાણે કે આ અથાક રંજ આ કામમાં મેં જે ખેંચેલી છે તે કંઈ દીરમ અને દીનારને વાસ્તે નહી, પણ મુજ ફકીરે લાંબી મુદત સુધી દેલના ચેરાગને ફીકરના આતશમાંથી રોશન કરી તે મધેથી હજારાં હજાર કસ્તુરીના જેવી શમઈ સલગાવેલી છે તે માત્ર આગલા પાદશાહોની દાસ્તાનની હમેશગીની ઈમારતનો પાયો નાખેલો છે, અને મારા અહેવાલના ચેહેરા ઉપર હમેશાં ખુશી ભરેલી વખાણ થાય તેનો દરવાજો ખુલ્લો મેલવાને વાસ્તેજ છે."

જ્યારે એ વાત બાબે અયાજે પાદશાહને જઇ અરજ કીધી ત્યારે તેણે મેમંદી ઉપર ઘણોજ ખફા થઇ તેનો ઓધો છીનવી લઈ દુર કીધો અને કહ્યું કે "તારી અદાવતને લીધે તુંએ મારી આબરૂને શાએરોના દપકાથી ધુલ મેળવી છે, અને તેઓની જબાનની ભાત ભાતની બદગોઇથી મને પશેમાન કીધો છે."

મેમંદી બોલ્યો કે "પાદશાહની બક્ષીશ એક દીરમ કે શો દીરમની હોય તેને એક-સરખી સમજવી જોઇએ. અગર પાદશાહે એક ધુલની મુઠી તેની પાસે મોકળી હતે તો તેને ઇજત અને માન આપી સોરમાની મીસાલે આંખમાં આંજવી જોઇતી હતી, અને મુરખાઇ કે બદગોઇનાં બીછાણાંને દાનાઈ અને અદબના હાથથી ઘડી કરવું જોઇતું હતું. ઉસ્તાદે કહેલું છે કે:—

'અતા ગરચે અંદક બુવદ પાદશાહ,
બબીસીઆરીઅશ કર્દ બાયદ નીગાહ.
કે હરકસ કે મંજુરે શાહી બુવદ,
સજાવારે દેહીમો ગાહી બુવદ.
અગર સેલ બાયદ બરે કત્રે શો,
તો ઈ નોકતે અજ મૈને હેકમત શનો.
જે બારાં બુવદ કત્રે દર એપ્તેદા,
વ લેકીન બુવદ સેલ દર ઇન્તેહા.

માએની—પાદશાહની બક્ષીશ અગર થોડી હોય તો તે ઘણી છે એમ નેધા કરવી જોઇએ છે. જેના ઉપર પાદશાહની મેહરબાની થાય છે તે શખ્સ તાજ તખ્તને લાયકનો થાય છે. અગર તુંને પાણીની રેલ જોઇએ તો કતરાની આગલ જા. આ નુકતાને તું હેકમતની આંખે જો, કે શરૂઆતમાં તો વરસાદના કતરા હોય છે પછી તેની રેલ થાય છે."

આ સખુનોથી મેમંદીએ મેહમુદનો વીચાર ફેરવી નાખ્યો અને ફીર્દુસીની બેઅદબી વીશે પાદશાહની ખાતર જમા કરી આપી; જે ઉપરથી પાદશાહે હોકમ કીધો કે—"બામ-દાદે આ કોરમતી (કાફ્રર)ને હાથીના પગ તળે ફેંકું કે જેથી બીજાઓ બેઅદબી કરતા એબરત પકડે."

આ વાતની ખબર સાંભળી ફીર્દુસી ઘણોજ ડરવા લાગો. પણ તેણે ધીરજથી એક તદબીર રચી. તેનું મકાન દરબારમાંજ હતું, માટે બામદાદે પાદશાહ બાગનાં તેહારતખાણામાં જેવો આવ્યો કે ફીર્દુસી તેનાં કદમ ઉપર પડયો અને આજેજી કરી બોલ્યો કે "દુશમનોએ પાદશાહને એવું સમજાવ્યું છે કે, હું કરમતી (કાફ્રર) છું. તે ઉલટું સમજાવેલું છે; અને નવાજેલી દોલતનો હુંએ ગેરરીતે ઉપયોગ કીધો છે તો તે પાછી આપુંછું; અને હું ત્રણ મજહબ પાલુંછું એવું જે કેહે છે તે વાત તમો ખરી માનોછો તો માફ માંગી કહુંછું કે તમારા બોહોળા મુલુકમાં પાર્સી, ખ્રીસ્તી અને યહુદી લોક વસે છે, તેઓ પાદશાહને જજીઓ આપી અમનચેનથી પાદશાહના છાયા નીચે વસે છે તે લોકો મધેનોજ મનેબી એક પુરૂષ સમજીને મને કતલ કરી જાન લેવાનો જે હુકમ કીધો છે તે રદબાતેલ કરો."

ચુ દર મુલ્કે સુલતાં કે ચર્ખશ સેતુદ,
બસી અસ્ત તર્સાઓ ગબ્રો જહુદ.
કજેશાં બજજીએ કફ્રાએત કુનંદ,
જરો માલો ખૂશાં હેમાએત કુનંદ.
ગેરફ્તંદ દર જલ્લે અદલશ કરાર,
શુદેહ ઇમન અજ ગેર્દેશે રૂજગાર.
ચે બાશદ કે સુલતાને ગરદું શીકોહ,
રહીરા શોમારદ ઇકી જાં ગેરોહ.

માયની—પાદશાહનો મલુક કે જેને આસમાને વખાણેલો છે, તેમાં ઘણુંખી ખ્રીસ્ટી, પારસી અને યહુદી લોક વસે છે. તેઓ પાસેથી જજીઓ લઇને તેઓના જાન માલનું રક્ષણ કરે છે. તેઓએ પાદશાહના અદલ ઇનસાફના છાંએડા નીચે આસાએશ પકડેલી છે અને જમાનાની ગેરદશથી બેફીકર રહેલા છે. માટે આસમાનના જેવા દબદબાવાળો પાદશાહ મનેબી તે લોકમાંનો એક શખ્સ સમજી લીયે તો શું છે?

આ વાત સાંભળી મેહમુદના ગુસ્સાનો આતશ દયાનાં પાણીથી હોળવાઇ ગયો અને ફીર્દુસીને કતલ કરવાના વીચારથી પાછો ફર્યો.

બીબોસીદ ફીર્દુસી આં ગેહ જમીન,
બીમાલીદ બર ખાકે આંજા જમીન.
બીરૂં રફત ઇમન જે દરગાહે શાહ,
વલે કર્દ જાં ખત્તે આહંગે રાહ.

માએની—ત્યારે ફીર્દુસીએ જમીનને બોસો દઇને તે ઉપર પોતાના કપાલને ઘસ્યું (સેજદો કીધો); પછી પાદશાહની દરબારમાંથી નીર્ભયપણે બહાર નીકલ્યો; પણ તેણે શેહેર છોડી રસ્તો કાપવાનો ઠેરાવ કીધો.

જ્યારે ઘરમાં આવ્યો ત્યારે તેણે કેટલાંક હજાર બેતો બીજાં કરેલાં હતાં તે સઘળાં ફાડી આતશમાં બાળી નાખ્યાં.

જે લાલે રવાં બક્ષે આં નજમે પાક,
દર આતશ ફેકંદો નેઆમદશ બાક.
અગરચે શવદ કોસ્તે અજ આતશ આબ,
વલેકીં શુદાં આબ જે આતશ ખરાબ.

માએની—તે પાક બેતોના મધુર પાણીને આતશમાં ફેંકી દેતાં તેને કાંઈ ડર લાગો નહી. જોકે પાણીથી તો આતશ બુઝી જાય છે, પણ આ પાણીતો આતશથી ખરાબ થઈ ગયું.

ફીર્દુસીએ ગજની છોડવાનો એરાદો કીધો તે દીવસે તે જુમા મસજીદમાં ગયો, અને જે જગા ઉપર મેહમુદની બેઠક હતી તે જગાની દેવાલ ઉપર નીચલાં બે બેત લખ્યાંઃ—

ખેજસ્તે દરગેહે મેહમુદે જાબુલી દરીઆસ્ત,
ચે ગુને દરીઆ કે ઉરા કેરાનેહ પેદા નીસ્ત.
હજાર ગોતે બીખુર્દમો દીરમે બકફ નરસીદ,
સજાએ બખ્તે મન ઇનસ્ત ગુનાહે દરીઆ નીસ્ત.

માએની—જાબુલી મેહમુદની મુબારક દરબાર ગોયા એક દરીયો છે, તે કેવો દરીયો છે કે જેનો કીનારો જણાતોજ નથી; તેમાં હજારો ડુબકી હુંએ મારી, પણ એક દીરમબી હાથ લાગો નથી. તે ગુનાહ મારાંજ નસીબનો છે, કંઇ દરીયાનો નથી.

કોહેસ્તાનમાં કદરશનાસી.

પછી મસજીદમાંથી કુચ કરી જવા બાહેર નીકળ્યો અને અયાજને બોલાવી એક બીડેલું કાગજ તેના હાથમાં આપ્યુ અને કહ્યું કે "આજથી વીશ દીવસ પછી જે વખ્તે મહમુદ ખુશહાલીમાં હોય તે વખ્તે આ કાગજ તેને પોહોંચાડજે."

પછી ફીર્દુસીએ ચાલવા માડયું, તે વખ્તે તેની પાસે મુસાફરીના ખર્ચેનું કંઇજ નહી હતું, મગર ખાંધ ઉપર પીછોડી ને હાથમાં લાકડી અને પાઉપેઆદોજ હતો. બાજે બુજર્ગો અને દોસ્તોએ તેની પુઠે જઇને દોસ્તીનો હક બજા લાવવા, અને મુસાફરીનો ખર્ચ પુરો પાડવાનો ઇરાદો કીધો ખરો, પણ પાદશાહની ઇતરાજી અને વજીરની દેહસતનો ડર રાખ્યો. તોપણ આયાજે પુઠેથી જઇને છુપી રીતે જોઇતો મુસાફરીનો ખર્ચ અને બેસવાનો એક ઘોડો મોકલી દીધો. તે ઉપર બેસીને ફીર્દુસી કોહેસ્તાનમાં જઈ પુગો. તેટલાં તો પાદશાહની ખફગી અને વજીરની તરફના જુલમની વાત ચો તરફ આલમમાં જાહેર થઇ, ત્યારે જે લોક દાના ઇનસાફી હતા તે દલગીર થયા.

કોહેસ્તાનના હાકેમ નાસરલક, કે જે મેહમુદની તરફથીજ નેમાયલો હતો, તેને ખબર થવાથી પોતાના ખાસ સરદારને સાંબો લેવા મોકળી ફીર્દુસીને ઇજત આબરૂ સાથે તેણે પોતાની દરબારમાં બોલાવી મંગાવ્યો. ફીર્દુસીએ વીચાર કીધો કે પોતા ઉપર વીતેલા અહેવાલનું એક જુદુંજ પુસ્તક ઘણુંકરીને પાદશાહના વજીર મેમંદીની બદગોઇ ભરેલું બનાવવું, કે જે જાવેદાન સુધી કાયમ રેહેશે. પણ નાસરલકે એમ કરવાને મનાઇ કરીને કહ્યું કે "કોઇની બદગોઈ કરવી, તેમાં ખસુસ કરીને પાદશાહોની બદગોઇ કરવી, તે કાબેલ લોકને લાયકની વાત નથી." પછી ધીરજ આપી એક લાખ દીરમ આપ્યા અને એલતેમાસ કીધી કે "એકબી સખુન પાદશાહની ગીબતનો કેહેવો નહી, લખી મોકલવો નહી, બલકે લખી રાખવો પણ નહી. તેમ વળી કોઇને કેહેવો નહી, અને કોઇ ઉપરબી લખી મોકળવો નહીં."

હવે ફીર્દુસીનું દેલબી આફતોને લીધે કચવાએલું હતું તેથી જે બેતો ગીબતનાં લખેલાં હતાં તેથી પશેમાન થઇને આ નીચે લખેલાં બેતો લખ્યાં :—

બગજની મરા ગર્ચે ખું શુદ જેગર,
જે બીદાદે આં શાહે બીદાદગર.
કજા હીચ શુદ રંજે સી સાલેઅમ,
સેતદ અજ જમીં આસમાં નાલેઅમ.
હમી ખાસતમ તા ફેગાંહા કુનમ,
બ ગીતી અજો દાસ્તાંહા કુનમ.
ચું અજ નેકોઇહા દરૂગમ બખાસ્ત,
અજાં પસ દરઆએમ બબદહાએ રાસ્ત.
બીગોએમ જે માદર્શ હમ અજ પેદર્શ,
ને તર્સમ બગયર અજ ખુદાવંદે અર્શ.
કુનમ આં ચુનાં રૂસીયાહ અજ નખોસ્ત,
કે નતવાનદ આંરા બહીચ આબ શોસ્ત,
ચું દોસ્મન નમીદાનદ અજ દોસ્ત બાજ,
બતીગે જોબાનશ કુનમ પોસ્ત બાજ.
વ લેકીન જે ફરમુદેહે મોહતશમ,
ન દાનમ કુજા પેશ ચું સરકશમ.
ફેરેસ્તાદમ અર ગોફતેહી દાશતમ,
બનજદીકે ખુદ હીચ નગજાશતમ.
અગર બાશદ ઈ ગોફતેહા નાસવાબ,
બસુજ આં દર આતશ બશુ આં દર આબ.
ગુજસ્તમ અયા સર્વરે નેક રાય,
અજી દાવરી તા બ દીગર સરાય.
રસદ લુતફે યજદાં બ ફરીયાદે મન,
સેતાનદ બ મેહરશ અજો દાદે મન.

માયની—જ્યારે ગજનીમાં પેલા બીદાદ પાદશાહના જુલમથી મારાં કલેજાનું લોહી થયું અને મારી ત્રીશ વરસની મેહનત ફોકટમાં ગઇ અને મારી ફરીયાદનો પોકાર જમીનથી તે આસમાન સુધી પોંહોંચ્યો ત્યારે મેં એવું વીચાર્યું કે મારી ફરીઆદનું દાસ્તાન દુનીયામાં જાહેર કરૂં. જ્યારે નેકીને બદલે મારી ઉપર ખોટો દાવો ઉભો કીધો ત્યારે હવે પછી હું બદગોઇ કરૂં તો વાજબી કેહેવાય; માટે તેની મા અને બાપને વીશે હું બોલીશ, કાએજે હું ખોદા વગર કોઇનો ભાગી હવે બીહતો નથી. પેહેલાંતો તેને એવો કાલાં મોહોડાંનો કરૂં કે તે કોઇબી પાણીથી ધોઈ શકાએ નહીં. જ્યારે તે દોસ્ત કે દુશ્મનની પીછાણ કરી શકતો નથી ત્યારે મારી જોબાનની તલવારથી તેની ચામડી ઉખેડું. પણ બુજર્ગ નાસરલકના હુકમથી હું નથી સમજતો કે હવે શી રીતે માથું ઉચકું? જે કંઇ (બદગોઇ) મારી પાસે લખેલું હતું તે સઘળું તારી પાસે મોકલી દીધું છે; તેમાંનું મારી પાસે કંઈ રાખેલું નથી. તે મારૂં લખેલું તુંને વાજબી નહીં લાગે તો તેને આતશમાં બાળી અથવા પાણીમાં ધોઈ નાખ. અએ નેક અકલના સરદાર (નાસરલક)! આ દુનીયાનો ઇનસાફ છોડી દઇને હું પેલી દુનીયાનો ઇનસાફ માંગુછું. પોતાની મેહેરબાનીથી ખોદા મારી દાદને પોંહોંચશે અને કેઆમતને દીવસે તેની (મેહમુદની) પાસેથી મને ઇનસાફ અપાવશે."

નાસરલકે તમામ ઇજત સાથે ફીર્દુસીને વીદાય કીધો અને મેહમુદ સાથે તેને ઘણી દોસ્તી હતી તેથી તે ઉપર એક પત્ર લખી

જણાવ્યું કે "અજબ છે કે ફીર્દુસીને ત્રીસ વરસની મુદત પછી દુશ્મનોના ફેસાદને લીધે નાઉમેદ કરી તેં પાછો ફેરવ્યો." પછી ફીર્દુસીની આજેજી, હાજતમંદી અને બલાપાનો ગીલ્લો જે પોતે (નાસરલકે) જોયલો તે પણ તે કાગજ મધે લખી ફીર્દુસીએ પોતાની ઉપર લખેલાં મજકુર બેતોમાંનાં નીચલાં બે લખી મોકલ્યાં:—

ગુજશ્તમ અયા સરવરે નેક રાય!
અજીં દાવરી તા બ દીગર સરાય.
રસદ લોતફે યજદાં બ ફરીયાદે મન,
સેતાનદ બ મેહરશ અજુ દાદે મન.

પાદશાહનો ગભરાટ.

મસજીદની દેવાલ ઉપર ફીર્દુસીએ પેલાં બે બેત લખ્યા પછીથી મેહમુદને મસજીદમાં જવાને બન્યું નહીં હતું, પણ જે શુકરવારે તે મસજીદમાં ગયો અને પેલાં બેત વાંચીને ઘણો દલગીર થઇને દરબારમાં આવ્યો તેજ શુકરવારે નાસરલકનો ઉપલો પત્ર તેને મળ્યો. તેમાં પેલાં નાસરલક ઉપર લખી મોકલેલાં બેતો મધેનાં છેલાં બે બેતોબી લખેલાં હતાં તે વાંચવાથી વધારે ગભરાટ તેનાં દીલમાં પેદા થયો. તેની પાસે બેસનારાઓની એક ટોલકી જે ફીર્દુસી ઉપર એતેકાદ રાખનારી હતી તે ટોલકીને આજસુધી ફીર્દુસીના બચાવ બાબે બોલવાની તક મળેલી નહી હતી. તેઓએ આ વખ્તને ગનીમત સમજીને મેહમુદને અરજ કીધી કે "સાંભેવાલી ટોળકીની અદેખાઇને લીધે ફીર્દુસી ઉપર જે જુલમ ગુજરેલો છે. તે જુલમની વાત કેઆમત સુધી તાજી રેહેશે તેમાં શક નથી. હવે પછીથીબી દુશ્મનો આ દસ્તાન પાછું લખશે તેમાં પાદશાહ ઉપર બખીલીના તાના મારશે, તેથી તુંને ફાયદો નથી. સાઠ હજાર સોનાના મીસ્કાલ, કે જેનાં કેટલાક હજાર તુમાન થાય છે, તે ખજાનાનો તારી આગળ કંઇ ભાર નથી. ગીબતનાં જે બેતો ફીર્દુસીએ અયાજને આપેલાં હતાં તે સઘળે ઠેકાણે પ્રસીધ થઈ ચુકાં છે."

આ વાત સાંભળતાં મેહમુદની દલગીરીમાં ઘણો વધારો થયો, માટે જે લોક ફીર્દુસી સાથે અદાવત રાખતા હતા તેઓ ઉપર ખફા થઈ હસ્ને મેમંદીનું નામ તો તેણે મોતની ટીપમાં નોંધ્યું, તે બાબે બેતઃ—

ચું ફીર્દુસી આં મર્દે વાલા ગોહર,
ગમી શુદ જે મેમંદીએ બદ હોનર.
અજીઅત બસી જાં ફરોમાએ દીદ,
વજો બીસબબ રંજે હેરમાં કશીદ.
તબીઅત મુકાફાત આગાજ કર્દ,
સરશ બા દમે તીગ અંબાજ કર્દ.

માએની—જ્યારે ફીર્દુસી જેવો નેક તોખમનો મર્દ હોનર વગરના મેમંદીથી દલગીર થયો, અને તે કમીનાથી ઘણી ઇજા દીઠી, અને વગર કારણે તેનાથી દુખ દર્દ ખેંચ્યું, ત્યારે પાદશાહી મીજાજે તેનો બદલો લેવાનું શરૂ કીધું; યાને તેનાં (મેમંદીનાં) માથાંએ તલવારની નોક સાથે લડાઇ કીધી.

શાએરને માજંદરાનમાં માન.

હવે ફીર્દુસી કોહેસ્તાન છોડીને પાદશાહ મેહમુદના ખોફથી માજંદરાન તરફ ચાલ્યો અને તે જગા ઉપર પોતાનાં શાહનામાંને સુધારવાનાં કામમાં રોકાયો. તે વખ્તે માજંદરાનનો હાકમ શમ્સ ઉલ મોઅલ્લાની ઓલાદથી હતો તેનો બેટો મેહમુદનો જમાઇ લાગે, અને મર્જબાન બીન રૂસ્તમ બીન શેરવાન, કે જે "મર્જબાન નામું" બનાવનાર હતો, તે તેનો મમાવો થતો હતો.

જે ગજની ચું ફીર્દુસી આમદ બીરૂન,
અજાં જા બમાજદરાં શુદ દરૂન.
બીગોસ્તર્દ આં જા બસાતે સુખન,
ફરોશુદ હેકાએત બહર અન્જમન.
બ અસલાહે શાહનામે કર્દી બસીચ,
જે હસ્વ અંદરાં નામે નગજાશ્ત હીચ.
દરાં બુમો બર ચું તવક્કફ નમુદ,
બશેહનામે દર વાલીઅશરા સેતુદ.
બનજમે કે બર નસ્ર મસ્નદ નેહાદ,
બશયરે કે શયરી બપાયશ ફતાદ.

સેફાતશ ચુનાં કર્દ આં શાહરા,
કે દર તીરેહ શબ ગુમરહાં માહરા.

માએની—ગજનીમાંથી નીકળી જઇને ફીર્દુસીએ માજદરાનમાં પોતાના સખુનોનો ફેલાવો કીધો, તે વાત બધી અનજુમનમાં જાહેર થઈ. શાહાનામાનો સુધારો કીધામાં તેણે કંઈ ખામી રાખી નહી. તે શેહેરમાં (માજંદરાનમાં) જ્યાંસુધી તે રહ્યો ત્યાંસુધી ત્યાંના હાકમની વખાણ ગાઈ, તથા એવાં બેતો કે જેણે એબારતની ઉપર પોતાનું તખ્ત ગોઠવેલું હોય તેવાં બેતોથી, અને વળી એવી કવેતો કે જેના પગની આગલ શાએરોએ પોતાનાં માથાં મેલ્યાં-હોય તેવી કવેતોથી તેણે હાકમની તારીફ કીધી. તે હાકમની તેણે એટલીતો તારીફ કીધી છે કે જેમ અંધારી રાતના રસ્તો ભુલેલા લોક માહતાબની તારીફ કરે છે.

ફીર્દુસીના આવવાની ખબર કોઇએ હાકમ (શમ્સ ઉલ મોઅલ્લા) ને પોંહોંચાડી કે તુસ તરફનો કોઇ શાએર આવ્યો છે તે શીઆહ મજહબનો છે. ગજનીમાં તે કેતાબ બનાવી લાવ્યો છે તેને શાહાનામું કેહે છે, તે તમારી પાસે લાવવા માગે છે. હાકમને મેહમુદ સાથેના તેના કીસ્સાની ખબર હતી અને પોતે પણ શીઆહ મજહબનો હતો તેથી તેણે કહ્યું કે ફીર્દુસી "હેલેબેત" (અલીનું કુટુંબ) નો દોસ્તદાર છે તે કેતાબ મોકળે તો તેને લાયકનું ઇનામ આપીશ. ત્યારે ફીર્દુસીએ શાહનામું મોકલ્યું. હાકમે ખુશી થઇને પોતાનાં શેહેરમાં ફીર્દુસીને રાખવાની પેહેલાં તો ખુશી બતલાવી, પણ પાછલથી તેને મેહમુદની ઇતરાજીનો વીચાર આવ્યો તેથી ઇનામ તેની પાસે મોકળીને કાલાવાલા કરી કહ્યું કે "મેહમુદ તારેથી આજુરદા થયલો છે વાસ્તે મબાદા તુંને અતરે રેહેવાથી ઇજા ભોગવવી પડે, માટે આ સેહેજ ઇનામ છે તે લઇને કોઇ બીજા મુલકમાં જા."

ચું ફીર્દુસી આં જુદો એસ્ફાક દીદ,
ગુઝીદે સુખનહા જે વાલી શનીદ.
પીઝીરફ્તો બર ઓજે ખાતર નીગાસ્ત,
હમે હોશે દીલ બર અઝીમત ગોમાસ્ત.
ગેરફ્ત આં અતારાઓ બસ શાદ શુદ.
વઝાં જાએગેહ સુએ બગદાદ શુદ.

માયની—જ્યારે ફીર્દુસીએ આવી બક્ષીશ અને મેહરબાનગી દીઠી અને વખણાયલા સખુનો હાકમના સાંભલ્યા ત્યારે તે કબુલ કરી પોતાનાં દીલ ઉપર લખી રાખ્યા અને કુચ કરવા ઉપર દેલમાં વીચાર રાખ્યો. તે પેલી બક્ષેશ લઇ ખુશી થઇ શેહર છોડી બગદાદ તરફ ચાલ્યો.

જ્યારે બગદાદમાં દાખલ થયો ત્યારે તેની આગલી પીછાણવાલો કોઇ શખ્સ ત્યાં હતો નહી, તેથી કેટલાક દીવસ એકાંતમાં ગુજાર્યા.

ફસલ ૬—ફીર્દુસીની જીંદગીના છેલા દીવસો.

યુસુફ ઝલીખાનો કીસ્સો.

બગદાદમાં આમ કેટલાક દીવસ ગુજાર્યા બાદ ફીર્દુસીને એક દને એક વેપારી મળ્યો કે જેની સાથે તેને આગલી પીછાણ હતી. તેણે ફીર્દુસીની ઇજત સાથે મુલાકાત લીધી, અને તેને પોતાનાં મુકામમાં લઇ ગયો. ફીર્દુસી તેની સાથે જઇને મુસાફરીનાં દુઃખથી આરામ પામ્યો.

વઝાં જા દરખ્તે અકામત નેશાન્દ,
જે દામાં ગોબારે મશક્કત ફેશાન્દ.
અજ અવલ હેકાયાતે ખુદ બાજ ગોફ્ત,
હરાંચે નેહાં બુદ બ આવાજ ગોફ્ત.

માએની—તે જગા ઉપર પોતાનું રેહેવાનું ઝાડ રોપ્યું, અને પોતાની દામાન ઉપરથી રંજની ધુલ પખોડી. પેહેલાંથી પોતાનો હેવાલ ખોલીને કહ્યો, અને જે છુપું હતું તે જાહેર કરી દીધું.

જ્યારે ફીર્દુસીએ પોતાનો તમામ હેવાલ સોદાગરની આગલ ખોલીને કહ્યો ત્યારે સોદા-

ગરે જવાબ દીધો કે "શુકરાના છે કે તું બગદાદમાં આવ્યો. તારૂં કામ ખલીફાના સાયા નીચે પાર પડશે, માટે જમાનાનાં ચકર તથા હાદેસાથી પનાહમાં રહીને ખુશી થા. મને ખલીફાના વજીર સાથે નજદીકની દોસ્તી છે. બને છે તો તારો હેવાલ તેના કાન ઉપર નાખું છેઉં, કે જે ખલીફાને બતાવશે."

પસ આંગાહે શુદ તાજરે નેક રાઈ
બનજદીકે દસ્તુરે મુશ્કેલ કુશાઈ;
હેકાયાતે ફીર્દુસીએ પુર હુનર
બયાં કર્દ દર પીશે ઉ સરબસર;
ચું બર હાલે ઉ ગશ્ત વાકેફ વજીર.
કે દર ફજલો દાનેશ બુદ આં બીનજીર,
તલબ કર્દશ આં મજહરે દીનો દાદ,
નેશાન્દશ બએજાજો તશરીફ દાદ.

માએની—પછી નેક અકલનો સોદાગર મુશ્કેલ આસાનના કરનાર વજીરની આગલ ગયો, અને તેની આગલ હુનરમંદ ફીર્દુસીની બધી વાત કહી. જ્યારે તેના હેવાલથી વજીર વાકેફ થયો કે ફીર્દુસી જેવો અકલ તથા દાનાઇમાં બીજો કોઇ નથી, ત્યારે તે દીન તથા દાદના સાહેબ વજીરે ફીર્દુસીને બોલાવી ઇજ્જત તથા આબરૂ સાથે પોતાની આગલ બેસાડયો.

ફીર્દુસી આરબી અને ફારસી બેતો બનાવવાનાં કામમાં પ્રવીણ હતો, તેથી તેણે એક કસીદો (વખાણનાં બેત) આરબી જબાનમાં બનાવ્યો, જેની મતલબનું બયાન ઘણી અચરતી ભરેલું હતું—જેમ સોપમાં મોતી છુપું હોય છે તેમ હતું—તે વજીરને પોંહોંચાડયો, તે જોઇને તેની મજલસમાં જે ફાજેલો હતા તેઓએ ફીર્દુસીની કાબેલીઅત વીશે ઘણી અચરતી બતાવી. વજીરે તેને પોતાના મેહલમાં મુકામ આપ્યો અને કહ્યું કે "તુંને ખલીફાથી ઘણું માન મળશે, કાંએજે તારી શાએરીના દબદબાની વાત ખલીફાએ સાંભળી છે."

વજીરે હોમાયુન દાનેશપરસ્ત,
સજાવારે સદરો સજાવારે દસ્ત;
સુખનહાએ ફીર્દુસી અજ બીશો કમ,
કે ખીસ્તે રવાં બુદો ખાતર દજ્મ;
ચું પા બર બેસાતે ખલીફે નેહાદ,
ચું દોર જુમ્લે દર ગુશે ઉ જાએ દાદ;
સુખનહાએ સુલતાનો પરખાસે ઉ,
વજાં રંજે સી સાલો પાદાસે ઉ;
દેગર કસ્દે મેમંદીએ સેફલે બોઇ,
બદ અંદીશો બદ સીરતો હરજે ગોઇ;
બપીશે ખલીફે હમે બાજ ગોફ્ત,
કે દર્દ અજ તબીબાં નશાએદ નહોફ્ત.

માએની—તે મુબારક અને દાનાઇને પાલનારો વજીર કે જે બુજર્ગી અને કામુને લાયકનો હતો, તેણે ફીર્દુસી કે જેનું દેલ જખમી થયલું તથા ઉદાસ હતું, તે વીશેના સખુનો જ્યારે ખલીફો તખ્ત પર બેઠો ત્યારે કહ્યા, ત્યારે તે સખુનોએ તેના કાનમાં મોતીની મીસાલે જગા લીધી. મેહમુદના સખુનો અને તેનો ફીર્દુસીની સાથનો કજીયો, અને ત્રીશ વરસ સુધી ફીર્દુસીએ રંજ ખેંચેલી તેનો બદલો લેવા વીશે, તથા વળી બુરા વીચારના, બુરી ખસ્લતના બેહુદુ બોલનાર મેમંદીના તેની ઉપર થતા હુમલા વીશે, સઘળું ખલીફાની આગળ ખોલીને કહ્યું, કાંયજે દર્દને વઇદની આગલ છુપાવવું નહી જોઇએ.

જ્યારે ખલીફો ફીર્દુસીના હેવાલથી વાકેફ થયો ત્યારે તેને પોતાની પાસે બોલાવી નવાજેશ કરી. આ ઉપરથી ફીર્દુસીએ એક હજાર બેતો તેની વખાણનાં બનાવી તેની આગળ ધર્યાં. ત્યારે ખલીફાએ તેની આબરૂમાં બેવડો વધારો કીધો.

પસ આંગેહ ખલીફે ગેરામીશ કર્દ,
બ ઇલતાફે શાહાને નામીશ કર્દ.
બ ખેલવત બ નેજદે ખુદશ રાહ દાદ,
હમશ પાયએ કર્દો હમ જાહ દાદ.
બદો ગોફ્ત કએ મર્દ નેકો સએર,
સજદ ગર બરઆરી બ ખુર્શીદ સર.
ચું નાઅતે નબી કર્દઇ વેર્દે ખેશ,
તેદારક કુનદ ચર્ખત અજ ગેર્દે ખેશ.
કે હર દેલ કે દરવે બુવદ હબ્બે શાહ,
નીઆબદ દરો હોજનો અંદોહ રાહ.

માએની—પછી ખલીફાએ તેને બુજોરગી આપી પાદશાહી નવાજેશથી તેનું નામ વધાર્યું, અને પોતાની નજદીકની ખલવતમાં તેને આવકાર આપ્યો, અને ચહડતે દરજ્જેનો તેને મરતબો આપ્યો, અને કહ્યું કે "અએ નેક ખસલતના મર્દ, અગર તું સુરજની બરાબર સીર ઉઠાવે તો લાયક છે. જ્યારે તુંએ પેગમ્બરની તારીફ કરવાનું માથે લીધું છે ત્યારેતો આસમાન પોતાની ગીરદેશથી તેનો તુંને બદલો આપશે; કાંએજે જેનાં દેલમાં શાહ (અલી)ની મોહોબત હશે, તેનાં દેલમાં ગમ કે દેલગીરી માર્ગ પકડશે નહી.

જ્યારે બગદાદમાં ફીર્દુસીએ મુકામ કીધો ત્યારે ખલીફો અને બગદાદના લોક "શાહનામાં"ની ગીબત કરતા હતા, કાંયજે તેમાં ઇરાનના આગલા નામચીન પાદશાહોની વખાણ કીધેલી હતી. પણ ફીર્દુસીએ યુસોફ જલીખાનો કીસ્સો જેમ કુરાનમાં લખેલો છે તેમ બેતમાં લખ્યો ત્યારે તેઓ તેની જાબજા તારીફ કરવા લાગ્યા.

હેકાયાતે આં દાસતાં બસ ખુશ અસ્ત,
સોખનહાએ જાં પર્વરો દેલ કશ અસ્ત.
બીઆ કીસ્સે અજ કોલે દાદાર ખાન,
કે બીસતાએદત મર્દે બીસીઆર દાન.
અલેફ લામરા તેલ્ક આયાતરા,
બીખાં તા બીદાની હેકાયાતરા.

માયની—આ દાસ્તાનની વાત ઘણી ખુશ છે અને તેના સખુનો જાનને પાલનારા અને દેલને ખેંચનારા છે. તું આવીને આ કીસ્સો ખોદાના કોલમાંથી વાંચ, કે દાના આદમીઓ તારી વખાણ કરે. "અલેફ લામરા તલકે" ની આયાતને વાંચ કે તે વાતો (યુસુફના કીસ્સા) ને તું સમજે.

જ્યારે યુસોફનો કીસ્સો પેશ પોંહોચાડયો ત્યારે ખલીફાને અને બગદાદના તમામ લોકને તે ઘણો પસંદ લાગ્યો, જેથી ફીર્દુસીની ખુબીનો વધારો થઇ પડયો.

સુલતાન મેહમુદની ધમકી.

હવે પેલી તરફથી કેટલીક મુદતે શોધ કરતાં મેહમુદને માલુમ પડયું કે શાએરીના બાગનો પેલો પોપટ અને હુનરના આકાશ ઉપર ઉંચું ઉડનારૂં હોમાય (પક્ષી) ખલીફાના હેસાનના છાંયડા નીચે આરામ પામેલું છે, અને દરેક તરફથી તેને નવાજેશ અને મદદ મળે છે.

ચું દર જલ્લે વાલી વરા જાઈ શુદ,
ચું તુતી બશક્ર શકર ખાઈ શુદ.
બર આસુદે દર જલ્લે અમનો અમાન,
જે બીદાદે સુલતાનો જોરે જમાન.

માએની—જ્યારે હાકમ (ખલીફા)ના છાયા નીચે તેની (ફીર્દુસીની) જગા થઇ ત્યારે જેમ પોપટ શાકર ખાય છે તેમ તે શાકર ખાવા લાગો, યાને સુખી થયો. મેહમુદની બીદાદી અને જમાનાના જુલમથી ખલીફાના સાયા નીચે તે આરામ પામ્યો.

આ ઉપરથી ખલીફા ઉપર મેહમુદે એક નામું લખી મોકલ્યું, કે જેનો પાયો ધમકીના તથા ફીર્દુસીને બોલાવી મંગાવવાના કાયદાથી નાખેલો હતો. તે નામું ખલીફાને પુગું, ત્યારે ફરમાવ્યું કે એ નામાની પુઠપર લખો કે–"અલમ વ સલામ."

કાસદ જવાબ લઇને પાછો આવ્યો. તે નામું વાંચી સઘળા અકાબરો તેમાં લખેલા બે હરફો વાંચી અચરત થવા લાગા. મેહમુદે પુછ્યું કે આ બે હરફોની મતલબ શું છે? તેઓએ ઘણોએક વીચાર કરીને જવાબ દીધો કે "પાદશાહ, તુંએ ખલીફાને ધમકી આપી હતી કે ફીર્દુસીને અતરે નહી મોકલી આપશો તો બગદાદને હાથીઓના પગથી કચડી નાખીશ. તેના જવાબમાં ખલીફાએ અલમ જે કુરાનના એક આરબી ફકરાનો પેહેલો શબ્દ છે, તેનો ટુકાંમાં ઇશારો જણાવેલો છે." તે ફકરો આ મુજબઃ—

"અલમ તરકેફ ફેઅલે રબકે અસહાબે ફીલ."

માયની—તુંએ નથી દીઠું કે કેવી રીતે તારા ખોદાએ હાથીઓના માલેકને કીધું હતું.

આ ખુલાસો મેળવી મેહમુદે અકાબરોને ઇનામ આપ્યું.

હુનર પાયએ મર્દ અફ્ઝુનં કુનદ,
સર અજ ઝુમે એકબાલ બીરૂં કુનદ.
હુનર હરકોજા અફ્કનદ સાયએ,
ચુ જલ્લે હોમાએશ દેહદ પાયએ.
કોજા બીહુનર શુદ અસીરે નીઆજ,
હુનરમંદ હરજા બુવદ સરફ્રાજ.
બસુએ હુનર રૂ અજાં તાફ્તમ,
કે કામે દો ગેતી અજો યાફ્તમ.
હુનર અજ ખેરદ અસ્ત બાએસ્તેતર,
બદનરા જે જાં ગસ્તે શાએસ્તેતર.

માયની—હુનર માણસોનો મરતબો વધારે છે અને નસીબનાં ગેરેબાનમાંથી માથું બાહેર લાવે છે. હુનર જે જગાપર પોતાનો છાંયડો નાખે છે તે હોમાયના સાયાની મીસાલે તેનો મરતબો વધારે છે. હુંનર વગરનો દરેક જગા ઉપર હાજતનો કેદી છે. હુંનરવાળો સઘળી જગા ઉપર સરફ્રાજ છે. હુંનરની તરફ એટલા સારૂં મેં મોહોડું કીધું છે કે તેથી બંધે જેહાનની મોરાદ પામ્યો છું. અકલ કરતાં હુંનર વધારે લાયક છે. તનને તે જાન કરતાંબી વધારે અગતનો છે.

સુલતાન મેહમુદ ફીર્દુસીને ઇનસાફ્ આપે છે.

હવે કેટલાક દીવસ પછી મેહમુદને એક દુસ્મન સાથે લડાઇ ઉભી થઇ તે બાબે દુસ્મનની ઉપર નામામાં ધમકીના બોલો લખવા સારૂં વજીરને પુછયું કે "શું બોલ લખશો?"

જવાબ દીધો કે ફીર્દુસીએ આ બેત કહેલું છે તે લખીશું કે—

"અગર જુજ બકામે મન આયદ જવાબ,
મનો ગોર્જો મેદાનો અફ્રાસીઆબ."

માયની—મારી મોરાદ માફક જવાબ નહી આવે તો હું અને ગોરોજ અને લડાઇનું મેદાન અને અફ્રાસીઆબ.

ત્યારે મેહમુદ બોલ્યો કે એ બીચારાને મારેથી કાંઇ ફાયદો નહી મળ્યો અને મારી પીછાણનાં નુરની રોશનીનાં કીરણ તેની ઉમેદના મેહેલ ઉપર પ્રકાસ્યાં નહી.

સે દેહ સાલ રંજે મશક્કત કશીદ,
કે તા નજમે શેહનામે દરહમ કશીદ.
બસી ગોતે દર બેહરે ખાતર નમુદ,
દરે ફેક્ર જઅંદેશે દર દેલ કશુદ.
દરાં રાહ ચંદાં તકાવર બેરાન્દ,
કે કાફુર બર મોશ્કે આરેજ ફેશાન્દ.

માયની—ત્રીશ વરસ સુધી રંજ અને મેહનત ખેંચી શાહાનામાની બેત બનાવી પોતાનાં દીલના દરીયામાં કેટલીક ડુબકી મારી અને ફેકરનો દરવાજો પોતાનાં દીલના વીચાર ઉપર બાંધ્યો; તે માર્ગમાં તેણે કેટલીક દાનાઇનો ઘોડો ચલાવ્યો અને પોતાના ચેહેરાની કસ્તુરી ઉપર કાફુર બેસાડયો.

અંતે મેહમુદે સાઠ હજાર સુનાના દીનાર સીરપાવ સાથે તેને આપવાને હુકમ કીધો અને આગલી વાતની માફી ચાહવાને ફરમાવ્યું.

શાયરનાં મરણનો સબબ.

આ વખ્તે ફીર્દુસી બગદાદથી તુસમાં પાછો ગયલો હતો. એક વખ્તે તુસનાં બાજારમાં જતો હતો ત્યાં એક છોકરાને તેણે આ બેત બોલતો સાંભળ્યો:—

"અગર શાહરા શાહ બુદી પેદર,
બસર બરનેહાદી મરા તાજે જર."

માયની—જો એ પાદશાહનો બાપ પણ પાદશાહજ હતે તો મારાં માથાં ઉપર સુનાનું તાજ મેળતે.

આ બેત સાંભળીને ફીર્દુસીએ જે આગલ નાઉમેદી અને દુખ ભોગવેલું હતું તે તેને યાદ આવ્યું, જેથી એક ઠંડી આહે મારી તુરત બેહોશ થઇ ગયો. તેને ઘર લઇ ગયા તેટલામાં તો તેના જાનનું પક્ષી બદનનાં પીંજરાંમાંથી ઉડી ગયું હતું.

મોડાં આવેલાં ઇનામનો ઉપયોગ.

હવે જે વેળા ફીર્દુસીને દફ્ન કરવા લઇ ગયા તેજ વેળા મેહમુદની ઉપર કહેલી સાઠ હજાર સુનાના દીનારની બક્ષેશ આવી લાગી, તે ફીર્દુસીની એક દીકરી હતી તેણીની આગલ લઇ ગયા. પણ તે મોટાં મનની ને સ્વતંત્ર જાનની બાનુએ પોતાના પીતાના તરફનો ગેરઇનસાફ યાદ કરીને તે દોલત લે-

વાની સાફ ના પાડી અને તે ઉપર નેમા વટીક કીધી નહી, તેથી તે બક્ષેશને ફીર્દુસીના વકફના ખરચમાં લીધી.

બાજે લોક એમબી બોલે છે કે આઇશા નામની ફીર્દુસીની એક બેહેન હતી. તેણીએ કહ્યું કે "મારા ભાઇનો એવો એરાદો હતો કે તુસની નદીનો પુલ પથર ચુનાંથી બાંધવો, માટે તે પુલ ઉપર એ રકમ ખરચ કરે, કે જેથી તેનું નામ યાદગાર રેહે." તેથી આ રકમનો તે પુલ ઉપર ખરચ કીધો હતો. હાલ તે પુલ "બંદે આઇશા ફરરૂખ"ને નામે ઓલખાય છે. હજુ સુધી તે બંદની નીશાની બાકી રહેલી નજર પડે છે.

હકીમ નાસર ખુસરૂ "સરફનામું" નામની પોતાની કેતાબમાં લખે છે કે—"સને ૪૩૮ હીજરીનાં વરસમાં તુસને માર્ગે હું જતો હતો, ત્યાં એક મોટું નવું મુસાફરખાનું બનાવેલું હતું. મેં પુછ્યું કે આ કોણે બનાવેલું છે? જવાબ મળ્યો કે સુલતાન મેહમુદે ફીર્દુસીને જે બક્ષીશ આપી હતી તે નાણાંના ખરચથી એ બંધાવેલું છે. વળી ફીર્દુસીની ખબર પુછી, તેનો જવાબ મળ્યો કે તે તો મરણ પામ્યો છે, જેના વારેસે આ બક્ષીશ નહી લીધી, ત્યારે મેહમુદને લખી મોકલ્યું, તેણે જણાવ્યું કે આ જગા ઉપર ઇમારત કરે તેથી આ ઇમારત બાંધી છે.

કેહે છે કે ફીર્દુસી જે જગા ઉપર મરણ પામ્યો તેજ જગા ઉપર તેને દફન કીધેલો છે. અને તેજ જગા ઉપર આ ધર્મશાળા પણ છે.

તુસના મુલ્લાંનો ખ્વાબ—એક બીજો સાચો પડેલો સ્વપ્નો.

ફીર્દુસી મરણ પામ્યો તે વેળા ત્યાંનો મુલાં અબુ કાસમ ગોરગાની તેના જનાજાની નીમાજ ભણવા હાજર થયો નહી. તે બોલ્યો કે ફીર્દુસી હુશીયાર અને પરહેજગાર હતો ખરો, પણ તેણે પોતાની ખસલત છોડીને તમામ ઉમર બદ ખુનીઆદની તારીફમાં ગુજારી છે, તેથી એવાં આદમીનાં મરણ ઉપર નેમાજ ભણવી વાજબી નથી, અને નહીજ ભણવી જોઇએ, અને હું નહીજ ભણું."

કેહે છે કે તેજ દીવસની રાતે મુલાં કાસમે બેહસ્તને ખ્વાબમાં દીઠું, તે મધે એક મોટો મેહલ નજર પડયો, તેમાં દાખલ થઇ જુવે છે તો એક યાકુતનું તખ્ત બીછાવેલું હતું. પુછયું કે આ તખ્ત કોણનું છે? રૂદવાને (બેહસ્તના દરબાને) જવાબ દીધો કે "એ તો ફીર્દુસીનું છે." તેજ વખ્તે જોતાં ફીર્દુસી જાહેર થયો. તેણે લીલો જામો પેહરેલો હતો અને લીલા જવાહેરનું તાજ માથાં ઉપર મેલેલું હતું. મુલાંએ પુછ્યું કે "ઓ ફીર્દુસી! આવો મરતબો અને બુજોર્ગી કોણથી તુને મલી?"

જવાબ દીધો કે "એકુ બે બેત ખોદાતાલાની તારીફનાં મેં કહેલાં છે તેથી." તે બેતો આ હતાં:—

સેતાએશ કુનમ ઇજદે પાક રા,
કે ગોયા વ બીના કુનદ ખાક રા;
બ મુરી દેહદ માલેશે નરરે શીર,
કુનદ પશ્શે બર પીલે જંગી દીલીર.

માયની—પાક ખોદાની વખાણ કરૂં છું કે જેણે બોલતું અને જોતું ઇનસાન ખાકમાંથી પેદા કીધું છે. એક કીડી વાઘને શીકસ્ત આપે છે અને એક મછર લડાઇના હાથીની ઉપર દીલેરી કરી શકે છે (તે તેનાથીજ છે).

ઘણાએક તવારીખ લખનારા ઉપલાં બેતોની જગા ઉપર નીચલું લખે છે:—

જેહાંરા બુલંદી વ પસ્તી તોઇ,
હમે નીસતંદ આંચે હસ્તી તોઇ.

માએની—જેહાનની ઉંચાઈ અને નીચાઇ તારેથીજ છે. એ (ઉંચાઇ અને નીચાઇ) સઘળું કંઇજ નથી પણ જે છે તે તારેથીજ છે.

પેલો મુલ્લાં જેવો ખ્વાબથી બીદાર થયો તેવોજ તે ફીર્દુસીની કબર નજદીક ગયો અને ત્યાં જાઇને તેણે નેમાજ કીધી, અને પોતાના ખ્વાબની વાત લોકોની આગળ કહી સમજાવી.

શેવટ.

ફીર્દુસીના રૂહ ઉપર હજારો હજાર દરૂદ હોજો! તેના જેવો મીઠી માતાએ (ફારસી જબાને) બેટો (શાયર) જોયો નથી અને જોશે પણ નહી. એક હજાર વરસ થયાં તે ભુલાયો નથી; બીજાં હજારો વરસો સુધી તે ભુલાવાનો નથી. તુસનો પુલ કે મુસાફરખાનું તો ભાગી જશે, પણ તેની ખરેખરી બેમુલી યાદગારી જે શાહનામું, તેનો પાયો કદીપણ લચવાનો નથી. ફીર્દુસીની યાદ દરેક પારસીએ રાખવી સજાવાર છે. પોતાનાં પવીત્ર ભણતરમાં નામીચા નરનારીઓનાં નામો જોડે તેનું નામ દાખલ કરાવવાની ફરજ પારસી દસ્તુર દાવરો અને શેઠીયાઓની છે. પારસીઓ જે હતા અને છે તે ફીર્દુસી અને તેનાં શાહનામાથી છે. અસલી નામદારોનાં નામ ગુમ થતાં ફીર્દુસીએ બચાવ્યાં છે. તે જો ગુમ થાતે તો આજનું પારસી નામ અસલી ઝલકાટ તમામ ખોહી બેસતે. ફીર્દુસી, શાહનામું, ઇરાન અને પારસીઓ—એ સર્વ વચે નહી છુટે, નહી તુટે એવો મજબુત ગાંઠ છે. તે ગાંઠને ખોદાને બારની પવીત્રાઇથી પાક કરવો હોય તો તેનાં ફરોહરને પારસી ભણતરમાં યાદ કરવું જાંઇએ.

બ. પા. દેસાઇ.

સાસાની પાદશાહોની વંશાવળી.[૧]

- (૧) અરદેશર બાબેગાન.
  - (૨) શાપુર ૧
    - (૩) હોરમજદ ૧
      - (૪) બેહરામ ૧
        - (૫) બેહરામ ૨
          - (૬) બેહરામ ૩
    - (૭) નરસી
      - (૮) હોરમજદ ૨
        - (૯) શાપુર ૨
          - (૧૦) અર્દેશીર ૨
          - (૧૧) શાપુર ૩
          - (૧૨) બેહરામ ૪
            - (૧૩) યજદેજર્દ ૧
              - (૧૪) બેહરામ ૫
                - (૧૫) યજદેજર્દ ૨
                  - (૧૬) હોરમજદ ૩
                  - (૧૭) પીરોજ
                    - (૧૯) કોબાદ ૧
                      - (૨૧) નોશીરવાન
                        - (૨૨) હોરમજદ ૪
                          - (૨૩) ખુસરો પર્વીજ
                            - (૨૪) કોબાદ ૨
                              - (૨૫) અર્દેશીર ૩
                            - (૨૬) પુરાન દોખ્ત
                            - (૨૭) આર્જેમી દોખ્ત
                            - શેહેરીયાર
                              - (૨૮) યજદેજર્દ ૩
                    - (૨૦) જામાસ્પ
                  - (૧૮) પલાષ

૧ આ વંશાવળીમાં જેઓ રાજ્ય કરી ગયલા તેમનાંજ નામો આપ્યાં છે. વિગતવાર વંશાવળી માટે જુઓ "તવારીખે સાસાનીઆન," સફે ૪૯૦.

સાસાની પાદશાહોનાં નામ

અમલની

પાદશાહોનાં નામ.	તેમની ઓળખ.	ફીર્દુસી મુજબ.			અલ ફીસ્રાવી મુજબ.		
		વરસ.	મહિના.	દહાડા.	વ૦	મ૦	દ૦
અર્દશીર	બાએકાન	૪૦	૨	૦	૧૯	૧૦	૦
શાપુર ૧	ફર્દેહ	૩૦	૨	૦	૩૨	૪	૦
હોરમજદ ૧	પેહલવાન	૧	૨	૦	૧	૧૦	૦
બેહરામ ૧	યજદાજાન	૩	૩	૩	૯	૩	૦
બેહરામ ૨	શાહીદેહ	૧૯	૦	૦	૨૩	૦	૦
બેહરામ ૩	શકાનશાહ	૦	૪	૦	૧૩	૪	૦
નર્સી	નખચીરકાન	૯	૦	૦	૯	૦	૦
હોરમજદ ૨	કોહપદ	૯	૦	૦	૧૩	૦	૦
શાપુર ૨	જુઅલકતાફ	૭૧	૦	૦	૭૨	૦	૦
અર્દશીર ૨	ખુબસુર્ત	૧૦	૦	૦	૪	૦	૦
શાપુર ૩	અલ જુનૂદ	૫	૪	૦	૮૨	૦	૦
બેહરામ ૪	કેર્માનશાહ	૧૪	૦	૦	૧૨	૦	૦
યજદેજર્દ ૧	દફ્ર	[મુદત જણાવી નથી]			૮૨	૦	૦
બેહરામ ૫	ગૂર	[મુદત જણાવી નથી]			૨૩	૦	૦
યજદેજર્દ ૨	શાહદોસ્ત	૧૮	૦	૭	૧૮	૫	૦
બેહરામ અથવા હોરમજદ અથવા ફરેદુન	... ...	હોરમજદ [મુદત જણાવી નથી]			બેહરામ ૨૬	૧	૦
પીરોજ	મર્દાના	[મુદત જણાવી નથી]			૨૯	૦	૦
પલાશ	કર્માન-માના	[મુદત જણાવી નથી]			૩	૦	૦
કોબાદ ૧ ... પહેલો અમલ ...	નીકરાય	૪૦ (બંને અમલ તથા જામાસ્પનાં રાજ્યની મુદત સુધાં)	૦	૦	૬૮ (બંને અમલ મળીને જામાસ્પ સુધાં)	૦	૦
જામાસ્પ	નીકારીવ						
કોબાદ ૧ ... બીજો અમલ ...	જંદીક						
નોશીરવાન	આદેલ	[મુદત જણાવી નથી]			૪૭	૭	૦
હોરમજદ ૪	તુર્કજાદ	૧૨	૦	૯	૨૩	૦	૦
ખુસરો	પર્વીજ	૩૬	૦	૦	૩૮	૦	૦
કોબાદ ૨ ... અથવા શીરોય	શીરાવઈહી	૦	૭	૦	૦	૦	૮
અર્દશીર	કુચક	૦	૬	૦	૦	૧	૦
ખુહાન	... ...	કેરાજ ૧	૨૦	૦	૦	૦	૦

તથાં અમલની મુદત.

મુદત:—

અબુઅલ ફરજ અલ જન્જાની મુજબ.			હમ્જાએ ઇસ્ફહાની મુજબ.			કેતાબે અલ સિયર અલ કબીર મુજબ.			એક નનામાં લખનાર મુજબ.			રૂમીઓ મુજબ.		
વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦
૧૪	૧૦	૦	૧૪	૧૦	૦	૧૪	૬	૦	૧૪	૧૦	૦	૧૪	૦	૦
૩૧	૬	૧૮	૩૦	૦	૧૫	૩૦	૦	૨૮	૩૦	૬	૧૨	૩૧	૦	૦
૧	૬	૦	૩	૩	૦	૧	૧૦	૦	૧	૧૦	૦	૧	૦	૦
૩	૩	૩	....			૩	૩	૩	૩	૩	૩	૩	૦	૦
૧૭	૦	૦	૧૭	૦	૦	૧૭	૦	૦	૧૭	૦	૦	૧૬	૦	૦
૪	૪	૦	૪૦	૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦	૪	૦
૯	૦	૦	૯	૦	૦	૯	૦	૦	૯	૦	૦	૮	૦	૦
૯	૦	૦	૭	૦	૦	૭	૫	૦	૭	૫	૦	૮	૦	૦
૭૨	૦	૦	૭૨	૦	૦	૭૨	૦	૦	૭૨	૦	૦	૭૦	૦	૦
૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦
૫	૪	૦	૫	૦	૦	૫૦	૪	૦	૫	૪	૦	૫	૦	૦
૧૧	૦	૦	૧૧	૦	૦	૧૧	૦	૦	૧૧	૦	૦	૧૧	૦	૦
૨૧	૫	૧૮	૨૧	૫	૧૮	૨૧	૫	૮	૨૧	૫	૧૭	૨૦	૦	૦
૧૮	૧૧	૩	૧૯	૧૧	૦	૨૩	૦	૦	૧૮	૧૦	૦	૨૦	૦	૦
૧૮	૪	૧૮	૧૪	૪	૧૮	૧૮	૪	૨૮	૧૮	૩	૨૮	૧૭	૦	૦
હોરમજદ									ફ્રેદુન					
૭	૦	૦	....			....			૨૭	૦	૦	....		
૨૭	૦	૦	૧૭	૦	૦	૨૭	૦	૧	....			૨૭	૦	૦
૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦	૪	૦	૦	૩	૦	૦
૪૩	૦	૦	૪૧	૦	૦	૪૩	૦	૦	૩૮	૦	૦	૧૪	૦	૦
બંને અમલ મળીને જામાસ્પ સુધાં)			(બંને અમલ મળીને જામાસ્પ સુધાં.)			(બંને અમલ મળીને જામાસ્પ સુધાં.)			૨	૦	૦	૩	૦	૦
									૪	૦	૦	૨૭	૦	૦
૪૭	૭	૫	૪૮	૦	૦	૪૭	૭	૦	૪૮	૭	૦	૪૮	૦	૦
૧૧	૭	૧૫	૧૨	૦	૦	૧૧	૭	૧૦	૯	૭	૧૦	૧૨	૦	૦
૩૮	૦	૦	૩૮	૦	૦	૩૮	૦	૦	૩૮	૦	૦	૩૮	૦	૦
૦	૭	૦	૦	૮	૦	૦	૮	૦	૦	૮	૦	૦	૮	૦
૦	૫	૦	૧	૬	૦	૧	૬	૦	૧	૬	૦	....		
૦	૦	૨૨	....			....			....			....		

પાદશાહોનાં નામ.	તેમની ઓળખ.	ફીર્દુસી મુજબ.			અલફીઆવી મુજબ.		
		વરસ.	મહિના.	દહાડા.	વ૦	મ૦	દ૦
શેહર બર્જ	ખુરરમાન		શેહરાન કેરાજ [મુદ્દત જણાવી નથી]		૦	૧	૮
પુરાન દોખ્ત	તાલેમંદ	૦	૬	૦	૧	૦	૦
ખુશનુશબંદ। ... ગુસ્નાસ્પ ...	....		....		૦	૨	૦
ખુસરો (બીન કોબાદ બીન હોરમજદ બીન ખુસરો પર્વીજ) ...	કુંચક		....		૦	૧૦	૦
શાહનન્દેહ	....		....			....	
ફીરોજ	ખુશદીદ		....		૦	૨	૦
આજર્મીદોખ્ત	આદેલ	૦	૪	૦	૦	૪	૦
ખુરરાદાદ અથવા ખુરજાદ ખુસરો	....		....			....	
ફરોખજાદ બીન ખુસરો પર્વીજ	આદેલ	૦	૧	૦	૦	૧	૦
હોરમજદ	....		....			....	
યજદેજર્દ શેહરિયાર ...	....		....		૨૦	૦	૦

અબુ અલ ફરજઅલ જન્નાની મુજબ.			હમ્જાએ ઈસ્ફેહાની મુજબ.			કેતાબે અલ સિયર અલ કબીર મુજબ.			એક નનામા લખનાર મુજબ.			રૂમીઓ મુજબ.		
વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦	વ૦	મ૦	દ૦
....			....			....			૦	૧	૮	....		
૧	૬	૦	૧	૪	૦	૧	૪	૦	૧	૪	૦	૧	૦	૦
૦	૨	૦	....			૦	૨	૦	....			....		
૦	૩	૦	....			....			૦	૧૦	૦	....		
....			૦	૧	૦	....			....			....		
....			૦	૧	૦	....			૦	૧	૨૦	....		
૦	૪	૦	૧	૦	૦	૧	૪	૦	૦	૬	૦	....		
						૦	૧	૦	....			....		
....			....											
૦	૧	૦	૧	૦	૦	....			૦	૧	૦	....		
....			....			....			....			....		
૨૦	૦	૦	૨૦	૦	૦	૨૦	૦	૦	૨૦	૦	૦	૨૦	૦	૦

પાદશાહોને તખ્તે બેસવાની તારીખ—સીક્કાઓ મુ જબ.

—:o:—

૨૯૭ માં સફા ઉપર આપેલી વંશાવળીવાળા પાદશાહોએ પોતાના પડાવેલા સિક્કાઓ ઉપરથી તેમના અમલનાં નકી વરસો ડૉ૦ એ૦ ડી૦ મોર્ડટમૅને[૧] બહુ અભ્યાસ અને શોધખોળ ચલાવીને નકી કીધાં છે, તે એક પૂર્વણી દાખલ નીચે ઉતારી લીધાં છે.

નામ.	તખ્તે બેસવાની ઇસ્વી તારીખ.	નામ.	તખ્તે બેસવાની ઇસ્વી તારીખ.
અર્દશીર	૨૨૬	કોબાદ ૧ (પહેલો અમલ)...	૪૮૭
શાપુર ૧	૨૪૦	જામાસ્પ	૪૮૭
હોરમજ્દ ૧...	૨૭૧	કોબાદ ૨ (બીજો અમલ) ...	૪૯૯
બેહરામ ૧	૨૭૨	નોશીરવાન (તા૦ ૧૩ મી સપ્ટેંબર)	૫૩૧
બેહરામ ૨	૨૭૫	હોરમજ્દ ૪ (શિયાળાની આખરીએ)	૫૭૯
બેહરામ ૩	૨૮૩	* બેહરામ ૬	૫૯૦—૫૯૧
નરસી	૨૮૩	ખુસરો પર્વીજ	૫૯૦
હોરમજ્દ ૨...	૩૦૦	* બસ્તામ [ખોરાસાનમાંજ, ૫૯૨ થી ૫૯૭ સુધી]	
શાપુર ૨	૩૦૯	કોબાદ ૨ (તા૦ ૨૫ મી ફેબ્રુઆરી)	૬૨૮
અર્દશીર ૨	૩૭૯	અર્દશીર ૩ (નવેમ્બર) ...	૬૨૮
શાપુર ૩	૩૮૩	* શેહેરબરજ[૨]	૬૨૯
બેહરામ ૪	૩૮૮	* કસરા ૧ (ખુસરો)[૩]... ...	૬૨૯
* યજદેજર્દ ૧ [ઉગમણુ ઇરાનમાં અમલ ચલાવ્યો હતો.]		પુરાનદોખ્ત	૬૩૦
યજદેજર્દ ૨	૩૯૯	* શેહેનન્દેહ (જાન્યુઆરી અને ફેબ્રુઆરી)...	૬૩૧
બેહરામ ૫ (ગૂર)	૪૨૦	આર્જેમીદોખ્ત (માર્ચ અને એપ્રેલ)	૬૩૨
યજદેજર્દ ૩	૪૩૯	* કસરા ૨ (ખુસરો)(મે અને જુન)	૬૩૧
હોરમજ્દ ૩ [ઉગમણુ ઇરાનમાંજ ૪૫૭ થી ૪૫૯ સુધી]		* ફરરોખજાદ (જુલાઇ અને ઑગસ્ટ)	૬૩૧
પીરોજ	૪૫૭	* હોરમજ્દ ૫ (સપ્ટેમ્બર) ...	૬૩૧
પલાષ	૪૮૩	યજદેજર્દ ૪ (તા૦ ૨૬ મી જુન)	૬૩૨

૧ આ શોધખોળ બાબે જુઓ એ બોલમાનાં લખાણોનો મી૦ ખ૦ રૂ૦ કામાજીએ કરેલો ઇંગ્રેજી તરજુમો, નામે "Jamshedi Naoroz, the new year's day of the Ancient Persian Empire."

૨ ફિર્દુસી મુજબ શેહેરાન કેરાજ.

૩ ફિર્દુસી મુજબ કેરાજ.

* આ નિશાનીવાળા ધણીઓને અને પાદશાહોને ઉપર આપેલી વંશાવળીમાં દાખલ કીધેલા નથી.

Digitized with financial assistance from

Ms.Vaidehi Thakar

on 06 November, 2019